શ્રી શંખેશ્વર-પાર્શ્વનાથ સ્વામિને નમઃ

પંચપરમેષ્ઠિનમસ્કાર મહામંત્ર

યાને

જૈનધર્મનું સ્વરૂપ



સંયોજક અને સંપાદક

પન્યાસજી મહારાજ શ્રી ચરણવિજયજી ગણિવર

પ્રકાશક :

ગાંધી ચીમનલાલ નાથાલાલ

આંબડ છોટાલાલ દલસુખભાઇ

શ્રી શંખેશ્વર-પાર્શ્વનાથ સ્વામિને નમઃ

પંચપરમેષ્ઠિનમસ્કાર મહામંત્ર

યાને

જૈનધર્મનું સ્વરૂપ

જય નેમિસૂરિ-જા

સંયોજક અને [redacted]
પંન્યાસજી મહારાજ શ્રીચરણવિજયજી ગણિવર

પ્રકાશક
ગાંધી ચીમનલાલ નાથાલાલ મોઢેરાવાળા
તથા છોટાલાલ લલ્લુભાઈ આંખડ વારાહીવાળા

વી૦ સં૦ ૨૪૯૦, વિ૦ સં૦ ૨૦૨૦, ક્રાઈષ્ટ ૧૯૬૪
બીજી આવૃત્તિ : ૩૦૦૦

કિંમત
મહાભાગ્યશાળી આત્મા આ પુસ્તક સંપૂર્ણ વાંચે

મુદ્રક :

મોહનલાલ મગનલાલ બદામી,

'જૈનાનંદ' પ્રિન્ટિંગ પ્રેસ, દરિયામહેલ સૂરત.

પ્રકાશકનું નિવેદન

સાહિત્યના ક્ષેત્રના રક્ષકો, કાર્યકરો અને અભ્યાસીઓ પ્રત્યે નમ્રતાપૂર્વક જણાવવાનું કે, પંચપરમેષ્ઠિમહામંત્ર યાને જૈનધર્મનુંસ્વરૂપ, વીરનિર્વાણ સંવત ૨૪૭૮ વિ. ૨૦૦૮ની સાલમાં, પાટણ કેસરબાઈ જ્ઞાનમંદિરના સંચાલક, શ્રેષ્ટિવર્ય **નગીનદાસ કર્મચંદ સંઘવી** તરફથી છપાએલું, એકહજાર નકલો ખપીજવાથી અને અમારી જેવા બાળજીવોને સમજાય તેવી ભાષા હોવાનાકારણે, માગણીઓ ચાલુરહેવાથી, જોડેના પૃષ્ઠોઉપર જણાવેલા ઉદાર સદ્‌ગૃહસ્થોની દ્રવ્યસહાય મલવાથી, આ બીજી આવૃત્તિ છપાવી બહાર પાડવા ભાગ્યશાળી થયા છીએ.

પહેલી આવૃત્તિમાં અશુદ્ધિઓ ઘણી હતી તે બધી સુધારવા શકય પ્રયાસ થયો છે. તેમજ કેટલીક શ્રદ્ધેય આકર્ષક સામગ્રી, નવી પણ દાખલ કરવામાં આવી છે. તેથી પહેલાંના પુસ્તકના સ્વરૂપમાં થોડી ઉજવળતા અને રોચકતા વધવાથી, શ્રીવીતરાગશાસનના દેવ–ગુરુ–ધર્મની સામગ્રીના આરાધક આત્માઓને, પુસ્તક ગમવાસાથે ઉપકારક પણ થશે, એમ અમારૂં માનવું છે.

વાચકમહાશયોને સમજવા માટે—

ક્ષુધાલાગીહોય તોજ જમવાબેસનાર અને જમતાં એહું નહીમુકનાર, આરોગ્યને પોષણ આપવા સાથે બુદ્ધિમાન ગણાય છે.

ઔષધને અધુરૂં મુકનાર રોગ મુક્ત થતો નથી, અને દવાના પૈસા બરબાદ કરે છે. મુસાફરી પુરી કર્યા વિના પાછો ફરનાર, પૈસા અને સમયને બરબાદ કરી, ઈચ્છેલા સ્થાનને જોઈ

શકયો નહી અને મૂર્ખ ગણાય છે.

બણવા શરૂ કરેલું મુકામ અધુરૂં મુકીને—અમેરિકા, ઇંગ્લેન્ડ, રસિયા, ફરવા જનારના પૈસાની બરબાદી થવા સાથે આબરૂનું પણ લીલામ ગણાય છે.

એજપ્રમાણે શરૂકરેલું પુસ્તક અધુરૂં મુકનાર, તત્ત્વ-નિચોડ પામતો નથી. અને સરસ્વતીદેવીના આશીર્વાદ મેલવી શકતો નથી. અધુરાં પુસ્તકો વાંચનારા, સેંકડો પુસ્તકો અધુરાં રાખતા હોવાથી, કયારેપણ એકવિષયનાપણ જાણકાર થતા નથી.

તેથી આપ સર્વવાચક મહાનુભાવોને અતિનમ્રપ્રાર્થના એજછેકે, પહેલા પાનાથી છેવટ સુધી સંપૂર્ણ વાંચશો તો, શ્રીજૈન-ધર્મનું, દેવ—ગુરુ—ધર્મનું, દેવ કેવા જોઇએ, ગુરુ કેવા જોઇએ, ધર્મ કેવો હોય, આ બધું બહુ ટુંકાણમાં પણ સમજવા મલશે.

જેમ સર્પનું ઝેર ભયંકર છે. સર્પને જોઇને પણ ભય લાગે છે. ઘરમાં સર્પ આવેલો ખમાયનહી. સર્પ કરડે તો મરણ નીપજે છે. સર્પને દેખનાર, બીજાઓને પણ સાવધાન બનાવે છે. સર્પ કરડેલા માણસના ઝેરને ઉતરાવવા દૂર પણ જવું પડે છે. ટુંકાણમાં સર્પનું દર્શન, ઘરમાં પધરામણી કે સર્પનો વંશ, માણસમાત્રને અતિભયકારક અને દુખદાયક હોવાથી અતિઅનિષ્ટ છે.

તેમ આ સંસાર પણ મહાભયંકર છે. હિંસાદિ ૧૮ પાપોના પરિવારભૂત સેંકડો, હજારો, પાપોના કરંડીયા કે ખાણના જેવો છે. પરંતુ જગતને સંસારનો જરાપણ ભય નથી, સર્પને ઘરમાંથી કાઢ્યા વગર ચેન પડતું નથી. જ્યારે પાપો ઘરમાં ઉભરાય તો જ આનંદ વધે છે. સર્પ કરડે તો માત્ર

એકજ મરણ થાય છે. સર્પ કયારેકજ અને કોઈકને જ કરડે છે, બધાને નહી જ. જ્યારે સર્પ કરતાં અનેક ગુણા ઝેરવાળાં પાપો, પ્રાણીમાત્રની પાછળ પડ્યાં છે. એકજવાર નહી પરંતુ બારેમાસ જીવના પુણ્યધનને ચૂશી રહેલાં છે. આ પાપોએ એકજ મરણ નહી પરન્તુ અનન્તાં મરણો અપાવ્યાં છે. અને નરકગતિ અને પશુગતિમાં લઈ જઈ અનન્તાં દુખો અપાવ્યાં છે. પ્રાણીમાત્રને સર્પનો કે સર્પ જેવા દુખ અને મરણ દાયક સાધનો નો ભય લાગે છે. પાપોનો જરાપણ ભય લાગતો નથી. માટે જ અનન્તાં મરણો થયાં છે અને હજી કેટલીવાર જન્મો અને મરણો થશે, તેનો આંક જાણવા મલ્યો નથી જ, અને આપણા આજીવને એ આંકડો જાણવા ઈચ્છા પણ પ્રકટી નથી.

આપ સર્વને વિશ્વાસ હોય કે ન હોય, તમને સાચી વાત લાગે કે ન લાગે, પરન્તુ આપણે બધા લોહી–માંસ–વિષ્ટા-પેશાબની ખાણ જેવા, દુર્ગન્ધની ખાડી સમાન, અને ચુનાની ભઠ્ઠી જેવા, માતાના ઉદરમાં=પેટમાં, તે પણ ઊંધા મસ્તકે (પગઊંચા અને માથું નીચું) અનન્તીવાર જઈ આવ્યા છીએ, મહીનાઓ અને વર્ષો સુધી વસવાટ કરી આવ્યા છીએ.

પછી જન્મીને હજારોવાર રોગ, શોક, વિયોગ અને પછી મરણ, આવા હુમલા પણ અનંતીવાર ભોગવીને આવ્યા છીએ અને હજી પણ રાગ–દ્વેષ–વિષયો–કષાયો અને વાસનાઓને સમજાય નહી અને ત્યાગ કરવા ઈચ્છા થાયનહી તો, હજીપણ રોગ–શોક–વિયોગ–જન્મ–મરણનો આંકડો અબોસક્કસ જ છે.

આપણા આત્માને ઉપરના મહાભયંકર સર્પોમાંથી

બચવામાટે, જૈનશાસનનો વસવાટ ઘણીજ સલામતીવાળો છે. આંહી આવેલ આત્મા બીજું કશુંજ ન કરી શકે, પરન્તુ માત્ર **નમસ્કારમહામંત્રને** સમજવા લક્ષ આપે, બરાબર સમજે, અને હમેશ જેટલો બચે તેટલો ટાઈમ, **શ્રીનમસ્કારમહામન્ત્રના** જાપમાં ખર્ચે, નિદ્રામાંથી જાગીને, પથારીમાંથી પગ મુકતાં, જમ્યા પહેલાં, બહાર જવા પહેલાં, વાહનમાં બેસતાં, ઉતરતાં, કોઈ કાર્યનો પ્રારંભ કર્યા પહેલાં, ભયમાં, રોગમાં, આપત્તિમાં, વેપારનો પ્રારંભ કરતાં, કોઈને ધન ધીરતાં, ભાગીદારી કરતાં, સુઈ જતાં, ઔષધનું સેવન કર્યા પહેલાં, અને તો સાત નવકાર ગણવાની, છેવટ એક તો જરૂર ગણવાની ટેવ હસે તો, શીવકુમાર અને શ્રીમતીની માફક મોટા ભયમાંથી પણ બચી શકાશે.

પંચપરમેષ્ઠિનમસ્કારમહામંત્રનો જાપ, આ ચાલુ ભવનાં બધાં દુખોથી બચાવી, પાપોની ઓળખાણ કરાવી, પાપો પ્રત્યે અણગમો ઉપજાવે છે. પાપો છોડાવે છે. દેવ–ગુરુ–ધર્મને ઓળખાવે છે અને સુદર્શનારાજકુમારી જેવાની માફક આત્માને ઉત્તરોત્તર આરાધક બનાવે છે. માટે તમો બીજું કશું ન કરી શકો તો પણ, નમસ્કારમહામંત્રના જાપમાં સાવધાન થવા આ પુસ્તકને જરૂર વાંચશો.

સૌ પ્રથમ અમારૂં **નિવેદન** વાંચો, પછી **પ્રસ્તાવના** પુરી વાંચો, પછી **વિષયદર્શન** વાંચો, પછી શુદ્ધિપત્રકવડે પુસ્તકની અશુદ્ધિ મીટાવવા **શુદ્ધિપત્રક**પૂર્ણ વાંચો. આ વિષયો પણ આ પુસ્તક વાંચવા તમને મદદગાર થશે. પૂર્ણ વાંચવા પ્રેરણા આપશે. માટે ટાઈટલ પેજથી યાવત્ પ્રશસ્તિ સુધીના

બધા વિષયો સંપૂર્ણ વાંચશો.

આ પુસ્તક ફરીને છપાવવા અમને જે જે મહાભાગ્યશાળી મહાશયોનો સહકાર મળ્યો છે. તેમનો ઉપકાર માનવા પૂર્વક તેમનાં મુબારકનામો અનુમોદનાનો લાભ સમજી નીચે જણાવ્યાં છે.

શ્રી જૈનશાસનના સાત ક્ષેત્રોમાં, બારે માસ દાનની નીક ચાલુજ રાખનાર, ક્ષેત્રના રક્ષપાલોને=મુનિરાજોને ઘેર પધારેલા જોઈ આનંદ પામનાર, ઘણીવાર દાન લેવા આવનારને તેમની કલ્પનાથી પણ વધારે આપી આનન્દ પામનાર, પરમશ્રદ્ધાલુ દાનવીર **શેઠ શ્રી. માણેકલાલ ચુનીલાલ** જે.પી. આ પુસ્તકની બીજી આવૃત્તિના પ્રકાશનમાં મોખરે આવ્યા છે.

૧૦૦૦ શેઠશ્રી. જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા તથા શ્રાવિકા હીરાબેન જેઠાલાલના પુત્ર ચંદ્રકાન્તભાઈ તરફથી હા૦ ભાઈ અમરતલાલ જેઠાલાલ.

૫૦૦ શેઠશ્રી. જીવતલાલ પ્રતાપસીભાઈ સંઘવી રાવ સાહેબ.

૫૦૦ શેઠશ્રી. ગુલાબચંદ ગફલભાઈ હુળવદવાળા. હાલ ઘાટકોપર

૭૫૦ શેઠશ્રી. શાંતિલાલ ખેતસીભાઈ જામનગરવાળા. ટ્રસ્ટ તરફથી હા૦ ટ્રસ્ટીમંડળ

૧૦૦૦ શ્રી લાલબાગ જૈન જ્ઞાનખાતું હા૦ ટ્રસ્ટીમંડળ

૧૦૦૦ સંઘવી દેવકરણ મુળજી જૈન ઉપાશ્રય જ્ઞાનખાતું મલાડ મુંબઈ—૬૪

૧૦૦૦ ગાંધી નાથાલાલ મુળચંદ મોઢેરાવાળા. હા૦ તેમના સુપુત્રો.

૫૦૦ એક મહાભાગ્યશાળી ગૃહસ્થ. મલાડ–વેસ્ટ

૨૦૧ શેઠ મણીલાલ ભુરાભાઇ ઝીંઝુવાડા. હાલ મલાડ
૧૦૦ લાલબાગની શ્રાવિકા બહેનો મારફત જ્ઞાનખાતાના
૧૦૦ શાહ મણીલાલ જીવાભાઈ કાપડીઆ જુનાડીસા આસેડાવાળા હાલ મુંબઈ
૧૦૦ શાહ અમરતલાલ પ્રેમચંદ મોઢેરાવાળા. હાલ મુંબઈ
૧૦૧ શાહ પ્રેમજીભાઈ ખીયસી કચ્છવાળા. હાલ મલાડ નેમાણી ચાલ
૧૦૧ એક મહાભાગ્યશાળી સદ્‌ગૃહસ્થ
૩૦૦ શ્રાવિકા શ્રીમતી મૂલીબાઈ નેમચંદભાઈ મોરવાડાવાળા. હા૦ ચીમનલાલ નાથાલાલ ગાંધી.

આ પુસ્તક છપાવવા ઉપર મુજબ મહાનુભવોનો સહકાર મળ્યો હોવાથી, તે બધાજ ભાગ્યશાળી મહાશયોનો આભાર માનીએ છીએ.

હવે આ પુસ્તક ભેટ લેનાર મહાભાગ્યશાળી આત્માઓ સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા નીચેની અમારી પ્રાર્થના જરૂર વાંચી અમલમાં મુકો.

આ પુસ્તક લગભગ ૧૦ માણસ વાંચી શકે તેવા માણસોએ, અથવા ભેટ–લેનાર, મહાનુભાવ પોતે, દરસાલ ૧ વાર દશ વર્ષ સુધી વાંચે, તેવા માણસોએ જ આ પુસ્તક ભેટ લેવું વ્યાજબી ગણાય.

આ પુસ્તકને પ્રથમ કોરા, **ચીકણા કાગળનું પુઠું ચડાવી**, આપપોતે વાંચી કુટુંબના વાંચી શકે તેવા દરેકને વાંચવા આગ્રહ કરવો. **પાડોશીને, મિત્રોને, સગાઓને, નોકરને** આ પુસ્તક વાંચવા પ્રેરણા કરશો.

શ્રદ્ધા ન હોય, સંશય ન હોય, ગરજ ન હોય, તેવા મહાભાગ્યશાળી પુરુષોએ આ પુસ્તક શા માટે લેવું ? તમારા ત્યાં જગ્યા રોકાશે, પુસ્તકની આશાતના થશે તો જ્ઞાનાવર્ણીય કર્મ બંધાશે, માટે ખાસ વાંચવાના રશિયા માટે જ આ પુસ્તક ઉપયોગી છે,

નિવેદક—ચીમનલાલ નાથાલાલ ગાંધી તથા
છોટાલાલ લલ્લુભાઈ આંબહ



એક મહાભાગ્યશાળી દંપતીનું ટુંક જીવન વર્ણન

ગુજરાત દેશના બનાસકાંઠામાં **મોરવાડા** નામનું નાનું ગામ છે. આગામની ૬૦ વર્ષ પહેલાં ઘણી જ સારી આબાદી હતી, તે વખતે જનોનાં ૫૦-૬૦ ઘરો હતાં. હાલતો કાળનો ખૂબ જ આંચકો લાગવાથી લગભગ ૨૦ ઘરો છે. ગગનચુંબી મનોહર બે જિનાલય છે. ગામના મધ્ય દેરાસરમાં ૭મા સુપાર્શ્વનાથસ્વામી વિગેરે ૧૧ પ્રાચીન પ્રતિમાજીબિરાજમાન છે. બીજું વરખડીના નામથી પ્રસિદ્ધ દેરાસરમાં ત્રણમાળનું ઘાબાઘાટનું પણ ઘણું જ ઊંચું અને સુંદર છે. બંને જિનાલયો દશદશ માઈલ દુરથી દેખાય છે. ઘણાં સુંદર દર્શન કરવા યોગ્ય છે.

આ મોરવાડા ગામમાં (ગુજરાત કાઠીયાવાડમાં હમણાં પણ લગભગ એક હજાર ઘરની વસતિ છે. તે પૈકીના) સંઘવી કુટુંબનાં છ ઘર હતાં. તેમાં **નેમચંદ** સંઘવી નામના સુશ્રાવક વસતા હતા. નેમચંદભાઈ તે કાળના મનુષ્યોમાં અકલ અને વિદ્યામાં મોખરે ગણાયા હતા.

પ્રાયઃ આવાત ૧૯૬૦ આસપાસની ગણાય. આકાળમાં સાધુ-સાધ્વીઓની અતિઅલ્પ સંખ્યા હોવાથી, લગભગ આ પ્રદેશમાં ઓછા આગમનના કારણે શ્રાવકવર્ગમાં ધાર્મિકજ્ઞાન અતિઅલ્પ અને બહુ થોડા માણસોમાં જ દેખાતું. નેમચંદભાઈનું દેશના માણસોની દૃષ્ટિએ ધાર્મિકજ્ઞાન સારું હતું.

નેમચંદભાઈના ધર્મ પત્નીનું નામ. શ્રાવિકા **મુલીબાઈ** હતું. જેઓ છેલ્લી જીંદગીમાં મુલીમાના નામથી જ ઓળખાતાં હતાં. નેમચંદભાઈ ભાગ્યની પ્રતિકુલતાના કારણે, નાનીવયથી જ પ્રતિવર્ષ રોગના હુમલા ચાલુ રહેવાથી, ૪૩ વર્ષની મધ્યવયમાં

સ્વર્ગવાસી થયા હતા.

નેમચંદભાઈ પરિવાર સહિત **પાટડી** (વીરમગામ પાસે) રહેવા ગયા હતા. તેથી તેમના અવસાન પછી પત્ની–પુત્ર કેટલોક વખત પાટડીમાં રહી, પછી **સમી** (રાધનપુર પાસે) રહેવા આવ્યાં હતાં. મુલીબાઈ ઘણાં જ ભદ્રિક આત્મા હતાં દાન–શીલ–તપશ્ચર્યામાં ઘણી લાગણીવાળાં હતાં.

તેમનો બધો પરિવાર પહેલાંથી જ પરલોક જવાથી, માત્ર માતા–પુત્ર બેજ સમી રહેતાં હતાં. પાટડીમાં ધર્મના સંસ્કાર સિંચાયા અને ઉત્તરોત્તર વૃદ્ધિને પામવાથી, પુત્રને ચારિત્ર લેવાની ઇચ્છા થઈ. દીક્ષા લેવાના ચોક્કસ પરિણામ થયા. પરન્તુ માતાને ફક્ત એક જ પુત્ર છે, પુત્રી પણ નથી. તેથી માતા ચિત્તની પ્રસન્નતા પૂર્વક રજા આપે તો જ લેવી.

માતા ધર્મરુચિ હતાં, ભદ્રિક હતાં, ઉદાર હતાં તેથી ઘણા જ આનંદપૂર્વક પોતાના ઘર આંગણે શક્તિ અનુસાર મહોત્સવ કરી, પુત્રને ખૂબ અનુમોદનાપૂર્વક **સમીમાં** દીક્ષા અપાવી. પુત્રની દીક્ષા પછી, શ્રાવિકા મુલીમાનો શ્રાવિકાચાર ખૂબ વિકાસ પામ્યો હતો, તેમણે જીંદગીમાં ઘણી નાની મોટી તપશ્ચર્યા કરી હતી, તે નીચે મુજબ છે.

૧, માસક્ષમણ કર્યું હતું. ૨, એકવર્ષીતપ કર્યો. ૩, વીશ ઉપવાસનો સીંહાસન તપ કર્યો (જેમાં પાંચ ઉપવાસ–૧ બેસણું. આ પ્રમાણે ચાર વખત પાંચ પાંચ ઉપવાસ કરી પૂર્ણ થાય છે). ૪, એક શાલમાં છ અઠ્ઠાઈ (આઠ આઠ ઉપવાસ કર્યા). ૫, સમવસરણ તપ. ઉપવાસ ૬૪ (ચાર ઉપવાસ ૧ બેસણું ચારવાર કરી ૧૬ ઉપવાસ, ચાર વર્ષ કરવાથી ૬૪ ઉપવાસ

૧૬ બેસણાં). ૬, ૧૩ કાઠીયાના ૧૩ અઠ્ઠમ. ૭, ગિરિરાજમાં સાતછઠ્ઠ અને બે અઠ્ઠમ. ૮, અગ્યાર ગણધરના ૧૧ છઠ્ઠા. ૯, છુટી છુટી બીજી પાંચ અઠાઈઓ. ૧૦, એકવાર શોલ ઉપવાસ. ૧૧, દશ ઉપવાસ એકવાર. ૧૨, છ છ ઉપવાસ છ વખત થયા. ૧૩, એકવાર સિદ્ધિતપ, (૩૬ ઉપવાસ આઠ બેસણા). ૧૪, એકવાર સાત ઉપવાસ ઉપર ક્ષીરનું એકાશણું. ૧૫, પાંચ ઉપવાસ ૧ વાર, ૧૬, ચાર ઉપવાસ ૧. ૧૭, વીશસ્થાનકની ઓળી ચાર (કુલ-ઉ૦ ૮૪). ૧૮, વર્ધમાન તપની ઓળી ૧૮. ૧૯, નવપદની ઓળી ઘણા વર્ષ સુધી (પ્રાયઃ દરઓળી કરતાં હતાં તેમને સંખ્યા યાદન હતી). ૨૦, રોહિણી તપ ૭ વર્ષ-૭ માસ (લગભગ ૨૦૦ ઉપવાસ). ૨૧, પોષ દશમ ૩૦-૪૦ વર્ષ.

આ ઉપરાંત-માસમાં બે ચૌદશ ઉપવાસ, બે આઠમ આંબીલ અને (જીવ્યાં ત્યાં સુધી) છતિથિ અને વદી ૧૦ બારે માસ એકાશણાં કરતાં હતાં, ઉકાળું પાણી બારે માસ ૩૪ વર્ષથી લગભગ પીતાં હતાં.

તેમની ટેક જોરદાર હતી. આંબીલ કે એકાશણાની તિથિ હોય સગવડના અભાવે પણ તે તપ-બંધ ન રહે. માંદગીમાં પણ તિથિ સચવાતી હતી.

ગિરિરાજમાં **ચારવાર** ચોમાસાં કર્યાં. નવાણું **એકવાર** કરી. **બેવાર** પોતાના ગામથી પાલીતણા સુધી એકાશણું અને પગે ચાલી સંઘમાં છરી પાળતાં યાત્રા કરી.

પાટણથી કચ્છ, ભદ્રેશ્વર, અબડાસો, કાંઠી, વાગડ, મોરબી, વાંકાનેર, રાજકોટ, જામનગર, ગિરનારના સંઘમાં ચાર માસ સુધી એકાશણાં, પાદ મુસાફરી યાત્રા કરી.

જુનાડીસા–આસેડાથી નીકળેલા આબુગિરિના સંઘમાં પાદચાર, એકાશણાં, યાત્રા કરી. દાનબુદ્ધિ પણ શક્તિ અનુસાર ખૂબ હતી. લેવાની ભાવના નહી, આપવાની ભાવના વધારે હતી.

આ પ્રમાણે ભાગ્યશાળી આત્માનું જીવન ચરિત્ર લખ્યું છે.

પ્રશ્નઃ—ગુરુપુરુષોનાં જીવનચરિત્ર લખાય તેતો વ્યાજબી છે. પરંતુ સંસારી માતા પતાનાં જીવનચરિત્ર લખી શકાય ખરાં ?

ઉત્તર—**લોકપ્રકાશના** બનાવનાર. **ઉપાધ્યાયજી મહારાજ શ્રીવિનયવિજયજીગણિવર** સાહેબે લોકપ્રકાશના પ્રત્યેક સર્ગની સમાપ્તિમાં માતા પિતાને યાદ કર્યાં છે. આ પ્રમાણે **હીરસૌભાગ્યના** કર્તા **દેવવિમલગણિવરે** પણ પ્રત્યેક સર્ગની સમાપ્તિમાં માતા પિતાને યાદ કરવામાં આવ્યાં છે.

અમે પણ તેમનું જીવનચરિત્ર લખ્યું નથી માત્ર તેમની, આરાધના જ લખી છે, તેનું કારણ, માતા પિતા અપ્રતિકાર્ય છે. આરા માટે માતાપિતાનો ઉપકાર ન ભૂલાય તેવો છે. સેવા કરવાના સમયે. માતા પિતાના ઉપકારની સમજણ હતી જ નહી. મા અને બાપ કેટલા ઉપકારી છે ? આવી વિચારણા પણ તે વખતે આવી નથી. માતા પિતાના ઉપકારોને જીવ ને વિચારે તો, આખી જીંદગી પગચંપી કરે તોપણ, બદલો વાળવો અશક્ય જ છે. આ જગતના બીજા બીજા ઉપકાર કરનારા સર્વને એક બાજુ રખીએ, અને એક બાજુ માતા પિતાના ઉપકારોને રખાયતો, માબાપ તરફનું છાબડું જ ભારે ભાર રહે છે.

કોઈ મહાપુરુષ ફરમાવી ગયા છે કે

व्यूढो गर्भः प्रसवसमये सोढमत्युग्रशूलं ।
पथ्याहारैः स्नपनविधिभिः स्तन्यपानप्रयत्नैः ।
विष्टामुत्रप्रभृतिमलिनैः कष्टमासाद्य भूरि ।
त्रातः पुत्रः कथमपि यया, स्तूयते सैव माता ॥

અર્થ:—નવમાસ ગર્ભધારણ કર્યો. પ્રસવસમયે અત્યુગ્ર વેદના ભોગવી, જન્મ્યા પછી હમેશ સ્નાન સ્તપાન બાલક માંદુનપડેમાટે, પોતે ખાવાની કાળજી રાખવી તે પથ્યાહાર, ઝાડા વિગેરેથી ખરાબ કરેલાં, વસ્ત્રોનું ક્ષાલન, ઝાડા પેશાબની શુદ્ધિ કરવી, મુસાફરીમાં ઉપાડીને ચાલવું, ગરીબી હોય, પતિની ગેરહાજરી હોયતો મજુરીકરી બાળકોને ઉછેરવાં. ઘરમાં આવેલી સારી વસ્તુ પોતે ન ખાઈ બાળકોને આપવી. કેટલાંક કજીઆળાં બાળકો આખીરાત રોવાથી માતાની ઉંઘ બગડાવે તોપણ, બાળકો માટેની માતાની સહનશીલતા અવર્ણનીય જ છે.

હું પોતે માતાની ઉદારતાથી ચારિત્ર લેઈ શકયો છું. પિતાના ગુણો યાદ કરૂંતો અતિ આનંદ જ થાય છે. પરન્તુ તેઓ તો ઘણી વેલી વયમાં પરલોક પ્રયાણ કરી ગયા હતા. એટલે તેમની સેવા થઈ નથી, જૈનધર્મ પણ સમજાવી શકયો નથી. પરન્તુ તેમના ગુણો જરૂર યાદ આવે છે. પિતાશ્રીની આરાધના મારા બાલ્યકાલની હશે, તે મને ધ્યાનમાં જ નથી. અને માતુશ્રીની આરાધનાઓ સાક્ષાત અનુભવેલી, તેમના મુખથી લખી લીધેલી, અનુમોદનીય હોઈ જણાવી છે.

સંપાદક

*

પંચપરમેષ્ઠિનમસ્કારમહામંત્રનો વિષયાનુક્રમ

	પૃષ્ઠ
પ્રકાશકનું નિવેદન	૩
મહાભાગ્યશાલી એક દમ્પતીનું જીવન	૧૦
વિષયદર્શન	૧૫
પ્રસ્તાવના	૨૨
મંગલાચરણ, મંગલ અને અભિધેય	૧
સંપૂર્ણ નમસ્કારમહામંત્ર અને તેનો અર્થ	૨
આઠ ગાથાઓ વડે નમસ્કાર મહામંત્ર મહાત્મ્ય	૫
નમસ્કારમહાત્મ્ય ઉપર નયસારની કથા	૧૪
,, ધરણેન્દ્રની કથા	૧૬
,, સમળી (રાજકુમારી સુદર્શના)ની કથા	૧૯
,, બળદને નમસ્કાર આપનાર પદ્મરુચિ શેઠની કથા	૨૬
,, કંબલ–શંબલ બે બળદ–વાછડાની કથા	૨૯
,, એક બે બૈરીવાળા શાલવીની કથા	૩૨
,, ચારૂદત્ત શેઠની કથા	૩૪
,, વજ્રસ્વામીથી પામેલા શાળવીની કથા	૩૪
કેટલાક આચાર્ય ભગવન્તોનાં નામો	૩૭
યુક્તિવાદ અને આગમવાદની સમજણ	૩૯
પંચપરમેષ્ઠિ ભગવન્તોનાં મહાત્મ્યનો વિચાર	૪૨
દેવ–ગુરુ–ધર્મની પરીક્ષા	૪૩
અરિહન્તાદિ પાંચપદોનો ભાવાર્થ	૫૫
જૈનશાસનના દેવ–ગુરુ કેવા હોય	૫૯
ગુણાનુરાગ પ્રારંભ	૬૦
આત્મા પોતે જ પોતાને દુઃખીઓ બનાવે છે	૬૪
ભવાભિનંદી વિગેરે ચાર દશાનુ વર્ણન	૬૭
ઋણ ચુકાવવાની વિચારણા	૭૨
એક પામરની કથા	૭૩

	પૃષ્ઠ
અરિહન્ત ભગવન્તોના ગુણોની સમજણ	૭૬
પાર્શ્વનાથ સ્વામીના દશભવોનું ટુંકું વર્ણન	૮૨
પાર્શ્વનાથસ્વામીના દશભવમાં ચારગતિનું વર્ણન	૧૦૭
શ્રીજૈનશાસનની મહત્તા કેમ છે ?	૧૩૩
મરૂભૂતિનો અને કમઠનો પરસ્પર આરાધના વિરાધનાનો વિચાર	૧૪૧
કમઠને પાર્શ્વકુમારનો ઉપદેશ	૧૪૨
મહાવીર સ્વામીનું છેલા ૨૫, ૨૭ માં ભવનું વર્ણન	૧૫૦
જિનેશ્વરદેવોના વાર્ષિક દાનનું વર્ણન	૧૫૪
અધમ સંગમદેવના ઉપસર્ગો	૧૫૯
અરિહન્ત ભગવન્તોના સામાન્યવિશેષ નામો	૧૬૮
,, ભગવન્તોની શાશ્વતી અશાશ્વતી પ્રતિમાનો વિચાર	૧૭૧
જિનેશ્વરદેવોનો દ્રવ્યનિક્ષેપ	૧૭૯
,, ભાવનિક્ષેપ	૧૮૧
ગુણશબ્દનો વિચાર–દલિલો	૧૮૮
જિનેશ્વરદેવોના અતિશયની સમજણ	૧૯૧
દેવો વડે થએલી શ્રીજિનેશ્વરદેવોની સ્તવના	૧૯૨
તીર્થંકર કેવલી અને સામાન્ય કેવલીની સમજણ	૧૯૯
શ્રીજિશ્વરદેવોની ચાર ઉપમાઓ	૨૦૦
નમોસિદ્ધાણં પદવિચાર	૨૦૩
સિદ્ધભગવન્તોના આઠ ગુણોની સમજણ	૨૦૪
ઢંઢણમુનિની કથા	૨૧૩
ખંધકમુનની કથા	૨૧૫
ખંધકસૂરિના ૫૦૦ શિષ્યોની કથા	૨૧૯
બાલમુનિરાજ ગજસુકુમારની કથા	૨૨૦
મેતાર્યમુનિની કથા	૨૨૧

	પૃષ્ઠ
મહાબલ રાજર્ષિની કથા	૨૨૪
નમો આયરિયાણં પદ પ્રારંભ	૨૨૬
શ્રીવીતરાગ શાસનમાં આચાર્ય કેવા હોવા જોઈએ.	૨૨૭
અજૈનવાદીએ પુછેલો વિષ્ટાનો સ્વાદ	૨૩૧
કાગડાએ વિષ્ટામાં કરેલી શોધ	૨૩૨
સારણા, વારણાદિ કરે તે જ આચાર્ય કહેવાય	૨૩૬
કુપાત્રને આચાર્યપદવી સમજવા છતાં આપે તે ગુરુ પણ પાપી છે	૨૩૮
આચાર્યપદવી કસોટી કરીને જ અપાય, દાખલો ૧ લો	૨૩૯
,, કસોટીનો દાખલો બીજો, વરાહમિહિર	૨૪૩
,, ઘટના ત્રીજી સ્થૂલભદ્રસ્વામી	૨૪૪
આચાર્ય પદવીની કસોટીનો દાખલો ચોથો	૨૪૭
,, ,, દાખલો પાંચમો	૨૪૮
,, ,, દાખલો છઠ્ઠો	૨૫૧
સત્યવિજય પંન્યાસ વિગેરેએ આચાર્ય પદવી કેમ ન લીધી	૨૫૨
ગણધર ભગવન્તોની ઓળખાણ અને સમજણ	૨૫૮
ક્ષાયિક સમકિતની સમજણ	૨૬૧
યુગપ્રધાનઆચાર્ય દેવોનાં નામો	૨૬૨
શાસન પ્રભાવક આચાર્યોનાં કેટલાંક નામો	૨૬૩
મહાવીર પ્રભુજીની પાટ પરંપરાના આચાર્યો	૨૬૮
ગૌતમસ્વામી મહારાજની કથા	૨૭૦
બીજા પટ્ટધર જંબૂસ્વામીનું ઉદાહરણ	૨૭૨
ત્રીજું ઉદાહરણ સ્થૂલભદ્રસ્વામીનું	૨૭૯
આર્ય મહાગિરિ આચાર્યની કથા	૨૮૩
આર્ય વયરસ્વામીની કથા	૨૮૫

	પૃષ્ઠ
પરણવાનાં સ્વપ્ન સેવનાર દીક્ષા લે છે	૨૮૮
અભયદેવસૂરિમહારાજ	૨૮૯
હરિભદ્રસૂરિમહારાજ	૨૮૯
ચાલીશમા પટ્ટધર મુનિચંદ્રસૂરિમહારાજ	૨૯૩
કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ	૨૯૪
૪૬મા પટ્ટધર ધર્મઘોષસૂરિમહારાજ	૨૯૬
આચાર્ય ભગવન્તોના ગુણોની છત્રીસીઓ	૨૯૭
ઉપાધ્યાય પદ પ્રારંભ	૩૦૩
ઉપાધ્યાયના ગુણોનું વર્ણન	૩૦૭
ઉપાધ્યાય ભગવન્તોનાં થોડાં નામો	૩૧૩
શાન્તિચંદ્ર ઉપાધ્યાયની ઓળખાણ	૩૧૪
ભાનુચંદ્રજી ઉપાધ્યાય મહારાજ	૩૧૫
સોમવિજયજી ઉપાધ્યાય ,,	૩૧૬
ઉ૦ યશોવિજયજી મહારાજ	૩૧૭
નમો લોએ સવ્વસાહૂણં પદ પ્રારંભ	૩૨૦
મુનિવેશ જીવને પડતો બચાવે છે	૩૨૬
મુનિવેશ રંકને રાજા બનાવે છે	૩૨૭
દ્રવ્ય વેશ ન હોય તો દ્રવ્ય વંદન થાય નહી	૩૨૮
અવળા વેપાર કરનારથી દેવી પણ થાકી ગઈ	૩૩૧
કૃષ્ણપાક્ષિક જીવોની ઓળખાણ	૩૪૧
ક્રિયાવાદી શુકલ પાક્ષિક છે	૩૪૩
સમકિત પામવા પહેલાં ત્રણ કરણ	૩૪૬
ભીલાડીને દૂધ પાવા છતાં લાભ–અલાભ	૩૫૨
સમકિત આવ્યા પછી આત્મામાં ગુણો સ્થિર થાય છે	૩૫૪

	પૃષ્ઠ
વિક્રમાદિત્યની ઉદારતા	૩૫૬
વિક્રમ રાજાએ ચિત્રાવેલી પણ દાનમાં આપી દીધી.	
સુદર્શન શેઠની કથા સાત્ત્વિક ભાવ	૩૬૧
વિજય શેઠ અને વિજયા શેઠાણી	૩૬૫
સાત્ત્વિક ભાવ કોને કહેવાય	૩૬૮
પરિગ્રહ ન હોય તો પણ અજ્ઞાની ને પરિગ્રહનું પાપ લાગે	૩૭૧
વિનયગુણ ઉપર બે ભાઈની કથા	૩૭૫
સારંગપુર તળીયાની પોળનાં શ્રાવિકાની કથા	૩૭૮
મિથ્યાદૃષ્ટિ જીવોના ગુણો પણ નુકશાન કરનારા થાય છે.	૩૮૬
સાચાં સુખદુઃખ માટે બે ભાઈની કથા	૩૯૧
સંસારનાં આવાં સુખો છોડવાં કોને ગમે ?	૪૦૧
વીતરાગ મુનિઓમાં આવા ગુણો હોવા જોઈએ	૪૦૪
ગમે ત્યારે દીક્ષા લેનારને જ્ઞાનની ચોક્કસ જરૂર છે જ અથવા ગીતાર્થની નિશ્રામાં જ રહે.	૪૦૭
અગીતાર્થને ગુરુ થવાય નહી, અગીતાર્થ સમુદાયના આગેવાન થઈને વિચરનાર અનંત સંસારી કહેવાય	૪૦૮
જ્ઞાની અને અજ્ઞાની બે ગુરુ શિષ્યની કથા	૪૧૦
કુશિષ્યનું લક્ષણ	૪૧૫
એકલા સાધુને રહેવાની આજ્ઞા નથી	૪૧૬
અગીતાર્થ એકલા સાધુને દોષોની પરંપરા	૪૧૮
અજ્ઞાની માણસો અને પશુઓ પણ પોતાને વડીલની જરૂર સ્વીકારે છે	૪૨૦
ગુરુની નિશ્રા સેવનારને ઘણા મોટા લાભ થાય છે	૪૨૧
સમુદાયમાં રહી એકલા ગોચરી વાપરવાના મોટા દોષો	૪૨૩
ટોકણી ખમનારની કિંમત વધે છે, ન ખમે તે ઈંટાળા ગણાય છે	૪૨૫
અજ્ઞાનદશા એજ પામરપણું છે	૪૨૭

	પૃષ્ઠ
ભણવાના પ્રમાદી સદા ઓશીયાળું જીવન જીવે છે	૪૨૯
વિનય વિના બધા ગુણો નકામા છે	૪૩૪
અવિનયી કુશિષ્યની કથા	૪૩૬
એક દરબારના ભાયાત નાક બુચ્ચાની કથા	૪૩૭
અવિનયી કુલવાલક સાધુની કથા	૪૪૨
નિર્ગુણીનો વિનય વિનાશને નોતરે છે. સિંહ અને બ્રાહ્મણની કથા	૪૫૩
ગુણીના વિનય ઉપર વિક્રમરાજા અને ભિલ્લની કથા	૪૫૪
ધર્મના દાન સીવાય બધાં દાન ચોક્કસ સફળ નથી	૪૫૮
ચરણસિત્તરી અને કરણસિત્તરી	૪૫૯
કંડરીકમુનિ અને ચંડકૌશિકનાગ થનાર સાધુની કથા	૪૭૫
વર્તમાનકાળમાં પણ આરાધક સાધુઓ જ૩૨ છે	૪૭૮
ધન્નાકાકન્દીની કથા	૪૮૫
ધન્ના–શાલિભદ્રની કથા	૪૯૦
વજ્જબાહુકુમારની કથા (મહારાજા રામ–લક્ષ્મણના પુર્વજ)	૪૯૬
પુણ્ય અને પાપથી જ સુખદુઃખ મળે છે	૫૦૨
પંચપરમેષ્ઠિને જ નમસ્કાર કેમ ?	૫૦૫
નમસ્કાર મહાત્મ્ય સૂચિકા ભિલ્લ ભિલ્લડીની કથા	૫૧૭
,, શિવકુમારની કથા	૫૩૪
શ્રીમતી શ્રાવિકા કથા	૫૩૯
નારી જાતિનાં કામો, શ્રીમતીકથા ચાલુ	૫૪૫
મહાસતી શ્રીદેવીની કથા	૫૪૯
પુત્રીના પિતાને દુખ	૫૫૦
મહાસતી શ્રીદેવીના ગુણો	૫૫૨
મહાસતી શ્રીદેવીની આરાધના	૫૫૭

	પૃષ્ઠ
જિનદાસશેઠની કથા	૫૫૯
વીતરાગશાસન પામેલાઓની નિર્ભયદશા	૫૬૨
ચોર પણ નમસ્કાર પ્રભાવથી રાજા બને છે	૫૬૪
નમસ્કારમંત્રમાં શ્રદ્ધાવતી કલાવતી વેશ્યા	૫૬૭
પાપ ઢાંકેલું રહેતું નથી	૫૭૦
નમસ્કારના ધ્યાનમાં નિયાણું સફલ થયું, ચોર મરીને રાજકુમાર	૫૭૨
શૂલી ઉપર ચડેલા ચોરને જિનદત્તશેઠે આપલું અમૂલ્યદાન	૫૭૫
ધર્મપામેલા આત્માઓને પોતાનાં પાપો સીવાય કોઇનો ભય હોય નહી	૫૭૯
હુંડિક નામના ચોરને શૂળી ઉપર લાગેલી વિકરાલ તરસ	૫૭૯
નમસ્કાર મહામંત્રનો અચિન્ત્ય મહિમા	૫૮૧
આરાધના વિધાનની ચઉભંગી	૫૮૩
હુંડિકચોરને ફળેલો નમસ્કાર, દેવગતિ, ધર્મપ્રભાવના	૫૮૫
રાજસિંહકુમારને સપ્રભાવ બે ઔષધિની પ્રાપ્તિ	૫૮૯
રાજસિંહકુમારનો સ્ત્રીરૂપમાં રત્નવતી સાથે મેલાપ	૫૯૦
રત્નવતીએ રાજસિંહકુમારસ્ત્રીને સંભળાવેલી પોતાની પ્રતિજ્ઞા	૫૯૨
કુમારસ્ત્રીએ કહેલો રત્નવતીનો પૂર્વભવ	૫૯૩
પૂર્વભવ સાંભળી પોતાની સખીની સાથે રત્નવતીનો વાર્તાલાપ	૫૯૪
રત્નવતીની પ્રાર્થનાથી બન્ને મિત્રોનું સ્ત્રીવેશ ત્યાગી પ્રગટ થવું	૫૯૫
નામાદિ પૃચ્છા અને રાજસિંહકુમારની સાથે લગ્ન	૫૯૬
પિતાનો પત્ર અને કુમારનું સ્વનગર ગમન, અને રાજ્યાભિષેક	૫૯૮
ગુરુમહારાજનું આગમન અને રાજા રાજમૃગાંગની દીક્ષા	૫૯૮
રાજસિંહ રાજાની ગુરુ પાસે ધર્મની માગણી અને સ્વીકાર	૫૯૯
રાજસિંહભૂપે કરેલી ધર્મપ્રભાવના	૬૦૦
અંતમાં ગુરુમુખે આરાધના કરી દેવલોકમાં જવું	૬૦૧
ગ્રન્થકારની પ્રશસ્તિ	૬૦૨
અશુદ્ધિ પત્રક	૬૦૫

બીજી આવૃત્તિની પ્રસ્તાવના

પ્ર૦—પુસ્તક બનાવવાની પાછલ પ્રયોજન શું હોય છે.

ઉ૦—પૂર્વના મહાપુરુષોએ રચેલા અનેક ગ્રન્થોમાં, પુસ્તક રચનાનાં અવાન્તર અને પરંપર, વક્તા અને શ્રોતાને લક્ષમાં રાખી, બે પ્રયોજન બતાવ્યાં છે. ગ્રન્થકારને **તત્કાળપ્રયોજન,** ભવ્યજીવોને=અર્થીઆત્માઓને જૈનશાસનના તત્ત્વો સમજવા રૂપ ઉપકાર થાય છે. અને તેના સ્વાધ્યાય અને ઉપકારના ફલ સ્વરૂપ **પરંપરપ્રયોજન,** અલ્પભવોમાં મોક્ષપ્રાપ્તિ થવાની આશા બંધાય છે.

તથા ગ્રન્થના વાંચનાર અને સમજીને તત્ત્વ નિચોડ મેળવનાર, આત્માઓને **તત્કાળપ્રયોજન,** તત્ત્વની સમજણ મળે છે. અને **પરંપરપ્રયોજન,** તત્ત્વ નિચોડ પામીને હેયનો ત્યાગ અને ઉપાદેયનો આદર, ક્રમસર વધતાં વધતાં પ્રાન્તે સર્વસ્વ ત્યાગથી અપવર્ગ પ્રાપ્તિની આશા.

પ્ર૦—ગ્રન્થો બનાવવા કે ઉપદેશ આપવો. આ બાબત કોઈપણ એટલે ગમે તે=બધા જ કરી શકે કે, અમુક જ ગ્રન્થો બનાવી શકે ? યા ઉપદેશ આપી શકે ? આવી કાંઈ વ્યવસ્થા ખરી ?

ઉ૦—અજ્ઞાની આત્માઓ દ્વારા ઉપદેશ અપાય, ભાષણો અપાય, અથવા લેખો લખાય કે પુસ્તકો બનાવાય, આબધામાં એક પાક્ષિક નુકસાન જ થાય છે=પાપ લાગે છે, કર્મ બંધાય છે.

તથાચ સાક્ષી—અન્નાણી વક્ખાણં કરેઇ, તસ્સ હોઇ પાવકલં ॥

અર્થ—અજ્ઞાની મનુષ્ય વ્યાખ્યાન કરે કે, ઉપલક્ષણથી ગ્રન્થ બનાવે, તેનું ફળ પાપ છે.

પ્ર૦—અમે અજ્ઞાનીની વાત કરતા જ નથી. અજ્ઞાની વ્યાખ્યાન=ભાષણ કરી શકે જ નહી, પછી ગ્રન્થ બનાવવાની વાત જ શી ? અમે તો જાણકાર હોય, મહીનાઓ સુધી હજારો માણસો વચે વ્યાખ્યાન આપી શકતા હોય, લોકોની સભાઓ ભરાતી હોય, તાળીઓના ગડગડાટ થતા હોય, આવા વિદ્વાનો વ્યાખ્યાન કરે કે પુસ્તક રચના કરે, તો લોકઉપકાર થાય, અને પ્રાન્તે મોક્ષપણ પામે, આવાત બરાબર ખરીને ?

ઉ૦—નાના કે મોટા લખાણથી કે ભાષણથી, વાંચનારને કે સાંભલનારને, હિંસાદિ પાપો, બંધ કરવા ઇચ્છા થાય, તથા ક્રોધાદિ-કુટેવો અને વિષયની વાસનાઓ ઉપર કાબુલાવવા ભાવના જાગે, છેવટે પાપો, કુટેવો અને વાસનાઓ પ્રત્યે શૂગ પણ થાય, નફરત થાય, ઘૃણા થાય, આવા ભાષણો કરનાર કે પુસ્તકો લખનાર, સ્વપરનું હિત કરનારા જરૂર થાય છે.

પરંતુ જમાનાના નામે, દેશકાળના નામે, લોકોને પસંદ પડે તેવું બોલાય કે લખાય, જેમકે માચ્છલાંને મારી નાખવાં તેને મત્સ્ય ઉદ્યોગ, દેડકાંનો ઉદ્યોગ, સર્પો,વાનરાઓ પકડવાનો ઉદ્યોગ, તથા મરઘાં—બતકાંની ઉચ્છેરપાછલ કેવળ તેમના નાશની જ વાત હોવા છતાં, મરઘાં પાલન, મરઘાં ઉચ્છેર, આવી વાતોનાં ભાષણો કરીને, છાપાઓમાં લેખો આપીને કે પ્રાણિ વિજ્ઞાન જેવાં પુસ્તકો લખીને, લોકસેવા કે આત્મકલ્યાણ સમજતા હોય, તેવાઓ સ્વ અને પર બંનેને પાપના ખાડામાં પાડનારા જ છે.

પ્ર૦—ત્યારે આજે દુનિયામાં ચાલી રહેલી સેવાની લાઇનો, જેમકે—શહેર સુધરાઈ,નગરરક્ષાપાલિકા, ગ્રામપંચાયતો,

આ બધાં લોક સેવાનાં ક્ષેત્રો છે. અને ઘણા ધંધાધારી, ખૂબ વ્યવસાયી માણસો પણ, કેવળ સેવાનાજ ધ્યેયથી, પોતાનાં અંગતકામો બગાડીને પણ, ટાઈમનો ભોગ આપે છે, પાઈ પગાર પણ લેતા નથી. સારૂં કરવા છતાં અનેકોને અણગમતું લાગી જવાથી, ખૂન સુધીના હુમલાના ભયો કે ભાગીદાર થવાની આગાહી હોય છે, છતાં લાભ ન થાય, આ ગળે ન ઉતરે તેવી વાત છે.

ઉ૦—આ બધાનું મૂલ રાજા ગણાય છે. **"यथा राजा तथा प्रजाः"** જો રામચન્દ્રમહારાજકે યુધિષ્ઠિરમહારાજ જેવા રાજાઓનાં રાજ્ય હોય, અને કાર્ય કરનાર આત્માનુલક્ષી હોય તો, વસ્તુપાલ તેજપાલાદિની પેઠે, રાજકીય કામો પણ, સ્વપરનાં હિતકારક વખતે થાય.

પરન્તુ જે કાળમાં રાજા કે રાજ્યાધિકારીવર્ગ, કેવળ અનાર્યોનું કે મ્લેચ્છોનું અનુકરણ કરનારા હોય, તેવા કાળમાં સેવાનો નહી પણ હિંસાનો લાભ થાય છે. આજકાલ નગરપાલિકા શબ્દનો અર્થ, કુતરાઓને મારીનાખવા, ઉંદરડા મારવાની સગવડો આપવી, નગરમાં રહેતા માંસાહારીઓ કે મચ્છી–ઈંડા ખાનારાઓને, તે તે સગવડો પુરી પાડવી, આવોજ અર્થ થાય છે.

આ બધી સામગ્રીને પહોંચી વળવા, તેતે પ્રકારનાં આયોજનો ગોઠવવાં, આવી બધી સંસ્થાઓમાં જોડાવું, આગળ પડતો ભાગલેવો, સભાઓમાં હાજરી આપવી, આત્માને ખોટું સમજાય તોપણ પ્રતિકાર ન કરવો, અને મૌન બેસી રહેવું, આ બધું આત્મવંચના જ છે. આવાં કાર્યોને સેવાનો સ્વાંગ

સજાવાય છે, તે પણ દંભજ છે.

પ્ર૦–આ બધાનું મૂલ રાજા ગણાય, પરંતુ હાલતો રાજા કોઈ છેજ નહી. હુમણાંતો, આખી દુનીયાના ડાયા માણસોની રચાએલી સરકાર છે. એટલે રાજાના કાયદાકે ભયને સ્થાનજ કયાં છે. આજની સરકારતો રામરાજ્ય સ્થાપવાનાં સ્વપ્ન સેવે છે.

ઉ૦–રામરાજ્યની વાતો સાંભળી ભોળા લોકો આનંદ પામતા હશે. બાકી રામના રાજ્યમાં તો કોઇક માણસે કુતરાને લાકડી મારેલી, અને કુતરાની કેડ ભાંગી ગઈ, તેનોપણ રામની અદાલતમાં ન્યાય તોળાયો હતો.

અને આ રાજ્ય આવ્યા પછી તો, જેમને જેમને ખોટું દેખાયું છે, એવા લોકો ખુલ્લંખુલ્લા લખે છે કે, આ સરકાર આવ્યા પછી હિંસા ખૂબ વધી. એટલે કતલખાનાં વધ્યાં, માછલા પકડવાનાં સાધનો વધ્યાં, દેડકા–સર્પો–વાનરા–લાખોની સંખ્યામાં પરદેશ જઈ રહ્યા છે.

એટલે હિંસા ખૂબ વધી, ખૂન વધ્યાં, આત્મઘાતો વધ્યા, ચોરી–લુચ્ચાઈ–નફ્ટાઈ–સ્વચ્છંદતા – અનાચાર – નિર્લજ્જતા સ્વાર્થાન્ધતા–ગર્ભપાત, આવું આવું વધવામાં ઓછાશ નથી. સરકારના કરવેરા, ધર્મસ્થાનો ઉપર પણ સરકારની સત્તા, આ બધું રામરાજ્યના નામે કેટલું વિપરીત ચાલી રહ્યું છે, તે સાંભળતાં પણ કંપવારી છુટે તેવું છે.

પ્ર૦–મૂળવાત આપણી પુસ્તકો બનાવવાના અધિકાર અંગેની હતી. થોડું વિષયાન્તર થઈ ગયું હવે ટુંકી વાત ઉપર આવીએ, કે, વિદ્વાન–જ્ઞાની–અનુભવી પુસ્તકો લખે તો લાભ ખરો કે નહી.

ઉ૦–શ્રીવીતરાગશાસનનો માર્ગ ખ્યાલમાં આવ્યો હોય, જૈનશાસનના તત્ત્વોના મર્મ સમજાયા હોય, ઉત્સૂત્રપ્રરૂપણાનો ભય લાગતો હોય, ઉત્સૂત્રપરૂપણા ન થઈ જાય તેની કાળજી હોય, એવો આત્મા, સાવધાનપણે ખૂબકાળજી રાખી લખેતો સ્વપરને હિતકારક જરૂર થાય. શ્રીવીતરાગશાસનના ગ્રન્થોમાં ફરમાવ્યું છે કે, **સમ્યગ્દૃષ્ટિઆત્મા** ગમે તે પુસ્તક વાંચે તેમાં તેને લાભ જ છે.

પ્ર૦—મિથ્યાવાસિત મનુષ્યોના બનાવેલા ગ્રન્થોમાં પ્રાયઃ હિંસા અબ્રહ્મચર્ય વિગેરે, આત્માને અહિતકર વાતોનાં સમર્થન પણ કરાયેલાં હોય છે. આવું વાંચન બાળજીવોને નુકસાન કારક જ થાય, છતાં લાભકારક થાય તેવું કેમ લખ્યું છે?

ઉ૦—સમજણવગરના હોય, વિચારવગરના હોય, અને શ્રીવીતરાગ શાસનની શ્રદ્ધાવગરના હોય, તેવા આત્માઓને મિથ્યાદૃષ્ટિઓના બનાવેલા ગ્રન્થો વાંચવાથી નુકસાન જ થાય છે. પરન્તુ અમે તો એટલા જ માટે **સમ્યગ્દૃષ્ટિ** આત્મા લખેલ છે. જુઓ સમકિતધારી આત્માનું લક્ષણ.

"સર્વપંથના ગ્રન્થને, વાંચે સમકિતવંત।
નાવે વિપરીતવાસના, પણજિન વચને ખંત॥
સમકિત ધારી જીવડો, ભલે ગમે ત્યાં જાય।
જિનમતમાં પાકો બને, અન્યમતિ નવ થાય॥
વાંચે શાસ્ત્રો વિશ્વનાં, તન્મય કયાંય ન થાય।
પણ જિનવર વચનો વિશે, બદ્ધમૂલ થઈ જાય॥
અન્યમત શાસ્ત્રો વાંચતાં, જિનમત નહી પલટાય।
સાચોરાગમજીઠનો, સાબુ કેમ ધોવાય? ॥

પરમતને વાંચી બને, જિનમતમાં મજબૂત ।
વદે તત્ત્વ જિનવાણુને, સમકિતદૃષ્ટિપૂત" ॥

આ ઉપરથી સમજાય છે કે સમકિત પામેલો આત્મા "अमेध्यादपि कांचनं વિષ્ટામાંથી પણ સુવર્ણ લેવાની સમજણવાળો હોય છે.

પ્ર૦—સમકિતધારી આત્મા સારાનો કે ખોટાનો ભેદ સમજી શકે? બીજા ન સમજી શકે તેનું કારણ શું?

ઉ૦—સમકિત શબ્દનો જ એ અર્થ છે કે, જગતભરની સારી અને ખોટી વસ્તુને સમજે, સમજવા ઉદ્યમ કરે. તેમાં પણ સુદેવ-કુદેવને, સુગુરુ-કુગુરુને, સુધર્મ-કુધર્મને, ચોક્કસ સમજે સમજવા પ્રયાસ કરે. ગમે તેને મસ્તક નમાવે નહી.

પ્ર૦—જૈન હોય એટલા જ સારા, બીજા બધા જ ખોટા એમને?

ઉ૦—જૈનવેશધારી કે નામધારીને પણ, માર્ગ ભુલેલા હોય તો સમજીને ત્યાગ જ કરવા, હાથ પણ ન જોડવા જ્ઞાનિપુરુષોએ અનેક સૂચનાઓ કરી જ છે. એટલે જૈનશાસનમાં નામને-વેશને-વિદ્વત્તાને કે અન્ય કોઈ ડોળ ડીમાકને સ્થાન છે. એવું નથી. પરન્તુ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપમાં આદરવાળા હોય, તેનો જ આદર હોય છે. આજ કારણથી સમ્યક્ત્વધારી આત્માને, પ્રાયઃ લખવા વાંચવામાં ભૂલોપડવા સંભવ ઓછો જાણવો. બાકીના માત્ર લોક હેરીમાંજ તણાએલા આત્માઓ, ભલે જન્મે જૈન હોય તો પણ પુસ્તકો બનાવે, લેખો લખે અથવા ભાષણો કરે તેવાઓ કઈ જગ્યા અને કયારે શું બાફી નાખસે? એનો નિર્ણય નહી. પુસ્તક

બનાવવાનું પ્રયોજન શું ? આ આપણો પ્રારંભનો પ્રશ્ન છે. તેનો નિચોડ એ આવ્યો કે જૈનશાસન પરિણામ પામ્યું હોય એવા, શ્રીવીતરાગ શાસનની શ્રદ્ધાવાળા, શાસ્ત્રોના અનુભવી હોય તેવા, વિચાર પૂર્વક બોલે કે લખે તો, સ્વપરને ઉપકારી થાય છે. આંહી પ્રશ્ન એ છે કે

પ્ર૦—પ્રભુ શ્રીમહાવીરદેવથી અત્યાર સુધી હજારો મહાપુરુષો થયા છે. તે બુદ્ધિના સમુદ્ર હતા, તે તે મહાપુરુષોના બનાવેલા, એકએકથી ચડી જાય તેવા, એક એક વિષય ઉપર પણ, સંખ્યા બન્ધ ગ્રન્થો સંસ્કૃત—પ્રાકૃત અને પાછળથી ગુજરાતીમાં પણ રચાયેલા, હજારોની સંખ્યામાં વિદ્યમાન છે, અને તે પણ ભલભલા વિદ્વાનોની બુદ્ધિને ચમત્કાર ઉપજાવે તેવા છે, ખપી આત્માનું કલ્યાણ થાય તેવા છે, તો પછી આવાં નવાંનવાં પુસ્તકો બનાવવાની શી જરૂર ?

ઉ૦—તમારી દલિલ બરાબર છે. પરંતુ આ અવસર્પિણી પડતો કાળ છે, ગણધર ભગવન્તો મહાબુદ્ધિશાળી હતા. એમના વચનો ખૂબ ગૂઢાર્થ હોવાથી, તે સૂત્રોને સમજવા માટે, નિર્યુક્તિ ભાષ્ય તે પછી ચૂર્ણીઓ, ટીકાઓ અનુક્રમવાર બનતી ગઈ. એનું કારણ એજ કે, શ્રીઋષદેવસ્વામીથી છેલ્લા તીર્થંકર ભગવાનમહાવીરસ્વામી સુધી ઉત્તરોત્તર પડતો કાળ આવતો ગયો.

તેથી આયુષ, શરીરપ્રમાણ, રૂપ, બલ, શબ્દ–રુપ–ગન્ધ આદિમાં ક્રમેક્રમે ઘટાડો થતો ગયો. એટલે પ્રભુ શ્રીમહાવીરદેવના ગણધર મહારાજોના પછીના કાળના જીવોમાં પણ ઉત્તરોત્તર સમજણશક્તિ ઓછી થવાથી, પૂર્વના મહર્ષિઓનાં

અર્થગૂઢ, બહુ ટુંકાશબ્દો અને અર્થબહુલતાવાળાં શાસ્ત્રોને સમજવા માટે, તે તે કાળના બુદ્ધિશાળી આચાર્યભગવન્તોએ શાસ્ત્રોને સ્પષ્ટ સમજાવે તેવી, નિર્યુક્તિઓ વિગેરે બનાવી સમજવાના અર્થીજીવોનો માર્ગ સરળ બનાવ્યો છે.

પ્ર૦—આપણા જૈનશાસનમાં થયેલા સ્થાનકવાસીઓ, તેરાપન્થીઓ, નિર્યુક્તિ–ભાષ્ય, ચૂર્ણી–ટીકાઓ નથી માનતા તેનું કારણ શું ?

ઉ૦—ડાહ્યા માણસોને તો આભિનિવેશિક મિથ્યાત્વના ઉદય સિવાય બીજું કારણ જણાતું નથી. જુઓ સોળમી શતાબ્દીના પ્રારંભમાં, આ પંથપ્રચારકોના બનાવેલા રાસાઓ, ટબાઓ, ભાષાન્તરો, તેમના અનુયાયિઓને માન્ય છે, તોપછી પૂર્વધરોના ઉત્તરોત્તર અનુભવજ્ઞાનને પામેલા, રત્નત્રયીની ખાણ સમા પૂર્વાચાર્યોના નિર્યુક્તિ–ભાષ્ય–ચૂર્ણીઓ–ટીકાઓ ન માનવાં આ કેવી સમજણ ?

વળી પ્રસ્તુત સ્થાનકમાર્ગી ભાઇઓએ પણ, પોતાને જરૂરના પ્રસંગો પંચાંગીમાંથી પણ લીધા છે. જેમજેમ કાળ-અળથી ક્ષયોપશમમાં મંદતા આવતી ગઈ, તેમતેમ તે કાળના જીવોને, સ્પષ્ટતા અને સરળતાવાળા ગ્રન્થોની જરૂરીયાતો જણાવાથી, તે તે કાળના ઉપકારી વિદ્વાનોએ, પૂર્વના ગહનગ્રન્થોના આધાર પામી, નવા ગ્રન્થોની રચના કરી છે.

હમણાં તો અતિગહન ગ્રન્થો પણ વિદ્યમાન છે, મધ્યમ કક્ષાના પણ લોકપ્રકાશ વિગેરે ગ્રન્થો છે, તેનાથી સરળ નવતત્ત્વાદિ ગ્રન્થો પણ વિદ્યમાન છે, તેનાથી પણ સહેલા ગુજરાતી ટબાઓ હૈયાત છે. તો પણ લેખક કરતાં પણ, ઓછી બુદ્ધિ-

વાળા જીવો માટે, અતિ સરળ–ગ્રામ્યભાષામાં લખાયેલાં આવાં પુસ્તકો પણ, શ્રીજૈનમાર્ગને સમજવા માટે જરૂર ઉપયોગી થવા સંભવ ગણાય.

જેમ શહેરોમાં દશ દશ લાખનું કે એનાથી પણ વધારે સીલિક કાપડ રાખનારા કાપડના વેપારીઓ હોવા છતાં, લાખ પચ્ચાસ હજારનો માલ રાખનારા પણ હોય છે. વળી દશવીશ હજારનો માલ રાખનારા પણ હોય છે. બેપાંચ હજારનો રાખનારા પણ હોય છે. અને ફેરીયા પણ હોય છે.

આંહી જેમ નાની મોટી દુકાનોવાળાથી લોકોને અનુકુલતા સચવાય છે, અને દુકાનોવાળા પણ પોતાની સામગ્રી અનુસાર, જરૂર પોતે કાંઈક કમાય છે. તેમ શ્રી વીતરાગશાસનની નાની મોટી આરાધનાઓ પણ, જીવલેદે યથાયોગ્ય લાભ કરનારી બને છે. એ ન્યાયે પુસ્તકો પણ માર્ગાનુસારી હોય તો નાના કે મોટાને પણ લાભકારક થવા સંભવ ખરો.

તેમાં પણ જ્ઞાનની મુખ્યતા છે. જ્ઞાન પ્રકાશ છે. જ્ઞાન દીવો છે. **"જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ"** આમ જ્ઞાનક્રિયા બંને મોક્ષની આરાધનાનાં રથના ચક્રની માફક, બે અંગો હોવા છતાં પણ **જ્ઞાન આગેગાન છે.** જ્ઞાન વગરની જોરદાર ક્રિયા પણ મોક્ષદાયક થતી નથી, અને ક્રિયા વગરનું જ્ઞાન મરૂદેવા-સ્વામિનીની માફક, મોક્ષ પણ આપી શકે છે. **તથાચ–**

उक्कोसं दव्वथुइं, आराहिय जाइ अच्चुयं जाव ।
भावत्थवेण पावइ अंतमुहुत्तेण निव्वाणं ॥

અર્થ–ઉત્કૃષ્ટક્રિયાનો આરાધક અચ્યુતસ્વર્ગ સુધી જાય=જઈ શકે. પરંતુ ભાવસ્તવ અને જ્ઞાનવાન આત્મા અન્તર્મુહૂર્તમાં

મોક્ષ પણ પામી શકે છે.

આજ ન્યાયથી અનેક ભયંકર હિંસાઓ કરનાર **ચંડકૌ-શિકસર્પ**, માત્ર પ્રભુશ્રીમહાવીરસ્વામીના **બુજ્ઝ બુજ્ઝ ચણ્ડકોસીયા** માત્ર શબ્દો સાંભળી માર્ગનો પલટો પામી, અનશન ઉચ્ચરી, નરકના બદલે આઠમા સ્વર્ગ ગયો.

તથા ચોર, ડાકુ, ચિલાતીદાસીપુત્ર, પોતાના ઉપકારી આશ્રયદાતાના ઘરમાં લુટારૂઓને ઘુશાડી, શેઠની મીલ્કત સાથે શેઠની વ્હાલી પુત્રીને ઉઠાવી જનાર, અને રસ્તામાં તેજ વિશ્વાસુ અને અનેક આંશા ભરેલી બાળા સુષમાનું, નિર્દયખૂન કરનાર પણ, મહામુનિરાજનાં માત્ર **ઉપશમ, વિવેક, અને સંવર** ત્રણજ પદો સાંભળી વિચારી નરકના બદલે, તે તે=ચિલાતીપુત્ર પણ ઉપરના પદોમાં તન્મય બનીને આઠમા દેવલોક ગયો.

આવા અનેક દાખલાઓથી સમજાય છે કે, શ્રીવીતરાગ-દેવોનાં વચનો થોડાં કે ઘણાં, પરંતુ સાંભળનાર કે વાંચનાર **વિચારક હોય તો**, હજારો ભવોના પાપોને પણ ક્ષય કરી શકે છે. માટેજ જ્ઞાનીપુરુષોએ જ્ઞાન અને ક્રિયા બેમાં પણ **જ્ઞાનનીજ** મુખ્યતા જણાવી છે.

વળી આપણા આ પુસ્તકમાં તો, સર્વઆગમનો સાર અથવા ચૌદપૂર્વનો સાર નમસ્કારમહામંત્રજ વિવેચાયો છે. તેમાં પણ અરિહંત-સિદ્ધ-સૂરિ-ઉપાધ્યાય અને મુનિપણાની ઓળખાણ આપવામાં આવી છે.

પ્ર૦-શ્રી નમસ્કારમહામંત્રને દ્વાદશાંગીનો અથવા ચૌદ પૂર્વનોસાર કહ્યો છે. તે કેવી રીતે

ઉ૦-શ્રી વીતરાગદેવોનાં વચનો-**બધાંજ** સાપેક્ષ છે.

બુદ્ધિના દરિયાજ્ઞાની પુરુષો એકેક શબ્દના અનેક અર્થો કરી શકે છે, અને તે પણ સમજદાર માણસોની સમજણમાં આવે તેવા હોય છે. જેમકે શ્રીતીર્થંકરદેવની પ્રકાશેલી **उपन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा**, આ ત્રણજ પદો=ત્રિપદીને પામીને, તેનાજ અવલંબનથી ગણધરદેવો દ્વાદશાંગી અને ચૌદપૂર્વોની રચના કરે છે.

તેનો શબ્દાર્થ–ઉત્પન્ન થવું, નાશ પામવું, અને મૂળ-સ્વભાવે ટકી રહેવું. ત્રણેના ત્રણ અર્થ થયા. તેનો વિશેષાર્થ જગત એટલે લોકાલોક અથવા છ દ્રવ્યોનો સ્વભાવ, ઉત્પન્ન થવાનો છે, નાશ પામવાનો છે, નિત્ય રહેવાનો છે

આ ત્રણ વાતોને ધ્યાનમાં રાખી, દરેક કાળના ગણધર-ભગવન્તો, તે કાળના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને અનુલક્ષીને, પ્રત્યેક ગણધરો પોતાની પૃથક્ પૃથક્ દ્વાદશાંગીઓ બનાવે છે. આ બધી જ દ્વાદશાંગીઓનું મૂળકારણ શ્રીજિનેશ્વરદેવોએ પ્રકાશેલી **ત્રિપદીજ** છે.

જેમ આ ત્રિપદી દ્વારા દ્વાદશાંગી થઈ, તે દ્વાદશાંગીના સૂત્રોના પણ જ્ઞાનીપુરુષોએ અનન્તા અર્થો કર્યા છે. તેમ નમસ્કારમહામંત્રમાં અરિહન્ત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ પાંચપદોને જ નમસ્કાર થાય છે. આ પાંચપદો પણ, દર્શન–જ્ઞાન–ચારિત્ર અને તપની ઉત્તરોત્તર આરાધના પામી, છેલ્લા ભવે, કેવલજ્ઞાન, કેવલદર્શન, યથાખ્યાતચારિત્ર અને ક્ષાયિકસમ્યક્ત્વ સુધીની, અતિ ઉચ્ચતરદશા અનુભવનારા થવાથી જ પ્રાણિ માત્રના આરાધ્ય સ્થાનમાં મુકાયા છે.

તેથી આ નવેપદોનાં ધ્યાન–ધ્યેય અને ધ્યાયક સ્થાનોને,

તથા એકેક સ્થાનમાં રહેલી, અનંતાનંત વ્યક્તિઓને, તેમના પ્રત્યેક પ્રસંગોને, તેતે મહાપુરુષોના દ્રવ્યોને, ક્ષેત્રોને, કાળને અને ભાવને વિચારાય તો, શ્રીનમસ્કારમહામંત્રમાં દ્વાદશાંગીને સમાવાય તો યુક્તિથી અઘટમાન જણાતું નથી.

પ્ર૦—એક સૂત્રના અનંતા અર્થો થાય. એ કેવીરીતે.

ઉ૦—આ કાળમાં પણ **"नमो दुर्वाररागादि"** આ એક શ્લોકના ૭૦૦ અર્થો, શ્રીવિજયહીરસૂરીશ્વરજીમહારાજના શિષ્ય પટ્ટધર વિજયસેનસૂરિમહારાજે કર્યા હતા, તથા વળી **"राजा नो ददते सौख्यं"** આ એક વાક્યના આઠ લાખ અર્થ થયા છે. આ પુસ્તક આજે પણ જૈન ભંડારોમાં વિદ્યમાન છે.

તથા શ્રીજૈનશાસનમાં બારે માસ અવશ્ય આરાધનીય, છ આવશ્યક–**સામાયિક ચઉવ્વીસત્થો, વન્દનક, પડિક્કમણુ, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણુ** આટલાં છ વાકયો યાને શબ્દો ઉપર રચાયેલા આવશ્યક સૂત્ર. તેની ઉપર લખાયેલી ટીકાઓ, વિશેષ્યાવશ્યક, આખું સાહિત્ય હમણાં પણ લાખ શ્લોક જેટલું પ્રમાણ હોવા સંભવ છે.

ખરી વાત એ છે કે જ્ઞાનિપુરુષો જ જ્ઞાનને સમજે છે, અને જ્ઞાનિપુરુષોના ભગજરૂપ વખારોમાં જ જ્ઞાન-કરીયાણું સચવાઈ રહે છે. ગુણ કેટલા હોય તેને ગુણી જ જાણી શકે છે, અને ગુણને જીરવવાની પચાવવાની શકિતપણ ગુણી પુરુષોમાં જ પ્રકટેલી હોય છે. કહ્યું છે કે

मीयन्ते तद्गुणाः सम्यक्, तत्तुल्यैरेव नापरैः।
व्योममानं खेरा वेत्ति, धरामानं मरुत्पथः ॥ १ ॥

અર્થ:—કોઈ ગુણી પુરુષોના ગુણોનું માપ, જે ગુણી

હોય, તે જ કરી શકે. બીજાની તાકાદ જ નથી. જેમ પૃથ્વી કેટલી મોટી ? આકાશને પુછો, તે જાણે છે. અને આકાશ કેટલું મોટું ? એ પૃથ્વીને પુછો, તે કહી શકશે.

જેમજેમ આત્મામાં જ્ઞાનની વૃદ્ધિ થતી જાય છે, તેમ તેમ આત્મા પોતે જ મહાપુરુષોનાં વચનોને સમજતો જાય છે, અને સત્ય સમજાવું શરૂ થાય છે, ભ્રમણાઓ નાશ પામે છે. અને ઉત્તરોત્તર શ્રદ્ધાની વૃદ્ધિ થવાથી, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપમાં અતિપ્રમાણ આદર વધવા લાગે છે. પછી તો અનંતાકાળનો અજ્ઞાની સાચો જ્ઞાની થાય છે.

પ્ર૦—નમસ્કારમહામંત્રના જાપથી, અર્થાત્ એકપદ **नमो अरिहंताणं** બોલવાથી ૫૦ સાગરોપમનાં પાપ નાશ પામે છે, અને આખો **નવકાર** બોલવાથી ૫૦૦ સાગરોપમનાં પાપ નાશ પામે છે. આવી વાતો શાસ્ત્રોમાં કહેલી છે તે શું બરાબર છે ?

नवकारइक्कअक्खरं, पावं फेडेइ सत्तअयराणं ।
पन्नासं च पएणं, पणसयसागर समग्गेण ॥

ઇતિ પ્રસ્તુત પુસ્તક પૃ. ૧૦ ઉપર.

ઉ૦—ઉપરનું વર્ણન મહાજ્ઞાનિપુરુષોનાં વચનોથી તદ્દન સાચું અને શંકા વગરનું છે. કારણ કે

रागाद् द्वेषात् तथा मोहाद्, भवेद् वितथवादिता ।
तदभावे कथंनाम, भवेद् वितथवादिता ॥

અર્થ—રાગથી, દ્વેષથી અથવા અજ્ઞાનતાથી માણસ અસત્ય બોલે છે. પરંતુ શ્રીજિનેશ્વરભગવન્તોના રાગ–દ્વેષ અને અજ્ઞાનતા સંપૂર્ણ નાશપામ્યા છે. તેથી તે મહાપુરુષો અસત્ય

શા માટે બોલે. વળી એ મહાપુરુષોનું વિશેષ સ્વરૂપ દર્શાવતાં પણ કહ્યું છે કે—

अणुवयकपराणुग्गह-परायणा जं जिणा जगप्पवरा।
जियराग-दोष-मोहा, य न अन्नहावाइणो तेण॥

અર્થ—જગતના પ્રાણિમાત્ર કોઇનો ઉપકાર કરે, સેવા કરે, દાન આપે, આ બધાને ફળની ઈચ્છા ચોક્કસ હોય છે. નિસ્પૃહચૂડામણિ, આચાર્ય, ઉપાધ્યાય અને મુનિરાજો પણ ઉપરનું બધું, કર્મનો ક્ષય કરવા માટે, સંસાર ઘટાડવા માટે કરે છે, પુણ્ય પણ બંધાઈ જાય છે, પરંતુ શ્રીજિનેશ્વરભગવન્તોતો, અઢોડ ઉપકાર કરે છે. જગતના જીવોને. અભય, ચક્ષુ, માર્ગ, શરણ, બોધિ આપનારા છે. છતાં બદલાની જરૂર નથી, ઇચ્છા નથી, કારણ તે મહાપુરુષો, કેવલજ્ઞાન, કેવલદર્શન પામેલા છે, ઘાતીયાં કર્મનો ક્ષય પણ થઈ ગયો છે. આવા મહાપુરુષોનાં વાકયો ખોટાં હોય જ કેમ ?

પ્ર૦—અ. બધાં વાકયો શ્રીજિનેશ્વરોએ જ કહેલાં છે. એમ શી રીતે માની લેવાય ?

ઉ૦—અ. બધાં વાકયો ગણધરોનાં, ચૌદપૂર્વધરોનાં, દશપૂર્વીનાં કહેલાં, પ્રત્યેકબુદ્ધોનાં કહેલાં અથવા પૂર્વાચાર્યોનાં કહેલાં છે, તો પણ તે બધા મૃષાવાદના સંપૂર્ણ ત્યાગી હતા. જરાપણ સૂત્રવિરુદ્ધ કે આજ્ઞાવિરુદ્ધ ન બોલાઈ જાય કે ન લખાઈ જાય તેનો ડર હતો, કાળજી હતી, માટે ઉપરનાં વાકયો એકદમ સાચાં માનવામાં જરા પણ દોષ નથી.

વળી શ્રીજૈનશાસન માન્ય, એક સમજવા યોગ્ય દલીલ

છે. તે જુઓ—

जे एगं जाणइ, से सव्वं जाणइ । जे सव्वं जाणइ, से एगं जाणइ
एको भावः सर्वथा येन दृष्टः, सर्वेभावा सर्वथा तेन दृष्टाः ।
सर्वे भावाः सर्वथा येन दृष्टाः,एको भावः सर्वथा तेन दृष्टः ॥१॥

અર્થ—જે જ્ઞાની આત્માએ એકભાવ સંપૂર્ણપણે જોયો છે. તે જ્ઞાનીપુરુષ સર્વભાવોને જોઈ શકે છે, અને સર્વભાવોને પૂર્ણપણે જોવાની=જાણવાની શક્તિવાળા જ્ઞાની પુરુષ જ, એકભાવને પણ સંપૂર્ણપણે તો જ જાણી શકે છે.

આ બધી દલિલોથી, બુદ્ધિમાન જો શ્રદ્ધાળુ હોય તો, તેને સમજાઈ જવું જોઈએ કે, નમસ્કારમહામંત્રને ચૌદપૂર્વનો સાર કહ્યો છે. તે વાત શંકાવિના તદ્દન સાચી માનવા યોગ્ય છે.

પ્ર૦—ઉપર કહેવાયું છે કે નમસ્કાર મહામંત્રના જાપથી, અર્થાત્ એક જ નવકાર ગણવાથી, પાંચસો સાગરોપમનાં પાપનાશ પામે છે. તો પછી કોઈ મનુષ્ય, એકાકોડ નવકારનો પણ જાપ કરે તો તેનાં કેટલાં સાગરોપરનાં પાપનાશ પામે?

ઉ૦—જ્ઞાનીઓના ફરમાન અનુસાર, પાંચપદોમાં વર્ણન કરાએલા ત્રણેકાળના પાંચે પરમેષ્ટિભગંતોને સમજીને, મન-વચન-કાયાની એકાગ્રતાથી, શુદ્ધતા સાચવીને, જાપ થાય તો, ઉત્કૃષ્ટયોગી કેવલજ્ઞાન પણ પામી શકે છે. સર્વકર્મનો ક્ષય પણ થઈજાયછે. તોપછી પાંચસો સાગરોપમના કર્મક્ષયની વાતતો સામાન્યજ ગણાય, આકળતો મધ્યમ કક્ષાનું સમજવું.

પ્ર૦—આત્માની પાસે પાપ કેટલાં સીલીકમાં હોય?

ઉ૦—વધારેમાં વધારે એક જીવ પાસે સિત્તેર કોટાકોટી સાગરોપમ જેટલાં કર્મ પણ કોઈકે જીવને બાંધેલાં સત્તામાં

હોય છે.

પ્ર૦—આટલા બધા કર્મના ભારથી દબાએલો આત્મા ઊંચો કયારે આવે ?

ઉ૦— **'कत्थवि जीवो बलिओ, कत्थवी बलियाइं कम्माइं"**

અર્થ—અનંતાનંતકાળ સંસારમાં સદાકાળ કર્મની જ બલવત્તરતા ચાલી આવે છે. અને કર્મની જ પ્રેરણાથી આત્મા, હિંસા–અસત્ય–ચોરી–મૈથુન–ક્રોધ–માન–માયા–લોભ વિગેરે પાપોને નિર્ભય પણે આચરે છે, અને તે પાપોના પરિણામ રૂપે ચારગતિનાં મહાભયંકર દુખોને પણ અનંતા કાળથી અજ્ઞાન પણે ભોગવી રહ્યો છે, અને પાપો કરતી વખતે બહાદુર દેખાય છે, અને ભોગવવાના વખતે તદ્દન રાંક થઈ જાય છે. એટલે ગોટલીમાંથી આંબો અને આંબામાંથી ગોટલી, એ ન્યાયે કર્મની પરંપરા ચાલુ હોવાથી, આત્મા ચારગતિના કેદખાનામાંથી છુટો થઈ શક્યો નથી.

પરંતુ જ્યારે ભવસ્થિતિ પરિપાક થાય છે ત્યારે, જીવને સાચા ગુરુનો યોગ મળી જાય છે, અને દૃઢપ્રહારીચોર જેવા મહાક્રૂર=મહાપાપી આત્માઓ પણ, બળવાન થઈ સર્વકર્મોના ભુક્કા ઉડાડી નાખે છે, અને બાપડા બીચારા મટીને જગતના પૂજ્ય સિદ્ધપદને પામે છે.

પ્ર૦—આપણો ઉદ્ધાર જલ્દી થઈ જાય અને સંસારની ચારગતિની કેદમાંથી છુટા થઇને, સર્વ દુખના અભાવ અને સર્વસુખની પ્રાપ્તિવાળા મોક્ષને પામવાનો ઉપાય શું ?

ઉ૦—ભાવથી શ્રીજૈનધર્મની પ્રાપ્તિ થાય તો બે–ચાર–પાંચ–દશભવોમાં આત્મા સંસારનો પાર જરૂર પામે.

आसन्ने परमपये, पावेअव्वम्मि सयलकल्लाणे ।
जीवो जिणिन्दभणियं, पडिवज्जए भावओ धम्मं ॥

અર્થ—જે આત્માનો મોક્ષ નજીકમાં હોય તેવા આત્માઓને જ, ભગવાન શ્રીજિનેશ્વરદેવોનો પ્રકાશેલ ધર્મ, ભાવથી આરાધવો ગમે છે. અર્થાત્ જેમ જેમ આત્માની વીતરાગદેવોએ પ્રકાશેલા ધર્મમાં રૂચિ વધતી રહે, તેમતેમ દેવ–ગુરુ–ધર્મની ઓળખાણ વધે, સુગુરુ–કુગુરુના ભેદ સમજાય, આત્મા અને પુદ્ગલના ભેદ સમજાય, તો સમજવું કે, આત્મા મોક્ષની સામે ગમન કરી રહ્યો છે. કહ્યું છે કે

जा दव्वे होइ मई, अहवा तरुणीसु रूववंतीसु ।
सा जइ जिणवरधम्मे, करयलमज्झट्ठिआ सिद्धि

અર્થ—જગતના મનુષ્યોને જેટલો લક્ષ્મી પ્રત્યે મમતા ભાવ છે, અથવા રૂપવતી રામા માટે મહારાગ છે, તેથી કદાચ જરૂર જણાય તો લાખો પણ ખરચી નાખે છે. રાજામહારાજાઓ એક કન્યાના સ્વયંવરમાં, બસો–પાંચસો–હજાર રાજકુમારો પણ લાખો રૂપિયાનો ખર્ચ કરી આવે છે, પરણે માત્ર એક જ વરને, બીજા બધા નિરાશ થઇને પાછા જાય છે, લડાઇઓ પણ કરે છે. આવું આ જગતમાં લક્ષ્મી અને નારી માટે મનુષ્ય માત્રને ખૂબજ ધ્યાન છે, તાલાવેલી છે. આ વસ્તુ ન હોય તે બીચારા ગણાય છે. બેમાં એક હોય તોપણ તે દુખીઓ જ મનાય છે.

આવું જો આત્માને જિનેશ્વરદેવે પ્રરૂપેલા ધર્મમાં, તન્મયપણું પ્રકટ થઈ જાય તો હાથમાં મોક્ષ છે. અનંતાકાળથી અનંતીવાર મહાપુણ્યોદયથી દેવના અને મનુષ્યના જન્મો

મળ્યા, પણ કંચન અને કામિનીની પ્રાપ્તિ અને ભોગવટામાં બરબાદ કર્યા. અફસોસની વાત તો એ છે કે, હતભાગી જીવડાઓ આહાર મૈથુન અને પરિગ્રહની પ્રાપ્તિ અને મમતામાં પરવશ બની, આત્મા પોતાનેજ ભુલી=વિસારી મુકયો છે. પુણ્ય પાપનો વિચાર જ થતો નથી.

આહાર લક્ષ્મી અને નારીની પ્રાપ્તિ માટે, હવે પછીના હજારો ભવ ગીરો મુકાઈ જાય, ભૂતકાળની પુણ્ય સામગ્રીનું લીલામ થઈ જાય તો પણ, લગભગ જગતના (જૈનશાસન ભાવથી પામેલાઓને છોડીને) પ્રાણિમાત્રને ચિત્તમાં આઘાત થતો નથી, દુખ આવતું નથી, આવું આત્માનું વર્તન બદલાયા સીવાય, પ્રતિક્ષણ આત્માને યાદ લાવ્યા સીવાય, પુણ્ય-પાપના જમે ઉધાર વિચાર્યા સીવાય, મનમાં, વચનમાં અને વર્તનમાં, જગતના પ્રાણિમાત્રની રક્ષણ ભાવના પ્રકટયા સીવાય, આત્માને મોક્ષ કેમ નથી મળતો, આવી વાત પણ મુખને તસ્તી આપ્યા વગર પેટ ભરવા જેવી ગણાય.

પ્ર૦–કંચનકામિની પ્રત્યેનો અનન્ત કાળથી લાગેલો, ગળીના રંગ જેવો, રાગ મટાડવાનો પણ કોઈ ઉપાય તો હોવો જોઇએ ને ? જેમ અસાધ્ય રોગોને પણ નિર્મૂળ કરવાની પણ ઔષધી હોય છે ને ?

ઉ૦–"રોગ અસંખ્ય છે જિનકહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે !" આ વાકયો વાચકવર શ્રીમદ્ યશોવિજયગણિવરનાં છે. આત્મા જાગતો થાય, શ્રી વીતરાગદેવ–ગુરુ–ધર્મની ઓળખાણ પ્રકટે, આદર વધે, ઉપાસના વધે, તેને શાશ્વત નમસ્કારમહામંત્રનો જાપ, ધ્યાન, અપ્રતિમ ઔષધ છે.

આ જીવને ઓછામાં ઓછી એકાન્ત સ્થાનમાં હમેશ ૧૦૮ નવકારની એક **નવકારવાળી** ગણાય તો, ૨૫ વર્ષે નવલાખ પૂર્ણ થાય છે. ત્રણ **જપમાળા** ગણનાર, નવ વર્ષે નવલાખ નવકાર પુરા કરી શકે છે. દરરોજ **પાંચ ગણવાથી,** પાંચવર્ષે નવલાખ પુરા થાય છે. વળી દરરોજ **૧૦ ગણવાથી** અઢી વર્ષે નવલાખ સંપૂર્ણ થાય છે. અને કોઈ મહાભાગ્યશાળી હમેશ **પચીશ નકારવાળી** ગણે તો, એક વર્ષમાં નવલાખ નવકાર પુરા કરી શકે છે.

"નવલાખ ગણન્તાં નરક નિવારે" નવ લાખ નવકાર ગણનારને પશુગતિ અને નરકગતિમાં જવાનું બંધ થાય છે. જીવનું દુર્ભાગ્ય નામકર્મ નાશ પામે છે.

પ્ર૦—નમસ્કારમહામંત્રના જાપથી કુગતિમાં જવાનું બંધ થવામાં દલિલ શું ?

ઉ૦—उत्तमगुणानुराओ, निवसइ हिययम्मि जस्स पुरिसस्स।
आतित्थयरपयाओ, न दुल्लहा तस्स रिद्धिओ॥

અર્થ:—સમજણપૂર્વક ગુણ-દોષની (સુવર્ણ પિત્તળ ન્યાયથી) પરીક્ષા કરીને, જે મહાભાગ્યશાલિ આત્માના ચિત્તમાં (કૃષ્ણવાસુદેવ અને શ્રેણિકરાજાની માફક) ઉત્તમપુરુષોના ગુણોનો અનુરાગ અતિપ્રમાણ પ્રગટથયોહોય=વસીગયો હોય, તેવા આત્માઓને, તીર્થંકરપણા જેવી પદવીપણ દુર્લભનથી.

ઉપરના વર્ણનથી સમજી શકાય છે કે, ઉત્તમપુરુષના ગુણનો રાગ પણ જીવને, ઉંચામાં ઉંચા સ્થાન ઉપર બેસારી શકેછે, તોપછી જગતના સર્વશ્રેષ્ઠ ગુણિપુરુષોના પણ પૂજ્યસ્થાન ઉપર બીરાજેલા, પંચપરમેષ્ઠિભગવન્તોના નામનો, જાપ

અને ધ્યાન આત્માને ઉંચ્ચા સ્થાનમાં લઈ જાય એમાં નવાઈશું ?

પ્ર૦—પંચપરમેષ્ઠિભગવન્તો સીવાય, આજગતના હુન્નરો પન્થમાં પણ થયેલા સાધુસન્તો, મહાત્માઓ, બ્રહ્મચારીઓ, ગુણના=જ્ઞાનના ભંડાર મહાપુરુષો પણ મહાગુણી કહેવાયને ?

ઉ૦—જેમનાં આઠે કર્મ ક્ષય થઈ ગયાં હોય, જેઓ બધા દોષોથી મુક્ત હોય, સર્વગુણો પામેલા હોય, તેવા તમામ સન્તો, સિદ્ધભગવન્તોમાં આવી જ ગયા છે. જેમકે રામચન્દ્રજી-મહારાજ, હનુમાનજી, આબધાઓને **નમો સિદ્ધાણં** પદથી બારેમાસ, દરરોજ, પ્રતિક્ષણ, નમસ્કાર કરીએછીયે, **તથા** જેમનામાં **અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય** અને **અસંગભાવ** સંપૂર્ણપણે પ્રકટ થયાં હોય, તે સર્વને **નમો લોએ સવ્વસાહૂણં** પદવડે ચોક્કસ નમસ્કાર થાય છે જ.

ટુંકાણમાં કહેવાનું એ જ કે, પંચપરમેષ્ઠિભગવન્તોમાં વર્ણન કરાયેલા ગુણોવાળા, મહાપુરુષ ગમે તે વેશમાં હોય તોપણ, આપણો નમસ્કાર થાય છે જ, એટલે પંચપરમેષ્ઠિ-ભગવન્તોને સમજીને, વિચારીને, સાવધાનપણે આરાધન કરનાર મનુષ્યને, ગુણપામેલ એકપણ ગુણી આત્મા, આરાધન ભૂમિકાથી બહાર રહી જતો નથી.

પ્ર૦—ગુણીના ગુણનો રાગ થાય તો, રાગ કરનાર આત્મા પણ ગુણી બને છે, એ બરાબર સમજવા ઈચ્છા છે. સમજાવો.

ઉ૦—જીવને=મનુષ્યને કોઈ પણ વસ્તુ સારી જણાય તો, તે વસ્તુ વસાવવા ઇચ્છા થાય છે, પછી પ્રયત્ન પણ કરે છે, પુણ્યની અનુકુલતા થઈ જાય તો ઘરમાં પણ લાવે છે, વસાવે છે. તેમ ગુણોપણ શરૂઆતમાં અનુમોદના કરાવેછે,

પછી પાસે વસાવે છે, પછી પોતાના જેવો બનાવે છે. જેમ આચાર્ય અને ભવ્યજીવ=પ્રારમ્ભનો સામાન્ય જીવ પણ ભવિષ્યમાં મહાન્ આચાર્ય થાય છે, છેવટે નયસાર અને મરુભૂતિની પેઠે, તીર્થંકરપરમાત્મા પણ થયાના સાક્ષાત્ દાખલા નજર સામેજ દેખાય છે.

"સોબત તેવી અસર." ત્રણ મુસાફરો જતા હતા. રસ્તામાં ત્રણ ગાડાં મળ્યાં. એક ગાડામાં દ્રાક્ષ, શેરડી, આંબા, ચંદન, કપુર, અત્તર ભરેલાં હતાં. તેમાં બેસવાની ઇચ્છાવાળા મુસાફરે ગાડીવાળાએ માંગ્યું ભાડું આપી તેમાં સ્થાન લીધું. બીજી ગાડીમાં, બાવળીયા, બેજડા, આકડા, બોરડી ભરેલી હતી. તેમાં તદ્દન ઓછું ભાડું આપી બીજાએ તેમાં સ્થાન લીધું. ત્રીજી ગાડીમાં કોલસા અને સર્પ, વિચ્છિના કરંડીયા ભરેલા હતા. તેમાં મફત બેસવાનું હતું, ત્રીજો તેમાં બેસી ગયો.

પહેલી ગાડીમાં ભાડું ઘણું હતું, પરન્તુ બધી વસ્તુ ચિત્તની પ્રસન્નતા વધારનારી હતી. બીજી ગાડીમાં લાભ વગરની વસ્તુ ભરેલી હતી. તેમાં લાભ થવાની આશા હતી જ નહિ, બેદરકારને થોડું ઘણું પણ નુકસાન થવાની આગાહી ગણાય.

અને ત્રીજી ગાડી મહાજોખમી હતી. બેસવાની સાથે જ લુગડાં અને શરીર બન્નેને કાળાં કરી નાખ્યાં. મુસાફર બેદરકાર હોય, અથવા કરંડીઓ ઉઘડીજાય, અને વિચ્છિકરડેતો એકબેદિવસ ચોક્કસ રોવુંપડે, અને સર્પકરડેતો, આયુષની સમાપ્તિ પણ થઈ જાય. આજ પ્રમાણે ગુણીની, નિર્ગુણીની અને અનાચારીની સોબતનાં પણ ફળ મળે છે. એમ સમજવું.

પ્ર૦—આ જગતના બીજાબીજા દર્શનકારોએ સ્વીકારેલા= માન્યકરેલા પ્રભુ–ઈશ્વર, ભગવાન, શંકર, વિષ્ણુ, બ્રહ્મા, બુદ્ધ

વિગેરે કહેવાય છે. તેમને આપણો નમસ્કાર થાય છે કે નહિ.

ઉ૦—આ જગતમાં પ્રાણિમાત્રમાં અહુા જમાવીને રહેલા, અનન્તાકાળથી ચારગતિમાં ભટકાવનારા, રાગ–દ્વેષ અને અજ્ઞાનતા ત્રણ મોટા દોષો છે. આત્રણેદોષો જે મહાપુરુષમાંથી નિર્મૂલ નાશ થઇ ગયા હોય. તથા જેમના જ્ઞાનમાં લોકાલોકના, ત્રણેકાળના સર્વભાવો, દર્પણની પેઠે પ્રતિબિમ્બિત થયા હોય, તથા જે મહાપુરુષોના આત્મામાંથી જન્મ, રોગ, શોક, વિયોગ, સંયોગ અને મરણ, નિર્મૂલ નાબુદ થયાં હોય, તે સર્વને આપણો નમસ્કાર થાય છે જ. કારણ કે આવા ગુણોવાળા આત્મા જ અરિહન્તભગવન્તો અને સિદ્ધભગવન્તો કહેવાય છે. એટલે જગતના સાચા ગુણી બધા આત્માઓનો, પંચમહાપરમેષ્ઠિમાં ચોક્કસ સમાવેશ થાય છે જ.

પ્ર૦—આજકાલ કેટલાક પોતાને વધારે પડતા હુંશિયાર સમજનારા મહાનુભાવોનું એમ કહેવું છે કે, કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિ મહારાજતો બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, બુદ્ધ, મહાવીર બધાને સરખા જ માનતા હતા, અને બધાને અભેદભાવે નમસ્કાર કરતા હતા. જુઓ તેમની સ્તુતિ.

'બ્રહ્મા વા વિષ્ણુર્વા હરો જિનો વા નમઃ તસ્મૈ''

ઉ૮—આ, સ્તુતિનું ઉત્તરાર્દ્ધ છે. બેપાદ પૂરાં લખીને વાંચશો તો **આવી, અવળી, સમજણથી બચી શકાશે.** અધુરૂં લખનારા, અને સમજાવનારા, સન્માર્ગના શત્રુ જેવું કામ કરનારા ગણાય છે. વાંચો આખો શ્લોક—

यस्य निखिलाश्च दोषा न सन्ति, सर्वे गुणाश्च विद्यन्ते
ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥१॥

અર્થ–જેનામાંથી બધાજ દોષો ક્ષય પામી ગયા હોય, (સૂર્યના ઉદય વખતે અન્ધકાર નાશ પામે છે તેમ,) તથા જે મહાપુરુષોમાં બધાજ ગુણો પ્રકટ થયા હોય (સૂર્યના ઉદય થવાથી પ્રકાશ અને કમળનાં વનો ખીલે છે તેમ,) એ બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, મહાદેવ હોય, બુદ્ધ હોય કે જિન હોય, તેમને મારો નમસ્કાર થાઓ.

આ વાત તો આપણે ઉપર બતાવી ગયા છીએ, તેવીજ છે. બાકી કલિકાલસર્વજ્ઞ ભગવાનને નામે અથવા હરિભદ્રસૂરિ મહારાજના નામે કે ઉપાધ્યાયજી મહારાજના નામે કોઈ ગમેતેમ બોલી નાખે, એ ભાઇઓને અમારી વિનંતિ છે કે, તેમહાપુરુષના **વીતરાગસ્તોત્ર, અન્યયોગવ્યવચ્છેદિકા** અને **અયોગવ્યવચ્છેદિકા** વિગેરે ગ્રન્થો વાંચવા તસ્તી લે ?

એટલે સર્વદોષના અભાવવાળા અને સર્વગુણ સમ્પૂર્ણપણે પામેલા, એવા જે હોય, તે બધા **પંચમહાપરમેષ્ઠિ ભગવન્તોમાં** અવશ્યમેવ અન્તર્ભાવ પામે છે. તેથી સર્વગુણોની અને ગુણરત્નના ઝવેરીઓની ખાણ જેવા, નમસ્કારમહામંત્રને જે આત્મા પામે છે, પામ્યો હોય, પામવા આદર બહુમાન પ્રકટ થયું હોય, તેવા આત્માઓ હવે પછી સંસારમાં પણ દુઃખ વગરના સુખસ્વાદને ભોગવીને, બહુ અલ્પકાળમાં સંસારનાં સર્વ દુઃખોને તિલાંજલિ આપીને, વળી, બીજાપણ સેંકડો, હજારો, લાખો, કોડો, અબજો ભવ્યજીવોને, શ્રીચન્દ્રરાજર્ષિ, જયાનન્દરાજર્ષિ, શ્રીપાલમહારાજા વિગેરેની પેઠે શ્રીવીતરાગશાસનનો સ્વાદ ચખાડીને, મહાનન્દસુખની સગવડોથી ભરેલા મોક્ષનગરમાં જઇને, સાદીઅનન્તભાંગે વસનારા થશે. અન્તમાં

ત્રણ વસ્તુને નમસ્કાર કરી, મારૂં વક્તવ્યું પુરૂં કરૂં છું.

અઢીદ્વીપમાં, પન્નર ક્ષેત્રોમાં, એકસોસિત્તેર વિજયોમાં, અનન્તાનન્તકાળથી અવિચ્છિન્ન ભાવે ચાલી રહેલું, અનન્તાનન્ત પ્રમાણવાળું **શ્રીવીતરાગદેવોનું શાસન**, તેને મારા મનથી વચનથી અને કાયાથી હજારોવાર, લાખો, ક્રોડો, અબજોવાર નમસ્કારથાઓ.

વળી ઉપરોક્ત અનન્તાનન્ત શ્રીવીતરાગશાસનમાં **પંચમહાપરમેષ્ઠિભગવન્તો** પણ અનન્તાનન્ત થયા છે, તે પ્રત્યેક અરિહન્તદેવોને, સિદ્ધભગવન્તોને, સૂરિભગવન્તોને, વાચકભગવન્તોને, અને મહામુનિરાજોને મારા હજારો, લાખો, ક્રોડો, અબજોવાર નમસ્કારથાઓ.

તથા તેજ અનન્તાનન્ત શ્રીવીતરાગશાસનમાં થએલા, ઉપર વર્ણન કરએલા પંચપરમેષ્ઠિભગવન્તોની, સર્વક્ષેત્રમાં થએલી, ભૂત અને વર્તમાનકાળની, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપમય સર્વ અનન્તાનન્ત આરાધનાઓને પણ મારા હજારો, લાખો, ક્રોડો, અબજોવાર નમસ્કાર થાઓ. ઇતિ.

અંતિમ પ્રાર્થના—આ સમ્પૂર્ણ ગ્રન્થમાં, ૧લાપૃષ્ઠથી છેલ્લાપૃષ્ઠસુધીના લખાણમાં, જેટલું સારૂં હોય, તેટલું શ્રીતીર્થંકરદેવો ગણધરદેવો અને સૂરિભગવન્તોના ગ્રન્થોનું છે એમ સમજવું, અને જેટલું આજ્ઞાવિરૂદ્ધ હોય, રસવગરનું હોય, પ્રસંગ વગરનું હોય, અસમંજસ હોય, ન ગમે તેવું હોય તે બધું આ લેખકની અનાવડતનું પરિણામ સમજવું.

પુસ્તકની રચના કરવી તે ઘણા વિદ્વાન અને મોટા અનુભવી પુરુષોનું કાર્ય છે. છતાં આ પંચપરમેષ્ઠિભગવન્તોના

ગુણોનું વર્ણન કરવાનું સાહસ કર્યું છે. પરન્તુ માર્ગનો અજાણુ વધારે સાવધાન રહે એ ન્યાયે, લેખકે પણ ઘણી સાવધાનતા રાખી છે, છતાં છદ્મસ્થ દશા જ ભૂલોની ખાણ ગણાય છે, મોટા વિદ્વાનોને પણ ભૂલ કરાવી નાખે છે, તોપછી મારા જેવા અતિ અલ્પજ્ઞની ભૂલો થાય એ કાંઈ આશ્ચર્ય ગણાય નહી.

મને પહેલેથી સ્મરણ શક્તિ ઘણી ઓછી હોવાથી, જ્યાં જ્યાં તાત્ત્વિક વસ્તુ ઉપયોગી જણાઈ હોય, ત્યારે ત્યારે લખી લેવાની પડેલી ટેવના પરિણામે, આટલો સંગ્રહ-લખી શકાયો છે. બીજી વાત મહાપુરુષો ફરમાવી ગયા છે કે "शुभे सदा यतनीयम्" અને શ્રીવીતરાગની વાણીના સ્વાધ્યાય જેવું, રટન કરવા યોગ્ય, વિચારવા યોગ્ય, નિદિધ્યાસન કરવા યોગ્ય, ત્રણલોકમાં બીજી કોઈ વસ્તુ જ નથી. આવી જ વાતો ધ્યાનમાં રાખી, મેં મારા વીતરાગવાણીના પરિશીલન માટે જ આટલો નાનો-સકડો પ્રયાસ કર્યો છે. છેવટે—

चिरसंचियपावपणासणीइ, भवसयसहस्समहणीए ।
चउव्वीसजिणविणिग्गयकहाइ, वोलंतु मे दिअहा ॥१॥

અર્થ—અન્તાકાળથી એકઠાં થયેલાં પાપોને ક્ષણવારમાં નાશ કરનારી, અને લાખો ભવ ભ્રમણોને નિવારનારી, ચોવીશ જિનેશ્વરદેવોના મુખથી વિસ્તાર પામેલી, ધર્મકથાઓ વડે જ મારા દિવસો સફળથાઓ, ઉપલક્ષણથી વર્ષો, મહિનાઓ, ક્ષણો અને મીનિટો બધો જ મનુષ્યાયુનો સમય, શ્રીવીતરાગદેવોનાં વચનો વાંચવા, વિચારવા, લખવા, સાંભળવામાં પૂર્ણ થાય, એવી ભાવના સાથે મારા લખાણમાં કોઈપણ નાની મોટી ક્ષતિઓ રહી જવા પામી હોય તે સર્વનો શ્રીસર્વજ્ઞભગવન્તોની સાક્ષીએ

મિચ્છામિદુક્કડમ્ ભાગું છું.

શિવમસ્તુ સર્વજગતઃ, પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ।
દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખી ભવન્તુ લોકાઃ ॥
સર્વમંગલમાંગલ્યં, સર્વકલ્યાણકારણં।
પ્રધાનં સર્વધર્માણં, જૈનં જયતિ શાસનમ્ ॥૧॥

વીર સંવત ૨૪૯૦
વિ૦ સંવત ૨૦૨૦
ક્રા૬૯૮ ૨૦-૨-૬૪
મહા સુદી ૬ સોમવાર

મહાડ (વેષ્ટ) આનંદરોડ
સંઘવી દેવકરણ મુલજી
જૈનદેરાસર ચાલ
મુંબઈ નં ૬૪

લી. પંન્યાસ ચરણવિજયગણી



ॐ अर्हं

नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः ॥
सर्वलब्धिनिधानाय, गौतमस्वामिने नमः ॥

शासनपति श्री वीरना, चरणे करी प्रणाम ।
सर्वजिनेश्वरदेवना हृदयधरी शुभ नाम ॥ १ ॥
केवलधर ने गणधरा, सूरि वाचक मुनिराज ।
नमस्कार सहुने करी, आदरशुं शुभ काज ॥ २ ॥
समरी शारद मातने, "विजयभद्र सूरिराय" ।
नमस्कार महामंत्रनो, भणशुं महा महिमाय ॥ ३ ॥

આ પૃથ્વી ઉપર ધર્મના શાસક પુરુષો ઘણા થયા છે. ધર્મ સમજાવનાર પુસ્તકો પણ ઘણાં જ દેખાય છે. ધર્મના પ્રકાર પણ અનેક છે. તેજ પ્રમાણે ધર્મની આમ્નાયો–મર્યાદાઓ અનુસાર મંત્રવિધાનો પણ પુષ્કળ જોવાય છે.

આ બધાઓનું સૂક્ષ્મબુદ્ધિથી મનન–ચિંતવન થાય તો જરૂર તટસ્થબુદ્ધિ ઉત્પન્ન થાય. જો તટસ્થબુદ્ધિ પ્રકટ થાય તો સારાસારનું જ્ઞાન પણ થાય. સારાસારનું જ્ઞાન થાય તો પૂર્વગ્રહો પલાયન થવા માંડે. પૂર્વગ્રહો જાય કે તુરત જ ગુણાનુરાગ શરૂ થાય. ગુણાનુરાગ આવે એટલે જગતના ગુણિપુરુષોની–સંતપુરુષોની ઓળખાણ થાય, સંતપુરુષોની ઓળખાણ એટલે પંચમહાપરમેષ્ઠિની જ ઓળખાણ. કારણ કે ગુણિઆત્મા તેજ સંતપુરુષ. પંચપરમેષ્ઠિમહાપુરુષો સમાનજગતમાં કોઈ ગુણી હોઈ શકે જ નહિ. એવા સંતપુરુષોને નમસ્કાર તેજ ગુણપ્રાપ્તિનો અદ્વિતીય માર્ગ છે. આ રીતે પંચમહાપરમેષ્ઠિનું

ચિંતવન, ધ્યાન, નિદિધ્યાસન, અને નમસ્કાર આ બધું આલોક–પરલોકને એકાન્ત હિતકારક હોવાથી વધારેમાં વધારે પંચમહાપરમેષ્ઠિને ઓળખવાનો પ્રયાસ કરવો જોઈએ.

નમસ્કારમહામંત્રશાસ્ત્ર તે જ પંચમહાપરમેષ્ઠિનું સ્વરુપ-શાસ્ત્ર છે. નમસ્કારમહામંત્રશાસ્ત્ર જાણવામાં આવે તો આ જગતની એકાન્તહિતકારિણી સુદેવ-સુગુરુ-સુધર્મની ત્રિપુટી બરાબર ઓળખાય. દેવગુરુધર્મની ઓળખાણ તેજ આત્માના સર્વગુણોને ઓળખવાનું અજોડ કારણ છે.

જો ગુણોની ઓળખાણ શરૂ થઈ જાય તો આત્મામાં અનંતાકાલથી અડ્ડો જમાવીને બેઠેલા, આત્માને ભાનભુલો બનાવનારા, આત્માને કુગતિઓમાં લઈ જઈને માર બરાવ-નારા, આત્માના કટ્ટર દુશ્મનો, જે મહા અવગુણો એટલે દોષો છે તેની ઓળખાણ થઈ જાય.

રોગો અને રોગોનું નિદાન સમજાય તો અપથ્ય પણ જરૂર સમજાય. પછી અપથ્યત્યાગની ભાવના જાગે તેમાં આશ્ચર્ય શું? તે જ પ્રમાણે દોષની ઓળખાણ સાથે જ દોષ-ત્યાગની બુદ્ધિ શરૂ થઈ જાય છે. અને ક્રમે કરીને સંપૂર્ણતઃ દોષો ચાલ્યા જાય છે. દોષો જવાની સાથે જ પરમાનંદપ્રાપ્તિ થઈ જાય છે. પરમાનંદપ્રાપ્તિ તેજ મોક્ષ છે.

માટે અનંતર સ્વર્ગાદિ અને પરંપર મોક્ષપ્રાપ્તિનું અસાધારણ કારણ નમસ્કાર મહામંત્રને જાણીને તેને સમજવો અને આદરવો; તે દરેકે દરેક બુદ્ધિમાન પુરુષોનું પરમ કર્તવ્ય છે.

આ નમસ્કારમહામંત્ર અનાદિમંત્ર છે. અનંતા

આત્માઓએ આરાધેલો છે. અતિ પામર, અતિ અજ્ઞાન, અને અતિ પાપી આત્માઓને પણ આ નમસ્કારમહામંત્રના આરાધનથી તત્કાળ મહાન્ ફલની પ્રાપ્તિ થઈ છે, આ મંત્રાધિરાજના આરાધનથી પશુઓને પણ મનુષ્યત્વ અને દેવત્વ પ્રાપ્ત થયું છે માટે જ આ પંચ પરમેષ્ઠિમહામંત્ર આવા કલિકાલમાં પણ પ્રત્યક્ષ સિદ્ધમંત્ર છે.

આ નમસ્કારમહામંત્ર ફક્ત શ્રદ્ધાગમ્ય જ નથી પરંતુ ઇતિહાસથી અને યુક્તિઓથી પણ સમજી શકાય તેમ છે. આ મંત્રાધિરાજનો પ્રભાવ જેમ ઇતિહાસથી સમજાય તેવો છે તેમ યુક્તિથી પણ સમજી શકાય તેમ છે. માટે શ્રીનમસ્કાર-મહામંત્રની ઇતિહાસ અને યુક્તિથી સંગતિ જાણવા ઇચ્છતા તટસ્થ બુદ્ધિમાન પુરુષોએ આ ગ્રન્થ સંપૂર્ણપણે જરૂર વાંચવો અને વિચારવો જોઈએ.

★

શ્રીનમસ્કારમહામંત્ર

नमो अरिहंताणं ॥ नमो सिद्धाणं ॥ नमो आयरियाणं ॥ नमो उवज्झायाणं ॥ नमो लोए सव्वसाहूणं ॥ एसो पंचनमुक्कारो ॥ सव्वपावप्पणासणो ॥ मंगलाणं च सव्वेसिं ॥ पढमं हवइ मंगलं ॥

ઇતિ–નવપદ. આઠ સંપદા. અડસઠ અક્ષર. તેમાં ગુરુઅક્ષર સાત. લઘુઅક્ષર એકસઠ ॥

નવેપદોનો અર્થ

नमो अरिहंताण = (સર્વક્ષેત્રના, સર્વકાલના) અરિહંત ભગવંતોને (મારા) નમસ્કાર થાઓ.

અરિ એટલે રાગ-દ્વેષ અને અજ્ઞાનતા વિગેરે અભ્યંતર શત્રુઓ **હંત** એટલે તે શત્રુઓનો નાશ કરનારા તેઓને (મારો) નમસ્કાર થાઓ.

નમો સિદ્ધાણં = અનંતાકાલથી (મિથ્યાત્વ-અવિરતિ-કષાય-અને યોગના સહકારથી) બાંધેલા આઠ પ્રકારનાં કર્મોનો સમુદાય બાળીને ભસ્મ કર્યો છે જેણે એવા (સર્વક્ષેત્રના અને સર્વકાલના) સિદ્ધ ભગવંતોને (મારો) નમસ્કાર થાઓ.

નમો આયરિયાણં = (જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રાચાર-તપાચાર-વીર્યાચાર) પાંચ આચારો જાણે આદરે અને પાળે તેવા સર્વક્ષેત્ર અને સર્વકાલના આચાર્ય ભગવંતોને (મારો) નમસ્કાર થાઓ.

નમો ઉવજ્ઝાયાણં = જેમની પાસે હંમેશાં પ્રત્યેક ક્ષણે જૈનાગમોનો અધ્યાય ચાલુ જ રહેતો હોય (વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, અને ધર્મકથા રૂપ) પાંચ પ્રકારે સ્વાધ્યાય જેઓ કરતા રહેતા હોય તેવા સર્વક્ષેત્રના અને સર્વકાળના ઉપાધ્યાય ભગવંતોને (મારો) નમસ્કાર થાઓ.

નમો લોએ સવ્વસાહૂણં = જેઓ રત્નત્રયીની આરાધનામાં જ સાવધાન રહેતા હોય, જેઓ આઠે યામ આઠ પ્રવચનમાતા મય જીવન જીવતા હોય; અને સ્વપરના આત્માનું કલ્યાણ સાધતા હોય, તેવા સર્વક્ષેત્રના અને સર્વકાલના સર્વસાધુઓને (મારો) નમસ્કાર થાઓ.

એસો પંચનમુક્કારો સવ્વપાવપ્પણાસણો = આ પાંચમહા-પરમેષ્ઠિ ભગવંતોને કરાએલો નમસ્કાર અનંતાકાળથી અત્યાર સુધી જીવે કરેલાં સર્વ પાપનો નાશ કરી નાંખે છે.

मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं = અને એ પાંચ-મહાપરમેષ્ઠિભગવંતોને કરાએલો નમસ્કાર જ આખા જગતના સર્વમંગલિકોમાં પ્રથમ નંબરનું મહામંગલિક છે. કદાચ જગતના બીજા માંગલિકો વ્યર્થ પણ નિવડે પરંતુ પાંચ-મહાપરમેષ્ઠિ ભગવંતોને કરાએલો નમસ્કાર કયારે પણ અફલ થતો નથી.

આ પાંચ પરમેષ્ઠિભગવંતોનો વિસ્તૃત અર્થ આગળ બતાવવાનો હોઈ અહીં નમસ્કાર મહામંત્રની સર્વદેશકાલીનતાદિ બતાવાય છે.

એક જ ભરતક્ષેત્રમાં નહિ પરંતુ પાંચ ભરતક્ષેત્ર અને પાંચ ઐરવતક્ષેત્રમાં પણ નમસ્કાર મહામંત્ર આરાધાય છે.

एरवएहिं पंचहिं, पंचहिं भरहेहिं संपढिज्जइ ।
अईय-अणागयकाले, एसो चिअ जिणनमुक्कारो ॥ १ ॥

અર્થ-પાંચ ભરતક્ષેત્રમાં (જંબૂદ્વીપમાં મેરુ પર્વતની તદ્દન દક્ષિણ દિશામાં એક ભરતક્ષેત્ર છે, એવા ધાતકીખંડમાં બે ભરતક્ષેત્રો છે અને પુષ્કરવર નામના અર્દ્ધદ્વીપમાં પણ બે ભરતક્ષેત્ર છે.) તેજ પ્રમાણે પાંચ ઐરવતક્ષેત્રમાં (આ જંબૂદ્વીપમાં મેરુપર્વતની તદ્દન ઉત્તરે એક ઐરવત ક્ષેત્ર છે તેમજ ધાતકી ખંડમાં બે ઐરવતક્ષેત્ર છે અને પુષ્કરવર નામના અર્દ્ધદ્વીપમાં પણ બે ઐરવત ક્ષેત્ર છે.) આજ ઉપરોક્ત ૬૮ અક્ષરાત્મક નમસ્કાર મહામંત્ર સદા ભણાયં છે, ગણાય છે અને આરાધાય છે.

પાંચમહાવિદેહક્ષેત્રની ૧૬૦ વિજયોમાં પણ આ જ નમસ્કાર મહામંત્ર પ્રવર્તે છે.

सट्ठिसयं विजयाणं, पवराणं जत्थणाइजिणधम्मो ।
सासयकालो वट्टइ, तत्थवि इमो चेव नमुक्कारो ॥ २ ॥

અર્થ–આ જંબૂદ્વીપમાં મેરુપર્વતની પૂર્વપશ્ચિમની દિશામાં મહાવિદેહ ક્ષેત્ર છે. તેના મધ્યમાં મોટા મોટા પહાડો અને નદીઓ પડેલી હોવાથી એક ક્ષેત્રના ૩૨ વિભાગો પડેલા છે. તેનું પૂર્વ પુરુષોએ વિજય એવું નામ આપ્યું છે. ભરત ઐરવત ક્ષેત્રોની માફક મહાવિદેહ ક્ષેત્રો પણ પાંચ હોવાથી વિજયો ૩૨×૫=૧૬૦ થાય છે. મહાવિદેહ ક્ષેત્રમાં કાલસ્વભાવજ એવો હોવાથી ત્યાં સદાકાલ ધર્મ પ્રવર્તમાન રહે છે. ત્યાં પણ આ ૬૮ અક્ષરાત્મક પંચપરમેષ્ઠિનમસ્કાર-મહામંત્ર પ્રવર્તે છે.

નમસ્કારમહામંત્ર જે દિવસે ગણાય તે દિવસે ફલ પ્રાપ્તિ થાય છે.

जम्मि वासरे पढिज्जइ, जेणिह जीयस्स होइ फलसिद्धि।

અર્થ–કોઇપણ ભાગ્યશાળી આત્મા જે દિવસે **નમસ્કારમહામંત્રનું** એકાગ્રચિત્તથી ધ્યાન કરે છે તે દિવસે તેને જરૂર ફલની પ્રાપ્તિ થાય.

अवसाणेवि पढिज्जइ, जेण मओ सुग्गइं जाइ ॥ ३ ॥

અર્થ–છેલ્લી વયમાં અર્થાત્ અવસાન (મરણ) સમયે **નમસ્કારમહામંત્રનું** પોતાની મેળે ધ્યાન કરે, અથવા અન્યનો સંભળાવેલ બહુ સાવધાન થઈ ને સાંભળે તે આત્મા અવશ્ય સુગતિ પામે છે.

आवईहिंपि पढिज्जइ, जेण य लंघेइ आवयसयाइं।

અર્થ–કોઇપણ આત્મા મહાન્ આપત્તિઓમાં ફસાયો હોય ત્યારે જો આ **નમસ્કારમહામંત્રનું** સ્મરણ કરે તો તે

આપત્તિઓમાંથી છુટો થઇ જાય છે. અર્થાત્ તેની આપત્તિઓ નાશ પામે છે.

રિદ્ધિહિંપિ પઢિજ્જઇ, જેણ ય સા હોઇ વિત્થિણ્ણા ॥ ૪ ॥

અર્થ–અને જો રિદ્ધિસંપન્ન દશામાં=સુખમાં **નમસ્કાર**-મહામંત્રનો જાપ કરે તો રિદ્ધિઓ વિસ્તાર પામે છે અને સ્થિર થાય છે.

જહ અહિણા દટ્ઠાણં, ગારુડમંતો વિસં પણાસેઇ ।
તહ નવકારો મંતો, પાવવિસં નાસેઇ અસેસં ॥ ૫ ॥

અર્થ–જેમ કોઈને સર્પ દંસ થયો હોય અને ગારુડ મંત્ર ભણવામાં આવે તો સર્પનું ઝેર ઉતરી જાય છે તેજ પ્રમાણે ચિત્તની એકાગ્રતાથી જપાએલો **નમસ્કારમહામંત્ર** પણ પાપ વિષને મૂલમાંથી નાશ કરી નાખે છે.

નમસ્કાર મહામંત્રનો પ્રભાવ

કિં એસ કામકુમ્ભો, ? કિંવા ચિંતામણી હુય નવકારો ?
કિં કપ્પતરુ એસો, ? ન હુ ન હુ તાણપિ અહિયયરો ॥ ૬ ॥

કામઘડો દેવમણી, સુરરુક્ખો એગજમ્મસુહહેઉ ।
નવકારો પુણ પવરો, સગ્ગપવગ્ગાણ દાયારો ॥ ૭ ॥

બે ગાથાનો સાથે **અર્થ**–(આ **નમસ્કારમહામંત્રને** જગતની ઉંચામાં ઉંચી વસ્તુ સાથે સરખાવે છે.) શું ? આ **નમસ્કારમહામંત્ર** તે સાક્ષાત્ કામઘટ છે ? અથવા ચિન્તામણિ રત્ન છે ? અથવા શું ? કલ્પવૃક્ષ પોતે જ અક્ષર-સ્વરૂપ બની ગયો છે ? (પૂર્વાચાર્યો જવાબ આપે છે) ના, ભાઈ ના, આતો ઉપરની બધી દેવતાઈ વસ્તુઓ કરતાં પણ અધિકતર અને અધિકતમ એવો સપ્રભાવ **નમસ્કારમહામંત્ર** છે, કારણકે

કામકુંભાદિ વસ્તુઓ ફક્ત એક જ જન્મનું સુખ આપી શકે છે જ્યારે નમસ્કારમહામંત્ર તો સ્વર્ગ અને અપવર્ગ=મોક્ષ પણ આપી દે છે. અને ઉપલક્ષણથી મનુષ્યગતિમાં પણ પ્રતિબંધકતા વગરનાં સુખ આપે છે.

આઠે પ્રકારના જ્ઞાનાચાર પૂર્વક નમસ્કારમહામંત્ર આત્મામાં ક્યારે આવે છે તે બતાવે છે.

सत्तरिकोडाकोडी, सायरमाणे इमंमिमोहणीए ।
कोडाकोडीसेसे नवकारो मुहज्जिओ होइ ॥ ८ ॥

અર્થ—ઘણું કરીને જગતના જીવો મોહનીયાદિ સાત કર્મોની ૭૦-૩૦-૨૦ કોટાકોટી સાગરોપમની સ્થિતિવાલા હોય છે. તેમાંથી આયુ સિવાયનાં ઉપરના સાત કર્મો હલકાં થઈ જાય. અર્થાત્ તેમાંથી ૬૯-૨૯-૧૯ કોટાકોટી ખપી જાય-નાશ થઈ જાય અને એક કોટાકોટીમાં પણ કાંઈક ન્યૂન કર્મ બાકી રહે અને જીવ હલુકર્મી થાય ત્યારેજ આત્મામાં વિવેક-સમજણ આદર અને વિચાર પૂર્વક નમસ્કારમહામંત્ર પ્રવેશ કરે છે. અર્થાત્ આત્માને ત્યારે જ નમસ્કારમહામંત્ર ઉપર બહુમાન થાય છે.

पणव-हरिया-रिहा (ओँ ह्रीँ अर्हं), इह मंतह बीयाणि सप्पहावाणि।
सव्वेसिं तेसिं मूलं, इक्को नवकारवरमंतो ॥ ९ ॥

અર્થ—આ શ્રીજૈનશાસનને વિષે ઓંકાર-હ્રીંકાર-અર્હં વિગેરે પ્રભાવવાળાં ઘણાં મંત્રબીજો વિદ્યમાન છે. આ બધાં મંત્રોનું મૂલ=આદિકારણ અથવા ઉત્પત્તિકારણ નમસ્કાર-મહામંત્ર જ છે.

जो गुणइ तित्थिलक्खं, पूएइ विहीइ जिणनमुक्कारं ।
तित्थयरनामगुत्तं, सो बंधइ नत्थि संदेहो ॥ १० ॥

અર્થ–જે ભાગ્યશાળી જીવ મન વચન અને કાયાની એકાગ્રતાથી નમસ્કાર મહામંત્રનો (પૂજા સત્કાર અને સન્માન પૂર્વક) પંદરલાખ જાપ કરે છે તે આત્મા જિન નામકર્મનો બંધ કરે છે. એમાં સંદેહ નથી.

अट्ठेवय अट्ठसया, अट्ठसहस्सं च अट्ठकोडिओ।
जो गुणइ भत्तिजुत्तो, सो तइयभवे लहइ सिद्धिं ॥ ११ ॥

અર્થ–સંપૂર્ણ ભક્તિવાલો એવો ભાગ્યશાલી જે જીવ નમસ્કારમહામંત્રનો આઠકોડ આઠહજાર આઠસો ને આઠ વાર એકાગ્રચિત્તે જાપ કરે છે, તે આત્મા ત્રીજાભવે મોક્ષ મેળવે છે.

करआवत्तिहिं जो, पंचमंगलं साहुपडिमसंखाए।
नववारा आवत्तइ, छलंति नो तं पिसायाई ॥ १२ ॥

અર્થ–જે આત્મા ચિત્તની એકાગ્રતાપૂર્વક હસ્તાંગુલીના આવર્તોવડે નમસ્કારમહામંત્રનો બાર નવાં એકસોને આઠ વખત જાપ કરે છે તેને ભૂત–પ્રેત–પિશાચાદિ છળી શકતાં નથી.

थंभेइ जलं जलणं, चिंतियमित्तो वि पंचनमुक्कारो।
अरि-मारि-चोर-राउल-घोरुवसग्गं पणासेइ ॥ १३ ॥

અર્થ–જ્યારે કોઈવાર જલપ્રવાહનો અથવા અગ્નિદાહનો ભયંકર ઉપદ્રવ આવી પડે, તેજ પ્રમાણે શત્રુનો, મરકીનો, ચોરનો, રાજાનો અને એવા બીજા પણ કોઈ ઘોર ઉપસર્ગો આવી પડે ત્યારે એકાગ્રચિત્તથી પરમેષ્ઠિમહામંત્રનો જાપ કરવાથી સર્વ ઉપદ્રવો અને ઉપસર્ગો શાન્ત થઈ જાય છે.

हिययगुहाए नवकार–केसरी जाण संठिओ निच्चं।
कम्मट्ठगंठीदोघट्टघट्टयं ताण परिणट्ठं ॥ १४ ॥

અર્થ–જે મહાભાગ્યશાળી આત્માઓની હૃદયરૂપ ગુફામાં

નમસ્કારમહામંત્રરૂપ કેશરીસિંહ બિરાજમાન રહેતો હોય છે. તેમના હૃદયમાંથી આઠ કર્મરૂપ હસ્તિઓનાં ટોળાં નાશવા જ મંડી જાય છે.

नवकारइक्कअक्खरं, पावं फेडेइ सत्तअयराणं ।
पन्नासं च पएणं, पणसयसागर समग्गेणं ॥ १५ ॥

અર્થ–નમસ્કારમહામંત્રના ૬૮ અક્ષરોમાંથી માત્ર એક અક્ષરનો ઉચ્ચાર કરતાં સાત સાગરોપમનાં, નમો અરિહંતાણં વિગેરે નવ પદોમાંથી કોઈપણ એકપદનો ઉચ્ચાર કરતાં પચ્ચાસ સાગરોપમનાં અને સંપૂર્ણ નવકારના જાપથી પાંચસો સાગરોપમનાં પાપકર્મ તત્કાળ નાશ પામી જાય છે.

जे के वि गया मुक्खं, गच्छन्ति य केइ कम्ममलमुक्का ।
ते सव्वे वि जाणसु, जिणनवकारप्पहावेण ॥ १६ ॥

અર્થ–અતીતકાલમાં જેટલા મોક્ષમાં ગયા છે, વર્તમાન કાળમાં જે કોઈ મોક્ષમાં જઈ રહ્યા છે, ભવિષ્યકાળે જે જે મહાપુરુષો મોક્ષમાં પધારશે, તે સર્વ પ્રભાવ પંચમહાપરમેષ્ઠિ-નમસ્કારનો જ છે.

एसो अणाइकालो, अणाइजीवो अणाइजिणधम्मो ।
तइयावि ते पढंता एसुच्चिय जिणनमुक्कारो ॥ १७ ॥

અર્થ–પલ, ઘડી, પ્રહર, દિવસ, રાત્રિ, પક્ષ, માસ, ઋતુ, અયન, વર્ષ, યુગ, પૂર્વ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી અવસર્પિણી, કાલચક્ર, પુદ્ગલપરાવર્ત વગેરે નામોને પામેલો કાલ એક જ વસ્તુ છે, અને તે અનાદિ છે, અર્થાત્ તેનો પ્રારંભ જ નથી. એ જ પ્રમાણે આપણો આ જીવ અને જગતના સર્વ જીવો પણ અનાદિ છે, તથા શ્રીવીતરાગ પ્રભુ કથિત ધર્મ પણ

અનાદિજ છે. માટે જ આ નમસ્કારમહામંત્ર પણ અનાદિ છે.
"નવકાર તણી કોઈ આદિ ન જાણે, એમ ભાખે અરિહંત"

નમસ્કારમહામંત્ર અનંતા કાળથી ચાલુ હોવાથી અનંતા આત્માઓએ આરાધ્યો છે અને અનંતા જીવોને આરાધનાનાં ફળરૂપે નર અને દેવનાં સુખો પછી મોક્ષનાં સુખો સાંપડ્યાં છે.

જેણ મરંતેણ ઇમો, નવકારો પાવિઓ કયત્થેણ ।
સો દેવલોએ ગંતું, પરમપયં તં પિ પાવેઇ ॥ ૧૮ ॥

અર્થ–જે જે ભાગ્યશાળી કૃતાર્થ આત્મા મરણવેળાએ આ પરમેષ્ઠિમહામંત્રને પામ્યો હોય–અર્થાત્ સ્વયં ગણ્યો હોય, મનમાં જપ્યો હોય, કે બીજાએ સંભળાવ્યો હોય, અને તેમાં આત્મા તન્મય બન્યો હોયતો તે આત્મા દેવલોકનાં સુખ ભોગવી મનુષ્ય થઈ મોક્ષને પણ પામે છે.

આ જગતની સારભૂતવસ્તુ નમસ્કાર મહામંત્ર જ છે.

જં કિંચિ પરમતત્તં, પરમપ્પયકારણં ચ જં કિંચિ ।
તત્થવિ સો નવકારો, ઝાઇજ્જઇ પરમજોગીહિં ॥ ૧૯ ॥

અર્થ – પરમતત્ત્વ એટલે આત્મસ્વરૂપ અને પરમપદ જે મોક્ષ તેનું જે કારણ (સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર રૂપ) રત્નત્રયી તેની જગ્યાએ પણ મહાયોગીશ્વરો પંચમહાપરમેષ્ઠીનું જ ધ્યાન કરે છે.

જેણેસ નમુક્કારો, પત્તો પુન્નાણુબંધિપુન્નેણ ।
નારયતિરિયગઇઓ, તસ્સાવસ્સ નિરુદ્ધાઓ ॥ ૨૦ ॥

અર્થ – જે પુણ્યાનુંબંધિ પુણ્ય (ગયા જન્મમાં જે પુણ્યથી કરેલાં હાલ સુખ ભોગવાય અને જે ભોગવતાં નવું પણ પુણ્ય જ બંધાય તે પુણ્યાનુંબંધિપુણ્ય) ના ઉદયવાળા

આત્માએ (ભાવથી, શ્રદ્ધાથી, સમજણથી, આદરથી, સ્વરૂપની ઓળખાણથી) નમસ્કારમહામંત્ર પ્રાપ્ત કર્યો છે. તેવા આત્માને નરક અને પશુગતિમાં જવું પડતું જ નથી.

આ નમસ્કારમંત્રના આરાધકને ભવાંતરે પણ ઉચ્ચ સામગ્રી મળે છે

हुंति नमुक्कारपभावओ य, जम्मंतरेवि किर तस्स ।
जाइ-कुल-रुवा-रुग्ग-संपयाओ पहाणाओ ॥ २१ ॥

અર્થ – આ જન્મમાં વિધિથી ભાવથી અને ચિત્તની એકાગ્રતાથી જો આ નમસ્કારમહામંત્રની આરાધના થાય તો ભવાંતરમાં તે આત્મા ઊંચામાં ઊંચી જાતિ, કુળ, રૂપ, આરોગ્ય અને સંપત્તિઓને જરૂર પામે છે.

નમસ્કારમહામંત્રના વખાણ કેટલાં લખીએ ? જેટલાં લખીએ તેટલાં ઓછાં જ છે.

जिणसासणस्स सारो, चउदसपुव्वाण जो समुद्धारो
जस्स मणे नवकारो, संसारो तस्स किं कुणइ ॥ २२ ॥

અર્થ – આ નમસ્કારમહામંત્ર શ્રી જૈનશાસનનો સંપૂર્ણ સાર એટલે નિચોડ છે. કારણ કે જગતમાં ઊંચામાં ઊંચું સ્થાન વીતરાગ શાસનની સાધુદશા, તેનાથી પણ ઊંચું સ્થાન વાચકપણું, તેનાથી ઊંચું સ્થાન સૂરિપણું, તેનાથી પણ ઊંચું સ્થાન તીર્થંકરપદવી તેનાથી ઊંચું સ્થાન સિદ્ધદશા. આ રીતે નમસ્કારમહામંત્ર એટલે પંચમહાપરમેષ્ઠિભગવંત. પંચ મહાપરમેષ્ઠિ ભગવંતોનું જે સાચું સ્વરૂપ તેજ જૈનશાસનનો સાર છે, અને તેથી જ ચૌદપૂર્વનો સમાવેશ પણ આ નમસ્કાર-મહામંત્રમાં થાય છે. જે આત્મા સંપૂર્ણ ચૌદપૂર્વ જાણે તે જ આત્મા પંચમહાપરમેષ્ઠિને સંપૂર્ણતયા જાણે છે. જે

આત્મા પંચમહાપરમેષ્ઠિને સંપૂર્ણપણે જાણે તેજ આત્મા ચૌદ પૂર્વને જાણે છે. માટે જ નમસ્કારમહામંત્ર ચૌદ પૂર્વનો ઉદ્ધાર છે. આવો નમસ્કારમહામંત્ર જે આત્માના ચિત્તમાં સદાકાલ વસી ગયો હોય તેને સંસાર શું કરી શકે? અર્થાત્ સંસારના પાપો તે આત્માની સમીપમાં આવી શકતાં નથી.

તથા વળી ચૌદપૂર્વમાં જે જે પદાર્થનું વર્ણન બતાવ્યું છે, જે જે સિદ્ધિઓ વિદ્યાઓ અને મંત્રો તથા તેને પામવાના ઉપાયો બતાવ્યા છે, તે બધું જ પંચમહાપરમેષ્ઠિનું સંપૂર્ણ સ્વરૂપ સમજવાથી બરાબર સમજાઈ જાય છે. તથા સર્વ પ્રકારના ઔષધિઓના કલ્પો, રસસિદ્ધિઓ, સુવર્ણાદિધાતુઓના વિધાનો, આકાશગામિની વિગેરે લબ્ધિઓ, અંજન, લેપ, ગુટિકાઆદિ પ્રયોગોને પણ આ નમસ્કારમહામંત્રશાસ્ત્રની સંપૂર્ણતા જાણનાર આત્મા જરૂર જાણી શકે છે.

આ નમસ્કારમહામંત્રશાસ્ત્રના મહિમા માટે જૈન-શાસનનાં વિદ્યમાન સેંકડો શાસ્ત્રો હમણાં પણ સાક્ષી આપી રહેલ છે, તથા શ્રીજિનેશ્વરદેવો અને ગણધર ભગવાનોથી પ્રારંભી અત્યાર સુધીના બધા પૂર્વપુરુષોએ નમસ્કારમહા-મંત્રનો અપ્રમેય મહિમા વર્ણવ્યો છે.

"આ નમસ્કારમહામંત્રશાસ્ત્ર ઘણું જ ઉચ્ચકોટીનું શાસ્ત્ર છે" એ જાણવા માટે શ્રી જૈનશાસનમાં ઐતિહાસિક પ્રમાણો ઘણાં જ મળી શકે છે. તેમજ યુક્તિઓ અને દલી-લોથી પણ આ પરમેષ્ઠિમહામંત્રનો મહાપ્રભાવ જરૂર જાણી શકાય તેવો છે. અર્થાત્ ઇતિહાસથી અને દલીલોથી પણ નમસ્કારમહામંત્રની મહાપ્રભાવકતા બરાબર સમજી શકાય તેવી છે.

આ નમસ્કારમહામંત્ર સમજવા માટે થોડી ઐતિહાસિક ઘટનાઓ બતાવાય છે. નયસારની કથા

વર્તમાન શાસનના અધિપતિ અને મોક્ષમાર્ગના આરાધક આત્માઓના પરમઉપકારી ભગવાન મહાવીરદેવનો આત્મા આપણી પેઠે સંસારમાં અનંતોકાળ ભટકતાં ભટકતાં એકવાર આ જંબૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહક્ષેત્રમાં એક મધ્યમકક્ષાના ગામમાં નયસારનામે ગ્રામપતિ થયો.

એકદા પોતાના ઉપરી રાજાના હુકમથી કેટલાંક ગાડાઓ તથા મજુરોને સાથે લઈ નજીકની અટવીમાં ઈમારતી કાષ્ટો લેવા સારૂ ગયો હતો. ત્યાં ભોજનના સમયે જમવા બેસતી વખતે આ નયસાર ગ્રામપતિને વિચાર થયો કે–

"મનચિંતે મહિમાનિલોરે, આવે તપસી કોય
દાન દેઈ ભોજન કરૂં રે, તો વાંછિત ફળ હોય રે પ્રાણી...
મારગ દેખી મુનિવરા રે વંદે દેઈ ઉપયોગ,
હર્ષભરે તેડી ગયો રે પડિલાભ્યા મુનિરાજ રે પ્રાણી..."

"હમણાં કોઈ તપસ્વી મહાત્મા આવી જાય તો અતિથિ-સત્કાર કરૂં અને પછી જમું." બસ આવા વિચાર આવવાની સાથે જ ઉભો થઈ ચારે દિશાએ જોવા લાગ્યો. તત્કાળ આવા મહાન્ અરણ્યમાં પણ મુનિમહાત્માઓનો યોગ મળી ગયો, તે મુનિરાજો મહાજ્ઞાની, તપસ્વી અને સંયમી હતા. શ્રીનયસારે તેમને ઘણાજ વધતા પરિણામે આહાર પાણી વહોરાવ્યા.

પુણ્યાનુબંધીપુણ્યવગરના જીવોને સામગ્રી મળતાં પાંચ ઇંદ્રિયોના ત્રેવીશ વિષયો ભોગવવાના વિચાર આવે છે, પરંતુ દાન શીલ તપના વિચારો કે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રના વિચારો આવતા નથી. કહ્યું છે કે–

मनोरथोपि नो मन्दभाग्यानां जायते महान् ।
पीक्या एव न वायस्था, वाञ्छाप्याम्रद्रुमे भवेत् ॥ १ ॥

અર્થ– મંદભાગી અને બહુકર્મી જીવોને સારા મનોરથો પણ થતા નથી. આંબા ખાવાના વિચારો કોયલને જ આવે છે, પરંતુ કાગડીને આવતા નથી.

એજ ન્યાયથી દાનાદિ આપવાના ચારિત્ર લેવાના ત્યાગ કરવાના વિચારો નિકટભવિ જીવોનેજ આવે છે. નયસારરાય (તીર્થંકરનો આત્મા) ભવિષ્યમાં થનાર મહાવીરપ્રભુનો આત્મા હોવાથી; દાન દેવાની ભાવના જાગી અને તત્કાળ સુપાત્રનો યોગ પણ મળ્યો.

મુનિરાજો થોડાજ ટાઈમમાં ગોચરી પાણી વાપરીને તૈયાર થઈ ગયા. **રાજા નયસાર** માર્ગ બતાવવા સાથે ચાલ્યા. થોડે દૂર પહોંચતાં સારો રાજમાર્ગ મળી ગયો. અને મુનિઓને હાથ જોડીને જણાવ્યું. "આ આપનો જવાનો માર્ગ, હવે હું રજા લઉં છું." આમ કહીને જવાને સારૂ પાછા વળવા તૈયાર થયેલા **નયસારને** મુનિરાજ કહેવા લાગ્યા "ભાઈ તમે અમને દ્રવ્ય (સંસારનો) માર્ગ બતાવ્યો, પરંતુ હવે અમે તમને ભાવ માર્ગ કે જે મોક્ષનો માર્ગ છે તે બતાવીએ છીએ" એમ કહીને–

"દેવગુરુ ઓલખાવીઆ રે, દીધો વિધિ નવકાર.
પશ્ચિમ મહાવિદેહમાં રે. પામ્યા સમકિત સાર રે પ્રાણી..."

શ્રીનયસારને મુનિરાજોએ અર્થ અને વિધિ સહિત વિસ્તારથી **નમસ્કારમહામંત્ર** સમજાવ્યો અને શીખવાડ્યો. **નમસ્કાર** મહામંત્રની સમજણ થતાંની સાથે જ **દેવગુરુની** ઓળખાણ થઈ ગઈ, અને તેથી **અનાદિકાળના સંસારભ્રમણની**

અર્ગલા તુલ્ય સમ્યક્ત્વ ગુણની તેઓને પ્રાપ્તિ થઈ.

બસ...પ્રભુ મહાવીરદેવના આત્માને નયસારના ભવમાં નમસ્કારની પ્રાપ્તિથી જ દેવગુરુની ઓળખાણ અને સમકિતની પ્રાપ્તિ થઈ અને તેથી જ તેમના સંસારની પરિમિતતા થઈ ગઈ.

શંકા—"કાષ્ટ લેવા અટવી ગયો રે"

આ વાક્યથી તો "નયસાર કઠિયારો હતો" આમ સમાજમાં સમજાય છે. જ્યારે તમે રાજા સાથી કહો છો ?

સમાધાન–પ્રભુ મહાવીરદેવના ગુણચંદ્રસૂરિપ્રવરવિરચિત પ્રાકૃત ભાષાના ચરિત્રમાં નયસારને પૃથ્વીપ્રતિષ્ઠાન ગામના મુખી તરીકે વર્ણવ્યા છે. તેમને રાજા શત્રુદમને પોતાને સારુ રથો અને પ્રાસાદ–બંગલાઓ બનાવવા ઈમારતી લાકડાં લેવા માટે ઘણાં ગાડાંઓ તથા ઘણા નોકરો સાથે આપી અટવીમાં મોકલ્યા હતા. ત્યાં માર્ગ અને સાર્થથી ભ્રષ્ટ થઈને આવેલા ઘણા મુનિરાજોને નયસારે ભોજનનું દાન આપ્યું એમ વર્ણવેલ છે. તથા મહાકવિ શ્રીવીરવિજયજી મહારાજ પણ પ્રભુના ૨૭ ભવના સ્તવનમાં કહે છે કે,

"પહેલે ભવે એક ગામનોરે રાય નામે નયસાર"

આમાં શ્રીનયસારને રાય-એટલે રાજા તરીકે ઓળખાવે છે. ઉપરની બે જ સાક્ષીઓથી ચોક્કસ થાય છે કે નયસાર કઠીયારો ન હતો પણ એક ગામનો મુખી અને મોટો માણસ હતો.

બીજું ઉદાહરણ વર્તમાન કાલિન ધરણેન્દ્રનું જોઇએ.

પ્રભુ શ્રી પાર્શ્વનાથસ્વામી જ્યારે કુમાર અવસ્થામાં હતા ત્યારે વાણારસીનગરીના પરિસરમાં ગંગાનદીના કિનારા ઉપર

એક ઘોર તપસ્વી આવેલો હતો. તેના તપનો વિધિ આ પ્રમાણે હતો. તે એક, બે ત્રણ દાડાના ઉપવાસ કરતો હતો અને પોતાની બેઠકની ચારે દિશાઓમાં અગ્નિકુંડો સળગતા જ રાખતો હતો, આસનની નીચેના ભાગમાં તપેલી રેતી રહેતી હતી, મસ્તક ઉપર સૂર્યનો તાપ લાગ્યા કરતો હતો, ચારે બાજુથી અગ્નિ કુંડોનો તાપ લાગતો હતો, અંદર તપસ્યાનો તાપ ચાલુ હતો. અને ધુમ્રનું પાન પણ ચાલુ હતું આવા તેના ઘોર તપ અને કષ્ટથી આખું નગર મંત્રમુગ્ધ બની ગયું હતું.

દર્શનાર્થે આવતાં નગર લોકોનાં ટોળાં ઉભરાતાં હતાં. આવું તો ઘણા દિવસ ચાલ્યું, એકદા ગોખમાં બેઠેલા પાર્શ્વકુમારની દૃષ્ટિ વંદનાર્થે જતાં લોકોનાં ટોળાં ઉપર ગઈ. પાસે રહેલા પરિચારકને પૂછ્યું, "લોકો કયાં જાય છે?" સેવક કહે, હે સ્વામિન્? અહીં ગંગાનદી ઉપર કોઇકે મહા તપસ્વી પધાર્યા છે, તેમનાં દર્શન કરવા નગરજનો જઈ રહ્યા છે. આ વાક્ય સાંભળીને પાર્શ્વનાથસ્વામી પણ ઘોડા ઉપર બેસીને, તપસ્વીના સ્થાને પધાર્યા અને અવધિજ્ઞાનથી (તીર્થંકર પરમાત્માઓ જન્મથી જ મતિજ્ઞાન—શ્રુતજ્ઞાન — અવધિજ્ઞાન સહિત હોય છે) ત્યાંનું વાતાવરણ જાણીને તપસ્વીને ઉપદેશ આપવા લાગ્યા.

ભો મહાનુભાવ? તમો તપ ઘણો કરો છો, કષ્ટ પણ ખૂબ જ અનુભવો છો, પરંતુ જ્ઞાનદશા વિના જીવદયા વિગેરે ધર્મના અંગો સાંગોપાંગ સમજ્યા વગર આત્માનું જરાપણ કલ્યાણ થતું નથી. કહ્યું છે કે—

કષ્ટકરો સંજમધરો ગાળો નિજદેહ
જ્ઞાનદશાવિણ જીવને નહિ કર્મનો છેહ.

જુઓ, તમારી ચારે બાજુ સળગતા ચારે કુંડોમાં હજારો અને લાખોની સંખ્યામાં ઉડતા ઝીણા જીવો આવીને પડે છે અને બળીને ભસ્મ થઈ જાય છે. ઝીણા જીવો પણ મરવાની ઇચ્છાવાળા હોતા નથી, કુયોનીમાં રહેલા જીવો પણ મરવા ઇચ્છતા નથી. જ્યારે તમો ધર્મના જ નામે અજ્ઞાનથી નિષ્પ્રયોજન હિંસાનું ઘોર પાપ આચરી રહ્યા છો. લાખો, ક્રોડો, અબજો, જીવોને મારી નાખ્યાંનું પાપ તમને લાગી રહેલ છે. જુઓ, આ કુંડોમાં નંખાતાં કાષ્ટોમાં પણ નાના મોટા જીવો ઘણા હોય છે તે પણ અકાળે અને અકારણ મરણનું શરણ પામી રહ્યા છે.

અરે! આ મોટા કાષ્ટની પોલાણમાં તો એક મોટો સર્પ સળગી રહેલ છે. આમ બોલતાની સાથે જ સેવક દ્વારા અગ્નિ-કુંડમાંથી એક મોટું કાષ્ટ જયણાપૂર્વક બહાર કઢાવ્યું, અને જયણાપૂર્વક ચીરવા આજ્ઞા આપી. કાષ્ટ ફાટતાંની સાથે જ બળી રહેલો એક મોટોસર્પ કાષ્ટના પોલાણમાંથી બહાર નીકળ્યો. પાર્શ્વકુમારે સેવકને આજ્ઞા કરી તેને સતત નમસ્કાર-મહામંત્ર સંભળાવવા શરૂ કર્યા.

"સેવક મુખ નવકારસે ધરણેન્દ્ર બનાયા,
નાગકુમારે દેવતા બહુ રિદ્ધિ પાયા."

પાર્શ્વનાથસ્વામીના દર્શનથી જ નાગમાં અભયપણું આવી ગયું હતું. એટલે અગ્નિથી અર્દ્ધદગ્ધ થઈ જવા છતાં પણ અશાન્તિ હતી જ નહિ. સમતારસમાં ઝીલતો સર્પ પ્રભુ પાર્શ્વનાથસ્વામીના સેવકના મુખથી નમસ્કારમહામંત્ર સાંભળી તેમાં તન્મય બની ગયો. નમસ્કારમાં લીન બનેલ સર્પ પંચત્વ પામી ભુવનપતિનિકાયનો ધરણેન્દ્રનામે ઇન્દ્ર થયો.

સાક્ષાત્ કરુણામૂર્તિ પાર્શ્વપ્રભુનાં દર્શન અને સપ્રભાવ નમસ્કારમહામંત્રનું શ્રવણ થવાથી ક્રોધમૂર્તિ જેવા સર્પના પણ કષાયો શાન્ત થઈ ગયા, વિહ્વળતા વિલય પામી, સમભાવ પ્રકટ થયો, દેવગુરુધર્મ પ્રત્યે સદ્ભાવ ઉત્પન્ન થયો. એજ વખતે આયુષ્યની દોરી તુટી જવાથી ચોસઠ પૈકીના એક દેવેન્દ્રની પદવી મળી.

સર્પજાતિ સ્વભાવેજ ખૂબ ક્રોધી હોય છે. તેમાં વળી અગ્નિમાં સળગવાથી સ્વાભાવિક જ ક્રોધોદયની પરાકાષ્ટા હોય. તેવા આત્માને પણ નમસ્કારમહામંત્રના શ્રવણરૂપ અમૃતનું સિંચન થવાથી કષાયો બુઝાઈ ગયા. ક્રોધાગ્નિ ઠરિ ગયો. મહાપ્રભાવક સ્થાનની પ્રાપ્તિ થઈ.

—: ✻ :—

ભગવાન મુનિવ્રતસ્વામીના નિર્વાણ પછી બનેલી એક ઘટના

આ નમસ્કારમહામંત્રના પ્રભાવથી હિંસાજીવી અધમ આત્મા સમળી પણ જૈનશાસનની પ્રભાવિકા રાજકુમારી સુદર્શના મહાશ્રાવિકા બની.

લક્ષ્મીથી લચી રહેલા લાટ નામના દેશમાં નર્મદા નદીના કીનારા ઉપર ઘણું પુરાણું ભરૂચ નામનું નગર છે. તે ભરૂચ નગરથી થોડા ગાળામાં મોટા વિસ્તારવાલું કોરિંટ નામનું અરણ્ય આવેલું છે. તે કોરિંટવનમાં ઘણો પ્રાચીન અને સેંકડો ગમે શાખાપ્રશાખાથી ઘેરાએલો તથા ખુબ જ શોભાયમાન એક વડ હતો. તેનું કોટર પણ ઘણું જ મોટું હતું કે જેની અંદર ઘણાં પક્ષિઓ વર્ષોથી માળા બનાવી રહેતાં હતાં.

તે જ વડની કોટરમાં એક સમળી રહેતી હતી. કોઈકવાર ગર્ભિણી થઈ અને પ્રસૂતિકાળ નજીક આવતાં તેણીને શૂલની વેદના થવા માંડી. વેદનાનો વેગ એટલો બધો વધી

પડ્યો કે તે બિચારી સમળીથી સહન ન થઈ શકવાથી; ચીસો પાડીને રોવા લાગી. તે વેદના મટાડવાનો ઉપાય શોધી લાવવા પોતાના પતિને કહ્યું. પરંતુ જ્યાં મનુષ્યોને દયા નથી હોતી તો પશુઓને શેની હોય? એટલે નિર્દયસમળાએ તેણીને મદદ ન જ કરી. અથવા જ્યારે પાપકર્મનો ઉદય થાય ત્યારે અન્યની મદદ કામપણ શું કરી શકે?

બે ત્રણ દાડા નારકીના જેવી વેદનાના પરિણામે સમળીને પ્રસૂતિ થઈ અને ઈંડા મુક્યાં. હવે પ્રસવની વેદનાથી ત્રણ–ચાર દિવસની ક્ષુધાતુર સમળી ભક્ષ્યની શોધ કરવા લાગી, ચારે બાજુ દૃષ્ટિ ફેંકી પણ કચાંય ભક્ષ્યની પ્રાપ્તિ થાય એવું દેખાયું નહિ.

આ બાજુ વર્ષાકાલ હોવાથી મુશળધાર વર્ષાદ વર્ષવા લાગ્યો. 'હમણાં વર્ષાદ બંધ રહેશે અને હું માંસને શોધવા જઈશ' આવા સતત ધ્યાનમાં ક્ષુધાની તીવ્ર વેદનાથી સમળી સમય વીતાવે છે. વર્ષાદ સત્તર દિવસ સુધી વર્ષતો જ રહ્યો. લગભગ વીશ દિવસ સુધીની ક્ષુધાની વેદનામાં સમળી કૃશ થઇ ગઈ, શક્તિ હણાઈ ગઈ, ધીરજ નાશ થઈ ગઈ અને તે વારંવાર મૂર્છિત થવા લાગી.

તીવ્ર પાપના કે પુણ્યના ઉદયે ભોગવવાના બાકી હોય ત્યાંસુધી આયુષ્ય પણ તૂટતું નથી. જીવતરથી કંટાળી ગએલી સમળીને મરણ તો ન જ આવ્યું. વર્ષાદ બંધ થઈ ગયો. ઈંડા પણ સેવાઈને બચ્ચાં થઈ ગયાં. હવે તો પોતાને અને બચ્ચાંને પોષવા બાદ્ય લાવવું જ જોઈએ એમ વિચારી સમળી અશક્ત હોવા છતાં સર્વ બળ વાપરી આકાશમાં ઉડી.

એક નજીકના ગામડામાં ચાંડાળના પાડામાં માંસથી ખરડાએલાં હાડકાંના ઢેર પડેલા જોયા. ચારે બાજુ ગીધડાં

સમળાં અને કાગડાનાં ટોળાં બેઠેલાં જોયાં. તેના મધ્યમાં સમળીએ પ્રવેશ કર્યો અને એક માંસનો લોચો ઉપાડ્યો, બધું બળ વાપરીને ફરીવાર આકાશમાં ઉડી.

પોતાના સ્થાનઉપર જતી સમળીને રસ્તામાં **અશ્વાવબોધ**-નામનું મુનિસુવ્રતસ્વામી મહારાજનું તીર્થ આવ્યું. એટલામાં એક પારધિએ શોખથી ઉડતી સમળી પર બાણ ફેંકયું. તેનું નિશાન સફળ થયું. બાણ સમળીના પેટને વીંધી આરપાર થયું. પારધિને આનંદ થયો. તેનાથી લાખો કે ક્રોડો ગુણું સમળીને દુઃખ થયું.

જગતના જીવો બિચારા આજ રીતે અનંતાકાલથી અકાલ મરણે મરી રહ્યા છે. **મારનારાઓને આનંદ અને મરનારને દુઃખ સરવાળે બન્નેની દુર્દશા.** સશક્ત આત્માએ અશક્તને મારીને પોતાનું કાર્ય સાધવું. આવોજ આ પાપી સંસારી આત્માઓનો સ્વભાવ ઘડાઈ ગયો છે. **બીજાના દુઃખનો કોઈને ખ્યાલજ નથી.**

મારનાર આત્મા બીજાને મારી નાખવા રૂપ હિંસાના રૌદ્ર પરિણામથી મહાપાપ બાંધે છે. જ્યારે મરનાર આત્મા **અકાલ** મરણનું, તત્કાલ લાગેલા પ્રહારનું પોતાના બાલબચ્ચાં કે પ્રણયીના વિયોગનું અતિ દુઃખ થવાથી, મારનાર ઉપર ક્રોધદ્વેષ કરે છે અને રૌદ્રપરિણામવાળો થઈને મહાપાપ બાંધે છે. પરિણામે બંને દુઃખરાશિ સર્જે છે.

એક બનેલી ઘટના

એક ઠેકાણે ચાલતા એક કાનખજુરાને વીંછીના ભેટા થવાથી વીંછીએ પોતાનું ખાદ્ય માની કાનખજુરાને મુખમાં પકડ્યો. એટલામાં ગીરોલી આવી તેણે વીંછીને મુખમાં

લીધો. ત્યાં તો આવ્યો કાગડો તેણે ગીરોલીને ઉપાડી.

હજી એકે મર્યાં નથી. ગીરોલી કાગડાના મુખમાંથી છુટવા મથે છે, પણ પોતાના મુખમાં રહેલા વીંછીને છોડવા વિચારતી નથી. વીંછી ગીરોલીના મુખમાંથી છટકવા ટળવળે છે, પરંતુ કાનખજુરાને જવા દેવા તૈયાર નથી.

આ પ્રમાણે પોતે મરવું નથી, પણ બીજાને મારી નાખવા મથતું જગત્ મહાપાપ બાંધીને અનંતા કાળથી નરક અને પશુગતિ રૂપ ઘાણીમાં પીલાઈ રહ્યું છે. પરંતુ, 'પોતે દુઃખ ભોગવી બીજાને સુખ આપવું' આવી ભાવના ભગવાન સર્વજ્ઞ પ્રભુના માર્ગ સિવાય ક્યાંય જણાતી નથી.

પારધિના બાણનો ઘાત લાગતાની સાથે બીચારી સમળી માંસના લોચા સહિત જમીન ઉપર પટકાણી. તાજી વિયાએલી વીસ દહાડાની તદ્દન ભુખી અને ઉપરથી બાણના ઘાવથી વીંધાઈ ગયેલી સમળીની તે વખતે કેવી કરૂણ દશા હશે ? કેવલીપ્રભુ વિના એ કોણ જાણી શકે ?

પ્રસૂતિની વેદનાની સાથોસાથ વીશ દિવસની લાંઘણોથી સમળી તદ્દન અશક્ત તો હતી જ. એટલે બાણનો પ્રહાર લાગવા છતાં બુમો પાડવાની પણ તેનામાં તાકાત ન હતી. અને એકદમ મૂર્છા આવી ગઈ શરીરમાંથી રૂધિર, આંખમાંથી આંશુ અને મુખમાંથી લાળાઓનો પ્રવાહ નીકળવા લાગ્યો. મરણ હવે સાવ નજીક આવી ગયું હતું.

સમળી પોતે શિકારી હતી જ. તેણીએ પોતે સર્પ કાકીડા વગેરે જમીન ઉપર ચાલતા જીવોને અને પક્ષીના માળા વિંખિને સંખ્યાતીત ઈંડા અને બચ્ચાને મારીને પોતાના પાપી પ્રાણોને પોષણ આપ્યું હતું. નાના મોટા જીવોને બે

પગમાં પકડી મારી ખાતાં એ જીવોના કરુણ પોકારો કાનમાં પડવા છતાં સમળીના પાપી ચિત્તમાં જરાએ દયા આવી ન હતી. તેજ સમળીની કરુણ દશા આજે તો ભલભલા નિષ્ઠુર હૃદયને પણ પીગળાવી નાંખે તેવી બની હતી.

જોકે ઉપરનું બધું વિધાન તદ્દન ઉંધું હોવા છતાં, વિધિની વિચારણા તદ્દન જુદીજ હતી. સમળીનું ભાવિ મહા કલ્યાણકારી હોવાથી સમળી જ્યાં પડી છે તે જગ્યાની સાવ નજીકમાં વીશમા તીર્થંકરદેવ મુનિસુવ્રતસ્વામિનો 'અશ્વાવબોધ' પ્રાસાદ આવેલો છે.

આ બાજુ સમળીને મૂર્ચ્છા ઉતરી એટલે વેદનાનું ભાન થતાં રડવા લાગી. જેમ જેમ સમય જતો જાય છે. તેમ તેમ વેદના વધતી જાય છે. મરણ નજીક આવતું જાય છે. ત્યાંતો કરુણાના સમુદ્ર એવા બે મુનિરાજો ત્યાં પધાર્યા અને સમળીને ઘાતવિહ્વલ અને મરણ દશામાં પડેલી જોઈ. તેમણે નજીકમાં જઈ સમળીને ઉપદેશ આપવો શરૂ કર્યો.

હે જીવ! તેં ઘણાને મારી નાખ્યા છે. તેથી તને પણ કોઈક મારનાર મલ્યું છે. વાસ્તવિક તારાં પોતાનાં પાપજ ઉદય આવ્યાં છે. પારધિ તો નિમિત્તમાત્ર છે. હજી આત્માનું કલ્યાણ જોઈ તું હોય તો આ ચાંચમાં રહેલો માંસનો લોચો ફેંકી દે. ચારે આહારના ત્યાગ કર. નજીકમાં રહેલા ભગવાન મુનિસુવ્રતસ્વામીના શરણનો સ્વીકાર કર. આ જગતમાં જીવને અરિહંત, સિદ્ધ, મુનિ અને ધર્મ સિવાય કોઈની સહાય છે જ નહિ.

અમારાથી સંભળાવાતા આ પંચપરમેષ્ઠિમહામંત્રને એકાગ્રચિત્તથી સમજણ અને ધ્યાનપૂર્વક સાંભળ. સમળીને મુનિરાજોના શબ્દ સંભળાયા અને ખુબ જ મીઠા લાગ્યા. મુનિરાજો પણ

સંસારની ભયંકરતા અને ધર્મની મહાનુભાવતા સમજાવવા પૂર્વક નમસ્કારમહામંત્ર બોલતા જ રહ્યા. પંચપરમેષ્ઠિમહામંત્રનો અર્થ અને ભાવાર્થ સમજાવ્યો વીતરાગદેવ અને નિર્વિકાર ગુરુઓનું સ્વરૂપ સમજાવ્યું.

સમળીમાં ખૂબ જ એકાગ્રતા આવી. તેથી વેદના તરફથી ધ્યાન બદલાઈને પંચપરમેષ્ઠિમહામંત્રમાં જોડાઈ ગયું. પંચપરમેષ્ઠિ-મહામંત્ર સમળીના આત્માની સાથે તાદાત્મ્ય ભાવ પામી ગયો અને એજ દશામાં પ્રાણો પણ નીકળી ગયા. પિંજરું ખાલી થયું. મહામુનિરાજે ઉપકારનું પરિણામ સમજી તીર્થ જુહારવા ચાલ્યા ગયા.

સમળીનો આત્મા પંચપરમેષ્ઠિમહામંત્રના ધ્યાનમાં મરણ પામીને સિંહલદ્વીપમાં શ્રીપુરનગરમાં ચંદ્રગુપ્તરાજાની ચંદ્રલેખા નામની પટ્ટરાણીની કુક્ષીથી સુદર્શના નામે પુત્રી પણે ઉત્પન્ન થયો.

અકારણ ઉપકારી મુનિરાજનાં વચનો સમળીના હૃદયની ઉષર ભૂમીમાં અમૃતની વૃષ્ટિ સમાન બની ગયાં હતાં અને નમસ્કારમહામંત્રરૂપ કલ્પવૃક્ષના બીજો એવા સારામુહૂર્તે વવાઈ ગયાં હતાં કે જેનાં ફળ તેણીને સત્વર પ્રાપ્ત થયાં.

તે નમસ્કારમહામંત્રના પ્રભાવથી (હિંસકદશામાં જીવેલી અને કરુણ દશામાં મરેલી) સમળીને રાજાધિરાજના ઘેર જન્મ મળ્યો, સાથોસાથ તેણી માતા પિતાના ગાઢ સ્નેહનું પાત્ર બની પરિવાર પણ પ્રેમથી તરબોળ મળ્યો. આવી સુખમય દશામાં ઉછરતી રાજકુમારી (સમળીનો જીવ) સુદર્શના બાલ્ય વયને વટાવીને યુવતી દશામાં પ્રવેશ પામતી હતી.

એકદા રાજસભામાં આવી પિતાના ખોળામાં બેઠી છે. તેટલામાં ભરુચનગરીથી વહાણોમાં કરીયાણા ભરીને **રુષભદત્ત** નામના વ્યવહારી વેપાર માટે તે જ **સિંહલદ્વીપના શ્રીપુરનગરમાં** આવ્યા અને ભેટણું લઈ મહારાજા **ચંદ્રગુપ્તની** સભામાં આવી ભેટ મુકી, પ્રણામ કરી મહારાજા તરફથી મળેલા સન્માનના સ્વીકાર કરવા પૂર્વક રાજસભામાં બેઠા.

થોડીજવારમાં શેઠને (રુષભદત્ત વ્યવહારીને) છીંક આવી અને સર્વકાલીન અભ્યાસના વશથી શેઠના મુખથી **'નમો અરિ હંતાણું'** પદનો ઉચ્ચાર થઈ ગયો. જે પંચપરમેષ્ઠિ-મહામંત્રના આદિવાક્યને, સાંભળવાની સાથેજ રાજકુમારીને મૂર્છા આવી ગઈ. કુમારીની આવી દશા થવાથી માતા પિતા વિગેરે સ્વજન પરિજન ઉદાસ થઈ ગયા. પ્રધાનમંડળ પણ કિંકર્તવ્યમૂઢ બની ગયું. આમ એકાએક રાજકુમારીને શું થયું? બધાની નજર **'નમો અરિહંતાણું'** બોલનાર શ્રેષ્ઠી ઉપર પડી.

ઉપચારો ચાલુ હતા. થોડીવારમાં મૂર્છા વળી જવાથી કુમારી સાવધ બનીને બેઠી થઈ. માતાપિતા કાંઈપણ પુછવા જતાં હતાં તેટલામાં કુમારી ભરુચ નગરના શેઠને ઉદ્દેશીને પૂછવા લાગી. "મુનિમહારાજાઓ શાતામાં છે? શ્રીજિનવર-પ્રાસાદ સુશોભિત અવસ્થામાં છે?" બાળાના પ્રશ્નો સાંભળી આશ્ચર્યમાં ગરકાવ બનેલો રાજા દીકરીને પુછવા લાગ્યો, "દીકરી! હજી તું બાળા છે. આપણું રાજભવન, આપણું નગર, આપણો દ્વીપ છોડી તું અન્યત્ર કયાંય ગઈ નથી તો પછી ભરુચ નગરમાં વસનારાઓની ચર્ચા તને કયાંથી જાણવા મળી? તું જેના સમાચાર પૂછે છે તે તને કયાં મળ્યા છે? જે દેવમંદિરના સમાચાર પૂછે છે તે દેવમંદિર તેં કયારે જોયું છે?" ઈત્યાદિ પિતાના પ્રશ્નોના જવાબમાં કુમારી

સુદર્શનાએ પોતાનો સમળીનો ગતભવ અને તેમાં બનેલી બધી ઘટના અકારણઉપકારી એવા મુનિરાજોના દર્શન તથા મુનિસુવ્રતસ્વામીના પ્રાસાદના દર્શન તથા મુનિમહારાજાઓએ પોતાને આપેલું નમસ્કારનું દાન, અને પોતાનું તે નમસ્કાર-મહામંત્રમાં થયેલ એકાગ્રપણું વિગેરે કહી સંભળાવ્યાં.

પોતે સમળી અધમઆત્મા મહાહિંસકજીવ હોવા છતાં પણ પંચપરમેષ્ઠિમહામંત્રના પ્રભાવથી જ આવી રિદ્ધિ સમૃદ્ધિ પામી. તેમ માતા પિતા પ્રમુખ સમગ્ર સભાને સમજાવ્યું, અને પિતા પાસેથી ઘણું દ્રવ્ય તથા આજ્ઞા મેળવીને પ્રધાનપુરુષો અને બીજો પરિવાર સાથે લઈ તે ભરુચનગર આવી.

સહુ પ્રથમ શ્રીમુનિસુવ્રતસ્વામીના પ્રાસાદને પાયામાંથી તદ્દન નવીન કરાવ્યો. મૂલનાયક શ્રીમુનિસુવ્રતસ્વામીને બિરાજમાન કર્યા. પછી સુદર્શનાકુમારી બાલબ્રહ્મચારિણી બની જાવજીવ ભરુચમાં રહી સાતે ક્ષેત્રમાં અઢળક દ્રવ્ય વાપરી શ્રીમુનિસુવ્રતસ્વામીની, મુનિરાજોની તથા શ્રાવકોની ખુબ જ સેવા ભક્તિ કરી ઉંચામાં ઉંચુ શ્રાવકપણું આરાધી અનશન કરી દેવલોકે ગઈ, ત્યાંથી એ અલ્પસંસારી સુદર્શના રાજકુમારીનો આત્મા થોડા જ કાળમાં મોક્ષે જશે.

ઇતિ નમસ્કારમહામંત્રની પ્રકટપ્રભાવસૂચિકા (સમળી) સુદર્શના કુમારીની કથા સંપૂર્ણ.

—o—

એજ નમસ્કાર મહામંત્રના પ્રભાવથી એક બેહાલ બળદ મહાન પુરુષ થયો.

ગંગા અને સિંધુ જેવી મહાનદીઓના પ્રવાહની માફક સંસારનો પ્રવાહ અનંતકાળથી ચાલુ છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગથી બંધાતા કર્મના બંધનોથી બંધાઈને

જગતના સર્વ જીવો ચારગતિ ૮૪ લાખ યોનિમાં ભટકી રહ્યા છે. જ્ઞાનના અભાવે 'હું કોણ છું?' આટલું પણ સમજી શકતા નથી. માટે જ સંસારનાં બંધનોથી છુટા થઈ શકતા નથી.

જેમ સંસારના પ્રવાહમાં બીજા જીવો ભટકે છે તેમ શ્રીજિનેશ્વરદેવોના અનંતા જીવો પણ ભટકે છે. તે જ પ્રમાણે સિદ્ધ થઈ ચૂકેલા સિદ્ધ પરમાત્માના આત્માઓ પણ સંસારના પ્રવાહના ઝપાટામાંથી બચ્યા નથી. એ ન્યાયથી સંસારમાં અનંતા કાલથી રખડતો મહારાજા રામચંદ્રનો આત્મા, જે શ્રીજૈનશાસનમાં આઠમા બળદેવ થઈ ધર્મ પામી દેવ અને મનુષ્યના નવ ભવો કરીને મોક્ષે ગયા છે તેમનો ત્રીજો ભવ પદ્મરુચિનામે શેઠ તરીકે હતો.

એકદા પદ્મરુચિ શેઠ પોતાના ઘેરથી ગોકુલમાં જતા હતા, (જ્યાં ગાયો, ભેંસો, બળદ વિગેરેના ઘણા સમુદાયો સચવાતા હોય તે સ્થાનને ગોકુલ કહેવાય.) રસ્તામાં એક બળદને મરવાની સ્થિતિમાં પડેલો જોઈ શેઠ ઘોડા ઉપરથી નીચે ઉતર્યા. બેલની સાવ નજીકમાં જઈ કાન પાસે મુખ રાખી નમસ્કાર મહામંત્ર સંભળાવ્યા અને બળદને ખૂબ સમજાવ્યો. સંસારની અસારતા અને પંચપરમેષ્ઠિમહામંત્રની મહત્તા ખૂબ જ સમજાવી, દેવગુરુધર્મનું રહસ્ય સમજાવ્યું, બળદનો જીવ નમસ્કારમહામંત્રના શ્રવણમાં એકાગ્રચિત્તવાળો થઈ ગયો. અને સાવધાનપણે મરીને, તે જ નગરના રાજાનો ઋષભધ્વજ નામે પુત્ર થયો.

એકદા યૌવનવયને પામેલો રાજકુમાર ફરવા નિકળેલો. ફરતો ફરતો બળદના મરણસ્થાને આવ્યો, સ્થાનના દેખવા માત્રથી જ કુમારને મૂર્છા આવી. જાતિસ્મરણ જ્ઞાન થયું. હું

પોતે જ બળદ હતો, કોઈ મહાપુરુષે મહા રાંક મારા ઉપર દયા લાવી ઘોડા ઉપરથી ઉતરી, મને પંચપરમેષ્ઠિમહામંત્ર સંભળાવ્યો. તે ઉપકારીને મારે શી રીતે ઓળખવા? એવા વિચારથી તેણે તે જ સ્થાનમાં જિનાલય બંધાવ્યું. અને તેની દીવાલ ઉપર ઘોડા ઉપરથી ઉતરી મરતા બળદને નમસ્કારમહામંત્ર સંભળાવતી મૂર્તિ ચીતરાવી.

એકદા નવીન જિનાલય જુહારવા આવેલા પદ્મરુચિ-શેઠને પ્રસ્તુત ચિત્ર જોવામાં આવ્યું. ચિત્ર પોતાના સંબંધનું જાણી વારંવાર જોવા લાગ્યા. અને વિચારવા લાગ્યા કે, આ દેરાસર તો રાજકુમારે બંધાવ્યું છે. તેણે મારી અને બળદની હકીકત શી રીતે જાણી?

ચિત્ર પાસેની શેઠની બનેલી ઘટના કુમારના સેવકોએ જાણીને કુમારને પહોંચાડી. જે સાંભળીને અત્યંત ખુશી થએલો રુષભધ્વજકુમાર શેઠની પાસે આવી શેઠને પ્રણામ કરી પોતાની ગયા જન્મની હકીકત સંભળાવી અને શેઠની ખૂબ ખૂબ પ્રશંસા કરી. ત્યારથી શેઠ ઉપર પોતાના પિતા થકી પણ અધિક પૂજ્ય બુદ્ધિ ધરવા લાગ્યો.

પિતાના મરણ પછી કુમાર રુષભધ્વજ રાજા થયો. શેઠને રાજ્ય લેવા ઘણો જ આગ્રહ કર્યો. પણ શેઠે નિરીહ-ભાવથી રાજ્ય લેવા નિષેધ કર્યો. અને કુમારને ધર્મમાં ખૂબ મજબૂત બનાવ્યો. કૃતજ્ઞ કુમાર શેઠ અને ધર્મ બન્નેને પોતાના મહાન્ ઉપકારી માનતો, શ્રી જૈન ધર્મનું ઘણું આરાધન કરતો, પોતાના રાજ્યમાં જૈન ધર્મને ફેલાવતો, પ્રકટ પ્રભાવી નમસ્કાર-મહામંત્રનો સ્વાનુભવસિદ્ધ મહિમા જગતને સમજાવતો. છેવટ સુધી જૈન ધર્મ અને પંચપરમેષ્ઠિમહામંત્રનો પ્રભાવ પોતાના

રાજ્યમાં ઘણો જ સમજાવ્યો અને વિસ્તાર્યો. આરાધનાપૂર્વક અવસાન પામી શેઠ અને રુષભધ્વજરાજા ક્રમે કરીને ચરમશરીરી મહારાજા રામચંદ્ર અને વિદ્યાધરાધીરાજ સુગ્રીવરૂપે થયા.

બળદના જીવને પદ્મરુચિ શ્રાવકે નમસ્કારમહામંત્ર દ્વારા ઉપકાર કરેલો. છેવટે શેઠનો જીવ મહારાજા રામચંદ્ર થયા, તે અને બળદનો જીવ મરી રુષભધ્વજ રાજા થઈ છેલ્લા ભવમાં સુગ્રીવ રાજા થઈને બંને મોક્ષે ગયા.

ઈતિ નમસ્કારમહામંત્ર પ્રભાવસૂચક મહારાજા રામચંદ્ર અને સુગ્રીવ રાજાની કથા સંપૂર્ણ.

——: o :——

દેવત્વ પામનાર જિનદાસ શેઠના કંબલ અને શંબલ નામના બે વાછરડાની કથા

જંબૂદ્વીપના આ ભરત ક્ષેત્રમાં મથુરા નામની મહાપુરી હતી. જેમાં હજારોની સંખ્યામાં જૈન મંદિરો હતાં. લગભગ નગરજનોનો મોટો ભાગ શ્રીવીતરાગધર્મનો આરાધક હતો.

તે જ નગરીમાં જિનદાસ અને સાધુદાસી નામના શ્રાવક-દંપતી વસતાં હતાં. બન્ને આત્માઓ શ્રાવકના બારવ્રતનાં આરાધક હતાં. તેમને પરિગ્રહપ્રમાણ પાંચમા અણુવ્રતમાં ચતુષ્પદ સર્વથા ન રાખવાનો અભિગ્રહ હતો.

તેઓ એક ભરવાડણ પાસેથી હંમેશા દૂધ લેતાં હતાં. તેના કારણે પરસ્પરમાં સ્નેહ બંધાયો. એકદા ભરવાડણને ઘેર લગ્ન પ્રસંગ આવ્યો. ભરવાડ અને ભરવાડણ શેઠને ઘેર આવ્યા. અને ચંદરવા વગેરે શોભાના સાધનોની માગણી કરી. શેઠજીએ પણ સ્નેહને વશ થઈ તે આપ્યાં.

વિવાહ પ્રસંગ પૂરો થયો. ઉત્તમ પ્રકારના સાધનોથી ભરવાડનો પ્રસંગ ખૂબ શોભી ઉઠ્યો અને પોતાની ન્યાતમાં પ્રશંસા થવા લાગી. આથી સંતુષ્ટ થયેલા ભરવાડ દંપતીએ શેઠને સુંદર ભેટણું આપવાનું નક્કી કર્યું.

વહેલી સવારે હૃષ્ટપુષ્ટ અને દેખાવડા બે વાછરડા લઈને ભરવાડ દંપતી શેઠને ઘેર આવી પહોંચ્યા. શેઠે તેમને પોતાને પશુધન ન રાખવાનો નિયમ હોવાનું સમજાવવા છતાં ભરવાડ ભરવાડણ તો તેની કશી દરકાર કર્યા વિના શેઠને ત્યાં વાછરડાઓ મુકીને ચાલ્યાં ગયાં.

ભરવાડ દંપતી (ધણી ધણિયાણી) ગયા પછી શેઠ દંપતી વિચાર કરવા લાગ્યાં કે જો હવે આ વાછરડા પાછા મોકલીશું તો તે બિચારાઓને ખસી કરશે (આખલા છે તેને બળદ બનાવી નાખશે) વળી મોટા થતાં હળ અને ગાડામાં જોતરશે તેથી વાછરડા દુઃખી થશે. અને પરિગ્રહ તરીકે ચતુષ્પદ રાખવાની બાધા છે. પરંતુ સ્વામીભાઈ તરીકે રાખવાની બાધા નથી, માટે **સ્વામીભાઈ તરીકે રાખવાથી પાંચમું વ્રત ભાંગશે નહિ પરંતુ બારમું વ્રત આરાધાશે.** એમ બિચારી બન્ને વાછરડાઓને પોતાના અતિથિ તરીકે રાખ્યા.

ક્રમે કરીને વાછરડાઓ મોટા થવા લાગ્યા. શેઠ દંપતી તો તદ્દન ધર્માત્મા હોવાથી લગભગ આખો દિવસ સામાયિકમાં રહી પુસ્તક વાંચે છે. વાછરડાઓને પાસે જ બેસાડે છે. ભાવિ કલ્યાણવાળા આત્મા હોવાથી વાછરડા શેઠ દંપતીના ધર્મના ઉદ્‌ગારો સાંભળે છે અને આચારો બરાબર જુવે છે.

જ્યારે શેઠ શેઠાણી અષ્ટમી ચતુર્દશીએ પૌષધ અને ઉપવાસ કરે છે ત્યારે વાછરડાઓ પણ શેઠ અને શેઠાણીના

આચાર દેખી ઘાસ પાણી લેતા નથી, ઉપવાસ કરે છે. અને વંચાતું પુસ્તક સાંભળે છે.

શંકા–શું પશુઓ પણ મનુષ્યની પેઠે ઉપવાસ કરી શકે ખરાં ?

સમાધાન–જરૂર કરી શકે છે. જૈન શાસનમાં પશુઓને ચોથું તથા પાંચમું ગુણઠાણું માનેલું છે. અને ચંડકૌશિક નાગ, લવણસમુદ્રના મચ્છ તથા રૂપસેન હાથી વગેરેના તપ સહિત અનશનના વર્ણનો શાસ્ત્રમાં ઘણાં મળે છે.

વાછરડાઓનું આવું આચરણ જોઈ શેઠ શેઠાણી ઘણુંજ આનંદ પામતાં. વાછરડાઓને પુત્રની પેઠે પાળે છે. ક્રમે કરી વાછરડાઓ પણ વય થવાથી વાછરડા મટીને વૃષભ થયા.

એક દિવસ શેઠ અને શેઠાણી કયાંઈક ઘર બહાર ગયાં હતાં. એટલામાં ત્યાં શેઠનો એક મિત્ર ગામના પરિસરમાં રહેલ **ભંડીરવ નામના યક્ષની** યાત્રા કરવા સારુ પરગામથી આવ્યો, તે શેઠના વૃષભોને ગાડીએ જોડીને લઈ ગયો, અને જતાં આવતાં બળદોને ઘણા જ દોડાવીને પાછો લાવી શેઠને ઘેર બાંધી ગયો.

આ બન્ને જુવાન બળદોને જિંદગીમાં ધૂસરું દેખેલ ન હોવાથી, વળી ઘણો જ માર પડવાથી શરીરમાં ઘણીજ નબળાઈ આવી ગઈ અને મૂર્છા ઉપર મૂર્છા આવવા લાગી.

શેઠ શેઠાણી ઘેર આવ્યાં ત્યારે પોતાના પુત્ર તુલ્ય વાછરડાઓની આવી દુર્દશા જોઈ. તેથી તેમને ઘણું જ લાગી આવ્યું. વાછરડાઓની આંખોમાંથી આંશુધારા ચાલતી જ રહી. તે જોઈ શેઠ શેઠાણી પણ ગળગળાં થઈ ગયાં, અને વાછરડાઓને ધર્મ સંભળાવવો શરુ કર્યો, અનશન કરાવ્યું અને નમસ્કાર-મહામંત્ર સંભળાવવા લાગ્યા. નમસ્કારમહામંત્રનાં ધ્યાનમાં

લીન થયેલા બન્ને બળદો મરીને ભુવનપતિ નિકાયમાં કંબળ અને શંબળ નામના દેવ થયા. અને તુરતના ઉત્પન્ન થયેલા તે બન્નેએ અવધિજ્ઞાનથી જાણીને ભગવાન મહાવીરદેવના ઉપસર્ગનું નિવારણ કર્યું.

—o—

નમસ્કાર મહામંત્રનું તાત્કાલિક ફળ બતાવનાર શાલવીની કથા

કોઈક ગામમાં એક શાળવી હતો. તે વણવાના કાર્યમાં ઘણો જ હોશિયાર હતો. સૂતર અને રેશમ બન્ને પ્રકારનાં વસ્ત્રો તે વણી શકતો હતો. તેને નવોઢા બે સ્ત્રીઓ હતી, તે કારીગર હતો સાથે ઘણો જ વિલાસી હતો, તેને સ્ત્રી વિના ક્ષણવાર ગમતું નહિ. તેથી તે પોતાની બન્ને સ્ત્રીઓને વસ્ત્રના બે છેડે ઉભી રાખતો, તાણો અને વાણો સરખા કરતાં બન્ને બાજુના કિનારે પહોંચતો ત્યારે પોતાની સ્ત્રીના અંગનું અડપલું કરતો.

તેની આવી ચેષ્ટા અહર્નિશ ચાલુ જ રહેતી. ઘરમાં ચોથું માણસ ન હોવાથી આ ત્રણ માણસોની પશુચેષ્ટાને કસી રોકટોક થતી નહિ. એકદા ગોચરીએ નીકળેલા કોઈ અવધિજ્ઞાની મુનિરાજ તેની બારીમાં પેઠા. શાળવીએ મુનિરાજને જોયા. અને પોતાની પત્નીને ચુંબન કરી મુનિરાજને પૂછયું, 'કેમ તમને આવો સ્વાદ કયાંય જોવા મલે છે? આવું સુખ તમે કયાંઈ જોયું છે?' તમારા જેવા વનવાસીઓને આવું સુખ સ્વપ્નમાં પણ કયાંથી હોય?

મુનિરાજ અવધિજ્ઞાની હોવાથી તેનું તદ્દન અલ્પાયુ જાણી કહેવા લાગ્યા કે, 'હે ભદ્ર! અતિ અલ્પ જીવતર બાકી છે, જીવતરની છેલ્લામાં છેલ્લી ક્ષણો જાય છે, આ તારી કન્દર્પ-

ચેષ્ટા તને કુગતિમાં ફગાવી દેશે, માટે આવતા જન્મનું શંભળ લેવા માંડ.'

મુનિરાજનાં વચન સાંભળીને મરણની નિકટતા જાણી શાળવી એકદમ ગભરાયો અને મુનિને પુછવા લાગ્યો, 'હવે શું કરવું? મને બચાવો' આવાં તેનાં દૈન્ય વાકયો સાંભળી મુનિરાજે તેને નમસ્કારમહામંત્ર સંભળાવવો શરુ કર્યો.

નમસ્કારમહામંત્ર શાળવીના કાનમાં પડતાંની સાથે જ આત્મા ઉત્તમ હોવાથી તેના ચિત્તમાં એકાગ્રતા આવી ગઈ. દયાનાસમુદ્ર મુનિરાજ નમસ્કારનું રહસ્ય અને દેવ ગુરુ ધર્મનું સ્વરૂપ સંભળાવતા હતા ત્યાંજ ક્ષણવારમાં શાળવીનો આત્મા નમસ્કારમહામંત્રના પ્રભાવથી મનુષ્ય શરીરનો ત્યાગ કરી દેવલોકે ચાલ્યો ગયો. અર્થાત્ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

તેના અકાલ મરણથી તેની બન્ને પત્નીઓ રોકકળ કરવા લાગી સગાવ્હાલા ભેગાં થઈ રડવા લાગ્યાં. આ બાજુ દેવ બનેલ વણકરના જીવે દેવશય્યામાં ઉત્પન્ન થતાંની સાથેજ વિચાર કર્યો કે- હું ક્યાંથી આવ્યો? મેં પૂર્વજન્મમાં શું પુણ્ય કર્યુ હશે? ઇત્યાદિ વિચાર કરતાં અવધિજ્ઞાનથી પોતાનો શાળવીનો પૂર્વભવ દેખ્યો. પરમઉપકારી ગુરુદેવે સંભળાવેલ શ્રી પંચ-પરમેષ્ઠિમહામંત્રના પ્રભાવથી હું દેવગતિને પામ્યો છું, એમ જાણી એકદમ પોતાને ઘેર આવી ગુરુને પ્રણામ કર્યા. કુટુંબને પ્રતિબોધ કરી બધાંને નમસ્કારમહામંત્રનો પ્રભાવ સમજાવીને દેવ સ્વસ્થાનમાં ગયો.

—o—

બીજી વલી એક નાનકડી ઘટના

શ્રી જૈનશાસનના કથા સાહિત્યમાં ઘણા જાણીતા **ચારુદત્ત** નામના એકશેઠને **રુદ્રદત્ત** નામનો (મામાનો દીકરો) ભાઈ હતો. એકદા બોજો ઉચકવા સારુ બે બકરા સાથે લઈને બન્ને ભાઈ મુસાફરી માટે નીકળ્યા. બન્નેએ પહાડની મુસાફરી શરુ કરી. આગળ જતાં માર્ગ વિકટ આવ્યો. એટલે પાપ કરવામાં નિડર એવા રુદ્રદત્તે બન્ને બકરાને મારી નાખવાનો પોતાનો અભિપ્રાય જણાવ્યો. ચારુદત્ત દયાલુ હતો તેણે તેને આવું પાપ નહિ કરવા ઘણો સમજાવ્યો, પરંતુ ચારુદત્તના દયામય વાકયોની કઠોર હૃદયના રુદ્રદત્ત ઉપર જરાપણ અસર ન થઈ. બકરો મારી નાખ્યો અને જ્યારે ચારુદત્તના બકરા ઉપર તેની ક્રૂરનજર પડી ત્યારે બકરો દયામણા મુખે ચારુદત્તની સામું જોવા લાગ્યો. ચારુદત્તે તેને–બકરાને નમસ્કારમહામંત્ર સંભળાવવા માંડ્યા, ખૂબજ ધીરતા આપી, નમસ્કારનું સ્વરૂપ સમજાવ્યું. બકરો મરીને દેવ થયો અને પોતાના મહા ઉપકારી ચારુદત્તને ઘણો જ સહાયક થયો.

—o—

છેલ્લા દશપૂર્વધર મહાપ્રભાવક શ્રી વજ્રસ્વામીના સમાગમમાં બનેલી નમસ્કારની ચમત્કારી ઘટના

એકદા વિહાર કરતા શ્રીવજ્રસ્વામી સુરીશ્વરજીમહારાજ કોઈ એક નાના ગામડામાં પધાર્યા હતા. ત્યાં ઘણા ગામડીઆઓ વ્યાખ્યાન સાંભળવા આવતા હતા તેમને ગુરુમહારાજાએ ગંઠસી–વેઢસી મુઠસી–દીપસી વગેરે સંકેતપચ્ચક્ખાણનો ઉપદેશ આપ્યો.

તેમનો ઉપદેશ એક મદિરાના મહાવ્યસની શાળવીને ગમી ગયો. અને તેણે ગંઠસીનું પચ્ચક્ખાણ ધારવાનો અભિગ્રહ લીધો. પરંતુ મદિરાના વ્યસનમાં તરબોળ બનેલા આત્માએ વારંવાર નમસ્કારમહામંત્ર ગણવા, કંદોરાની ગાંઠ છોડવી, મદિરા વાપરવી, પાછો નમસ્કારમહામંત્ર ગણવો અને કંદોરાની ગાંઠ બાંધવી. આવું તેનું વર્તન જોઈને કુટુંબના માણસોને ઘણું જ આશ્ચર્ય થયું.

હંમેશનો અને આખા દિવસનો ગંઠસી પચ્ચક્ખાણનો વ્યવસાય ગમેલો હોવાથી વ્યસનીને કંટાળો આવતો ન હતો. પરંતુ જૈનશાસનના અજાણ વ્યસનીના કુટુંબને કંટાળો અને કુતૂહલ બન્ને ખૂબ થતાં હતાં. થોડા દિવસો બાદ એક દહાડો તે વ્યસનીએ રેશમનો દોરો કંદોરા તરીકે બાંધ્યો હતો. ગાંઠ સખત બેસી ગઈ હતી. મદિરા પીવાની ઇચ્છા ઘણી હતી. પરંતુ ગાંઠ ન છૂટવાના કારણે મદિરા તો ભૂલાઈ ગઈ પણ નમસ્કારમહામંત્ર ગણવાના ચાલુ રહ્યા. અને તેમાં એકાગ્રતા આવી ગઈ. તેટલામાં એકદમ આયુષ્ય તૂટ્યું અને (હમણાં જેમ માણસોને હાર્ટફેલ થઈ જાય છે તેમ) તે મરણ પામીને પહેલા દેવલોકે કપર્દીનામે યક્ષ થયો.

કોઈ પૂર્વાચાર્યે કહ્યું છે કે

"यः पूर्वं तंतुवायोऽकृतसुकृतलवैर्दुष्कृतैः पूरितोपि,
प्रत्याख्यानप्रभावादमरमृगदृशामातिथेयं प्रपेदे।
सेवाहेवाकशाली प्रथमजिनपदांभोजयोस्तीर्थरक्षा-
दक्षः श्रीयक्षराजः स भवतु भविनां विघ्नमर्दी कपर्दी ॥१॥"

અર્થ–પેલી અવસ્થામાં સુકૃતના અંશ વગરના દુષ્કૃતોમાં ડુબેલો શાળવી નાના સરખા પણ પચ્ચક્ખાણના પ્રભાવ વડે

દેવલોકમાં દેવાંગનાઓનું આતિથ્ય-મહેમાનગતિ પામ્યો. અને શ્રીઋષભદેવસ્વામીની સેવાની ટેવવાળો તથા શ્રી શત્રુંજયતીર્થની રક્ષા-રક્ષણ કરવામાં ચતુર એવો શ્રીકપર્દીયક્ષ ભવિજીવોનાં વિઘ્નોનો નાશ કરનાર થાએ.

આ દૃષ્ટાન્તથી સમજી શકાય છે કે પંચપરમેષ્ઠિમહામંત્રનો કેવો સુંદર પ્રભાવ છે? કે જેણે એક તદ્દન અજ્ઞાની ગામડીઆ અને કુવ્યસની એવા જીવને પણ એકમહાસ્થાન પ્રાપ્ત કરાવી ખરેખરો આરાધક બનાવ્યો છે.

આ પ્રમાણે આ નમસ્કારમહામંત્રના ઉપકારો શ્રી જૈન સાહિત્યમાં ઠામઠામ વેરાએલા પડ્યા છે. ઘણાંખરાં કથાનકોમાં નમસ્કારમહામંત્રનો ઉપકાર-મહિમા જરૂર ચર્ચાયો છે.

પંચપરમેષ્ઠિમહામંત્રના ચમત્કારનાં ઉદાહરણો વૃદ્ધારુવૃત્તિ વગેરે ગ્રંથોમાં ભીલ-ભીલડી, શિવકુમાર, શ્રીમતી, બ્રિજોરુ, હુંડિક ચોર, પિંગલ ચોર, પ્રમુખ ઘણાં છે જે વાંચવાથી નમસ્કારમહામંત્ર પ્રત્યે સદ્ભાવ કે આદર થયા વિના રહે નહિ. પરંતુ પંચપરમેષ્ઠિમહામંત્રના પ્રભાવની પુષ્ટિ માટે હજી પણ કેટલીક જરૂરી બાબતો લખવાની હોવાથી ઉપરના કથાનકો અહીં ટાંકયા નથી, તે આ ગ્રન્થમાં પાછળ પરિશિષ્ટમાં આપ્યાં છે.

શ્રીજૈનશાસનનાં બધાં વિધાનો સર્વજ્ઞમૂલક જ હોવાથી વસ્તુમાત્રની સિદ્ધિ આગમવાદ અને હેતુવાદ એ બે સાધનોદ્વારા કરવામાં આવે છે. કોઈક વસ્તુ કેવળ આગમવાદથી જ સિદ્ધ થાય છે, જ્યારે કોઈક વસ્તુ કેવળ યુક્તિવાદથી જ સિદ્ધ થાય છે અને કોઈકમાં બન્ને સાધનનો ટેકો હોય છે.

નમસ્કારમહામંત્રનો પ્રભાવ આગમથી પણ સિદ્ધ થએલો છે અને યુક્તિઓ—હેતુઓથી પણ બરાબર સમજાઈ શકે તેમ છે. આપણે આગમની (નમસ્કારમહામંત્ર માહાત્મ્ય પોષક) કથાઓ જોઈ ગયા. તેથી નમસ્કારમહામંત્રનો મહિમા આલોક અને પરલોકમાં પણ વ્યાપક છે તે જાણ્યું. હવે આપણે દલીલો પણ વિચારવી જોઈએ. શાસ્ત્રમાં કહ્યું છે કે—

"आगमश्चोपपत्तिश्च, संपूर्णं दृष्टिलक्षणं।
अतीन्द्रियाणामर्थानां, सद्भावप्रतिपत्तये ॥ १॥

અર્થ—"આગમ અને દલિલો એટલે યુક્તિઓ અતીન્દ્રિય અર્થોને એટલે સાક્ષાત્ નહિ દેખાતા એવા પદાર્થોને સમજવા સારુ આલંબન છે. આમ વિચારવું તે જ સંપૂર્ણ દૃષ્ટિ કહેવાય છે.

શંકા—આગમ એટલે શું?

સમાધાન—ગણધર મહારાજાઓ અને પૂર્વાચાર્યોના બનાવેલા ગ્રન્થો તે આગમ કહેવાય છે.

શંકા—પૂર્વાચાર્યોના બનાવેલા ગ્રન્થો હજારોની સંખ્યામાં છે જ્યારે આગમ તો પિસ્તાલીશ જ છે તેનું કેમ?

સમાધાન—શ્રીભદ્રબાહુસ્વામી, શ્રીહરિભદ્રસૂરિ, શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિ, શ્રીજીનભદ્રગણિક્ષમાશ્રમણસૂરિ, શ્રીઉમાસ્વાતિસૂરિ, શ્રીમલ્લવાદીસૂરિ તથા ચૂર્ણિકારો—શ્રીજીનદાસગણી, શ્રીધર્મદાસગણી, શ્રીસંઘદાસગણી વિગેરે તથા શ્રીઅભયદેવસૂરિ, શ્રીશીલગુણસૂરિ, કલિકાળસર્વજ્ઞશ્રીહેમચંદ્રસૂરિ, શ્રીમલધારીહેમચન્દ્રસૂરિ, શ્રીમલયગિરિસૂરિ, શ્રીદેવેન્દ્રસૂરિ, શ્રીધર્મઘોષસૂરિ, શ્રીમુનિચંદ્રસૂરિ, શ્રીમુનિસુંદરસૂરિ, વાદિવેતાલ શ્રીશાંતિસૂરિ વાદિદેવસૂરિ, વાચકવરશ્રીયશોવિજય ઉ. તથા શ્રીવિનયવિ. ઉપાધ્યાય

વિગેરે અને આવા બીજા કેટલાક મહાપુરુષોનાં વચનો આગમાનુસારિ હોવાથી આગમ જેવાં માનવામાં કાંઈ પણ વાંધો નથી.

શંકા–આગમો હતાં તો પછી આવા બીજા ગ્રન્થો બનાવવાનું પ્રયોજન શું ?

સમાધાન–આગમો એટલે સૂત્રો. તેનું લખાણ બહુ જ ટુંકું હોય છે અને તેને બાલ જીવો સમજી શકતા નથી. તેથી જેમ વ્યાકરણના સૂત્રો ઉપર ટીકાઓ રચવી પડે છે. તેમજ કાવ્યના ગ્રન્થો સમજવા ટીકાઓનો આધાર લેવો પડે છે. તેજ, પ્રમાણે બુદ્ધિના સમુદ્ર ગણધર મહારાજાઓનાં મહાન અર્થથી ભરેલાં વાક્યો સમજવા માટે આપણા કરતાં હજારોગુણા બુદ્ધિમાન્ પૂર્વાચાર્યોની ટીકાઓ અને ગ્રન્થો આપણા જેવા બાલજીવોને ઘણા જ ઉપકારી હોવાથી જરૂરી છે.

શંકા–"બુદ્ધિ અને લબ્ધિના ભંડાર ગણધર દેવોનાં મહાર્થવાક્યો સમજવાં બહુ જ દુર્લભ છે" આવું સ્થાને સ્થાને જાણવા મલે છે. તો પછી આગમો ઉપર વિવેચન લખનાર પૂર્વના ટીકાકારોનાં વાક્યો ઉપર વિશ્વાસ શી રીતે રખાય ?

સમાધાન–આજકાલ નિરાધાર સૂત્રોના અર્થ સમજાવનાર આપણા ગુરુદેવો કે પંડિત પુરુષો ઉપર વિશ્વાસ રખાય છે, તો પછી પરંપરાએ આપણા ગુરુદેવોના પણ ગુરુદેવો અને આપણા ગુરુદેવો કરતાં પણ સેંકડો કે હજારોગણી બુદ્ધિના નિધાન પૂર્વસૂરિવરો ઉપર વિશ્વાસ રાખવામાં વાંધો શો ?

કદાપિ શંકાકાર એમ પણ દલીલ કરે કે આપણા ગુરુદેવો આગમને અનુસરનારી યુક્તિઓ પૂર્વક અર્થ સમજાવે છે. માટે આપણા ગુરુનાં વિવેચનો અમને માન્ય છે. તેજ ન્યાયથી

પૂર્વાચાર્યોએ પણ આગમાનુસારિણી યુક્તિઓ પૂર્વક જ આગમાર્થ સમજવા સારુ નિર્યુક્તિઓ, ભાષ્ય, ચૂર્ણિઓ અને ટીકાઓ તેમજ ગ્રન્થો બનાવ્યા છે. માટે જ ભવભીરુ આત્માઓએ સૂત્રની પેઠે જ પૂર્વાચાર્યોનાં વાકયો માન્ય રાખવાં જોઈએ. એટલા જ માટે મહર્ષિપુરુષો ફરમાવે છે કે "વસ્તુતત્ત્વ સમજવા માટે પ્રથમ આગમ એટલે પૂર્વપુરુષોનાં વાકયો અને પછી યુક્તિનું આલંબન લેવું" અર્થાત્ એ બન્ને દ્વારા હેય-જ્ઞેય અને ઉપાદેય વસ્તુ સમજવી.

તેથી હવે નમસ્કારમહામંત્રની મહત્તા સિદ્ધ કરવા થોડી દલીલો પણ વિચારીએ કારણ કે—

"जो हेउवायपक्खंमि हेउओ आगमम्मि आगमिओ ॥
सो समयपन्नवओ सिद्धान्तविराधगो अन्नो ॥ १ ॥"

અર્થ-જે વસ્તુ આગમોથીજ સિદ્ધ છે ત્યાં યુક્તિવાદ કામ લાગતો જ નથી તે જગ્યાએ તે વસ્તુ સમજવા માટે આગમનો જ આશ્રય લેવો જોઈએ. ત્યાં યુક્તિ લગાડવી વ્યાજબી નથી. તથા જે જગ્યાએ યુક્તિઓથી=દલીલોથી (પક્ષ-હેતુ દૃષ્ટાંતથી) વસ્તુ સમજાવી શકાતી હોય ત્યાં એકલા આગમનો જ આધાર ન રાખતાં દલીલો પણ લગાવવી અને શ્રોતાઓના ચિત્તમાં ભગવાન જીનેશ્વરદેવના વચનની સત્યતા સમજાવવી જોઈએ. જે એ પ્રમાણે વર્તે છે તેજ ગીતાર્થપુરુષો ભગવાનવીતરાગના આગમવચનો બીજાઓને સમજાવવા યોગ્ય છે. તેજ ગીતાર્થ મહાપુરુષ ગ્રન્થો બનાવી શકે અને વ્યાખ્યાન વાંચી શકે છે.

આથી વિપરિત એટલે હેતુવાદ તથા આગમવાદના અજાણ

(કઈ જગ્યાએ હેતુવાદનો ઉપયોગ કરવો અને કઈ જગ્યાએ આગમવાદનો ઉપયોગ કરવો આવું જે સમજતો ન હોય તે) માણસ ગ્રન્થ બનાવે, અથવા વ્યાખ્યાન વાંચે, તો તે મનુષ્ય સિદ્ધાન્તનો વિરાધક બને છે.

પ્રશ્ન–આગમવાદ કોને કહેવાય ?

ઉત્તર–નિગોદાદિનાં સ્વરુપો આગમવાદ કહેવાય છે. તેમાં જણાવ્યું છે કે—

"पइ तं असंखअंसा पइ अंसमसंखया गोला।
गोले असंखानिगोओ सोऽणंतजिओ जिओ असंखपएसो ॥२॥"

એક અંગુલમાં અસંખ્યાતા આકાશ પ્રદેશો હોય છે. એકેક આકાશપ્રદેશ ઉપર સૂક્ષ્મ નિગોદના ગોળા અસંખ્યાતા હોય છે. એક ગોળામાં અસંખ્યાતી નિગોદો હોય છે. એક નિગોદમાં અનંતાનંત જીવો હોય છે.

આ વર્ણન કેવલી ભગવાને જ્ઞાનથી જોઈને જ કહ્યું છે. કેવલી ભગવંતો રાગ, દ્વેષ, અજ્ઞાનતા રહીત હોવાથી અસત્યવાદી હોય નહિ. માટે ઉપરનાં નિગોદાદિનાં સ્વરુપો વીતરાગ અને સર્વજ્ઞ પુરુષોએ જ્ઞાન વડે જાણીને કહેલાં હોવાથી તદ્દન સાચાં છે તેમાં શંકા કરવાની જરૂર નથી.

પ્રશ્ન–હેતુવાદ કોને કહેવાય ?

ઉત્તર–વસ્તુસ્વરુપ સમજવા માટે ઉપયોગી અને આગમ અવિરુદ્ધ એવા અનુમાનાદિક પ્રમાણનું વર્ણન જેમાં હોય તે.

પ્રશ્ન–કંદમૂલમાં અનંતા જીવો કેવી રીતે હોઈ શકે ? તે દલીલથી સમજાવો.

ઉત્તર–આગમ પ્રમાણ તો ચોખ્ખું ફરમાવે છે કે—
जेसिं अणंताणं तणु पगा साहारणा ते उ"

અર્થ–જે અનંતા જીવોનું એક શરીર તે સાધારણ વનસ્પતિ કહેવાય છે. સાધારણ વનસ્પતિ કહો કે અનંતકાય કહો બન્ને પર્યાય નામો છે. (એક જ શરીરમાં અનંતા જીવો એક સાથે જન્મે છે અને સાથે જ શ્વાસ, આહાર આદિ લે છે તથા અલ્પ આયુષ્ય ભોગવી મરે છે અને વળી પાછા જન્મે છે તેવા કંદાદિ અનંતકાય કહેવાય છે.)

પ્રશ્ન–એક જ શરીરમાં અનંતા જીવો રહે અને આપણે દેખી શકીએ નહિ આ કેમ બની શકે?

ઉત્તર–અબજો વનસ્પતિ અને બનિજ પદાર્થોની એક દવા બને છે. તેની બસબસના દાણા જેવડી ગોળી બને છે. 'આ ગોળીઓ પૈકીની એક ગોળીમાં ઉપરની અબજ ચીજો રહેલી જેમ માનવી પડે છે' 'એ જ પ્રમાણે એક શરીરમાં અનંતા જીવો રહે છે' તે સર્વજ્ઞ ભગવાનોએ જ્ઞાનથી જોઈને કહેલું હોવાથી સાચું જ માનવા યોગ્ય છે.

પ્રશ્ન–એક મુહૂર્તમાં ૧,૬૭,૭૭,૨૧૬ એક ક્રોડ સડસઠ લાખ સત્યોતેર હજાર બસોને સોળ આવલિકા બતાવવામાં આવી છે. આ વાત દલીલથી સમજાવી શકો છો?

ઉત્તર–અહીંથી અમેરિકા આશરે પાંચ હજાર માઈલ દૂર છે. તેના દંડ કરીએ તો ૫૦ લાખ દંડ થાય છે તેના હાથ કરીએ તો બે ક્રોડ હાથ થાય છે. તેના આંગુલ કરીએ તો અડતાલીશ ક્રોડ થાય તેના યવ કરીએ તો ત્રણ અબજ ને ચોરાસી ક્રોડ યવ થાય છે. તેની યુકા કરીએ તો ત્રીશ અબજને બહોતર ક્રોડ થાય છે. હવે અમેરિકામાં બોલાએલ

શબ્દ રેડિયા યંત્રની સહાયથી બેજ મિનિટમાં અહીં-પાંચ હજાર માઈલ આવી જાય છે. પ્રસ્તુત રેડિયા મારફતે આવતા શબ્દો જ્યાંથી રવાના થાય છે, તે વચલા પણ બધા આકાશ વિભાગોને સ્પર્શીને જ આવે છે. વચલા બધા જ આકાશ વિભાગોને સ્પર્શતાં બેજ મિનિટ થાય છે, ઉપરના યૂકાગ્ર પ્રમાણ આકાશ વિભાગો ત્રીશ અબજ ને બહોતેર કરોડ થયા. એક મિનિટમાં એક શબ્દ રેડિયાની સહાયથી પંદર અબજ અને છત્રીશકરોડ યૂકા વિભાગ ચાલ્યો. આ પ્રમાણે દરેક યૂકાવિભાગ પ્રમાણનો ટાઈમવિભાગ વિચારાય તો એક મિનિટનો પંદર અબજ અને છત્રીશ કરોડમો ભાગ આપણે સમજી શકીએ છીએ.

આજ પ્રમાણે યૂકાના આઠમા ભાગની લીક્ષા અને લીક્ષાથી પણ ઝીણા ભાગો વિચારી શકાય તેવું છે. તેનાથી પણ આકાશ પ્રદેશ ઘણાજ બારીક છે. બધા શબ્દો સમશ્રેણીના બધાએ આકાશ વિભાગોને સ્પર્શીને જ આવે છે. અમેરિકા અને આપણી વચ્ચે અસંખ્યાતા આકાશ પ્રદેશ છે. 'જેટલા આકાશ પ્રદેશ તેટલા એક મિનિટના સમય' એ પણ યુક્તિથી સમજાઈ શકે તેવું છે.

શાસ્ત્રોમાં આગમ અને યુક્તિઓથી સમજવાની આવી ઘણી વાતો છે, અને તેને બુદ્ધિમાન પુરુષો વિચારે તો બરાબર સમજી શકાય તેવી છે.

માટે હવે પંચપરમેષ્ઠિ મહામંત્રનું માહાત્મ્ય આપણે યુક્તિઓ દ્વારા વિચારીએ.

જગતમાં ધર્મો ઘણા હતા, હમણાં પણ ઘણા છે અને સદાકાલ અનેક ધર્મો રહેવાના છે. દરેક ધર્મને માનનારા મનુષ્યો

પોતપોતાના ધર્મપ્રરૂપક પુરુષોના વિધાન અનુસાર ધર્મનું આચરણ કરે છે. મોટા ભાગના મનુષ્યો બાપદાદાના ધર્મને જ વલગી રહ્યા હોય છે. ગતાનુગતિક સ્વભાવને અનુસરતું લગભગ આખું જગત પરમાર્થથી અજાણ છે.

છતાં એટલું ચોક્કસ છે કે, દુનિયામાં સદાચરણ પ્રત્યે સદ્‌ભાવ હોવાથી અનાચારનો વિરોધ જરૂર છેજ અને તેજ કારણથી કોઈને કહેવું પડયું છે કે–

"કામ ક્રોધ મદ લોભકી, જબલગ ઘટમાં ખાણ;
તબલગ પંડિત મુર્ખહી, સબહી એક સમાન."

જ્યાં સુધી માણસમાં કામવિકાર, ક્રોધ, માન, માયા અને લોભ જીવતા અને જાગતા બેઠા હોય તે માણસ ગમે તેટલું ભણેલો હોય તો પણ વાસ્તવિક રીતે અભણ જ ગણાય. કારણ કે, જ્ઞાન એ આત્માનો ગુણ છે માટે જ્ઞાનદ્વારા આત્માને લાભ જ થવો જોઈએ, એના બદલે આત્માને નુકશાન થાય તો તે જ્ઞાન કેમ કહી શકાય? કહ્યું છે કે–

"**तदधीतं श्रुतं येन, नैवात्मा नरके पतेत्।**
क्लेशाय सकलं शेषं, सर्वमेव विडम्बना॥ १॥"

અર્થ – ભણેલું (જ્ઞાન) તે જ કહેવાય કે જેના વડે આત્મા નરકાદિ કુગતિઓમાં ચાલ્યો ન જાય.* બાકી બધું ભણતર આત્માને કલેશ અને વિડંબના પૂરતું જ ગણાય. એટલે સંસારમાં (મનુષ્યપણામાં) પણ જ્ઞાનથી જ મનુષ્ય પૂજાય છે. રાજા–મહારાજાઓના અધિકારીઓ, ધનવાન વેપારીઓના મુનિમો, જ્ઞાતિના આગેવાનો, બુદ્ધિબલથી જ મોટાઈ મેલવે છે. કહ્યું છે કે-

"સાત વેંતના સર્વ જન, કિંમત અક્કલ તુલ્ય;
સરખા કાગલ હુંડીના, આંક પ્રમાણે મુલ્ય."

બુદ્ધિ એ આત્માનો જ્ઞાનગુણનો બહિર્મુખીય પ્રકાર છે. ચાલુ જન્મમાં પણ આત્મા બુદ્ધિની (જ્ઞાનની) સહાયથી જ મહાન દેખાય છે. તો પછી જો અંતરદૃષ્ટિથી આત્મામાં જ્ઞાન-ગુણ પ્રકટ થાય તો ભવાન્તરમાં પણ આત્મા જ્યાં જાય ત્યાં કેમ ન પૂજાય? કહ્યું છે કેઃ-'વિદ્વાન્ સર્વત્ર પૂજ્યતે' અહીં વિદ્વાન્ બીજું કોણ? વિદ્વાન્ આત્મા જ છે. જીવ વિનાનું વિદ્વાન્નું મડદું તો બાળી જ નખાય છે, મડદાની પૂજા પણ તેમાં રહીને ગએલા આત્માના પ્રભાવથી જ થાય છે. માટે જ્ઞાની આત્મા પ્રતિદિવસ જ્ઞાનના વિરોધિ-કામ, ક્રોધ, મદ અને લોભને વધારે નહિ, પણ ઘટાડે તો જ વિદ્વાન્ જ્ઞાની કહેવાય અને તો જ તે સર્વત્ર પૂજાય.

જે જીવોએ અનંતીવાર મનુષ્યપણું મેલવ્યું, જગતમાં પૂજ્યગણાતું સ્થલ પ્રાપ્ત કર્યું, અને જ્ઞાની-બુદ્ધિશાળી તરીકેની પદવી પણ ભોગવી છતાં-કામ, ક્રોધ, મદ અને લોભ ન ઘટ્યા, ઘટાડવા તરફનું લક્ષ પણ ન થયું, ઉલટું તે કામાદિશત્રુઓને વધારવામાં જ પોતાની બધી શક્તિઓ ખર્ચી, તેવા જીવોને જ્ઞાની ન કહેવાય.

શંકા—આ જીવને અનંતીવાર ગુણો મલવા છતાં પાછા કેમ ચાલ્યા જતા હશે? અને કયારેક થોડા દોષો ઓછા થાય છે તે ફરી પાછા આત્મામાં આવી જાય છે તેનું કારણ શું?

સમાધાન—કારણ ચોખ્ખું દીવા જેવું સમજાય એવું છે. જુઓ, જ્યાં જેની નાત-જાત કે સગાં-વ્હાલાં ઘણાં હોય ત્યાં તેનું જોર ઘણું હોય તે સ્વાભાવિક છે. જ્યાં મુસલમાનોનાં બે ચાર હજાર ઘર હોય ત્યાં દશ-વીશ હિંદુઓનાં ઘર હોય

તો પણ ન હોય એવાં જ લાગે. તેઓને વહેલાં–મોડાં તે ગામ છોડવું પડે કે વટલાઈને મુસલમાન થવું પડે. તે જ પ્રમાણે અનંતા કાલથી આત્મામાં અનંતા દોષોની ખાણો ભરેલી છે તેમાં કોઈકવાર મનુષ્યનો જન્મ મળતાં પાંચ–પચીશ ગુણો, આવી જાય પરંતુ કામ, ક્રોધ, મદ અને લોભાદિ–દુર્ગુણોથી ઠાંસીને ભરેલા આત્મનગરમાં કોઈકવાર હિંદુ જેવા ગરીબડા બે-પાંચ-દશ ગુણો આવે તો પણ ક્રોડો–અબજોની સંખ્યાવાલા અવગુણો–રુપ મુસલમાનોથી ભરેલા–પાકીસ્તાનરુપ આત્મામાં શી રીતે ટકી શકે ?

શંકા–આત્મામાં જે જે ગુણો જ્યારે આવશે તે શરૂ–આતમાં થોડા અને અનંતા દોષોની હાજરીમાં જ આવવાના ઉપરના વર્ણન મુજબ તેઓ હારીને બીઆઈને ભાગી જશે તો કોઈ કાલે પણ ગુણોનું જોર વધશે જ નહિ અને દોષો ઓછા થશે જ નહિ. તો પછી આત્મા પોતાની અનંતગુણસંપત્તિ કેમ પામી શકશે ?

સમાધાન–બસ, એજ પ્રમાણે જીવના અનંતા ફેરા નકામા ગયા છે. થોડા ગુણો આવ્યા અને ઘણા દોષોએ તેમને હરાવીને નસાડી મુક્યા, અને બિચારા અજ્ઞાની આત્માએ ગુણોનો પક્ષ ન કરતાં દોષોનો પક્ષ ચાલુ રાખ્યો. એટલે ગુણોની કયારે પણ જિત ન થતાં હાર જ થઈ છે. વાત પણ સાચી જ છે કે જેનો વકીલ બલવાન હોય તેને જ જિત મલે છે.

હવે જો અનંતા અવગુણોની હાજરીમાં પણ થોડા ગુણો આવે અને આત્મારામ જાગૃત થઈ જાય, અવગુણોની વકીલાત બંધ કરીને ગુણોનો પક્ષપાત વધારે, દોષનો વિરોધ અને

ગુણની મિત્રતા પ્રારંભાય તો ભલે દોષોની અનંતતા હોય તો પણ તેમની હાર થવાની, તેઓ આત્માનું સ્થાન છોડી રવાના થવા માંડશે અને ગુણો આવીને વસવા લાગશે. એમ ક્રમે કરીને આત્મા ગુણોથી સંપૂર્ણ થઈ જશે. જેમ જેમ આત્મામાં ગુણનો પક્ષપાત અને દોષવિરોધની માત્રા વધે છે. તેમ તેમ તે દોષ-રહિત અને ગુણસંપૂર્ણ બને છે. એ તદ્દન શંકા વિનાની વાત છે.

શ્રીજૈનશાસનમાં અને બીજા દર્શનોમાં ગુણનો આદર સમાન હોવા છતાં સમજણનો ઘણો જ તફાવત છે. એટલે જ ગુણનો આદર હોવા છતાં ઈતર દર્શનોમાં ગુણો આવતા નથી અને આત્મા સંપૂર્ણ બનતો નથી અને સંપૂર્ણતાના અભાવે જીવ મોક્ષ મેળવી શકતો નથી.

શંકા–જો ઈતરદર્શનોમાં જૈનદર્શનના જેવો જ ગુણાનુરાગ કે ગુણાદર હોય તો પછી ગુણોની વૃદ્ધિ થવામાં હરકત શું ?

સમાધાન–એકલો ગુણાનુરાગ નકામો છે. સાથોસાથ ગુણોની ઓળખાણ પણ હોવી જોઈએ ગુણોની ઓળખાણ ન હોય અને એકલો ગુણાનુરાગ હોય તો ફાયદો તો નથી થતો પણ નુકસાન ચોક્કસ થાય છે. જેમ કોઈ ચાંદી ઉપરના રાગવાલો ચાંદીના ફક્ત ચકચકાટને જ ઓળખતો હોય અને ચાંદીના ગુણને જાણતો ન હોય તો તે ચાંદીની જગ્યાએ છીપને પણ ચાંદી માનીને ગ્રહણ કરતાં વાર લગાડતો નથી, તેમ ગુણની ઓળખાણ વગરનો મનુષ્ય ખોટા ગુણાનુરાગથી કોઈકિવાર સાચા ગુણનો ત્યાગ કરીને ગુણાભાસને પણ આદરી બેસે છે.

શંકા–એમ કેમ કહો છો ? જૈનો સિવાયના ઈતરદર્શન-કારો પણ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ ધર્મોને ચોક્કસ માને છે.

સમાધાન–અહિંસાદિ પાંચને શ્રી વીતરાગ શાસનમાં પ્રથમ નંબરે સ્થાન અપાયું છે. નીતિ અને ધર્મ બંનેને આ પાંચ વસ્તુની અનિવાર્ય જરૂર છે, માટે જ ઈતરદર્શનકારોએ પણ આ પાંચ મહાધર્મોને–વચનથી સ્વીકાર્યા છે. પરંતુ આચરણમાં અહિંસાદિ પાંચને સ્પર્શમાત્રથી પણ આચર્યા નથી.

ઈતરદર્શનપ્રરુપકોએ અહિંસાને સારી માનવા છતાં, 'अहिंसा परमो धर्मः' સ્થાને સ્થાને લખવા છતાં, તેનાથી વિપરીત ઘણું લખ્યું છે. જુઓ– રાજાઓને શિકાર કરવાથી પાપ ન લાગે પરંતુ ધર્મ થાય છે, હિંસક પ્રાણી સર્પાદિનો નાશ કરે એમાં અધર્મ નથી, સિંહ અને વાઘ જેવા પશુઓનો નાશ કરવો–કરાવવો તે અધર્મ નથી, બિલાડાં વિગેરે પ્રાણીઓ પોતાની પ્રાણવૃત્તિ માટે અન્ય જીવોનું ભક્ષણ કરે તેથી તે જીવોને પાપ લાગતું નથી. આવાં આવાં હિંસાને જ સમર્થન આપનારાં વચનો સ્થાને સ્થાને જોવાતાં હોવાથી તે તે વાંચનાર મનુષ્યોમાં અહિંસાની વૃત્તિ ઉત્પન્ન થતી નથી અને હિંસાની વૃત્તિ ચાલુ રહે છે. એટલે અહિંસાને માત્ર વચનથી માની છે પરંતુ આચરણથી નહિ.

તેમજ બ્રહ્મચર્યના વખાણો કરવા છતાં આપત્તિકાળે રાજાની રાણીઓને પણ પોતાનું રાજ્ય ટકાવી રાખવા ઋષિ મુનિઓની સાથે વિષય સેવન કરવું વિગેરે વાતો લખવી પડી છે, તથા 'पंचसु आपत्सु नारीणां पतिरन्यो विधीयते'–પાંચ કારણે સ્ત્રીઓ બીજો પુરુષ પણ કરી શકે આવું પણ લખાણ લખાયેલ છે. વિશ્વામિત્ર અને પારાસર જેવા સ્ત્રીઓ દેખીને ભ્રષ્ટ થઈ ગયા છતાં તેમનું મુનિપણું માન્ય રખાયું છે, તથા વશિષ્ઠ અને ગૌતમ જેવા જીવ્યા ત્યાં સુધી સ્ત્રીઓવાળા રહ્યા છતાં તેમને

મહર્ષિ તરીકે માન્ય રાખ્યા છે. તથા ગૃહસ્થાશ્રમી મનુષ્યો પોતાની પત્ની સાથે મૈથુન સેવે તેમાં પાપ લાગતું જ નથી. તથા ઋતુધર્મને પામેલી પુત્રીને નહિ પરણાવનાર પિતાને પગલે પગલે મહાપાપી વર્ણવ્યો છે, તથા કન્યાદાનને મહાદાન કીધેલું છે. ઈતરદર્શનકારોનાં આવાં બધાં વિધાનો બ્રહ્મચર્યનાં પોષક તો જરા પણ નથી પરંતુ નાશક ચોક્કસ છે.

એવી જ રીતે સત્યનું સમર્થન કરતાં ઇતરદર્શનકારોએ પોતે જ એટલાં બધાં અસત્ય લખ્યાં છે કે વાંચનારને સાંભળતાં વાંચતાં આશ્ચર્ય થયા વિના રહે જ નહિ. આ જ પ્રમાણે અચૌર્ય અને અપરિગ્રહની વાતો પણ વાંઝણીના પુત્રને પરણાવવા જેવી જ લખાઈ છે.

એટલે ગુણની સમજણ વિનાનો ગુણાનુરાગ તે લાભદાયક નથી પરંતુ લાભનો નાશ કરનાર છે, એમ માન્યા વિના ચાલતું નથી.

શંકા – ગુણની સમજણ ભલે ન હોય તોપણ ગુણાનુરાગ હોય તો શું ખોટું છે? અમે કયાં દોષોના રાગનો પક્ષપાત કરીએ છીએ?

સમાધાન – ગુણાનુરાગ વસ્તુ ઘણી સારી ચીજ હોવા છતાં ગુણની ઓળખાણ ન હોવાથી લાભ બીલકુલ થાય નહિ પણ દોષ પ્રકટ થાય છે. જુઓ, ઔષધના રાગવાળો મનુષ્ય ઔષધની ઓળખાણ વિના ઔષધ ખાય તો વખતે મરી પણ જાય. વેપાર કરવામાં હુંશિયાર પણ તેજી – મંદીનું ધ્યાન રાખે જ નહિ તો ચોક્કસ મૂળ મુડિ ગુમાવીને ભીખ માંગતો થાય. ઉદારતા ગુણ ઘણો જ સારો હોવા છતાં આવક – જાવકની ખબર જ ન રાખે તો ઉદારતા તો જાય પરંતુ સાથે સાથે આબરુ

પણ જાય. એટલે સમજણ વિનાનો ગુણાનુરાગ પીત્તળમાં સોનાનું, છીપ અને જસતમાં ચાંદીનું અને કાચમાં હીરાનું ભાન કરાવી નાખતો હોવાથી ગુણાનુરાગ સારો હોવા છતાં પરિણામે નુકશાન કરનાર જ નિવડે છે.

શંકા – (આતો બધી સંસારની વાતો છે.) અમે તો દેવ ગુરુ, ધર્મમાં ગુણાનુરાગ માનવાનું કહીએ છીએ એમાં શું વાંધો ?

સમાધાન – મોટો વાંધો જ એમાં છે, છબરડો જ એમાં વળે છે, દેવ, ગુરુ અને ધર્મના નામે જ જગતભરમાં મોટાં ગાબડાં પડ્યાં છે.

જુઓ, દુનિયાની કહેવતો – બાપ એવા બેટા, મા એવી દીકરી, રાજા તેવી પ્રજા એ જ પ્રમાણે 'દેવ તેવા ભક્તો' આ આખાયે જગતમાં કુદેવ, કુગુરુ અને કુધર્મોએ આત્માનું જેટલું બગાડયું છે, તેટલું માથાના કાપનાર શત્રુઓએ પણ બગાડયું નથી.

અનંતા કાલે કોઈ વાર મનુષ્ય જન્મ મલે છે તે પણ કુદેવ, કુગુરુઓના પ્રપંચો દ્વારા મહાપાપાચરણો આચરવાથી નકામો બને છે અને ફેર પાછો આત્મા ચોરાશીના ફેરા કરવા ચાલ્યો જાય છે. કોઈ કવિરાજ કહે છે કે–

કાં તો ગુરુ બાવળીઓ મળીયો, કાં તો જીવ તું પાપી,
ધર્મપ્રયાસ અનંતા કીધા, પણ કર્મજાલ નવી કાપી.

મનુષ્યજન્માદિ જેવી સુસામગ્રીઓ મલવા છતાં, ગુણાનુરાગ આવવા છતાં ગુણ ઓળખવાનો પ્રયાસ ન થયાથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર–જેવા પણ કંચન–કામિનીના ભજનારા હતા.

ગુણની ઓળખ વિના જૈનેતરોએ હિંસા-જુઠ-ચોરી-મૈથુન-પરિગ્રહમાં તથા યુદ્ધ અને શ્રાપ જેવા ભયંકર દોષોમાં તરબોળ બનેલા કુદેવોને દેવ તરીકે માની લીધા અને કંચન-કામિનીના ત્યાગી, હિંસા-જુઠ-ચોરી-મૈથુન-પરિગ્રહ યુદ્ધ-શ્રાપ-રાગ-દ્વેષ-અજ્ઞાનતાના ત્યાગી, શત્રુ-મિત્ર પર સમચિત્ત-વૃત્તિવાળા; જગતના પ્રાણીમાત્રના અકારણ બંધુ જેવા, હિતા-હિતની સાચી સમજણ બતાવનારા, સ્વયં સત્ય આચરણ આચર્યા પછીજ આખા જગતને સાચું સમજાવનાર, લોકાલોક અને જીવાજીવને જાણનારા સર્વદોષથી મુક્ત અને બધા જ ગુણોની ખાંણ એવા શ્રી વીતરાગદેવોને છોડી દીધા. એટલું જ નહિ પરંતુ તેઓથી કુદેવોનાં વખાણ અને સુદેવોની નિન્દા પણ ચોક્કસ થાય છે. કુદેવોની પ્રશંસા સાંભળીને આનંદ થવા સાથે ભગવાન વીતરાગની પ્રશંસામાં ભારોભાર દ્વેષ પણ કરાય છે. એટલે અહિંસાદિમાં જેટલી પોલ છે તેટલી જ પોલ દેવ પ્રત્યેના ગુણાનુરાગમાં પણ રહેલી છે.

એ જ પ્રમાણે ગુરુઓમાં રહેલો તેમનો ગુણાનુરાગ ગુણની ઓળખાણના અભાવે મિથ્યાત્વની પુષ્ટિ કરનારો બને છે. તેમને ગુણની ઓળખાણના અભાવે ગૌતમસ્વામી, સુધર્મા-સ્વામી, જંબૂસ્વામી, શાલિભદ્ર, ધન્નાજી, સ્થૂલભદ્રજી, મેઘ-કુમાર, ઢંઢણમુનિ આદિ મહર્ષિઓની કથાઓ વાંચતાં જરાપણ આનંદ થતો નથી પરંતુ વિશ્વામિત્ર, પારાસર, દ્વૈપાયન, વશિષ્ઠ, અગસ્ત્ય, અત્રી, ગૌતમ, વાલ્મિકી, ગણપતિ, કાર્તિકસ્વામી વિગેરેની વાતો સાંભળવામાં ઘણો જ રસ પડે છે કારણ કે

'પુરી એક અંધેરી ને ગંડુરાજા; ટકે શેર ભાજી ટકે શેર ખાજા'

જેમ એક ગંડુ રાજાની અંધેરી નગરીમાં, નગરી છે અંધેરી અને રાજા છે ગાંડો એટલે, ભાજી અને ખાજાની કિંમત સરખી હતી, તેમ અન્ય દર્શનકારોએ કંચન-કામિની રાખનારા કાચા અને અણગલ જળમાં સ્નાન કરનારા, વનસ્પતિઓનું છેદન-ભેદન કરનારા, કંદમૂળ ખાનારા એવા કુગુરુઓને ગુરુ માન્યા. અને ઘરબાર, પત્ની, પરિવાર, ધન-દોલત, રાજ્ય-અધિકારને વમન તથા વિષ્ટાની માફક ત્યાગ કરી, તદ્દન અકિંચન ભાવ આદરી, સર્વકાલ શરીરમાં પણ નિઃસ્પૃહ રહી, આહાર-વસ્ત્રનું પણ મમત્વ ત્યાગી, માધુકરી વૃત્તિમાં જીવન જીવનારા સદ્‌ગુરુઓને ઓળખ્યા જ નહિ. આમ થવાનું ખરું કારણ ગુણની ઓળખાણનો અભાવ જ છે.

શંકા-બનવા યોગ્ય છે કે દેવ-ગુરુમાં કદાપિ સંપૂર્ણતા ન હોય તો પણ ધર્મનું વર્ણન બરાબર હોય તો જગતને લાભ થવામાં વાંધો શો ?

"पंचैतानि पवित्राणि, सर्वेषां धर्मचारिणां ।
अहिंसा सत्यमस्तेयं, ब्रह्मचर्यमसंगता ॥"

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અસંગતા (સર્વસ્વત્યાગ) સર્વ દર્શનકારોએ સરખી રીતિએ માન્ય કરેલ છે. એટલે ધર્મની આરાધનાનો લાભ બધાઓને સરખો મલવામાં વાંધો કયાં રહ્યો ?

સમાધાન-દેવોએ ધર્મનું વર્ણન કર્યું પણ પોતે આચરણમાં મૂકયું નહિ. ગુરુઓએ ધર્મને વાંચી સંભળાવ્યો પણ પોતે આદર્યો નહિ. તેથી ભક્ત લોકોમાં ધર્મની અસર થઈ નથી, થતી નથી અને થવાની પણ નથી, કારણ કે મહાજનો યેન

गतः स पन्थाः મોટા માણસોનું આચરણ જોઈને ભક્ત મનુષ્યો અનુકરણ કરે છે. જુઓ; બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અસંગતાની વાતો જણાવી છતાં તેમણે પોતે હિંસા, જુઠ, ચોરી, મૈથુન, પરિગ્રહનો ત્યાગ કર્યો જ નથી તે જ પ્રમાણે ગુરુઓ–ઋષિમુનિઓએ પણ શ્રાપો આપ્યા છે. શ્રાપ દેવાથી હિંસા લાગે છે જૂઠ બોલાય છે. અને સ્ત્રી સેવન પણ કરેલ છે. સ્ત્રીઓ (પરસ્ત્રીઓ) સેવવાથી ચોરી, મૈથુન, અને પરિગ્રહ એ ત્રણે દોષો લાગે છે. માટે ઉપરના ધર્માચરણની વાતની જરા પણ અસર થતી નથી.

જ્યારે શ્રીજૈનધર્મના પ્રરૂપક શ્રીતીર્થંકરદેવો પોતે સંપૂર્ણ આચરણવાળા હતા. ભવાભિનંદી અને પુદ્ગલાનંદી એ બે આત્માની ભયંકર અપદશાઓનો ત્યાગ કરી સંપૂર્ણ આત્માનંદપણાને અનુભવીને સહજાનંદપણાને પામેલા હતા. શબ્દ, રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શના તમામ વિકારોનો ત્યાગ કરીને અવિકારીદશાને અનુભવનારા બન્યા. ક્રોધાદિ શત્રુઓનો નાશ કરી, સચ્ચિદાનંદસ્વરૂપને પામ્યા, સર્વજ્ઞતા, વીતરાગતા અને યથાર્થભાષિતા વિગેરે અનંતગુણોના ભોગી થયેલા છે માટે જ જગતના ઉપકારી છે.

તે જ પ્રમાણે શ્રીવીતરાગ શાસનના ગુરુઓ પણ સર્વથા હિંસા, જુઠ, ચોરી, મૈથુન, પરિગ્રહનો ત્યાગ કરીને બાહ્ય–અભ્યન્તર પરિગ્રહને છોડીને પોતે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધના કરે છે. અને યોગ્ય જીવોને શ્રીવીતરાગ-માર્ગનો ઉપદેશ આપે છે. આ રીતે જૈનોના દેવ અને ગુરુઓ સ્વયં તરે છે અને અન્યને પણ તારનારા બને છે.

જૈનધર્મ પણ શ્રીવીતરાગદેવ અને આચાર્યાદિ ગુરુઓએ

આચરેલો, જગતના પ્રાણી માત્રને ઔષધની માફક પરિણામે હિતકારી, જીવમાત્રની દયામય, સમ્યક્‌ક્રિયામય, સમ્યગ્‌-દર્શન–જ્ઞાન–ચારિત્રમય, દાન–શીલ–તપ–ભાવનામય, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, અને ભાવને લક્ષમાં રાખી નિશ્ચય અને વ્યવહારથી-સંબદ્ધ, શ્રીવીતરાગદેવનો જ બતાવેલો, પક્ષ, હેતુ અને દૃષ્ટાંતથી સિદ્ધ થયેલો, વિસંવાદ વગરનો હોવાથી ન્યાયી મનુષ્યોને, બુદ્ધિમાન મનુષ્યોને અને પરીક્ષક મનુષ્યોને માન્ય છે.

જૈનશાસનમાં ધર્મમાર્ગને મજબૂત બનાવવા માટે અહિંસાદિ પાંચેને સમર્થન કરનારા જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર વિગેરે સાધ્વાચારોનાં વિસ્તારથી વર્ણનો બતાવ્યાં છે. અને તેને ક્ષતિ પહોંચાડનારા હિંસા વિગેરે આશ્રવોના ભેદ–પ્રભેદ સમજાવીને ધર્મમાર્ગને ખૂબ જ સ્પષ્ટ કર્યો છે. સાથોસાથ ચારગતિ અને ચોરાશી લાખ યોનિનું સ્વરૂપ બતાવી તેના કટુક વિપાકો સમજાવી અહિંસા–હિંસાદિનાં આચરણ, અને ત્યાગનાં ફળો પણ ખૂબજ સ્પષ્ટ કરી બતાવ્યાં છે.

શ્રીજિનેશ્વરદેવોએ કેવળજ્ઞાનદ્વારા જીવોનું વિભાવ-સ્વરૂપ અને તેના યોગે તેમને મળતાં નરક અને તિર્યંચાદિ કુગતિનાં ભયંકર દુઃખો, અનંતાકાળની જીવની રખડપટ્ટી, છેદન–ભેદન, તાડન–તર્જન, આદિ અનંતાનંત દુઃખના પ્રકારો સંપૂર્ણપણે જાણીને જગતની સમક્ષ રજુ કર્યા છે. અને તેથી જીવોને સંસાર અને પુદ્‌ગલ ઉપરનો રાગ ઘટાડવાની ઘણી જ યુક્તિઓ જાણવા મળે છે.

આજ કારણથી અનેક ગુણોના ભંડાર શ્રીવીતરાગ જિનેશ્વરદેવોને જ્ઞાનીઓએ ધર્મદાયક, ધર્મદેશક, ધર્મસારથિ

બુદ્ધ અને બોધક, મુક્ત અને મોચક વિગેરે વિશેષણોથી નવાજ્યા છે. જે વાંચવાથી અને વિચારવાથી પણ અર્થી આત્માઓ મુક્તિના આરાધક બની શકે છે.

જ્યારે ઈતરદેવોનાં દૈત્યારિ, મધુરિપુ, બાલધ્વંસી, કંસારિ, કૈટભજિત્, શૂલી, કૃત્તિવાસા, ઉગ્ર, કપાલભૃત્, ત્રિપુરારિ વિરુપાક્ષ વિગેરે નામો છે. જે સાંભળનાર જીવોના ધર્મને પોષક થવાને બદલે અધર્મને વધારનારાં બને છે.

વળી ઈતર દેવોની મૂર્તિઓને જોવાથી પણ જીવોને લાભ થતો નથી કારણ કે કયાંક રાધા–કૃષ્ણનું જોડલું હોય છે. વળી કયાંક સીતારામની મૂર્તિઓ હોય છે, તો કોઈ જગ્યાએ પાર્વતીસંયુક્ત શીવજીના લીંગનો આકાર જોવાય છે, તો કોઈ પાસે શંખ, ચક્ર ને ગદા હોય છે, કયાંક વળી ત્રિશૂળ હોય છે, તો કોઈ જગ્યાએ ભયંકર આંખોના દેખાવ હોય છે, આ બધું જોનાર સંસારી મનુષ્યને પાપથી દૂર થવાને બદલે પાપથી તરબોળ બનવાની તક પ્રાપ્ત થાય છે. જ્યારે શ્રીવીતરાગદેવની મૂર્તિ કોઈ જુદી જ છાપ પાડે છે. કારણ કે શ્રીવીતરાગની મૂર્તિની પાસે નારી ન હોય, હાથમાં કશું હથીયાર ન હોય, શંખ, વાંસળી, વીણાં કે વાજાં ન હોય, ચક્ષુ તદ્દન નિર્વિકાર હોય, વદન એકદમ પ્રસન્ન હોય, કામવિકારો તદ્દન બળીને ભસ્મ થઈ ગયા હોય. શ્રીવીતરાગનાં ભજન–કીર્તન પણ સંવેગ, નિર્વેદ અને આસ્તિકયાદિ ગુણોને વધારનારાં બને છે. જૈનશાસનના તમામ સાહિત્યમાં વૈરાગ્યની જ મુખ્યતા હોય છે. આગમોમાં, ગ્રંથોમાં, ચરિત્રોમાં, સ્તુતિ, સ્તવન, સજ્ઝાય, ચૈત્યવંદન વિગેરે બધી જ વસ્તુઓ વાંચનાર જીવને સંસારનો રાગ ઘટાડવાનો જ બોધ આપે છે.

એટલે શ્રીજિનેશ્વરદેવોનાં નામો, પ્રતિમાઓ, આગમો વિગેરે બધું જ પ્રાણીમાત્રના એકાન્ત કલ્યાણનું કારણ હોવાથી જગતભરના અન્ય દેવોમાં શ્રીવીતરાગદેવનું પ્રધાન સ્થાન છે. માટે જ તેમને કરેલ નમસ્કાર તે જગતના તમામ મંત્રોનો મહારાજા છે અને એથી જ તે નમસ્કારને નમસ્કારમહામંત્ર એવું ઉપનામ અપાયું છે. આ મહાતત્ત્વનું માર્ગદર્શન આપનાર શ્રીવીતરાગશાસનના સ્થાપક શ્રીઅરિહંત દેવો હોવાથી પંચપરમેષ્ઠિમહામંત્રમાં તેઓનું પદ 'नमो अरिहंताणं' પ્રથમ મુકવામાં આવ્યું છે.

તેજ શ્રીજિનેશ્વરદેવનું અવલંબન પામીને અનંતા આત્મા રાગ–દ્વેષ અજ્ઞાનતાથી મુક્ત થયા. સર્વગુણો પ્રકટ કરીને આત્માની સ્વભાવ દશામાં સ્થિર બન્યા. સર્વજ્ઞતા અને વીતરાગતાનો સાક્ષાત્કાર અનુભવીને મોક્ષમાં ગયા. તેથી, સર્વગુણસંપન્ન હોવા છતાં સિદ્ધભગવંતોનું 'नमो सिद्धाणं' પદ બીજા નંબરે મુકવામાં આવ્યું છે.

તથા તેજ અરિહંતદેવોનો આશ્રય પામીને ત્રિપદિદ્વારા દ્વાદશાંગી પામીને ગણધરભગવંતો, યુગપ્રધાનો, શાસનપ્રભાવકો વિગેરે આચાર્ય મહારાજે સ્વપરની આરાધનાને ખૂબ જ વિસ્તૃત અને દૃઢ કરીને તેજ ભવમાં કે અલ્પભવોમાં મોક્ષમાં જનારા હોવાથી અને શ્રીજિનેશ્વરદેવોની ગેરહાજરીમાં તીર્થનું રક્ષણ કરતા હોવાથી, ત્રીજા નંબરે 'नमो आयरियाणं' પદ મુકવામાં આવ્યું છે.

તથા તેજ આચાર્ય ભગવંતો પાસે સંજમ પામીને, તે મહાપુરુષોની સેવા કરીને, વિનય અને વૈયાવચ્ચદ્વારા ગુરુઓના આશીર્વાદો મેળવીને, શાસ્ત્રોના પારગામી બનીને,

સંપૂર્ણ યોગ્યતાના યોગે ઉપાધ્યાય પદને પામેલા હોવાથી ચોથા નંબરે 'नमो उवज्झायाणं' પદ મુકવામાં આવ્યું છે.

તથા તેજ સૂરિભગવંતો પાસે પ્રવજ્યા પામીને, ગુરુઓની નિશ્રામાં રહીને, ગુરુઓની આજ્ઞા પાળવા પૂર્વક દશવિધ સાધુધર્મને આરાધીને ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષાનું સેવન કરતાં નિરતિચાર ચારિત્ર પાળીને સંસારનો પાર પામતા હોવાથી પાંચમા પદે 'नमो लोए सव्वसाहूणं' પદ મુકવામાં આવ્યું છે.

શંકા–ઉપરનાં પાંચ પદોમાં અરિહંત ભગવંતો અને સિદ્ધ ભગવંતો બન્નેના ગુણનો વિચાર કરતાં અરિહંત ભગવંતો કરતાં સિદ્ધ ભગવંતો ગુણમાં અનંતગુણા અધિક છે છતાં સિદ્ધ ભગવંતો કરતાં અરિહંત ભગવંતોને પ્રથમ સ્થાને કેમ મુકયા છે?

સમાધાન–જો કે સિદ્ધ ભગવંતોનાં આઠે કર્મ ખપી ગયાં છે જ્યારે અરિહંત ભગવંતોનાં ચાર કર્મ હજી ખપવાનાં બાકી છે એ અપેક્ષાએ અરિહંતથી સિદ્ધ ભગવંતોની મહત્તા હોવા છતાં જગતના જીવોને અરિહંતભગવંતો પ્રત્યક્ષ ઉપકારી છે, સિદ્ધોના પણ અરિહંતો જ ઉપકારી છે, તથા જેટલા જીવો મોક્ષમાં ગયા છે, અને જે ભાવિમાં જશે હમણાં જે જઈ રહ્યા છે તે બધા સાક્ષાત્ અથવા નજીકની પરંપરાએ અરિહંત ભગવંતોનુંજ અવલંબન મેળવીને ગયા છે અને જશે. માટે ઉપકારીપણાના મહાગુણની અપેક્ષાએ સિદ્ધ ભગવંતો કરતાં અરિહંત ભગવંતોને પ્રથમપદે મુકવામાં આવ્યા છે.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અસંગતા, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, સહિષ્ણુતા, મૃદુતા, સરલતા, નિર્લો–

ભતા, ત્યાગ, આત્મસંયમ, ભાવસત્ય, ભાવશૌચ, અપરિગ્રહ વિગેરે સ્વભાવભૂત, આત્મગુણો જેનામાં પ્રકટ થયા હોય તેવા આત્માઓનું નામ લેવાથી પણ મહામંગલ ઉત્પન્ન થાય છે. તેવા સંતપુરુષોનાં દર્શન કરવાથી દર્શન કરનારનો આત્મા પવિત્ર બને છે. શ્રીઅરિહંતભગવંતોમાં ઉપરના બધા જ ગુણો હોય છે. ઉપરના બધા ગુણો જગતના સર્વ દર્શનકારોને માન્ય છે. ઉપરના ગુણો પૈકી એક-બે-ગુણો પણ કોઈ મહાનુભાવમાં દેખાતા હોય તો પણ જગત તેનું દાસ બની જાય છે. એ ગુણોના વર્ણનો સાંભળીને પણ મનુષ્યો પોતાના આત્માને ધન્ય માને છે. જગત આવા ગુણધારી પુરુષોના ચરણોમાં પોતાનું સર્વસ્વ પણ અર્પણ કરવા તૈયાર થઈ જાય છે. ગુણ એ એક અપૂર્વ કોટીની લોહચુંબક ધાતુ છે. લોહચુંબક માત્ર લોહને જ ખેંચે છે. જ્યારે ગુણરુપ લોહચુંબક તો જગતના મનુષ્યોની સાતે ધાતુને આકર્ષે છે. આંબો દૂરદૂરથી આવતાં મુસાફરોને છાયા અને ફળ આપે છે. ચંદન કપાઈને-ઘસાઈને પણ અન્યને ઠંડક અને સુગંધ આપે છે તેથીજ હજારો ગાઉ તેનું આકર્ષણ રહે છે. જ્યારે ગુણી આત્મા તો પોતાનું ભલું કરે છે અને આશ્રિતનું પણ ભલું કરે છે.

જગતની સર્વ વસ્તુઓની ઓળખાણ સુલભ છે પરંતુ ગુણની ઓળખાણ અતિ દુર્લભ છે. જગતના પ્રત્યેક પદાર્થ સમજવા-ઓળખવા સારુ અભ્યાસગૃહો હોય છે તેમ જ જગતના પદાર્થનું જ્ઞાન પામેલા હજારો નિષ્ણાતો મળી શકે છે પરંતુ આખા જગતમાં આત્મગુણ સમજવા માટેનું એક પણ અભ્યાસગૃહ નથી અને આત્મજ્ઞાન પામેલા નિષ્ણાતો પણ જગતમાં પ્રાયઃ ક્યાંય હોતા નથી, અને કદાપિ હોય તો પણ તે દેખાતા કે ઓળખાતા નથી.

ગુણ અને ગુણીની ઓળખાણ થયા સિવાય આત્મામાં જડ ઘાલીને બેઠેલા અવગુણો આત્મામાંથી જવા મુશ્કેલ છે.

જેમ સૂર્યાદિ પ્રકાશક વસ્તુઓની ગેરહાજરીમાં અન્ધકાર જતો નથી તેમ સમ્યગ્દર્શન, (જ્ઞાન, ચારિત્રાદિ ગુણો) આવ્યા સિવાય આત્માનું અજ્ઞાન જતું નથી.

અજ્ઞાન ન જાય ત્યાં સુધી ગુણ-ગુણીની ઓળખાણ થાય જ નહિ, ગુણ-ગુણીની ઓળખાણ વિના અવગુણો જાય જ નહિ, અવગુણો ઘટ્યા સિવાય ભવભ્રમણ બંધ થાય જ નહિ.

બસ, અજ્ઞાનતાથી અવગુણો અને તેથી ભવભ્રમણ દરેક જીવનું ચાલુ જ છે આ બધું પરસ્પર કાર્ય-કારણ ભાવ હોવાથી અને આ રીતે અનંતા કાળથી ઘટમાળ ચાલુ રહેવાથી, સંસારનો અંત થતો જ નથી.

આ સંસારને ઘટાડવો હોય તો આત્માએ ગુણી પુરુષોને ઓળખવા જ જોઈએ. કારણ કે ગુણોની ઓળખ વિના દોષ ઘટતા નથી, અને ગુણો ગુણીવિના નિરાધાર રહેતા નથી, માટે ગુણના અર્થી જીવોને ગુણીની ઓળખાણ અને તેને માટે ગુણીની સેવા અવશ્ય આદર કરવા યોગ્ય છે.

જગતના બધા પ્રકારના ગુણી જીવો કરતાં દેવ અને ગુરુનું ગુણીપણું વધારે છે. વળી જગતના બીજા ગુણી આત્માઓનો સહવાસ થાય યા ન પણ થાય, પરંતુ દેવગુરુનો સહવાસ મનુષ્ય માત્રને અવશ્ય થાય છે. એથી દેવ ગુરુમાં રહેલા ગુણ કે અવગુણો ભક્ત લોકોમાં આવ્યા વિના રહેતા નથી. જેમકે-હિંસક-દેવો અને હિંસક-ઉપદેશકોના સંસ્કાર તેમના ઉપાસકોમાં જવાથી તો ભક્ત લોકો પણ શિકાર વિગેરે હિંસાઓ અને ધર્મબુદ્ધિથી યજ્ઞાદિ ક્રિયાઓમાં પ્રાણીઓનાં બલિદાન

આપે છે. જ્યારે વિચારવામાં આવે તો આપણને દીવા જેવું સમજાય કે, અરિહંત પરમાત્મા આદિ પાંચે પરમેષ્ઠિઓના જીવનમાં કયાંય દોષનો અંશ પણ મલે નહિ. શ્રીજૈનશાસનની ધર્મને લગતી બધી બાબતો ગુણની જ મુખ્યતામાં નક્કી થએલી છે.

શ્રીજૈનશાસનની માન્યતાઓ :

શ્રીજૈનશાસનના મતે જ્યારે સંપૂર્ણપણે દોષોનો–અવગુણોનો નાશ થાય ત્યારે જ આત્મામાં દેવત્વ એટલે અરિહંતપણું અને સિદ્ધપણું પ્રગટ થાય છે. બાહ્ય–અભ્યંતર હજારો ગુણો પ્રકટ થયા હોય તેવા આત્માઓ જ શ્રીવીતરાગશાસનના સાધુ–મુનિરાજ થવાને યોગ્ય ગણાય છે. સાધુદશા કરતાં વિશેષ ગુણો પ્રકટ થયા હોય તેજ મહાત્મા ઉપાધ્યાયપદને લાયક ગણાય છે. ઉપાધ્યાયદશાથી પણ ઘણા અધિક ગુણો પ્રકટ થયા પછી આચાર્ય પદની યોગ્યતા આવે છે. પદની યોગ્યતા માટે આપણે આગળ ઉપર વિચારીશું, ઉપરોક્ત પાંચે પદસ્થ મહાપુરુષોને [સાધુ થકી ઉપાધ્યાય, ઉપાધ્યાય કરતાં આચાર્ય, આચાર્યથી સિદ્ધ અને સિદ્ધથી પણ અરિહંત એમ ક્રમશઃ] એકએકથી અધિક મહાગુણી માનવામાં આવે છે. તેજ પાંચ મહાપુરુષોને પરમેષ્ઠિ ભગવંતો માનવામાં આવ્યા છે. પાંચ મહાપરમેષ્ઠિભગવંતોને નમસ્કાર કરવો તેજ 'નમસ્કારમહામંત્ર' કહેવાય છે. તેથી જ નમસ્કારમહામંત્રનો અભ્યાસ આત્માને મહાહિતકારક થાય છે. કારણ કે, નમસ્કારમહામંત્રના અભ્યાસથી ઉપરોક્ત પંચમહાપરમેષ્ઠિભગવંતોની ઓળખ શરુ થાય છે. એટલે ક્રમશઃ દેવ–ગુરુની ઓળખાણ વધવા માંડે છે; દેવ–ગુરુની ઓળખાણ વધવાથી આદર વધે છે,

(દેવ-ગુરુનો) આદર વધવાથી (દેવ-ગુરુનો) પરિચય વધે છે અને ક્રમે કરીને ગુણની ઓળખાણ અને આદર વૃદ્ધિ પામે છે.

પંચપરમેષ્ઠિ ભગંતોનો આશ્રય લેનાર આત્મા પોતે જ ગુણનો અર્થી થવાથી પરંપરાએ સાધુપણું, વાચકપણું, સૂરિપણું, તીર્થંકરપણું અને સિદ્ધપણું પ્રાપ્ત કરનાર બને છે. માટે સંસારનાં કારમા દુઃખોથી આપણા આ આત્માને સર્વકાલીન મુક્તિ અપાવવી હોય તો પંચમહાપરમેષ્ઠિ નમસ્કાર મહા-મંત્રને સમજણપૂર્વક આદરવા ઉદ્યમ કરવો જરૂરી છે.

જૈનશાસનના સિદ્ધાંતો ગુણના જ પોષક અને 'સારું તે મારું' માનતા હોવાથી વ્યક્તિને કે વેષને આદર નથી આપતા, પરંતુ ગુણને આદર આપે છે. અને તેથી તેના ઉપાસકનો જગતની કોઈ પણ વ્યક્તિમાં ગુણ હોય તે સ્થાનમાં આદર વધતો જ રહે છે. પૂર્વના મહાપુરુષોએ પણ તટસ્થ ભાવે ગુણોની કેટલી સુંદર સ્તવના કરી છે?

"भवबीजांकुरजनना, रागाद्याः क्षयमुपागता यस्य।
ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥१॥"

"यस्य निखिलाश्च दोषा न सन्ति, सर्वे गुणाश्च विद्यन्ते
ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥२॥"

અર્થ :-સંસારવૃદ્ધિના કારણરૂપ ક્રોધાદિ કષાયો અને શબ્દાદિ વિષયોને ઉત્પન્ન કરનાર અથવા પોષનાર રાગ, દ્વેષ અને અજ્ઞાનતા, જેના સર્વથા ક્ષય થઈ ગયા હોય, તથા જેના બધા દોષો-અવગુણો નાશ પામ્યા હોય અને સર્વ ગુણો પ્રકટ થયા હોય પછી તે ભલે બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, શંભુ હોય, બુદ્ધ હોય અથવા જિનેશ્વર હોય તે સર્વેને અમારા નમસ્કાર થાઓ.

ઉપરના શ્લોકનો ભાવ વિચારનાર બુદ્ધિમાન મનુષ્યને જરૂર ખ્યાલ આવશે કે આ શાસનમાં [શ્રીજૈનશાસનમાં] ગુણાનુરાગ કેટલો ઠાંસી-ઠાંસીને ભર્યો છે? અને તેથી જ ગમે તે ગુણી-આત્માને નમસ્કાર કરતાં ગુણનો અર્થી જરા પણ અચકાતો નથી. પરંતુ ગુણની સંપૂર્ણતા અને સર્વદોષનો અભાવ જેનામાં હોય એવા આત્માઓ ખરી રીતે વીતરાગ તીર્થંકરદેવો કે સામાન્ય કેવલી ભગવંતો જ હોઈ શકે છે. એ ગુણના ઉપાસક પ્રત્યેક મનુષ્યોને માન્ય જ હોય એમાં વાંધો હોય નહિ. વળી તે જ મહાપુરુષો ફરમાવે છે કે,

" गता ये पूज्यत्वं प्रकृतिपुरुषा एव खलु ते,
जना दोषत्यागे जनयत समुत्साहमतुलं।
न साधूनां क्षेत्रं न च भवति नैषर्गिकमिदं,
गुणान् यो यो धत्ते स स भवति साधुर्भजत तान्" ॥१॥

અર્થ:-આ જગતમાં જેટલા મહાનપુરુષો થયા છે, જે જે મહાપુરુષો જગતના પૂજ્યપણાને પામ્યા છે, (તે તે બધાઓનો બુદ્ધિપૂર્વક વિચાર કરાય તો ચોક્કસ સમજાય કે) એકવાર બધા તદ્દન સામાન્ય કક્ષાના આપણા જેવા મનુષ્યો જ હતા.

સૌ પ્રથમ નિશાળમાં કેટલાક બાળકો ભણવા આવે છે ત્યારે તે બધા જ 'ઢ' જેવા હોય છે. એકડો પણ કાઢતાં આવડતો નથી હોતો. તેમાંથી કેટલાક એકડો કાઢતા-કાઢતા કંટાળી જાય છે અને તે નિશાળનો ત્યાગ કરે છે, કોઈક એક ચોપડી, કોઈ બે ચોપડી, કોઈ ત્રણ, ચાર કે પાંચ ચોપડીઓ ભણીને ખસી જાય છે અને અધુરા ભણતરથી કે તદ્દન ભણ્યા વગર રહીને બિચારા મજૂરી કરીને પણ આજીવિકા પામતા

નથી. કોઈક મનુષ્ય નિશાળને વલગ્યો જ રહે છે. દુઃખ ભોગવીને પણ પ્રયાસ ચાલુ રાખે છે. અને છેવટે મહાવિદ્વાન બની હેડમાસ્તર, ન્યાયાધીશ, બેરિસ્ટર, અને દીવાન સુધીના સ્થાનો મેળવવા ભાગ્યશાળી બને છે. અને હજારો મનુષ્યોનો આગેવાન થાય છે.

આ બધા જેમ એક દિવસ એક જ નિશાળના વિદ્યાર્થીઓ હતા. છતાં તેમાંના કેટલાક મજુર જ રહે છે. અને કેટલાક મોટા પુરુષો બને છે, કે જેઓ બજારમાં કે શહેરમાં ફરવા નિકળે ત્યારે હજારોની સલામો પામે છે. તે જ પ્રમાણે પંચ-મહાપરમેષ્ઠિ ભગવંતો પણ પરમેષ્ઠિપણું પામ્યા પહેલાં આ સંસાર-રુપ નિશાળના વિદ્યાર્થી જ હતા. આપણા બધાના સહાધ્યાયી-ઓ જ હતા. તે મહાપુરુષો સદ્‌ગુરુઓરૂપ અધ્યાપકોનો આશ્રય પામીને, તેઓની દોરવણી મેળવીને આત્મસ્વરૂપ સમજવા અને પામવાના અભ્યાસમાં આગળ વધતા જ રહ્યા; પાછા ન જ પડ્યા. અને ગમે તેવા મુશ્કેલીના સંયોગોમાં પણ કંટાળો લાવ્યા વિના આત્મસ્વરુપ સમજતા ગયા. શ્રીજૈનશાસન રૂપીનિશાળની આરાધના ચાલુ રાખી. અધ્યાપક સુગુરુઓના સેવક બની, તેમના વચનોમાં સર્વસ્વ સમર્પણ કરી, સુવર્ણ જેવું શુદ્ધ આત્મસ્વરૂપ પ્રકટ કરી શક્યા.

હે મહાનુભાવો ! ગુણોની પ્રાપ્તિમાં અને દોષોના ત્યાગમાં જેમ બને તેમ આદર વધારો. જો તમો ગુણદોષને ઓળખશો નહિ, ગુણના આદરમાં અને દોષના ત્યાગમાં સાવધાન નહિ બનો તો આ પરમેષ્ઠિપણું (સાધુપણું) એમ ને એમ આત્મામાં આવી નહિ જાય. અથવા જેમ મેરુપર્વત ઉપર કલ્પવૃક્ષ ઉગે છે, રોહણપર્વતમાં રત્નો ઉત્પન્ન થાય છે, તેમ આવા પરમેષ્ઠિ-

પુરુષોને ઉત્પન્ન થવાનું કોઈ એક જ ક્ષેત્ર નથી કે તેમાં જે ઉત્પન્ન થાય તે જ મહાપુરુષો બને. ઈક્ષ્વાકુ અને હરિવંશ જેવા ઉત્તમ કુળમાં જન્મીને પણ સુભૂમ, બ્રહ્મદત્ત અને વસુરાજા જેવા અનંતા આત્માઓ કર્મના ચક્કરમાં પડી જઈ નરક-નિગોદ અને પશુગતિઓમાં ચાલ્યા ગયા છે.

જે જે મહાનુભાવ આત્માઓ ગુણાનુરાગી, ગુણોના ખપી, ગુણગવેષક અને ગુણગ્રાહી બની, ગુણવાન થાય છે તે જ મહાનુભાવ મહાભાગ્યશાળી આત્મા સંસારમાં દેવમનુષ્યનાં [દુઃખ વગરનાં] સુખો ભોગવી છેવટે પંચ મહાપરમેષ્ઠિપણાને પામે છે. માટે હે ઉત્તમ મનુષ્યો ! તમો પણ દોષનો ત્યાગ કરવાપૂર્વક ગુણને સેવનારા બનો.

અહીં કોઈ પ્રશ્ન કરે કે, જેમ ગુણ સમજવા અને ગુણ લાવવા જેટલા મુશ્કેલ છે. તેમ દોષોને સમજવા અને દોષોને કાઢવા તે પણ તેટલા જ મુશ્કેલ છે, એટલે ગુણની આવક અને દોષનો નાશ અશક્ય ન ગણાય ?

આ વાત બરાબર નથી. ગુણદોષની સમજણ અને તેનો આય-વ્યય દુઃશક્ય જરૂર છે પણ અશક્ય તો નથી જ. કેમકે જે જીવો આત્માને સમજ્યા જ નથી, જેણે સમજવાનો ખપ પણ કર્યો નથી, તેને પુણ્ય-પાપ પણ સમજવું મુશ્કેલ છે પુણ્ય-પાપ ન સમજાય તેને પરલોકનાં નરકાદિ દુઃખોની વાત તો ગળે ઉતરે જ શાની ! જેઓને ચાર ગતિરુપ ચોરાસીલાખ યોનિ-સંસારનું પરિભ્રમણ ન જ સમજાય. તેવાઓને તે ભલે ન સમજાય પરંતુ જે ભાગ્યશાળી આત્માઓ જીવ અને પુદ્ગલનું સ્વરુપ સમજ્યા હોય, શુભાશુભ કર્મોના યોગે સંસારનું પરિ-ભ્રમણ ચાલુ છે, આત્મા પોતાની અજ્ઞાનતાથી જ દુઃખ ભોગવે

છે, એવું જેમને સંપૂર્ણ સમજાયું હોય તેવા આત્માઓને ગુણાનુરાગ અને ગુણાદર જરૂર સમજાય છે.

કોઈક મહાકવિ કહે છે કે :—

"જૈસે કોઈ શ્વાન પર્યો કાચ કે મહેલ બીચ,
ઠારઠાર શ્વાન દેખ ભોંસ ભોંસ મર્યો હે,
વાનર જ્યું મુઠી ભીચ પર્યો હે પરાયવશ,
કુપમેં નિહાર સિંહ આપ કુદ પર્યો હે,
સ્ફટિક કી શીલા કો વિલોકય ગજ જાય અડયો,
નલીની કા શુકન કો કૌન ઉંધો કર્યો હે,
વેસેં હી અજ્ઞાનભાવ માન જીવ મુઢ બન,
આપણો સ્વભાવ ભૂલ જગતમાં રૂલ્યો હે. ॥૧॥"

ભાવાર્થ :-જેમ કાચના મહેલમાં પેઠેલો કુતરો પોતાના જ પ્રતિબિંબને હજારો કુતરારુપે માનીને ભસવા લાગ્યો. સામેથી પણ તેના પ્રતિબિંબો ભસવા લાગ્યાં, આખો દિવસ દોડી દોડી–ભસી ભસીને કુતરો ત્યાંને ત્યાં મરણ પામ્યો.

અહીં જેમ કુતરાને દુઃખ દેનાર કોઈ હતું જ નહિ છતાં પોતાની અજ્ઞાન દશાથી પોતાના પ્રતિબિમ્બોને જ કારણ વગર શત્રુઓ બનાવી પોતાનો ક્ષય પોતે જ નોતર્યો.

તેમ આપણા જેવા અજ્ઞાની જીવો જેટલાં દુઃખ પામે છે 'તે પોતાના પ્રતિબિંબો જેવા પોતાના જીવે જ ગયા જન્મમાં આચરેલાં પાપોનું પરિણામ છે.' એમ ચોકખું ન સમજવાથી વળી નવાં પાપો બાંધી કુતરાના જેવી જ દશા મેળવે છે.

કોઈક વાનરે એક ઘડામાં બોર ભરેલાં હતાં તેને લેવા તેમાં હાથ ઘાલ્યો, મુંઠી ખૂબ ભરી. પરંતુ ઘડાનું મુખ સાંકડું હતું. હાથ બહાર નીકળી ન શકવાથી વાનર બૂમો પાડવા

લાગ્યો અને હાથને ખેંચવા લાગ્યો. તે છેવટ સુધી સમજ્યો જ નહિ કે મારી મડામુઠ જ મને પકડી રાખે છે. છેવટે તે પણ ત્યાં જ રાડો પાડી મરણ પામ્યો.

તેમ આપણો આ મૂર્ખ આત્મા કોઇકિ વાર મનુષ્ય જન્મ પામવા છતાં, સુદેવ, સુગુરુ, સુધર્મના ક્ષેત્રમાં ઉત્પન્ન થવા છતાં વાનરની માફક પોતાની વિષયકષાયની મુઠ છોડતો નથી. સુદેવ, સુગુરુ, સુધર્મને ભજતો નથી, અને કુદેવ, કુગુરુ, કુધર્મને તજતો નથી. એમ એ પોતાનો મનુષ્ય જન્મ એળે ગાળી પાછો સંસાર અટવીનો મુસાફર બની જાય છે.

જેમ એક કુવા ઉપર સિંહ ગયો. પાણીની આશાથી કુવામાં નજર નાંખી. તેમાં તેણે પોતાનું પ્રતિબિંબ જોયું. આ કોઈ બીજો સિંહ આવ્યો છે અને તે આ વનનો માલિક બની જશે. એમ વિચાર કરી સામા સિંહ ઉપર ગર્જના કરી એટલે સામેથી પણ પ્રતિધ્વનિત ગર્જના સંભળાઈ. સિંહથી તે ન ખમાયું. કુવાના સિંહ ઉપર ફાળ મારી, અને પોતાના જ પ્રતિબિંબદ્વારા પોતાના પ્રાણ ખોયા.

તેમ આપણો આ બેભાન આત્મા પોતાની સમજણ ખોઈ નાંખીને ઉદય આવેલાં પોતાનાં જ પાપોદય રુપ પ્રતિબિંબોથી ઉત્પન્ન થયેલાં નિમિત્તો જોઈને દ્વેષ પામે છે. તે નિમિત્તોનો નાશ કરવા ઘણા કુતર્કો કરે છે. નિમિત્તોનો નાશ કરવા જતાં હજારો ગમે તેવાં નવાં પાપો સેવીને પોતે જ પાયમાલ થઈ જાય છે; પરંતુ કર્મના ઉદયથી દુઃખો આવ્યાં છે. દુષ્કર્મોનો નાશ થવાથી જરૂર દુઃખનો નાશ થઈ જશે. એમ પોતે વિચાર કરતો નથી. દુઃખથી હંમેશ ગભરાવા છતાં દુઃખદાયક સંસારને

તે ઘણું જ પોષણ આપે છે અને મહાપાપો સેવી દુર્ગતિઓમાં ચાલ્યો જાય છે.

જેમ કોઇક વનનો હાથી વનમાં ફરતો ફરતો એક સ્ફટિક રત્નની શિલા પાસે આવી પહોંચ્યો. શિલાને જોતાંની સાથે શિલામાં પોતાનું પ્રતિબિંબ દેખાયું. બસ, જગત સ્વભાવ જ ઈર્ષ્યાથી ભરેલો છે. પ્રાણી માત્ર પર–બીજાનું કાંઈ પણ સારું જોઈ શકતો નથી. એટલે પોતના પ્રતિબિંબને બીજો હાથી માનીને તેના ઉપર ઈર્ષ્યા ઉત્પન્ન થઈ અને તેને મારી નાખવાના ઇરાદાથી દોડી દોડીને સ્ફટિકની શિલા ઉપર દંતુશળના પ્રહારો શરુ કર્યા. શિલા ઘણી જ મોટી હતી. પોતે દોડે તેમ શિલાનો હાથી પણ દોડતો જણાતો હતો. પોતાના બધા જ આવેશો સામા હાથીમાં દેખાતા હતા. "ક્રોધાવેશ ભાન ભૂલાવી દે છે" એટલે હાથી છે કે શિલા તેનો તેને ભેદ રહ્યો જ નહિ. વારંવાર પ્રહારો કરવાથી દંતુશળ નાશ પામ્યા. વેદના ઉત્પન્ન થઈ અને પોતે જ મરણને શરણ થયો.

આપણો અજ્ઞાનમાં તરબોલ બનેલો આ આત્મા પણ બીજાનું ભુંડું કરીને પણ પોતાનું ભલું કરવા ઇચ્છતો હોવાથી અનંતા કાલથી રખડે છે. મહાપુણ્યે મનુષ્ય જન્મ પામીને પણ ઈર્ષ્યા આદિ દોષો દ્વારા અન્યનું ભુંડું કરીને પોતાનું જ ભુંડું કર્યા કરે છે અને હાથી જેમ પોતાના જ પ્રતિબિંબ સાથે યુદ્ધ કરીને મરણ પામ્યો તેમ બધા જીવો પોતાના જ કાર્યોદ્વારા પોતાનું અહિત કરે છે.

કોઈક શિકારી પોપટને પકડવા એક નળી ઝાડ સાથે બાંધે છે તેમાં પોપટ આવીને ફસાઈ જાય છે. તેમ આ જગતમાં અનંતા કાળથી કર્મશિકારીએ જગતના પ્રાણીઓ રુપ પોપટના

સમુદાયોને ફસાવવા આ જગતમાં તમામ મોહક સાધનો ગોઠવ્યાં છે તેમાં ઘણી મોહક સામગ્રીઓ પ્રાણીઓને ભાનભૂલા બનાવી દે છે તેથી જીવો બિચારા કયારે પણ વિચાર કરતા નથી કે હું આમાં ફસાઈ જઈશ હું દુર્ગતિમાં જઈશ મારુ પુણ્ય ખવાઈ જશે.

શ્વાન, વાનર, સિંહ, હાથી અને પોપટ–જેમ પોતાના જ અજ્ઞાનથી પોતાના જ હાથે પોતાની પાયમાલી નોતરે છે, પોતાના વર્તમાન અને ભવિષ્યનો નાશ કરે છે, તેમ આપણો આ જીવ અનંતા કાળે કોઈકવાર મનુષ્યપણું કે દેવગતિ પામીને પણ આપસ્વભાવ સમજવા તૈયાર થતો નથી પણ વિષયો અને કષાયોથી પરવશ બની, ગુણ–ગુણીની ઓળખાણ પામ્યા વગર કુદેવ, કુગુરુ, કુધર્મ, કુમિત્ર, કુપરિવાર, કુગ્રામ, કુસંગતિ, કુઆગમો, કુગ્રન્થો અને કુટેવોને વશ બની રત્નચિન્તામણિ જેવા મનુષ્ય અને દેવોના ભવ બગાડી સંસારમાં ચાલ્યો જાય છે. અનંતો કાળ એકેન્દ્રિય–બેઇન્દ્રિય–તેઇન્દ્રિય ચૌરિન્દ્રિય અને અસંજ્ઞી–સંજ્ઞી–પંચેન્દ્રિય પશુઓના ભવો અને નારકીના ભવો પામી અનંતાનંત દુઃખોનો ભોગવનાર બને છે.

ઉપરની દલીલોથી સમજીને કુવાસનાઓથી છુટા થવાની ઈચ્છા થતી હોય તો ઉપર બતાવેલા કુદેવાદિને, એમના સ્વરૂપને સંપૂર્ણપણે ઓળખો અને તેવાઓ જે જે હોય તેમનો ત્યાગ કરવાપૂર્વક ગુણ–ગુણીની ઓળખાણ કરો. અને વહેલી તકે સુદેવ, સુગુરુ અને સુધર્મની ઓળખાણ, આદર અને સ્વીકારમાં તત્પર બનો તે જ એકાન્ત હિતકારક છે.

હવે એક વાત એ પણ સમજવાની છે અને તે એ જ કે આ જગતના જીવોના ચાર વિભાગ આત્માની ચાર દશા મુજબ થઈ

શકે. તે આ પ્રમાણે ભવાભિનંદિતા, પુદ્ગલાનંદિતા આત્માનંદિતા અને સહજાનંદિતા આ ચારે આત્માની દશાઓ છે તેમાં પહેલી બે આત્માની વિભાવદશા છે અને બીજી બે સ્વભાવદશા છે. પહેલી બે દશામાં રહેલા જીવો બહિર્મુખ છે, માટે તે બહિરાત્મા કહેવાય છે. ત્રીજી દશામાં રહેલા જીવો અંતર્મુખ છે તેથી તેઓને અંતરાત્મા કહેવાય છે. અને ચોથી દશામાં વર્તતા જીવો સ્વમુખ એટલે સ્વભાવસ્થ હોવાથી પરમાત્મા કહેવાય છે. આ ચાર દશા પ્રમાણે જીવો પણ ચાર પ્રકારના છે. ભવાભિનંદી, પુદ્ગલાનંદી, આત્માનંદી અને સહજાનંદી તેમાં પહેલા નંબરના જીવો અનંતા હોય છે. ભવાભિનંદી એટલે ભવ-સંસારને જ સારો માનનારા આ બધા જીવો મહામિથ્યાદૃષ્ટિ જ હોય છે. તે પોતે ડુબે. અને આશ્રિતો તથા સોબતીઓને પણ ડુબાવે. ભવાભિનંદી જીવોથી બધાં સ્થાનો ભરેલાં હોય છે. ચારે ગતિ અને ચૌદરાજ લોક ભવાભિનંદીઓથી ભરેલો છે. ભવાભિનંદીઓનું એ કેન્દ્રસ્થાન છે.

બીજા આત્માઓ પુદ્ગલાનંદી ગણાય છે. આવા જીવો તદ્દન થોડા હોય છે. આ જીવોને ધર્મની રુચિ હોવા છતાં ભવસ્થિતિપરિપાક ન થવાથી પુદ્ગલનો રાગ ઘણો હોય છે પણ તે સંસારનાં વખાણ ન કરે. સંસારને સારો ન માને. તેને ધર્મની વાતો ગમે પણ આદર ન થાય, આગળ વધવાની ભાવના હોય, છતાં પુદ્ગલમાં આસક્ત હોય. આ બન્ને વિભાવદશા છે.

ત્રીજા આત્માઓ આત્માનંદી કહેવાય છે. તેવા આત્માઓ તો બીજા નંબર એટલે પુદ્ગલાનંદી કરતાં પણ અતિ અલ્પ હોય છે. આવા આત્માઓને સંસાર બિલ્કુલ ગમતો નથી.

તેમનો પુદ્ગલરાગ પણ લગભગ નષ્ટ થવા માંડયો હોય છે. ઘણા પ્રમાદો નષ્ટ થયા હોય. બાકીનાને પણ નાશ કરવાની ક્રિયા ચાલુ જ હોય. તેમને આત્માની બધી વાતો દેવતાઈ સુખ કરતાં વધુ વહાલી લાગે. સંસારનાં તુચ્છ સુખો સંધ્યાના રાગ જેવાં સમજાઈ ચૂકયાં હોય. તેમની બધી ક્ષણો અને ત્રણે યોગ આત્મચિંતવનમાં જ હોય. શરીરમાં રહેવા છતાં તેઓ શરીરથી ન્યારા જ રહે છે. અનંતાકાળથી શરીર પાસે થયેલું લેણું આત્માનંદી આત્માઓ છેલ્લા ભવમાં છેલ્લી ક્ષણોમાં વસુલ કરે છે.

ચોથા સહજાનંદી આત્માઓ – ભવસ્થ કેવલી ભગવંતો અને સિદ્ધ ભગવંતો. આવા આત્માઓ, પહેલા નંબરના ભવાભિનંદી જીવોના અનંતમા ભાગે હોય છે. તથા બીજા અને ત્રીજા નંબરના જીવોથી અનંતગુણા હોય છે.

સહજાનંદદશા આત્માનો મૂલ સ્વભાવ છે. તે દશા પ્રકટ કરવા માટે આત્માનંદદશાની ખાસ જરૂર છે. ભવાભિનંદિપણું અને પુદ્ગલાનંદિપણું ગયા વગર આત્માનંદદશા આવતી નથી. આત્માનંદપણું પ્રકટ કરવા સારુ અને ભવાભિનંદિતા અને પુદ્ગલાનંદિતાનો ત્યાગ કરવા સારુ કાંઈ પણ અનુકૂળ સાધનની અવશ્ય જરૂર છે. તથા ગુણ પ્રકટ કરવા માટે પણ અનુકૂળ સાધનની જરૂર છે. આ બધું સૂચવે છે કે, પંચમહાપરમેષ્ઠિની સંપૂર્ણતા સમજાઈ જાય અને તે મહાપુરુષોનાં સ્વરૂપો આત્મામાં વણાઈ જાય તો ભવાભિનંદિપણું અને પુદ્ગલાનંદિપણું જરૂર ઘટવા માંડે અને છેવટે આત્માની અંને વિભાવદશાઓ સર્વથા નાશ પામે અને આત્માનંદદશા

પ્રકટ થાય. આત્માનંદિપણું આવ્યું એટલે સહજાનંદિપણું ચોક્કસ આવે જ.

ઉપરની વાતનો નિચોડ એ જ છે કે, "આત્મામાં ઘર કરીને બેઠેલા દોષોને કાઢવા માટે અને સર્વથા અદૃશ્યભાવને પામેલા ગુણોને પ્રકટ કરવા માટે પંચમહાપરમેષ્ઠિ ભગવંતોનું અવલંબન એજ અસાધારણ કારણ છે."

શંકા–આખી દુનિયા ગુણનો પક્ષપાત કરે છે છતાં ગુણ પ્રકટ કેમ થતા નથી?

સમાધાન–ગુણની ઓળખાણ આવ્યા સિવાય ગુણની શોધ થતી નથી. શોધ કર્યા વિના વસ્તુ જડે શી રીતે? જેમ ખોવાઈ ગએલી વસ્તુને જે માણસ ઓળખતો હોય તેજ ગોતી શકે છે અને ઓળખનાર માણસ શોધ કરે તો ખોવાએલી વસ્તુ પ્રાયઃ મેળવી શકે છે.

શંકા–ગુણની ઓળખાણ શી રીતે થાય? અને ગુણ રહે છે કયાં?

સમાધાન– મન, વચન અને કાયાથી, ક્રિયાથી કે સ્વભાવથી આપણું કે અન્યનું અહિત ન થાય એવું જેનામાં આચરણ દેખાતું હોય, તે આત્મા ગુણવાન છે. જેને એવા ગુણી આત્માઓનો સહવાસ પસંદ પડવો શરુ થાય ત્યારે તેનામાં ગુણો આવીને વસવા માંડે છે.

શંકા–એવા ગુણી આત્માઓ કોણ હોઈ શકે?

સમાધાન–સંપૂર્ણપણે પંચમહાપરમેષ્ઠિ ભગવંતો અને દેશથી અન્ય આત્માઓ પણ હોય.

શંકા–આપણા જીવે ઘણીવાર ગુણી આત્માઓનો સહવાસ

કર્યો છે. તેમની સેવા પણ કરી છે. એમ શાસ્ત્રોમાં કહેવાય છે તો પછી આપણો આત્મા ગુણી કેમ ન બન્યો ?

સમાધાન– અનંતકાલથી અત્યારસુધી અનેક વાર ભલે સંગત કે સેવા મળી હોય પણ ઓળખાણના અભાવે કરેલી સંગત કે સેવા ખાસ ફળ આપનાર બની શકી નથી.

કોઈ કવિવર કહે છે કે :–

" જિણ ખોજા તિણ પાઈઆ, ગહરે પાની પૈઠ;
મૈં બહુરી ઢુંઢત ગઈ, રહી કિનારે બૈઠ."

અર્થ–જે માણસ શોધ કરે છે તે પામે છે. કવિ કહે છે કે, હું એક મોતીની ખાણમાં મોતી શોધવા ગયો હતો. ગયો વહેલો પરંતુ કિનારા ઉપરજ બેસી રહ્યો એટલે વખત ઘણો લાગવા છતાં ભૂખ્યો-તરસ્યો મહેનતનું ફળ પામ્યા વિનાજ પાછો આવ્યો અને ઘણા સાત્ત્વિક મનુષ્યો મારી પછવાડે મોડા-મોડા આવ્યા પરંતુ તેમણે ઉંડા પાણીમાં પેસી શોધ કરીને હજારો સાચાં મોતી મેળવ્યાં. નિચોડ એ જ છે કે;

'કોઈ કોઈને કેડે મત પડો, કેડે પડ્યા આણે કાજ.'

કોઈની પાછળ કોઈ પડશો જ નહિ, કારણ કે, પાછળ પડેલા કામ કરીને જ વિરામ પામે છે. શ્રદ્ધા, સમજણ અને સાત્ત્વિકભાવ આ ત્રણ ગુણો આત્માના બધા ગુણોને પ્રગટ કરે છે. માટે પૂર્વપુરુષના વચનમાં શ્રદ્ધા મજબુત બનાવીને પંચમહાપરમેષ્ઠિ ભગવંતોને સમજવા ભાગ્યશાળી બનો અને સમજ્યા પછી તેમના ગુણો જ આપણા ગુણોને પ્રકટ કરાવવામાં મદદગાર થશે.

શંકા–શાસ્ત્રોમાં કહેવાય છે કે, એક આત્મા અનંતાનંત

કર્મોથી લેપાએલો છે. અને તેથી જ અનંતા અવગુણોથી ભરેલો છે. તે આત્મા કર્મ અને અવગુણોથી મુક્ત કેમ બની શકે ?

સમાધાન – જેમ કોઈ કોડ, બે કોડ કે પાંચ-દશ કોડનો દેવાદાર હોય છે, પરંતુ પોતે સાહુકાર અને ખાનદાન કુલનો હોવાથી તેના ચિત્તમાં કરજ ખુંચ્યા કરે છે. કયારે દેવું ચુકાવું, એમ ભાવના ભાવ્યા જ કરે છે. તેને કોઈ સારો સલાહકાર મળી જાય છે તો તેમની સલાહ અને સહાયથી લેણદારોને મળીને દેવાના હફતા કરી આપે છે. ત્યારથી વ્યાજ બંધ થાય છે. જ્યારે બીજી બાજુ મૂલ દેવું આપવા ઉદ્યમ ચાલુ કરે છે. ખર્ચ ઘટાડે છે એટલે આવક વધે છે. વ્યાજ બંધ થવાથી થોડા જ કાળમાં દેવું પણ ઘટવા માંડે છે. સ્વભાવ જ એવો છે કે, દેવું ઘટવા માંડે એટલે શાંતિ વધવા માંડે. મોજશોખ કરતાં પણ જેને કરજ ચુકાવવું વધારે પસંદ હોય તેના લેણદારને પણ તેની ઉપર દયા ઉપજે છે. અને એથી કરજદાર મુદ્દલ મુડી આપી વહેલામાં વહેલી તકે કરજ મુક્ત થઈ જાય છે.

બીજી બાજુ કેટલાક કરજદાર ફક્ત હજાર, બે હજારના જ દેવાદાર હોય છે, પરંતુ જીંદગી સુધી કાયમ દેવું. ચુકાવતા રહેવા છતાં દેવું ઓછું થતું જ નથી. બધી કમાણી વ્યાજમાં જ હોમાય છે. મુદ્દલ મુડી જેમની તેમ દેવી જ રહે છે. તેઓનું માનસ સડેલું હોવાથી ગમે તેટલું કરજ હોય તોપણ તેમના મોજશોખ ચાલુ જ રહે છે. તેમને માથે દેવું છે તેની ચિન્તા થતી જ નથી. એટલે ગમે તેવા વ્યાજે પૈસા ઉપાડીને પણ નાટક વિગેરે જુએ છે. તેમની ભાવના બુરી હોવાથી મનમાં વિચાર કરે છે કે, મળશે તો આપશું નહિ તો આપનારા મરશે. તેથી સવાયા-ડોઢા લખી આપીને પણ પોતાના વિલાસોને

ચાલુ રાખે છે. તેઓ બિચારા પોતે આખી જિંદગી ગુલામ જેવું જીવન ભોગવી પાછળના સંતાનોને પણ કરજમાં ડુબેલાં મૂકી જાય છે. જમીન, જાગીર કે ધન-મિલકત હોય તે પણ ગીરવી-અડાણું મૂકીને મરે તેથી પાછળનાં સંતાનો પણ બાપડા એવા જ કરજવાન રહી ગુલામ જીવન જીવી તે પણ પોતાની પાછળનાને દેવાદાર મૂકતા જાય છે.

—— * ——

એક પામરની ટુંકી કથા

એક પામર એક વાર પોતાની સ્ત્રી સહિત કોઈ વેપારીના ઘેર ગયો. શેઠને કહે રૂા. ૧૦૦ અમારે અંગ ઉધારે લેવા છે. ખળામાં પાછા આપીશું. શેઠ કહે છે રૂા. ૧૦૦ ના રૂા. ૧૨૫ પાછા લેશું. પામરે હા કહી. દસ્તાવેજ થયો. બૈરી તેના ધણીને કહે છે, કે શા માટે લો છો? મજુરી કરીને ગુજરાન ચલાવીશું. મફતના રૂા. ૨૫ શું કરવા ગુમાવો છો! પામર, બૈરીને જવાબ આપે છે, મલશે તો આપીશું નહિતર શેઠ શું ખુડ લેવાનો હતો? શેઠ તો રૂા. ૨૫) કમાતો-કમાશે પણ હું તો આજે રૂા. ૧૦૦) કમાયો.

આ કથાથી સમજી શકાય તેમ છે કે, આપણે પણ લગભગ એવા છીએ. પરલોકનો વિચાર માત્ર નહિ કરનારને વખતે કોઈ ટોકે ત્યાં તે ઝટ જવાબ આપશે કે, "પરભવ કોણે જોયો છે? એ તો સૌનું થશે તે આપણું પણ થશે." એટલે ઉપરના પામરની માફક આ ભવમાં અન્યાયથી ધન મેળવીને પણ વિલાસો ભોગવવામાં આપણને જરાપણ ભય થતો નથી. અને મોટો દેવાદાર પણ જો વિચારક અને

ખાનદાન સજ્જન હોય તો દેવામાંથી ચોક્કસ છુટો થઈ શકે છે. પણ જો તેમ અનંતાકાળથી કર્મનો દેવાદાર બનેલો આત્મા વિચારક બને છે તો તુરત તેને ગુણાનુરાગ પ્રગટ થાય છે. ગુણાનુરાગ આવ્યા પછી ખાનદાની સજ્જનપણું આવતાં વાર લાગતી નથી. એટલે તેને સાધુ અને ગૃહસ્થના ઉત્તમ કોટીના આચારો પસંદ પડવા માંડે છે. હિંસા, જુઠ, ચોરી મૈથુન અને પરિગ્રહ–મમતા ઘટવાં શરૂ થાય છે. ક્રોધાદિ કષાયો મંદ થવા માંડે છે. અશુભ પ્રવૃત્તિઓ ઘટવા માંડે છે અને શુભપ્રવૃત્તિઓ વધવા માંડે છે. નાલાયકો, ગુંડાઓ, આખલાઓ, અને સફેદ ઠગની સંગતિ તુટવા માંડે છે. સાધુ–સંત, સાક્ષરો, પંડિતો અને ગુણીજનોનો સહકાર શરૂ થાય છે. એટલે સાબુના ઘસારાથી જેમ મેલ નાશવા માંડે છે તેમ ઉત્તમ પ્રવૃત્તિઓથી દોષો પણ નાશવા જ માંડે છે. ક્રમે કરીને અધમ આત્માઓ પણ ઉત્તમ સંત બની જાય છે.

બીજા નંબરના દેવાદારોને દેવાની કશી પડી જ નથી. તેઓ કયારે પણ એમ વિચારતા જ નથી કે;

"એક રામ ચઢતાં ગયું, રાવણ કેરું રાજ,
સોલ રામ તુજ પર ચઢે, તું મૂરખ શિરતાજ."

એક રામ ચઢવાથી રાવણનું રાજ ગયું તો મારા ઉપર આઠ રામ, સોલ રામ, ચોવીશ રામ, વ્યાજ ચઢ્યા જ કરે છે. મારૂં શું થશે? બસ જેને દેવાનું દુઃખ થતું નથી તેનું કરજ જતું નથી અને સ્વતંત્રતાનું સુખ મળતું નથી. આપણો આ જીવડો પણ અનંતા કાલથી સંસારમાં ભટકે છે. કોઈક વાર દેવનો કે મનુષ્યનો જન્મ મળી જાય છે. જો ત્યારે તે ધારે તો અનંતા કાળનું દેવું ચુકવી શકે છે. પાપ ઘટાડીને ક્રમે કરી કર્મ

મુક્ત પણ થઈ શકે છે. પરંતુ એવા વિચાર જ આવતા નથી. આજ લગભગ દરેકને વિલાસના, ભોગના, ટેસ્ટના, તોફાનના જ વિચારો આવ્યા કરે છે. એક પાપ હજારો પાપ કરાવે છે. પ્રથમ સહુ એકલા હોય છે. એકલા જ રહ્યા હોત તો સારૂં હતું. કોઈ ઉપાધિ ન થાત. એકલાનું પેટ ભરવું જરા પણ મુશ્કેલ ન હતું. એકલો આત્માનું કલ્યાણ સહેલાઈથી સમજીને આચરી શકે પણ ભાઈને વિલાસ જ જોઈએ છે. દેવના ભવો થવા છતાં ભૂખ મટી નથી. પશુગતિમાં પાડા-આખલાના ભવો પામી, હજારો ભેંસો-ગાયો ભોગવી વાંદરા-હાથીના ભવો પામી, હજારો સ્વજાતિની સ્ત્રીઓ ભોગવી પણ જીવ બાપડો ભૂખ્યો જ રહ્યો. એટલે અહિં પણ 'એકડાનો બગડો' થયો. પછી તો જોઈ લ્યો મજા ? ચાર-પાંચ છોકરાં થયાં. (એ બધાને પોષવાનું પાપ વધ્યું. આખી જીંદગી પોતાનું પરિવારનું પોષણ કરવામાં આ જીવનું સુધરવાની જગ્યાએ બગડ્યું.) અનંતા કાળનું કરજ દેવાનું મન જ ન થયું. જીંદગી બરબાદ ગઈ, ભવોની પરંપરા વધી. પશુનાં અને નરકગતિનાં દુઃખો ભોગવવાની અને રોઈને સમય પસાર કરવાની અરઘટમાલા ચાલુ જ રહી.

ઉપરની હકીકતથી સમજી શકાય છે કે, આપણા જીવને ગુણાંદર વધારવાની અને દોષો કાઢવાની અનિવાર્ય જરુર છે. ગુણ વધે તો દોષ ઘટે. ગુણો લાવવાનું શીખવા અધ્યાપક એટલે માસ્તરની ખાસ જરુર ખરી. ગુણોના અધ્યાપક પંચમહાપરમેષ્ઠિ ભગવંતો જ હોઈ શકે છે. પંચમહાપરમેષ્ઠિ ભગવંતો પોતે ગુણોરૂપી હીરા-માણક, મોતી, રત્નો વિગેરે ઝવેરાતના ઝવેરી છે. એમના આશ્રિત જીવો પણ ઝવેરાતરૂપ ગુણોને પામીને ઝવેરી બની જાય છે અર્થાત્ પંચપરમેષ્ઠિ ભગવંતોના

આશ્રય લેનાર પોતે પણ પંચમહાપરમેષ્ઠિ પદમાં ભળી જાય છે.

હવે આપણે પંચપરમેષ્ઠિ ભગવંતોમાં મુખ્ય શ્રીઅરિહંત દેવ છે. તે અંગે વિચારીએ. અરિહંત કહેવાય કોને ? અરિહંત પદનો અર્થ

'નમો અરિહંતાણં, નમો અરહંતાણં, નમો અરુહંતાણં.'

અર્થ – 'અરિ' એટલે અભ્યંતર શત્રુઓ તેના 'હંત' એટલે નાશ કરનારા. 'અર્હ' એટલે ઈન્દ્રાદિકથી કરાએલી પૂજાને લાયક. બીજો અર્થ 'અરહ' એટલે જેમનાથી લોકાલોકમાં કાંઈ પણ અજાણ્યું નથી તે, તથા 'અરુહ' એટલે કર્મરૂપ બીજો સર્વથા બળી જવાથી હવે સંસારમાં ફરી નહિ ઉગનારા અર્થાત્ જન્મ–મરણથી મુક્ત બનેલા એવા શ્રી જિનેશ્વરદેવોને મારા નમસ્કાર થાઓ.

અરિહંત પરમાત્માઓ એવા ઉચ્ચ કોટીના આત્માઓ હોય છે. જેથી તેમનામાં પ્રગટ થએલા ગુણોને જાણવા કે સમજવાથી જરુર તેમના પ્રત્યે સદ્ભાવ જાગૃત થયા વિના રહેતો નથી.

હવે અરિહંત પ્રભુ સર્વજ્ઞપણું પામ્યા પછી કેવા હોય છે તે વિચારીએ.

અરિહંત પરમાત્માના આત્મામાં રાગ–દ્વેષ, અજ્ઞાનતા, સર્વથા નિર્મૂલ થવાની સાથોસાથ બીજા પણ બધા મહાદોષો પલાયન થઈ જાય છે અને ગુણો પ્રગટે છે જેવાકે –

આ જીવને અનંતા કાળથી પોતાનું સ્વરુપ નહિ સમજવા દેનાર મહામિથ્યાત્વ સર્વથા ક્ષય થાય છે.

આ જીવને અનંતાકાળથી ત્યાગની બુદ્ધિ જ ન થવા

દેનાર અવિરતિ મહાદોષ સર્વથા ક્ષય થાય છે.

આ જીવને અનંતાકાળથી જગતના પદાર્થમાત્રની યથાર્થતાનું ભાન ન થવા દેનાર મહાઅજ્ઞાન ક્ષય થાય છે.

આત્માની ક્ષમા, મૃદુતા, ઋજુતા, નિર્લોભતા આ ચાર-મહાગુણોને અટકાવનારા ક્રોધ, માન, માયા અને લોભ સર્વથા ક્ષય પામે છે.

સ્ત્રીને ભોગવવાની ઇચ્છા, પુરુષને ભોગવવાની ઇચ્છા, બન્નેને ભોગવવાની અભિલાષાને ઉત્પન્ન કરાવનાર તે પુરુષવેદ સ્ત્રીવેદ અને નપુંસક વેદ એ ત્રણે સર્વથા ક્ષય થઈ જાય છે.

હાસ્ય-રતિ-અરતિ-ભય-શોક-દુગંચ્છા આ છએ ક્રોધાદિના ઉત્પાદક છે. આ છ દુર્ગુણો બીજા પણ અનેક દુર્ગુણોને ઉત્પન્ન કરે છે અને ઘણા દોષોને પોષણ આપે છે. શ્રીવીતરાગ જિનેશ્વરદેવમાંથી આ છએ દોષો ચાલ્યા ગયા હોય છે.

નાની-મોટી બધી નિદ્રાઓ સર્વથા નાશ પામી જાય છે અને અપ્રમત્તભાવ પ્રગટ થાય છે.

બધા પ્રકારના રોગો ક્ષય થઈ જાય છે. બધી પ્રકારની તૃષ્ણાઓ પણ નાશ પામે છે.

હિંસા, મૃષા-જુઠ, ચોરી, મૈથુન, મમતા સર્વથા બંધ થઈ જાય છે.

કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય નિર્મૂલ નાશ પામે છે.

અવિરતિમાં પ્રેમ અને વિરતિમાં અરુચિરુપ રતિ-અરતિ મહાદુર્ગુણ તદ્દન ચાલ્યા જાય છે. પરનિન્દા અને સ્વશ્લાઘારુપ બધમાધમ મહાદોષો રવાના થાય છે.

માયાપૂર્વકનો મૃષાવાદ જેને જગતમાં પોલિટીકલ-નીતિ અને મુત્સદ્દીપણું કહેવાય છે. આવો જગતને ફસાવનારો

મહાદોષ ક્ષય પામે છે.

ચપળતા, તુચ્છતા, નિર્માલ્યતા, કામાન્ધતા, મદાન્ધતા, સ્વાર્થાન્ધતા, કૃપણુતા, ભીરુતા, અધીરતા, મૂર્ખતા, લોલુપતા, ક્ષુધાલુતા, તૃષાલુતા, દીનતા; રંકતા આદિ તમામ દોષો ચાલ્યા જાય છે. અને આત્મા સ્ફટિક જેવો શુદ્ધ બની જાય છે.

સર્વજ્ઞતા, વીતરાગતા અને યથાર્થભાષિતા ગુણો પ્રગટ થતાંની સાથોસાથ બીજા પણ મહાગુણો પ્રગટ થાય છે.

સર્વજ્ઞપુરુષોએ જોયેલા સર્વ તત્ત્વોને સંપૂર્ણપણે સ્વીકાર કરાવનાર જે ક્ષાયિક સમ્યક્ત્વ તે પ્રગટે છે. જેમાં આત્માનું સ્વસ્વરુપ જ પ્રગટ રીતે પ્રકાશતું હોય તેવું યથાખ્યાત ચારિત્ર પ્રકટ થાય છે. અપૂર્વ ક્ષમા, મૃદુતા, ઋજુતા, નિર્લોભતા આદિ ગુણો સંપૂર્ણપણે પ્રગટ થાય છે. જગતના પદાર્થ માત્રની લાલસાનો લોપ થઈ જવાથી એકદમ પૂર્ણ તૃપ્તિરુપ ત્યાગદશા પ્રગટ થાય છે. લોકાલોકના દ્રવ્ય, ગુણ અને પર્યાયનું જ્ઞાન કરાવનાર કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ થાય છે.

દેવાંગનાઓ સામે હોય તોપણ સર્વથા કામવિકાર ન થાય એવો અપૂર્વ બ્રહ્મચર્ય ગુણ પ્રગટ થાય છે. ગમે તેવી અનુકૂળ સામગ્રી ઉપર પણ રાગ ન થાય તેવી વીતરાગતા પ્રગટેલી હોય છે. ગમે તેવો વિરોધ કરનાર તથા ઉપસર્ગ અને દુઃખ દેનાર ઉપર પણ દ્વેષ ન થતો હોવાથી વીતદ્વેષતા પ્રગટે છે.

આલોકનો ભય, પરલોકનો ભય, અપયશભય આજીવિકાભય, અકસ્માદ્‌ભય, આદાનભય, મરણભય વગેરે બધા પ્રકારના ભયો નાશ પામવાથી અલૌકિક નિર્ભયપણું પ્રગટે છે. નિદ્રા, સ્વપ્ન અને જાગરદશા ક્ષય થઈ જવાથી ચોથી ઉજાગર દશા પ્રગટ થાય છે. ઊંચ કોટીના છ બાહ્ય અને

છ અભ્યંતર તપ પ્રગટે છે. બધા પ્રકારના સંયમ ગુણો એકત્ર થઈને સાક્ષાત્ પ્રગટ દેખાયા કરે છે. જગતનાં સર્વ પ્રકારનાં દ્રવ્ય અને ભાવ સત્યો પ્રગટ થાય છે. જગતના સર્વ જીવો ઉપર મૈત્રીભાવના, પ્રમોદભાવના, કરુણાભાવના અને માધ્યસ્થ-ભાવના પ્રગટ થાય છે. સાત્ત્વિકતા, સહિષ્ણુતા, શૂરતા, ધીરતા, વીરતા, ગંભીરતા આદિ અલૌકિક મહાગુણો પ્રગટ થાય છે-

બીજા પણ ૩૪ અતિશયો, ૩૫ વાણીના ગુણો ભગવાન વીતરાગ જિનેશ્વર દેવોમાં પ્રગટ થાય છે. ભગવાન વીતરાગોને આઠ મહાપ્રાતિહાર્યો સદાકાલ સાથે હોય છે. તેઓ બાર ગુણોથી શોભતા હોય છે. ચાર નિક્ષેપાથી જગતને પવિત્ર બનાવે છે. ૧૮ મહાદોષો, તથા ૧૮ પાપસ્થાનકોનો તેમનામાં સર્વથા અભાવ હોય છે.

શ્રીજિનેશ્વર દેવના બાહ્ય-અભ્યંતર મહાગુણોનું વર્ણન કરવાની કોઇની તાકાત નથી. ગુર્જર કવિ શ્રીમાન્ પદ્મવિજયજી ગણિવર ફરમાવે છે કે –

"તુજ ગુણ કોણ ગણી શકે, જો પણ કેવલ હોય"

મહાપુરુષ કવિશ્રેષ્ઠ શ્રીસિદ્ધસેનદિવાકરજી મહારાજ પણ ફરમાવે છે કે –

"मोहक्षयादनुभवन्नपि नाथ! मर्त्यो,
नूनं गुणान् गणयितुं न तव क्षमेत"

અર્થ– મોહ અને અજ્ઞાન સર્વથા ક્ષય થયા પછી કેવલજ્ઞાનથી પ્રકટ પણે અનુભવતો આપના ગુણોને જાણતો આત્મા પણ હે વીતરાગ ! આપના ગુણો ગણવા સમર્થ થઈ શકતો નથી. અર્થાત્ કેવલી ભગવાન પોતે વીતરાગના ગુણો જાણે ખરા પણ વર્ણન કરી શકે નહિ, ગણી કે ગણાવી શકે નહિ, કારણ કે આયુષ્ય થોડું છે અને ગુણો અનંતા છે.

આ સંસારમાં રહેલા અનંતાનંત આત્માઓમાંથી શ્રીજિનેશ્વરદેવના આત્મા નિરાળા બનીને સંસારના પ્રાણી વર્ગથી કેવી રીતે જુદા પડીને જગતના પૂજ્ય થયા ? એવો આપણને પ્રશ્ન સહજે થાય તો ત્યાં આપણે સમજવું જોઈએ કે, ઉપર જોઈ ગયા તેમ ક્રોડોનો દેવાદાર થોડું થોડું દેવું ચુકાવતાં લાંબા કાલે પણ દેવામાંથી મુક્ત થાય છે, તથા થોડો થોડો સંગ્રહ કરનાર લાંબા ગાળે મોટો ધનવાન બને છે.

એજ પ્રમાણે શ્રીજિનેશ્વર દેવોએ દોષોને ઓળખીને તેનો ત્યાગ કરતાં કરતાં ક્રમે કરી તેમના સર્વ દોષો વિરામ પામે છે અને ગુણો સંગ્રહીત થાય છે. એટલે જેમ બધી નદીઓ વગર નિમંત્રણે દરિયામાં ભળે છે, તેમ ગુણો, ગુણોને લાવનારા હોવાથી સુપાત્ર આત્મામાં સર્વ ગુણો આવીને એકઠા થાય છે.

શ્રીજિનેશ્વરદેવોના આત્માઓને આવું ઉંચું સ્થાન કેમ પ્રાપ્ત થયું ? આના જવાબમાં કહી શકાય કે, આ સંસારમાં નિગોદાદિ સ્થાનોમાં ફરી રહેલા બધા આત્માઓમાં શ્રીજિનેશ્વર દેવોના આત્માઓ પણ અભેદભાવથી ભેળશેળ બનીને ભટકી રહેલા છે. છતાં સર્વજ્ઞ ભગવંતોના જ્ઞાનથી તો જુદા જ પડેલા ઓળખાય છે. રોહણાચળની ખાણમાં અનેક હીરા, માણેક, મણિ, રત્નો વિગેરે જેમ માટીની સાથે રગદોળાઈને એક જેવા બનીને રહેલા છે. છતાં તે રત્નો તે દશામાં માટીથી તદ્દન જુદાં અને વિશિષ્ટતાને ધારણ કરનારાં છે. એમ તેના જાણકારો સમજે છે અને તેથી જ માટીને તજીને તેને લેવાનો પ્રયત્ન કરે છે. તેમ ભગવંત જિનેશ્વરદેવોના પુણ્યાત્માઓ અનંતાનંત જીવરૂપ માટીની ખાણમાં કોહીનુર રત્નની માફક જગતના બીજા જીવોથી તદ્દન જુદા જ સ્વભાવવાળા હોવા છતાં ભવસ્થિતિના પરિપાકના અભાવથી બધા જીવો સાથે રગદોળાએલા રહે છે

અને સંસારમાં અથડાયા કરે છે. તો પણ તેઓ બીજા જીવોથી વિશિષ્ટ જ હોય છે.

શ્રીજિનેશ્વરદેવોના સ્વભાવ અને ગુણોનું વર્ણન કરતા મહાપુરુષો ફરમાવે છે કે :—

"एते आकालं परार्थव्यसनिनः, उपसर्जनीकृतस्वार्थाः, उचितक्रियावंतः, अदीनभावाः, सफलारंभिणः, अदृष्टानुशयाः, कृतज्ञतापतयः, अनुपहतचित्ताः, देवगुरुबहुमानिनः तथा गंभीराशया इति ॥"

શ્રીજિનેશ્વરદેવોના આત્માઓ સંસારમાં ફરતાં જ્યારે જ્યારે મનુષ્યપણું કે દેવપણું પામે છે. ત્યારે તેમનામાં ઉપરના ઉચ્ચ કોટીના ગુણો જરૂર દેખાય છે. એટલે તેઓમાં ઉચ્ચ કોટીનો પરોપકાર ગુણ જરૂર હોય છે. તથા તેમનો પોતાનો સ્વાર્થ લગભગ ગૌણ હોય છે. તેઓ બધી ઉચિત ક્રિયાઓ કરતા હોય છે. તેમને દીનતા હોય જ નહિ. તેમનો એક પણ કાર્યારંભ ફલ વગરનો હોય નહિ. તેઓ પાછળથી પસ્તાવો ન થાય તેવાં કાર્યો કરે છે. તેઓ ઉપકારિના ઉપકારને નહી ભૂલનાર પુરુષોમાં અગ્રેસર અને દેવ-ગુરુમાં બહુ જ આદરવાળા હોય છે. તેમનો આશય ખૂબ ગંભીર હોય છે અને તેઓ વજ્ર જેવા મજબૂત ચિત્તવાળા હોય છે.

ઉપરના ગુણો આ મહાપુરુષોમાં સ્વભાવસિદ્ધ હોવાથી; જ્યારે ભવસ્થિતિ પરિપાક થાય છે ત્યારે અનેક શુભગુણો પ્રગટ થવાની સાથે શુભભાવનાઓ પ્રગટ થાય છે, તેથી તેમના ઘણી જ ઉંચી જાતના વિચારો હોય છે. જેમકે,

"જો શકિત મુજને મળે, આપું સહુને સુખ;
જો શક્તિ મુજને મળે, કાપું સહુનાં દુઃખ ॥૧॥
મુજને દુઃખ આપે બધા, તો પણ હું નહિ તાસ,
સુખ પીરસવા સર્વને, છે મારો અભિલાષ ॥૨॥

જગના પ્રાણી માત્રને, વ્હાલા છે નિજ પ્રાણ,
માટે મન વચ કાયથી, હવે કરૂં તસ ત્રાણ ॥૩॥
આશીર્વાદ મુજ એટલો, ભવ ભવ એ મુજ ભાવ,
ત્રસસ્થાવર જીવો બધા, દુઃખીઆ કો નવિ થાવ ॥૪॥
એવી છે મુજ ભાવના, જો મુજ ધાર્યું થાય,
શ્રી જિનશાસનને વિષે, સ્થાયું જીવ બધાય ॥૫॥

આવી ભાવનાઓ વારંવાર સ્ફુરાયમાન થવાથી ભવિષ્યમાં આખા જગતનું ભલું કરવાની સામગ્રી સાંપડવાનાં પુણ્યો બંધાવા માંડે છે. હિંસા, જુઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ, મમતા વિગેરે પાપો નબળાં પડવા માંડે છે અને મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ ભાવનાઓ ખીલવા માંડે છે. સાથોસાથ બીજા અનેક ગુણોનો આવિર્ભાવ શરુ થાય છે.

શ્રીજિનેશ્વરદેવોના આત્માઓ સંસારના કીચ્ચડમાંથી કેવી રીતે બહાર નીકળી, આગળ આવી, ઉંચા ચડે છે. તે સ્વરૂપ સમજવા સારૂ અહીં આપણે **શ્રીપાર્શ્વનાથસ્વામીના દશ ભવનું વર્ણન જોઈએ.**

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં. પોતનપુર નામનું દેવપુરી જેવું સુંદર નગર હતું. તેમાં સૂર્ય જેવો પ્રતાપી, ચંદ્ર જેવો સૌમ્ય, ઈન્દ્ર જેવો વૈભવશાળી, કામદેવ જેવો રૂપાળો, બૃહસ્પતિ જેવો બુદ્ધિમાન, પિતાની માફક પ્રજાને પાળનારો, અરવિંદ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને શીલાદિ અનેકગુણગણને ધારણ કરનારી પ્રીતિમતી નામની પટ્ટરાણી હતી.

તે રાજાને રાજ્યગોર અથવા કુલગોર તરીકે વિશ્વભૂતિ નામે પુરોહિત હતો. તે પણ વ્યાકરણ, સાહિત્ય, ન્યાય, કાવ્ય,

જ્યોતિષ વિગેરે અનેક શાસ્ત્રોનો જાણકાર અને શ્રી વીતરાગ શાસનમાં ખૂબજ શ્રદ્ધાવાન હતો. તેમજ ધનસંપન્ન હોવા છતાં ગૃહસ્થને ઉચિત શ્રાવકને પાળવા યોગ્ય બારવ્રતોનું પણ આરાધન કરતો હતો.

તે વિશ્વભૂતિ પુરોહિતને શીલાલંકારધારિણી, પતિવચનાનુસારિણી અનુદ્ધરા નામે પ્રાણવલ્લભા હતી. રાજાની મહેરબાનીથી પરસ્પર સ્નેહભાવમાં આનંદપૂર્વક દિવસ વ્યતીત કરતાં તે દંપતીને બે પુત્રો થયા. તેમાં પહેલાનું નામ **કમઠ** અને બીજાનું નામ **મરુભૂતિ** હતું. **મરુભૂતિ** તે જ આપણા પરમ ઉપકારી **પાર્શ્વનાથ સ્વામી**નો આત્મા છે.

ઉપર કહેલ બે પુત્રમાં પહેલો પુત્ર કમઠ સ્વભાવથી શઠ, દુષ્ટ, લંપટ, કદાગ્રહી, વ્યસની, માયાવી, ઈર્ષાળુ અને ઘણો જ ક્રોધી હતો. જ્યારે મરુભૂતિ તેથી ઉલટો ભદ્રિક, વિદ્વાન, સદાચારી, પ્રેમાળ, દયાળુ, વિનયી અને ઘણો જ પ્રતિભાશાળી આત્મા હતો.

કમઠના અનાચારથી ગામની અંદર તેનો અતિપ્રમાણ અપયશ ફેલાણો હતો. તેજ પ્રમાણે મરુભૂતિનો સદાચાર નગર અને દેશ વ્યાપી બનવાથી તેનો કપૂર જેવો યશ પણ કયાંઈ સમાતો ન હતો. કારણ કે એક જ નક્ષત્રના જન્મેલા પણ એક જેવા હોતા નથી. કહ્યું છે કે:—

"एकोदरसमुत्पन्ना, एकनक्षत्रजातकाः।
न भवन्ति समशीला, यथा बदरीकंटकाः"

બોરડીના કાંટા એક જ ઉદરમાંથી અને એક જ નક્ષત્રમાં જન્મેલા હોવા છતાં કેટલાક તદ્દન વાંકા જ હોય છે ત્યારે

કેટલાક બિલકુલ સરળ–સિધા જ હોય છે, તેમ માતા–પિતા એક હોવા છતાં બે ભાઈઓ એક સ્વભાવના હોતા નથી.

માતા–પિતાની ખાનદાનીના પ્રતાપે કમઠ અને મરુભૂતિ અન્નેનો વિવાહ સારાં ખાનદાન કુટુંબોમાંથી અનુક્રમે અરુણા અને વસુંધરા નામની કન્યાઓ સાથે થયો હતો. તેમાં કમઠની પત્ની અરુણા ઘણી જ ઉત્તમ આત્મા અને સદાચારિણી હતી, જ્યારે મરુભૂતિની પત્ની વસુંધરા તેનાથી ઉલ્ટી એટલે વક્ર સ્વભાવવાળી અને સદાચારથી પર હતી. સદાચાર તેણીને લગભગ ગમતો જ ન હતો. જેને પુણ્યનો પૂરો ઉદય હોય તેને જ અનુકૂળ અને સદાચારી પરિવાર પ્રાપ્ત થાય છે.

અહિં વિશ્વભૂતિ પુરોહિત જૈનાચાર્યોના સહવાસમાં અનેક વાર આવેલો હોવાથી અને પોતે પણ જીવાજીવાદિ તત્ત્વોનો ખુબ જ અભ્યાસી હોવાથી પુત્રોને યથાયોગ્ય વ્યવહારનો ભારવહન કરવાને સમર્થ જાણી સંસાર તરફથી દૃષ્ટિને ફેરવીને આત્મસાધનામાં દિનપ્રતિદિન આગળ વધવા લાગ્યો હતો.

રાજકાર્ય અને ગૃહવ્યાપાર પુત્રોને ભળાવીને પરલોક સુધારવા માટે પોતે આખો દિવસ અને રાત્રી આત્મચિંતવનમાં મસ્ત રહેતો અને લગભગ બધો સમય સામાયિક, પૌષધમાં જ ગાળતો હતો. કહ્યું છે કે,

"सामाइय-पोसहसंठिअस्स जीवस्स जाइ जो कालो।
सो सफलो बोधव्वो सेसो संसारफलहेउ॥"

અર્થ–જે આત્માનો સામાયિક અને પૌષધ દશામાં જે કાળ વ્યતીત થાય છે, તે જ કાળ સફળ છે. તે જ કાળ આત્માનું ભલું કરનારો છે, તે જ કાળ આત્માનાં અનંત-

કાળનાં બંધન તોડનારો છે. બાકીનો બધો કાળ સંસારની વૃદ્ધિ માટે જ છે. એટલે કે, સામાયિકદશા વગરનો કાળ સંસારની ચારે ગતિનાં ભ્રમણો વધારવા માટે જ છે.

વિશ્વભૂતિ પુરોહિત ગૃહસ્થ દશામાં રહેવા છતાં આરાધનામય જીવન વ્યતીત કરતા હતા. તેવામાં એક વખત વિવિક્ત નામના જૈનાચાર્ય પધાર્યા, તેમની પાસે દશવિધ આરાધના સાંભળી. પોતે પણ આત્માને આરાધનામય બનાવી; ચઉવિધ આહારનાં પચ્ચક્ખાણ કર્યાં અને સમાધિમરણ પામીને સૌધર્મ નામના પહેલા દેવલોકમાં દેવ થયા. અનુદ્ધરાદેવી પણ પતિવિયોગ થવાથી અધિકાધિક ધર્મધ્યાન-પરાયણ બની. તીવ્ર તપશ્ચર્યા આચરી મરણ પામીને સુધર્મ દેવલોકમાં તે જ વિશ્વભૂતિદેવની દેવીપણે ઉત્પન્ન થઈ.

કમઠ અને મરુભૂતિ બન્ને ભાઈઓને માતા-પિતાના મરણનો શોક થયો. લૌકિક મરણકાર્યો પતાવીને યથાયોગ્ય સ્વકાર્ય કરવા લાગ્યા. રાજાને મરુભૂતિ યોગ્ય લાગવાથી તેને પુરોહિત પદ આપ્યું. મરુભૂતિ પણ પોતાના પદને, કુલને અને માતા-પિતાની આબરુને છાજે તેવું સદાચરણ આચર તો હોવાથી રાજા તથા સમગ્રપ્રજાને ઘણો જ પ્રીય થઈ પડયો હતો.

અન્યદા કોઈક વાર તે પોતનપુર નગરના ઉદ્યાનમાં વિહાર કરતા અને ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા ચાર જ્ઞાનના ધારક હરિશ્ચંદ્ર નામના સૂરિમહારાજ પધાર્યા. ઉદ્યાનપાલક દ્વારા સૂરીશ્વરનું આગમન જાણીને, રાજા-પ્રધાન અને શ્રેષ્ઠી વિગેરે નગરવાસી લોકો વંદન અને દેશના શ્રવણ માટે મોટા આડંબરથી ઉદ્યાનમાં ગયા, યથાવિધિ વંદનાદિ કરી વિવેક-

પૂર્વક યથાસ્થાને સૌ બેઠા. મરુભૂતિ પણ પોતાના પરિવાર સહિત રાજાની સાથે દેશના સાંભળવા ગયા. અને એકાગ્રતા પૂર્વક આચાર્ય ભગવંત સન્મુખ બેઠા. કારણ કે તત્ત્વજ્ઞાન-પામવાની પહેલી ભૂમિકા શુશ્રૂષા ગુણ છે. કહ્યું છે કે–

"शुश्रूषा श्रवणं चैव, ग्रहणं धारणं तथा।
उहापोहोर्थविज्ञानं, तत्त्वज्ञानं च धीगुणाः ।।"

અર્થ:–શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, ઊહ–અપોહ, અર્થ-વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન આ આઠ બુદ્ધિના ગુણો છે. ધર્મ સાંભળવાની રુચિ એ આત્માનો મહાગુણ છે. અને તેનું જ નામ શુશ્રૂષા છે. કહ્યું છે કેઃ—

"તરુણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર સુણે સુરગીત;
તેહથી રાગે અતિઘણેરે, ધર્મ સુણ્યાની રીત રે–પ્રાણી..."

કોઈ બુદ્ધિશાલી સુખી રૂપાળો જુવાન દેવાંગના જેવી રૂપવતી સ્ત્રીઓથી વિંટાયેલ હોય અને પોતે ચતુર (સંગીત શાસ્ત્રનો જ્ઞાતા) હોય તેને દેવતાઈ ગાયન સુંણતાં જે આનંદ ઉત્પન્ન થાય. તેથી પણ કઈ ગુણો અધિક આનંદ–રાગ ધર્મ સાંભળતાં થાય તો સમજવું કે આત્મામાં ધર્મ શ્રવણની ભાવના ઉત્પન્ન થઈ છે.

પછી અન્યચિત્ત નિરાદરતાનો ત્યાગ કરી એકાગ્ર ચિત્તે સાંભળવું, અને ગ્રહણ કરવું, પછી ન ભૂલાય તેમ ધારી રાખવું, પછી તેમાં તર્ક–વિતર્ક એટલે શંકાઓ કરવી, અને પછી તેનાં સમાધાન કરી. પૂર્ણપણે વ્યાખ્યાનના સૂત્રોનો અર્થ સમજી લેવો. અને તેમાંથી તત્ત્વનિચોડ કાઢવો આ બુદ્ધિના આઠ ગુણો અતિનિકટભવી જીવમાં જ ઉત્પન્ન થાય છે.

ગુરુમહારાજ ફરમાવે છે કેઃ—

"भवकोटीदुष्प्रापामवाप्य नृभवादिसकलसामग्रीम्।
भवजलधियानपात्रे धर्मे यत्नः सदा कार्यः ।।"

અર્થ—ક્રોડો ગમે ભવોની મહેનતથી પણ ન પામી શકાય તેવી મનુષ્ય જન્માદિ બધી સામગ્રીને પામીને સંસાર-સમુદ્રમાં વહાણ જેવા ધર્મમાં હંમેશાં ઉદ્યમ ચાલુ જ રાખવો જોઇએ. કારણ કે અક્ષર વિનાનો લેખ, [ભલે બીડેલું કવર હોય] મૂર્તિ વિનાનું દેવમંદિર અને પાણી વગરનું સરોવર જેમ તદ્દન નકામું છે. તેમ ધર્મ વગરનું મનુષ્યપણું તદ્દન નકામું જ છે. જેમ મૂળ વગરનું ઝાડ લાંબા કાળ ટકી રહેતું નથી, મસ્તક વગરનું ધડ [શરીર] વધુ વખત જીવતું નથી, તે જ પ્રમાણે ધર્મ વગરનો મનુષ્યભવ આદિ શુભ સામગ્રી ચિરસ્થાયી થઈ શકતી નથી. જેમ આવડગત વગર વેપાર નકામો છે, આવડગત વગર રાજ્ય વધુ ટકતું નથી, આવડ-ગત વગરનું શિલ્પ નકામું છે. તેમ ધર્મની આવડગત વગરનું મનુષ્ય જીવન તદ્દન નિષ્ફળ—નકામું છે.

શંકા—આપણે ગયા જન્મમાં ધર્મ કર્યો હશે. અને અમુક માણસે ગયા જન્મમાં ધર્મ કર્યો નથી, એની ખાત્રી શી?

સમાધાન—જેમ ઝાડની ઉંચાઈ, પહોળાઈ અને વિસ્તારથી તે ઝાડનું મૂળ કેટલું ઉંડું, પહોળું અને જાડું હશે તેનું અનુમાન બંધાય છે. જેમકે કેટલાંક ઘાસ, અષાઢ માસમાં ઉગે છે અને ભાદરવા, આશ્વિન માસમાં સુકાઈ જાય છે, તેમનાં મૂળ ઉંડા હોતાં નથી. વળી કેટલાંય વડનાં અને આંબાનાં ઝાડો [ઉજ્જેણીનો સીધવડ, ભરુચ—અંકલેશ્વર પાસેનો

કબીરવડ] વગેરે હજારો વર્ષથી અત્યારે પણ જેવાં ને તેવાં લીલાંછમ ઊભાં છે. કારણ કે તેમનાં મૂળ ઘણાં જ ઊંડાં છે. તે જ પ્રમાણે જેની પાસે ધર્મધન ખૂબ જ હોય તેવા ભાગ્યવાન જીવો ઘણા જ પુણ્યવાળા અને સુખમય જીવન જીવનારા હોય છે. જે માણસે ધર્મ બિલકુલ કર્યો નથી તેવા જીવો દુઃખમય જીવન જીવી રોઈ રોઈને આયુ પૂર્ણકરે છે. અને "હે પ્રભુ! હવે તો મૃત્યુ આવે તો સારૂં." આમ મરવાના જાપ કરી કરીને મરે છે. આ પ્રમાણે સુખના સદ્ભાવ અને અસદ્ભાવથી પુણ્ય–પાપ, ધર્માધર્મની ચોકખી સમજણ પડે તેવું છે.

શંકા—જગતના જીવોએ ભૂતકાળમાં દુઃખ અનુભવ્યું છે એની ખાત્રી શું?

સમાધાન—આપણા પોતાના અનુભવથી જ દુઃખની ખાત્રી થઈ શકે છે. પણ બુદ્ધિથી વિચાર કરવાનો મોખ જ ન હોય ત્યાં કરવું શું? જુઓ, જ્યારે મહાપુણ્યોદયથી આ મનુષ્યપુરીમાં આપણા જીવનો પ્રવેશ થયો ત્યારે સૌ પ્રથમ માતાના ઉદરરુપ ભયંકર જાજરૂમાં માંસ, રુધિર, મજ્જા, રસ, હાડકાં, ચરબી, વીર્યરૂપ સાત ધાતુના કીચડમાં વિષ્ટા–પેશાબની ખાણમાં નવ માસ ઊંધે મસ્તકે વસવું પડયું. આ વાત શાસ્ત્રની નથી, ઇતિહાસ કે વેદ–પુરાણની નથી. પણ અનુભવ સિદ્ધ છે. જગતમાં એક પણ એવો માણસ નથી કે જે માતાના ઉદરમાં ઊંધે મસ્તકે લટકયા વગર જ જન્મ્યો હોય.

મનુષ્યો વિગેરેના ખોરાક માટે પશુઓનાં–ગાયો, ભેંસો, પાડા, ઘેટાં, બકરાં, હરિણ, સસલાં, રોઝ, શુકર, માછલાં, અનેપક્ષિઓ વિગેરે અનેક જાતિના જીવોનાં ભયંકર રીતિએ

અકાલ મરણ થઈ રહેલ સાક્ષાત્ દેખાય છે. તે બીચારાં પામર જીવોનું ગતભવનું મહાપાપોદયનું પરિણામ–દુઃખ નહિ તો બીજું શું ?

શંકા—જો પાપનું ફળ દુખ છે અને ધર્મનું ફળ સુખ છે. તો પછી પાપ કરનારા સુખી શા માટે અને ધર્મ કરનારા દુખી શા માટે? જેમ કે રાજા–મહારાજાઓ, માચ્છીમારો, શિકારીઓ, માંસાહારીઓ, મદિરાપાન–કરનારાઓ, પરસ્ત્રીલંપટો વગેરે જ્ઞાનીઓની દૃષ્ટિએ પાપીઓ હોવા છતાં સુખ કેમ ભોગવે છે ? અને સામાયિક વગેરે ધર્મ કરનારા જ્ઞાનીઓની માન્યતા મુજબ ધર્મી ગણાવા છતાં દુખી શા માટે ?

સમાધાન—પ્રથમ તો ફળ શબ્દનો જ અર્થ સમજવો જોઈએ. ધર્મનું અને પાપનું ફળ કહ્યું છે. પણ થડ, ડાલી અને પાદડાં તેને કહ્યાં નથી ને ? વાવવાના દિવસે જ કોઈ તુચ્છ ઝાડનાં પણ ફળ આવતાં નથી. પ્રથમ અંકુરા, પછી ક્રમે કરીને સ્કંધ, શાખા, પ્રશાખા વિગેરે થાય છે અને છેલ્લે ફળ થાય છે. વળી બધાં બીજો અમુક ટાઈમ જમીનમાં પડ્યાં રહે છે અને જમીન, વર્ષાદ, આતપ–તડકો પવન વિગેરેની અપેક્ષાએ ઉગે છે, વધે છે અને ફળે છે.

આજે વાવેલ અનાજના રોટલા આજે જ કોઈ ખાઈ શકતું નથી એ તો આસાલ વાવેલું આવતી સાલ ખાવાના કામમાં આવે છે. ગઈ સાલ વાવેલું આ સાલમાં ખાવામાં ઉપયોગી બને છે, એજ પ્રમાણે ગયા જન્મોનાં કરેલાં પુણ્ય–પાપનાં ફળ ચાલુ જન્મમાં ભોગવાય છે. પછી ભલે તે ચાલુ

જન્મમાં ધર્મી હોય કે અધર્મી હોય. તેવી રીતે આ જન્મમાં આચારેલા ધર્મ અને અધર્મનું ફલ હવે પછીના જન્મોમાં જ મળવાનું હોવાથી ચાલુ જન્મના સારા–ખોટા આચારણને તેની સાથે કોઈ લેવાદેવા છે જ નહિ. જેમ આ સાલનો તદ્દન બેકાર બેડુત પણ આવતી સાલે મહાધનવાન થઈ જાય છે. અને આ સાલનો ધનવાન બેડુત આવતી સાલે બેકાર પણ બની જાય છે, તે જ પ્રમાણે આ જન્મનો સુખી આત્મા પણ આ ભવમાં સુકૃતકમાણી નહિ જ કરે તો આવતા ભવમાં દુઃખી થવાની આગાહી તેને માટે ગણી શકાય, તેમ જ આ જન્મનો દુઃખી મનુષ્ય પણ દાન, શીલ, તપ, સંજમ વિગેરે કોઈ પણ સુકૃત-કમાણી કરીને મરશે તો ભવિષ્યમાં સુખી આત્મા થશે. સંભવિત એમ જરૂર કહી શકાય.

હરિશ્ચંદ્રસૂરિમહારાજનાં આવાં વચનામૃતો સાંભળી રાજા વિગેરે મનુષ્યોને ધર્મ ઉપર ઘણો જ સદ્ભાવ ઉત્પન્ન થયો. તે વખતે સહુ કરતાં લઘુકર્મી મરુભૂતિને ગુરુદેવની વાણિનો સવિશેષ લાભ થયો. અને ત્યારથી દાક્ષિણ્ય, સૌજન્ય, ધીરતા, ગંભીરતા, સત્ય, શૌચાદિ ગુણોનો તેનામાં સંગ્રહ થવા લાગ્યો. અને સંસારની ભયંકરતા સમજાવા લાગી. વિષયો ઉપર ઔદાસીન્ય ભાવ પ્રગટયો. તેના આવા ગુણોથી નગરમાં પણ મરુભૂતિની લાયકાત ખૂબ જ વિસ્તાર પામવા લાગી. જ્યારે કમઠમાં કર્મની ગુરુતાના યોગે બધું વિપરીત થવા લાગ્યું. મરુભૂતિમાં જ્યારે ઉચ્ચગુણો વધતા જતા હતા, ત્યારે તેનું વૈર વસુલ કરવા માટે હોય નહિ તેમ તે ગુણોના તદ્દન પ્રતિપક્ષી દુષ્ટ દોષો કમઠમાં ઘર કરીને વસવા લાગ્યા.

મરુભૂતિમાં ક્રોધ; મદ, માયા, લોભ ઈર્ષ્યા, કામ, વિગેરે લગભગ મંદ થઈ ગયા હતા. જ્યારે કમઠમાં આ બધા વધવા લાગ્યા હતા. તેથી મરુભૂતિની પત્ની વસુંધરાને દુષ્ટ કમઠે એનેકપાપ પ્રપંચોદ્વારા અને સવિકાર ચેષ્ટાઓ વડે સ્વાધીન કરી લીધી હતી. કુલની મર્યાદા અને પરલોકનો ભય ત્યાગ કરી લઘુભાઈની પત્ની અને જ્યેષ્ટ બંને જણાં યથેચ્છ અનાચાર સેવવા લાગ્યાં. આ વાત કમઠની પત્ની અરુણાએ જાણીને મરુભૂતિને જણાવી દીધી. મરુભૂતિએ આ વાત સાંભળી પણ તેને સાચી ન લાગી. મારા મોટા ભાઈમાં આ પાપ કેમ ઘટી શકે ? આર્ય [મોટાભાઈ] આવું પાપ કરે જ નહિ. પરંતુ અરુણાએ સાક્ષાત્ નજરોનજર જોએલું હોવાથી ઘણું જ સમર્થન કરી મરુભૂતિને ખાત્રી કરવા ભલામણ કરી.

ભાભીની પ્રેરણાથી મરુભૂતિએ કમઠ–વસુંધરાના આચરણને બારીકાઇથી તપાસ્યાં અને અરુણાભાભીનાં વચનો તદ્દન સાચાં સમજાયાં આથી સજ્જન આત્મા મરુભૂતિને ઘણું જ દુઃખ લાગ્યું. પોતાના મોટાભાઈ અને પોતાની પત્નીના આવા અનાર્ય વર્તનથી મરુભૂતિનું ચિત્ત ખૂબ ઘવાઈ ગયું અને ભોજાઈ મારફતે બન્નેને સુધરવા મીઠી ભલામણ પણ ખૂબ કરી.

નિઃશૂકતા આવ્યા સિવાય આવાં અધમાધમ કૃત્યો થતાં નથી તેથી આવાં અધમકૃત્યોમાં લેપાએલા પાપી જીવો અધમ કૃત્યો છોડતા નથી. એ ન્યાયે મરુભૂતિની ભાવના અને અરુણાની મહેનતનું કાંઈ પણ ફલ આવ્યું નહિ. મરુભૂતિએ માતા–પિતાની આબરુ સાચવવા તથા ભાઈ અને ભાર્યાનું ભલું કરવાની ભાવનાથી શક્ય તેટલા બધા જ પ્રયાસો કરી

જોયા પરંતુ રાખમાં ઘી નાખવા જેવું નિવડ્યું. અને પછી તો કમઠ અને વસુંધરા પણ મર્યાદા મુકીને લગભગ નિરંકુશપણે વર્તવા લાગ્યાં.

પરિસ્થિતિ ઘણી જ બગડી જવાથી મરુભૂતિથી ખમાયું નહિ અને નિરુપાય થવાથી મહારાજા અરવિંદની પાસે જઈને ઉપરની તમામ બીના જણાવી. રાજાએ પણ કમઠને બાનગી બોલાવી ઘણું સમજાવ્યો. કારણ કે ભૂતકાળના નરપતિઓ આવા જ ન્યાયી હતા, પરંતુ પાપ એવી ભયંકર વસ્તુ છે. એ પેઠા પછી નિકળવું અશક્ય છે. એટલે રાજાની વાત્સલ્ય ભરપૂર શીખામણ પણ અધમ કમઠને જરા પણ અસરકારક ન બની.

રાજાને અનાચારો ઉપર સૂગ હોવાથી અને કમઠના અનાચારોએ સીમા ઉલ્લંઘી હોવાથી, છેવટે રાજાએ કમઠને પકડાવ્યો અને શરીર ઉપર મસી ચોપડાવી. પછી તેને ગધેડા ઉપર બેસાડી ગામમાં ફેરવ્યો. અને છેલ્લે તેને દેશનિકાલ કર્યો.

કમઠને પોતાનો આવા પ્રકારનો પરાભવ ઘણો જ ભયંકર જણાયો. સ્વજન-પરિવાર, ઘરબાર, ધન-માલ અને મિલ્કત વિના ક્યાં રહેવું. એમ વિચારી તે તાપસાશ્રમમાં જઈ અજ્ઞાન-કષ્ટ કરનારો તપસ્વી થયો, અને અનેક પ્રકારના તપ કરવા-પૂર્વક વનમાં રહેવા લાગ્યો.

મરુભૂતિને જેમ ભાઈના અનાચાર ઉપર અણગમો હતો તેથી પણ અનેકગુણો મોટાભાઇનો ગામમાં અપયશ ફેલાયો તે અને ભાઇની વિડંબના થઈ તે ખૂબ જ સાલવા લાગ્યાં. થોડા દિવસ પછી ભાઈની તાપસવૃત્તિના સમાચાર સંભળાયા એટલે ભાઈને મળવા, તથા શાંત્વન આપવા અને ક્ષમાપના

કરવા મહાશય મરુભૂતિ તાપસ થએલા કમઠના સ્થાનમાં ગયેા.

જગતસ્વભાવ જ એવેા છે કે, 'અગ્નિને બુઝાવવા જનારને પણ અગ્નિ ઘાટ આવે તેા બાળી જ નાંખે.' એ ન્યાયથી અગ્નિ જેવા સ્વભાવવાલા કમઠ પાસે મહાનુભાવ મરુભૂતિ ગયા અને પેાતાની મહાનુભાવતા પ્રમાણે નમ્રતા અને મીઠા વચનેાથી દંભ વગર હસતા મુખે અષ્ટાંગ પ્રણિપાત કરીને વારંવાર ખમાવવા લાગ્યા. પરંતુ કમઠને મરુભૂતિનું મુખ જ ગમતું ન હતું તેા પછી તેનું આવું વર્તન તેા ક્યે જ શેનું? એટલે દુષ્ટાશયવાલા કમઠ તાપસે બંધુ એવા મરુભૂતિ ઉપર મેાટી શિલા ગબડાવી અને મરુભૂતિનું મસ્તક છુંદાઈ ગયું.

दुर्जन-कालकूटौ च, ज्ञातावेतौ सहोदरौ।
अग्रजन्मानुजन्मा च, न विद्मः कतरोऽनयोः॥

અર્થ—કાલકૂટ વિષ અને દુષ્ટ માણસ બંને સગા ભાઈ હેાય છે. પરંતુ આ બન્ને ભાઈઓમાં નાનેા ભાઈ કેાણ અને મેાટેા ભાઈ કેાણ? એની સમજણ અમને [પંડિત પુરુષેાને] હજી પડી નથી. અર્થાત્ ઝેર કરતાં પણ દુર્જન ભયંકર આત્મા હેાય છે.

મરુભૂતિ પેાતાની સજ્જનતાથી અધમ એવા પેાતાના ભાઈને ખમાવવા ગયેા તેના પરિણામે પેાતાનું અકાળ મરણ થયું. 'અકાળમરણું' એટલું જ નહિ પણ સમાધિનેા અભાવ થવાથી કુગતિગમન થયું. કહ્યું છે કે,

"दुर्जनेन समं सख्यं, प्रीतिं चापि न कारयेत्।
उष्णो दहति चांगारः, शीतः कृष्णायते करम्"॥

અર્થ:-દુર્જન આત્માઓની સાથે મિત્રતાતેા ન જ

કરવી પણ થોડો સ્નેહ પણ ન કરવો. કારણ કે અગ્નિ કરતાં પણ વધારે દુષ્ટ દુર્જન આત્મા છે. જેમ અગ્નિ ઊનો હોય તો બાળવાનું કાર્ય કરે અને ઠંડો થાય તો પણ છેવટે કાળું તો કરે જ. એમ દુર્જનની ક્ષણની સંગત પણ અનર્થ કરનાર જ થાય છે.

મરુભૂતિ જેવા ઉત્તમ આત્માનું ભાઈની સાથે ક્ષમાપના કરવા જતાં કુગતિગમન થઈ ગયું. માટે જ જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે કોઈ પણ ભવમાં દુર્જનની સોબત મળશો જ નહિ.

ભગવાન શ્રીપાર્શ્વનાથસ્વામીના આત્માનો બીજો ભવ. પશુગતિ અને હાથીપણું.

એકદા પોતનપુર નગરમાં અરવિંદ રાજાને વાદળાઓના અનેક જાતિના રંગો થતા અને ક્ષણમાં વિનાશ પામતા જોઈ સંસાર ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેથી તેઓ સપ્તાંગ રાજ્ય અને અંતઃપુરનો ત્યાગ કરી સંજમ લેવા તત્પર થયા. ભાવના ભાવતાં તેમને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું અને શ્રી ભદ્રગુપ્તાચાર્ય પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી અગ્યાર અંગ અને ચૌદપૂર્વનો અભ્યાસ કરી ગુરુની આજ્ઞાથી કર્મ ખપાવવા સારૂ તે એકલા વિહાર કરવા લાગ્યા. શત્રુ-મિત્રમાં, મણિ-પાષાણમાં, લોષ્ટ-કાંચનમાં, સ્ત્રી અને મરેલા મડદામાં સમભાવે વિચરતા, નિરંતર કાઉસ્સગ્ગ ધ્યાનમાં જ રહેતા અરવિંદરાજર્ષિને ઉચ્ચકોટીના તપ-ત્યાગ અને ધ્યાનના પ્રભાવથી ઘણી લબ્ધિઓ સાથે મનઃ-પર્યવજ્ઞાન પણ ઉત્પન્ન થયું. આવા આત્મદશામાં લીન થયેલા રાજર્ષિ ચાર જ્ઞાનના ધારક બની અષ્ટાપદગિરિની યાત્રા કરવા ચાલ્યા.

આ બાજુ મરુભૂતિનો જીવ દુર્ધ્યાનથી સમકિતવમી

અસમાધિપૂર્વક મરણ પામી તિર્યંચાયુ બાંધીને વિન્ધ્યાચળ પર્વતની સપાટ ભૂમિમાં મહાશક્તિશાળી હાથીપણે ઉત્પન્ન થયો.

મુનિરાજ અરવિંદને વિહાર કરતાં રસ્તામાં સાગરદત્ત નામના સાર્થવાહનો સાથ થયો હતો અને ક્રમસર વિહાર કરતા વિન્ધ્યાચલની નજીકની સપાટી પાસે આવ્યા. ત્યાં તે બધાએ પડાવ કર્યો. પાણી અને લાકડાં વિગેરે શોધતા માણસો આખા વનમાં ફરવા લાગ્યા. આ બાજુ આપણી વાર્તાના નાયક શ્રીપાર્શ્વનાથસ્વામીનો આત્મા મરુભૂતિનો જીવ આ અટવીમાં ગજરાજપણે ઉત્પન્ન થએલ તેણે સાર્થનો મનુષ્ય સમુદાય જોયો. અને એકદમ તેઓ ઉપર રોષ લાવી મારવા તૂટી પડયો.

હાથીનું આક્રમણ મનુષ્યો ખમી શકયા નહિ. અને જીવ લઈને નાશતાં જ્યાં સાર્થનો પડાવ હતો ત્યાં આવવા લાગ્યા. પણ હસ્તિરાજે માણસોની પુંઠ લીધી, અને જ્યાં આગળ મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવરૂપ ચાર જ્ઞાનના નિધાન અરવિંદરાજર્ષિ ધ્યાનમાં ઉભા છે ત્યાં આવ્યો. તેણે મુનિરાજને જોયા અને આક્રમણ કરવાની ઇચ્છાથી તે મુનીશ્વર ઉપર ધસ્યો. પરંતુ મુનિરાજના તપોબળ અને આત્મબળનો પ્રભાવ હાથી ઉપર પડયો. અને તે વિનીત શિષ્યની માફક સામો રહી એકી નજરે ધારીધારીને મુનિરાજને જોવા લાગ્યો. મહા મુનિરાજ અરવિંદરાજર્ષિ કાઉસ્સગ્ગ પારીને મરુભૂતિના આત્મા હાથીને ધર્મ પમાડવા સારૂ બોલવા લાગ્યા—

भो भो गजेन्द्र ! स्वकीयं मरुभूतिभवं किं न स्मरसि ? मामरविंद-भूपतिं किं नोपलक्षयसि ? प्राच्यजन्मनि मरुभूतिभवे

अर्हत्प्रणीतं श्राद्धधर्मं प्रतिपन्नः किं विस्मारयसि ? स्मर स्मर पूर्वभवं श्वापदजातिजातमिमं महाज्ञानं मुंच.”

અર્થ–હે ગજરાજ ! તું તારો મરુભૂતિનો ભવ કેમ ભૂલી જાય છે ? અને મને અરવિંદ રાજાને કેમ ઓળખતો નથી ? વળી ગયા જન્મમાં મરુભૂતિપણામાં અરિહંત પ્રભુ કથિત શ્રાવકનો ધર્મ તેં આચરેલો કેમ ભૂલી જાય છે ? યાદ કર ! અને પશુ જાતિને યોગ્ય આ મૂર્ખાઈનો ત્યાગ કર !

મહર્ષિનાં વાક્યામૃતો હાથીને ખૂબ જ રુચવા લાગ્યાં. કોઈ કામિની વશીકરણથી સ્વાધીન કરેલા સ્વપતિને જેમ ઇચ્છા પ્રમાણે ઉભો રાખી શકે” તેમ મુનીશ્વરનાં વાક્યોની હાથી ઉપર ખૂબ જ અસર થઈ અને હાથી તદ્દન સ્થિર થઈ ગયો. અને તે વિચાર કરવા લાગ્યો કે,

આ હું શું સાંભળું છું ? આવું મેં ક્યાંઈક જોયું છે. મને આ વાતો જરૂર કયાંઈ સાંભળવામાં આવી છે, આ મહાત્મા મને જરૂર પહેલાં પણ કયાંય મળેલા જણાય છે. આમ ઉહાપોહ કરતાં કરિવરને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાનો મરુભૂતિનો ભવ યાદ આવ્યો અને મારવા આવેલો હાથી આંખોમાં આંસુ લાવીને મહામુનિરાજના પગમાં પડ્યો. મનમાં ઘણો જ સંવેગ ઉત્પન્ન થયો. સંસારની અસારતા સમજાઈ. મરુભૂતિના ભવમાં દુર્ધ્યાનથી ખોઈ નાંખેલો ધર્મ યાદ આવ્યો. હાથીની આ ભાવનાને મુનિરાજે પણ વૈરાગ્ય વાક્યો સંભળાવી ઘણી જ પુષ્ટ બનાવી. ગયા જન્મમાં કમઠની પત્ની અરુણા હતી તે પણ ત્યાંથી મરણ પામીને આ વનમાં જ મરુભૂતિ ગજરાજની

સહચારિણી હાથિણી થઈ હોવાથી તેણી પણ આ વખતે હાજર હતી. મુનિરાજનાં દર્શન અને ઉપદેશથી તેણીને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવ યાદ આવવાથી તેણીએ પણ પોતાનો પૂર્વભવ જોયો. ગતભવમાં વ્યર્થ ગયેલ મનુષ્યજન્મ અને ધર્મનાશનો મનમાં બળાપો કરવા લાગી.

મરુભૂતિ ગજરાજ મુનિવાક્યો સાંભળી શ્રાવકદશાને પામ્યો. અને જેમ બને તેમ પાપ વગરની અથવા અલ્પ પાપવાળી આજીવિકાથી જીવન નિર્વાહ કરવા લાગ્યો. [પશુઓ પણ મુનિઓના સમાગમથી કે જાતિસ્મરણના યોગથી શ્રાવકપણું પામ્યાના જૈનગ્રંથોમાં ઘણા જ દાખલાઓ મળીઆવે છે.]

મુનિરાજ અરવિંદ રાજર્ષિ અષ્ટાપદ પર્વત ઉપર તીર્થ જુહારી જ્ઞાનથી પોતાનું આયુષ્ય અલ્પ જાણી એક માસનું અનશન કરી કેવલજ્ઞાન પામી આઠે કર્મનો ક્ષયકરી અવ્યાબાધ મોક્ષસુખને પામ્યા.

ગજરાજ મરુભૂતિનો આત્મા વનમાં રહે છે. છઠ્ઠ–અઠ્ઠમાદિ તપ કરે છે. જીવદયા પાળે છે. સૂર્યના કિરણોથી તપેલું પાણી અને સુકાં ઘાસ–પાંદડાંનું ભક્ષણ કરતો, હાથિણીઓ સાથેની ક્રીડાઓનો ત્યાગ કરતો, મનુષ્યોના ત્યાગનું ઘણુંઘણું અનુમોદન કરતો, પોતે ગુમાવેલ મનુષ્ય જન્મનો શોક કરતો, આગામી ભવે જૈનધર્મ સહીત મનુષ્ય જન્મ પામવાની ભાવના ભાવતો વિચરે છે. અને જેમ બને તેમ રાગ–દ્વેષનો ત્યાગ કરી સુખ–દુઃખને સમભાવે સહન કરે છે.

અહિં કમઠ અતિ દ્વેષોદયથી પોતાના લઘુબંધુ મરુભૂતિનો ઘાત કરી મનમાં ઘણો જ રાજી થઈ મલકાવા લાગ્યો. પરંતુ

કમઠનું આ કાળું કૃત્ય પોતાના ગુરુ, ગુરુબંધુઓ અને અન્ય તત્ત્વજ્ઞોને બીલકુલ ન ગમ્યું. અને કમઠને ખૂબખૂબ ધિક્કારવા લાગ્યા, તથી મનમાં દુઃખી થયેલો કમઠ આર્તધ્યાનમાં મરણ પામી કુકડાના જેવા મુખ અને પાંખોવાલો મહાવિકરાલ સર્પ થયો જેને જોઈને અટવીનાં સર્વ પ્રાણીઓ ત્રાસ પામતાં હતાં.

તે સર્પ દાઢા, ચંચુ, નખ અને પાંખોવડે અટવીના પ્રાણીઓનો કચરઘાણ વાળતો, પ્રાણીમાત્રને યમરાજનું સ્મરણ કરાવતો, અટવીના પ્રદેશોમાં સાર્વભૌમ બની વિચરતો હતો.

એકદા મરુભૂતિનો આત્મા ગજરાજ સૂર્યના કિરણોથી તપ્ત થઈને શીત બની ગયેલું પાણી પીતો હતો. ત્યાં તેને પેલા કુર્કુટસર્પે જોયો, કે એકદમ બાણ જેવી પાંખો વડે ધસમસતો હસ્તી ઉપર ધસી આવ્યો. અને હસ્તીના કુંભસ્થળ ઉપર કુતરાની માફક વળગ્યો. અને તત્કાળ તેનું ભયંકર વિષ હાથીના આખા શરીરમાં ફેલાવા લાગ્યું. હસ્તિરાજ સમજી ગયો કે, મારો મરણકાળ નજીક આવી ગયો છે. બસ, મારે હવે ચેતી જવું જોઈએ. આવા અકાલ મરણો મારા આત્માએ અનંતીવાર અનુભવ્યાં છે. મેં દરેક મરણોમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન જ કર્યું છે. બધાં મરણોમાં દીનતા જ ભોગવી છે. પરંતુ કયાંય ધર્મધ્યાન કે સાત્ત્વિકભાવ આવ્યો જ નથી. હે આત્મન્! હવે ચેતી જા....અને મરણાદિના ભયોને ખંખેરી નાંખી નિર્ભય બની જા....

આ પ્રમાણે આત્મજાગૃતિ પ્રગટવાથી હસ્તિરાજે આરાધના શરૂ કરી....મારો આત્મા મોક્ષમાં જાય ત્યાં સુધી અરિહંત દેવ

તેજ મારા દેવાધિદેવ છે, શ્રીવીતરાગના સાચા સાધુઓ હોય તેજ મારા ગુરુદેવ છે, શ્રીવીતરાગદેવોએ બતાવેલો ધર્મ તેજ મારો ધર્મ છે. હું અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ એ ચારનું શરણ કરું છું, હું હિંસાદિ અઢારે પાપ-સ્થાનકોનો ત્યાગ કરું છું, હું જગતના નાના-મોટા સર્વ જીવો સાથે મૈત્રીભાવ ધારણ કરું છું, મારે કોઈ પણ જીવ સાથે વૈરભાવ છેજ નહિ. હું એવી ભાવના ભાવું છું કે,

"મુજને દુઃખ આપે બધા, તો પણ હું નહિ તાસ;
સુખ પીરસવા સર્વને, છે મારો અભિલાષ"

આખી દુનીયા મને દુઃખ આપે તો પણ હું કોઈને દુઃખ ન આપું પણ જગતના સર્વ જીવોને સુખ પીરસું એવી મારી ભાવના છે.

"ચોરાસી લખ ચોનિમાં, વસીયા પ્રાણી જેહ,
અભયદાન સહુને મલો, મુજથી નિઃસંદેહ"
કરજોડી કહું છું હવે, કેવલધર જિન પાસ,
મત થાજો મુજને હવે, હિંસાના અભિલાષ"

એ પ્રમાણે શુભભાવના ભાવતાં અને પંચપરમેષ્ઠિ મહામંત્રનું ધ્યાન કરતાં, સર્પની ઉપર પણ મિત્રતા ચિંતવતાં હસ્તિરાજ આયુ પૂર્ણ કરીને આઠમા દેવલોકમા અઢાર સાગરોપમના આયુષવાળા મહર્દ્ધિકદેવ પણે ઉત્પન્ન થયા.

આત્માને ચડવાના માર્ગ લગભગ અતિ અલ્પ છે. ચડતા આત્માને પણ વચમાં હજારો વિઘ્નો આવે છે. શ્રીજિનેશ્વરદેવોના આત્માને પણ કર્મની ડુંગરોગિરિઓ

નડવામાં બાકી રહી નથી. [મરુભૂતિને પશુ થવું પડયું] ચડેલા આત્માઓને પણ કર્મ સત્તાએ પશુગતિમાં અને નરક ગતિમાં ફેંકી નાખ્યાના બનાવો ઘણા બન્યા છે. [મહાવીર પ્રભુનો આત્મા પણ સમ્યક્ત્વ પામ્યા પછી બે વાર નરકમાં અને એક વાર પશુગતિમાં ગએલ છે.] કમઠને મનાવવા અને ખમાવવા જતાં મરુભૂતિને પણ આકસ્મિક મરણનો ભોગ બની પશુગતિમાં હાથીપણું ભોગવવું પડયું.

અહીં આપણને એક એ પણ સમજાય એવું છે કે, આખા જગતનાં બધાં જ દર્શનો પોતાના માનેલા ઇષ્ટદેવોની કેટલીએ ડંફાસો હાંકે રાખે છે. અને તેમની એક પણ નબળી બાબત સાચી હોવા છતાં સાંભળવી ગમતી નથી. જ્યારે શ્રીજિનેશ્વરના શાસનમાં શ્રીજિનેશ્વર દેવોના આત્માઓ પણ જ્યાં સુધી કર્માધીન હતા અને ભૂલોના ભોગ બનતા રહ્યા ત્યાં સુધી એમના જે જે સારા–નરસા બનાવો બન્યા તે બધા જરા પણ સંકોચ રાખ્યા વગર આગમોમાં અને ગ્રન્થોમાં સવિસ્તર આલેખાયા છે. અને આબાળગોપાળ જાણી શકે તેમ ફેલાયા પણ છે. ગુણ અને દોષની ઉપાદેયતા અને હેયતા સમજાઈ જાય ત્યાં વ્યક્તિ રાગને સ્થાન જ નથી. જેનામાં ગુણો વધે તે જ આત્મા મોટો બને છે. ગુણી એ જ સંત, ગુણી એ જ ગુરુ, ગુણી જ પ્રભુ; આમ નક્કી થાય ત્યાં ખેંચતાણ હોય જ નહિ. ગુણની ઓળખાણ આવ્યા પછી હિંસા, શિકાર, માંસાહાર, કામવિવશતા, વગેરે જે બદીઓ પેસી ગઈ છે, તે ચોક્કસ ઘટવી શરૂ થઈ જાય.

બસ પાર્શ્વનાથસ્વામીનો આત્મા મરુભૂતિના ભવમાં ધર્મ પામ્યો અને પતન પામી આર્તધ્યાનથી મરી હાથી થયો. ત્યાં મુનિરાજનો સમાગમ થયો. ઉપદેશ મલ્યો. જૈનધર્મ મળ્યો. દેશવિરતિ ધર્મ આરાધી આઠમા દેવલોકે દેવપણું પામ્યો, આ રીતે શ્રી પાર્શ્વનાથ સ્વામીના દશ ભવ પૈકી પ્રથમના ત્રણ ભવ પૂર્ણ થયા,

શ્રી પાર્શ્વનાથ સ્વામીનો ચોથો ભવ

આ જંબૂદ્વીપના પૂર્વમહાવિદેહક્ષેત્રની સુકચ્છ નામની વિજયમાં વૈતાઢય પર્વત ઉપર મહાઋદ્ધિસંપન્ન તિલકપુરીનામની નગરી છે. તેમાં બલ–વિદ્યા–કલા–જ્ઞાન આદિ પુણ્યસામગ્રીસંપન્ન વિદ્યુદ્ગતિ નામે વિદ્યાધર રાજા રાજ્ય કરે છે. તેને ગુણગણે કરીને સંપૂર્ણા તિલકાવતી નામે પટ્ટરાણી છે.

વિદ્યાધર દંપતી જેમ લક્ષ્મી અને રાજ્યથી સમૃદ્ધ છે તે જ પ્રમાણે રૂપ અને કલાઓથી પણ ભરેલાં છે. છતાં ઉચ્ચ કોટીના શિલાદિ ગુણો બન્નેના આત્માને ઉન્નત બનાવી રહ્યા છે.

બધી સામગ્રીથી પૂર્ણ એવા રાજા–રાણી દેવ–દેવીની માફક સુખમયદિવસો વ્યતીત કરે છે. ત્યાં આઠમા–દેવલોકથી આયુષ્ય પૂર્ણ કરીને મરુભૂતિ ગજરાજનો આત્મા મહાસતી તિલકાવતી રાણીની કુક્ષીમાં ઉત્પન્ન થયો, અને પૂર્ણ સમયે પુત્રપણે અવતર્યો. પિતાએ બાળકનું નામ કિરણવેગ આપ્યું. રાજકીય સુખથી પોષણ પામતા કુમારને યોગ્ય અવસરે પિતાજીએ વિદ્વાન પંડિતો રાખી પુરુષની ૭૨ કલાઓ, શસ્ત્રાસ્ત્રની બધી વિદ્યાઓ અને ધર્મ–કલાનો અભ્યાસ કરાવ્યો. કુમારે યૌવન

વય પામતાં વિદ્યાધર પરંપરામાં આવેલી બધી વિદ્યાઓ ભણીને સાધી પણ લીધી. પિતા વિદ્યુદ્ગતિ રાજાએ સારા કુલના ખાનદાન વિદ્યાધરની પુત્રી પદ્માવતી સાથે કુમારનું પ્રાણી ગ્રહણ કરાવ્યું. પિતાએ યૌવનપૂર્ણ કુમારને યોગ્ય જાણી યુવરાજ પદવી આપી. અને કેટલોક કાળ ગયા પછી રાજાએ પોતાની વૃદ્ધાવસ્થા જાણી શુભ તિથિ–વાર–નક્ષત્ર–કરણ તથા ચંદ્રનો યોગ પામીને કુમારને રાજ્યાસન આપ્યું, સાથે રાજા–પ્રજાને ઉચિત ઘણી શિખામણો પણ આપી. પછી સુગુરુનો યોગ પામી રાજા વિદ્યુદ્ગતિએ પોતે દીક્ષા અંગીકાર કરી. દોષ વગરનું ત્રિકરણ યોગે શુદ્ધ સંજમ આરાધી પ્રાન્તે અનશન આદરી સર્વકર્મનો ક્ષય કરી રાજર્ષિ મોક્ષ પામ્યા. આપણી કથાના નાયક શ્રીપાર્શ્વનાથ સ્વામીના આત્મા વિદ્યાધર કિરણવેગે સર્વ વિદ્યામાં પ્રવીણ થઈ વિદ્યાધર રાજાઓના પણ રાજા બની, નીતિ અને ધર્મમય રાજ્યને ભોગવતાં કેટલોક વખત વીતાવ્યો.

કર્મની વિચિત્રતા તો જુઓ આ સંસારમાં રહેલા બધા આત્માઓ આત્મત્વજાતિએ સરખા જ હોવા છતાં બધા જીવો જ્ઞાનાદિ અનંતગુણોથી ભરેલા હોવા છતાં કર્મોની તારતમ્યતાથી આત્માઓને અનેક જાતિના અવતારો લેવા પડે છે અને પોતાની જ મહામૂર્ખતાના યોગથી બાંધેલા કર્મને વશ બનીને નરક અને પશુગતિનાં દુઃખો ભોગવવાં પડે છે, આત્માની એક પણ ઇચ્છા કામમાં આવતી નથી. એક અવસ્થામાં સુખી આત્મા બીજી અવસ્થામાં મહાદુઃખમાં દુખી જાય છે. સુખમાં ગરકાવ બનેલો એક અવસ્થાનો આત્મા બીજી અવસ્થામાં

અત્યંત દયામણો અને રાંક બનેલો જણાય છે. આ કાલના વર્તમાન ઇતિહાસમાં પણ આવા દાખલા ઘણા જ મળે છે.

"બાણુ લાખ માલવ ધણી, મૂંજ નરેસર રાય;
રાંક બની ઘર ઘર વિષે ભિક્ષા માગણ જાય. ૧
ભાવિ દેશ અઢારનો, કુમારપાળ ભૂપાલ;
પાપોદય પરભવતણે, ભટકયો થઈ કંગાલ. ૨
પરમભક્ત પ્રભુવીરનો, જિનશાસન શૃંગાર;
કર્મોદય કેદી બન્યો, ધર્મી ભંભાસાર. ૩"

બાણું લાખ માલવાનો માલિક મૂંજરાજા ભિખારી બનીને ભુંડા હાલે મરણ પામ્યો. ક્ષાયિક સમ્યક્ત્વનો ધણી અને પ્રભુ મહાવીરનો પરમભક્ત શ્રેણિકરાજા પોતાના જ પુત્રના કેદખાનામાં ગોંધાઈને મરણને શરણ થયો. રાજકુમારપાળ જેમને છેલ્લા ત્રીશ વર્ષ મહાન સમ્રાટની સામગ્રી ભોગવવાની તક સાંપડી છે તે કુમારપાળ વચલી વયમાં લગભગ ૨૫ વર્ષ મહાકંગાળ દશામાં આથડી આથડીને અતિ વિટંબણાઓનો ભોગ બન્યો હતો.

ખરેખર કર્મની ગહનતા અજબ છે કર્મનું કોકડું ઉકેલવાની શક્તિ કોઈ વિરલ આત્મામાં જ પ્રકટ થાય છે. આપણા ચરિત્રનાયક ભગવાન પાર્શ્વપ્રભુના આત્માને પણ દુષ્ટ કર્મોએ પશુપણું અપાવ્યું. પણ ભવિતવ્યતાની અનુકૂળતા થવાથી શુદ્ધ ગુરુ મળ્યા. આત્મામાં મહાનુભાવતા પ્રકટેલી હોવાથી પશુપણામાં પણ મદદગાર થઈ. દેવપણું અને વિદ્યાધરનૃપપણું પણ પ્રાપ્ત થયું.

વિદ્યાધર રાજાકિરણવેગ નો સુખમય નીતિમય અને ધર્મમય કાળ પસાર થતો હતો એક દિવસ પોતાના નગરના ઉદ્યાનમાં સુવિહિત ગીતાર્થ આચાર્ય મહારાજ પધાર્યા. અને વનપાળે વધામણી આપી રાજા કિરણવેગ પરિવાર સહિત મોટા આડંબરથી આચાર્ય ભગવંતને વંદન કરવા ગયો.

પાંચ અભિગમ સાચવવા પૂર્વક વંદન કરીને રાજા ઉચિત સ્થાને બેઠો અને ગુરુમહારાજાએ યોગ્ય જીવ જાણીને સંસારની અસારતામય દેશના આપવી શરૂ કરી,

"પુત્ર મિત્ર દારા તનુ, માત તાત ઘર કામ;
પુણ્ય નાશથી તે સહુ, વિપરીત થાય તમામ. ૧
હવા દવા વૈદ્યો અને, પથ્ય ઘણો પરિવાર;
પુણ્ય નાશ થઈ જાય તો, નહિ કો રક્ષણહાર. ૨"

તથા પૂર્વમુનિવરો પણ ફરમાવે છે કે,

"नान्तकस्य प्रियः कश्चित्, न लक्ष्म्याः कोपि वल्लभः
नाप्तो जरायाः कोप्यस्ति, यूयं तदपि सुस्थिताः॥१॥"

અર્થ- યમરાજને કોઈ સગો નથી. લક્ષ્મીને કોઈ વહાલો નથી. જરા [ઘડપણ]ને કોઈ કુટુંબી નથી. તો પણ હે જગતના જીવો તમો કેમ બેદરકાર રહો છો?

મુનિરાજના મુખથી આવાં અનેક વૈરાગ્ય વચનો સાંભળીને રાજા કિરણવેગને વૈરાગ્ય ઉત્પન્ન થયો. અને પોતાના પાટવીકુમાર ધરણવેગને રાજ્ય આપી. મોટા આડંબરથી શાસન-પ્રભાવના કરીને. સુગુરુ પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી, અને કર્મશલ્ય નિર્મૂલ કરવા સારુ ઘણી જ આરાધના કરવા લાગ્યા, તથા

સુગુરુનો વિનય-વૈયાવચ્ચ કરવાપૂર્વક શાસ્ત્રોનો અભ્યાસ કરી ગીતાર્થ થયા.

શંકા –ગીતાર્થ એટલે શું ?

સમાધાન –'કાલે વિણએ બહુમાણે.' આદિ જ્ઞાનના આઠ આચાર સાચવવાપૂર્વક પોતાની યોગ્યતા વડે ગુરુમહારાજ પાસેથી સૂત્રાર્થ પામેલા ત્યારપછી ઉત્સર્ગ–અપવાદના અનેક પ્રસંગો પ્રાપ્ત થાય તેમાંથી પસાર થયેલા તથા બીજા પણ અનેક દર્શનોનો અભ્યાસ કરીને સંપૂર્ણ પરિપકવ બુદ્ધિવાળા બનેલા મહાશયોને ગુરુમહારાજ સર્વ સૂત્રો ભણવા–ભણાવવાની રજા આપે. અને સમુદાયના વડીલ બનાવે. તેવા આચાર્ય ગીતાર્થ કહેવાય છે.

હવે કિરણવેગ મુનિ ગુરુઆજ્ઞા પામીને એકાકી વિહાર કરતા આકાશમાર્ગે પુષ્કરવરદ્વીપમાં પધાર્યા. આ બાજુ કમઠના જીવ કુર્કટસર્પે ઘણી હિંસાઓ કરી અનેક પાપો સેવી મરણ પામીને, ધૂમપ્રભા નામની પાંચમી નરકમાં નારકીપણે ઉત્પન્ન થયો. અને ૧૭ સાગરોપમ સુધી રૌરવ દુઃખો ભોગવીને ત્યાંથી મરીને પુષ્કરવરદ્વીપના હિમાચલ પર્વતની ગુફામાં ફરી પણ મહાભયંકર સર્પપણે ઉત્પન્ન થયો. અને અનેક પ્રાણીઓનાં ભક્ષણ કરતો નિરંકુશપણે વનમાં ભટકતો જ્યાં આગળ કિરણવેગ મુનિરાજ ધ્યાનમાં ઉભેલા છે ત્યાં આવ્યો. મુનિરાજની ઉપર તેની દૃષ્ટિ પડી તુરત જ ગયા જન્મના દુષ્ટ સંસ્કાર જાગૃત થયા અને મુનીશ્વર કિરણવેગ ઉપર તૂટી પડ્યો. વિષવ્યાપ્ત દંષ્ટ્રાઓથી શ્વાનની માફક ઘણી જગ્યાએ દંશ કરીને ચાલ્યો ગયો.

ધ્યાનમાં ઉભેલા મુનિરાજે ઉપસર્ગ આવેલો જાણી આરાધના શરૂ કરી. ચારે આહારનો ત્યાગ કર્યો. ચાર શરણુનો સ્વીકાર કર્યો. અઢારે પાપસ્થાનકોનો ત્યાગ કર્યો. સર્વજીવોને ખમાવ્યા. દંશ કરનાર સર્પને પણ મિત્રતુલ્ય માની દુષ્કૃતની નિન્દા કરી. આ રીતે શુભ ભાવનાઓમાં આરૂઢ થયેલા મુનિરાજ નમસ્કાર મહામંત્રનું ધ્યાન કરી સમાધિપૂર્વક કાલધર્મ પામી **૧૨મા દેવલોકે ૨૨ સાગરોપમના આયુષવાળા દેવ થયા.**

આ બાજુ કમઠનો આત્મા સર્પ મહામુનિરાજનો ઘાત કરીને ઘણોજ ખુશી થતો અને બીજા પણ અનેક જીવોના કોળીઆ કરતો, પોતાના પરાક્રમમાં ફુલાતો, રૌદ્રધ્યાનમય જીવન વીતાવવા લાગ્યો. આયુષ પૂર્ણ થતાં મરણ પામીને **છઠ્ઠી નરકમાં** બાવીશ સાગરોપમના આયુષે નારકીપણે ઉત્પન્ન થયો.

એ પ્રમાણે શ્રી પાર્શ્વનાથ સ્વામીનો ચોથો અને પાંચમો ભવ કહ્યો.

શ્રીપાર્શ્વપ્રભુનો વજ્રનાભ રાજા તરીકેનો છઠ્ઠો ભવ.

આ જંબૂદ્વીપના પશ્ચિમમહાવિદેહમાં સુગંધિ નામની વિજયમાં દેવપુરી જેવી **શુભંકરા** નામની મહા નગરી શોભે છે. તે નગરીમાં અનેક ગુણગણાલંકૃત અને મહાભાગ્યનિધાન **વજ્રવીર્ય** નામનો રાજા રાજ્ય કરે છે. તે રાજાને જાણે સાક્ષાત્ લક્ષ્મીનો અવતાર જ હોય નહિ ? તેવી **લક્ષ્મીવતી** નામની શીલાદિ અનેક સદ્ગુણોની પેટી સમાન મહાપટ્ટરાણી છે. દેવ જેવાં સુખો ભોગવતાં રાજા-રાણીનો આંખના પલકારાની

પેઠે ઘણો કાલ વીતી ગયો. અન્યદા તે કિરણવેગનો આત્મા બારમા દેવલોકથી ચ્યવીને મહારાણી લક્ષ્મીવતીની કુક્ષિમાં છીપમાં મોતીની પેઠે ગર્ભપણે ઉત્પન્ન થયો.

જ્યારે પુણ્યાત્માઓ ગર્ભમાં આવે ત્યારે માતાઓને સ્વપ્ન પણ સારાં આવે છે. અને વિચારો પણ ઘણા જ પ્રશંસનીય આવે તે ન્યાયે ઉત્તમ સ્વપ્નાં અને ઉત્તમ દોહલાઓપૂર્વક લક્ષ્મીદેવીની કુક્ષિથી પુણ્યવાન પુત્રનો જન્મ થયો. મહોત્સવો અને વધામણીઓ કરવાપૂર્વક કુમારનું વજ્રનાભ એવું નામ આપ્યું.

ધાવમાતાઓ અને સેવકવર્ગથી લાલનપાલન કરાતો કુમાર વજ્રનાભ બાલ્યવયને વટાવી યૌવનવયને પામ્યો. ત્યારે તેનામાં પુરુષોને શોભાવે તેવા ઉત્તમ ગુણના સમુદાયો ઉભરાવા લાગ્યા. પિતાએ કુમારને યૌવનવય પામેલો જાણીને વય–ગુણ–રૂપાદિગુણસંપન્ના અંગ દેશના રાજા ચંદ્રકાન્તની પુત્રી વિજયાની સાથે તેનું પાણી ગ્રહણ કરાવ્યું. સંસારની ક્રીડાઓમાં કુમાર વજ્રનાભે કેટલોક કાળ વ્યતીત કર્યો. એકદા નગરના પરિસરમાં ગીતાર્થ જૈનાચાર્ય પધાર્યા. વજ્રવીર્ય રાજા વંદન કરી દેશના સાંભળવા બેઠા. સૂરિ મહારાજ દેશના આવતાં ફરમાવે છે કે,

ભાઈઓ ! આ આખો સંસાર ચારગતિમાં વહેંચાયેલો છે, અને ચારે ગતિ દુઃખથી છલોછલ ભરેલી છે.

"अच्छिनिमीलणमीत्तं, नत्थि सुहं दुक्खमेवपडिबद्धं ।
जं नरये नेरयियाणं, अहोनिसं पच्चमाणाणं ॥ १ ॥"

અર્થ:—નારકીમાં રહેલા જીવો નારક કહેવાય છે. તેમનાં આયુષ્યો મનુષ્યો કરતાં ક્રોડો–અબજો ગુણાં મોટાં હોય છે.

નારકીના જીવને જીવનભરમાં આંખ મીંચી અને ઉઘાડીયે તેટલી-વાર પણ સુખ હોતું નથી, પરંતુ પરમાધામિએ કરેલ, ક્ષેત્ર-સ્વભાવથી થએલ, રોગોના સંપર્કથી ઉપજેલ, પુષ્કળ દુઃખો જ હોય છે.

શંકા—સુખ અને દુઃખનો અભાવ એ બે એક જ છે કે જુદાં કહેવાય છે ?

સમાધાન—બન્ને જુદાં છે. રોગ વિયોગાદિના સદ્‌ભાવને દુઃખ કહેવાય છે, જેમ શરીરમાં રોગ ઉત્પન્ન થવાથી દુઃખ થાય છે, પુત્રાદિના મરણાદિથી-વિયોગ થવાથી દુઃખ થાય છે, ખાન-પાનનો નાશ થવાથી-અભાવ થવાથી દુઃખ થાય છે અને વિલાસો વગેરેની પ્રાપ્તિ. દેવત્વ, નૃપત્વ, ધનાઢયત્વ આદિની પ્રાપ્તિ સુખ કહેવાય છે એટલે ઉપરોકત રોગ-વિયોગાદિનો અભાવ અને સામગ્રીના સદ્‌ભાવનું સુખ સાક્ષાત્ જુદાં લેખાય છે. તેથી નારકીના જીવોને સદાકાળ દુઃખોનો સદ્‌ભાવ જ હોય છે અને ખાન-પાન જેવી વસ્તુનું જરા-પણ સુખ હોતું જ નથી. નારકીના જીવો ક્ષેત્રની વેદનાં ખૂબજ ભોગવે છે. તેમના શરીરમાં હજારો-લાખો, ક્રોડો રોગો ચાલુ જ રહે છે. નારકીના જીવો પરસ્પર વૈરો સંભાળી લડાઇઓ કર્યાજ કરે છે; એટલે પરસ્પરના ઝગડાથી સર્વકાળ સળગેલા જ રહે છે. નારકીનાં જીવોને પરમાધામી દેવો જુદી જુદી વ્યવસ્થાઓથી દુઃખો દીધા જ કરે છે. કેવલી ભગવાન પણ નારકીનું પૂર્ણ દુઃખ વર્ણવી શકતા નથી.

પશુગતિ પણ મહાદુઃખની ખાણ છે.

હિંસક રાજા–મહારાજાઓ અને ધનવાન લોકો માંસ ખાવા માટે પશુઓને ઘણી કદર્થના કરીને મારી નાંખે છે. બધી જાતિના અનાર્ય લોકો–મુસલમાન, ઠાકરડા, કોળી, ભીલ, વાઘરી, ધારીયા, બારીયા, બજાણીયા, રજપુત, પારસી, ખોજા, મેમણ, મુમના, વહોરા, માચ્છીમાર, કાઠી, સિંધિ વિગેરે અનેક જાતિઓ પ્રાયઃ માંસાહાર ઉપર જ રહે છે. અનાર્યોના બધા દેશો તમામ જાતિના જીવોનો નાશ કરીને પોતાની બધી જરૂરીયાતો પુરી કરે છે. જેમકે મોટા ભાગની દવાઓ પ્રાણીઓના નાશથી બને છે. બધી જાતના પક્ષીઓનાં ઇંડા અનાર્યો ખાવામાં વાપરે છે. બારેમાસ સ્ટીમરો, વાહાણો અને મચ્છવાઓ ભરીને માછલાંઓને અનાર્ય લોકો લઈ જાય છે. માચ્છલાઓનું બાતર કરે છે. દવાઓના બખતરાઓમાં હજારો જીવોનો નાશ કરે છે. એક વાઘ–દીપડો પકડવા માટે સેંકડો બકરાંઓનો નાશ કરે છે. દેવીઓને પાડા–બકરાં અને ઘેટાંનાં બલીદાન અપાય છે. અનાર્ય જાતિઓના વિવાહ વિગેરે વિલાસોમાં બાપડા અબોલ જીવોનો નાશ કરી ઉજાણીઓ ઉડાવાય છે. મુસલમાનો બકરાઓને મારી નાખીને ઈદોના તહેવારો ઉજવે છે. જેમાં ક્રોડો બકરાં અને હજારો ગાયોની કુરબાનીઓ અપાય છે.

પશુઓ બિચારા રોગથી રીબાય તો તેની દવાઓ કોઈ કરતું નથી. દુષ્કાળ વગેરેમાં ઘાસ અને પાણી બીલ્કુલ મળે નહી ત્યારે દિવસો સુધી ક્ષુધા–તૃષા ભોગવી ટાંટીયા ઘસીને મરણ પામે છે. તેમાં વળી અનાર્ય લોકો તેની કતલ કરે છે.

બધી જાતિઓમાં ગર્ભાવાસની અસહ્ય વેદના સાક્ષાત્ સમજી શકાય તેવી છે. કુતરાં, ગધેડાં વિગેરે પરસ્પર લડીને

લોહી ચુહાણ થાય છે. શરીરમાં કીડા પડે છે. જે જોનારને ધ્રૂજારી આવી જાય તેવી ભયંકર વેદના સહે છે. હરિણ, સસલાં, ઉંદરડાં, ખિશકોલી વિગેરેને સિંહ, વાઘ, બિલાડી, નોળીયા, સર્પ વિગેરે ગોતતા જ ફરે છે. ઘણી જાતિનાં ચોપગાં જાનવરો ફક્ત માંસાહાર ઉપર જ રહે છે. બધી જાતિના સર્પ પ્રાયઃ ઉંદરડા, બલાં, કાકીડા, પક્ષીનાં ઈંડા વિગેરે ખાઇને જીવે છે. કાગડા, સમળી, ગીધડા, શકરો, બાજ, સિંચાણા વિગેરે પક્ષીઓ નાનાપ્રકારના જીવતા જીવોને ખાઇને જીવન-નિર્વાહ ચલાવે છે.

દરિયામાં રહેનાર મગર તથા મોટાં માંછલાંઓ નાનાં માછલાંઓનો શિકાર કરીને જીવે છે. બીજા પણ જલચર પ્રાણીઓ નિર્બલ એવા બીજા જલચરોને જ ખાય છે. બધી જાતિના નાના-મોટા અજગરો મોટા પ્રાણીઓને અને માણસોને પણ ખાઈ જાય છે. ભારંડો. પણ પ્રાયઃ મોટામોટા પ્રાણીઓનું ભક્ષણ કરી જાય છે. જલમનુષ્યો પણ માંસાહારથી જીવે છે. ગીરોલી, કાકીડા વિગેરે જીણાજીવો પણ કીડા ખાઈને જીવન ચલાવે છે.

માંસાહારી બધા જીવો અન્યને દુઃખ આપી પોતાના પિંડને પોષીને ઘણા જ હરખાય છે. પોતાને મહાન ભાગ્યશાલી સમજે છે. પરંતુ તેને સ્વપ્ને પણ વિચાર આવતો નથી કે મને પણ મરણ આવશે. મારા આત્માને પણ શેરને માથે સવા શેર જરૂર મલશે. મને મારા પ્રાણો જેમ વહાલા છે, જેમ મારાથી કાંટો કે સોય ખમાતી નથી. તો બીજાના શરીરે ભાલા-

અંદુક કેમ ખમી શકાશે? આવા વિચાર ન આવવાથી પાપ કરનારાઓને કંપારી છુટવાને બદલે બહાદૂરીની મગરુરી આવે છે.

જગતના પ્રાણીઓ શક્તિનો સદુપયોગ (પરોપકાર) કરવાને બદલે દુરૂપયોગ (પરદ્રોહ) કરીને મહાભયંકર પાપ બાંધે છે. અને નરકાદિ દુર્ગતિના દુઃખોમાં ધકેલાય છે.

કોઈને પશુનાં દુઃખો ખ્યાલમાં ભલે ન આવતાં હોય પરંતુ પશુઓ બિચારાં મરવાના ભયથી ડરે છે. મરણનાં સાધનો દેખીને નાશી જાય છે....ઉંદરડો બિલાડીના મુખમાં પકડાયા પછી પણ જીવે ત્યાં સુધી ચીસો પાડે છે. સર્પના મુખમાં પડેલો સપડાયેલ દેડકો ચીસો પાડે છે. સિંહના મુખમાં બકરાં હરિણ, સસલાં ચીસો પાડે છે. બાણ–ભાલા કે ગોળીથી વિંધાએલા જીવો જીવે ત્યાંસુધી કારમા પોકાર પાડે છે. કસાઈની તલવારથી કપાતા પ્રાણીઓ કારમો કળકળાટ કરી મૂકે છે.

જીભના લોલુપી ક્રૂર માનવી અથાણા કરવા ઝાણાં (નાના–મોટાં) માછલાંને ઉકળતા પાણીમાં બાફે છે અને કડકડતા તેલમાં તળે છે. તે પ્રાણીઓ કાળી ચીસો પાડે છે. જો તે આપણે સાંભળીએ તો આપણી છાતી ફાટી જાય તેવો ભયંકર કળકળાટ તે પ્રાણીઓ કરતા હોય છે.

કેટલાક પાપી મનુષ્યો મોટા–મોટા તાવડા–તપેલાં પાણીનાં ઉકાળીને તેમાં કુકડા વિગેરે જીવતા પક્ષીઓને બાફી નાંખે છે. તે બીચારા નિરાધાર પ્રાણીઓ ઘણા તરફડાટ નાંખે છે પણ નિર્દય અધર્મી માંસાહારીઓનાં ગજવેલનાં કઠોર ચિત્ત જરાપણ ભીંજાતાં નથી.

પશુગતિના જીવો બે–ઇન્દ્રિય, તે–ઇન્દ્રિય, ચૌરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય આ બધા જીવો પણ પરસ્પર સશક્ત જીવો અશક્તજીવોને ખાઈને ગુજરાન ચલાવે છે. એટલે મારવું અને મરવું એ રીતે બધા જીવો કાળ વીતાવી રહ્યા છે.

" મરવા કેઈ ભવ તેં કર્યા, કેઈક મારણ કાજ;
શતશઃ શત્રુ ઉભા કરી, લુટી પોતાની લાજ.
પિંડ પોતાના પોષવા, નાશ કર્યા બહુ જીવ;
દુઃખ આપી બહુ અન્યને, પામ્યો હર્ષ અતીવ. "

કેટલાક પશુઓ બિચારા મોટા જંગલોમાં રહે છે. મોટા મોટા પહાડોની હારમાળાઓમાં વસે છે. ત્યાં પણ તમને વાઘ, સિંહ, દીપડા, ચિત્તા, સાવજ વિગેરે શિકારી પ્રાણીઓ આવી મારીને ખાઇ જાય છે.

કેટલાક બિચારા નિર્ભય રીતે જીવન જીવતા હોય છે. ત્યાં અકસ્માત્ અગ્નિ લાગે છે ત્યારે ચારે બાજુથી સળગેલા મહાભયંકર દાવાનળમાં સિંહ, હાથી, વાઘ દીપડા, ચિતરા, સાવજ, વાનરા, શિયાળ, બિલાડા, રોઝ, ખચ્ચર, વનની ભેંસો, ગાયો, ભુંડ, હરિણ, સસલાં, અજગર, સર્પ. નોળિયા, ઉંદરડા, કોલ, ખીસકોલી, પાતલા–ચંદનઘો, કાકીડા. સાંઠા વિગેરે જમીન ઉપર રહેનારાં તથા બોડ, દર, બીલ બનાવીને વસનારાં પ્રાણીમાત્ર બિચારાં રાડો–ધુમો પાડે છે, અને અંતે બળીને ભસ્મીભૂત થઈ જાય છે.

આવા બનાવો વાંસદા વિગેરેનાં મોટા વનોમાં અને મોટા પહાડોમાં લગભગ ઘણી વાર બને છે. ભીલ વિગેરે

હિંસક જાતિઓ ધર્મના નામે જંગલો અને પહાડોમાં અગ્નિ સળગાવે છે. કેઇક કુતૂહલી શિકારીઓ અને યવનરાજાઓ પણ પોતાની રમતની ખાતર મોટા વનો સળગાવે છે. જેમાં હજારો પ્રાણીઓના પ્રાણોની આહુતિ થઈ જાય છે.

કહેવાય છે કે, એકવાર અકબર બાદશાહે અતિ તોફાનના ચાળે ચઢીને લાહોરની પાસેના એક જંગલમાં ૫૦ હજાર માણસો રોકીને દશ માઇલના ઘેરાવામાં એક માસ સુધી બધી જાતનાં પશુ એકઠાં કરાવ્યાં હતાં. અને પછી ઘણા સૈન્ય સાથે પાંચ દિવસ સુધી તરવાર, ભાલાં, બરછી, બંદુક, બાણોવડે મહાભયંકર શિકાર ખેલ્યો હતો. તેમાં કહેવાય છે કે, લાખો પ્રાણીઓને કાપી નાંખવામાં આવ્યાં હતાં. આવો શિકાર અત્યાર પહેલાં કોઈએ કર્યો નહિ હોય, એવી નામના મેળવવા માટેનું અકબરનું આ પગલું હતું. વળી અકબર દરરોજ ૧૦ શેર ચકલાંની જીભો ખાતો હતો. સમજી શકાય છે કે કેટલા ચકલાંના ભોગે ૧૦ શેર જીભો થતી હશે? અને આ રીતે પ્રતિવર્ષ ૧૦–૧૨ મણ જીભો એકલા અકબરને ખાવા જોઈતી હતી. તો બીજા હોદ્દેદારો અને અધિકારીઓ–કુમારો, બેગમો વિગેરે કેટલા જીવોના પ્રાણ લેતા હશે.

આવા વર્તનોથી આપણે કહી શકીશું કે, આખી દુનિયાના અનાર્યો અને ઘણા ખરા આર્યો પણ પશુઓને મારી નાંખવામાં અને માંસાહાર કરવામાં જરાપણ પાપ માનતા જ નથી.

વળી કેટલીક પશુની જાતિઓ એવા સ્વભાવની હોય છે કે, એકજનર અનેક માદાઓને ભોગવે છે. જેમકે વાંનરા

અને હાથીઓ, તેઓ એકેક ૫૦, ૧૦૦, ૨૦૦, ૫૦૦, નારી જાતિની માલિકી ધરાવે છે, અને તે મુખ્યનર, જન્મ પામતા પોતાના બાલનરને મારી નાંખે છે. બસ, મોટો થએલ બાલનર યૂથાધિપ થઈ જાય તો મને નસાડી તે યૂથનો માલિક બની જાય, એ જ વિચારે તે મુખ્યનર, બચ્ચાંને મારી નાંખે છે.

આથી સમજી શકાય છે કે, પશુઓ ઉપર પોતાના માતા પિતાનો ભય, દાવાનળનો ભય, વનના શિકારી પ્રાણીઓનો ભય અને શિકારી મનુષ્યોના ભયો તોલાઈને જ રહેલા હોય છે,

ઉપરાંત પાકરક્ષણ વિગેરેના 'બાનાઓ' નીચે જમીનદારો અને ખેડુતો રક્ષક માણસો રાખીને ગોફણ, તીર-કામઠાં અને ગોળીબારથી પણ હજારો-લાખો-કરોડો પ્રાણીઓને ઠાર મારે છે.

વળી પશુ જીવો બિચારા જ્યારે છેલ્લી વયમાં મરવા પડે છે ત્યારે પણ જ્યાં હોય ત્યાં નિરાધાર પટકાય છે. કોઈની મદદ તો હોય જ શાની ? એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ કે દિવસો સુધી ત્યાં જ પડ્યા રહીને ભુખ અને તરસ ભોગવીને, તડકા-ટાઢ વેઠીને, કીડી-મંકોડા, માખીઓ-મચ્છરના ત્રાસ ભોગવીને. કાગડા, સમળી, ગીધડા વિગેરે દુષ્ટ પક્ષીઓની ચાંચોના ત્રાસ સહીને સાવજ, વાઘ, બીલાડા, શિયાળ વિગેરેનાં આક્રમણો સહન કરીને કાળી ચીસો પાડતા મરે છે. આનું વર્ણન કેટલું લખી શકાય ? પશુગતિના દુઃખનું વર્ણન કરતાં પાનાં ભરાય તો પણ સમુદ્ર પાસે બિન્દુ તુલ્ય છે.

હવે મનુષ્યગતિ વિચારીએ.

સૌ પ્રથમ ગર્ભાવાસમાં નવ માસ સુધી લોહી-માંસ, ચરબી વગેરે સાતધાતુ અને વિષ્ટા, પેશાબની ખાણસમા

માતાના પેટમાં ઉંધા મસ્તકે લટકીને ભયંકર દુઃખ ભોગવવાં પડે છે, તેમાં કેટલાય આત્માઓ અધુરા આયુષે ગર્ભમાંજ મરણ પામે છે. કેટલીએ કુલટાઓ, અધમસ્ત્રીઓ, વેશ્યાઓ, વિધવાઓ, વૃદ્ધાકુમારીઓ અને પ્રોષિતભર્તૃકાઓ [વર્ષોથી જેના પતિ પરદેશ રહેલા હોય તેવી સ્ત્રીઓ] વિગેરે જેઓ અનાચાર સેવી ગર્ભવતી થાય છે તેઓ અનેક જાતના ક્ષારોનું સેવન કરીને ગર્ભપાત કરે છે. દવાખાનાઓમાં અને વૈદ્યો પાસે જઈ ગર્ભપાત કરાવે છે.

કદાચ પૂર્ણમાસે પ્રસવ થાય તો કેટલીક કુલટાઓ પોતાના પાપાચારો ઢાંકવા સારૂ નાનાં બાળકોને જીવતાં જ જમીનમાં દાટી નાંખે છે. કેટલીક ઉના ધખધખતા પાણીમાં બોળી મારી નાખીને જમીનમાં દાટે છે. કેટલીક કુલટાઓ શૂન્યસ્થાનમાં કે રાજ્યમાર્ગમાં કે ધર્મસ્થાનમાં તુરતનાં જન્મેલાં બાળકોને છોડી દે છે. આ રીતે મનુષ્યગતિમાં ગર્ભાવાસમાં જીવને મહાદુઃખ અને મહાત્રાસ વેઠીને કોઈનો જન્મ થાય પછી પણ કોઈની માતા મરી જાય છે. કોઈનો પિતા મરણ પામે છે. કોઈક બાળક પોતે જન્મ પામીને રોગમાં રીબાય છે. કેટલાક તદ્દન બાલ્યવયમાં અધુરા આયુષથી બિચારા માનવ જન્મનો ફેરો ગુમાવીને પશુ આદિ ગતિઓમાં ચાલ્યા જાય છે.

આમ બાલ્યાવસ્થામાં દરિયાઈ વહાણની મુસાફરી જેવી અનેક મુંઝવણો વટાવીને આત્મા યૌવનવય પામે છે એટલે ગયા જન્મનાં અને બાલ્યવયનાં ગર્ભાવાસનાં બધાં દુઃખો તદ્દન ભૂલી જાય છે. અને પાછાં પાપો ભેગાં કરવાનો ઉન્માદ શરુ થાય છે. તેમાં સૌ પ્રથમ પાણીગ્રહણના વિચારો અને વિકારોનું આંદોલન શરુ થાય છે. અને પોતાને અનુરુપ સહચરની શોધ શરુ કરે છે.

સ્ત્રી-જીવન.

માત્ર શ્રીજિનેશ્વરદેવના શાસનની ઉગતી પ્રજામાં સારા સંસ્કાર પડ્યા હોય તેની વાતને અલગ રાખીએ. બાકી તો મોટા ભાગે સ્ત્રીનું જીવન અતિ પરાધિનદશામાં પસાર થાય છે. રાજ્યના ગુન્હેગાર કેદીઓ કરતાં પણ સ્ત્રીઓ બિચારી મહાભયંકર પરાધીનદશા ભોગવે છે. જેમકે, મનુષ્યો બહુ ક્રોધી અને ઘણા માની હોય છે. તેઓ બિચારી પોતાની પત્નીઓ ઉપર ઘણાજ ત્રાસ ગુજારે છે. તેણીઓ જો કાળી-કદરુપી હોય. માંદી, દુબળી, બેડોલ, અલ્પ-બુદ્ધિવાળી હોય તો હંમેશાં પતિના મુખની સરસ્વતી-ગાળો સાંભળ્યા જ કરે છે. પચી-પચ્ચાસ ગાળો, બે-પાંચ ઠોઠ-થપાડ કે મુક્કા-તમાચા તો લગભગ રોજનો રિવાજ બની ગયો હોય છે.

બિચારી ગરીબ અબળાઓ પતિને રાજી રાખવા ઘણી ગુલામી અને ખુશામત કરે છે. પણ અધમકોટીના ગુંડાઓ બિચારી અબળાઓને સંતાપવામાં જ આનંદ અનુભવે છે. તે અબળાઓ એક ટંક પણ પૂર્ણ ખાવાનું પામતી નથી. તેણીનું ચિત્ત બારેમાસ બળતું-સળગતું જ રહે છે.

પતિદેવનો જે ભાઈને ત્રાસ હોય તેને ઘણું કરીને સાસુ નણંદ કે દેરાણી-જેઠાણીની પણ મહેરબાની હોતી નથી. તે બિચારીની રાવ-ફરિયાદ કોઈ સાંભળનાર હોતું નથી એટલે પછી તેના ઉકળેલ ચિત્તને ઠારવા સારુ દિલાસો તો આપેજ કોણ? દિવસ ઊગે અને જાગે ત્યાંથી કામ શરુ થાય તે આખો દિવસ વેચાતી લીધેલી ગુલામડીની માફક અથવા પગારદાર રાખેલી નોકરડીની માફક ઘરનું કામ કર્યા કરવાનું. છતાં કામ કરતાં વાર લાગી જાય, જરા સારું-ખોટું થઈ જાય તો ગાળો અને વખતે મારની પણ વાનગીઓ ચાખવા મળી જાય.

આવા તિરસ્કારની ભોગ બનેલી ઘણી અબળાઓ ઝેર ખાઈને, ગળે ફાંસો ખાઈને, કૂવામાં પડીને, આત્મઘાત કરીને, મરણ પામે છે. આવા હજારો દાખલાઓ પ્રતિવર્ષ નોંધાયા કરે છે. અને આખી દુનિયામાં હજારો–લાખો કરોડો અબલાઓ પતિ, સાસુ અને કુટુંબો વિગેરેના ત્રાસ ભોગવી અકાળે મરણ પામે છે. ઘણી અબલાઓ ગર્ભવતી થઈને પ્રસૂતિના કારમાં દુઃખોમાં પ્રસૂતિ થયા વગર કે બચ્ચાંનો જન્મ થતાં ધર્મનું ભાતું લીધા વગર નારકી જેવાં ભયંકર દુખો ભોગવીને કાળીચીસો પાડતી પરલોક સિધાવે છે. કેટલીક અબળાઓ પરણીને એવા હલકા કુલવાળા હલકા પતિને પામે છે કે, તે બિચારીને પતિ બોલાવતો નથી. ખાવાનું આપતો નથી. અને ઘરમાંથી કાઢી મૂકે છે. કેટલીક અબલાઓ રાજા–મહારાજાઓ, ઠાકોર–ગરાસિયાના ઘેર ગુલામડીનું જીવન જીવી વખતે અનાચાર પણ સેવી ગુજરાન ચલાવે છે. અને ભ્રષ્ટ બને છે.

બિચારી કોઈક અબલાઓનો પતિ મરણ પામવાથી દીયર–જેઠ, સસરા કે બીરમાન છોકરાઓ તેને ખાવા–આપતા નથી. રોવડાવે છે અને દુખના વર્ષાદ વર્ષાવી અર્ધા આયુષ્યે મારી નાંખે છે. કોઈક સ્ત્રીઓ સ્વયં અનાચારિણીઓ ઘણાંના પ્રેમમાં પડે છે. પછી એક બીજા પુરુષોદ્વારા કુ–મારથી [એટલે યોનિમાં ચપ્પુ વિગેરે નાંખીને, યોનિમાં ક્ષારભરીને, યોનિમાં તેજાબ નાખીને, નાક–મુખ ઉપર ડુચા દઈને નાક, કાન, સ્તન કાપી નાખીને] રીબાઇને મરણ પામે છે કે રીબાવીને મારી નાખે છે.

કેટલીક સ્ત્રીઓ રાજા–મહારાજાઓને પરણે છે, અને ઘણી પત્નીવાલા પતિની ભાર્યા થવાથી એક કેદીના જેવું જીવન જીવે છે. કોઈ રાજાને સો, પાંચસો, કે હજાર રાણીઓ હોય,

ત્યાં બીચારી ઘણી રાણીઓ બારેમાસ નિશાસા નાખે–છે, રુદન કરે છે, આખો દિવસ અરતિ, અફસોસ, ઈર્ષ્યામય જીવન જીવી પશુગતિ જેવી હલકી ગતિમાં ચાલી જાય છે.

પતિ પરલોક ગયા પછી કેટલીક અબળાઓ પાંચ–દશ પોતાનાં બાળકોનું અને પોતાનું પેટ ભરવા પારકી કાળી મજુરી કરે છે. અને છોકરાંનું પાલણ–પોષણ વિગેરે કાર્યમાં આખું જીવન વીતાવે છે. છેવટે પરલોકનું કશું જ ભાતું લીધા વગર આ દુર્લભ મનુષ્ય જન્મ પામેલો હારી જઈને સંસાર-સમુદ્રમાં ડુબી જાય છે.

કેટલીક સુખી જણાતી સ્ત્રીઓ પણ અંતરથી તો સુખી હોતી જ નથી. સ્ત્રીજાતિને સવારથી સાંજ સુધી [સવારના પાંચ વાગ્યાથી રાતના નવ વાગ્યા સુધી] લગભગ દળવાનું, પાણી ગળવાનું, પાણી ભરી લાવવાનું, સવારના નાસ્તા તૈયાર કરવાનું, એઠવાડનાં ભાણાં સાફ કરવાનું, ઘરમાં હોય તેટલા પુરુષો માટે નાવાનું ગરમપાણી તૈયાર કરવાનું, શાક સમારવાનું, ચોખા, દાળ, મસાલો તપાસવાનું, મધ્યાહ્નની રસોઈ કરવાનું, ગરમાગરમ રોટલીઓ વણવાનું કે રોટલા ટીપ-વાનું, ઘરમાં મેમાન આવ્યા હોય તો હંમેશના ક્રમ કરતાં વિશેષ ભોજન સામગ્રી બનાવવાનું, જમીને ગએલાઓનાં એઠ-વાડનાં ભાણાં એકઠા કરી ધોવા-ઉટકવાનું, બધા જમી ગયા પછી વધ્યું–ઘટ્યું આવાનું, બપોરના ફાજલ પડેલા સમયમાં ઘઉં વિણવા, મગ–ચણા ભરડવા, ચોખા વગેરે સાફ કરવાનું, વખતે કપડાં મેલાં થયાં હોય તો પોટલો એક લુગડાં ધોવા જવાનું, વલી સાંજની રસોઈ કરવાનું, જમેલાનાં એઠાં ભાણાં સાફ કરવાનું, પરવાર્યા પછી બધાં માટે પથારીઓ પાથરવાનું

અને વલી જો રાત્રે નાસ્તાપાણી કરનારા સ્વામીનાથ કે સસરા–દિયર હોય તો પાછી તેમની તૈયારી કરી આપવાનું અને આ ઉપરાંત પા ડઝન, અર્ધો ડઝન કે પોણો ડઝન છોકરાં હોય તો તેમને નવરાવવા, ધોવરાવવાનું વિગેરે કામકાજ ચાલુ જ રહે છે. ઉપરાંત સ્વામીનાથ ઘેર પધારે એટલે તેમની પગ–ચંપી વિગેરે કામ કરવા છતાં પણ બિચારી અબળાઓ તદ્દન લાચાર–કરૂણાપાત્ર જીવન જીવે છે.

લગભગ મજુરણ જેવી [ધનાઢ્યની પત્ની હોવા છતાં પણ] જીંદગી જીવવા છતાં પતિની ગેરહાજરી થઈ–જાય તો બિચારીનો રોટલો પણ ઓશિયાળો થઈ જાય છે. સસરા, દિયર, જેઠ, સાસુ, તેણીને હડધૂત બનાવે છે. જગતમાં અપશુકનીયાળ ગણાય છે. છોકરાઓ પણ બાપની ગેરહાજરી હોય તો બિચારી માતાને ગાંઠતા નથી, અપમાન કરે છે. રોવડાવે છે. વખતે જુદ્દી રાખે છે. માંદવાડ કે છેલ્લી અવસ્થામાં મનપસંદ ચાકરી કરતા નથી.

શંકા—જો સ્ત્રીઓનું આવું કરુણજીવન છે તો શા માટે તેણીએ પરણવું જોઈએ ?

સમાધાન— અનંતકાલથી આત્મામાં કામરાગ એવો ઘર કરીને રહ્યો છે કે, જગતના જીવોને ભાનભૂલા કરી નાખ્યા છે જેમ દરાજ–દદ્રૂના રોગીને ખણતાં ખૂબજ સ્વાદ આવે છે. તેથી અનેકવાર અનુભવેલી ઘડીક પછીની બળતરા યાદ આવતી નથી, પણ ખણવાનું જ પસંદ પડે છે, તેમ. ઉપરના હજારો ભયંકર દુઃખો કરતાં પણ પતિસંયોગમાં ઘણો સ્વાદ સમજીને અજ્ઞાની જીવડો કરોળીયાની જેમ પોતાની જાતે જ પોતાનાં દુઃખો વધારવાની જાળ ગોઠવે છે. એટલે જ સુવાવડ આવે ત્યારે ભયંકર દુઃખો પડવાથી હવે આવું કામ નહિ

વિચાર આવવા છતાં દુઃખો ગયા પછી પાછો એ જીવડો જેવોને તેવોજ વિષયોમાં પાગલ બની જાય છે.

હવે પુરુષોના દુઃખની વાત વિચારીએ.

કેટલાક મનુષ્યો જન્મથી જ દુઃખીયા હોય છે. આજીવિકાનું સાધન ન હોવાથી કોઈકની નોકરી – ગુલામી કરે છે. ખવાસ, ગોલા વિગેરે રાજા–મહારાજા, ઠાકોર, ગરાસીઆઓને ત્યાં માત્ર પેટ ભરવા તદ્દન મફત રહે છે. કેટલાક બિચારા આખી જીંદગી દેવામાંથી છુટા ન થવાથી કદી પણ પૂરા ખોરાક કે વસ્ત્ર પામતા જ નથી. કેટલાકોને ચારે બાજુના આધાર તૂટી જવાથી ભીખ માગીને, ભટકીને, પોકારો કરીને કરુણ જીવન વીતાવવું પડે છે.

કેટલાક મનુષ્યો ઘરમાં પોતે એકલો જ કમાનાર અને પાંચ–સાત–દશ ખાનાર હોવાથી પૂરું થાય નહીં અને કમાવાના માર્ગ મળે નહીં તેથી મનમાં ઘણું દુર્ધ્યાન કરી બળતરામાં શરીર ક્ષીણ બનાવે છે. અને રોગના ભોગ બની અકાળે મરણ સાધે છે.

કેટલાક મનુષ્યો પોતે પરદારાલંપટ હોવાથી તે તે સ્ત્રીઓના પતિ કે સગાં–વ્હાલાઓ દ્વારા અકાળે મરણ પામે છે. કેટલાક પુરુષો અનાચારિણી સ્ત્રીઓ–દ્વારા કામણટુંમણથી, ઝેરથી કે તેના જારપુરુષના હાથે મરે છે, કેટલાક પુરુષો કુટુંબના કલહથી, ઘરના–પરિવારના દુઃખથી, વેપાર–ધંધાની નુકશાનીથી પોતાની મેળે આત્મઘાત કરે છે. કેટલાક પુરુષો લડાઈ લડવા જતાં કે લડાઈનો સામનો કરવા જતાં કપાઈ ગયા છે. રામ–રાવણની લડાઈમાં, પાંડવ–કૌરવની લડાઈમાં,

કોણિક–ચેડા મહારાજાની લડાઈમાં, આવી અનંતકાળમાં અનંતી લડાઈઓ થઈ છે. છેલ્લા છેલ્લા જર્મન અને અંગ્રેજોની લડાઈમાં, જર્મન અને રશીયનોની લડાઈમાં અને હિન્દુ અને મુસલમાનોના કોમી હુલ્લડોમાં લાખોગમે પુરુષો અને સંખ્યાબંધ નિરપરાધ અબળાઓ તથા બાલક અને બાલિકાઓનો કચ્ચરઘાણ વળી ગયો છે.

કોઈક વખતે વહાણો–સ્ટીમરો ભરાઈને પરદેશ જાય છે અને વચમાં પવનની પ્રતિકૂલતાથી વહાણ નાશ પામતાં સેંકડો અને હજારોની સંખ્યામાં મનુષ્યો દરિયામાં ડુબીને મરણ પામે છે.

કોઈવાર સીકંદર, શાહબુદ્દીન, નાદીરશાહ, અલ્લાઉદ્દીન ખુની વિગેરે દુષ્ટરાજાઓ દેશો લૂંટે છે જેમાં આખા દેશના મનુષ્યોની પાયમાલી થાય છે. બિચારા લાખોની સંખ્યામાં ધનધાન્ય, પત્ની–પરિવાર વગરના થઈ જાય છે. અને લાખોના પ્રાણોનાં બલિદાન થાય છે.

કેટલાક પુરુષો બિચારા ખોટી સોબતથી ચોરી પરસ્ત્રી–લંપટપણું શીખીને બીજા અનેક નિન્દનીય કાર્યો કરીને સરકારદ્વારા શૂળી–ફાંસી વિગેરે દેહાંત શિક્ષાઓ પામે છે અને નરભવ ગુમાવી બેસે છે.

કેટલાય પુરુષો જન્મથી નાનીવયમાં જ ક્ષયરોગ, કોઢ, સંગ્રહણી, પાંડુ, ભગંદર, હરસ–મસા, જલોદર, દમ–શ્વાસ, ખાંસી, કેન્સર વિગેરે મહા ભયંકર હઠીલા અને મરણ આપનાર રોગોને વશ બને છે. ને દવાની સગવડતાના અભાવે, સારવાર અને ચાકરી કરનારના અભાવે ચિત્તમાં દુર્ધ્યાન કરી મરણ પામે છે.

કેટલાક ડોસા–ડોસી વૃદ્ધાવસ્થામાં કે અશક્તદશામાં પુત્ર

અને પુત્રવધુઓના કે પરિવાર તરફથી થતા અનાદર પામી ઘરઉપર દ્વેષભાવ સેવી મરે છે. કહ્યું છે કે :–

"वृद्धस्य मृतभार्यस्य, पुत्राधीनधनस्य च ।
स्नूषावाक्येन दग्धस्य, जीविताद् मरणं वरं ॥ १ ॥"

અર્થ :–ઘડપણ આવ્યું હોય, પત્ની મરી ગઈ હોય, પૈસા–ટકા છોકરાઓને સ્વાધીન થઈ ગયા હોય અને પુત્રવધુઓના તિરસ્કાર સાંભળવા પડતા હોય ત્યારે એવું જીવન જીવવા કરતાં મરવું એ વધુ સારૂ છે. એમ નીતિકારો કહે છે.

દેવગતિમાં પણ દુઃખ.

દેવગતિ પણ અનેક જાતિનાં માનસિક દુઃખોથી ભરપૂર હોય છે. મોટા ભાગના દેવો મરણકાલ પહેલાં છ માસ સુધી કાળો કલ્પાંત કરે છે. અરેરે અમારે આ વિમાનો, આ રિદ્ધિ, આ અપ્સરાઓ, આ પરિવાર, આ સુખ, આવી શક્તિ, આવી ગતિ, આવાં રત્નો, આવાં કલ્પવૃક્ષો આ બધું છોડવું પડશે? અરેરે અમારે મહા ગંદવાડથી ભરેલા મનુષ્યનારીના કે પશુનારીના ઉદરમાં ઉત્પન્ન થવું પડશે? હવે અમને અમારા આ દેવભોગો પુનઃ ક્યારે સાંપડશે? આમ અનેક પ્રકારના દુર્ધ્યાન કરીને, મનુષ્યગતિમાં કે તિર્યંચગતિમાં ચાલ્યા જાય છે.

તથા અલ્પર્દ્ધિદેવોને સ્વામીએ વાઈન્દ્રો અને મહર્દ્ધિકદેવો તરફથી ઘણાં અપમાનો થાય છે. તેમના વાહનબનવું પડેછે. તેમની સભાઓમાં નાચ વગેરે કરવા પડેછે. ઢોલ મૃદંગ વિગેરે વગાડવા પડે છે. તેમનાં પ્રેષ્ય કાર્ય કરવાં પડે છે. તેઓ કાઢી મૂકે તો સ્થાનનો ત્યાગ કરી સ્થાનાંતરમાં વસવું પડે છે. તેઓ જ્યાં લઈ જાય ત્યાં જવું પડે છે.

વળી દેવોને પોતાની દેવાંગનાઓ દ્વારા પણ તિરસ્કારો થાય તે ખમવા પડે છે. તે જ પ્રમાણે દેવાંગનાઓને પતિદેવોની અને ઇન્દ્રાદિમહર્દ્ધિકદેવોની આજ્ઞાને આધીન રહેવું પડે છે.....

આ પ્રમાણે નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ આ ચારે ગતિમાં માનસિક, વાચિક અને કાયિક દુઃખોની પરંપરા અનંતા કાલથી ચાલુ છે. અજ્ઞાની જીવને આપ સ્વભાવની ખબર ન હોવાથી અને ગયા કાલનાં દુઃખો બિલકુલ યાદ ન હોવાથી, જ્યાં જાય ત્યાં પોતે પોતાને નવીન જ માને છે.

અને જ્યાં સુખનું ખૂબ સામ્રાજ્ય સાંપડે છે ત્યાં વિચાર પણ આવતો નથી, કે હું અનંતાકાળથી મહાદુઃખોને ભોગવતો, કુટાતો, પિટાતો, છેદાતો, ભેદાતો, તળાતો, બફાતો, રોતો, રિબાતો, અકામનિર્જરાના યોગે આ મનુષ્ય જન્મ અને સુખ-સામગ્રી પામ્યો છું.

આ વખતે મને અનંતાકાળનાં દુઃખોને તિલાંજલિ આપવાનો સુ-અવસર સાંપડયો છે. અત્યારે હું સમજણો બની આત્મસાધના કરવા માંડું તો મારે હલકા જન્મો લેવાના બંધ થઈ જાય. જો આ મારો નરભવ નકામો ગયો તો વળી મારા ચોરાસીના ફેરા શરુ થશે ફરીવાર પુનઃ **આવી સ્વાધીનતા, આવી સમજણ અને આવી** સગવડ મળવી દુર્લભ છે.

જ્યારે દુઃખના ડુંગરો ઉભરાય છે ત્યારે તો બિચારા જીવને પોતાપણાનું ભાન કે જ્ઞાન કશું હોતું જ નથી. જ્યાં જુઓ ત્યાં દુઃખ-દુઃખ-ને દુઃખ જ દેખાય છે. જગતના હીનપુણ્ય જીવોનો કોઈ સહાયક નથી. રક્ષક નથી, દયાલુ નથી, મદદગાર નથી, દિલાસો આપનાર નથી, દુઃખમાં ભાગ લેનાર પણ કોઈ નથી, અને રસ્તો બતાવનાર પણ કોઈ નથી.

બિચારા ચારગતિના જીવો ભલે એક ભવ પૂરતા શાતા-વેદનીય વગેરે શુભકર્મોના ઉદયથી સુખી દેખાતા હોય છતાં પછીના ભવનો તદ્દન વિચાર જ કરતા ન હોવાથી વાસ્તવિક દુઃખિયા જ છે.

જેમ સખત ટાઢો તાવ આવેલા માણસને ચારે બાજુ અગ્નિ સળગાવે તો ક્ષણવારની શાન્તિ પછી મહા અશાન્તિ જ ઉત્પન્ન થાય છે. જેમ ખુજલીના રોગવાળાને ખણવાથી ક્ષણવાર મીઠું લાગ્યા પછી ઘણીવાર કાળી બળતરા ભોગવવી પડે છે. જેમ વિધવા કે કુમારીને ક્ષણવાર પુરુષસંયોગનું સુખ મલ્યા પછી બદલામાં ગર્ભ રહેવાથી મહા નિન્દા, વેદના, અતિપ્રમાણ અપભ્રાજના વિગેરે થવાથી લજ્જાના કારણે આત્મઘાત કરીને મરવું પડે છે. પણ જીવનો સ્વભાવજ એવો દુષ્ટ છે કે, તે સુખને જ દેખે છે પણ તેના પરિણામ રૂપ દુઃખને ભાળતોજ નથી.

श्वेतुः पयः पश्यति नैव दंडं कीरोपि शाल्यन् न च लोष्टखंडं ।
काको पलं नो बत सिंहतुंडं, जंतुः तथा शं न यमं प्रचंडं ॥१॥"

અર્થ :–બિલાડો દુધને જ દેખે છે. પરંતુ નજીકમાં જ ધોકાવાળો ઉભો છે તેને દેખતો જ નથી. પોપટ ખેતરમાં ચોખાનાં કણસલાં દેખે છે પરંતુ માંચડા ઉપર ઉભેલા ગોફણના ગોળાવાળાને ભાળતો નથી. કાગડો સિંહના મુખમાં માંસના ટુકડાને દેખે છે પરંતુ સિંહ જાગી જશે તો મારું શું થશે ? એમ વિચાર કરતો નથી, તેજ પ્રમાણે જગતના પ્રાણી માત્ર સુખને જ દેખે છે પરંતુ મરણને અને મર્યા પછીના નરક અને પશુઅવતારને દેખતો જ નથી. કોઈ કવિ કહે છે કે,

"મેં ભોગ સારા ચિંતવ્યા, પણ રોગસમ ચિન્ત્યા નહિ,
આગમન ઈછ્યું ધનતણું, પણ મૃત્યુને ધીછ્યું નહિ;

નવિ ચિંતવ્યું મેં નરક-કારાગૃહસમી છે નારીઓ,
મધુબિન્દુની આશામહીં, ભયમાત્રને ભૂલી ગયો.”

ભાવાર્થ :-આ જીવ પ્રતિક્ષણ યાવદ્ ઘડપણ આવ્યું હોય તો પણ સ્પર્શ-રસ-ગંધ-રુપ અને શબ્દના ભોગ જ વિચાર્યા કરે છે, પરંતુ ‘ભોગો ભર્યા છે રોગથી’ આ વાત ક્યારે પણ યાદ ન આવી. કદાચ યાદ આવી તો પણ સાચી ન લાગી. વલી ભોગનું સાધન ધન છે. માટે બિચારો જીવડો પ્રતિસમય લક્ષ્મી મેળવવા મનમાં હજારો તરંગો ગોઠવ્યા કરે છે. પરંતુ “ધન આવ્યું તો આવ્યું નહિતર નિધન તો ચોક્કસ આવશે.” આ વાતનો ખ્યાલ જ ન આવ્યો. ધન ગમે છે પરંતુ નિધન-મરણ ગમતું નથી. વળી મૂર્ખ જીવ નારીઓનાં રુપ, ગતિ, વિલાસ, અવયવ, [સ્મિત, કટાક્ષ, કક્ષા, બાહુ, નાભિ, સ્તન, મુખ] વગેરેના વિચાર કર્યા કરે છે, પરંતુ કિંપાકના ફળની મધુરતા કરતાં હજારોગુણી હલાહલ ઝેર જેવી નારીભોગના, ફલરુપ નરકની કેદ-બેડી મનમાં આવી જ નહિ.

જેમ કોઈ પામરે મધુબિન્દુના સ્વાદ અને લાલચમાં અજગર, સર્પ અને હાથી તથા મધમાખીથી થતાં દુઃખનો વિચાર ન કર્યો અને ત્યાંને ત્યાં મરણ પામ્યો. તેમ જગતના સર્વ જીવો સુખના ઘેનમાં અને દુઃખની મૂર્છામાં આપણું હિત વિચારતા જ નથી.....

આવી ભાવભીની ગીતાર્થ ગુરુદેવના મુખની વાણી સાંભળીને વજ્રવીર્યરાજા પ્રતિબોધ પામ્યા. અને નગરમાં આવી, શુભમુહૂર્તે વજ્રનાભ કુમારને રાજ્ય આપી, પોતે રાણી સહિત પ્રવ્રજ્યા લીધી. અને વજ્રનાભરાજાનો સમય પણ ધર્મ

અને નીતિ બન્નેને યથાયોગ વિકસાવતાં ગૃહસ્થદશામાં વીતવા લાગ્યો. કેટલોક કાલ ગયા પછી વિજયાદેવી મહારાણીની કુક્ષિથી ચક્રાયુધ નામે પુત્ર થયો. ને યોગ્ય વયવાળો થયો ત્યારે પિતાએ તેને યુવરાજ પદવી આપી.

અન્યદા કોઈવાર વજ્રનાભ રાજવી ગોખમાં ઉભા ઉભા શહેરની શોભા જુએ છે તો. નગરમાં કોઈ જન્મે છે. કોઈ મરે છે. કોઈ રુવે છે, કોઈ હસે છે. કોઈ વિલાપ કરે છે. કોઈના ઘેર લગ્નનાં ગીત ગવાય છે, કોઇના ઘેર મડદા પાસે છાજીઆં કુટાય છે. આમ જુદી જુદી ચેષ્ટાઓ જોવાથી સંસારની અસારતાનું ભાન થયું. અને વૈરાગ્ય ભાવના આવતાં જાતિસ્મરણજ્ઞાન થયું...ગયા જન્મમાં આચરેલી પ્રવ્રજ્યાનું સ્મરણ થયું અને વર્તમાન રાજ્ય અને વૈભવ ઈન્દ્રજાળજેવાં સ્વપ્ન મહેલ જેવા ભાસવા લાગ્યાં. સ્વજન-પરિજનનો રાગ કેદખાનાના કેદીઓની મિત્રતાઈ જેવો લાગ્યો. યૌવન અને વિષયો સંધ્યાના રંગ જેવા અસ્થિર લાગ્યા.

દરિયામાં ચાલી રહેલા વહાણમાં બેઠેલા મુસાફરો જ્યાં સુધી વહાણ આબાદ હોય ત્યાં સુધી ચોપાટ, પાનાં વિગેરે જુદી જુદી ક્રીડાઓમાં ચાલ્યા જતા ટાઈમની દરકાર કરતા નથી. પરંતુ તે જ વહાણ જ્યારે મધ્ય દરિએ ઝોલાં ખાતું દેખાય છે ત્યારે પોતે દરિયામાં નહીં પણ મૃત્યુના મુખમાં છે. એમ ઓળખાય છે. અને હવે શું કરવું ? શું થશે ? હે પ્રભુ ! તું બચાવ વિગેરે વિચારના વહેણ ચાલુ થાય છે. અને આત્મભાન જાગે છે. તેમ જાતિસ્મરણના યોગથી રાજા વજ્રનાભ [પાર્શ્વપ્રભુના આત્મા] ને પ્રવ્રજ્યાનું સ્મરણ થઈ આવ્યું. ગયા જન્મની પોતાની દીક્ષાનો ખ્યાલ આવ્યો. સંસારસમુદ્રમાં બુડતા પ્રાણીને પ્રવ્રજ્યારુપ

ચાનપાત્ર વિના તરવાનો–પાર ઉતરવાનો બીજો ઉપાય નથી એમ નક્કી થવાથી યુવરાજ ચક્રાયુધ કુમારને બોલાવીને પોતાનો સંયમ લેવાનો અભિપ્રાય જણાવ્યો.

ચક્રાયુધકુમારને પિતાની દીક્ષાની વાત ગમી નહી. તેણે ઘણી આજીજી કરી. થોડો વખત સંસારમાં રહેવા વિનવણી કરી. પરંતુ માર્ગના મુસાફરને કોણ રોકી શકે? તે જ પ્રમાણે સાચા વૈરાગી આત્માને પણ કોઈ રોકી શકતું નથી. નમ્રતા-પૂર્વક પુત્રે સંસારમાં રહેવાની જેટલી દલીલો કરી તે બધી સાંભળીને વિવેકી રાજા વજ્રનાભે સમતાપૂર્વક ઉડાવી દીધી અને પ્રધાનવર્ગને બોલાવી ચક્રાયુદ્ધકુમારનો રાજ્યાભિષેક કર્યો અને પોતાના માટે દીક્ષાની સામગ્રી એકઠી કરવા સૂચન કર્યું.

વજ્રનાભરાજા પોતે ભાવના ભાવે છે કે, "મારા પુન્યોદય જો જાગૃત હોય તો પ્રભુ અહીં પધારે અને હું સંયમ ગ્રહણ કરું." વજ્રનાભ નૃપના આવા સાચા અંતરના વૈરાગ્યમય વિચારો કેવલજ્ઞાનથી જાણતા ક્ષેમંકર નામના જિનેશ્વરદેવ તેમના નગરઉદ્યાનમાં પધાર્યા. અને વજ્રનાભ રાજાએ પણ દીન, અનાથ અને ગરીબોનો ઉદ્ધાર કરવાપૂર્વક ઘણું દાન આપ્યું, સાતે ક્ષેત્રમાં દ્રવ્યનો સદ્વ્યય કર્યો, અને ઘણી શાસનપ્રભાવના કરી તીર્થંકરદેવ પાસે દીક્ષા લીધી.

પ્રભુ પાસે ચારિત્ર લઈ ગ્રહણ અને આસેવન શિક્ષાનો અભ્યાસ કરી, શાસ્ત્રોમાં પારંગત બની ગીતાર્થપણું પામ્યા, બાહ્ય-અભ્યંતર તપને આચરતાં આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર તપસ્વી, ગ્લાન, નવદીક્ષિત, સમાનધર્મી, કુલ, ગણ અને સંઘ, આ દશેની વૈયાવચ્ચ-ભક્તિને કરતાં, ઘણી યોગ્યતા કેળવીને કઠોર

કર્મ ખપાવવા ગુરુઆજ્ઞાથી એકાકી વિહાર કરતા આકાશ-ગામિની લબ્ધિથી સુકચ્છ નામની વિજયમાં પધાર્યા.

આ બાજુ કમઠનો આત્મા ચોથાભવમાં સર્પ હતો તે મરીને છઠ્ઠી નરકે ગયો અને નરકગતિનાં ભયંકર દુઃખો ભોગવીને, ત્યાંનું આયુ પૂર્ણ કરીને, સુકચ્છવિજયમાં જ્વલન પર્વતની નજીકમાં કુરંગક નામે ભિલ થયો. "અધમ આત્મા-ઓના બીજાઓને ખૂબદુઃખ આપવાં અને પોતે નરકનાં રૌરવ દુઃખો ભોગવવાં એ બે વ્યવસાય પ્રાયઃ મુખ્યપણે હોય છે."

જાણે સાક્ષાત્ પાપનો પિંડજ ન હોય, અથવા શરીર-ધારિણી કૃષ્ણલેશ્યા જ ન હોય તેવો શ્યામ અને અતિ વિકરાળ કુરંગક ભિલ હાથમાં ધનુષ્ય-બાણ લઈને વનમાં નિરંતર ભટક્યા કરે છે. અને અનેક નિરપરાધી જીવોનો વધ કરીને માંસાહાર-મય જીવન વીતાવે છે. તેવામાં એકદા વજ્રનાભ રાજર્ષિ વિહાર કરતા તે જ જ્વલન પર્વતની ઉપર આવી રાત્રિના સમયમાં ધ્યાનમગ્ન રહ્યા, ત્યાં રાત્રિમાં ઘણા શ્વાપદપશુઓના વિવિધ ઉપસર્ગો સહન કરીને દિવસે પણ તેજ સ્થાનમાં ધ્યાનમાં રહ્યા.

આ બાજુ પાપ કરવાના જ વ્યસનવાળો કુરંગક – ભિલ તે સ્થાનમાં આવ્યો અને વજ્રનાભ મહામુનીશ્વરને જોયા, જોતાંની સાથે જ જાતિસ્વભાવથી, પૂર્વ-ભવના એકપાક્ષિક વૈરથી અને દરરોજના અભ્યાસથી મુનિરાજને મારી નાખવાની ભાવના જાગૃત થઇ અને તત્કાલ ધનુષ્ય ચડાવ્યું અને એક જ બાણના પ્રહારથી મહાત્મા મુનીશ્વરને જમીન ઉપર પાડી નાખ્યા. મુનિરાજ બાણ પ્રહારની પીડાથી વેદના-વિહ્વલ થવા છતાં જરા પણ દ્વેષ કે નિર્બલ્યતા લાવ્યા સિવાય સાત્ત્વિક ભાવને અવલંબી

આત્માને મજબુત કરવા લાગ્યા—

"सह कलेवरखेदमचिन्तयन् स्ववशताहि पुनस्तवदुर्लभा।
बहुतरं च सहिष्यसि जीव हे परवशो न च तत्र गुणोस्ति ते ॥"

અર્થ :—હે આત્મા! કલેવરનું ક્ષણિક દુખ વિચાર્યા સિવાય સહન કરી લે, આવી જાગૃતિવાલી સ્વતંત્રતા ફરીને તને મળવી દુર્લભ છે જો તું અહીં ક્રોધ કરીશ, હિંસાના વિચાર કરીશ, બીજાને શત્રુ તરીકે માનીશ, આર્ત કે રૌદ્રધ્યાન મનમાં લાવીશ! તો તું મરીને નરક કે પશુગતિમાં ચાલ્યો જઈશ. ત્યાં તને આના કરતાં અનેકગણુ દુઃખ સહન કરવું પડશે, ત્યાં ઇચ્છા વિના અજ્ઞાનતાથી રોઈ–બરાડા પાડી સહન કરવા છતાં તારા આત્માને જરાપણ લાભ થશે નહિ...

આમ આત્માને એકદમ જાગૃત બનાવી, વીરવૃત્તિ ધારણ કરી, બાણ મુકનાર ભિલ ઉપર પણ મિત્રતા [મૈત્રી ભાવના] નું ચિન્તવન કરતા, અરિહંતાદિ ચારેનું શરણ કરી, ચતુર્વિધાહારનું પ્રત્યાખ્યાન કરી, જગતના પ્રાણી માત્ર સાથે ક્ષમાપના કરી, સુકૃતનું અનુમોદન અને દુષ્કૃતની નિન્દા કરી નમસ્કારમહામંત્રનું ધ્યાન કરી. અનશન ઉચ્ચરી, અઢારે પાપસ્થાનકોને વોસિરાવી, કાલધર્મ [મરણ] પામીને મહા મુનિરાજ વજ્રનાભરાજર્ષિ મધ્યમ ગ્રૈવેયકમાં દેવપણે ઉપન્યા. અને અધમ આત્મા કુરંગક ભિલ મુનિરાજને મારી નાંખીને મનમાં મસ્ત બનીને આખું જીવન હિંસામય જીવીને મરણકાલે રૌદ્રપરિણામ વાળો થઈ સાતમી નરકમાં નારકીપણે ઉત્પન્ન થયો....

ભગવાન પાર્શ્વનાથ પ્રભુનો વજ્રનાભ મુનિવરપણે છઠ્ઠો અને મધ્યમ ગ્રૈવેયક દેવપણાનો સાતમો ભવ પૂર્ણ થયો.

શ્રીપાર્શ્વનાથ સ્વામીનો આઠમો ભવ.

આ જંબૂદ્વીપના પૂર્વમહાવિદેહક્ષેત્રમાં સુરપુરના જેવું સુરપુર નામનું એક નગર છે. તે નગરમાં ગુણનિધાન અને મહાપ્રતાપી વજ્રબાહુ નામનો રાજા રાજ્ય કરે છે. તેને સમ્યક્ત્વ-સુદર્શનને ધરનારી રુપ–ગુણ–લાવણ્યના નિધાનસમી સુદર્શના નામની મહાપટ્ટરાણી છે.

નૃપદંપતીના દિવસો સુખમય વ્યતીત થતા હતા. કેટલોક કાલ ગયા પછી વજ્રનાભનો આત્મા મધ્યમ ગ્રૈવેયકથી ચ્યવીને મહારાણી સુદર્શનાદેવીની કુક્ષિરૂપ શુક્તિમાં મહા મોતીની પેઠે ઉત્પન્ન થયો. દેવીએ મધ્યરાત્રિના સમયે પલ્યંકવિષે અર્ધ-જાગૃત દશામાં ચક્રવર્તી પણાનાં સૂચક ચઉદ મહાસ્વપ્ન દીઠાં. જાગૃત થઈ ને સ્વપ્ન બરાબર ધારણ કરી, મહારાજા વજ્રબાહુને જણાવ્યાં. રાજાએ પણ પ્રભાતે અષ્ટાંગનિમિત્તવેત્તાઓને બોલાવીને ચઉદ સ્વપ્નનો અર્થ સાંભલ્યો. મહાદેવી સુદર્શનાએ પણ હિતમિત ને પથ્યાહારથી ગર્ભપોષણ કર્યું અને ક્રમે કરીને પૂર્ણસમયે પૂર્વદિશા જેમ દિવાકરને જન્મ આપે તેમ મહાપ્રતાપી પુત્રને જન્મ આપ્યો. અનેક પ્રકારના મહોત્સવો કરીને પુત્રનું સુવર્ણબાહુ એવું નામ આપ્યું.

માતા–પિતા, પરિવાર અને પ્રજા વગેરેના હર્ષોત્કર્ષ સાથે વૃદ્ધિ પામતા કુમાર સુવર્ણબાહુ બાલ્યવય વટાવી યૌવનવયને પામ્યા. બધા પ્રકારની કલાઓનો અભ્યાસ કર્યો અને બીજાં પણ અનેક શાસ્ત્રો ભણીને સર્વ વ્યવહારમાં નિપુણ થયા, અને પિતાએ પુત્રને યોગ્ય જાણી શુભ લગ્નમાં સુવર્ણબાહુ કુમારને રાજ્ય આપ્યું અને પોતે સર્વસ્વનો ત્યાગ કરી ગીતાર્થ ગુરુ

પાસે સંજમ અંગીકાર કર્યું. ક્રમે કરી વજ્રબાહુરાજાષ કેવલી થઈ મોક્ષમાં ગયા.

સુવર્ણબાહુ રાજાને ગયા જન્મમાં આરાધેલ ચારિત્રના પ્રભાવથી ઈતિ-ઉપદ્રવ, મારિ-મરકી, દુર્ભિક્ષ વિગેરે આપત્તિથી રહિતપણે રાજ્ય ભોગવતાં ચક્રરત્નની ઉત્પત્તિ થઈ, તેથી તેણે છખંડ સાધ્યા, અને વિદ્યાધર-નૃપતિ મણિચૂડ રત્નચૂડ વિગેરે ઘણા રાજાઓની પુત્રીઓ સાથે પાણિગ્રહણ કર્યું. આમ નીતિ-ધર્મ અને સુખમય રીતે જીવન વ્યતીત કરતાં એકવાર ઉદ્યાનપાલકે વધામણી આપી કે, આપણા ઉદ્યાનમાં શ્રી જિનેશ્વરદેવ સમવસર્યા છે અને દેવોએ સમવસરણ બનાવ્યું છે.

સુવર્ણબાહુ ચક્રવર્તી [ભગવાન પાર્શ્વનાથસ્વામીનો જીવ] ઉદ્યાનપાલકનાં વચનો સાંભળીને અતિહર્ષથવાથી પુલકિત થયો. અને તેને ઘણું ઈનામ આપ્યું. પોતાની પદ્માવતી વિગેરે પત્નીવર્ગને સાથે લઈ શ્રીજિનેશ્વરદેવને વંદન કરવા અને વ્યાખ્યાન સાંભળવા ઉદ્યાનમાં આવ્યો.

ભગવાન જિનેશ્વરદેવની દેશનાઃ

"[૧]સમ્મત્તં [૨]સામાઇઅં [૩]સંતોસો [૪]સંજમો અ [૫]સજ્ઝાયં।
પંચ સયારા જસ્સ ન પયારો તસ્ય સંસારે ॥"

અર્થ—સમ્યક્ત્વ, સામાયિક, સંતોષ, સંજમ, અને સ્વાધ્યાય આ પાંચ 'સ'કારો જે મહાભાગ્યવાન આત્માને પ્રાપ્ત થયા હોય જે પુણ્યશાળી આત્માના મન-વચન-કાયામાં ઉપરની પાંચ મહામૂલી વસ્તુઓ દાખલ થઈ હોય તે આત્માને સંસારની ચાર-ગતિનાં દુખો ભોગવવાં પડતાં નથી.

ઉપરના પાંચે 'સ'કાર-શબ્દોના અર્થ વિસ્તારથી શ્રી-જિનેશ્વરદેવના મુખથી સાંભળીને સુવર્ણબાહુરાજા ક્ષુધાર્તને અમૃત ભોજન તુલ્ય. અને રંકને ચિંતામણીની-પ્રાપ્તિ માફક ઘણોજ આનંદ પામ્યા અને ત્યાં સમવસરણમાં જ શુભઅધ્યવસાયથી જાતિસ્મરણ જ્ઞાન પામ્યા. અને ગયા જન્મમાં આરાધેલ ચારિત્રનો સાક્ષાત્કાર થયો. ઉત્કૃષ્ટવૈરાગ્યથી આત્મા રંગાઈ જતાં પોતાના પરિવાર, પુત્ર કે પત્નીઓની સલાહ પણ લીધા સિવાય પંચમુષ્ટિલોચકરીને પ્રભુજી પાસે દીક્ષા લીધી.

અનુક્રમે અગ્યાર અંગો ભણી પરિષહો અને ઉપસર્ગોને સહનકરતા, વિવિધપ્રકારના તપને તપતા ગીતાર્થપણાને પામ્યા હોવાથી ભગવાનની આજ્ઞા મેળવી એકાકી વિહાર કરતા સદાકાળ ધ્યાનમાંજ રહેવા લાગ્યા. ક્લિષ્ટ કર્મોનો ક્ષય કરનાર અને બધા તપોમાં શિરોમણિસમાન વીશસ્થાનક તપ આરાધવા તત્પર થયા. અને અરહંતાદિ વીશ સ્થાનકોનું [શરીરનો વિવેક, ચિત્તની એકાગ્રતા અને ક્રિયાની સંપૂર્ણ શુદ્ધતાપૂર્વક] આરાધન કર્યું.

કમઠનો આત્મા કુરંગકભિલ્લ નરકમાંથી નીકળીને ક્ષીરપર્વત ઉપર મહાવિકરાળ સિંહ થયો છે. એક વખત વિહાર કરતા સુવર્ણબાહુરાજર્ષિ તે જ પર્વત પાસેની અટવીમાં કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા હતા. તેટલામાં તે સિંહ અટવીમાં ભ્રમણ કરતો, અનેક પ્રાણીઓનો નાશ કરતો, માંસાહારથી જ આજીવિકા ચલાવતો, પોતાના આત્માને અટવીનો મહારાજા માનતો, દેખનારને જાણે સાક્ષાત્ યમરાજ જ હોય નહિ? તેવો ભાસ કરાવતો, જ્યાં મહામુનીશ્વર ધ્યાનસ્થ ઉભા છે ત્યાં આવ્યો.

મુનિરાજને દેખતાંની સાથે જ પોતાનું એકપાક્ષિકવૈર

યાદ આવ્યું અને મુનિરાજ ઉપર તૂટી પડ્યો. અને તેમને જમીન ઉપર પાડી નાંખ્યા. મહાન ઉપસર્ગ આવ્યો જાણી મુનિરાજ ખૂબજ ધર્મધ્યાનમાં સાવધ થયા. રાગ-દ્વેષ વિના સિંહને પણ પરમમિત્રતુલ્ય માનતા અરિહંતાદિ ચારનું શરણ કરી ચારે આહારનાં પચ્ચક્ખાણ કર્યાં. સર્વ-જીવો સાથે ક્ષમાપના કરી. અઢાર પાપસ્થાનકોનો ત્યાગ કર્યો. અને અનશન કર્યું. સિંહદ્વારા વિદિર્ણ થએલા મુનિરાજે કાલધર્મ પામી નવમા ભવે દશમા દેવલોકને વિષે મહાપ્રભવિમાનમાં મહર્દ્ધિકદેવપણે ઉત્પન્ન થયા. અને દેવતાઈ મહાસુખો ભોગવવા લાગ્યા.

આ બાજુ મહાપાપી સિંહ અતિરૌદ્ર પરિણામથી મુનિરાજને મારી નાખી, પોતાના આત્માને કૃત્યકૃત્ય માનતો, મનમાં ઘણોજ ફુલાતો, હજારો પ્રાણીઓની હિંસા કરતો, ઘણા પાપોનો પુંજ એકઠો કર્યો. અને મરણ પામીને પંકપ્રભાનામની ચોથી નારકીમાં નારકપણે ઉત્પન્ન થયો. ત્યાંથી નરકનું આયુઃ પૂર્ણ થતાં નારકીમાંથી નીકળીને અનેક પ્રકારના તિર્યંચાદિ ભવોને કરતો ઠામઠામ અસહ્ય દુઃખોને ભોગવતો કમઠનો જીવ સંસારમાં ભટકવા લાગ્યો.

શ્રીપાર્શ્વનાથસ્વામીનો તીર્થંકરદેવપણાનો છેલ્લો -દશમો ભવઃ

શ્રી જૈનશાસન એ જગત વ્યાપી શાસન છે. કોઈનું બનાવેલું નથી. પરંતુ સ્વયંસિદ્ધ છે. આજકાલનું નથી, પણ અનાદિ છે. કૃત્રિમ નથી, પણ સ્વભાવિક છે. અજ્ઞાની, ઘમંડી કે માનભુખ્યા માણસોએ પ્રચારેલું નથી, પરંતુ રાગ-દ્વેષ-

અજ્ઞાનતા રહિત મહાજ્ઞાનીઓ દ્વારા વિસ્તાર પામેલું છે, અધુરું નથી, પરંતુ સંપૂર્ણ છે, કેવલ ગતાનુગતિક નથી, પરંતુ કસોટીમાં પસાર થએલું છે. હિંસા, જુઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ–મમતા, અન્યાય અને અનાચારનું પોષક નથી પણ તેનું ઉન્મૂલક છે.

શ્રી જૈનશાસનના પ્રણેતા તમામ પુરુષો, રાગદ્વેષ અને અજ્ઞાનનો ક્ષય કરી અને સર્વજ્ઞ બન્યા પછી જ જગતની સમક્ષ સિદ્ધાન્તોનો પ્રચાર કરે છે. તેમના ફરમાવેલા સિદ્ધાન્તો ઝીલનારા પણ લગભગ વીતરાગ જેવા અને મહાજ્ઞાની હોય, છે. પ્રસ્તુત સિદ્ધાન્તો ટકાવી રાખનારા, પુરુષો પણ ત્યાગી, નિષ્પૃહી અને જ્ઞાની મહાત્માઓ જ હોય છે.

શ્રી જૈનશાસનના બધા જ સિદ્ધાંતો ચરાચર જગતના કેવળ ઉપકાર માટે જ બનેલા છે. માટે પાપની પ્રવૃત્તિમાં ખૂંચેલા જીવોને પાપોની ભયંકરતા સમજાવી, તે તે પાપોમાંથી નિવૃત્ત થવાનો ઉપદેશ આપે છે.

શ્રીજૈનશાસનનો પ્રચાર કરવા અને આત્માનો ઉત્કર્ષ સાધી સંસારના બંધનોથી મુક્ત થવા, જગતના સ્વભાવસિદ્ધ બીજા કેટલાક બનાવોની માફક કોઈ કોઈ મહાપુરુષો જન્મે છે, તે હિસાબે એક અવસર્પિણી કાળમાં ૨૪ તીર્થંકરદેવો ઉત્પન્ન થાય છે. તે પણ સંસારમાં અનંતાકાળ સુધી રખડપટ્ટી અને અનંતાનંત દુઃખોની પરંપરા ભોગવી, સમયનો પરિપાક થયે છતે શુભ, શુભતર, શુભતમ સામગ્રીનો યોગ પામી, ગુણની નિસરણી ઉપર ચડતા અને ભવો સુધી ગુણી ગુરુઓના સહયોગથી આત્માને નિર્મળ બનાવતા, છેલ્લાભવમાં તીર્થંકર-પણાને પામે છે.

જગતના સર્વ જીવોની માફક શ્રીજિનવરના આત્માઓ પણ અનાદિ છે અને અનાદિકાળથી જગતના સર્વ જીવોની માફક સંસારમાં ચારેગતિના દુઃખોને ખૂબ સહે છે.

છેલ્લા ભવમાં જ્યારે શ્રીજૈનધર્મ-ભાવધર્મ પામે છે. ત્યાર પછીના ભવોની ગણના લેખાતી હોવાથી આ અવસર્પિણીના જિનેશ્વરોના અનુક્રમે ૧૩ ભવ વગેરે બતાવ્યા છે.

" ઋષભ તેર શશી સાત કહીજે,
શાન્તિનાથ ભવ બાર સુણીજે;
મુનિ સુવ્રત નવ લીજે,
નવ નેમીશ્વર નમન કરીજે;
પાર્શ્વ પ્રભુના દશ સમરીજે,
વીર સત્તાવીશ લીજે;
અજિતાદિક જિન શેષ રહિજે,
ત્રણ ત્રણ ભવ સઘલે ઠવીજે;
ભવ સમકીતથી ગણીજે,
જિનનામ બંધ નિકાચિત કીજે;
ત્રીજે ભવ તપ ખાન્તિ ધરીજે,
જિન પદ ઉદયે સીજે ।। ૧ ।। "

અર્થ—ભરત ઐરવતક્ષેત્રોમાં અનંતા કાલમાં અનંતી ચોવીસી અને મહાવિદેહક્ષેત્રોમાં અનંતીવીશી જિનેશ્વર-ભગવંતો થાય છે, અને કેવલજ્ઞાન પામી જગતને હિતાહિતનું ભાન કરાવી મોક્ષમાં જાય છે. તે પ્રમાણે આ ભરતક્ષેત્રમાં આ છેલ્લી ચોવીસીમાં થએલા ચોવીસજિનેશ્વરદેવો સમ્યક્ત્વ [આત્માનું સત્યસ્વરૂપ જીવાદિનવતત્ત્વોની ઓળખાણ, હિતાહિતનું સાચું જ્ઞાન, તદ્દન સાચા દેવ-ગુરુ-ધર્મની યથાર્થ

ઓળખાણ તેનું નામ સમ્યક્ત્વ] પામીને વધારેમાં વધારે સંસારમાં કેટલા ભવો રહ્યા તે ઉપરની ગાથામાં બતાવ્યા છે.

પહેલા ઋષભદેવસ્વામી સમ્યક્ત્વ પામીને સંસારમાં દેવ-મનુષ્યના ૧૨ ભવ કરી ૧૩ મા ભવે શ્રીજિનેશ્વરદેવ થયા. ચંદ્રપ્રભસ્વામી સંસારમાં દેવ-મનુષ્યના ૬ ભવ કરી ૭ મા ભવે શ્રીજિનેશ્વરદેવ થયા. તેજપ્રમાણે ૧૬ મા શાન્તિનાથસ્વામી ૧૨ મા ભવે, મુનિસુવ્રતસ્વામી નવમા ભવે, નેમનાથસ્વામી નવમા ભવે, અને શ્રીમહાવીરસ્વામી ૨૭ મા ભવે તીર્થંકરદેવ થયા. અને અજિતાદિ ૧૭ જિનેશ્વરદેવો સમ્યક્ત્વ પામ્યા પછી ત્રીજા ભવે તીર્થંકર પદવી પામ્યા હતા. તેજપ્રમાણે આપણી ચાલુ વાર્તાના નાયક શ્રીપાર્શ્વનાથસ્વામી સંસારમાં મનુષ્ય-હાથી-દેવ મનુષ્યને દેવના ભવ કરી દશમા ભવે શ્રી-જિનેશ્વરદેવપણે ઉત્પન્ન થયા. હવે આપણે તેમનો દશમો ભવ વિચારીએ.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં, કાશીદેશમાં, વારણ અને અસિ નામની બે નદીઓની બરાબર મધ્યમાં, વારાણસી નામ-ની નગરીમાં, ઐશ્વર્ય-રુપ અને પ્રતિભાવડે ઈન્દ્રની જેવા તેજસ્વી, અશ્વસેનનામે રાજા રાજ્ય કરે છે. તેમને રુપ અને લાવણ્યગુણે લક્ષ્મીના જેવી, કલાગુણે સરસ્વતી જેવી, અને શીલગુણે સીતા વિગેરે મહાસતીઓમાં પ્રાપ્તરેખા, વામાદેવી-નામે મહાપટ્ટરાણી હતાં.

મહાપુણ્યશાલી રાજા-રાણી દંપતીના દેવતાઈ સુખમય દિવસો વ્યતીત થતા હતા. ત્યારે ઈસુના સંવત-પૂર્વે ૮૭૬ વર્ષ અગાઉ અને વિક્રમ સંવત પૂર્વે ૮૨૦ વર્ષ પહેલાં ચૈત્ર

[ગુજરાતી ફાગણ] વદિ ચોથના મધ્ય રાત્રીમાં મહાસતી-વામાદેવીની કુક્ષિમાં સુવર્ણબાહુ રાજર્ષિનો આત્મા [દશમા દેવલોકમાં મહાસુખને ભોગવી, ૨૦ સાગરોપમનું આયુઃ પૂર્ણ કરીને] ઉત્પન્ન થયો.

તે રાત્રીએ અર્ધજાગૃતદશામાં સુતેલાં મહાસતી વામાદેવીએ ૧૪ મહાસ્વપ્ન જોયાં. હાથી, વૃષભ, સિંહ, લક્ષ્મી, પુષ્પમાલા, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કુંભ, સરોવર, સમુદ્ર, વિમાન, રત્નરાશી અને નિર્ધૂમ અગ્નિ. ઉપરનાં ૧૪ સ્વપ્ન દેખી વામાદેવી જાગૃત થયાં. સ્વપ્નનું અવધારણ કરી, પોતાના સ્વામીનાથ અશ્વસેનનૃપ પાસે આવી, અને સ્વપ્ન વિસ્તારપૂર્વક સંભળાવ્યાં. રાજાએ પોતાના જ્ઞાનથી અને સ્વપ્નપાઠકોની પાસેથી તેનું ફળ સમજીને દેવીને સંભળાવ્યું.

રાજા કહે છે કે, 'હે દેવિ! આ મહાસ્વપ્ન જોવાથી તમને તીર્થંકર પુત્રનો જન્મ થશે. તે પુત્ર મહાભાગ્યશાળી થશે. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળવાસી દેવ, અસુર અને મનુષ્યોને શુદ્ધધર્મ સંભળાવશે. એવા મહાદાનેશ્વરી, મહાત્યાગી, મહાતપસ્વી, મહાસંજમી, મહાધીર, વીર, ગંભીર, તેજસ્વી અને પ્રભાવશાળી સુપુત્રને તમો જન્મ આપશો.

તે રાત્રીથી મહાદેવી સુખપૂર્વક ગર્ભનું પોષણ કરતાં જરાપણ વેદના ભોગવ્યા વગર નવ માસ ઉપર ૭ દિવસો ગયે છતે પોષ [ગુજરાતી માગશર] વદી ૧૦ ની રાત્રીએ, સર્વ જગતમાં સુખમય સમય પસાર થઈ રહ્યો હતો ત્યારે નીલકાન્તિવાળા મહાપ્રભાવક પુત્રને જન્મ આપ્યો.

પ્રભુના જન્મ વખતે ચૌદરાજલોકમાં ક્ષણવાર પ્રકાશ

પથરાય છે. મહાઅંધારી રાત જેવી નારકીઓમાં પણ ઉદ્યોત થાય છે. ચરાચર સર્વ જગતના જીવો ક્ષણવાર સુખનો અનુભવ મેળવે છે. નારકીના જીવો જન્મે ત્યાંથી મરણ પામે ત્યાં સુધી ભય, શોક, રુદન, અરેરાટ, અશાંતિ, ગભરાટ વિગેરે દુઃખમાં જ જીવન પસાર કરે છે. તે બધા જીવો પણ પ્રભુના જન્મ પ્રસંગે ક્ષણવાર સુખને અનુભવે છે.

કલિકાળ સર્વજ્ઞ પણ ફરમાવે છે કે,

"नारका अपि मोदन्ते, यस्य कल्याणपर्वसु ।
पवित्रं तस्य चारित्रं, को वा वर्णयितुं क्षमः ॥ १ ॥

અર્થ :—જે તીર્થંકર દેવોના કલ્યાણકના સમયે નારકીઓ પણ આનંદ પામે છે, તે શ્રીજિનેશ્વરદેવોનું ચરિત્ર સંપૂર્ણ કોણ વર્ણવી શકે તેમ છે ?

પ્રભુનો જન્મ થયો કે તત્કાલ પદ્ દિક્કુમારિકાઓ આવી. ભવિષ્યમાં વીતરાગ થનારા શ્રીજિનેશ્વદેવનું સૂતિકર્મ કર્યું અને ત્યાં સુગંધિ જળની અને સુગંધિ પુષ્પની વૃષ્ટિ કરીને પ્રભુજી અને પ્રભુમાતાના ગુણગાન ગાઈ સ્વસ્થાને ગઈ. અને તે જ ક્ષણે દેવલોકમાંથી [ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક નિકાયોમાંથી] ઈન્દ્રાદિ દેવો પ્રભુના જન્મસ્થાનમાં આવી (પહેલા દેવલોકના ઈન્દ્રપ્રભુના જન્મસ્થાને આવે બીજા ૬૩ બારોબાર મેરૂ ઉપર આવે છે.) જન્માભિષેક કરવા પ્રભુને મેરુપર્વત ઉપર લઈ ગયા. ત્યાં પ્રભુજીને સ્નાત્ર કરીને પ્રભુને માતા પાસે લાવીને મૂકયા. અને દેવોએ હર્ષપૂર્ણ કરવા માટે નંદીશ્વરદ્વીપમાં યાત્રા કરીને પછી સ્વસ્થાનમાં ચાલ્યા ગયા.

પ્રભુજી સુરસંચારિત અંગુઠામાંના અમૃતનું પાન કરતા દેવાંગનાઓ દ્વારા લાલન–પાલન કરાતા અને કુમારરૂપધારી દેવ-

કુમારો સાથે રમતગમત કરતા, મેરુપર્વત ઉપર વૃદ્ધિ પામતા કલ્પ-વૃક્ષની પેઠે મોટા થતા, બાલ્યાવસ્થાનો ત્યાગ કરી યૌવનવયને પામ્યા.

માતા-પિતાએ કુશસ્થળનગરના સ્વામી પ્રસેનજીત રાજાની પુત્રી, રુપ, ગુણ, કલા, શીલાદિ બીજા પણ અનેક ગુણોને ધારણ કરનારી પ્રભાવતી નામની રાજકન્યાની સાથે શુભલગ્ને અત્યાગ્રહથી પાર્શ્વકુમારનું પાણિગ્રહણ કરાવ્યું.

શ્રી જિનેશ્વરદેવોના આત્માઓ જન્મથી જ લગભગ રાગ-દ્વેષ વગરના હોય છે, તેઓ સંસારના બધા જ વ્યવહારોથી ઉદાસીન રહે છે. પ્રાયઃ ઘણાંખરાં કર્મોનો ક્ષય કરીને અવશિષ્ટ શુભકર્મોને ભોગવવા સારુ આ તેઓનો છેલ્લો અવતાર હોય છે. કહ્યું છે કે-"**उत्तमा जन्मतो वृद्धाः**" એટલે શુભકર્મોના ઉદયો ભોગવવા માટે કર્મનો બલાત્કાર વધી જાય તો જ લગ્ન કરે છે, કે રાજા બને છે. અને તે પણ પોતાના જ્ઞાન [મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન] દ્વારા ભોગકર્મની બલવત્તરતા સમજાય તો જ લગ્ન અને રાજ્યનો સ્વીકાર કરે છે. પરંતુ કર્મ ક્ષીણ થયેલાં સમજાય તો મલ્લિનાથસ્વામી અને નેમનાથસ્વામીની પેઠે રાજ્ય કે લગ્ન કશું આદરતા નથી.

એટલે શ્રી જિનેશ્વરદેવોના છેલ્લા ભવની બધી પ્રવૃત્તિઓ લગભગ જ્ઞાનપૂર્વકની હોય છે અને તે પણ શુભકર્મોને ખપાવવા સુધી જ. માટે શ્રી જિનેશ્વરદેવોની સંસારદશાની બધી પ્રવૃત્તિ-ઓને પણ પૂર્વના મહર્ષિઓએ ઉચિત્ત પ્રવૃત્તિ જ ગણાવી છે.

મોટાભાગે શ્રીજિનેશ્વરદેવોના આત્માઓને છેલ્લા ભવમાં શુભકર્મો જ ભોગવવાનાં હોય છે. 'શ્રી ઋષભદેવસ્વામીને

એક વર્ષ સુધી આહાર ન મલ્યો, શ્રી પાર્શ્વનાથપ્રભુને માત્ર એક જ દિવસ કમઠદેવનો ઉપસર્ગ ભોગવવો પડ્યો, આવા પ્રસંગો બહુ સામાન્ય લેખાય છે. બાકી મહાવીરપ્રભુના ૧૨॥ વર્ષના ઉપસર્ગો અને તેમાં પણ શૂલપાણિ અને સંગમદેવના, ચંડકૌશિક અને ગોશાળાના, કટપૂતના અને ગોવાળિયાના ઉપસર્ગો બરેબર જિનેશ્વરદેવોના આત્મા માટે અતિ વિશેષ છે. માત્ર આપણી આ ચોવીસીના જિનેશ્વરદેવોમાં આવા ઉપસર્ગો બીજા કોઈ પ્રભુજીને થયા નથી જ એટલે પ્રભુ મહાવીરદેવને છોડીને અશુભકર્મો ભોગવવાના ઉદયો બીજા જિનેશ્વરદેવોમાં અતિ અલ્પ પ્રમાણમાં જ જોવા મળશે.

મહાવિદેહક્ષેત્રમાં શ્રીજિનેશ્વર પરમાત્માઓની બધી બાબતોમાં સમાનતા જ હોય છે, એટલે દરેક કાળના જિનેશ્વરદેવો અહીંના ઋષભદેવસ્વામીના જેવા જ હોય છે. જ્યારે ભરત, ઐરવતક્ષેત્રોમાં શ્રીજિનેશ્વરદેવોની બીજી બધી બાબતો સમાન જ હોવા છતાં આયુષ્માન અને દેહમાન અવસર્પિણીકાળમાં ઘટતું અને ઉત્સર્પિણી કાળમાં વધતું હોય છે. તે કારણથી મહાવિદેહ ક્ષેત્રના બધા જિનેશ્વરદેવોનું અયુષ્માન ૮૪ લાખ પૂર્વનું અને શરીર પ્રમાણ ૫૦૦ ધનુષ્યનું હોય છે. જ્યારે ભરત—ઐરવત ક્ષેત્રના જિનેશ્વરદેવોમાં અવસર્પિણીકાળમાં પ્રથમ જિનેશ્વરનું આયુષ્ય વિગેરે બધું ઉપર મુજબ હોય છે. અને ક્રમસર ઘટી ઘટીને છેલ્લા જિનેશ્વરનું સાત હાથ શરીરમાન અને ૭૨ વર્ષનું આયુષ્યમાન હોય છે. જ્યારે ઉત્સર્પિણી કાળમાં પેલા જિનેશ્વરનું સાત હાથ શરીરમાન અને ૭૨ વર્ષ આયુષ્યમાન હોય છે અને છેલ્લા પ્રભુજીનું શરીરપ્રમાણ વગેરે મહાવિદેહના જિનેશ્વરદેવોના જેવું હોય છે.

આ સિવાય જ્ઞાન, અતિશયો, પ્રભાવ, વીતરાગતા વિગેરે ગુણો અનંતાનંત જિનેશ્વરદેવોમાં બધાઓને એક સરખા જ હોય છે.

એકદા ભગવાન શ્રીપાર્શ્વકુમાર યુવાવસ્થામાં ગોખમાં બિરાજમાન થઈ નગરશોભા જોઈ રહ્યા છે. તેટલામાં શ્રેણીબંધ મનુષ્યો ગંગાનદી ઉપર જઈ રહેલા જોયા. પાસે ઉભેલા સેવકને તેનું કારણ પૂછ્યું સેવકે તપાસ કરીને જણાવ્યું કે, સ્વામિન્! ગંગાનદીના કીનારા ઉપર કોઈ મહાતપસ્વી પધાર્યા છે તેમનાં દર્શન કરવા નગરવાસી લોકો જઈ રહ્યા છે.

[વસ્તુ ઘટના એવી બની હતી કે, ભગવાન પાર્શ્વનાથ સ્વામીનો પ્રથમ ભવ મરુભૂતિનો હતો. તે જ ભવમાં તેમના મોટાભાઇ કમઠ સાથે અકારણ વૈરનો પ્રારંભ થયો. તે કમઠનો જીવ મરણ પામી કુકડાના મુખવાલો પાંખાળો કાલો સર્પ થયો. પાંખો હોવાથી પક્ષીની માફક આકાશમાં ઉડીને જઇ શકતો. એકદા મરુભૂતિના આત્મા ગજનો નાશ કર્યો અને બીજાં પણ અપરીમિત પાપો સેવી, સળગતા તાપમાં બળી, મરણ પામીને પાંચમી નરકમાં નારકી થયો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ થતાં ચ્યવીને વળી પાછો ચોથા ભવમાં સર્પ થઈ, મુનિરાજને દંશ કરી, બીજી પણ ઘણી જ હિંસા આચરી, મરણ પામી પાંચમા ભવમાં છઠ્ઠી નરકમાં નારકી થયો.

છઠ્ઠા ભવમાં [છઠ્ઠી નરકમાંથી નીકળીને] કુરંગક નામે ભિલ્લ થયો, ત્યાં પણ તેજ પાર્શ્વપ્રભુજીના જીવ મુનિરાજનો ઘાત કરીને શિકાર, મદિરાપાન, પરદારાસેવન, માંસભક્ષણ આદિ બીજા પણ મહાપાપો આચરીને મરણ પામી સાતમી

નરકે ગયેા, ત્યાંથી નીકળી આઠમા ભવમાં સિંહ થઈ પાર્શ્વપ્રભુના જીવ સુવર્ણબાહુ રાજર્ષિનેા ઘાત કરી, પાપમય જીવન પૂર્ણ કરી, મરણ પામીને ચેાથી નરકમાં નારકી થયેા. ત્યાં અનેક પ્રકારના મહાદુઃખેા ભેાગવીને, આયુઃપૂર્ણ કરી, નરકમાંથી નીકળી, ઘણેા સમય પશુના ભવેામાં ભટકી વારાણસી નગરીમાં એક તદ્દન ગરીબ બ્રાહ્મણના પુત્રપણે ઉત્પન્ન થયેા. બાલ્યવયમાં જ માતા-પિતા મરણ પામ્યાં. છેાકરાને નગરવાસી દયાલુ મનુષ્યેાએ પેાષણ કરી મેાટેા કર્યેા. અને દુઃખગર્ભિતવૈરાગ્ય પામી તાપસી દીક્ષા લીધી. તપસ્યાની સાથે પંચાગ્નિ તપ સાધતેા વારાણસી નગરીની બહાર ગંગાનદીના કીનારે આવીને ઉતરેલ છે. તે તાપસના દર્શનાર્થે નગર લેાકેા જઈ રહેલ હતાં.]

સેવકના મુખથી કમઠ તાપસના આગમનની વાત જાણી ભગવાન શ્રીપાર્શ્વકુમાર અશ્વ ઉપર બેસી કમઠ પાસે આવ્યા અને તેને જીવદયાનેા ઉપદેશ આપ્યેા. પરંતુ ઘમંડી તાપસને તે વાત ન રુચિ. કૃપાસમુદ્ર ભગવાને અગ્નિકુંડમાં બળતા સાપને અવધિજ્ઞાનથી જોઈ સેવક પાસે કાષ્ટ બહાર કઢાવ્યું. બહુ સાવચેતીથી કાષ્ટ ચીરાવીને વિહ્વલ દશામાં જીવતા નાગને બહાર કઢાવ્યેા. શ્રીનમસ્કારમહામંત્ર સંભળાવ્યેા. નમસ્કારમહામંત્રમાં એકાગ્ર થયેલેા નાગ મરણ પામીને નાગરાજ ધરણેન્દ્ર થયેા.

પેાતાના અગ્નિકુંડમાં સળગતા કાષ્ટમાં બળતા નાગનું દૃશ્ય જોઈ, કમઠ યેાગી ઉપરથી શાન્ત રહેવા છતાં અંતરથી ભગવાન શ્રીપાર્શ્વકુમાર ઉપર ખૂબ જ ચીડાઈ ગયેા. અને પાર્શ્વકુમાર ઉપર દ્વેષ ધરતેા અધિકાધિક તપસ્યા કરી મરણ પામી જ્યેાતિષીદેવ થયેા.

ભગવાન શ્રીપાર્શ્વકુમાર માતા–પિતા અને પત્ની પ્રભાવતી દેવીના ઉપરોધથી આનંદમાં દિવસો વીતાવતા ૩૦ વર્ષ ગૃહસ્થ-દશામાં રહ્યા. દીક્ષા દિવસથી ૧ વર્ષ પહેલાં દરરોજ ૧ ક્રોડ અને આઠ લાખ સોનામહોર દાનમાં આપતા. એમ એક વર્ષ સુધી વાર્ષિકદાન આપ્યું. દીન, અનાથ, દુઃખપીડિત જીવોનાં દુઃખો મીટાવીને પોષ વદિ એકાદશીના દિને ત્રણસો રાજાઓ સાથે દીક્ષા અંગીકાર કરી. અને તેજ ક્ષણે પ્રભુજીને ચોથું મનઃપર્યવજ્ઞાન પ્રકટ થયું. દીક્ષા મહોત્સવ ઉજવવા એકઠા થએલા દેવો, વિદ્યાધરો અને રાજા–મહારાજાઓ સૌ પોતપોતાના સ્થાને ગયા.

ચાર જ્ઞાનધારી પાર્શ્વનાથસ્વામી વિહાર કરી સન્નિવેશમાં ધન્યનામના ગૃહસ્થને ઘેર અઠ્ઠમ તપનું પરમાન્ન વડે પારણું કર્યું છઠ્ઠઅઠ્ઠમાદિ ઉગ્રતપ કરતા, હંમેશાં કાઉસ્સગ્ગ ધ્યાનમાં જ રહેતા, પૃથ્વીની માફક સર્વ સહન કરનારા, શરદ ઋતુના વાદળાંની પેઠે નિર્મલ સ્વભાવવાલા, આકાશની પેઠે કોઈનું આલંબન નહિ લેનારા, વાયુની પેઠે અપ્રતિબદ્ધ ગતિવાળા, અગ્નિની માફક તેજથી દેદીપ્યમાન ભાસનારા, સમુદ્રની માફક ગંભીર, મેરુપર્વતની પેઠે અપ્રકંપ, ભારંડ પક્ષીની પેઠે અપ્રમત્ત, કમળના પાંદડાની પેઠે નિર્લેપ, પરિસહ અને ઉપસર્ગ સહન કરવામાં સિંહ સમાન, વિહાર કરતા કરતા ગામ–નગર–પુરાદિમાં યથાયોગ્ય વિચરતા, હંમેશાં મૌન અને ધ્યાનમાંજ રહેતા, છદ્મસ્થદશામાં ૭૪ દિવસ વીતાવીને એક દિવસ એક નગરની નજીકમાં કોઈ તાપસના આશ્રમમાં આવી કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા.

આ બાજુ કમઠતાપસનો જીવ મેઘમાલીદેવ ભગવાન શ્રીપાર્શ્વનાથસ્વામીના જીવ ઉપર પ્રત્યેક ભવમાં વૈર રાખતો હતો. વળી છેલ્લા તાપસના ભવમાં બળતો નાગ નીકળવાના બનાવથી પોતાના

અજ્ઞાન તપની નિન્દા જાહેર થઈ. પાર્શ્વકુમારના જ્ઞાન અને જીવદયાની પ્રશંસા અને પોતાના અજ્ઞાન અને નિર્દયતાની ભારોભાર નિન્દા સાંભળી ખૂબ રોષે ભરાયો. અંતે મરીને તપ અને દુર્ધ્યાનના મિશ્રફલ તરીકે જ્યોતિષીદેવપણે ઉત્પન્ન થયો અને ભગવાન શ્રીપાર્શ્વનાથસ્વામીને દીક્ષિત થએલા નિહાળીને ઉપસર્ગ કરવા માટે આવ્યો.

તેણે ભગવાનને દુઃખ આપવા અને ધ્યાનદશામાંથી પાડી નાખવા માટે હાથી, વ્યાઘ્ર, ચિત્રા, સર્પો અને વીંછી બનાવ્યા, તે બધાએ પોતાની બધી જ શક્તિનો સંચય કરી બન્યુ તેટલું બધુંયે કર્યું. પ્રભુને હેરાન કરવામાં કમીના રાખી નહિ, પરંતુ ભગવાનનું રુવાડું પણ ન હાલ્યું

પ્રતિકૂલ ઉપસર્ગ કરી–કરીને થાકી ગએલા તે સુરાધમે છેવટે દેવાંગનાઓ વિકુર્વી તે ભગવાન પાસે આવી ઘણાજ હાવભાવ કરી કામવર્ધક ચેષ્ટાઓ કરવા લાગી. કક્ષા–નાભિ–સ્તન-જંઘાઓ બતાવી, આલિંગન કરી કામક્રીડા કરવા ભગવાનને પ્રાર્થના કરવા લાગી. અને ઘણા નાચ ગાયન કર્યાં. પરંતુ જેમ કલ્પાન્તકાલનો પવન મેરુપર્વતની કાંકરી પણ ખેસવી શકતો નથી. તેમ દેવાંગનાઓના બધાજ શૃંગાર–વિલાસો પાર્શ્વ-પ્રભુને ચલાયમાન કરવામાં નિષ્ફળ ગયા.

તો પણ જેમ 'હાર્યો જુગારી બમણું રમે' એ જ ન્યાયથી કમઠ સુરાધમ પણ ભગવાનને પ્રતિકૂલ ઉપસર્ગ કરી ન ફાવ્યો એટલે અનુકૂલ ઉપસર્ગ પણ ખૂબ કર્યા, તે પણ નિષ્ફલ ગયા. હવે તો પોતાની જેટલી અધમતા હતી તેટલી બધી એકઠી કરીને મહાભયંકર પવન ઉત્પન કરી ભગવાનને ઉપાડી–ઉપા-

ડીને નીચે નાંખ્યા. ચક્રની પેઠે ગોળ ચક્કર ફેરવ્યા. ઘણી રજ ઉડાડી આકાશ ઢાંકી નાખ્યું. અને પ્રલયકાળના પવનની પેઠે ભગવાન ઉપર ધૂળનો વરસાદ વર્ષાવ્યો. પરંતુ પ્રભુ ચલાયમાન થયા નહિ. પછી તેણે ભગવાનને ખીવરાવવા મહાવેતાળો બનાવ્યા. તેમણે પ્રભુજીને ક્ષોભ પમાડવા બધું જ કર્યું, પરંતુ પ્રભુજી અડોલ રહ્યા. તેના આટલા બધા ઉદ્યમો નિષ્ફળ જવાથી, તેનો ક્રોધ ઘણો જ ભભુકી ઉઠ્યો, એટલે ભયંકર ગર્જારવ અને વીજળીના ચમકારા સાથે જોરશોરથી વર્ષાદ શરૂ કર્યો. ગર્જારવના કડાકા અને વીજળીના ચમકારા જોઈ કાયરોનાં ચિત્તો ચલાયમાન થઈ જતાં હતાં. અને વર્ષાદ પણ મુશલધાર વર્ષવા લાગ્યો. પાણી વધતાં–વધતાં ભગવાનની નાસિકા સુધી આવ્યું. પરંતું ભગવાન જરા પણ ચલાયમાન થયા નહીં.

હવે આ બાજુ કમઠના તોફાનની બધી જ ખબર ધરણેન્દ્રને પહોંચી અને એકદમ પોતાની અગ્ર મહીષીઓ સહિત જ્યાં પ્રભુ ધ્યાનદશામાં ઉભેલા છે ત્યાં આવ્યો. ત્યાં તો કમઠની દુષ્ટતાના બધા જ અંકો લગભગ છેલ્લી ભૂમિકા સુધી પહોંચીને ખતમ થવાની તૈયારીમાં હતા.

ધરણેન્દ્રે તત્કાલ પ્રભુજીની નીચે કમળ ગોઠવી દીધું અને તે પાણી ઉપર તરવા લાગ્યું. ભગવાન કમળ ઉપર શોભાવા લાગ્યા અને પ્રભુજીના મસ્તક ઉપર સાતફણાઓ વડે છત્ર બનાવી નાખ્યું કે, જેના પ્રતાપે હવે ભગવાનને કોઈ ભીંજવી શકે એવું રહ્યું નહિ.

ધરણેન્દ્રસુરાધિપે એવી ગર્જના કરી, કે મેઘમાળીનો કોપદાવાનલ બુઝાઈ ગયો. એટલું જ નહિ પણ ધરણેન્દ્રના ભયથી મેઘમાળી કંપવા લાગ્યો, મનમાં ગભરાવા લાગ્યો. ધરણેન્દ્રથી હવે શી રીતે બચવું? એનો વિચાર કરવા લાગ્યો અને છેવટે બચવાના બીજા ઉપાયો ન જણાવાથી તે કૃપાસમુદ્ર ભગવાન શ્રીપાર્શ્વનાથસ્વામીના ચરણોમાં આવીને નમી પડ્યો. અને વારંવાર પોતાના અપરાધોની ક્ષમા માગવા લાગ્યો.

ધરણેન્દ્ર પણ મેઘમાલીને આક્રોશપૂર્વક કહેવા લાગ્યા. હે મેઘમાળી! સુરાધમ! આ મહાપુરુષે તને શું નુકશાન કર્યું છે? તે વખતે તારી અજ્ઞાનક્રિયાથી થતી પંચેન્દ્રિય જીવની હિંસાથી તને બચાવ્યો છે. તેનો તારે ઉપકાર માનવો જોઈએ. તેની જગ્યાએ ઉલટો અપકારને શું કામ આચરી રહ્યો છે?

તારી કરેલી રજોવૃષ્ટિથી પ્રભુ ગભરાયા નથી અને ધૂલી-દ્વારા મલીન પણ થયા નથી પરંતુ તેં ઉડાડેલી ધૂળવડે તારો આત્મા બાહ્યથી અને અભ્યંતરથી ખૂબ જ મલીન થયો છે. તારા વરસાવેલા વર્ષાદના જળમાં ભગવાન બૂડ્યા નથી. બૂડવાના પણ નથી. પરંતુ આવા અકારણ ઉપકારી અને ચરાચર જગ-તના બાન્ધવ ઉપર આવા ભયંકર વર્ષાદો વર્ષાવવાથી તું પોતે જ તારા આત્માને સંસાર સમુદ્રમાં ડુબાવી રહ્યો છે. તેનો તને જરા પણ ખ્યાલ કેમ આવતો નથી!

તેં આ મહાપુરુષને બીજા [હાથીના ભવમાં] ભવમાં, ચોથા [કીરણવેગ મુનિપણામાં] ભવમાં, છઠ્ઠા [વજ્રનાભ મુનિ-દશામાં] ભવમાં, આઠમા [સુવર્ણબાહુ મુનિદશામાં] ભવમાં દુઃખ આપવામાં કમી રાખી નથી. તે પાપના ફળો તેં સાક્ષાત્

ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, નારકીમાં જઈને ભોગવ્યાં. અને આ મહાપુરુષે તારા ઉપર જરાપણ દ્વેષ નજ કર્યો, પરંતુ તારી ઉપર દયા ચિંતવી, તેથી તે સુકૃતનાં ફળ મનુષ્ય અને દેવાદિ ભવોમાં ભોગવી, તીર્થંકર પદવી પામીને, છેવટે મોક્ષરૂપ ફલ પામવાના છે. તેમની અતિ ઉત્તમતા અને તારી નરી અધમતાને વિચારવાથી તને સાક્ષાત્કાર થશે.

ધરણેન્દ્રનાં મરચાં જેવાં તીખાં પણ હિતકારી વચનો સાંભળવાથી, અને ત્રણે જગતનાનાથ તીર્થંકર પરમાત્માની ધ્યાનમુદ્રા એકાગ્રતાપૂર્વક નીરખવાથી, પોતાના ગયા જન્મોનાં આચરણોના ફલનો સાક્ષાત્કાર થયો. અને મેઘમાલીદેવના આત્મામાં ભાન આવ્યું....

કમઠને પ્રભુ શ્રીપાર્શ્વનાથસ્વામી અને પોતાના વચ્ચેનો ભેદ સમજાણો. તેને ભગવાનની અતિ ઉચ્ચકક્ષાની મહાનુભાવતા અને પોતાની નીચકક્ષાની અધમતા બરાબર સમજાઈ. ભગવાનની અને પોતાની કરણીનાં ફળો પણ આંખો સન્મુખ હોય તેવાં સાક્ષાત્ થઈ ગયાં. અંતરના બળાપાપૂર્વક પ્રભુ પાસે ક્ષમા માગીને, પોતાના સ્થાનમાં ચાલ્યો ગયો. મેઘમાલીને તત્ત્વશ્રદ્ધાપૂર્વક આત્મસાક્ષાત્કારરુપ સમ્યક્ત્વ પ્રગટ થયું. ભગવાનનો વિરોધી મટી પરમભક્ત બન્યો. વાત પણ સાચીજ છેકે, જીવને જ્યારે યથાર્થજ્ઞાન થાય છે ત્યારે સાચું અને ખોટું સમજાવવાની ઢીલ રહેતી નથી. આપોઆપ સમજાઈ જાય છે.

ભગવાનની આ વખતની અવસ્થાનું વર્ણન કરતા કલિકાળ સર્વજ્ઞ ફરમાવે છે કે,

"कमठे धरणेन्द्रे च, स्वोचितं कर्म कुर्वति।
प्रभुस्तुल्यमनोवृत्तिः, पार्श्वनाथः श्रियेस्तु वः॥"

અર્થ:–ભગવાન પાર્શ્વનાથસ્વામી ધ્યાનદશામાં હતા ત્યારે કમઠના આત્મા મેઘમાલીદેવે ઘણા ઘણા ઉપસર્ગો કર્યા, અને ધરણેન્દ્રે પ્રભુને ઉપસર્ગથી બચાવ્યા, અને ઘણી સેવાભક્તિ કરી. એટલે કમઠે ઉપસર્ગ, અને ધરણેન્દ્રે સેવા, બન્નેને યોગ્ય લાગે તે બન્નેએ કર્યું. પરંતુ ભગવાનનો બન્ને ઉપર સમભાવજ હતો. કોઈ ઉપર દ્વેષ કે રાગ કાંઈ પણ ન હતું.

આપણે અહીં વિચારવું ઘટે છે અને તે એજ કે આપણે પંચમહાપરમેષ્ઠિ ભગવંતોના ગુણોનો વિચાર કરી રહ્યા છીએ. પાંચ પરમેષ્ઠિમાં અરિહંત ભગવંતોનું સ્થાન મોખરે છે. ભગવાન શ્રીપાર્શ્વનાથસ્વામીના જીવનને વિચારતાં જરૂર ખ્યાલ આવશે કે સંસારી, યોગી, સન્યાસી, ઋષિ કે મહર્ષિ ભલે હોય, પરંતુ દુઃખપ્રાપ્તિના પ્રસંગે સમભાવ રહેતો નથી. પણ શ્રાપોની ઝડી વર્ષાવાઈ જાય છે. તેવે પ્રસંગે પણ પ્રભુજી જરાય રોષ નથી લાવ્યા. તે ક્ષમાનો અવધિજ ગણાય. ઘણા મહર્ષિઓએ ભક્તલોકોને આશીર્વાદ અને વરદાનો આપ્યાં છે. ત્યાં પણ ભગવાન તીર્થંકરદેવનો સમભાવજ રહેલ છે.

દીક્ષા દિવસથી ૮૪ દિવસો ગયા બાદ સંવર, સમતા, ધર્મધ્યાન અને પ્રાન્તે શુક્લધ્યાનમયદશામાં રહેતા, પ્રભુ શ્રીપાર્શ્વનાથસ્વામીને ગુજરાતી ફાગણ વદિ ચોથના દિવસે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય [આત્માના મૂલગુણના ઘાતક] આ ચારે કર્મોનો ક્ષય થઈ જવાથી કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રકટ થયું.

ભગવાન લોકાલોક અને જીવાજીવના દ્રવ્ય, ગુણ, પર્યાયના જાણકાર થયા. ભગવાન સર્વજ્ઞ બનીને ૮૪ દિવસ ઓછા એવા ૭૦ વર્ષ પૃથ્વી ઉપર વિહાર કરીને રત્નત્રયીમય ઉપદેશ આપ્યો.

અને ૧૦ ગણધર, ૧૬ હજાર સાધુ, ૩૮ હજાર–સાધ્વી, ૧૬૪ હજાર શ્રાવક, ૩૨૭ હજાર શ્રાવિકામય ચાર પ્રકાર શ્રીસંઘની સ્થાપના કરીને, આયુઃ પૂર્ણ થતાં સમેતશિખરપર્વત ઉપર પધાર્યા, અને ત્યાં ૩૩ મુનિવરો સાથે એક માસનું અનશન કરી, બાકીનાં વેદનીય, આયુ, નામ અને ગોત્ર ચારે કર્મનો ક્ષયકરી સાદિ-અનંત ભાંગે મોક્ષમાં પધાર્યા. એટલે સર્વકર્મ અને સર્વદુઃખોનો સર્વકાલીન અંત થયો.

શંકા ઉપર જે પાર્શ્વનાથસ્વામીના સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાની સંખ્યા બતાવી છે. તો શું તે વખતે ભગવાનની હયાતિમાં આટલા જ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા હતાં કે બીજું સમજવાનું છે?

સમાધાન—ઉપર જે સાધુ વગેરે ગણાવ્યા છે, તે ખુદ ભગવાનના શિષ્યો જાણવા, સાધ્વીઓ પણ ભગવાનની ખુદની શિષ્યાઓ જાણવી. શ્રાવક–શ્રાવિકા પણ પ્રભુ પાસે વ્રત ઉચ્ચરનારાં જાણવાં. બીજા તો કરોડોની સંખ્યામાં પણ હોઈ શકે. દાખલા તરીકે મહાવીરપ્રભુના શિષ્યો ૧૪ હજાર જ હતા, પરંતુ સાથોસાથ ગૌતમસ્વામીના શિષ્યો ૫૦ હજાર અને નંદિષેણના પણ હજારો શિષ્યો હતા. એટલે પાર્શ્વનાથસ્વામીના પરિવારમાં લાખો સાધુઓ હોવા છતાં ઉપરની સંખ્યામાં તેમના પોતાના જ શિષ્યો લીધા છે તેમ જાણવું.

ભગવાન પાર્શ્વનાથસ્વામી, ધર્મ પામ્યા પછી, મરુભૂતિના ભવથી પ્રારંભી, એક પહેલો મરુભૂતિનો, બીજો હાથીનો, ત્રણ મહર્દ્ધિક મનુષ્યના, ચાર દેવના, અને છેલ્લો પાર્શ્વનાથસ્વામીનો. એમ દશે ભવમાં ઉત્તરોત્તર ગુણ વૃદ્ધિ પામીને, પ્રાન્તે સર્વગુણ સંપન્નતીર્થંકરપણું અનુભવીને નિત્ય અને શાશ્વત એવા સ્વભાવને પામ્યા.

શ્રીપાર્શ્વનાથસ્વામીનું આખું જીવન વાંચીને વિચારવાથી વાચકને ચોક્કસ સમજાશે કે, '**नमो अरिहंताण**' પદને શોભાવનારા શ્રી જિનેશ્વરદેવોના આત્માઓ કેટલા બધા ઉચ્ચ દશાએ આરૂઢ થયેલા હોય છે. પૂર્વની કેટલી બધી તૈયારીઓ પછી આ મહાન્ પદની યોગ્યતા પ્રગટે છે. વળી શ્રીજિનેશ્વર તરીકેના છેલ્લા ભવની પૂર્વના ભવોમાં પણ આ મહાપુરુષોમાં કેટલા ઉચ્ચ કોટીના ગુણો પ્રકટેલા હોય છે. પ્રત્યેક ભવમાં કરેલો વીતરાગતાનો અભ્યાસ તે વધી-વધીને છેલ્લા તીર્થંકરના ભવમાં વીતરાગતાની સંપૂર્ણતા પ્રકટ કરે છે.

દશભવાત્મક શ્રીપાર્શ્વનાથસ્વામીનું સંક્ષિપ્ત ચરિત્ર સમાપ્ત

અથ શ્રીમહાવીરસ્વામીનું સંક્ષિપ્ત ચરિત્ર

જગતનો પૂજ્ય બનનાર આત્મા કેટલી મહાન વ્યક્તિ હોય છે, તે સમજવા માટે આપણે ભગવાન શ્રીમહાવીરસ્વામિનું જીવન વર્ણન પણ ઘણું જ ઉપકારી હોવાથી જોઈએ.

ભગવાન શ્રીમહાવીરસ્વામિનો આત્મા આ સંસારમાં અનંતાકાલ-અનંતાનંતપુદ્ગલપરાવર્ત્તોથી, અનંતી દુઃખપરંપરાને ભોગવીને, છેવટે પશ્ચિમ મહાવિદેહક્ષત્રમાં નયસારના ભવમાં ધર્મ પામ્યા. બીજે ભવે દેવલોકનાં સુખ ભોગવી ત્રીજા ભવમાં ભરત ચક્રવર્તીના પુત્ર મરિચિ થયા. દીક્ષા લઈ કુલનો મદ કરને ઉત્સૂત્રપ્રરૂપણા કરી, એક કોટાકોટી સાગરોપમ સંસાર વધાર્યો. વચ્ચમાં નાના ભવો હજારો લાખો ક્રોડો ગમે કર્યા. કુલ મોટા ભવ ૨૭ થયા. તેમાં પચ્ચીશમા ભવથી તેમનું જીવનચરિત્ર આપણે જોઈશું.

ભગવાન મહાવીરદેવનો આત્મા પચ્ચીસમાભવમાં આ

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં **છત્રીકાનગરી**ના સ્વામી **જિતશત્રુ**-રાજાની ભદ્રાદેવી રાણીની કુખે, ૨૫ લાખ વર્ષના આયુષવાળા નંદન નામના પુત્રપણે ઉત્પન્ન થયા. ૨૪ લાખવર્ષ સંસારમાં રહી, વૈરાગ્યપામી, સ્વપર શાસ્ત્રના પારગામી, પોટ્ટિલ નામના ગીતાર્થ જૈનાચાર્ય પાસે દીક્ષા લીધી, અને તેજ દીવસથી નીચે મુજબ અભિગ્રહધારી બન્યા.

એક માસના ઉપવાસ ઉપર એક જ પારણું કરવું, અને પુનઃ એક માસના ઉપવાસ કરવા. એમ જીંદગીપર્યંત તપસ્યા કરવી આ રીતે ૧૧૮૦૬૪૫, અગ્યાર લાખ, એંસી હજાર, છસો પીસ્તાલીશ માસક્ષમણથી વીશસ્થાનક તપનું આરાધન કરી, જિનનામ કર્મ નિકાચિત કર્યું, નિરતિચાર ચારિત્ર પાલી; અન્તે આરાધનાપૂર્ણ સમાધિમરણ સાધી ૧૦ મા દેવલોકમાં ૨૦ સાગરોપમના આયુષવાળા દેવ થયા.

સત્તાવીશ ભવપૈકી ત્રીજા અને અઢારમા ભવમાં બાંધેલાં દુષ્ટ-કર્મોમાંના કેટલાંક કર્મોને તો નરકાદિ હલકા જન્મો મેળવી ઓછાં કર્યાં. છતાં પણ કેટલાંક નિકાચિત કર્મો અવશિષ્ટ રહેલાં હોવાથી, દેવલોકથી ચ્યવીને છેલ્લા ભવમાં ભગવાનને, માહણકુંડ નામના નગરમાં, **ઋષભદત્ત** બ્રાહ્મણની સુશીલ પત્ની **દેવાનંદા**ની કુક્ષિએ પુત્રપણે ઉત્પન્ન થવું પડ્યું.

પરંતુ વીતરાગ શાસનના પરમભક્ત ઇન્દ્રમહારાજને, આ બનાવથી ઘણું દુઃખ લાગ્યું. અને તેથી પોતાના આજ્ઞાવર્તી હરિ-**ણૈગમેષી** દેવને મોકલી, ભગવાન મહાવીરદેવનાગર્ભને દેવાનંદાની કુક્ષિમાંથી ઘણા વિનય-બહુમાનપૂર્વક લઈને, ક્ષત્રિયકુંડનામના નગરમાં રાજાધિરાજ સિદ્ધાર્થનૃપની ગુણનિધાન પટરાણી ત્રિશલા-દેવીની કુક્ષિમાં મૂક્યો. અને ત્રિશલાદેવીનો પુત્રીરૂપ ગર્ભ

લેઈને દેવાનંદાની કુક્ષિમાં મૂકયો.

શંકા—સિદ્ધાર્થરાજાને ક્ષત્રિય વર્ણવ્યા છે તો તમે રાજા કેમ કહો છો ?

સમાધાન—ભગવાન મહાવીરદેવના પિતા સાધારણ ક્ષત્રિય ન હતા. પરંતુ મોટા રાજા હતા. તેનું પ્રમાણ કલ્પસૂત્રમાં અનેકગણનાયક, દંડનાયક, માંડલિકરાજાઓ અને પાટવી કુમારો વિગેરે હજારો મનુષ્યોથી પરિવરેલા બતાવ્યા છે. જેમની આજ્ઞામાં માંડલિકરાજાઓ અને યુવરાજાઓ રહેતા હોય તેમને સાધારણ ક્ષત્રિય કેમ કહી શકાય ? બીજી વાત એ પણ છે કે, ૧૮ રાજાઓના ઉપરી વૈશાલીના ચેડામહારાજા, કે જેમણે શ્રેણિકરાજાને પણ પોતાની પુત્રી આપવાની ચોખ્ખી ના પાડી હતી, તેમણે સિદ્ધાર્થરાજાને પોતાની બહેન ત્રિશલાદેવી પરણાવ્યાં હતાં. આથી પણ સિદ્ધ થાય છે કે, તેઓ મોટા કુલવાન અને મોટા રાજા પણ હતા.

ભગવાન ગર્ભમાં આવ્યા પછી ત્રિશલાદેવીએ (તીર્થંકર જન્મ સૂચક) ચૌદ મહાસ્વપ્ન જોયાં. રાજાએ અષ્ટાંગ નિમિત્તના જાણકાર નૈમિત્તિક લોકોને બોલાવીને, બહુમાનપૂર્વક સ્વપ્નો સંભલાવ્યાં. બધા પંડિતો એકત્ર મલી શાસ્ત્રો દ્વારા ચૌદે સ્વપ્નના અર્થનો બરાબર વિચાર કર્યો. પછી બધાંમાંના મુખ્ય પંડિતે જણાવ્યું કે, 'મહારાજ ! આપને ચક્રવર્તી કરતાં પણ મહા-પ્રતિભાશાળી, તથા સુરાસુર-મનુષ્યની સભા ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપનાર, ધર્મચક્રવર્તી પુત્ર થશે. અને ધર્મમાર્ગની સ્થાપના કરી, ત્રણે લોકના જીવોને ધર્મનું દાન આપી, લાખો આત્માઓને ધર્મના આરાધક બનાવી, મુક્તિનું સમ્રાજ્ય સ્થાપશે, અને પોતે મુક્તિમાં પધારશે.

સિદ્ધાર્થ રાજાએ સ્વપ્નનું ફળ સાંભળી અષ્ટાંગ નિમિત્ત-જ્ઞાતા પંડિતોને પુષ્પ, ફલ, વસ્ત્ર, અલંકાર, ધન-ધાન્ય સુવર્ણાદિ ઘણું દાન આપી બહુમાનપૂર્વક વિદાય કર્યા.

આ તરફ મહારાણી ત્રિશલાદેવીને નિરંતર ઉચ્ચકોટીના વિચારોની સ્ફુરણાઓ થવા લાગી. મનમાં વિચાર આવવા લાગ્યા કે. હું હાથી ઉપર બેસું, મસ્તક ઉપર છત્ર ધરાવું, ચામરો વિંઝાવું. અને દીન,-અનાથ, ગરીબ, દુઃખી માણસોને અવિરત દાન આપું. અને નગરમાં અને દેશમાં અમારિપડહો (બધી પ્રકારના જીવોને બચાવી લેવા તે અમારીપડહ) વગાડવું.

"ઈચ્છા મહારી એમ છે, સર્વજીવ સમુદાય;
સ્વાદી સુખ સંસારનાં, શીઘ્રમોક્ષમાં જાય.
બંધા જીવ સંસારના, પામે સુખના પૂર;
વળી રહો સહુ પ્રાણીઆ, દોષ-પાપથી દૂર.

આવા અનેક પ્રકારના શુભ વિચારોવાળાં મહાસતી ત્રિશલાદેવીએ, ગર્ભના કોઈપણ પ્રકારનાં દુઃખ ભોગવ્યા સિવાય, નવમાસને સાડા સાત દિવસ પૂર્ણ થયે છતે અને ક્ષણવાર ચૌદરાજ લોકમાં સુખનું વાતાવરણ ફેલાયે છતે, ચૈત્ર સુદી ત્રયોદશીની મધ્યરાત્રે, પૂર્વદિશા જેમ શરદપૂર્ણિમાની રાત્રીમાં, મહાતેજસ્વી ચંદ્રને જન્મ આપે, તેમ સાક્ષાત્ તેજના પૂંજ જેવા અથવા ચંદ્રના કિરણના સમુદાય જેવા બાલપુત્રને જન્મ આપ્યો.

પ્રભુનો જન્મ થતાં તત્કાલ છપ્પન દિશાકુમારી દેવીઓ સૂતિકાગૃહમાં આવી, અને સુગંધિ જલની અને પુષ્પની વૃષ્ટિ કરી, માતા અને ભગવાનને સ્નાન કરાવ્યું, તથા વિલેપન

વિભૂષા કરાવી, હર્ષના ધવલ ગીતો ગાયાં. અને પછી સ્વસ્થાને ચાલી ગઈ. એટલે તુરત જ ઇન્દ્રાદિદેવો આવ્યા. અને પ્રભુને મેરુપર્વત ઉપર પધરાવી, ક્રોડોગમે દેવાસુરોએ મળી ભગવાનનો જન્માભિષેક કર્યો. અને પછી માતા પાસે લાવીને મૂક્યા.

સિદ્ધાર્થનૃપતિએ પણ પુત્રજન્મનો મોટો મહોત્સવ કર્યો. નગરવાસી અને દેશવાશી મનુષ્યોને ખાનપાન તથા રમતગમતની ઘણી સગવડો આપી. કેદખાનામાંથી સર્વ કેદીઓને છોડી મૂક્યા. દીન, દુઃખી, અનાથને સુખી બનાવ્યા. યાચક લોકોને ઘણું દાન આપ્યું. પ્રભુના જન્મથી બારમા દિવસે કુટુંબ-પરિવાર-મિત્રાદિને નિમંત્રણ આપી, મેલાવડો કરી, કુમારનું ગુણનિષ્પન્ન વર્ધમાનકુમાર નામ આપ્યું.

કલ્પવૃક્ષની પેઠે વૃદ્ધિ પામતા ભગવાન વર્ધમાનકુમારની દેવોએ બાલ્યાવસ્થામાં પરીક્ષા કરી, અને મહાવીર એવું નામ આપ્યું. ક્રમે કરીને યૌવનવય પામેલા કુમાર વર્ધમાનનું યશોદા-નામની રાજકુમારી સાથે પાણિગ્રહણ થયું. દેવ જેવા સુખો ભોગવતાં પ્રભુને પ્રિયદર્શનાનામની પુત્રી થઈ. તેને જમાલી-નામના રાજકુમાર સાથે પરણાવી. ભગવાનની અઠ્યાવીશ વર્ષની વય થતાં માતા-પિતા કાળધર્મ પામી દેવલોક ગયાં. પછી પણ વડિલબંધુ નંદિવર્ધનના અત્યાગ્રહથી પ્રભુજી બધા આરંભ-સમારંભોનો ત્યાગ કરીને લગભગ મુનિદશા જેવું જીવન જીવવાપૂર્વક વધુ બે વર્ષ સંસારમાં રહ્યા. અને દીક્ષાદિનથી અગાઉ ૧ વર્ષ પહેલાં વર્ષીદાન આપવું શરૂ કર્યું.

વર્ષીદાનનું વર્ણન

પ્રતિ દિવસ ભગવાન ૧ ક્રોડ અને ૮ લાખ સોનામહોરનું

દાન આપે છે. તે સોનામહોર વજનમાં ૮૦ રતિ પ્રમાણની હોય છે. તે મહોર ઉપર એક બાજુ ભગવાનનાં માતા-પિતાનો અને એક બાજુ ભગવાનનો સીક્કો હોય છે. એક દિવસના દાનમાં અપાયેલા સોનાનું વજન પ્રમાણ પચીશ મણના ૨૨૫-સવા બસો ગાડાં ભરાય તેટલું હોય છે. એટલે કે ૫૬૨૫ મણ સોનું પ્રતિદિન (દિવસના પહેલા પ્રહરમાં) પ્રભુજી દાન આપે છે. આવી રીતે અખંડિત એક વર્ષ સુધી વર્ષીદાન આપે છે. આ દાનનો વિધિ અને દાન માટે જરૂરી બધી સામગ્રી દેવો પૂરી કરે છે, અને પ્રભુના દરેક કલ્યાણકોમાં તે દેવો આવી ભક્તિ કરે, વિગેરે બાબતો અનંતા તીર્થંકરોની એક સરખી હોય છે.

ભગવાન મહાવીરદેવે એક વર્ષ સુધી વર્ષીદાન આપી માગશર [ગુજરાતી કારતક] વદી ૧૦ ના દિવસે દીક્ષા લીધી.

દીક્ષા લઈને પ્રભુજી ૧૨॥ વર્ષ છદ્મસ્થ દશામાં રહ્યા. તેની કેટલીક જાણવા યોગ્ય હકીકત નીચે મુજબ છે. પ્રભુજી દીક્ષિત થઈને સદાકાળ મૌન અને ધ્યાનદશામાં જ રહ્યા છે. ભગવાને દિક્ષા લઈને એકજ વાર પાત્રમાં ભોજન કર્યું ત્યાર પછીના દરેક પારણે હસ્તમાં જ ભોજન લીધું છે. ૧૨॥ વર્ષમાં ક્ષણવાર પણ પલાંઠીવાળીને બેઠા નથી પરંતુ ઉભા અને કાઉસ્સગ્ગ મુદ્રામાં જ રહ્યા છે. ભગવાને બે ઉપવાસથી ઓછી તપસ્યા કરી નથી. ભગવાનનો ૧૨॥ વર્ષનો કુલ તપ આ પ્રમાણે છે. છમાસી-૧, પાંચદિનન્યૂનછમાસ-૧, ચઉમાસી-૯, ત્રણમાસી-૨, અઢીમાસી-૨, બે માસી-૬, દોઢ માસ-૨, માસક્ષમણ-૧૨, પક્ષ-ઉપવાસ-૭૨, બે દિવસની ભદ્રપ્રતિમા-૧, ચાર દિવસની મહા-ભદ્રપ્રતિમા-૧, દશ દિવસની સર્વતોભદ્રપ્રતિમા-૧, અઠ્ઠમ-૧૨,

છઠ્ઠ–૨૨૯, પારણાના દિવસો–૩૪૯, એક દીક્ષાનો દિવસ. એમ સર્વ મળી સાડા બાર વર્ષ અને ૧૫ દિવસ થયા.

તે ૧૨॥ વર્ષ અને ૧૫ દિવસમાં ૧૧॥ વર્ષ અને ૨૯ દિવસ ઉપવાસ અને ફક્ત ૩૪૯ દિવસ ચોવિહાર એકાસણાં કર્યાં છે. ઉપવાસ બધા જ ચારે આહારના સર્વથા ત્યાગવાલા જાણવા.

આ ૧૨॥ વર્ષના છદ્મસ્થ સમયમાં પ્રભુજીએ નાના પ્રકારના ઉપસર્ગો ઘણા સહન કર્યા છે. તેનું વર્ણનતો છોડી દઈએ. પરંતુ મોટા ઉપસર્ગો પણ પારાવાર સહન કર્યા છે, તેમાંના કેટલાક અહીં આપણે વિચારીશું.

ભૂતકાલમાં વર્ધમાન નામનું એક નગર હતું. જે શૂલપાણિ યક્ષના પ્રકોપથી અસ્થિગ્રામ તરીકે પ્રસિદ્ધ થયું. એકવાર પ્રભુ તે નગરની બહાર કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા હતા. ભગવાન ત્યાં પધાર્યા ત્યારે નગરવાસી લોકોએ વિનંતિ કરેલી કે, હે દેવાર્ય ! આ સ્થાને દુષ્ટ વ્યંતર રહે છે. તે અહીં રાત્રિવસનારને મારી નાંખે છે. આવાં લોકોનાં વચનો સાંભળવા છતાં પ્રભુતો મેરુ જેવા ધીર હોવાથી લેશ પણ ભય પામ્યા સિવાય ત્યાં જઈ ધ્યાનમાં રહ્યા.

રાત્રિમાં શૂલપાણિ વ્યંતર આવ્યો. પ્રથમ પિશાચનું રૂપ કરીને પ્રભુને ઘણું દુઃખ આપ્યું પણ પ્રભુ ન ગભરાયા. ત્યારે તે દુષ્ટે એકેક વેદનાથી અન્ય મનુષ્યના પ્રાણ ચાલ્યા જાય, તેવી મસ્તકવેદના, કર્ણવેદના, નાશિકાવેદના, ચક્ષુવેદના, દાન્તવેદના, પૃષ્ટવેદના, નખવેદના, વિગેરે વેદનાઓ એટલી બધી વધારી મુકી કે આપણા જેવાથી ખમી શકાય જ નહિ. પરંતુ ભગવાને જરા પણ ગભરાયા વિના, તેમજ શૂલપાણિ ઉપર દ્વેષ પણ

લાવ્યા વિના સહન જ કરી.

ભગવાનનું આટલું મોટું ધૈર્ય નિહાળીને દેવે બધી પીડાઓ સંહરી લીધી. અને પ્રભુના ચરણમાં પડી ક્ષમા માગી. પ્રભુ પાસે પૂજા, નૃત્ય, ગાન કરી પોતાના સ્થાને ગયો.

ત્યાર પછી પ્રભુજી વિહાર કરતા શ્વેતાંબીનગરી જતા હતા. રસ્તામાં ઘણા માણસોએ પ્રાર્થના કરી કે; હે પ્રભુજી! આ માર્ગ બહુ ઉપદ્રવવાલો છે. અહિં એક મહાભયંકર સર્પ રહે છે. તેણે ઘણા માણસોના પ્રાણ લીધા છે. તેથી હમણાં આ માર્ગ બંધ થઈ ગયો છે. માટે આ માર્ગે આપ જશો નહીં. છતાં પ્રભુજી જરાપણ મુંઝાયા સિવાય માર્ગના મુસાફરોના ભલાની ખાતર અને નાગના પરલોકને સુધારવાની ખાતરતે બાજુ પધાર્યા.

પ્રભુજીને આવતા જોઈને સર્પનો ક્રોધ ઉછલી ઊઠ્યો. કુતરાની માફક દોડતો આવી સૂર્ય સામી દૃષ્ટિ-કરીને ભગવાન ઉપર દૃષ્ટિઝવાલા ફેંકી અને પોતે પાછો ખસવા લાગ્યો. પરંતુ ભગવાન પડી ગયા નહિ, એટલે ફરીવાર દૃષ્ટિઝવાલા મુકી પરંતુ ભગવાન અપ્રકંપ જ રહ્યા, એટલે ઘણો ક્રોધાન્ધ થઈ પ્રભુજીના પગ ઉપર શ્વાનની પેઠે કરડવા ચોંટ્યો, તેથી પ્રભુજીના પગમાંથી શ્વેતરુધિરની ધારા નિકલી. તે જોઈ નાગને આશ્ચર્ય થયું. આખા જગતના મનુષ્યોનું રુધિર લાલ હોય છે, જ્યારે આ શ્વેત કેમ ? આવી મુદ્રા મેં કયાંક અનુભવી જણાય છે ?

એટલામાં પ્રભુજી બોલ્યા, બુજ્ઝ ! બુજ્ઝ ! ચંડકોશિઆ! બસ, આ વાકયો સાંભલતાંજ સર્પને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વના મુનિ, જ્યોતિષ્કદેવ અને તાપસાધિપતિના ભવો યાદ આવ્યા. ક્રોધના પરિણામે સર્પપણું મળ્યું એમ સમજાણું.

પ્રભુવચને અનશન કરી, મરીને તે આઠમા દેવલોકમાં દેવ થયો.

ત્યારપછી વિહાર કરતા પ્રભુજી શાલિશીર્ષ ગામના ઉદ્યાનમાં પધાર્યા અને કાઉસ્સગ્ગ મુદ્રાએ રહ્યા. એ વખતે માઘ માસ ચાલતો હતો. દુસ્સહ ઠંડી પડતી હતી. લોકોનાં હાડ કંપતાં હતાં. તેવા પુષ્કલ ઠંડીના ધસારા વખતે ગયા ત્રિપિષ્ટવાસુદેવના ભવમાં અપમાન પામેલી અને અત્યારે કટપૂટના નામની વ્યંતરી થએલી દેવી આવી. ભગવાનને દેખીને, ક્રોધાન્ધ બનીને, અને તાપસીનું રુપ કરીને, ભગવાન ઉપર ખૂબ જ ઠંડા પાણીનો છંટકાવ કરવા લાગી. પાણી છાંટતાં થાકી એટલે-ભગવાન સામું જોયું. ભગવાનની નિશ્ચલ દશા જોઈ ને, પોતે પણ શાન્ત બની, અને પ્રભુ પાસે ક્ષમા માગી. સ્તુતિ કરી, સ્વસ્થાને ચાલી ગઈ.

ત્યારપછી એકવાર પ્રભુમહાવીરદેવના જ સ્વયંશિષ્ય બનેલા, પ્રભુપાસેથીજ તેજોલેશ્યા વિગેરે વિદ્યાઓ પામેલા, ગોશાળક નામના અધમ આત્માએ, પ્રભુજી ઉપર તેજોલેશ્યા મુકી. તેના તાપથી પ્રભુજીને છ માસ સુધી લોહીના ઝાડા થયા. પરંતુ પ્રભુજીએ ગોશાળા ઉપર દ્વેષ ન કર્યો અને પોતાની નિશ્ચલતા પણ ટકાવી રાખી.

એકદા પહેલા દેવલોકના સ્વામી સૌધર્મેન્દ્ર પ્રભુમહાવીરના ધૈર્યની ખૂબ જ પ્રશંસા કરવા લાગ્યા, જે સાંભલી અભવ્ય અને મહામિથ્યાદૃષ્ટિ સંગમ નામના દેવથી ખમી શકાયું નહિ અને બધા દેવોની સમક્ષ પ્રતિજ્ઞા કરી કે તમો કોઈ પક્ષ કરવા ન આવો તો હું ક્ષણવારમાં જ ચલાયમાન કરી નાંખીશ આમ કહી તે પ્રભુજી પાસે આવ્યો.

પ્રભુ મહાવીરદેવ ઉપર સંગમદેવે કરેલા ઉપસર્ગો:

૧ પ્રભુજી ઉપર અત્યંત બારીક ધૂલની વૃષ્ટિ કરી તેનાથી પ્રભુજીના આંખ–કાન–નાશિકા–મુખ અને શરીર ભરાઈ ગયાં. ભગવાન શ્વાસોશ્વાસ લેતા બંધ થયા પરંતુ પ્રભુજીના આત્મામાં દીનતા ન આવી.

૨ ત્યારપછી વજ્ર જેવા મુખવાલી કિડીઓ છોડી કેજે, પ્રભુજીના શરીરમાં છિદ્ર બનાવી, એક બાજુથી પ્રવેશ કરી, બીજી બાજુ નીકળવા લાગી. અને પ્રભુજીનું શરીર ચાલણી જેવું બનાવી નાખ્યું. તો પણ ભગવાન ક્ષોભ ન પામ્યા.

૩ તેવી જ ભયંકર સ્વભાવવાળી ઘીમેલો બનાવી, તેણે પણ પ્રભુજીના શરીર ઉપર ઘણાંજ છિદ્રો બનાવી, શરીરની અંદર અને બહાર લોહી, માંસ અને ચામડીને ચુસવામાં કમિના ન રાખી, પરંતુ પ્રભુજી અડોલચિત્તજ રહ્યા.

૪ ત્યારપછી વળી સર્પો બનાવ્યા, જે એકદમ ચારેબાજુથી ભયંકર ફણાઓ વડે ફૂંફવાડા મારતા શ્વાનની પેઠે પ્રભુના શરીરે ચોંટી પડ્યા, અને તીક્ષ્ણ દંષ્ટ્રાઓવડે દંશ આપી તીવ્ર વેદનાઓ આપવા લાગ્યા. સર્પો એટલા બધા ચોંટયા હોય તેવો દેખાવ ભયંકર હતો. છતાં પ્રભુના એક રોમમાં પણ ભય ન હતો.

ત્યારપછી પણ ૫ વિંછિ, ૬ નોલીયા, ૭ ઉંદરડા, ૮ કુતરા, એમ ક્રમસર એક પછી એક બનાવીને, પ્રભુને હેરાન કરવા સારૂ તેણે ઘણીજ ઉશ્કેરણી કરી, પ્રભુજીના શરીર ઉપર છુટા મુંકયા. તેમણે પોતાની જાતને છાજે તેવા સર્વ પ્રયાસો કરી જોયા; પરંતુ ભગવાનના ધ્યાનનો નાશ થયો નહિ.

૯–૧૦ ત્યાર પછી હાથી અને હાથિણી બનાવી પ્રભુજી ઉપર છુટા મુકયા તેમણે પ્રભુજીને સુઢ વડે ઘણાજ પ્રહારો કર્યા,

અને પ્રભુજીને જમીન ઉપર પાડી નાખી ઉપર ચઢીને ખુબજ કચરી નાંખ્યા, તોપણ પ્રભુજીના ધ્યાનનો અંત તો ન જ આવ્યો.

૧૧ વલી તે સુરાધમે વ્યાઘ્ર બનાવ્યા. અને તેમણે પોતાના તીક્ષ્ણ શસ્ત્રોજેવા દાંત અને નખોવડે પ્રભુજીના શરીર ઉપર પુષ્કલ પ્રહાર અને ઉઝરડા કર્યા, શરીરમાંથી અખંડ લોહીધારાઓ ચાલવા લાગી, તો પણ પ્રભુજીનું ચિત્ત ચલાયમાન થયું નહિ.

૧૨ હજી પણ તે દુષ્ટદેવ પ્રયાસથી ન થાકયો, અને ભયંકર પીશાચોનાં રુપ બનાવી મોટીમોટી ગર્જનાઓ કરી પરંતુ પ્રભુજીને તેની અસર થઈ નહિ.

૧૩ પછી સિદ્ધાર્થ રાજા અને ત્રિશલાદેવીનાં રુપ બનાવ્યા. તે ભગવાન પાસે આવી કરુણ વિલાપ કરવા લાગ્યા, અને કહેવા લાગ્યા, હે પુત્ર! તું જનની-જનકનો ભકત છે, અને અમને વૃદ્ધોને છોડીને ચાલી નીકળ્યો, તે વ્યાજબી ન કહેવાય. હવે ઘેર ચાલ! અને અમારા અવસાન પછી દીક્ષા લેજે, આવાંઆવાં વાકયો બોલી અનેક આક્રંદો કર્યા, પરંતુ પ્રભુજી ધ્યાનદશાથી પડ્યા નહિ.

૧૪ પછી એક મોટો જનસમુદાય બનાવ્યો. તેના મનુષ્યો પ્રભુજીના બે પગવચ્ચે અગ્નિ સળગાવી, ઉપર તપેલી મુકી રસોઈ પકાવવા લાગ્યા. એક પછી એક અનેક મનુષ્યોએ આવી પ્રભુજીના પગ વચ્ચે રસોઈ બનાવી પરંતુ પ્રભુજીના શરીર કે આત્મામાં કંપારી આવી નહિ.

૧૫ વળી તેજ જનસમુદાયના માણસોએ પ્રભુજીના શરીર ઉપર લાંબી ચાંચવાલાં પક્ષીઓનાં પાંજરાં લટકાવ્યા. પક્ષીઓએ પ્રભુજીને ચંચુ વિગેરેના પ્રહારો કરી ઉપસર્ગ કરવા ઘણી મહેનત કરી. પરંતુ પ્રભુજીના આત્માના એક અંશમાં પણ ક્ષોભ પ્રવેશ કરી શકયો નહિ.

૧૬, તો પણ તે સુરાધમના ઉદ્યમો હજી અટકયા જ ન હતા. ભગવાન પ્રત્યે પૂજ્યબુદ્ધિ અને ભક્તિભાવ તો દૂર રહો.... પરંતુ આ દેવાધમના આત્મામાં દયાનો પણ અંશ ન હતો! એટલે ભગવાનને દુખ દેવામાં તેને થાક પણ ન લાગ્યો. અને તેણે પર્વતને પણ ઉખેડી નાખે તેવો પવન શરુ કર્યો. અને ભગવાન વર્ધમાનસ્વામીને હજારોવાર પાંદડાની માફક આકાશમાં ઉછાળ્યા અને જમીનઉપર પાડી નાંખ્યા. પરંતુ પ્રભુમહાવીરનો અંતરાત્મા ધ્યાનરૂપી પર્વતથી નીચે પડયો નહિ.

૧૭, પોતાની દુર્જનતા ઉપર મુસ્તાક રહેલા સંગમસુરે કલિકાવાત વિકુર્વી (ઉત્પન્ન કરી) ભગવાન મહાવીરદેવને ચાકડા ઉપર ચડાવેલા માટીના પિંડાની માફક હજારોવાર ચકર–ચકર ફેરવ્યા, પરંતુ મહાવીરદેવના ધ્યાનનો પલટો થયો નહિ.

૧૮, હવે તો પ્રતિવાસુદેવના છેલ્લા ઉપાય તરીકે આ સુરાધમને તુરત જ કાલચક્ર યાદ આવ્યું. કે જેનો કોઈપણ દેવ કયારેય ઉપયોગ કરતા નથી, જેનો પ્રયોગ ભયંકર જ લેખાય, અને જેના પ્રહારથી મેરુપર્વતનું શિખર પણ તુટી જાય, તેવુંમહાભયંકરચક્ર ભગવાન મહાવીરદેવ ઉપર મુકયું. તેના આઘાતથી ભગવાન ઢીંચણ સુધી જમીનમાં ખૂંચી ગયા. પરંતુ ધ્યાનની ધારા જરા પણ તૂટી નહિ.

૧૯, હવે છેલ્લા–છેલ્લા બે–ત્રણ અનુકૂળ ઉપસર્ગ કરીને પણ ધ્યાનથી પતિત કરી નાખું, એવા વિચાર લાવી તે દુષ્ટદેવે સૂર્ય ઉગાડયો, અને એકદમ પ્રભુ પાસે આવી વિનતિ કરવા લાગ્યો. હે દેવાર્ય! હજી કેમ ધ્યાનમાં ઉભા છો? ચાલો રાત્રિ પૂર્ણ થઈ ગઈ છે. તમને હેરાન કરનાર દેવ જતો રહ્યો છે.

ચાલો મારી સાથે ગોચરી પધારો ! ઇત્યાદિ ઘણાયે [બનાવટી] કાલાવાલા કરવા લાગ્યો. પરંતુ પ્રભુજી તો જેવા વીતરાગ હતા તેવા જ્ઞાની પણ હતા. તેથી તેમણે જ્ઞાનથી રાત્રિ જોઈ અને ધ્યાનમાં અડગ રહ્યા.

૨૦ છેવટે તે સુરાધમ બગલોભક્ત બનીને પ્રભુજી પાસે આવી કરગરવા લાગ્યો. હે મહર્ષિ ! આપનું ધ્યાન અડોલ છે. આપની નિશ્ચલતા મેરુ જેવી છે. આપના ધ્યાનસમુદ્રનો પાર કોઈ પામી શકે નહિ. આપના તપોબલ, ચારિત્ર અને ધ્યાનથી હું ઘણો જ પ્રસન્ન થયો છું. તમને શું જોઈએ છે ? જે જોઈએ તે બોલો. સ્વર્ગ જોઈએ તો સ્વર્ગ આપું. અને મોક્ષ જોઈએ તો મોક્ષ આપું.

એમ બોલી અનેક રુપવતી દેવાંગનાઓ બનાવી પ્રભુ પાસે મોકલી. તે બધી સમકાલે, વચન, અને શરીરદ્વારા અનેક જાતિનાં નખરાં [સ્ત્રી જાતિના, પુરુષોને રિઝવવાના અને ફસાવવાના જેટલા થાય તેટલા ચાળા] કરી-કરીને થાકી. જેનાથી મનુષ્યનું મન ચોકસ પડી જાય, તેવા વચનના બધા જ પ્રયોગો કરી નાખ્યા. જેના જોવાથી મોટા યોગીશ્વરો પણ વખતે ડગી જાય, તેવા શરીરના બધા જ અવયવો બતાવ્યા. જેમ અગ્નિના સંયોગથી માખણનો પિંડ ઓગળ્યા વિના રહે જ નહિ તેમ નારીના આલિંગનથી પુરુષના શરીરમાં વિકાર ઉપજ્યા સિવાય રહે જ નહિ, પરંતુ હજારો દેવાંગનાઓએ આલિંગનો આપ્યાં, છતાં ભગવાનનો સાત્ત્વિકભાવ અક્ષુબ્ધિત જ રહ્યો.

બસ, એ એક જ રાત્રિમાં આવા ભયંકર વીશ ઉપસર્ગ સંગમ નામના સુરાધમે કર્યા પરંતુ પ્રભુ મહાવીરદેવના

આત્માને ક્રોધ ન આવ્યો....ધ્યાન નાશ ન પામ્યું...આત્મપતન ન થયું...શરીરનું રુવાડું પણ ન ફરકયું...

શંકા—તમોએ ઉપર બતાવ્યા છે, તેવા એક ઉપસર્ગથી પણ માણસ જીવતો ન રહે, તો પછી આવા વીશ ઉપસર્ગ, થવા છતાં મહાવીરપ્રભુને કશું જ ન થયું, એમ કેમ બને?

સમાધાન—શરીરનાં બંધારણ એક સરખાં હોતાં નથી પરંતુ ઘણા પ્રકારનાં હોય છે. તે વજ્રઋષભનારાચથી લઈને છેવટ્ટા સુધિનાં તેના છ પ્રકાર છે. તેમાં પણ તારતમ્ય ભેદે સેંકડો, હજારો કે લાખો પ્રકારો પડે છે.

તેથી અરિહંત, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ અને કેટલાક સામાન્ય મનુષ્યોમાં પણ વજ્રઋષભનારાચ સંઘયણ હોય છે.

તીર્થંકર પરમાત્માઓનાં શરીરો વજ્રાંગ હોય છે. એથી ગમે તેટલા ઉપદ્રવોથી તે અભેદ્ય જ રહે છે. નાશ પામતાં નથી.

જૈનેતરોએ રામાયણમાં હનુમાનને વજ્રાંગ માનેલા છે. અને તેથી ભાષામાં પણ લોકો હનુમાનજીને બજરંગી અથવા વજ્રાંગી તરીકે ઓળખે છે. જૈનગ્રન્થોમાં પણ મહાપુરુષ હનુમાનજીને અને મહાપુરુષ ભીમસેનને વજ્રાંગ સ્વીકારેલા છે.

શ્રીજિનેશ્વર પરમાત્માઓના જીવો અનેક ભવોમાં ઉચ્ચ-કોટીની જીવદયા પાળીને અને આ છેલ્લો ભવ પણ જીવોની દયા પાળવા અને પળાવવા માટે પામેલા હોય છે. એટલે અતિપુણ્યના પ્રાગ્‌ભારથી શરીર પણ વજ્રાંગજ પ્રાપ્ત થાય છે. અને આવા વજ્રાંગ શરીરનો તમામ ઉપયોગ સર્વજગતનું ભલું કરવા માટે જ કરે છે પરંતુ કોઈનું આ મહાપુરુષના શરીરથી અહિત થતું નથી.

શંકા—જ્યારે આવા વીશ ઉપસર્ગ થયા, અને તેમાં કીડીઓએ ધીમેલોએ શરીરને છિદ્રમય બનાવી નાખ્યું, તો પછી તે શરીરને ભગવાને કાંઈ ઔષધ ઉપચાર કર્યા વગર સાજું કેવી રીતે કર્યું?

સમાધાન—દેવોદ્વારા ઉપસર્ગો થયાના બીજા પણ ઘણા પ્રસંગો ગ્રન્થોમાં જોવામાં આવે છે, અને ઉપસર્ગની પૂર્ણતા પછી તેનાતેજ દેવોદ્વારા પૂર્વઅવસ્થા હોય, તેવી જ થઈ જાય છે. અર્થાત્ ઘાવ, પ્રહાર, વ્રણ, છિદ્ર જે કાંઈ થયું હોય, તેને મૂલસ્થિતિમાં બનાવ્યા પછી જ દેવો પોતાના સ્થાનમાં જાય છે.

કલાવતીના હાથ શંખરાજાએ કપાવ્યા હતા પરંતુ કલાવતીના શીલપ્રભાવથી દેવોએ કંકણસહિત હાથ નવા બનાવ્યા. ચંદનબાળાનો ચોટલો વણિકપત્ની મૂલાએ કપાવી નાખ્યો હતો તે ચંદનબાળાના શીલ અને તપના મહાત્મ્યથી દેવોએ તેવોને તેવો કેશપાશ નવીન બનાવ્યો હતો. તે જ પ્રમાણે જૈનતર ગ્રન્થોમાં પણ બ્રાહ્મણપંડિતે પોતાની જાતે કાપી નાખેલા હાથ-પગ ચંડીદેવીએ નવા બનાવી દીધા હતા. એથી સિદ્ધ થાય છે કે, પ્રભુના અવયવોને લાગેલા ઘાવ-પ્રહારો અને થયેલા વ્રણ-છિદ્રો પણ ઉપચાર વિના તત્કાળ અદૃશ્ય થયાં હતાં.

પ્રભુમહાવીરદેવને થયેલો છેલ્લો ઉપસર્ગ મહાભયંકર હતો. અને તે એજકે, એકદા પ્રભુજી કાયાને વોસિરાવી ધ્યાનદશામાં ઉભેલા હતા. તેનો લાગ જોઈ આગલા જન્મના પ્રભુના નિકાચિત કર્મોની પ્રેરણાથી, એક ગોવાલ અણીદાર બે વાંસના ખીલા બનાવીને પ્રભુ પાસે આવ્યો. પ્રભુજી તો ઉપસર્ગ કે પરિસહ સહન કરવા ઉભા જ હતા. કોડો કે અબજો

સિંહોના સાત્ત્વિકભાવોથી પણ પ્રભુમહાવીરનો સાત્ત્વિક ભાવ ચઢી જાય તેવો હતો. ગોવાલે ચારે બાજુ તપાસી તમામ વનભાગને દેવ અને મનુષ્યોથી શૂન્ય જોઈને, બન્ને ખીલા બન્ને બાજુએથી પ્રભુના કાનમાં પેસાડી દીધા. ખીલા એટલા બધા ઊંડા પેસાડ્યાકે, બંને ખીલાના અણીના ભાગો સામસામા મળી ગયા. આટલું ક્રુકર્મ કરતાં પણ પાપાત્મા ગોવાલ તૃપ્ત ન થયો, માટે પ્રભુને કાયમી સશલ્ય રાખવાની ઇચ્છાથી, આ ખીલા કોઈ જોઈ ન જાય તેવી રીતે બહાર રહેલા ખીલાના અગ્રભાગો કરવતીથી કાપી નાખ્યા. એથી પ્રભુ પાસે આવનાર કોઈ પ્રભુનું આવું દુઃખ તત્કાળ જાણી શકે જ નહિ. પાપાત્મા આપ્રમાણેનો પોતાનો કાર્યક્રમ પુરો કરીને ચાલ્યો ગયો. પ્રભુજી તો કર્મના સમુદાયોને જ ખીલા માનતા હતા. અને કર્મના સમુદાયો જ આવા ખીલાઓના કારણો છે. એમ ચોક્કસ સમજાયેલું હોવાથી, તેમને પ્રસ્તુત બે ખીલાઓને કાનમાંથી કાઢવા કે કઢાવવાનું કાંઈ પ્રયોજન હતું નહિ. તેથી એવી જ શલ્યદશાયુક્ત, પ્રભુજી મધ્યમ-અપાપા નગરીમાં સિદ્ધાર્થનામના વણિકને ઘેર ગોચરી પધાર્યા, ત્યાં ખરક નામના વૈદ્યે પ્રભુજીને સશલ્ય જોયા. તેણે સિદ્ધાર્થને વાત જણાવી. બન્ને જણ પ્રભુજીની સાથે વનમાં ગયા, અને બહુ સાવધાનપણે સાંડસાથી બન્ને ખીલા ખેંચીને કાઢી નાંખ્યા, ત્યાં તો એકદમ લોહીની પીચકારી ઉછળી. જેથી મેરુજેવા અડોલ અને પૃથ્વીજેવા સર્વસહન કરનારા પ્રભુમહાવીરના મુખમાંથી ચીસ નીકળીપડી. પ્રભુના તે અરેરાટશબ્દથી આખું વન ભયંકર ભાસવા લાગ્યું. વૈદ્યે સંરોહિણી ઔષધિના

ઉપચારથી ઘા રુઝવી નાંખ્યા.

એક વખત પ્રભુશ્રીમહાવીરદેવે એવો અભિગ્રહ ગ્રહણ કર્યો કે, રાજાની પુત્રી હોય, પરંતુ દાસીભાવને પામેલી હોય, બાલબ્રહ્મચારિણી હોય, પગમાં બેડી હોય, માથું મુંડેલું હોય, ત્રણ દિવસના ઉપવાસવાળી હોય, આંખમાંથી આંસુ વહેતાં હોય, મધ્યાહ્નકાળ હોય, ઓરડાના ઉંબરા ઉપર ડાબોપગ બહાર અને જમણો પગ અંદર રાખીને બેઠી હોય, તેવી બાળા સુપડામાં અડદના બાકુળા લઈને, વહોરાવે તો જ મારે વહોરવું, અન્યથા પારણું ન જ કરવું. પ્રભુજીનો આવો ભીષ્મ અભિગ્રહ પણ ૧૭૫ દિવસે પૂર્ણ થયો. અહાર–પાણી વગર ૧૭૫ દિવસો જવા છતાં પ્રભુજીના રોમમાં પણ જરા યે દીનતા કે તામસિકતા આવી ન હતી. **ચંપાનગરી**ના **દધીવાહન** રાજાની પુત્રી અને મહાબળવાન રાજા કરકંડુનીબેન **વસુમતી** કર્મની બળવત્તરતાથી **કૌશાંબી**નગરીના ચૌટામાં વેચાણી, અને તે નગરીના એક ધનવાન **ધનાવહ** નામના સુશ્રાવકે તેને ગ્રહણ કરીને, પુત્રી તરીકે રાખી. અને તેનું નામ **ચંદનબાલા** રાખ્યું. આ બાળાએ પ્રભુનો અભિગ્રહ પૂર્ણ કર્યો. ભગવાનને અડદના બાકુળા વહોરાવી પોતાનો સંસાર અલ્પ કર્યો.

શ્રીજિનેશ્વર દેવો છેલ્લા ભવમાં જન્મ પામે ત્યાંથીજ, લગભગ સંસારનાં તમામ પાપોથી ઉદાસ રહે છે. કહ્યું છે કે, **'उत्तमा जन्मतो वृद्धाः'** ઉત્તમ પુરુષો જન્મે ત્યારથી વૃદ્ધપુરુષોના ગુણોથી યુક્ત હોય છે. અને દીક્ષા લીધા પછી ક્ષમા, મૃદુતા, ઋજુતા, નિર્લોભિતા, તપ, સંજમ, સત્ય, આત્મશૌચ, અકિંચનત્વ અને બ્રહ્મચર્ય વિગેરે ઉચ્ચકક્ષાના

બધાજ ગુણો પ્રગટ થાય છે. પ્રભુશ્રી **મહાવીરદેવ** સમ્યગ્દર્શન,–જ્ઞાન,–ચારિત્રની અપૂર્વ આરાધનાદ્વારા બાર વર્ષ, છ માસ અને પંદર દિવસે કેવળજ્ઞાન અને કેવળદર્શન પામ્યા.

જેમનો પ્રતાપ સૂર્યકરતાં પણ અનેકગુણો છે. જેમની સૌમ્યતા અનેક ચંદ્રોથી પણ વધી ગઈ છે. ધીરતા મેરુથી પણ અનેકગુણી છે. જેમની ગંભીરતા સમુદ્ર કરતાં અધિક છે. તે શ્રીવીરપ્રભુ સર્વકર્મનો ક્ષય કરીને કાર્તિક [ગુજરાતી આસો] વદિ અમાવાસ્યાએ મુક્તિપદને પામ્યા. સર્વકર્મોથી છૂટા થયા. સંપૂર્ણજ્ઞાન અને સંપૂર્ણસુખના ભોક્તા બન્યા. ચપલતાનો નાશ થઈ સ્થિરભાવ પ્રકટ થયો. ચોરાસી લાખ યોનિનાં ભ્રમણ અને મુસાફરી બંધ થઈ. જન્મ–જરા–મરણનાં દોરડાં ટૂટી ગયાં. શારીરિક અને માનસિક વ્યાધિમાત્રનો અંત થયો. બાહ્ય અભ્યંતર શત્રુઓ નાબુદ થયા. વાસનાઓના બધા જ વેગ શમી ગયા. અને સંપૂર્ણ સદ્‌ચિદાનંદમયદશા પ્રકટ થઈ.

પ્રભુ શ્રીપાર્શ્વનાથસ્વામીના અને ભગવાન શ્રીમહાવીર-દેવના છેલ્લા ભવોનાં વર્ણનો જાણવાથી આપણને ચોકકસ સમજાવું જોઈએ કે, શ્રીઅરિહંતદેવોના આત્માઓ કેટલા બધા પવિત્રતાથી ભરેલા અને ગુણગણોની ખાણ હોય છેકે, જેમનું જીવન સંપૂર્ણ વાંચવાથી આપણી પણ કેટલીએ કુટેવો નાશ પામવા માંડે છે. એટલા જ માટે જ્ઞાનિઓએ કહ્યું છે, કે, **"वीतरागं जनो ध्यायन् भजते वीतरागतां"** જેમ કામિનીનું ધ્યાન કરનાર કુગતિ પામ્યા વિના રહેતો નથી. તેમ વીતરાગનું ધ્યાન કરનાર મુક્તિ પામ્યા વિના રહેતો નથી. જેને વીતરાગનું

ધ્યાન ગમે છે, તે મોડા-વેલો જરૂર વીતરાગ થાય છે.

આપણે છેલ્લા બે જ તીર્થંકરદેવોનાં અને તે પણ બહુ સંક્ષેપમાં જીવન વિચાર્યાં. તેવા જ બીજા જિનેશ્વરદેવો આ અવસર્પિણી કાળમાં આ ભરતક્ષેત્રમાં ૨૪ થયા છે. તે અને સર્વક્ષેત્ર અને સર્વકાળમાં થયેલા અનંતા જિનેશ્વરદેવના નામાદિ નિક્ષેપા વિગેરે વિચારતાં કેટલું ફલ મલે? તે સમજણ સંપૂર્ણજ્ઞાની વિના કોઈ બતાવી શકે જ નહી.

—*—

શ્રીજિનેશ્વરદેવના નામાદિ ચાર પ્રકાર.

"नामजिणा जिणनामा, ठवणजिणा पुण जिणिंदपडिमाओ
दव्वजिणा जिणजीवा भावजिणा समवसरणत्था ॥ १ ॥"

અર્થ—શ્રીજિનેશ્વર દેવના સામાન્ય [અરિહંતાદિ] અને વિશેષ [ઋષભાદિ] નામોનો નામનિક્ષેપમાં સમાવેશ થાય છે. શાશ્વતી-અશાશ્વતી પ્રતિમાનો પ્રતિમા-સ્થાપના નિક્ષેપામાં સમાવેશ થાય છે તથા અતીતકાલે મોક્ષમાં ગએલા તથા ભવિષ્યમાં મોક્ષેજનારા જિનેશ્વરદેવોનો દ્રવ્યનિક્ષેપામાં સમાવેશ થાય છે. અને કેવલી થઈને હાલ વિચરી રહેલા (શ્રીસીમંધરસ્વામિ જિનેશ્વરપ્રમુખ ૨૦) પ્રભુજીનો ભાવનિક્ષેપામાં સમાવેશ થાય છે.

શ્રી જિનેશ્વરદેવનાં સામાન્ય નામો.

અરિહંત, જિન – પારંગત – ત્રિકાલવિત્ ક્ષીણાષ્ટકર્મા– પરમેષ્ઠી–અધીશ્વર–શંભુ–સ્વયંભૂ–ભગવાન– જગદીશ્વર—પર– માત્મા–પરમાર્થદર્શી–તીર્થંકર–જિનેશ્વર–સ્યાદ્વાદી— અભયદાન- દાતા–સર્વજ્ઞ–સાર્વ–વીતરાગ–ચિદાનંદ–પરમજ્યોતિ સર્વદર્શી– અભયંકર–નિર્વાણી—કેવલજ્ઞાની–બોધિદ–દેવાધિદેવ–દેવસ્વામી– આદિકર–સ્વયંબુદ્ધ–પુરુષોત્તમ–લોકોત્તમ–લોકનાયક–ધર્મનાયક

વિગેરે–શ્રીવીતરાગનાં સામાન્ય નામો હજારોગમે મળી શકે છે.

વિશેષ નામો–આ ભરતક્ષેત્રની વર્તમાનચોવિશી

૧ શ્રીઋષભદેવસ્વામી, ૨ અજિતનાથસ્વામી, ૩ સંભવનાથસ્વામી, ૪ અભિનંદનસ્વામી, ૫ સુમતિનાથસ્વામી, ૬ પદ્મપ્રભસ્વામી, ૭ સુપાર્શ્વનાથસ્વામી, ૮ ચંદ્રપ્રભસ્વામી, ૯ સુવિધિનાથસ્વામી, ૧૦ શીતલનાથસ્વામી, ૧૧ શ્રેયાંસનાથસ્વામી, ૧૨ વાસુપૂજ્યસ્વામી, ૧૩ વિમલનાથસ્વામી, ૧૪ અનંતનાથસ્વામી, ૧૫ ધર્મનાથસ્વામી, ૧૬ શાન્તિનાથસ્વામી, ૧૭ કુન્થુનાથસ્વામી, ૧૮ અરનાથસ્વામી, ૧૯ મલ્લિનાથસ્વામી, ૨૦ મુનિસુવ્રતસ્વામી, ૨૧ નમિનાથસ્વામી, ૨૨ નેમનાથસ્વામી, ૨૩ પાર્શ્વનાથસ્વામી, ૨૪ મહાવીરસ્વામી.

હવે આ ભરતક્ષેત્રમાં થએલી ગઈ ચોવિશી

૧ કેવલજ્ઞાનીસ્વામી, ૨ નિર્વાણીસ્વામી, ૩ સાગરસ્વામી ૪ મહાયશસ્વામી, ૫ વિમલનાથસ્વામી, ૬ સર્વાનુભૂતિસ્વામી, ૭ શ્રીધરસ્વામી, ૮ શ્રીદત્તસ્વામી, ૯ દામોદરસ્વામી, ૧૦ સુતેજસ્વામી, ૧૧ સ્વામિનાથસ્વામી, ૧૨ મુનિસુવ્રતસ્વામી, ૧૩ સુમતિનાથસ્વામી, ૧૪ શિવગતિસ્વામી, ૧૫ અસ્તાધસ્વામી, ૧૬ નમિનાથસ્વામી, ૧૭ અનીલસ્વામી, ૧૮ યશોધરસ્વામી, ૧૯ કૃતાર્થસ્વામી, ૨૦ જિનેશ્વરસ્વામી, ૨૧ શુદ્ધમતિસ્વામી, ૨૨ શિવંકરસ્વામી, ૨૩ સ્યંદનસ્વામી, ૨૪, સંપ્રતિનાથસ્વામી.

હવે આ ભરતક્ષેત્રમાં થનાર આવતી ચોવિશી

૧ પદ્મનાભસ્વામી, ૨ સુરદેવસ્વામી, ૩ સુપાર્શ્વસ્વામી, ૪ સ્વયંપ્રભસ્વામી, ૫ સર્વાનુભૂતિસ્વામી, ૬ દેવશ્રુતસ્વામી, ૭ ઉદયનાથસ્વામી, ૮ પેઢાલનાથસ્વામી, ૯ પોટિલસ્વામી,

૧૦ શતકીર્તિસ્વામી, ૧૧ મુનિસુવ્રતસ્વામી, ૧૨ અમમસ્વામી, ૧૩ નિષ્કષાયસ્વામી, ૧૪ નિષ્પુલાકસ્વામી, ૧૫ નિર્મમસ્વામી, ૧૬ ચિત્રગુપ્તસ્વામી, ૧૭ સમાધિજિનસ્વામી, ૧૮ સંવરસ્વામી, ૧૯ યશોધરસ્વામી, ૨૦ વિજયદેવસ્વામી, ૨૧ મલ્લદેવસ્વામી, ૨૨ દેવપ્રભસ્વામી, ૨૩ અનંતવીર્યસ્વામી, ૨૪ ભદ્રંકરસ્વામી.

વર્તમાનકાલે પાંચ-મહાવિદેહ ક્ષેત્રમાં વિદ્યમાન ૨૦ જિનેશ્વરદેવો

૧ સીમંધરસ્વામી, ૨ યુગ્મંધરસ્વામી, ૩ બાહુસ્વામી, ૪ સુબાહુસ્વામી, ૫ સુજાતસ્વામી. ૬ સ્વયંપ્રભસ્વામી, ૭ ઋષભાનનસ્વામી, ૮ અનંતવીર્યસ્વામી ૯ સુરપ્રભસ્વામી, ૧૦ વિશાળદેવસ્વામી, ૧૧ વજ્રધરસ્વામી, ૧૨ ચંદ્રાનનસ્વામી, ૧૩ ચંદ્રબાહુસ્વામી, [ભદ્રબાહુ], ૧૪ ભુજંગદેવસ્વામી, ૧૫ નમિનાથસ્વામી, ૧૬ ઈશ્વરદેવસ્વામી, ૧૭ વીરસેનસ્વામી, ૧૮ મહાભદ્રસ્વામી, ૧૯ દેવયશાસ્વામી, ૨૦ અજિતવીર્યસ્વામી.

સર્વકાલમાં શાશ્વત ચાર જિનનામો

૧ ઋષભાનનસ્વામી, ૨ ચંદ્રાનનસ્વામી, ૩ વારિષેણસ્વામી, ૪ વર્ધમાનસ્વામી.

આ ઉપરાન્ત બીજાપણ જિનેશ્વરદેવોનાં ૩૦ ચોવિસીના ૭૨૦ અને ૧૬૦ વિજયના ઉત્કૃષ્ટકાલનાં ૧૬૦ નામો છે. એવાં નામોનો જાપ કરવાથી આત્મામાં વિનય, ભક્તિ અને ગુણાનુરાગ પ્રકટ થાય છે.

અનંતકાળ ગયો છે, એટલે મનુષ્યક્ષેત્રોમાં તીર્થંકર ભગવાનો પણ અનંતા થયા છે. અને તેથી ભિન્નભિન્ન નામવાલા અને આપણા જાણીતા નામવાલા પણ અનંતા જિનેશ્વરદેવો

થઈ ગયા સંભવે છે. એટલે કે, તે શ્રીઋષભાદિ અકેક નામ પણ અનંતા તીર્થંકરદેવોને અપાયું સંભવિ શકે છે. માટે જ એકલા નામનો જાપ કરનાર કે, ચઉવીસથ્થાના ઉચ્ચારવડે પણ, સંપૂર્ણ ઉપયોગ રાખનાર મનુષ્યને, અનંતા જિનેશ્વરદેવના જાપનો કે સ્તવનાનો લાભ પ્રાપ્ત થાય છે. અટલે શ્રીજિનેશ્વર દેવનો એક નામનિક્ષેપ પણ અનંતા નામોનો દ્યોતક છે.

"અનંત ચોવિશી જિનનમું, વીશી અનંતિકોડ"

એ પ્રમાણે પાંચ ભરત, અને પાંચ ઐરવત ક્ષેત્રમાં ચોવીશીઓ જેમ અનંતી થઈ છે. તે જ પ્રમાણે મહાવિદેહક્ષેત્રમાં વીશીઓ પણ અનંતી થઈ છે.

હવે સ્થાપનાજિનનો વિચાર કરીએ.

સ્થાપના એટલે પ્રતિમાજી. તે બે પ્રકારની છે. શાશ્વતી અને અશાશ્વતી. જેમ દેવલોકનાં અને જ્યોતિષીનાં વિમાનો, નારકીઓના નરકાવાસ, ભુવનપતિ અને વ્યંતરનાં નગરો અને મેરુપર્વતો વિગેરે અનાદિ છે અને અનંતોકાલ રહેવાના છે. તે પ્રમાણે તે વિમાન વિગેરે સ્થાનોમાં રહેલી જિનેશ્વરદેવોની પ્રતિમાઓ પણ અનાદિ છે અને અનંતોકાળ રહેવાની છે. એટલે શાશ્વતી છે.

શાશ્વતી પ્રતિમાઓ

પહેલા દેવલોકમા ૩૨ લાખ વિમાનો છે અને દરેક વિમાનમાં એકેક ચૈત્ય હોવાથી ૩૨ લાખ ચૈત્યો છે.

બીજા દેવલોકમાં ૨૮ લાખ વિમાનો છે અને દરેક વિમાનમાં એકેક ચૈત્ય હોવાથી ૨૮ લાખ ચૈત્યો છે.

ત્રીજા દેવલોકમાં ૧૨ લાખ વિમાનો છે અને દરેક વિમાનમાં

એકેક ચૈત્ય હોવાથી ૧૨ લાખ ચૈત્યો છે.

ચોથા દેવલોકમાં ૮ લાખ વિમાનો છે અને દરેક વિમાનમાં એકેક ચૈત્ય હોવાથી ૮ લાખ ચૈત્યો છે.

પાંચમા દેવલોકમાં ૪ લાખ વિમાનો છે અને દરેક વિમાનમાં એકેક ચૈત્ય હોવાથી ૪ લાખ ચૈત્યો છે.

છઠ્ઠા દેવલોકમાં ૫૦ હજાર વિમાનો છે અને દરેક વિમાનમાં એકેક ચૈત્ય હોવાથી ૫૦ હજાર ચૈત્યો છે.

સાતમા દેવલોકમાં ૪૦ હજાર વિમાનો છે અને દરેક વિમાનમાં એકેક ચૈત્ય હોવાથી ૪૦ હજાર ચૈત્યો છે.

આઠમા દેવલોકમાં ૬ હજાર વિમાનો છે અને દરેક વિમાનમાં એકેક ચૈત્ય હોવાથી ૬ હજાર ચૈત્યો છે.

નવમા અને દશમા દેવલોકમાં ૪૦૦ વિમાનો છે અને દરેક વિમાનમાં એકેક ચૈત્ય હોવાથી ૪૦૦ ચૈત્યો છે અગ્યારમા અને બારમા દેવલોકમાં ૩૦૦ વિમાનો છે અને દરેક વિમાનમાં એકેક ચૈત્ય હોવાથી ૩૦૦ ચૈત્યો છે નવગ્રૈવેયકમાં ૩૧૮ ચૈત્યો છે પાંચ અનુત્તર વિમાનોમાં પાંચ ચૈત્યો છે.

૧૨ દેવલોકના કુલ જિનાલયો ૮૪૯૬૭૦૦ ચોરસી લાખ છન્નુ હજાર અને સાતસો છે. અને નવગ્રૈવેયક તથા પાંચ અનુત્તર વિમાનમાં ૩૨૩ ચૈત્યો છે. બધાં મળીને ૮૪૯૭૦૨૩ જિનાલયો થાય છે.

બાર દેવલોકમાં પ્રત્યેક વિમાનમાં ૧૨૦ પ્રતિમાજી હોય છે. તથા પ્રત્યેક વિમાનમાં પાંચ-પાંચ સભાઓ હોય છે. એકેક સભામાં બાર-બાર પ્રતિમાજી હોવાથી સભાઓના ૬૦ પ્રતિમાજી ચૈત્યના ૧૨૦ સાથે મેળવતા ૧૮૦ થાય. બાર દેવ-

લોકનાં ૮૪૯૬૭૦૦ વિમાનના ચૈત્યો અને સભાઓના પ્રભુજીની સંખ્યા ૧,૫૨,૯૪,૦૬૦૦૦ એક અબજ બાવન ક્રોડ ચોરાણું લાખ અને છ હજાર થાય છે.

તથા નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનોમાં સભાઓ ન હોવાથી ૩૨૩ ચૈત્યોમાં ૧૨૦ પ્રતિમાજી સાથે ગુણતાં ૩૮૭૬૦ પ્રભુજી થાય છે, ઉપરના આંક સાથે મેળવતાં ૧૫૨,૯૪,૪૪૭૬૦ પ્રતિમાજી થાય છે. અને ચૈત્યોના બે આંક મેળવતાં ૮૪૯૭૦૨૩ ચોરાસી લાખ સત્તાણું હજાર અને તેવીશ થાય છે.

ભુવનપતિની દશ નિકાયમાં બધાં મળી ૭ ક્રોડ અને ૭૨ લાખ જિનાલયો છે. ત્યાં બધા જિનાલયોમાં ૧૮૦ પ્રતિમાજી હોવાથી પ્રતિમાની કુલ સંખ્યા ૧૩૮૯૬૦૦૦૦૦૦ તેર અબજ, નેવ્યાસીક્રોડ અને સાઈઠ લાખની થાય છે.

તિચ્છાલોકમાં મેરુપર્વતથી પ્રારંભીને, માનુષોત્તરપર્વત સુધી, અને સૌધર્મ તથા ઇશાનની ઇન્દ્રાણીના નંદીશ્વર દ્વીપ ઉપરનાં, ૧૬ ચૈત્યો મળી, ૩૧૯૯ જિનાલયો છે. તે દરેક ચૈત્યમાં ૧૨૦ પ્રતિમાજી હોવાથી કુલ પ્રતિમા ૩૮૩૮૮૦ થાય છે. તથા નંદીશ્વર અને રુચક તથા કુંડલદ્વીપનાં જિનાલયો ૬૦ છે. તે દરેક જિનાલયમાં પ્રતિમાજી ૧૨૪ છે, તેની કુલ સંખ્યા ૭૪૪૦ થાય છે. તિચ્છાલોકની બધી પ્રતિમાજી મળી ૩૯૧૩૨૦ થાય છે.

આ રીતે ઉર્ધ્વલોકના શાશ્વત ચૈત્યો ૮૪૯૭૦૨૩ થાય છે. અધોલોકમાં ભુવનપતિનાં શાશ્વત ચૈત્યો ૭૭૨૦૦૦૦ થાય છે. તિચ્છાલોકમાં શાશ્વત ચૈત્યો ૩૨૫૯ થાય છે. કુલ શાશ્વત ચૈત્યો ૮૫૭૦૦૨૮૨ થાય છે.

આ ત્રણ સ્થાનોમાં પ્રભુપ્રતિમાજી અનુક્રમે આ પ્રમાણે છે.

ઉર્ધ્વલોકમાં ૧૫૨૯૪૪૪૭૬૦,-(બાર દેવલોકમાં ૧૫૨૯૪૦૬૦૦૦, નવગ્રૈવેયક અને પાંચ અનુત્તરમાં ૩૮૭૬૦), અધોલોકે ભુવનપતિમાં ૧૩૮૯૬૦૦૦૦૦૦, તિર્છાલોકમાં ૩૯૧૩૨૦, કુલ શાશ્વતી ૧૫૪૨૫૮૩૬૦૮૦ જિનપ્રતિમાઓ છે.

વ્યંતર-વાણવ્યંતર અને જ્યોતિષીમાં નગર અને વિમાનોની સંખ્યા અસંખ્યાતી છે, તેથી તેમાં જિનાલયો અને જિનપ્રતિમાઓ પણ અસંખ્યાતી છે.

ઉપર મુજબ બતાવેલી ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક અને તિર્છાલોકની બધી શાશ્વત પ્રતિમાજી ઋષભાનન, ચંદ્રાનન, વારિષેણ, અને વર્ધમાનસ્વામી આ ચાર નામની જ હોય છે, તેમાં કેટલીક સાત હાથની હોય છે, કેટલીક ૫૦૦ ધનુષની મોટી હોય છે.

હવે દેવો, વિદ્યાધરો અને મનુષ્યો દ્વારા બનાવેલી અશાશ્વતી પ્રતિમાઓ :

આપણે હાલ જ્યાં છીએ તે ક્ષેત્રનું નામ (જંબૂદ્વીપનું) ભરતક્ષેત્ર છે. જૈન ઇતિહાસ પ્રમાણે અત્યારે પણ અહીં લાખો-ગમે પ્રતિમાજી હોવા જોઈએ. ભગવાન મહાવીરદેવ પછી મહારાજા સંપ્રતિએ સવાક્રોડ જિનપ્રતિમાઓ ભરાવી છે, કુમારપાળ રાજાએ સવાલાખ પ્રતમાઓ ભરાવી છે, વસ્તુપાળ-તેજપાળે સલાલાખ પ્રતિમાજી ભરાવી છે. તેજ પ્રમાણે આભૂશેઠ, વિમલશાહ, જગડુશાહ, પેથડશાહ, બાહડ-આંબડ મંત્રી વિગેરે મહાપુરુષોએ લાખોની સંખ્યામાં જિનપ્રતિમાઓ ભરાવ્યાનું જૈનઇતિહાસ કહે છે.

જોકે જૈનધર્મના પ્રતિસ્પર્ધિઓએ જિનપ્રતિમાઓનો

લાખોની સંખ્યામાં નાશ કર્યો છે. છતાં તે નાશ પામેલી અને અત્યારે વિદ્યમાન પ્રતિમાની ગણતરી કરતાં હજુ બાકીની લાખોની સંખ્યામાં પ્રતિમાઓ જમીનમાં કે પાણીમાં હોવાનું માનવું જોઈએ.

હાલ આ ક્ષેત્રમાં વિદ્યમાન પ્રતિમાજી પ્રાયઃ દોઢ લાખની આસપાસ હોવાનું કહી શકાય. તેમાં મુખ્યતાએ શ્રીશત્રુંજય, ગિરનાર, આબુજી. એ ત્રણતીર્થો, અને અમદાવાદ, પાટણ, જેસલમેર, સુરત, ખંભાત, ભરુચ, વડોદરા, મુંબાઈ, જામનગર, મહુવા, તળાજા, કદંબગિરિ, રાધનપુર, થરાદ, બીકાનેર, ભાવનગર, ઘોઘા, વળા, શીહોર, ઈડર, જોધપુર, ઉદયપુર, સાદડી, રાણકપુર, ઘાણેરાવ, નાડલાઈ, નાડોલ, વરકાણા, વાલી, શિવગંજ, સાંડેરાવ, ફલોધી, દેલવાડા, ચિતોડ, કરેડા, ઉજ્જૈન, રતલામ, મક્ષી વિગેરે સ્થાનોમાં પ્રતિમાજી વધુ પ્રમાણમાં વિદ્યમાન છે.

શત્રુંજયગિરિરાજની અલખદેઉલ ગુફા અને ગિરનારની કાંચનમલાહક ગુફામાં અત્યારે પણ ઘણાં પ્રતિમાજી હોવાનો સંભવ છે. જે હાલ અગોચર છે.

જેમ આ ભરતક્ષેત્રનાં પ્રતિમાજીની વાત જણાવી તે પ્રમાણે બીજાં ચાર ભરતક્ષેત્રો અને પાંચ ઐરવતક્ષેત્રો છે. એ સર્વ ક્ષેત્રોમાં જિનાલયો અને પ્રતિમાજીની સંખ્યા વિગેરે બધી વ્યવસ્થા લગભગ આ ભરતક્ષેત્ર જેવી જ (મનાએલી) છે. એ સિવાય પાંચ મહાવિદેહક્ષેત્રો છે. તે પાંચ ક્ષેત્રો, ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્ર થકી ઘણાં જ મોટાં છે. વલી લોકસ્વભાવથી જ મહાવિદેહક્ષેત્રમાં જિનેશ્વરદેવોની અને જ્ઞાની મુનિરાજોની સદાકાળ હાજરી હોવાથી ધર્મ પણ અવિચ્છિન્ન રહે છે. એટલે ભરત અને

ઐરવતની અપેક્ષાએ મહાવિદેહમાં જિનપ્રતિમાજીઓ પણ મોટી સંખ્યામાં હોવી સંભવિત છે. કારણ કે, જ્યાં આરાધનાની સમજણ વધારે હોય, ત્યાં આરાધનાની સામગ્રી પણ વધુ હોય જ.

શંકા–પ્રતિમાઓ શાની હોય, કેવી હોય અને કેવડી હોય?

પ્રતિમાજી ધાતુની, કાષ્ઠની, પાષાણની, લેપની, હીરાની, માણેકની, મોતીની, રત્નની, પન્નાની, રજતની, સુવર્ણની, દાન્તની, વિગેરે અનેક વસ્તુની બને છે. તે ઘડેલી, ચણેલી, ગુંથેલી, ચીતરેલી એમ અનેક રીતે બનેલી હોય છે. પ્રતિમાજીનું માપ એક આંગુલથી પ્રારંભી ૫૦૦ ધનુષ સુધીનું હોય છે.

શંકા—જો મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર ભગવંતો અને કેવલી ભગવંતો સદાકાલ વિદ્યમાન હોય છે તો પછી તે ક્ષેત્રમાં પ્રભુજીની પ્રતિમાઓ કરાવવાની જરૂર શી?

સમાધાન—જેમ ગાંધીજી, જવાહર અને સરદાર પટેલ વિગેરે દેશનેતાઓ હૈયાત હોવા છતાં તેમના હજારો ગમે ફોટાઓ જગતમાં ખુણેખુણે મુકાયેલા નજરે પડે છે, તેનું કારણ એ જ છે કે, લોકોને તે વ્યક્તિઓ ઉપર ઘણો રાગ છે માટે પાંચ–દશ ફોટાઓ એકેક ઘરમાં હોય છે. આ બધા તો ગયા જન્મના પુણ્યથી જ પૂજાય છે. જ્યારે શ્રીજિનેશ્વરદેવોમાં તો મહાપુણ્યના ઉદયની સાથે અનંત ગુણોનો પણ ઉદય સાક્ષાત્–પ્રગટપણે દેખાય છે. શ્રીમાન્ સિદ્ધસેનદિવાકરસૂરિજી પણ ફરમાવે છે કે,

"મોહક્ષયાદનુભવન્નપિ નાથ! મર્ત્યો,
નૂનં ગુણાન્ ગણયિતું ન તવ ક્ષમેત..."

અર્થ—હે નાથ! સાક્ષાત્ કેવલજ્ઞાનનો અનુભવ કરનાર જ્ઞાની પણ તમારા ગુણનું વર્ણન કરવાને સમર્થ નથી.

એટલે સામાન્ય મનુષ્યોની હૈયાતીમાં જ તેમની પ્રતિમાઓ અને ફોટાઓ પૂજાય છે. તો પછી સર્વજ્ઞભગવાનની હૈયાતિમાં સર્વજ્ઞપ્રભુજીની પ્રતિમાઓ અને ફોટાઓ ઘણા હોય, ઠામ ઠામ હોય તેમાં વાંધો શો છે?

વલી સર્વજ્ઞ ભગવંતો જ્યાં હોય ત્યાં એક દેશમાં જ હોય છે. અને આખી દુનિયામાં રહેલા ભક્ત લોકોને તેમનાં દરરોજ દર્શન થઈ શકે નહિ, તેથી તેમની પ્રતિમા કે ફોટાઓ તેઓ રાખે એ વ્યાજબી જ છે. વલી પ્રતિમાના દર્શન આત્મા અને પરમાત્માનો સાક્ષાત્કાર કરાવે છે. તેથી ઘણા શ્રદ્ધાળુ આત્માઓ ગામમાં કે પોળમાં ચૈત્ય હોવા છતાં પોતાના ઘરોમાં પણ ચૈત્ય અને પ્રતિમાજી રાખે છે. તેથી જ્યારે તીર્થંકરોની હાજરી હોય તે ક્ષેત્રમાં કે તે કાળમાં પ્રતિમાજી ન હોય, એમ માનવા કરતાં ઘણી જ સંખ્યામાં હોય તેમ માનવું વધારે યુક્તિયુક્ત છે.

શંકા—આખા જગતમાં જેમની ઘણી માન્યતા હોય, જેમની ઘણી કીર્તિ હોય, જેમના હજારો ભક્ત હોય, તે બધા ભગવાન જેવા ગણાય કે નહી?

સમાધાન—જે આત્માઓને તત્ત્વાતત્ત્વનું જ્ઞાન નથી, જેમનામાં પરીક્ષા કરવાની શક્તિ નથી તેવા અજ્ઞાની હજારો, લાખો, ક્રોડો કે અબજોની સંખ્યામાં ભલે દેવો હોય કે મનુષ્યો હોય, પરંતુ તે સાચા પરીક્ષક નથી. વલી પૌદ્ગલિકરાગથી પ્રભુને ભજનારા સાચા પરીક્ષક થઈ શકતા જ નથી. તેથી સર્વજ્ઞ વીતરાગની પરીક્ષા સર્વજ્ઞપણાની અને વીતરાગપણાની સાવ નજીકમાં પહોંચેલા હોય તે જ કરી શકે છે.

મોટાભાગે જગતના મનુષ્યો ગુણથી પૂજાતા નથી, પરંતુ ગયા જન્મના પુણ્યથી જ પૂજાય છે. જગત આખું પુણ્યવાન મનુષ્યોની પાછળ જ પાગલ બનેલું છે. પુણ્યવાન મનુષ્યોના આચરણોમાં પહાડ જેવડી ભૂલો હોવા છતાં, કંચનકામિનીમાં ગરકાવ થઈ ગએલા, ગાંડા ભક્તો કયારે પણ જોતા કે વિચારતા નથી, જ્યારે બીજી બાજુ ઘણા આચરણવાળા અને મહાગુણી આત્માઓ હોવા છતાં તેમને કોઈ ઓળખતું ય નથી. તેમની યશગાથા ગવાતી નથી. તેમના પ્રતિમાજી કે ફોટા બનતા નથી. તેમના જીવનચરિત્રો લખાતાં નથી. એટલે વાસ્તવિક રીતે ગુણાગુણની પરીક્ષા અજ્ઞાની જગત કરી શકતું ન હોવાથી, અજ્ઞાની મનુષ્યોમાં પૂજાએલા ભલે કોડોના પૂજ્ય કહેવાયા હોય, તો પણ તેવા આત્માઓ ભગવાન થવાને યોગ્ય નથી. એટલું જ નહિ પરંતુ તેવાઓ સુગતિમાં પણ જાય કે કેમ, તે પણ શંકાસ્પદ છે. કોઈ કવિરાજ કહે છે કે,

"કબહીક કાજી, કબહીક પાજી,
કબહીક હુઆ અપભ્રાજી;
કબહીક જગમેં, કીરતિ ગાજી,
સબ પુદ્ગલકી બાજી."

માણસ કોઈ વાર ગુરુ બને છે, કોઈવાર પાગલ બને છે કોઈવાર અપભ્રાજના એટલે નિન્દાને પામે છે અને કોઈવાર ઘણી કીર્તિ પણ મેળવે છે. પરંતુ આ બધું ચાલુ એક ભવ પુરતું જ અને પૌદ્ગલિક છે. મરીને આત્મા કઈ ગતિમાં ચાલ્યો જાય તેનો નિર્ણય નથી.

એટલે **'નમો અરિહંતાણં'** પદવડે આખા જગતની શાશ્વતી

અને આશ્વતી બંને પ્રકારની સર્વક્ષેત્રની અને સર્વ કાળની પ્રતિમાઓને નમસ્કાર થાય છે. પ્રભુપ્રતિમાનું ઓળખાણપૂર્વકનું જેટલું બહુમાન થાય, તે ભકત આત્માના સમકિતને નિર્મલ કરનાર બને છે. શ્રીજિનેશ્વરદેવની પ્રતિમાને પૂજવાથી, વાંદવાથી, સત્કાર કરવાથી સન્માન કરવાથી બોધિબીજ અને યાવત્ મુકિત પણ પામી શકાય છે.

જુઓ આર્ષ

"अरिहंतचेइआणं करेमि काउस्सग्गं, वंदणवत्तिआए, पुअणवत्तिआए, सक्कारवत्तिआए, सम्माणवत्तिआए, बोहिलाभवत्तिआए, निरुवसग्गवत्तिआए..."

હવે શ્રીજિનેશ્વરદેવનો દ્રવ્યનિક્ષેપો વિચારીએ.

આ ભરતક્ષેત્ર અને આવાં બીજાં ચાર ભરતક્ષેત્રો મળી પાંચ ભરતક્ષેત્રમાં, અને તે જ પ્રમાણે પાંચ ઐરવતક્ષેત્રમાં, એક અવસર્પિણીકાળમાં, ચોવીશ જિનેશ્વરદેવો જન્મ પામે છે. અને દીક્ષા, કેવલજ્ઞાન, અને નિર્વાણ પામી મોક્ષે પધારે છે. એ જ પ્રમાણે ઉત્સર્પિણીકાળમાં પણ ચોવીશ જિનેશ્વરદેવો થાય છે.

અનંતી અવસર્પિણી ઉત્સર્પિણીકાળ જવાથી એક પુદ્ગલપરાવર્ત્ત થાય છે. એવા એક પુદ્ગલપરાવર્ત્તમાં, એકજ ક્ષેત્રમાં અનંતી ચોવીશી જિનેશ્વરદેવોની થાય છે, કહ્યું છે કે,

" उस्सप्पिणी अणंता, पुग्गलपरिट्टओ मुणेयव्वो ॥ "

આવા પુદ્ગલપરાવર્ત્તો પણ અનંતા થઈ ગયા હોવાથી અતીતકાળમાં શ્રીજિનેશ્વરદેવો દરેક ભરતઐરવતક્ષેત્રમાં અનંતાનંત થાય છે. જેઓ કેવલજ્ઞાન પામીને, તીર્થની સ્થાપના કરીને, લાખો-ક્રોડો કે અબજો આત્માઓને મોક્ષ-

માર્ગના આરાધક બનાવીને, પાંચે કલ્યાણકો પામીને, અને આઠે કર્મોનો ક્ષય કરીને, મોક્ષમાં પધારી ચુકયા છે. જન્મ, જરા, રોગ, શોક, અને મરણના બંધનોથી મુકત થયા છે.

તેવા જ સંપૂર્ણ ગુણગણ પામેલા, ત્રણ જગતના ઉપકારી શ્રીજિનેશ્વરદેવો મહાવિદેહક્ષેત્રમાં પણ અનંતાનંત થાય છે. ત્યાં એક કાળે વિચરતા હોય છે. અને દરેક કાળમાં એક પછી એક થતા જ રહે છે. તેથી ભરતક્ષેત્રમાં એક ચોવીશી થાય, ત્યારે મહાવિદેહક્ષેત્રમાં જિનેશ્વરદેવોની અસંખ્યાતી વીશીઓ થાય છે. અને તે અનંતા, પણ ભરત-ઐરવત થકી અસંખ્યાત ગુણા હોય છે. ભરતક્ષેત્રના અવસર્પિણી કાળના બીજા અને ઉત્સર્પિણી કાળના તેવીશમા જિનેશ્વરદેવો વિચરતા હોય ત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં ૧૬૦ વિજયોમાં એક સાથે એકેક તીર્થંકરદેવ ઉત્પન્ન થાય છે. તેથી તે ૧૬૦ જિનેશ્વર અને ભરત–ઐરવતના ૧૦ ક્ષેત્રોના દશ જિનેશ્વરો મેળવતાં ઉત્કૃષ્ટકાળના ૧૭૦ જિનેશ્વર થાય છે. આવા ૧૭૦ જિનવરો પણ અનંતા કાળે અનંતાનંત થાય છે.

એ જ પ્રમાણે ભવિષ્યકાળમાં પણ અનંતાનંત ચોવીશીઓ, અનંતાનંત વીશીઓ, અને અનંતાનંત ઉત્કૃષ્ટકાળના જિનેશ્વરદેવો થવાના છે, જેઓ ચોક્કસ કેવળજ્ઞાન પામવાના છે, અને તીર્થની સ્થાપના કરવાના છે. પ્રત્યેક પ્રભુજી લાખો ક્રોડો કે અબજો મનુષ્યોને મોક્ષમાર્ગના આરાધક પણ બનાવવાના છે, પાંચે કલ્યાણકો પામવાના છે, આઠે કર્મો ક્ષય કરવાના છે, જન્મ, જરા, રોગ, શોક, અને મરણનો ક્ષય કરી મોક્ષમાં પધારવાના છે. પરંતુ હમણાં ચારગતિમાં ફરી રહેલા છે. તે

પણ શ્રીજિનેશ્વરદેવોના આત્માઓને નમસ્કાર કરવા યોગ્ય છે.

તથા દરેક વર્તમાનકાળમાં છદ્મસ્થદશામાં રહેલા જિનેશ્વરદેવો પણ દ્રવ્ય નિક્ષેપામાં જ અંતર્ભાવ પામે છે. એટલે તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે.

જુઓ આર્ષ

"जेअ अइआ सिद्धा, जेअ भविस्संतिणागये काले;
संपइ अ वट्टमाणा, सव्वे तिविहेण वंदामि."

અર્થ : અતિત કાલમાં સર્વક્ષેત્રમાં સિદ્ધ થએલા, ભવિષ્ય કાળમાં સર્વક્ષેત્રમાંથી સિદ્ધ થવાના, અને વર્તમાન કાળમાં છદ્મસ્થપણે બધા ક્ષેત્રમાં વિચરતા, સર્વજિનેશ્વરદેવોને હું મન, વચન અને કાયા વડે કરીને વંદના કરૂં છું.

'नमो अरिहंताणं' પદોચ્ચાર કરનાર ઉપયોગી આત્માનો કરેલો નમસ્કાર, સર્વક્ષેત્રના અને સર્વકાળના સર્વજિનેશ્વરદેવોને ચોકકસ થાય છે.

હવે શ્રીજીનેશ્વરદેવોનો ભાવનિક્ષેપ વિચારીએ.

અરિહંત, તીર્થંકર, સર્વજ્ઞ, વીતરાગ, ત્રિકાલવિત્, પરમેષ્ઠી, સાર્વ, કેવલી, વિગેરે શબ્દો જેમનામાં અર્થથી સંપૂર્ણ રીતે ઘટી શકતા હોય, જેમને જોવાથી ઉપરના અર્થોનો સાક્ષાત્કાર થઈ જતો હોય. તે જ શ્રીજિનેશ્વરદેવોને ભાવતીર્થંકરો કહેવાય છે.

ભાવતીર્થંકરદેવોને સંપૂર્ણપણે સમજનાર આત્મા ઉપર બતાવેલા ત્રણ નિક્ષેપાને બરાબર સમજી શકે છે. ભાવનિક્ષેપા પ્રત્યેના આદરવાલા આત્માને શ્રીજિનેશ્વરદેવોના નામ, સ્થાપના અને દ્રવ્ય–નિક્ષેપા પ્રત્યે પણ અસમાન આદર પ્રકટ થતો

હોવાથી, નામના જાપથી, પ્રતિમાજીના પૂજનથી, અને દ્રવ્ય જિનેશ્વરના ધ્યાનથી, પણ સમ્યગ્‌દર્શન–જ્ઞાન–ચારિત્રની પ્રાપ્તિ-જરૂર થાય છે. વાચકવર પણ ફરમાવે છે કે,

"તાહરું ધ્યાન તે સમકિતરૂપ,
એહીજ જ્ઞાનને ચારિત્ર તે જ છે જી;
તેહથી જાએ સગળાં હો પાપ,
ધ્યાતારે ધ્યેયસ્વરૂપ હોએ પછે જી..."

ભાવજિનેશ્વરદેવોને સમજવા સારૂ ઉપર બતાવેલા શબ્દોના અર્થ વિચારીએ.

અરિહંત કોને કહેવા ?

જેમના અભ્યંતર શત્રુઓ ક્ષય થઈ ગયા હોય તે અરિ-હંત કહેવાય છે.

શંકા– અભ્યંતર શત્રુ કોને કહેવાય ?

સમાધાન– હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુર્ગંચ્છા, ક્રોધ – માન–માયા – લોભ–હિંસા–જુઠ–ચોરી–મૈથુન–પરિગ્રહ–મમતા–પ્રેમ–મદ–કેલી આઅઢાર દોષો શ્રીજિનેશ્વરદેવોના આત્મા-માંથી નિર્મૂલ નાશ થયા હોય છે. આ બધા દોષોથી આત્મા સંસારમાં રખડે છે, અનંતાકાળથી ચારગતિનાં દુઃખ ભોગવે છે, આ બધા દોષો ચાલ્યા જવાથી આત્માનું ચાર ગતિનું પરિભ્રમણ બંધ થાય છે. આ અભ્યંતર શત્રુઓ દ્વારા જ જીવને જન્મ–મરણ–જરા–રોગ–શોક પ્રાપ્ત થાય છે. શ્રીઅરિહંતદે-વોએ પોતાના અભ્યંતર શત્રુઓનો નાશ કરવા સાથે આશ્રિતોના પણ અભ્યંતર શત્રુઓનો નાશ કરાવ્યો છે. પોતે સંસાર-સમુદ્ર તર્યા છે, અને આશ્રિતોને પણ સંસાર સમુદ્રથી તાર્યા છે.

એટલા જ સારૂ ચૌદપૂર્વધર એવા ગણધર મહારાજાઓએ પણ તેમને નીચે મુજબ વિશેષણોથી વર્ણવ્યા છે.

'जिणाणं जावयाणं, तिन्नाणं तारयाणं'

અર્થ—પોતે આંતર શત્રુઓને જિતેલા–અને અન્યને જિતાવનારા–પોતે સંસાર સમુદ્રને તરેલા અને અન્યને તારનારા. ઉપરોક્ત ૧૮ દોષો તે જ અભ્યંતર શત્રુઓ જાણવા.

શંકા–તીર્થંકર કોને કહેવાય ?

સમાધાન–શ્રીજિનેશ્વરદેવો સર્વજ્ઞ બનતાની સાથે જ, તેમના પુણ્ય અને ગુણથી આકર્ષાઇને, લાખો, ક્રોડો દેવો અને મનુષ્યો તે પ્રભુની વાણી સાંભળવા આવે છે, અને પ્રભુજી સંસારની સંપૂર્ણ અસારતા બતાવે છે, જે સાંભળવાથી ઘણા બુદ્ધિશાળી મનુષ્યો પ્રતિબોધ પામે છે, અને તે મહાપુરુષો સંસારનો એટલે રાજ્ય, લક્ષ્મી, પત્ની, પરિવારનો ત્યાગ કરીને પ્રભુજી પાસે સંજમ ગ્રહણ કરે છે. ભગવાન તેમાંથી જેઓ ગણધરપદને યોગ્ય હોય તેમને **'उप्पन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा'** આ ત્રણપદો આપે છે. જેના અવલંબનથી બીજબુદ્ધિના નિધાન મહાપુરુષો દ્વાદશાંગી અને ચઉદપૂર્વની રચના કરે છે. અને પ્રભુજી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધસંઘની સ્થાપના કરે છે.

ગણધરપદની સ્થાપના, દ્વાદશાંગીની રચના અને ચતુર્વિધસંઘની સ્થાપના આ ત્રણે બાબતોનું નામ **તીર્થ** કહેવાય છે. આ તીર્થને પ્રભુજી કરે છે, માટે તેઓ **તીર્થંકર** કહેવાય છે.

શંકા–સર્વજ્ઞ કોને કહેવાય ?

સમાધાન–પ્રભુ દીક્ષા લઈ ત્યાગ અને તપસ્યાની ટોચ સુધી

પહોંચે છે, ઘોર પરિષહો સહન કરે છે, દેવ–મનુષ્યો અને પશુઓદ્વારા કરાએલા ઘોર ઉપસર્ગો સમતાથી ખમે છે, અતિ કઠીન અને અચિંત્ય અભિગ્રહો એટલે પ્રતિજ્ઞાઓ ધારણ કરે છે. તથા સદાકાળ જાગૃત રહે છે, એટલે કે દિવસ–રાત્રિ નિદ્રા લેતા નથી, રાગ–દ્વેષ અને ક્રોધાદિનો ત્યાગ કરી સર્વકાળ ઔદાસીન્ય દશામાં રહીને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય, આ ચારે કર્મનો નિર્મૂલ નાશ કરે છે. બસ, આ ચાર કર્મનો ક્ષય થતાં કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રકટ થાય છે. જેના પ્રકાશથી પ્રભુ સંપૂર્ણ લોકાલોકને જાણે છે. જીવ–અજીવ, દ્રવ્ય–ગુણ–પર્યાય, સંપૂર્ણ ભૂતકાલ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ, ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય, આકાશ–કાલ–પુદ્ગલ અને સર્વજીવોરુપ છયેદ્રવ્યોને સંપૂર્ણ જાણે છે.

ચારગતિના–ચોરાસીલાખ યોનીના સર્વ જીવોના જન્મ–જરા–મરણ–રોગ–શોક–દુઃખ–દુર્ધ્યાન વિગેરે બધું જ પ્રભુ જાણે છે. કોઈપણ પદાર્થ કે ભાવ એવો નથી કે, જેને પ્રભુ ન જાણતા હોય. સર્વ વસ્તુને જાણે છે, માટે જ પ્રભુજી સર્વજ્ઞ કહેવાય છે.

શંકા–વીતરાગ એટલે શું ?

સમાધાન–જો કે પ્રભુજી સમકિત પામે છે તે જ ભવથી, વીતરાગતાનો અભ્યાસ શરૂ થાય છે. અને સમકિતપ્રાપ્તિ અને મોક્ષપ્રાપ્તિના અંતરમાં જેટલા મનુષ્યના ભવ પામે છે, તેમાં પ્રાયઃ સંજમ જરૂર આદરે છે, તેમાં પણ વીતરાગતાની જ આરાધના કરતા હોય છે. જગતના બીજા મુમુક્ષુઓના સંજમ કરતાં તીર્થંકર થનાર આત્માઓનાં સંજમ ઘણાં ઉચ્ચાં હોય

છે. પ્રત્યેક ભવની કરેલી આરાધના છેલ્લા ભવમાં એટલે તીર્થંકરના ભવમાં પરાકાષ્ઠાને પામે છે.

જેમ જેમ તીર્થંકરપણું નજીક થતું જાય છે, તેમ તેમ રાગદ્વેષાદિ મહાશત્રુઓ નાશ પામતા જાય કે, છેવટે જ્ઞાનાવરણીયાદિ ચાર કર્મોમાંના મોહનીયકર્મનો સર્વથા નાશ થઈ જવાથી તે મહાપુરૂષોમાં વીતરાગદશા પ્રકટ થાય છે. એટલે રાગ–દ્વેષ–ભય–મોહ–મદ–કામ–ક્રીડા–માત્સર્ય–અજ્ઞાન–અવિરતિ–તુચ્છતા વિગેરે બધા દોષો સર્વથા ચાલ્યા જાય છે અને જગતના પ્રાણીમાત્ર ઉપર મૈત્રીભાવ પ્રકટ થાય છે. સાથે જગતના સર્વપદાર્થ ઉપર ઔદાસીન્યભાવ પ્રકટ થતો હોવાથી પ્રભુજી વીતરાગ કહેવાય છે.

વીતરાગ પરમાત્માનો શત્રુ–મિત્રમાં, કંચન અને લોહમાં, મણી અને માટીમાં, સ્ત્રી અને કોઢીયામનુષ્યમાં, રાજા અને રંકમાં, ઇંદ્ર અને એક સાધારણ મનુષ્યમાં સદાકાળ સમાન ભાવ હોય છે. તેથી નિંદા કરનાર કે સ્તુતિ કરનાર ઉપર અથવા ઉપસર્ગો કરનાર કે ભક્તિ કરનાર ઉપર તેઓને સમભાવ હોય છે. કલિકાળસર્વજ્ઞ પણ ફરમાવે છે કે,

" कमठे धरणेन्द्रे च, स्वोचितं कर्म कुर्वति ।
प्रभुस्तुल्यमनोवृत्तिः, पार्श्वनाथः श्रियेस्तु वः ॥"

ત્રિકાલવિત્ એટલે શું ?

જે મહાપુરુષ સર્વજ્ઞપણું પામીને ત્રણેકાલના સર્વ ભાવોને સંપૂર્ણપણે જાણે તે ત્રિકાલવિત કહેવાય.

શંકા–પરમેષ્ઠી શબ્દનો અર્થ શું થાય ?

સમાધાન–'परमे स्थाने तिष्ठन्ति इति परमेष्ठिनः' પરમ-

સ્થાન એટલે મોક્ષ તેમાં અથવા જગતમાંનાં પૂજ્યસ્થાનોમાં એટલે અરિહંતાદિપાંચસ્થાનો તેમાં રહેલા છે. તેમને પરમેષ્ઠી કહેવાય છે.

શંકા–સાર્વ શબ્દનો અર્થ શું થાય ?

સમાધાન–જગના પ્રાણી માત્રનું ભલું ઇચ્છનાર તે સાર્વ કહેવાય છે. ' सर्वेभ्यः हिताः इति सार्वाः '

કેવલી શબ્દનો અર્થ શ્યો ?

કેવળજ્ઞાન–સંપૂર્ણજ્ઞાન, સર્વદ્રવ્યપર્યાયનું જ્ઞાન, જેમનામાં આવ્યું હોય, તે કેવલી ભગવાન કહેવાય છે. આ બધા ગુણો પ્રકટ થયા સિવાય શ્રીજિનેશ્વરદેવો ઉપદેશ આપતા જ નથી.

આવા સર્વોત્તમ ગુણોથી વિભૂષિત મહાપુરુષોને ભાવ-જિનેશ્વર કહેવાય છે. અર્થાત્ મોક્ષમાં જવાના છેલ્લા ભવમાં આત્માની સહજાનંદદશા પ્રકટ થતી હોવાથી આ મહાપુરુષોને ભાવજિનેશ્વર કહેવાય છે. અથવા જિનેશ્વરદેવોના સંસારના બધા ભવો પૈકીના છેલ્લા ભવમાં જીવની બધી પૌદ્ગલિક દશાઓ વિરામ પામ્યા પછી આત્માનું મૂળ સ્વરુપ પ્રકટ થવાથી ભગવાન ભાવજિનેશ્વર બને છે.

આવા ભાવજિનેશ્વરદેવો વર્તમાનકાળે ૨૦ વિચરી રહ્યા છે, તે ક્યાં છે ? તે જોઈએ.

આ જંબૂદ્વીપ ૧ લાખ યોજનનો અને ગોલાકાર છે. તેની મધ્યે પૂર્વ–પશ્ચિમ સમપ્રમાણ ૧ લાખ યોજન લાંબું અને ઉત્તર–દક્ષિણ એક લાખ જોજનના ૧૯૦ સરખા ભાગ કરીએ તેવા ૬૪ ભાગ જેટલું પહોળું–મહાવિદેહ નામનું ક્ષેત્ર છે. તેના ૩૨ વિભાગો છે. જૈન સિદ્ધાંતિક ભાષામાં તેને ૩૨ વિજયો કહેવાય છે.

જંબૂદ્વીપના આ મહાવિદેહ ક્ષેત્રની આઠમી, નવમી, ચોવીશમી અને પચીશમી વિજયમાં અત્યારે પણ ચાર જિનેશ્વરદેવો વિચરે છે. જેમનું શરીર પ્રમાણ અને આયુષ્ય પ્રમાણ ઋષભદેવસ્વામી જેટલું જ છે. એ જ પ્રમાણે ધાતકીખંડની પૂર્વ અને પશ્ચિમ બન્ને મહાવિદેહ ક્ષેત્રોની આઠમી, નવમી, ચોવીશમી અને પચ્ચીશમી, વિજયોમાં આઠ જિનેશ્વરદેવો વિચરે છે. તથા પુષ્કરવરાર્દ્ધદ્વીપમાં પણ બે મહાવિદેહની ચાર-ચાર વિજયોમાં આઠ તીર્થંકર ભગવંતો વિચરે છે. બધા મળીને ૨૦ જિનેશ્વરદેવો થાય છે.

મહાવિદેહમાં વિચરતા વર્તમાન ૨૦ ભાવ જિનેશ્વરદેવોનાં નામો :

જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં- **૧. સીમંધરસ્વામી, ૨ યુગ્મંધરસ્વામી, ૩ બાહુસ્વામી, ૪ સુબાહુસ્વામી,**

ધાતકીખંડના પૂર્વ-મહાવિદેહક્ષેત્રમાં-

૫ સુજાતસ્વામી, ૬ સ્વયંપ્રભસ્વામી, ૭ ઋષભાનનસ્વામી, ૮ અનંતવીર્યસ્વામી,

ધાતકીખંડના પશ્ચિમ-મહાવિદેહક્ષેત્રમાં-

૯ સુરપ્રભસ્વામી, ૧૦ વિશાળદેવસ્વામી, ૧૧ વજ્રંધરસ્વામી, ૧૨ ચંદ્રાનનસ્વામી,

પુષ્કરવર-અર્ધદ્વીપના પૂર્વ-મહાવિદેહક્ષેત્રમાં-

૧૩ ચંદ્રબાહુસ્વામી (ભદ્રબાહુસ્વામી), ૧૪ ભૂજંગદેવસ્વામી, ૧૫ નમિનાથસ્વામી, ૧૬ ઈશ્વરદેવસ્વામી,

પુષ્કરવર-અર્ધદ્વીપના પશ્ચિમ-મહાવિદેહક્ષેત્રમાં-

૧૭ વીરસેનસ્વામી, ૧૮ મહાભદ્રસ્વામી, ૧૯ દેવયશાસ્વામી, ૨૦ અજિતવીર્યસ્વામી.

આ વીશ વિહરમાન ભગવાન ચોત્રીશ અતિશય અને પાંત્રીશ ગુણવાળી વાણીયુકત હોય છે.

શંકા- અતિશય એટલે શું ?

સમાધાન- શ્રીજિનેશ્વરદેવોમાં એવા ૩૪ ગુણો ઉત્પન્ન થાય છે કે, આવા ગુણો સામાન્ય મનુષ્યમાં તો શું પણ તેમના સિવાય જગતના કોઈપણ મહાનપુરુષોમાં પ્રકટ થતા નથી. અતિ મહાન ચમત્કારી ગુણો તે જ અતિશય.

શંકા-ગુણ શબ્દનો અર્થ શું ?

સમાધાન-વાસ્તવિક ગુણ તેજ કહેવાય છે. કે જે આશ્રિતોનું ભલું કરે અથવા ન પણ કરે પરંતું જે આત્મામાં ગુણ ઉત્પન્ન થયા હોય તે આત્માનું ચોકકસ ભલું કરે તેને ગુણ કહેવાય છે.

શંકા- આ કાળમાં ઘણા માણસો ગુણી કહેવાય છે. તો તે ગુણો પોતાને કે પરને લાભ દાયક ખરા કે ?

સમાધાન- જે ગુણો આત્માની ઓળખાણપૂર્વક પ્રકટ થાય છે, જે ગુણોમાં સમ્યગ્દર્શનની કે રત્નત્રયીની આગેવાની હોય છે, તેવા ગુણો નાના કે મોટા, એક કે અનેક સ્વપર બંનેના કલ્યાણને કરનારા ચોકકસ બને છે. વળી કોઈ ગુણો સમ્યગ્દર્શન પ્રકટ કરાવે છે, કોઈકે ગુણો રત્નત્રયી અપાવે છે તેવા ગુણો પણ વાસ્તવિક ગુણ તરીકે પરિણામ પામનારા જરૂર થાય છે. અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું કાર્ય બનેલા કે કારણ બનેલા ગુણોને વાસ્તવિક ગુણો જ કહી શકાય. પરંતુ જ્યાં સમ્યગ્દર્શનની કે રત્નત્રયીની ઓળખાણ પણ નથી. તેવા ગુણો ગુણાભાસ જ ગણાય છે.

શંકા–ગુણમાં અને ગુણાભાસમાં ફેર શો ?

સમાધાન–હીરામાં અને કાચમાં, પીત્તળ અને સોનામાં, ચાંદીમાં અને છીપમાં, સાકર અને કટકડીમાં ફેર તેટલો જ ગુણમાં અને ગુણાભાસમાં ફેર છે.

રત્નત્રયીના સહકારથી પ્રકટ થએલા ગુણો આત્માને અધિકાધિક ગુણી બનાવે છે અને આત્માને મોક્ષની સન્મુખ લઈ જાય છે. જગતના પ્રાણી માત્રની મિત્રતા અપાવે છે. અને આ જ કારણથી ગુણની શરૂઆત થયા પછી આત્માને કુગતિમાં જવું પડતું નથી.

રત્નત્રયીની ઓળખાણ વિના ઉત્પન્ન થએલા ગુણાભાસો સ્વનું પણ કલ્યાણ કરતા નથી, તો પછી પરનું તો કલ્યાણ થાય જ શી રીતે ? એટલે ડાહ્યા માણસોએ કહ્યું છે કે, પથ્થરનું વહાણ સારું છે, કે જેને દેખીને લોકો ચેતી જાય છે. અને તેમાં બેસતા જ નથી. અને ડુબતા પણ નથી, જ્યારે બહારથી ઘણું સારું દેખાતું, રૂપાળું, રંગીલું, પણ સેંકડો છિદ્રવાળું જો વહાણ હોય તો તે સારૂં નહિ. કારણ કે તેને સારૂં દેખી તેમાં ભોળા માણસો બેસે છે. અને તે વહાણ મધ્ય દરિયામાં જઈને પોતે ડુબે છે અને બીજાને ડુબાડે છે. એટલે બુલ્લી પથ્થરની નૌકા જેવા નિર્ગુણી મનુષ્યો સારા. કારણ કે તેઓ પોતે ડુબે છે. પણ બીજા તેનાથી ડુબતા નથી. જ્યારે બહારથી ગુણવાન દેખાતા અને અંતરથી સડેલા (ફીનખાબથી મઢેલા વિષ્ટાના ઘડા જેવા) ગુણાભાસવાળા મનુષ્યો સારા નથી. કારણ કે, તે પોતે ડુબે છે. અને સોબત કરનારને કે આશ્રય લેનારને પણ ડુબાડે છે. એટલા માટે જ મહાપુરુષો ફરમાવે છે કે,

તપ જપ મોહ મહા તોફાને,
નાવ ન ચાલે માને રે...મનમોહનસ્વામી...
પણ નહિ ભય મુજ હાથોહાથે,
તારે છે તે સાથે રે...મનમોહનસ્વામી...

અર્થ—સત્યની સમજણ વિનાના તપ, જપ, દાન, ધ્યાન વિગેરેથી મોહના મહાતોફાનમાં ઘેરાએલું આત્માનું નાવ, સંસાર સમુદ્રને પાર કરી શકતું નથી. કવિ કહે છે કે, હવે મને જરા પણ ભય નથી. કારણ કે, જે તારનાર છે, જે સચ્ચિદાનંદસ્વરૂપમય છે તે મારી સાથે જ છે. વળી કહ્યું છે કે,

"तच्छ्रुतं यातु पातालं. तच्चातुर्यं विलीयतां;
ते विशन्तु गुणा वह्नौ, येषु सत्स्वप्यधोगतिः ॥१॥"

અર્થ—જે જ્ઞાન ભણવા છતાં, જે ચતુરાઈ મળવા છતાં પણ જો આત્માની અધોગતિ થતી હોય તો તેવું જ્ઞાન પાતાળમાં પેસી જાવ....તેવી ચતુરાઈ નાશ પામો....અને તેવા ગુણો પણ અગ્નિમાં પડો....ભસ્મિભૂત થઈ જાઓ....સારાંશ એ જ છે કે, જ્ઞાન, ચતુરાઈ અને ગુણો આત્માને શોભાવનારા હોવા છતાં પણ, જો તેનાથી આત્મા કુગતિમાં ચાલ્યો જતો હોય તો, તે જ્ઞાન, હુંશિયારી અને ગુણો વાસ્તવિક ન જ કહેવાય.

શ્રીજિનેશ્વરદેવોમાં સમકિતની પ્રાપ્તિ પછી ગુણોનો પ્રારંભ થાય છે, પ્રત્યેક ભવોમાં રત્નત્રયીનો અભ્યાસ વધે છે અને સુગુરુઓની ઉપાસના ચાલુ હોય છે. જેમ હુંશીયાર ખેડુત ઘણી આવડત અને મહેનત વડે ક્ષેત્રને શુદ્ધ બનાવી પછી અનાજ વાવે છે, અને ઘણો સારો પાક પેદા કરે છે, તેમ શ્રીજિનેશ્વરદેવોના આત્માઓ પણ ઘણા ભવો અગાઉથી આત્મા-

રુપી ક્ષેત્રને શુદ્ધ કરવા પ્રારંભ કરે છે. પછી તેમાં રત્નત્રયીનાં ઉચ્ચાં બીજ વાવે છે. અને તેથી છેલ્લા ભવમાં ઉચ્ચ ગુણોનો ઘણો સારો પાક ઉત્પન્ન થાય છે.

—※—

જિનેશ્વરદેવોના ચાર મૂલ (મોટા) અતિશયો.

૧ જ્ઞાનાતિશય, ૨ વચનાતિશય, ૩ પૂજાતિશય, ૪ અપાયાપગમાતિશય. જ્ઞાનાતિશય વડે પ્રભુજી લોકાલોકના ભાવ જાણી શકે છે. વચનાતિશયવડે દેવ, મનુષ્ય અને તિર્યંચની સભામાં તે સહુ સમજી શકે તેવી ભાષાથી ઉપદેશ આપી શકે છે. અને લાખો ક્રોડો જીવોને હેય-જ્ઞેય-ઉપાદેયનું ભાન કરાવી, વિષય અને કષાયની દુષ્ટતા સમજાવી, મોક્ષની આરાધનાના રસિઆ બનાવે છે. પૂજાતિશયવડે ચાર નિકાયના દેવોથી અને મનુષ્યોથી સદાકાળ પૂજાતા રહે છે. અપાયાપગમાતિશયથી ભગવાન જિનેશ્વરદેવના પોતાના તમામ અપાયો-કષ્ટો દૂર થાય છે, અને ભગવાન જ્યાં વિચરે ત્યાં પણ સવાસો જોજન સુધી ચારે બાજુના ઈતિ, ઉપદ્રવ, મારી, મરકી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, સ્વ-પર ચક્રનો ભય વિગેરે નાશ પામે છે.

શંકા—હુમણાં હુમણાં ઘણા માણસો એવા પ્રશ્ન કરે છે કે, શ્રી જિનેશ્વરોને દેવતાઓ વંદન કરવા અને તેમનું વ્યાખ્યાન સાંભળવા આવતા હતા. આવી બાબતમાં ઈતિહાસનું બાસ પ્રમાણ નથી. તો શ્રીજિનેશ્વરદેવોને દેવો વાંદવા આવ્યા કે તેમનું વ્યાખ્યાન સાંભળવા આવ્યા તેનું પ્રમાણ તમે બતાવી શકો છો ?

સમાધાન—શ્રીજૈનસાહિત્યમાં એવું કોઈ પુસ્તક જ નહિ

મળે કે જેમાં દેવતાઓ દ્વારા શ્રીજિનેશ્વરદેવોનું થયેલું બહુમાન વાંચવા ન મળી શકે. છતાં થોડા ઉદાહરણ ટાંકીએ.

જૈનસાહિત્યમાં ઘણું જ પ્રાચીન અજિતશાંતિ નામનું સ્તોત્ર છે. તેમાં પ્રભુ શ્રીઅજિતનાથસ્વામીની અને શ્રીશાંતિનાથસ્વામીની સ્તુતિ છે. તેના કર્તા મહાવીરપ્રભુના શિષ્ય નંદિષેણમુનિ છે. તેઓ તેમાં જણાવે છે કે,

"सुर-असुर-गरुल-भूयगवइ पयय पणिवइयं..."
"असुर-गरुल-परिवंदिअं, किन्नरोरगनमंसिअं,
देवकोडिसयसंथुअं, समणसंघपरिवंदिअं ॥"

અર્થ—વૈમાનિક, ભુવનપતિ, જ્યોતિષ્ક અને વ્યંતર દેવોના પતિ એટલે ઇન્દ્રો. તે ઇન્દ્રોવડે ઘણા આદરથી પ્રણામ કરાએલા. અને શ્રમણપ્રધાન ચતુર્વિધસંઘવડે વંદાએલા.

તથા આવશ્યકસૂત્રો જે ગણધર ભગવાનપ્રણીત છે. તેમાં પણ જુઓ.

"जो देवाणवि देवो, जं देवा पंजली नमंसंति,
तं देवदेवमहियं, सिरसा वंदे महावीरं ॥"

અર્થ—જેઓ દેવોના પણ દેવ છે, દેવો જેમને બે હાથ જોડીને નમસ્કાર કરે છે, ઇન્દ્રો વડે પૂજાએલા છે એવા ભગવાન મહાવીરદેવને હું નમસ્કાર કરું છું.

મહાપ્રભાવક સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજ ફરમાવે છે કે,

"देवेन्द्रवंद्य विदिताखिलवस्तुसार...."

અર્થ—દેવેન્દ્ર એટલે-દેવોના સ્વામી ઇન્દ્રો વડે વંદાએલા અને જગતના પદાર્થ માત્રના રહસ્યને પામેલા ભગવાન જિનેશ્વર દેવો હોય છે.

ભગવાન શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે—
"भावावनामसुर-दानव-मानवेन..."

અર્થ– દેવેન્દ્રો, અસુરેન્દ્રો અને ચક્રવર્તીઓ પણ જે જિનેશ્વરદેવોને ભાવથી નમસ્કાર કરે છે.

મહાપ્રભાવક શ્રીમાનતુંગસૂરિ મહારાજ કહે છે કે,
" पादौ पदानी तव यत्र जिनेंद्र ! धत्तः ।
पद्मानि तत्र विबुधाः परिकल्पयंति ॥"

અર્થ—હે જિનેંદ્ર ! આપના ચરણો જ્યાં પાદ સ્થાપે છે ત્યાં આગળ પહેલેથી દેવો સુવર્ણના કમળોને ગોઠવતા રહે છે. અર્થાત્ શ્રીજિનેશ્વરદેવો સુરસંચારિત કનકકમલો ઉપર વિહાર કરે છે.

ભગવાન શ્રીજિનેશ્વરદેવોમાંથી રાગ, દ્વેષ અને અજ્ઞાનતા તદ્દન ક્ષય પામી ગયેલા હોવાથી, **જ્ઞાનાતિશય** પ્રકટ થાય છે, તે પણ યુક્તિસંગત છે.

જેમનામાં રાગદ્વેષ અને અજ્ઞાનતા બીલકુલ હોયજ નહિ, તેમના વચનો ત્રણે જગતને રૂચે એ પણ વાત બનવા યોગ્ય છે.

આજે પણ સારા ચારિત્રવાળા, બુદ્ધિશાળી, તટસ્થ, અક્ષોભમનુષ્યનાં વચનો બધા મનુષ્યો માન્ય રાખે છે. ત્યારે ભગવાન શ્રીજિનેશ્વરદેવો તો તદ્દન રાગદ્વેષ વગરના છે, બીલકુલ નિષ્પૃહ પુરુષ છે, સર્વજ્ઞ છે, તો તે મહાપુરુષનાં વચનો જગતને રૂચે, એ બનવા યોગ્ય છે. તેથી **વચનાતિશય** પણ સુસંગત જ છે.

આખા જગતમાં કિંમતીમાં કિંમતી વસ્તુ વચન છે. વચનોની કિંમત લાખો અને ક્રોડો અંકાઈ છે. મહાકવિઓના અકેક શ્લોક કે ગાથાના રાજા–મહારાજાઓએ કદર કરીને લાખો ક્રોડો

આખ્યાની ઇતિહાસ સાક્ષી પૂરે છે. વચનના એકેક પ્રસંગો વડે માણસો શૂળી-ફાંસીની શિક્ષાથી બચી ગયા છે. વચનો મંત્રાક્ષરમાં પરિણમવાથી સર્પ વિગેરેનાં મહાવિષ ઉતરી જાય છે.

જ્યારે ભગવાન તીર્થંકરદેવો વચનરૂપી રત્નોના સમુદ્ર છે. જેમ તમામ રત્નો સમુદ્રમાંથી નીકળે છે, તેમ જગતના તમામ જ્ઞેય પદાર્થોને બતાવનારા વચનો ભગવાન જિનેશ્વરદેવોથી પ્રકટ થયા છે. માટે જ ત્રણે જગતના જીવો એટલે સુરાસુર-મનુષ્યોથી પ્રભુજી પૂજાય તે વ્યાજબી જ છે. આ રીતે શ્રીજિનેશ્વરોમાં પૂજાતિશય પણ ઘટી શકે છે.

દુઃખ માત્રનું અસાધારણ કારણ રાગ, દ્વેષ અને અજ્ઞાનતા જ છે. આ ત્રણે કારણો જેમણે નિર્મૂલ નાશ કર્યાં હોય તેમને મનનું, વચનનું કે કાયાનું દુઃખ કયાંથી હોય ! કહ્યું છે કે,

"રાગદ્વેષ અજ્ઞાનતા, દુઃખનાં કારણ તીન,
નાશ કર્યાં જે નરવરે તે શા માટે દીન."

ભગવાન જિનેશ્વરદેવોના તમામ અપાયો એટલે દુઃખો નાશ પામી જવાથી અપાયાપગમ અતિશય પ્રકટ થાય છે. તે પણ વ્યાજબીજ છે.

શંકા—જો ભગવાન જિનેશ્વરદેવોના અપાયો-દુઃખો સર્વથા નાશ પામ્યાં કહેવાય છે, તો પછી પ્રભુમહાવીરસ્વામીને કેવળજ્ઞાન થયા પછી લોહીના ઝાડા થયા તેનું શું કારણ ?

સમાધાન—જેટલી વાતો કહેવાય છે, તેટલી મોટા ભાગે બનવા યોગ્ય વસ્તુનું જ ભારપૂર્વક વર્ણન થાય છે. તેમ જિનેશ્વરદેવોના તમામ અપાયો નાશ થઈ જાય છે. તો પણ કોઇક ભાવિભાવની વિચિત્ર પળે ન બનવા યોગ્ય બીના પણ

બની જાય છે. આથી પ્રભુ મહાવીરદેવને થયેલી પીડા આશ્ચર્ય–'અસંભવિતસંભવ' તરીકે થયેલ છે. અને તેથી જ તે દશ આશ્ચર્ય માંહેલું એક આશ્ચર્ય ગણાયું છે.

નમસ્કારમહામંત્રનું પહેલું પદ '**નમોઅરિહંતાણં**' ઘણાજ ઉપયોગથી વિચારાય તો ઉપરના ચારે નિક્ષેપાનું પ્રમાણ બરાબર ધ્યાનમાં આવી શકે.

અઢીદ્વીપમાં અતીતકાળમાં અનંતા જિનેશ્વરો થઈ ગયા છે. બધા જિનેશ્વરોનાં નામ હતા, એ ચોક્કસ છે. આપણે હમણાં જે જિનનામોનો જાપ કરીએ છીએ, તે નામો પણ અનંતા જિનેશ્વરદેવોને અપાયેલાં–પ્રાપ્તથયેલાં સંભવે છે. જેમ હમણાં પણ મુનિસુવ્રતપ્રભુનાં અને નમિનાથસ્વામીનાં નામો ત્રણે ચોવીશીમાં મળે છે. તેમ બધા જિનેશ્વરદેવોનાં નામો પણ અનંતા તીર્થંકરોને પ્રાપ્ત થયેલાં હોવાથી **નામનિક્ષેપ** પણ પ્રમાણયુક્ત જ ગણાય.

જેમ ચોવીશ જિનેશ્વરનાં કે અઢીદ્વીપના સર્વ જિનેશ્વરદેવોનાં નામો અનંતકાળમાં અનંત થયા, તે જ પ્રમાણે અતીતકાળે પ્રભુ પ્રતિમાઓ પણ અનંતી થઈ હોય એ પણ શક્ય છે. કારણ કે પ્રભુજીના નામનિક્ષેપા કરતાં, **સ્થાપનાનિક્ષેપો** અત્યારે પણ અનેકગુણો દેખાય છે. તેજ પ્રમાણે અતીતકાળે અનંતી પ્રતિમા થઈ હોય. અને શાશ્વતી પ્રતિમાજી તો અસંખ્યાતીજ હતી, છે, અને રહેવાની. આ રીતે **સ્થાપનાનિક્ષેપો** પ્રમાણોપેતજ છે. અને એક પ્રતિમાજીને નમસ્કાર કરવાથી અનંતી પ્રભુપ્રતિમાને નમસ્કાર થાય છે. જેમ,

"जंकिंचि नामतित्थं, सग्गे पायालि माणुसे लोए।
जाइं जिणबिंबाइं ताइंसव्वाइं बंदामि ॥ १ ॥"

અર્થ–સ્વર્ગમાં, પાતાલમાં, કે મનુષ્યલોકમાં, [તિર્છા લોકમાં] જેટલાં જિનેશ્વરદેવોનાં બિંબો હોય, તથા જે કોઈ તીર્થ હોય, તેને સર્વને હું વંદના કરૂં છું.

આ એકજ શ્લોકથી ભુવનપતિ, વ્યંતર, વાણવ્યંતર મૃત્યુલોક, જ્યોતિષ્ક અને વૈમાનિકદેવલોકનાં તમામ જિનાલયો અને જિનપ્રતિમાઓને નમસ્કાર થાય છે, તેજ પ્રમાણે **'नमो अरिहंताणं'** પદનો ઉચ્ચાર કરવાથી જાણકાર અને ઉપયોગવંતને સર્વ ક્ષેત્રના અને સર્વકાળના જિનેશ્વરોના ચારેનિક્ષેપાઓને નમસ્કાર કર્યાનો લાભ પ્રાપ્ત થાય છે.

'जेअ अइआ सिद्धा, जेअ भविस्संतिणागए काले,
संपइअ वट्टमाणा, सव्वे तिविहेण वंदामि ॥ १ ॥"

અર્થ—ભૂતકાળમાં જેટલા જિનેશ્વરદેવો મોક્ષમાં ગયા છે, ભવિષ્યકાળે જે જિનેશ્વરદેવો મોક્ષમાં જવાના છે. વર્તમાનકાળે જેટલા છદ્મસ્થ જિનેશ્વરો વિદ્યમાન છે, તે સર્વ જિનેશ્વરદેવોને હું મન, વચન, કાયાથી વંદન કરૂં છે.

જેમ આ એક જ ગાથા વડે સર્વક્ષેત્રના અને સર્વકાળના શ્રીજિનેશ્વરદેવોને નમસ્કાર થાય છે. તેમ નમસ્કાર મહામંત્રના એક જ **'नमो अरिहंताणं'** વાક્ય વડે પણ સર્વકાળ અને સર્વ ક્ષેત્રના સર્વ જિનેશ્વરોને નમસ્કાર થાય છે.

જેમ મહાવિદેહ ક્ષેત્રમાં સર્વજ્ઞ દશામાં હાલ વિચરતા શ્રીજિનેશ્વરદેવો, ભાવ તીર્થંકર હોવા છતાં પણ ભરતક્ષેત્રના મનુષ્યોને માટે તો ક્ષેત્રાતીત જ છે, તેવી રીતે અતીત અને ભવિષ્યકાળના સર્વ જિનેશ્વરો, તે કાળમાં ભાવજિનેશ્વરો હોવા છતાં આપણે માટે કાળાતીત હોવાથી દ્રવ્યજિનેશ્વરો છે. આમ

છતાં જાણકાર-ઉપયોગવંત જીવ પોતે ભાવજિનની અવસ્થાનું ચિંતન કરે તો, તેને ભાવજિનેશ્વરનાં વંદન અને દર્શન જેવો જ લાભ થાય છે.

હવે ઉપરના ચાર નિક્ષેપાના વર્ણનથી અને ચારે નિક્ષેપાની સંખ્યાનો વિચાર કરાયતો, નમસ્કારમહામંત્રથી થતા વિસ્તૃત નમસ્કારનું પ્રમાણ પણ સમજી શકાય તેમ છે. ઉપરોક્ત બધા નિક્ષેપા [નામ, સ્થાપના અને દ્રવ્ય] પ્રમાણ વડે અનંતા છે, તેમાં પણ આપણે ફક્ત અતીતકાળમાં થયેલા અને ભવિષ્યકાળે થવાના જિનેશ્વર ભગવંતોનાં નામો વિચારીએ તો અનંતા કેવલી ભગવંતો અનંતા લોકાકાશ જેટલા ક્ષેત્રોમાં લખે તો પણ પુરા લખાય કે કેમ? એ શંકાસ્પદ ગણાય.

આ '**नमो अरिहंताणं**' એક જ વાક્યથી, જાણકાર ઉપયોગવંતને, અનંતા તીર્થંકરોને નમસ્કાર કર્યાનો લાભ થતો હોવાથી, પચ્ચાસ સાગરોપમનાં પાપ ક્ષય થાય, એટલું જ નહિ પણ ઉત્કૃષ્ટયોગીનાં, સર્વકર્મ ક્ષય થઈ જાય, તો પણ અતિશયોક્તિ ન ગણાય. કારણ કે અતિજાગૃત દશામાં આવેલા અતિમુક્તકુમાર મુનિ, એકજ 'પણગદગ' વાક્યના વિચારમાં આરુઢ થઈ, કેવળજ્ઞાન પામ્યા છે. તથા ઉપશમ, વિવેક, અને સંવરઆ ત્રણ પદના વિચારમાં આરુઢ થએલા ચિલાતિપુત્ર ચોર, મહાભયંકર કુગતિમાં જવાને બદલે, દેવગતિ પામ્યા છે, તો પછી જાણકાર ઉપયોગવંત આત્મા '**नमो अरिहंताणं**' પદના ધ્યાનથી સર્વજ્ઞપણું કે મોક્ષ મેળવે એ બનવા યોગ્ય જ છે.

શંકા— આપણે ફક્ત એક જ વાર નમસ્કાર કરીએ તેથી અનંતા કાળના જિનેશ્વરદેવોને પ્રણામ શી રીતે થાય?

સમાધાન— જેમ એક મોટી સભા ભરાએલી હોય, ત્યાં કોઈ મનુષ્ય હું સમસ્ત સભાને પ્રણામ કરું છું એમ બોલે તો, સમસ્ત સભાને પ્રણામ પહોંચે છે. તેમ અહિં પણ **नमो अरिहंताणं** એ પદમાં બહુવચન હોવાથી, તેનો અર્થ પણ (સર્વ) અરિહંતોને નમસ્કાર થાઓ. એવો થાય છે, એટલે ક્ષેત્ર અને કાળના વિભાગ વિના બોલાયેલું વાક્ય, સર્વ ક્ષેત્ર અને સર્વ કાળના જિનેશ્વરદેવોને બતાવે છે, તેથી એક જ **'नमो अरिहंताणं'** પદના ઉચ્ચારથી સર્વક્ષેત્રના અને સર્વકાળના—નામજિન, સ્થાપનાજિન, દ્રવ્યજિન અને ભાવજિનને નમસ્કાર થાય તે યુક્તિસંગત જ છે.

વલી જેમ દેવ, મનુષ્ય, પશુ અને નારક વિગેરે શબ્દો સર્વક્ષેત્રના અને સર્વકાળના દેવ, મનુષ્ય, પશુ અને નારક વિગેરે-શબ્દોના વાચ્ય—અર્થને સમજાવી શકે છે. તે જ પ્રમાણે **'नमो अरिहंताणं'** વાક્ય પણ સર્વકાળ અને સર્વક્ષેત્રના અરિહંતપદના ચારે નિક્ષેપાઓને જરૂર સમજાવી શકે છે.

શંકા—સામાન્ય કેવલી અને તીર્થંકર કેવલીમાં શું તફાવત હોય છે?

સમાધાન—સામાન્ય કેવલીમાં જે અસોચ્ચાકેવલી હોય છે તેઓ, સર્વજ્ઞ હોવા છતાં કોઈને ઉપદેશ આપતા નથી. બીજા કેવલીભગવંતો ઉપદેશ આપે છે, પરંતુ જિનેશ્વરની જેટલા તેમનામાં અતિશયો વિગેરે હોતા નથી, માટે તેમનો ઉપદેશ સાંભળવા બહુ જ થોડા મનુષ્યો આવે છે. તેથી સામાન્ય કેવલીના ઉપદેશની અસર બહુ જ થોડી થાય છે. એટલે શ્રીજિનેશ્વરદેવો દ્વારા થતા ઉપકારની અપેક્ષાએ તેઓ ઓછા ઉપકારી છે.

શંકા—જો સર્વજ્ઞપણામાં ઓછા–વધતાપણું ન હોય તો ઉપદેશની અસર થોડી થવાનું કારણ શું ?

સમાધાન—તીર્થંકરકેવલી અને સામાન્યકેવલીના સર્વજ્ઞપણામાં ફેર નથી. પરંતુ તેમણે બાંધેલું જિનનામકર્મ, એટલું ઉચ્ચું પુણ્ય છે કે, જેના ઉદયથી ભગવાન જિનેશ્વરદેવોના પ્રત્યેક વાકયની ઘણી જ અસર થાય છે.

શંકા—જ્ઞાનની સમાનતા હોવા છતાં સામાન્યકેવલી કરતાં જિનેશ્વરકેવલી દ્વારા ઉપકાર વધારે થાય આ વાત કેવી રીતે ઘટી શકે ?

સમાધાન—સામાન્યકેવલીની અને શ્રીજિનેશ્વરભગવંતોની જ્ઞાનમાં તો સમાનતા છે. અને ગણધરભગવંતો તો છદ્મસ્થ હોય છે, તો પણ શ્રીજિનેશ્વરદેવોનું છ ઘડીનું વ્યાખ્યાન થયા પછી, ત્યાં સમવસરણમાં બીજા ઘણા કેવલીભગવંતો હોવા છતાં, કેવલીભગવાન ઉપદેશ સંભળાવતા નથી. પરંતુ મુખ્ય ગણધરમહારાજ સંભળાવે છે. જેની પણ ઘણી જ સુંદર અસર થાય છે.

ઘણી અનુભવ સિદ્ધવાતો છે, કે, જ્યાં ગુણ કામ કરતા નથી પણ પુણ્ય જ કામ કરે છે. વાચકવર શ્રીયશોવિજયજી ગણિવરના પ્રસંગમાં એક ઘટના બની છે. તે એવી છે કે, એક શહેરમાં ઉપાધ્યાયજી મહારાજ વ્યાખ્યાન વાંચતા હતા. સભા ઘણી જ ચીકાર ભરાતી હતી. પાંચ–પંદર દિવસ ગયા પછી સભા ઘટી ગઈ. ત્યારે સભા ઘટવાનું કારણ, સભાને જ પૂછવામાં આવ્યું, ત્યારે તે આવનાર ભાઈઓ પૈકી કોઇએ જવાબ આપ્યો. કે, અહીં સુમતિવિજયજી ઉપાધ્યાયના શિષ્ય રામ-

વિજયજી ગણિવર પધાર્યા છે. તેમની વ્યાખ્યાન શૈલી એટલી સુંદર છે કે, મોરલી ઉપર નાગ ડોલે તેમ તેમના વ્યાખ્યાનથી આખી સભા ડોલે છે.

હમણાંના સાક્ષાત્ અનુભવાતા દાખલા પણ, ઉપરની દલીલને જ પુષ્ટ કરે છે. અત્યારના આ કાળમાં જૈનશાસનના વર્તમાન આગમ, પ્રકરણ, ન્યાય, વ્યાકરણ, કાવ્ય, કોષ આદિના સારા સારા જાણકારો છે. તેમનું અનુભવ જ્ઞાન પણ આશ્ચર્ય પમાડે તેવું હોય છે, છતાં શાસ્ત્રપારગામીઓની અપેક્ષાએ બહુ થોડું પામેલા, કેટલાક વ્યાખ્યાનકારોની સભાઓ ભરપૂર દેખાય છે, અને શાસ્ત્રપારગામીઓની સભાઓ ઘણી સામાન્ય જણાય છે. એ જ પ્રમાણે ભગવાન જિનેશ્વરદેવો, સર્વગુણસંપન્ન હોવાની સાથે, મહાપુણ્યવાન પુરુષ હોવાથી, એ મહાપુરુષોના જેવો ભાવઉપકાર, આ ત્રણે જગતમાં કોઈ પણ કરવાને સમર્થ થઈ શકતું નથી.

ભગવાન જિનેશ્વર દેવો જગતના અજોડ ઉપકારી હોવાથી, તેમના તે મહાન ઉપકાર ગુણને જ બતાવવા માટે, પૂર્વના મહર્ષિઓએ તેમને માટે ચાર વિશેષણો વાપર્યાં છે.

"મહાગોપ મહામાહણ કહીએ, નિર્યામક સત્થવાહ;
ઉપમા એહવી જેહને છાજે,
તે જિન નમિએ ઉછાહ રે...ભવિકા !"

અર્થ— જેમ ગોવાલ ગાયો વિગેરે ઘણનું રક્ષણ કરે છે, તેમ ભગવાન જિનેશ્વરદેવ, જગતના ભવ્ય જીવોનું રક્ષણ કરે છે. અને હિંસાના કટુકફળો સમજાવી છકાય જીવોને અભયદાન અપાવે છે, ભવ્ય આત્માઓ પણ, તેમના ઉપદેશથી, જીવ-

દયા વિગેરે મહાવ્રતો અને અણુવ્રતો પાળીને, નરકાદિ કુગતિ-ઓમાં જતા બચે છે. અને જિનેશ્વર પ્રભુના આશ્રિત બનીને સર્વ દુઃખોથી મુકત થાય છે. તે પ્રભાવ તીર્થંકર દેવનો જ છે, માટે તેઓ છકાય જીવોના રક્ષક છે. તેથી જિનેશ્વર દેવોને મહાગોપ કહ્યા છે.

જીવદયાનું સ્વરૂપ સમજેલા આત્માઓ પોતે જીવોને બચાવે છે, અને બીજાને પણ કહે છે કે, કોઈપણ જીવને હણીશ નહી. હણીશ નહી. તેનો પ્રયોગ **'માહન'** થાય છે અને પાકૃત-ભાષામાં **'માહણ'** થાય છે. કોઈ પણ જીવને હણીશ નહિ, આવું બોલનાર અને આચરનાર, બન્ને આત્મા મહાન કહેવાય છે. જ્યારે ભગવાન જિનેશ્વરદેવ પોતે ત્રણ જગતમાં રહેલા પ્રાણી-માત્રને હણતા નથી, અનેઆખા જગતને જીવદયાપ્રતિપાલ બનાવે છે. માટે જ શ્રીજિનેશ્વરદેવોને **મહામાહણ** કહેવાય છે.

જેમ કોઈ ઉચ્ચામાં ઉચ્ચું વહાણ હોવા છતાં, અજાણ મનુષ્યો તેના અવલંબનથી, સમુદ્રનો પાર પામી શકતા નથી, પરંતુ સમુદ્રના માર્ગનો બરાબર જાણકાર કેપ્ટન હોયતો, મુસાફરો તે જ વહાણથી નિર્ભય અને નિર્વિઘ્નપણે સમુદ્ર તરી શકે છે. તેમ આ જીવને સંસાર સમુદ્ર તરવા માટેની સામગ્રી મળવા છતાં ભગવાન જિનેશ્વરદેવ જેવા નિર્યામક એટલે કેપ્ટન ન મલવાથી (દાન દેવા છતાં શીલ પાલવા છતાં અને ઘોર તપસ્યા કરવા છતાં) આત્માને સંસારનો પાર મલ્યો જ નહિ. કોઇક કવિવર કહે છે કે,

"કાંતો ગુરુ બાવલીઓ મલીઓ,કાંતો જીવ તું પાપી
ધર્મ પ્રયાસ અનંતા કીધા, પણ કર્મજાલ નવિ કાપી."

આ જીવને લગભગ કુદેવ, અને કુગુરુજ મલ્યા છે. કોઈકવાર વખતે વીતરાગ ભગવાન મલ્યા હોય તો પણ, આ આપણા અજ્ઞાની જીવડે ઓલંખ્યા જ નહિ. તેથી પૂર્વના મહર્ષિઓ કહે છે કે, આ 'અપાર સંસાર સમુદ્રના મહાનિર્યામક (કેપ્ટન) ભગવાન વીતરાગજ છે' તેમનો આશ્રય લેવાથી, એટલે તેમના શાસનરુપ વહાણમાં બેસવાથી, આત્મા ઘણી ત્વરાએ સંસારરુપ સમુદ્રનો પાર પામી શકે છે. માટે ભગવાન જિનેશ્વરદેવોને મહાનિર્યામક માનેલા છે.

જેમ કોઈ વેપારી હજારો વાહનો લઈને, પરદેશ જઇ દેશદેશાંતરમાં માલ વેચ લે કરે છે. તેને સાર્થવાહ કહેવાય છે. તવા વેપારી પરદેશ જતાં, બીજા પણ નાના–મોટા અનેક વેપારીઓને, આશ્રય આપી સાથે લઈ જાય છે, અને બધી પ્રકારની સગવડ આપીને, નિર્ભય રીતે અભીષ્ટ સ્થાનમાં પહોંચાડે છે. તેમ ભગવાન જિનેશ્વરદેવ પણ મોક્ષ નગરીના સાર્થવાહ છે. અને ભગવાનનો આશ્રય લેનાર ચારે પ્રકારનો શ્રીસંઘ તે મોક્ષનગરીનો વેપારી વર્ગ છે. છેક સુધી ભગવાનના શાસનરુપ વહાણનો આશ્રય ન છોડે તો મોડા–વહેલા પણ મોક્ષનગરને ચોક્કસ પામે છે. તેટલા માટે ભગવાનને **મહાસાર્થવાહની** ઉપમા આપી છે. મહાપ્રભાવક સિદ્ધસેન દિવાકર સૂરિમહારાજ પણ ફરમાવે છે કે,

'भो भो प्रमादमवधूय भजध्वमेन-
मागत्य निर्वृतिपुरीं प्रति सार्थवाहं...''

અર્થ—હે ભાગ્યશાળી સંસારવર્તિ મનુષ્યો ! પ્રમાદ-નિદ્રાનો ત્યાગ કરો....અને જાગતા થઈને ચાલો....આ મોક્ષ-

પુરીનો સાર્થવાહ જાય છે. તમારે જો મોક્ષપુરીમાં જવું હોય તો આ મહાપુરુષ શ્રીજિનેશ્વરદેવરુપ સાર્થવાહના સાર્થનો (શાસનરુપ વહાણનો) આશ્રય સ્વીકારો.

શ્રીજિનેશ્વરદેવોના ગુણો, તેમના ચાર નિક્ષેપાનું પ્રમાણ અને તેમના ઉપકારનો સંપૂર્ણ ખ્યાલ આવે તો **'નમો અરિહંતાણં'** પદ અતિ ઉપાદેય થાય. એમાં જરા પણ શંકા જેવું નથી.

ઇતિ **"નમો અરિહંતાણં"**રુપ પંચપરમેષ્ટિમાંના પ્રથમ પદનો વિચાર સંપૂર્ણ.

——*——

હવે **'નમો સિદ્ધાણં'** પદનો વિચાર કરીએ.

આ જગતની અંદર લેપસિદ્ધ, અંજનસિદ્ધ, વિદ્યાસિદ્ધ વિગેરે ઘણી જાતના સિદ્ધપુરુષો થઈ ગયાના ઇતિહાસ જાણવા મળે છે. પરંતુ **'નમો સિદ્ધાણં'** પદને ઉપરના કોઈ પણ સિદ્ધ-પદની સાથે સંબંધ ન હોવા છતાં વાસ્તવિક સિદ્ધતા કેવી રીતે ઘટી શકે છે તે જાણવા પૂર્વના મહર્ષિઓનાં વચનો જોઈએ.

"ध्मातं सितं येन पुराण कर्म, योवा गतो निर्वृत्तिसौधमूर्ध्नि;
ख्यातोनुशास्ता परिनिष्ठितार्थो यः सोस्तु सिद्धःकृतमंगलो मे ।१।।"

અર્થ—અનંતાકાળથી અત્યાર સુધી બાંધેલા તમામ કર્મ જેણે બાળી અને ભસ્મ કરી નાંખ્યાં છે, જેઓ મુક્તિરુપ મહામંદિરમાં પધારી ચૂક્યા છે, જે જ્ઞાનિપુરુષોના ચિત્તમાં પ્રસિદ્ધિને પામ્યા છે, જેઓ ભવ્ય જીવોને મોક્ષની દિશાનું સૂચન કરનાર છે, વળી જેનાં સર્વ કાર્ય સંપૂર્ણ થઈ ગયાં છે, તેવા સિદ્ધભગવાન મારૂં મંગળ કરનારા થાઓ.

હવે આપણે આવા ગુણોથી વિશિષ્ટ સિદ્ધભગવાનોને

જરા વિવેચનથી વિચારીએ.

આપણે જેમનું સ્વરૂપ વિચારવાના છીએ તે સિદ્ધના આત્માઓ સાધુ, ઉપાધ્યાય, આચાર્ય, ગણધર અને સામાન્ય-કેવલી વિગેરે મહાપુરુષોના સ્થાનોને નિષ્કલંક રીતે ક્રમસર ભોગવીને, આત્માની પરિપૂર્ણ દશાના ભોક્તા બને છે. છેલ્લા ભવના છેલ્લા સમયે શરીરનો પણ ત્યાગ કરીને, એકાન્ત નિરાલંબનદશા પામીને; એક જ સમયમાં લોકના અગ્રભાગ ઉપર પહોંચીને સાદિઅનંતભાંગે સ્થિર થયેલા સિદ્ધાત્માઓમાં અનંતાનંત ગુણો પ્રકટ થાય છે. તેમનામાં જે મહાગુણો સદાકાળ સૂર્યની પેઠે ચળકતા પ્રકાશે છે. તેમાંના મુખ્ય ૮ ગુણો છે તે આપણે જોઈએ.

૧ અનંતજ્ઞાન–જ્ઞાનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થવાથી પ્રકટ થાય છે. જેનાથી સમસ્ત લોકાલોકના સંપૂર્ણ ભાવો સિદ્ધભગવંતો જાણી શકે છે.

૨ અનંતદર્શન–દર્શનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થવાથી પ્રકટ થાય છે. જેનાથી સમસ્ત લોકાલોકને સિદ્ધભગવંતો સંપૂર્ણપણે જોઈ શકે છે.

૩ અવ્યાબાધદશા–વેદનીયકર્મનો સર્વથા ક્ષયથવાથી સિદ્ધભગવંતોને સર્વ રોગો આપત્તિઓ પીડાઓના અભાવસ્વરૂપ ગુણ પ્રકટ થાય છે.

૪ અનંતચારિત્ર–મોહનીયકર્મનો સંપૂર્ણ ક્ષય થઈ જવાથી સિદ્ધભગવંતોમાં ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રરૂપ ગુણ પ્રકટ થાય છે. જેના પ્રતાપથી આત્માની અનંતરિદ્ધિરૂપ સ્વભાવદશાનો સ્વાદ અનુભવી શકાય છે.

૫ અક્ષયસ્થિતિ–આયુકર્મનો સર્વથા ક્ષય થવાથી પ્રકટ

થાય છે. જેના પ્રતાપથી આત્માને સંસારનું પરિભ્રમણ બંધ થઈ જાય છે. અને જન્મ, જરા, અને મરણનો અભાવ થાય છે.

૬ અરૂપીપણું–નામકર્મનો સર્વથા ક્ષય થવાથી પ્રકટ થાય છે. જેના પ્રતાપે આત્મામાં રુપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દનો સર્વકાલીન વિયોગ પ્રકટ થાય છે.

૭ અગુરૂલઘુગુણ–ગોત્રકર્મનો સર્વથા ક્ષય થવાથી સિદ્ધ-ભગવંતોના આત્મામાં પ્રકટ થાય છે. જેના પ્રતાપે આત્માના હળવા–ભારે, નાના–મોટા, નીચ–ઉંચ પર્યાયો બંધ થાય છે. એટલે મનુષ્ય, દેવ, પશુ, નારકી, હલકો, ઉંચો, નીચ, દુષ્ટ, અધમ વિગેરે નામો આત્માને અપાતા હતા, તે સર્વથા બંધ થઇ જાય છે.

૮ અનંતવીર્ય–અંતરાયકર્મનો સર્વથા ક્ષય થવાથી સિદ્ધ ભગવંતોના આત્મામાં અનંત શક્તિ પ્રકટ થાય છે. જેના પ્રતાપે આત્માની અનંતકાળની દીનતા ચાલી જાય છે અને સચ્ચિદાનંદ દશા પ્રકટે છે.

આ ઉપરાંત બીજા પણ વીતરાગતા વિગેરે સ્વભાવસિદ્ધ અનંતગુણો પ્રકટ થાય છે.

શંકા—સિદ્ધભગવાનનાં આઠે કર્મ ક્ષય થઈ ગયાં અને બધી ક્રિયાઓ નિવૃત્તિને પામી. તો પછી છેલ્લા શરીરમાંથી મોક્ષમાં–લોકાગ્રમાં શી રીતે જઈ શકે ?

સમાધાન—પૂર્વપ્રયોગ, ગતિપરિણામ, બંધનછેદ અને અસંગભાવ, આ ચાર કારણે આઠ કર્મથી છુટા થએલા સિદ્ધભગ-વંતો લોકાગ્રમાં રહેલ સિદ્ધ સ્થાનસ્થ મુક્તાત્માઓમાં ભળી જાય છે.

જેમ ચાકડો, બાણ વિગેરે વસ્તુને પ્રથમ કોઈ પ્રયોગ

કરનાર હોય છે, પણ પાછળથી સ્વયં ગતિ કરે છે તેમ સિદ્ધ-ભગવંતો પણ શરીરસ્થદશાનાપ્રયોગથી ઉર્ધ્વગમન કરે છે તે પૂર્વપ્રયોગ કહેવાય છે.

જેમ પથ્થર નીચો પડે છે, વાયુ તિર્છો અગ્નિની જ્વાળા ઊંચી જાય છે, તેમ આત્માની સ્વાભાવિક ગતિ ઊંચી જ છે. ઉર્ધ્વગમન એ આત્માનો સ્વભાવ છે. તેથી આત્મા શરીરમાંથી નીકળી ઊંચો ચાલ્યો જાય છે. અને સિદ્ધસ્થાનમાં પહોંચી સ્થિર થાય છે. તે ગતિપરિણામ કહેવાય છે.

જેમ એરંડાનો દાણો એરંડાની માળ લીલી હોવાથી બહાર નીકળી શકતો નથી, પરંતુ જ્યારે તે માળ સુકાઈ અને ફાટી જાય છે, ત્યારે એરંડો કુદીને ઊંચો જવા પ્રયાસ કરે છે. તે પ્રમાણે આત્મા પણ કર્મોના બંધનથી છુટો પડી જવાની સાથે એકદમ ઊંચો જવા ગતિશીલ થાય છે. અને છેક સિદ્ધ-સ્થાનમાં પહોંચી જાય છે. આ બંધનછેદ કહેવાય છે.

જેમ તુંબડાને ચીકણી માટીના હજારો લેપ લગાવ્યા પછી પાણીમાં નાંખવાથી પાણીમાં ડુબી જાય છે. અને સો જોજન કે હજાર જોજનના ઊંડા દ્રહમાં તદ્દન નીચે જઈને પડી રહે છે, પરંતુ તે તુંબડા ઉપરના લેપ જ્યારે સર્વથા ધોવાઈ જાય છે. ત્યારે તુંબડું એકદમ ઉપર આવી જાય છે. તે વખતે ગમે તો હજાર યોજન હોય કે લાખ યોજન હોય, પણ તુંબડું અસંગ થઈ ગયું, એટલે ઉપર આવતાં વિલંબ થતો નથી. તેમ આત્મા પણ કર્મના લેપથી મુક્ત થાય, એટલે તુરત જ ઠેઠ લોકાગ્રે પહોંચી જાય છે. અને સિદ્ધસ્થાનમાં સ્થિર થઈ જાય છે. તેને જ અસંગભાવ કહેવાય છે.

શંકા—જો આત્મા અસંગ ભાવને પામ્યો છે તો પછી ઉપર વધારે આગળ કેમ વધતો નથી, અને સિદ્ધસ્થાનમાં જ અટકી જાય છે?

સમાધાન—જેમ તુંબડું તદ્દન તળીએથી અસંગ બનીને એકદમ જળની ઉપર આવી જાય છે. પરંતુ પાણીથી વધારે ઊંચુ જતું નથી તેમ આત્મા પણ અસંગ બનીને લોકાગ્ર સુધી જાય છે, પછી આગળ ધર્માસ્તિકાય વિગેરે સહાયક કારણો નથી માટે આગળ જતો અટકે છે. જેમ પાણી હોય તેટલું તુંબડું ઉપર જાય છે. તેમ ધર્માસ્તિકાય હોય તેટલો આત્મા ઉંચો જાય છે.

સિદ્ધભગવંતો કેટલા છે? કેવા છે? ક્યાં છે? ક્યારથી સિદ્ધ થવા શરુ થયા છે? આ બધી બાબતો સમજવા માટે આપણે હવે ક્રમસર વિચાર કરીએ.

આ જગતને કોઈએ બનાવ્યું નથી. બનાવવાની બધી યુક્તિઓ સાવ અજ્ઞાનતાથી ભરેલી છે. ઈશ્વર નામની કોઈ પણ અદૃશ્ય વ્યક્તિ જ નથી. તો પછી ઈશ્વરે જગત્ બનાવ્યાની વાત ઘટે જ શી રીતે? જો ઈશ્વરે જગત્ બનાવ્યાની વાત સિદ્ધ થાય તો, આત્માનો મોક્ષ ઘટી શકે જ નહિ. જો ઈશ્વરે જગત્ બનાવ્યાનું નક્કી થાય તો આત્માઓની સંખ્યા પરિમીત થઈ જાય, અને આત્માઓની પરિમીતતા નક્કી કરવા જતાં લાંબા કાળે સંસારનો અભાવ કે મોક્ષનો નિષેધ માનવો પડે. આ બધી યુક્તિથી એમ જ માનવું પડે કે, જગત અનાદિઅનંત છે. જગતને કોઈએ બનાવ્યું જ નથી તો પછી જગતનો કર્તા ઈશ્વર પણ માનવો એ નકામું છે.

જેમ દિવસ અને રાત્રિ બેમાં પહેલું કોણ? પુરુષ અને અને નારી બેમાં પહેલું કોણ? આંબો અને ગોટલી બેમાં પહેલું કોણ? માતા અને પુત્રી–પિતા અને પુત્ર, બેમાં પહેલું કોણ? આ બધા પ્રશ્નો અણઉકેલ્યા જ રહ્યા છે. તેમ આ જગતમાં મોક્ષમાર્ગ ક્યારે શરુ થયો? સૌ પ્રથમ ગુરુ કોણ હતા? સૌ પ્રથમ જિનેશ્વર કોણ થયા? સૌ પ્રથમ મોક્ષમાં કોણ ગયું? આ બધા પ્રશ્નો પણ ઉપરની માફક વચનથી અગોચર છે. છેલ્લા સર્વજ્ઞ કોણ થશે, છેલ્લા સિદ્ધ-ભગવાન કોણ હશે? આ બાબત પણ ઉપરના જેવી જ અગોચર છે. માટે જ શ્રીજિનેશ્વરદેવોએ મોક્ષમાર્ગ અનાદિ-અનંત બતાવ્યો છે, મોક્ષની આદિ કે અંત હતો પણ નહિ અને હશે પણ નહિ, માટે જ પૂર્વના જ્ઞાનિમહાપુરુષોએ ફરમાવ્યું છે કે,

"सिद्धाणं बुद्धाणं, पारगयाणं परंपरगयाणं;
लोअग्गमुवगयाणं, नमो सया सव्वसिद्धाणं ॥"

અર્થ—સર્વ કર્મનો ક્ષય કરીને કૃત્યકૃત્ય થયેલા, કેવળ-જ્ઞાન પામેલા, સંસારરૂપસમુદ્રના પારને પામેલા; પરંપરાથી મોક્ષ પામેલા (એટલે મોક્ષનો પ્રવાહ અનંતકાળથી ચાલુ જ છે) ત્યારથી અત્યાર સુધી મોક્ષમાં ગયેલા અને લોકના અગ્ર-ભાગ ઉપર જઈને સ્થિર થયેલા. એવા અનંતાનંત સિદ્ધ-ભગવંતોને મારો નમસ્કાર થાઓ.

'अेसो अणाइ कालो, अणाइ जीवो अणाइ धम्मो।'

અર્થ—કાલ અનાદિ છે, જીવ અનાદિ છે. તેમ જૈન-ધર્મ પણ અનાદિ છે. આથી એમ નક્કી થયું કે, જૈનધર્મ

અનાદિ, હોય તો અરિહંતાદિપાંચપરમેષ્ઠી પણ અનાદિ હોય જ. તેમાં સિદ્ધભગવંતો પણ અનાદિ નક્કી થઈ ગયા.

હવે સિદ્ધભગવંતોનું સંખ્યાપ્રમાણ વિચારીએ.

દ્રવ્યથી–આપણે ઉપર જોઈગયાતેમ અરિહંતભગવંતો પણ અનંતકાળમાં અનંતી ચઉવીશીઓ, અનંતી વીશીઓ અને ઉત્કૃષ્ટકાળના પણ અનંતાનંત થાયછે. તેદરેક જિનેશ્વરદેવોના શાસનમાં ગણધરદેવો નવ–દશ–અગ્યાર યાવત્ ચોરાશી અને તેથી પણ વધારે હોય છે. દરેક જિનેશ્વરદેવોના શાસનમાં હજારો, લાખો, ક્રોડો આત્મા મોક્ષમાં જાય છે. ભગવાન મોક્ષમાં ગયાપછીપણ, સંખ્યાતીતવર્ષો સુધી મોક્ષમાર્ગ ચાલુ રહેતો હોવાથી, એક જિનેશ્વરની નિશ્રાએ અસંખ્યાતા આત્મા મોક્ષમાં જાય છે. એટલે એક કાળચક્ર જેટલા સમયમાં સમયક્ષેત્રમાંથી અસંખ્યાતા મોક્ષમાં જાય છે. તે વાત નિચે મુજબ જુઓ.

અનંતા જિનેશ્વરદેવો મોક્ષમાં ગયા છે, તેનાથી સંખ્યાતગુણા ગણધરો મોક્ષમાં ગયા છે, તેનાથી અસંખ્યાતગુણા આચાર્ય, ઉપાધ્યાય અને મુનિવરો [સાધુ–સાધ્વી] મોક્ષમાં ગયા છે. એમ દરેકે દરેક અનંતાનંત મોક્ષમાં ગએલા સમજવા.

શ્રાવક–શ્રાવિકા દશામાં, ભાવમુનિદશા પામી, અનંતાનંત મોક્ષમાં ગયાછે, અને અન્યલિંગિઓ પણ તાપસાદિવેશમાં ભાવમુનિદશા પામીને, અનંતા મોક્ષમાં ગયા છે. અનંતા પુરુષો મોક્ષમાં ગયા છે, અનંતી સ્ત્રીઓ મોક્ષમાં ગઈ છે, અનંતા નપુંસકો મોક્ષમાં ગયા છે.

ક્ષેત્રથી–જંબૂદ્વીપમાંથી–એકલાખજોજન ક્ષેત્રમાંથી–બધી જગ્યાએથી અનંતા મોક્ષમાં ગયા છે. લવણસમુદ્રની

બધી બાજુએથી ગોલાકારે ચાર લાખ યોજન ઉપરથી, અનંતા મોક્ષમાં ગયાછે. ધાતકીખંડની બધી બાજુએથી, ગોલાકારે આઠલાખ યોજનમાંથી, અનંતા મોક્ષમાં ગયા છે. કાલોદધિ-સમુદ્રની બધી બાજુએથી, ગોલાકારે સોલ લાખ યોજનઉપરથી, અનંતા મોક્ષમાં ગયા છે. પુષ્કરવરદ્વીપાર્દ્ધની બધી બાજુએથી, ગોલાકારે સોલ લાખ યોજનમાંથી, અનંતા મોક્ષમાં ગયા છે.

શંકા— જંબૂદ્વીપમાં, ધાતકીખંડમાં અને પુષ્કરવરાર્દ્ધ-દ્વીપમાં, વર્ષધરપર્વતો છે, યુગલિઆઓનાં ક્ષેત્રો છે. તેમાંથી તથા ગંગા અને સિંધુ વિગેરે નદીઓમાંથી તથા લવણ અને કાલોદધિ વિગેરે સમુદ્રોમાંથી મોક્ષમાં જવાનું શાસ્ત્રોમાં બતાવેલ છે. તે શી રીતે ઘટી શકે ? કારણ કે યુગલિઆઓમાં મોક્ષે જવાની યોગ્યતા નથી, તથા સમુદ્રો અને નદીઓમાંથી મુનિ ચાલી પણ ન શકે, તો ત્યાંથી મોક્ષમાં શી રીતે જઈ શકે ? વળી ચાર લાખ અને સોળ લાખ જોજન સમુદ્રમાં તો મનુષ્યોનો પ્રવેશ પણ અસંભવિત છે. તો પછી સાધુઓતો જાય જ શી રીતે ? અને ધ્યાનાદિ ક્યાં કરી શકે ? એટલે સમગ્ર અઢીદ્વીપમાંથી અને તમામ સ્થાનોમાંથી મોક્ષ ગયાની શાસ્ત્રમાં લખેલી વાત બરાબર સમજાવો ?

સમાધાન— મોક્ષમાં જનાર આત્માઓનાં ઉત્પત્તિસ્થાનો તો ફકત પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ. આ પન્નર ક્ષેત્રો છે, તેમાં જન્મેલા મનુષ્ય મોક્ષમાં જાય છે, પરંતુ પ્રસ્તુત પન્નરક્ષેત્રના મુનિવરો પૈકી કોઈ મુનિરાજ ચરમ-શરીરી હોય, ધ્યાનમાં હોય, કેવલજ્ઞાન પામીને નજીકમાં મોક્ષ જવાના હોય. તેવે વખતે તેમને પૂર્વના કોઈ વૈરી દેવો, મારી

નાખવા માટે સમુદ્રમાં ફેંકી દેવા પ્રયાસ કરે, તેમાં બરાબર સમુદ્ર કે નદી ઉપર આવતાં જ, કેવલજ્ઞાન પ્રાપ્ત કરી, કાળધર્મ પામી મોક્ષમાં જાય. વળી કોઈ મુનિ નંદીશ્વરાદિની યાત્રાએ જતા હોય, કોઈ મુનિ કાર્યવિશેષ–પામી લબ્ધિની શક્તિથી આકાશમાર્ગે જંબૂદ્વીપમાંથી ધાતકીખંડમાં કે ધાતકીખંડમાંથી પુષ્કરવરદ્વીપમાં જતા હોય, વચમાં સમુદ્ર કે નદી ઉપરથી કે યુગલિયાના ક્ષેત્રો ઉપરથી ધ્યાનારૂઢ થઈ કેવલજ્ઞાન પામી આઠે કર્મ ખપાવીને સમશ્રેણિએ મોક્ષમાં ચાલ્યા જાય છે. તેવા બનાવો પણ એક કાળચક્રમાં એક થાય તો પણ અનંતકાળે અનંતાથાયછે. માટે જ પીસ્તાલીશલાખ યોજન ક્ષેત્રમાંથી એકેએક જગ્યાએથી પણ અનંતા મોક્ષમાં ગયાની વાત બરાબર છે. એટલે પીસ્તાલીશ-લાખયોજન પ્રમાણ અઢીદ્વીપમાંથી એકેક અંગુલ કે એકેક વાલાગ્રભાગમાંથી અનંતાકાળે અનંતા જીવો મોક્ષમાં ગયા છે. અને લોકના અગ્રભાગ ઉપર પીસ્તાલીશલાખ યોજન પ્રમાણ ક્ષેત્રમાં એકેક અવગાહનાએ અનંતા સિદ્ધભગવંતો રહેલા છે. એટલે પીસ્તાલીશલાખ યોજન ક્ષેત્રના જેટલા આકાશ પ્રદેશ છે તેટલી–અસંખ્યાતી અવગાહનાઓ થાય છે.

કાલથી–એક પુદ્ગલપરાવર્ત્તકાળમાં ભરત–ઐરવતક્ષેત્રમાં અનંતી ચોવીશીઓ થાય છે અને મહાવિદેહક્ષેત્રમાંતેનાથી પણ અસંખ્યાતગુણી વીશીઓ થાય છે. એવા અત્યારસુધી અનંતાનંત પુદ્ગલપરાવર્ત્ત થઈગયા છે. તેથી સિદ્ધભગવંતો પણ અનંતા-નંત થયા સમજવા.

આ પ્રમાણે સિદ્ધભગવંતોની સંખ્યા વિચારતાં અનંતા-

નંત પદો થાય છે. એક વાર **'નમો સિદ્ધાણં'** પદનો ઉચ્ચાર કરવાથી ઉપર ગણાવેલા સર્વસિદ્ધભગવંતોને નમસ્કાર થાય છે. પરંતુ જાપ કરનાર આત્મા જાણકાર અને ઉપયોગી હોય તો. ઉત્કૃષ્ટ પરિણામથી એક જ વાર **'નમો સિદ્ધાણં'** પદનો જાપ કરતાં સર્વકર્મ ક્ષય કરી નાખે છે. મધ્યમપદે એક **'નમો સિદ્ધાણં** પદનો જાપ કરવાથી મધ્યમ ફળની પ્રાપ્તિ થાય છે.

હવે દ્રવ્યસિદ્ધભગવંતો વિચારીએ.

વર્તમાનકાળે પાંચમહાવિદેહક્ષેત્રની ૧૬૦ વિજયોમાં સર્વજ્ઞભગવંતો વિચરે છે. પાંચમહાવિદેહની આઠમી, નવમી, ચોવીશમી અને પચ્ચીશમી આ ચાર વિજયોમાં અને પાંચેની ૨૦ વિજયોમાં શ્રીસીમંધરસ્વામી વિગેરે વીશ જિનેશ્વરો હાલમાં વિચરી રહેલ છે. તે દરેક પ્રભુજીના પરિવારભૂત દશ-દશલાખ કેવલીભગવંતો હોવાથી ૨૦ જિનેશ્વરોનો પરિવાર બે ક્રોડ કેવલીભગવંતો થાય છે. તથા બાકી રહેલી ૧૪૦ વિજયોમાં પણ પ્રાયઃ લાખો કે ક્રોડોની સંખ્યામાં કેવલીભગવંતો હોવાનો સંભવ છે. આપણો **'નમો સિદ્ધાણં'** પંદોચ્ચાર, ઉપર બતાવેલા મહાવિદેહક્ષેત્રના ૧૬૦ વિજયોના બધા કેવલીભગવંતોને પહોંચે છે. કારણકે બધા કેવલીભગવંતો પણ **'નમો સિદ્ધાણં'** પદમાં દ્રવ્યથી અંતર્ગત થાય છે.

તથા વળી જે ચરમશરીરી આત્માઓ છે. દાખલા તરીકે મરુદેવાસ્વામિની, પૃથ્વીચન્દ્ર અને ગુણસાગર તથા દૃઢપ્રહારી ચોર જેવા આત્માઓ તેજ ભવમાં-ભવપ્રાન્તે કે વચમાં કેવળજ્ઞાન પામી મોક્ષમાં જનારાછે. તેપણ દ્રવ્યસિદ્ધો હોવાથી **નમો સિદ્ધાણં'** પદમાં જ અંતર્ગત થાય છે.

શંકા—જેમનામાં હજી જૈનધર્મ આવ્યો જ ન હોય, તેઓને નમસ્કાર કેમ કરી શકાય ?

સમાધાન—જેમ કોઈએ આવતા જન્મનું દેવનું આયુષ્ય બાંધ્યું હોય તે આત્માઓ દ્રવ્યદેવ કહેવાય છે. તે જ પ્રમાણે જેઓ તેજ ભવમાં ચોક્કસ મોક્ષમાં જવાના છે. તે દ્રવ્યસિદ્ધ કહેવાય છે, અને તેઓ પણ **'નમો સિદ્ધાણં'** પદમાં અંતર્ભાવે છે.

હવે મોક્ષમાં પધારી ગએલા મહાન્ પુરુષો છેલ્લા ભવમાં કેટલાં ઉચ્ચકોટીનાં સમ્યગ્દર્શન, જ્ઞાન, અને ચારિત્ર આરાધીને તથા ક્રોધાદિમહાનશત્રુંઓ ઉપર વિજય મેળવીને અને કેવા પરિષહો અને ઉપસર્ગો ભોગવીને મોક્ષમાં ગએલા હોયછે તેમાંનાં થોડાં ઉદાહરણો અહીં જોઈએ.

શ્રીઢંઢણમુનિ

ઢંઢણમુનિવર એ ત્રણખંડના રાજવી કૃષ્ણવાસુદેવના પુત્ર હતા, અને ત્રણજગતનાસ્વામી શ્રીનેમનાથપ્રભુજીના શિષ્ય હતા. તેઓ મહાત્યાગી, વૈરાગી અને તપસ્વી હતા. એક વાર તે મહાત્માને ગયા જન્મનાં અંતરાયકર્મ ઉદયમાં આવ્યાં, આ વખતે તેઓ ભગવાનની સાથે દ્વારિકાનગરીના નજીકના ઉદ્યાનમાં પધાર્યા હતા.

તેઓ પોતાને સારુ દ્વારિકામાં ગોચરી ફરતા હતા, પરંતુ આખા નગરમાં તેમને નિર્દોષઆહાર મળતો ન હતો. તેથી તેઓ દરરોજ ફરીને પાછા આવતા હતા. છતાં તેઓ મનમાં દીનતારહીત હતા. ભગવાને તેમને કહ્યું કે, 'હે વત્સ ! તમને લાભાન્તરાયકર્મ ઉદય આવ્યું છે.' પછી તો આ મહાસાત્ત્વિક-પુરુષે પ્રભુજી પાસે અભિગ્રહ લીધો કે, 'મને પોતાની જાતે

પોતાની લબ્ધિથી, નિર્દોષઆહાર મળે તો જ મારે ગ્રહણ કરવો, અન્યથા તપોવૃદ્ધિ–ચોવિહાર ઉપવાસ કરવા.' આવી ઉત્કૃષ્ટદશામાં તે મહામુનિરાજને છ માસ વીતીગયા, પરંતુ દ્વારિકા જેવી ધનાઢય અને દાનસંપન્ન નગરીમાં આ મુનિરાજને શુદ્ધગોચરી મળી નહિ.

શંકા—દ્વારિકાનગરીમાં લાખો જૈનોની વસ્તી હતી. બધા મહાશ્રદ્ધાળુ આત્મા હતા. મુનિરાજ પણ કૃષ્ણમહારાજના પુત્ર હતા. છતાં ગોચરી મળી નહિ તે કેમ માની શકાય ?

સમાધાન—શ્રીવીતરાગના સાચા આરાધક મુનિરાજો પોતાની ઓળખાણ આપતા જ નથી. એટલે હું અમુકનો પુત્ર હતો, હું અમુકનો સગો થાઉં છું, હું છઠ્ઠ–અઠ્ઠમાદિ તપસ્યા કરું છું, હું અમુક અભિગ્રહધારી છું, આવું કાંઈ પણ જણાવતા નથી. અને દીનતા લાવ્યા સિવાય સાત્ત્વિકભાવ ધારણ કરીને યથાદેશકાળ મળેલા આહાર–પાણી, વસ્ત્ર–પાત્ર પામીને રાગ–દ્વેષ વિના જ ભોગવે છે.

જેમ દીક્ષિત બનેલા ધન્નાજી અને શાલીભદ્રજી એકવાર ભગવાનમહાવીરદેવની સાથે રાજગૃહીનગરીમાં પધાર્યા અને પોતાની માતાને ઘેર વહોરવા ગયા. ત્યાં માતા અને પત્નીઓએ, તથા નોકર–ચાકર કે દાસ–દાસીઓએ તેમને ન ઓળખ્યા. એક ક્ષણવાર જ ઉભા રહીને પાછા ચાલ્યા ગયા, પરંતુ ઘરના કોઈ પણ મનુષ્યને પોતાની ઓળખાણ આપી નહિ, આડકતરી રીતે ઓળખાવાનો ઉદ્યમ પણ ન કર્યો, પરંતુ બીજી જગ્યાએથી મળેલી ગોચરીથી પારણું કર્યું અને ભગવાનની આજ્ઞા પામીને વૈભારપર્વતઉપર જઇને અનશન કરી સર્વાર્થસિદ્ધ ગયા.

તેમ પોતાની ઓલખાણ જણાવ્યા સિવાય, મહામુનિરાજ ઢંઢણઋષિ છ માસ સુધી, દ્વારિકામાં દરરોજ એક વાર વહોરવા જતા, પરંતુ ગોચરી મળતી નહિ, એક વખત કૃષ્ણ–વાસુદેવે હાથી ઉપરથી ઉતરી બજારવચ્ચે મુનિરાજને વંદન કર્યું, તે દેખવાથી એકગૃહસ્થને વિચાર આવ્યો કે, અહો! આ મુનિરાજ મહાગુણી જણાય છે. અન્યથા કૃષ્ણવાસુદેવ બજારવચ્ચે વંદના કરે તે બને જ કેમ? એમ વિચાર કરીને મુનિરાજને બહુ જ આદરપૂર્વક બોલાવી, ગોચરી વહોરાવી. મુનિરાજ પણ અંતરાય ટૂટ્યો સમજીને ગોચરી મેળવી આનંદ પામ્યા, પ્રભુજી પાસે જઈ, વંદના કરી, ગોચરી બતાવી. ભગવાન કહે છે, હે ઢંઢણ! આ આહાર તમારી પોતાની લબ્ધિથી મલ્યો નથી, પરંતુ કૃષ્ણ–વાસુદેવના બહુમાન અને વંદન જોઈને, ગૃહસ્થને તમારા ઉપર સદ્‌ભાવ થયો, તેથી મળેલ છે. ઢંઢણમુનિરાજ રોષ, તોષ કે દીનતા લાવ્યા વગર, આહાર પરઠવવા ચાલ્યા. છમાસના ઉપવાસ, ભાવનાની વિશુદ્ધિ, પ્રભુઆજ્ઞાનો આદર, અને ત્રિકરણયોગનીશુદ્ધિ થવાથી કેવલજ્ઞાન પામી મોક્ષમાં ગયા.

ખંધકમહામુનિરાજ

ખંધકમુનિ એક મોટા રાજાધિરાજના પુત્ર હતા. પિતાનું નામ જિતશત્રુરાજા અને માતાનું નામ ધારિણીદેવી હતું, ખંધકકુમાર ભરયુવાનવયમાં ધર્મઘોષસૂરિની દેશના સાંભળીને સંયમી બન્યા હતા, અવિશ્રાંત છઠ્ઠ–અઠ્ઠમાદિ તપસ્યા કરીને, ઉપર નિરસ આહારનું પારણું કરતા. અને પુનઃ ઉગ્ર

તપસ્યા કરતા હતા, તેથી શરીર હાડકાંનો માળો થઈ ગયું હતું. ચાલતાં ચાલતાં શરીરનાં હાડકાં ખડખડતાં હતાં, તો પણ મહામુનિરાજ સ્નિગ્ધ કે પુષ્ટઆહાર વાપરતા નહિ. એવા તપસ્વીમુનિરાજ એકવાર વિહાર કરતા, પોતાના બનેવી (ભગિનીપતિ)રાજાની નગરીના નજીકના ઉદ્યાનમાં પધાર્યા, અને કાઉસ્સગ્ગધ્યાનમાં રહ્યા. નજીકમાં જ રાજાનો મહેલ હતો, પોતે રાજાના શાળા અને મહારાણીના ભાઇ થાય છે, તેની જાણ થવા દીધી નહિ, અને આત્મધ્યાનમાં સ્થિર થયા.

આ બાજુ રાજમહેલના ગોખમાં ઉભેલાં, રાણીસાહેબ ઉદ્યાનની શોભા જુવે છે, તેટલામાં પોતાની દૃષ્ટિ મુનિરાજ ઉપર પડી, બેને ભાઈને તો ઓળખ્યા નહિ, પરંતુ મનમાં વિચારો આવ્યા, કે મારે પણ એક જ ભાઈ હતો, તેમણે દીક્ષા લીધી છે, શું તે જ આ નહિ હોય? પણ જો તે જ હોય તો હું તેમની સગી બેન છું, મને જણાવ્યા વિના કેમ રહે? એમ વિચાર કરતાં, એકજ ભાઈ હતા તે પણ સાધુ થઇ ગયા, પિતાનાકુળનો નિર્વંશ થયો, હવે એક દહાડો પણ પિતાને ઘેરજવાની શાન્તિ નરહી. આવા વિચારમાં ને વિચારમાં સાધુ સામું જોઈ–જોઈને મહારાણી રડવા લાગ્યાં. આ બનાવ રાજાએ સાક્ષાત્ જોયો. રાજાઓ ઘણું કરીને આગળ પાછળનો વિચાર કરતા નથી. અને ભાવિભાવ પણ તેમ જ હોવાથી, રાજાના મનમાં વહેમ પડ્યો. જરૂર આસાધુ આ રાણીનો પૂર્વ અવસ્થાનો જારપુરુષ હોવો જોઈએ, અન્યથા રાણીનો આટલો રાગ હોય જ નહિ. બસ, તત્કાળ પોતાના ગુપ્તચરોને બોલાવીને હુકમ આપ્યો, જાવ! જલ્દી જાવ!

આ સાધુના શરીરઉપરથી જીવતી ચામડી ઊતારીને લેઈ આવો, અને મને બતાવો. અધમકોટીના રાજસેવકો કાર્યાકાર્યનો વિચાર કરતા જ નથી. પરંતુ ઉલટા આવા અતિઅધમ આદેશને સાંભલીને ઘણા જ ખુશી થતા પાપને બહુ જ મજબૂત બનાવે છે. તેથી તે સેવકોએ મહામુનિરાજ ખંધકઋષિ પાસે આવીને રાજાનો આદેશ સંભળાવ્યો. મુનિરાજ મરણાંત ઉપસર્ગ આવ્યો જાણી, જરાપણ ગભરાયાતો નહિ, પરંતુ મનમાં અતિખુશી થયા.

"મુનિવર મનમાંહી આણંદા, પરિષહ આવ્યો જાણી રે;
કર્મ ખપાવવા અવસર એવો, ફરી નહિ આવે પ્રાણી રે....
અહો અહો સાધુજી સમતા વરીયા...."


મુનિરાજને મરવાનો સમય નજીક આવ્યો છતાં, જરાપણ દીનતા આવી નહિ, આપણે અહીં જોઈ શકીશું કે, મુનિરાજ મહાતપસ્વી હતા, પણ શ્રાપ નઆપ્યો. ઘણી લબ્ધિઓવાળા હતા, પણ રાજાને કે રાજસેવકોને બાળીને ભસ્મ ન કરી નાખ્યા. રાણીના સગાભાઈ હતા, છતાં પોતાની ઓળખાણ ન આપી. શરીર ઉપર છુરી ચલાવવાની હોવા છતાં દીનતા ન દેખાડી. આવા આત્માઓ જ મોક્ષ પામવાના અધિકારી હોય છે. રાજસેવકોએ તે મુનિરાજની ચામડી કાપવી શરૂ કરી અને મુનિરાજ પરમસમતારસમાં લીન બન્યા.

"ચડચડ ચામડી તેહ ઉતારે, મુનિ સમતારસ ઝીલે રે...."

સમતાભાવમાં આરૂઢ થયેલા મુનિરાજ જગતના પ્રાણીમાત્રને પોતાના મિત્ર માનતા. રાજા અને રાજસેવકોને પણ સમભાવે નિહાળતા, શુકૂલધ્યાનારૂઢ બનીને, અંતકૃતકેવલી

થઈને મોક્ષમાં ચાલ્યા ગયા.

પાછળથી રાણીને મુનિરાજની ઓળખાણ થઈ. પોતાના ભાઈનું મરણ થયેલું જાણ્યું. રાજાએ પણ તે વાત જાણી. રાણીએ દીક્ષા લીધી, અને પોતાના આત્માની ઘણી નિન્દા કરી આત્મકલ્યાણ સાધ્યું.



શ્રીખંધકસૂરિના ૫૦૦ શિષ્ય:

ભગવાન શ્રીમુનિસુવ્રતસ્વામીના શિષ્ય, આચાર્યપદવી પામેલા ખંધકનામના સૂરિમહારાજ, એકવાર પોતાના શિષ્ય-પરિવારસહિત ભગવાનની આજ્ઞા મેળવી, દંડકી રાજાના કુંભકાર-કટક નગરના ઉદ્યાનમાં આવ્યા. અને ધર્મધ્યાનમાં પ્રવૃત્ત થયા. અહીં દંડકીરાજાને પાલકનામનો મહાનાસ્તિક પ્રધાન છે. તેને પુણ્ય, પાપ, આત્મા અને પરલોક બીલકુલ ગમતાં ન હતાં. એટલે મુનિરાજનો ઉપદેશ આદિ ધર્માનુષ્ઠાન તો ગમે જ ક્યાંથી? મુનિરાજને જોઈને પાલકને તીવ્ર દ્વેષ થયો. વલી તેને મુનિની કુમારઅવસ્થામાં પણ ધર્મચર્ચામાં, આ મહાત્મા ઉપર ઘણો જ દ્વેષ આવ્યો હતો. તેથી તેને આ વખતે વૈરની વસુલાત કરવાનો વિચાર થયો. આથી તેણે મુનિના રહેવાના ઉદ્યાનમાં, એક બાજુ–ગુપ્તસ્થાનમાં ગુપ્તરીતે હથીયારો દટાવ્યાં. અને રાજાને એવું સમજાવ્યું, કે, આ લોકો સાધુઓ નથી પણ સુભટો છે. તમને મારીને રાજ્ય લેવા આવ્યા છે. આમ મુનિરાજોની વિરુદ્ધમાં રાજાને ખૂબ ઉશ્કેર્યો. ભાવિભાવનું બલવત્તરપણું હોવાથી (જેમ કોઈકિવાર કોઈક વસ્તુના ભાવો અતિ પ્રમાણ વધી જવાથી, એક બાજુનો પક્ષ પાયમાલ થઈ

તદ્દન દરિદ્ર બની જાય છે, જ્યારે એક બાજુનો પક્ષ મહા-ધનવાન થઈ જાય છે, તેમ) મુનિરાજોનાં આ જ રીતિએ કર્મ ખપવાનાં અને રાજા તથા પાલકપ્રધાન વિગેરેનો મહાસંસાર વધવાનો હશે, તેથી રાજાએ પ્રધાનને ઠીક લાગે તે રીતિએ મુનિરાજોને શિક્ષાકરવાની છુટ આપી.

અધમઆત્મા પાલકપ્રધાને વનના એક વિભાગમાં ઘાણી મંડાવી અને મુનિરાજોને પીલવા શરુ કર્યા. ગુરુમહારાજ બંધકસૂરિવરે, મુનિરાજોને ધર્મ સંભલાવી, સ્થિર બનાવ્યા. સંસારનો ચિતાર સમજાવ્યો. આવાં મરણો અનંતીવાર થયાનું ભાન કરાવ્યું. જીવિત–મરણમાં, શત્રુ–મિત્રમાં સમભાવ કેળવી, બધી પ્રકારની આરાધનાઓ પામી ૪૯૯ મુનિરાજો છેલ્લા સમયે [અંતકૃતકેવલી થઈને] કેવલજ્ઞાનપામીને મોક્ષમાં ગયા.

શંકા—પ્રત્યેકજીવને આમ ઘાણીમાં પીલાવાવિગેરેના કુમરણો અનંતીવાર થવાનું કેવી રીતે બની શકે છે?

સમાધાન—સંસારવર્તી જીવોએ અનંતાભવો કર્યા છે. દરેકસ્થાનોમાં, દરેકયોનીઓમાં, દરેકગતિઓમાં અનંતીવાર જન્મો અને મરણો થયાં છે. તેમાં આ જીવડો શેલડી થઈને, તલ બનીને, 'કોડ' નામની માછલી (જેના કલેજાનું તેલ બને છે. તે) તેવા જીવો થઇને, ઘાણીમાં પીલાણા છે. અત્યારે પણ અનેક જાતિના જાનવરો જુદા જુદા કુમરણોથી પ્રતિદિવસ લાખો કે ક્રોડોની સંખ્યામાં મરી રહ્યા છે. પરંતુ 'ઓયવોય હાયહાય, ઓ બાપ! મરી ગયો, મારી નાખ્યો.' આવા બેભાન મરણોથી, રાંકદશાના મરણોથી, આત્માને કશો લાભ થયો નથી. પરંતુ સંસાર વધ્યો છે. ૪૯૯ મુનિરાજો જરા પણ દીનતા લાવ્યા

વગર અને સંપૂર્ણ સાત્ત્વિકભાવ પામીને, સહજાનંદિદશાનું અવલંબન લઈને રાગ, દ્વેષ, અજ્ઞાનતાનો સર્વથા ત્યાગ કરીને, આત્માની સ્વભાવદશાને પામ્યા.

શંકા—ખંધકસૂરિના શિષ્ય પાંચસો પૂરા કે ૪૯૯ હતા?

સમાધાન—ઋષિમંડલપ્રકરણ ૨૩ મી ગાથામાં 'एगुणे पंचसये' એક ઉણા પાંચસો (૪૯૯) એમ કહેલ છે. પછી તત્ત્વ કેવલીગમ્ય.

પછીથી ગુરુમહારાજખંધકસૂરિને ઘણો જ ક્રોધ થયો. બધાને મારી નાખવાનું નિયાણું કરીને દેવગતિને પામ્યા. અને રાજા તથા પ્રધાન અને આખાદેશને બાળીને ભસ્મ કરી નાંખ્યો. રાજ્યનું દંડકારણ્યનામનું રણ થયું. રાજા–પ્રધાન વિગેરે ઘણો કાલ દુર્ગતિમાં પરિભ્રમણ કરનારા થયા.

બાલમુનિગજસુકુમાલ

ગજસુકુમાલ મુનિવર કૃષ્ણવાસુદેવના સગાભાઈ અને દેવકીજીના આઠમા પુત્ર હતા. તેઓ યૌવનવયને પામ્યા પછી એક રાજપુત્રી સાથે પરણ્યા હતા. થોડા કાળ પછી દ્વારિકા-નગરીના સોમિલનામના બ્રાહ્મણની સોમાનામની પુત્રીસાથે લગ્ન કર્યું. બીજી પત્ની પરણ્યાને હજી થોડો સમય થયો હતો. તેટલામાં જિનેશ્વરદેવ નેમનાથપ્રભુ દ્વારિકાના ઉદ્યાનમાં પધાર્યા. કૃષ્ણમહારાજ પોતાના માતા–પિતા, ભાઈઓ વિગેરે પરિવાર સાથે પ્રભુને વાંદવા ગયા. દેશના સાંભળી ઘણા માણસો પ્રતિબોધ પામ્યા. તેમાં ગજસુકુમાલને પણ વૈરાગ્ય થયો. અને પ્રભુજીપાસે દીક્ષાલીધી. અને થોડા જ દિવસો પછી પ્રભુજીની આજ્ઞા મેળવી

સ્મશાનભૂમિમાં જઈને, ધ્યાનદશામાં આરુઢ થયા. આબાજુ તેમહામુનિરાજનો બીજા નંબરનો સસરો, સોમાનો પિતા સોમિલબ્રાહ્મણ ભાવિભાવથી ત્યાં આવી ચડ્યો. પોતાના જમાઈને સાધુ થયેલા દેખી તેને અતિદ્વેષ થયો. તેથી તેણે નજીકના જલાશયમાંથી ચીકણી માટી લાવીને, મુનિવરના મસ્તક ઉપર ગોળ પાળી બાંધી અને સ્મશાનમાંથી અંગારા લાવીને મુનિવરના મસ્તક ઉપર ભર્યા.

મુનિરાજ તો એકાન્ત આત્મદશામાં જ લીન હતા. તે મહાપુરુષમાંથી, ભવાભિનંદી અને પુદ્ગલાનંદી બંને દુષ્ટદશાઓ પલાયન થઈ ગઈ હોવાથી, આત્માનંદીદશા પ્રકટ થઈ હતી. તેથી બ્રાહ્મણને જરા પણ શત્રુ ન માનતાં સંપૂર્ણ મિત્ર માનવા લાગ્યા. અને પોતાના મનને સમજાવવા લાગ્યા કે, 'મારા સસરાએ મને, છેલ્લામાં છેલ્લી મોક્ષમાં જવાની પાઘડી બંધાવી છે.' એમ મનને મનાવી, આત્માને સાત્ત્વિકદશામાં સ્થિરકરી, જગતના પદાર્થમાત્રમાં ઔદાસીન્યભાવ કેળવી, અંતકૃતકેવલી થઈ મોક્ષમાં પધાર્યા.

———o———

મહામુનિરાજ મેતાર્ય.

મેતાર્યમહામુનિરાજ રાજગૃહીનગરીના વતની હતા. શ્રેણિકરાજાના જમાઈ હતા. પૂર્વજન્મના મિત્રદેવની પ્રેરણાથી ભગવાનમહાવીરદેવના શિષ્ય થયા હતા. ઉત્તરોત્તર ચારિત્રમાં ઘણા જ આગળ વધીને, એકવાર એકમાસના ઉપવાસના પારણે તે જ રાજગૃહીનગરીમાં એક સોનીને ઘેર વહોરવા પધાર્યા હતા.

રાજગૃહીનગરીના રાજાશ્રેણિક પ્રભુમહાવીરના અનન્ય-

ભક્ત હતા. તેથી પ્રભુજી જે દિશામાં વિચરતા હોય, તે દિશામાં સાત–આઠ પગલાં સન્મુખ જઈને, ૧૦૮ સોનાના ચોખાનો સાથીયો બનાવી, પ્રભુજીની સ્તવના કરતા, અને ભગવાનના ગુણોને સંભાળીને ખૂબ જ ખુશી થતા હતા.

સોની શ્રેણિકરાજાને માટે દરરોજ સોનાના ચોખા બનાવતો હતો. આ વખતે તે સોની સોનાના ચોખા બનાવી રહ્યો હતો. મુનિરાજને આવતા દેખી, ખૂબ જ ખુશી થઈ અને ઉભો થઈ ગયો, પધારો ! પધારો ! બોલતો સન્મુખ જઈ મુનિના પગે પડ્યો અને બોલવા લાગ્યો....

આજ ફલ્યો ઘર આંગણેજી, વિણ કાલે સહકાર;
લ્યો ભીક્ષા છે સુઝતીજી, મોદક તણો આહાર, મેતાર્ય !

મુનિરાજને પધારેલા જોઇ સોનીનાકુટુંબના આનંદનો પાર ન રહ્યો. અને ઘણાઆદરથી ઘરમાં તેડી ગયો. આ વખતે સોનાના ચોખા ઘણા ખરા તૈયાર થઈ ગયા હતા, તે. તેમના તેમ છુટામુઠીને, મુનિરાજને વહોરાવવા ઘરમાં ગયો, અને ઘણાભાવથી આદરપૂર્વક મેતાર્યમુનિરાજને લાડવા વહોરાવ્યા.

મુનિરાજ ત્યાં ઉભા હતા, સોની ઘરમાં લાડવા લેવા ગયો હતો, તેવામાં એકપક્ષી ત્યાં આવ્યું. તે કૌંચપક્ષી હતો. તેણે સોનીના બનાવેલા બધા ચોખા ચણી લીધા. અને તે જ ઘરમાં ઉગેલા ઝાડઉપર ઉડીને બેસી ગયો. સોની ત્યાં આવીને જોવા લાગ્યો. ચોખા દીઠા નહિ; એને મુનિરાજ ઉપર વ્હેમ પડ્યો. મુનિરાજને પૂછવા લાગ્યો, મહારાજ ! તમારા દેખતાં હમણાં જ હું આ જગ્યાએ સોનાનાચોખા મુકીને ઘરમાં જઈ લાડવા લાવી તમને વહોરાવું છું. એટલામાં ઘરમાં બીજું

કોઈ માણસ આવ્યું નથી. ચોખા અહીંથી ઉપડી ગયા છે. તે જાય કયાં ? માટે જરૂર તમે લીધા છે ? બસ, મારા જવલા પાછા આપો. નહિ આપો તો પરિણામ સારૂં નહિ આવે, ચોખા લીધા સિવાય હું તમને જવા દેનાર નથી.

મુનિરાજ ત્યાં જ ઉભા હતા, તેમની નજર સન્મુખ કૌંચપક્ષી જવલા ગળી ગયો હતો પરંતુ ભાવદયાનાસમુદ્ર મહામુનિરાજ કશું બોલ્યા નહિ. મુનિથી જુઠું બોલાય નહી. અને સાચું બોલેતો પક્ષીની હિંસા થાય, માટે મુનિરાજ મૌન જ રહ્યા. કહ્યું છે કે,

જેહથી અનરથ ઉપજે રે, પરને પીડા થાય,
સાચું વયણ તે ભાખતાં રે, લાભથી તોટો થાય રે...
સાધુજી, કરજો ભાષા શુદ્ધ...

જેનાથી હિંસા થાય, એવી પાપવાળી ભાષા પણ વીતરાગનાસાધુ બોલે જ નહિ. બસ, શ્રી વીતરાગશાસનના રહસ્યને સમજેલા મહામુનિરાજ મૌન જ રહ્યા. તેથી સોનીને વહેમ વધતો ગયો. સાધુ બોલતા નથી માટે ચોર હોવા જોઈએ. છેવટે સોનીનો ક્રોધ વધી ગયો અને મુનિરાજના માથા ઉપર આળું ચામડું બાંધીને તડકે ઉભા રાખ્યા. તો પણ મહામુનિરાજ પક્ષીની દયાના પરિણામથી પડ્યા નહિ. અને સોની ઉપર પણ સમતાભાવે રહ્યા. ભૂતકાળના મહામુનિરાજોને યાદ લાવી પોતે શુભ ભાવનાએ ચડ્યા. ક્ષણવારમાં ધ્યાનારુઢદશામાં અન્તકૃતકેવલી થઈને (સર્વજ્ઞદશા પામીને) આઠે કર્મનો ક્ષય કરીને મોક્ષમાં પધાર્યા.

તેટલામાં સોનીની પત્નીએ લાકડાનો ભારો લાવીને ઘરમાં

પટક્યેા. તેના મેાટા ધબકારાથી પક્ષી એકદમ ભડકયેા, અને વિષ્ટાવાટે ચેાખા બધા જ નિકળી ગયા. તે જોઈને સેાનારના ચિત્તમાં ખૂબ જ દુઃખ ઉત્પન્ન થયું. આ બાજુ મુનિરાજને મારી નાખ્યાની વાત ગામમાં ફેલાણી. લેાકેા તેા વાતેા કરવા લાગ્યા કે, આ સાધુ તેા રાજાનાજમાઈ થાય છે. રાજા જાણશે તેા જરૂર સેાનીના આખા કુટુંબનેા નાશ કરશે. લેાકેાના મુખથી આવી વાતેા જાણી સેાનારે [કુટુંબસહિત] દીક્ષા લીધી. (સાધુવેશ પહેર્યો) તેટલામાં રાજાના સેવકેા આવ્યા. પરંતુ સેાનીની દીક્ષિતઅવસ્થા જોઈને પાછા ગયા. મુનિરાજના આવા ઉચ્ચસંયમથી પેાતાનું કલ્યાણ થયું. અને મુનિહત્યા કરનાર પાતકી સેાનીનું પણ સંયમઆરાધનાના પ્રતાપે કલ્યાણ થયું.

અહીં વીતરાગના મુનિપણાની વિશિષ્ઠતા વિચારવા યેાગ્ય છે. મુનિશ્રીમેતાર્ય શ્રેણિકરાજાના જમાઈ હતા. દેવના મિત્ર હતા. લબ્ધિસંપન્ન હતા. છતાં સેાની ઉપર ક્રોધ ન કર્યો અને પેાતાના પ્રાણના ભેાગે પણ ક્રૌંચપક્ષીના જીવનનું રક્ષણ કર્યું. પેાતાના શરીરની પરવા ન કરી તેા જ સ્વપરનું હિત કરી શકયા.

શ્રીમહાબલરાજર્ષિ

મહાબલરાજર્ષિ આ ભરતક્ષેત્રના પૃથ્વીસ્થાનનગરના રાજા **સૂરપાળ** અને મહારાણી **પદ્માવતી**દેવીના પુત્ર હતા. મહાસતી **મલયાસુંદરી** તેમનાં પત્ની હતાં. ક્રમે કરી બે પુત્રેા થયા.

ઘણેાકાળ ગયા પછી બંને પુત્રેાને જુદાં જુદાં બે રાજ્ય વહેંચી આપ્યાં. અને પેાતે બંને રાજા–રાણી (મહાબલ અને મલયાસુંદરી) એ દીક્ષા લીધી.

અને ગુરુમહારાજની સેવામાં રહેતાં અનુક્રમે ગીતાર્થ થયા. ગુરુઆજ્ઞા લઈ એકાકી વિહાર કરતા, એક વખત **સહસ્રમલ્લ**-નામના પોતાના પુત્રની નગરીના ઉદ્યાનમાં આવીને, ધ્યાનદશામાં સ્થિર થયા. હવે આબાજુથી આ જ મહામુનિરાજની, ગયા જન્મની પત્ની અને ચાલુ જન્મની ઓરમાનસાસુ **કનકવતી** ઘરમાંથી નીકળી જઈ, રખડતી રખડતી, તેજ વનમાં આવી. ત્યાં મુનિરાજ મહાબલ રાજર્ષિને જોયા. પૂર્વનો ભારેલો વૈરાગ્નિ પ્રકટ થયો. મુનિશ્રી તો કાઉસગ્ગધ્યાનમાં તલ્લીન જ હતા. એટલે પાપિણી **કનકવતીએ**, પોતાનું પાપ વધુ પુષ્ટ બનાવવા-માટે વનમાંથી કાષ્ટો એકઠાં કરીને, મુનિની ચારે બાજુ ચિતા બનાવી. મહામુનિરાજ આ બધું જોતા હોવા છતાં જરાપણ ગભરાયા નહિ, અને **કનકવતી** ઉપર ગુસ્સે પણ થયા નહિ. પોતે પ્રાન્તસમયની આરાધના કરવા લાગ્યા. આ બાજુ અગ્નિ-ભભુકયો જેમ જેમ મહામુનિરાજનું શરીર બળતું ગયું તેમ તેમ કર્મ પણ બલવા લાગ્યાં, મુનિ ધ્યાનમાં સ્થિર રહી સર્વકર્મક્ષયકરી મોક્ષમાં ગયા.

અહીંએ સમજવા જેવું છે કે, આ મહાત્મા મહા-તપસ્વી હોવાછતાં, તેમણે ક્રોધ કરી કનકવતીને શ્રાપ આપ્યો નહિ. મરણાન્તઉપસર્ગ જોવા છતાં નાશી ગયા નહિ. તેમજ ગભરાયા નહિ. કંગાલીયત બતાવી નહિ. ઉદ્વેગ પામ્યા નહિ. પોતાના પુત્ર રાજાનો આશ્રય પણ લીધો નહિ. અને ઉપસર્ગદશામાં પણ આત્માને જાગૃત રાખીને સંસારનો પાર પામ્યા.

આવા મુનિરાજોનાં દૃષ્ટાંતો **શ્રીજૈનસાહિત્યમાં** પુષ્કળ

છે. અને આવા–રાગ–દ્વેષરહિત થયેલા, અકિંચનબનેલા, અખંડ-બ્રહ્મચર્યભાવને પામેલા, પરમાત્મભાવમાં પરિપૂર્ણ બનેલા, મહા-ત્માઓ કર્મ–બપાવીને મોક્ષમાં ગએલા છે. જેમને **नमो सिद्धाणं**'ના જાપવડે ધ્યાનમાં લાવવાથી, ધ્યાનકરનાર આત્મા પણ જરૂર સિદ્ધદશાને પામે છે.

એટલે શ્રીજૈનશાસને સ્વીકારેલા, સિદ્ધપરમાત્માઓનું સ્વ-રૂપ સમજનાર આત્મા સિદ્ધપરમાત્માઓના ધ્યાનમાં જરા પણ નિરાદાર તો ન જ બને. પરંતુ સમજવામાં આગળ વધીને જેમ કલ્યાણરસના સહયોગથી તુચ્છધાતુઓ સુવર્ણભાવને પામે છે. તેમ સિદ્ધભગવંતોના ધ્યાનના સહકારથી પોતાના આત્માને પણ સિદ્ધસ્વરૂપી બનાવે છે.

આ રીતે સિદ્ધપદની વિચારણા સંપૂર્ણ થઇ

—*—

હવે '**नमो आयरियाणं**' પદની વિચારણા કરીએ

શંકા–આ શ્રીજૈનશાસનમાં અનંતા આચાર્યો, નરકાદિ-કુગતિઓમાં ગયા છે. ચાલુ મહાવીરદેવના શાસનમાં પણ ક્રોડો આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ નરકાદિકુગતિઓમાં જવાના છે, એવું શાસ્ત્રોમાં કહેલ છે. તો પછી '**नमो आय-रियाणं**' વિગેરે ત્રણેપદોને નમસ્કાર કરવાથી શું લાભ થાય?

સમાધાન—'**नमो आयरियाणं**' વિગેરે ત્રણપદોમાં વિચા-ચારાએલા સૂરિવરો, વાચકો અને મુનિરાજોમાંથી, કોઈપણ પ્રાયઃ કુગતિમાં ગયા નથી, જવાના પણ નથી અને જશે પણ નહી. જે નરકાદિકુગતિઓમાં ગયા છે તે બધા નામધારી અને વેશધારી પાસત્થા, કુશીલીઆ વિગેરે પતિત આચાર્યાદિ જાણવા. '**नमो आयरियाणं**' વિગેરે ત્રણપદમાં જેમને વિચાર્યા છે, તેમનું

સ્વરૂપ શ્રીજૈનાગમોમાં બહુ જ ઝીણવટથી બતાવવામાં આવ્યું છે. એવા આત્માઓ મરિચિવિગેરેની માફક, વખતે કર્મોદયની પ્રબળતાથી પડી જાય તો પણ, શીઘ્ર ઉપર આવી જાય છે. તેમની ભાવદશાને જ સૂરિ, વાચક અને મુનિપણામાં માન્ય રાખેલ છે. જેમનું સંપૂર્ણ સ્વરૂપ વાંચવાથી દરેક બુદ્ધિમાનમનુષ્યને મુનિ, વાચક ને સૂરિમહારાજ વિગેરેના ગુણનો ખ્યાલ આવશે, અને પદની મહત્તા સમજાશે.

આ જગતમાં વ્યાકરણાચાર્ય, ન્યાયાચાર્ય, સાહિત્યાચાર્ય વિગેરે કંચન–ઝમિનીને ભજનારા પણ આચાર્ય પદવી પામેલા હોય છે. આજકાલ કાશી વિગેરે વિદ્યાકેન્દ્રોમાં, ઘણા વિદ્વાનો આચાર્યાદિ પદવી પામેલા મળી શકે છે. તે જ પ્રમાણે વાચક અને મુનિ પદો પણ સસ્તાં થઈ ગયાં છે.

આપણા **'नमो आयरियाणं'** વિગેરે ત્રણપદો માત્ર જ્ઞાન, વેશ કે તપને આધીન નથી. કિંતુ ગુણોની મુખ્યતાએ જ શ્રીજૈનશાસનમાં પદો અપાતાં હોવાથી કોઈ પણ પ્રકારના આક્ષેપને અહીં સ્થાન નથી.

શ્રીજૈનશાસનના ભાવાચાર્યોને સમજવા માટે બૃહત્કલ્પ ભા. ૧ ગા. ૨૪૧ થી ૨૪૪.

"देसकुलजाइरुवी संघयणी धिइजुओ अणासंसी।
अविकत्थणो अमाई, थिरपरिवाडी गहियवक्को ॥ १ ॥
जियपरिसो जियनिद्दो, मज्झत्थो देसकालभावन्नू।
आसन्नलद्धपइभो, णाणाविहदेसभासण्णू ॥ २ ॥
पंचविहे आयारे जुत्तो, सुत्तत्थतदुभयविहिन्नू।
आहरणहेउउवणयणयणिउणो गाहणाकुसलो ॥ ३ ॥
ससमयपरसमयविऊ, गंभीरो दित्तिमं सिवो सोमो।
गुणसयलकलिओ, जुत्तो पवयणसारं परिकहेउं ॥ ४ ॥"

૧ આર્યદેશમાં જન્મેલા હોય, તેવા આત્માને બોધ જલ્દિ થાય છે, માટે, આચાર્ય બનનાર આત્મા, આર્યદેશમાં જન્મેલા હોવા જોઈએ.

૨ કુળવાન એટલે કુળ ખાનદાન હોય. અકલંક–દૂષણ-રહિતપિતાના કુળમાં જન્મેલા આત્મા આચાર્યપદને યોગ્ય હોય છે.

૩ જાતિસંપન્ન–ઉચ્ચકુળમાં જન્મેલી અને શીલાદિ ગુણ-ધારિણી માતાના પુત્ર હોય તેવા આત્માને આચાર્યપદ આપવું વ્યાજબી ગણાય. અર્થાત્ જાતિસંપન્નતા પણ આચાર્ય થનાર આત્મામાં જરૂર હોવી જોઈએ. તેવા આત્મામાં જ વિનય, નમ્રતા, સજ્જનતા અને કોમલતા હોઈ શકે છે.

૪ બહુ રૂપાલા હોય. પરંતુ કદરુપા, ઠીંગણા–ઢીચકા મનુષ્યને આચાર્યપદ બીલકુલ શોભે નહિ. એવા મનુષ્યની પ્રતિભા પડે નહિ. તેથી લોકો ઉપર ધર્મની અસર થાય નહિ. આચાર્યભગંવતો શ્રીજૈનશાસનના રાજવી ગણાય છે. ચતુર્વિધ-સંઘ તેમની આજ્ઞાનું પાલન કરે છે, માટે આચાર્ય ઉપરના ચાર વિશેષણોથી યુક્ત હોવા જોઈએ.

૫ સંઘયણી—આચાર્ય થનાર આત્મા સુંદર સંઘયણવાળા હોય. અર્થાત્ નિરોગ અને સશક્ત શરીરવાળા હોય.

૬ ધૃતિયુક્તઃ—આચાર્ય થનાર આત્મા હિંમતવાળા હોય. તેથી ગમે તેવી મોટીસભામાં વ્યાખ્યાનદિ કરતાં કે પરવાદી સાથે વાદકરતાં ગભરાય–મૂંઝાય નાહિ વળી રાજા અને અધિ-કારીવર્ગથી ભરેલીસભામાં પણ શ્રીજૈશાસનનો પ્રભાવ જમાવી શકે.

૭ અનાશક્તઃ—આચાર્ય થનાર આત્મા વસ્ત્ર–પાત્ર–આહાર–

વસતિ આદિના અલોલુપી હોય. લોલુપી ન હોય તો જ ત્યાગ માર્ગની છાપ પાડીને શ્રીજૈનશાસનની શોભા વધારી શકાય છે.

૮ અવિકત્થી–એટલે હિત મિત અને પથ્ય ભાષી હોય. અર્થાત્ જરૂર વગરનું બોલે નહિ. અને જેટલું બોલે તેટલું બોલનાર અને સાંભળનારને કર્મનિર્જરાનું કારણ બને. વીતરાગ શાસનના સૂરિપુરંદરો કટુભાષા કે કર્કશભાષા ન બોલે પરંતુ મીઠી વાણી બોલે, રઢિયાળી વાણી બોલે.

૯ અમાયી–વીતરાગના સૂરિપુંગવો કપટ વિનાનું બોલે. તેથી સર્વત્ર વિશ્વાસપાત્ર જ હોય. જૈનશાસનમાં, કે જૈનશાસનની બહાર અને રાજા–મહારાજાઓમાં પણ સૂરિમહારાજ વિશ્વાસપાત્ર જ હોય.

૧૦ સ્થિરપરિપાટી–આચાર્યો સૂત્રાર્થતદુભયના ઘણા જ અભ્યાસી હોય, ભણેલું તદ્દન યાદ હોય, કાર્યકાલે કામમાં આવે તેવું હોય. માટે જ વ્યાખ્યાનસભામાં કે વાદમાં પ્રભાવ પાડી શકે.

૧૧ ગ્રાહ્યવાક્ય–આચાર્યો પોતાના સાધુ–સાધ્વી વર્ગમાં અને ભક્તવર્ગમાં આદેયવાક્યવાળા હોય. અર્થાત્ અસંદિગ્ધ–આજ્ઞા વાળા હોય. જેથી સૂરિમહારાજના વચનોથી શ્રીજૈનશાસનનાં ધાર્મિકકાર્યો પુષ્ટિપામે અને મુક્તિની આરાધના સારી થાય.

૧૨ જિતપરિષત્:–આચાર્યો પરિષદને જિતનારા હોય છે. સૂરિમહારાજનો સભા ઉપર પ્રભાવ પડે અને રાજા કે વિદ્વાનોની સભામાં ક્ષોભ ન પામે. અને તો જ ધારાબદ્ધ વ્યાખ્યાન સંભળાવી શકે, પરંતુ રાજા–મહારાજા, પરદર્શની કે વિદ્વાનોને દેખીને સૂરિમહારાજ અંજાઈ જાય નહિ. તેની સેહમાં તણાઈ,

દબાઇ જાય નહિ. આ પાંચમાઆરામાં-કળિકાળમાં પણ પૂર્વના સૂરિમહારાજાઓનો રાજામહારાજાઓ ઉપર પ્રભાવ ખૂબ જ પડતો હતો.

મહારાજા સંપ્રતિ ઉપર આર્યસુહસ્તિસૂરિમહારાજનો પ્રભાવ ખૂબ પડતો હતો.

ભગવાનશ્રીકાલકાચાર્ય, આર્યખપુટાચાર્ય, શ્રીપાદલિપ્તાચાર્ય, શ્રીમલ્લવાદિસૂરિ, શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિ, બપ્પભટ્ટીસૂરિ કલિકાલસર્વજ્ઞ-હેમચંદ્રસૂરિમહારાજ, અને શ્રીહિરસૂરિજીમહારાજ વિગેરે મહારુષોએ, અનેક રાજાઓને, રાજવર્ગીય મોટા માણસોને, ધર્મ પમાડ્યાના ઘણા દાખલા ઇતિહાસમાં નોંધાયા છે. ગ્રંથનું પ્રમાણ વધી જવાના ભયથી અહીં લખતા નથી.

૧૩ જિતનિદ્રઃ—આચાર્યભગવંતો બહુ જ અલ્પનિદ્રાવાળા હોય છે. આચાર્યમહારાજ દિવસે તો ન જ ઊંઘે, પરંતુ રાત્રીમાં પણ બહુ થોડા ઊંઘે, પ્રભુ મહાવીરની ૪૭ મી પાટે થયેલા, શ્રીસોમપ્રભસૂરિમહારાજ દરરોજ અગ્યાર અંગનો અર્થસહિત સ્વાધ્યાય કરતા હતા. ગુરુઅપ્રમાદી હોય તોજ શિષ્યવર્ગ અપ્રમાદી રહીને આરાધના કરી શકે છે.

૧૪ માધ્યસ્થ્યયુક્તઃ—ગુરુમહારાજ બધા જ શિષ્યો ઉપર સમચિત્ત હોય, તેમ જ ભક્તવર્ગ અને સર્વજીવ ઉપર પણ સમભાવ રાખનાર હોય.

૧૫ દેશકાળભાવજ્ઞઃ—આચાર્યમહારાજ ગમે તે દેશમાં અને ગમે તે કાળમાં ત્યાંના સ્વરૂપને તુરત સમજીને આ દેશમાં અથવા આ કાળમાં શાસનની પ્રભાવના કેવી રીતે થાય, તે તે બાબતને બરાબર જાણી શકે.

૧૬ આસન્નલબ્ધપ્રતિભઃ—પ્રતિભાશાળી સૂરિમહારાજને કોઈ પરવાદી તત્કાલ પ્રશ્નપૂછીને, પાછા પાડવા ઈચ્છા રાખે, પરંતુ પ્રતિભાસંપન્નઆચાર્ય જરાપણ થોભાયા વિના યુક્તિયુક્ત જવાબ આપી વાદીને નિરૂત્તર બનાવે છે.

આવાદાખલા ઘણા બનેલા છે, તે પૈકી અહીં એક–બે જોઇએ.

એક આચાર્યમહારાજ પાસે એક વાદીએ આવીને પ્રશ્ન પૂછ્યો, હે જૈનાચાર્ય! તમારા ભગવાન સર્વજ્ઞ હતા, તેમણે સર્વપદાર્થ જાણ્યા છે, આવું તમારા શાસ્ત્રોમાં લખ્યું છે. તો પછી વિષ્ટાનો સ્વાદ કેવો હોય જરા સમજાવો તો ખરા?

આચાર્યમહારાજ જણાવે છે કે, ભાઈ! તમે તમારા શાસ્ત્રો તો જરૂર જોયા હશે? અને વિષ્ણુ ભગવાનના ૧૦ ભવો પૈકી ત્રીજો અવતાર ભુંડનો થયો, તે પણ આપના ખ્યાલમાં જ હશે? ભુંડને વિષ્ટા ઘણી જ પ્રિય હોય છે, માટે ત્યાં વિષ્ણુ-ભગવાનને જ રુબરુ મળો અને પૂછો કે વિષ્ટાનો સ્વાદ કેવો હોય છે? બસ, વાદી મૂકબનીને ચાલતો જ થયો.

અન્યદા કોઇ જૈનાચાર્ય બહારભૂમિ પધારેલા હતા. ત્યાં પણ કોઇક વિદ્વાન્ આવી ચડ્યો, અને કાગડાને વિષ્ટા ફેંદતો દેખી, જૈનધર્મની મશ્કરી કરતો બોલ્યો, હે જૈનાચાર્ય! આપ સર્વજ્ઞપુત્ર કહેવાઓ છો, તો ભલા આ કાગડો વિષ્ટા શા માટે ફેંદી રહેલ છે? જરા જ્ઞાનથી સમજીને જવાબ આપો. આચાર્ય કહે છે કે, 'ભાઇ! કાગડાએ એક વખત કોઈકે જગ્યાએ પુરાણ વંચાતાં સાભળ્યું હતું. કે,

"जले विष्णुः स्थले विष्णुः, विष्णुः पर्वतमस्तके
सर्वभूतगतो विष्णुस्तस्माद् विष्णुमयं जगत् ॥"

અર્થ—જળમાં વિષ્ણુભગવાન રહેલા છે, સ્થળમાં વિષ્ણુ-ભગવાન રહેલા છે, પર્વતની ટોચ ઉપર પણ વિષ્ણુભગવાન રહેલા છે, પૃથ્વી-જલ-તેજ-વાયુ અને આકાશ એમ બધા-ભૂતોની અંદર વિષ્ણુભગવાન છે. તેથી આખું જગત વિષ્ણુ-ભગવાનમય છે. આ કાગડાને ઉપરના શ્લોકનો અર્થ વિચારતાં **'विष्णुमयं जगत्'** એ પદ યાદ આવ્યું. તેથી તેણે આ વિષ્ટા શોધવા માંડી; કે ભલા અહીં કોઈ જગ્યાએ વિષ્ણુભગવાન બેઠા છે. બસ, આવા તાત્કાલિક જડબાતોડ જવાબથી 'शठं प्रति शाठ्यं कुर्यात्' જેવા ન્યાયથી વાદિ હારીને ચાલ્યો ગયો. માટે જ જૈનાચાર્ય રોબડ જેવા ન હોવા જોઈએ. પરંતુ મહાપ્રતિભાસંપન્ન હોય તેને જ સૂરિપદ મળી શકે.

૧૭ नानाविधदेशभाषाविधिज्ञः—આચાર્યભગવંતો, જુદા-જુદા દેશની ભાષાઓના પણ જાણકાર હોવા જોઈએ કે, જેથી જુદા-જુદા દેશમાં જન્મેલા આત્માઓ સૂરિમહારાજ દ્વારા શ્રીવીતરાગની વાણીનાં રહસ્યો સમજી શ્રીવીતરાગશાસનના આરાધક બની શકે.

૧૮ ज्ञानादिपंचाचारयुक्तः—આચાર્યભગવંતો ઘણા જ વિદ્વાન હોવા જોઈએ. તેમની શ્રદ્ધા પણ ઘણી જ ઉચ્ચકોટીની હોય. દેવોનાં પણ મસ્તક ડોલાવે તેવું તે મહાપુરુષોનું ચારિત્ર હોય. છઠ્ઠ-અઠ્ઠમાદિ તપસ્યામાં તત્પર હોય. ક્રિયા-અનુષ્ઠાનમાં અને શાસનના કાર્યમાં સિંહ જેવા શક્તિસંપન્ન હોય, તેવા આચારસંપન્નપુરુષો જે હોય, તે આચાર્યપદવી પામી શકે છે. અર્થાત્ જેનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ખૂબ જ ઊંચું હોય તે જ મહાપુરુષ આચાર્યપદવાને લાયક ગણાય છે.

૧૯ સૂત્રાર્થતદુભયવિધિજ્ઞઃ—આચાર્યભગવંતો સૂત્રના, અર્થના અને તદુભયના રહસ્યને પામેલા હોય છે, તેથી જ ઉત્સર્ગ—અપવાદનો વિસ્તાર પોતે સ્વયં સમજે અને શિષ્યોને સમજાવી શકે છે. અને પ્રસંગ આવે ત્યારે ઉત્સર્ગ અને અપવાદને, શાસનની આરાધના અને પ્રભાવના માટે ઉપયોગમાં લઈ શકે છે.

૨૦ હેતૂદાહરણનિમિત્તનયપ્રપંચજ્ઞઃ—આચાર્યભગવંતો હેતુ, દૃષ્ટાન્ત, નિમિત્તાદિકારણ અને નૈગમાદિનયના વિસ્તારને સમજેલા હોય છે. તેથી જ કલિકાલસર્વજ્ઞ-હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ દેવબોધિ જેવા દુર્ધરવાદીઓને હરાવીને શ્રીજૈન-શાસનની પ્રભાવના કરી શક્યા છે.

૨૧ ગ્રાહણાકુશળઃ—આચાર્યભગવંતો વ્યાખ્યાન કરતી વખતે અનેકજાતિની યુક્તિઓ દ્વારા ચર્ચાતા વિષયોને ખૂબ જ મજબુત બનાવીને શિષ્યોને તથા શ્રોતાઓને સંપૂર્ણરીતે શાસ્ત્રના મર્મ સમજાવીને પ્રતિબોધ પમાડી શકે છે, અને શ્રોતાઓને ધર્મમાં સ્થિર કરી શકે છે.

૨૨ સ્વસમય-પરસમયજ્ઞઃ—આચાર્યભગવંતો પોતાના એટલે શ્રીજૈનાગમના-પંચાંગીના-પૂર્ણજાણકારીને, પરશાસ્ત્રોના પણ પારને પામેલા હોય છે. અને તેથી જ પોતાના સિદ્ધાંતોનું સ્થાપનકરવાપૂર્વક, અન્યમતનું ખંડન કરી, શ્રીજૈનશાસનની પૂર્ણતા સમજાવી શકે છે.

૨૩ ગંભીરઃ—શ્રીઆચાર્યભગવંતો મહાગંભીર હોય છે. એટલે પોતાની વિદ્વત્તા વિગેરે શક્તિઓને અજબ રીતે પચાવી શકે છે. શાસ્ત્રોના ઉંડારહસ્યને જેમ પચાવવાની તાકાતવાળા

હોય છે, તેમ જગતની અનેકપ્રકારનીવાતોને પણ, પચાવવાની અને ગળીજવાની તાકાતવાળા હોય છે કે, જેના પ્રસંગોથી પોતાને અને પરને કર્મનાં બંધન થાય નહિ. સમુદ્રના જળનો પાર પામી શકાય, પરંતુ આચાર્યભગવંતોના ચિત્તનો પાર પામી શકાય નહિ.

૨૪ ખેદસહઃ—તપસ્યા ખૂબ કરે, શીત અને તાપને સહન કરે, અનેક શિષ્યોને રાત અને દિવસ વાચના આપે, પોતે છઠ્ઠ-અઠ્ઠમાદિતપસ્યાવાળા હોવા છતાં વ્યાકરણ, કાવ્ય, ન્યાય, પ્રકરણ, આગમવિગેરેના કઠીનઅર્થ પુછવાઆવેલ શિષ્યોને અવિશ્રાંત સમાધાનો આપે. જરા પણ કંટાળે નહિ.

૨૫ દીપ્તિમાન્—એટલે પરાધૃષ્યઃ ભગવાનવીતરાગના સૂરિપુંગવોની પ્રભા દરેક મનુષ્યો ઉપર પડતી હોવાથી પરવાદીઓથી અધૃષ્ય હોય છે. પરવાદીઓથી ગાંજ્યા જતા નથી. જેમ હેમચંદ્રસૂરિમહારાજને પાટણમાંથી કાઢવા દેવબોધિપંડિતે પોતાની બધી શક્તિઓ અજમાવી જોઈ, પરંતુ છેવટે પોતાને રાત લઈને નાસી જવું પડ્યું.

૨૬ શીવઃ—ભગવાનવીતરાગના સૂરિપુરંદરો, કલ્યાણ અને મંગળના ધામ હોવાથી, આશ્રિતોને આ સંસારનાં સર્વમંગલિકો અપાવી, પ્રાન્તે મોક્ષ અપાવનારા થાય છે.

૨૭ સૌમ્યઃ—આચાર્યભગવંતો બાહ્ય-અભ્યંતર સૌમ્ય હોય છે. આકૃતિ અને અભ્યંતર ચંદ્ર જેવા શાન્ત સ્વભાવવાળા હોય છે. શાસ્ત્રકાર મહારાજ ઉપસંહાર કરતાં જણાવે છે કે, સૂરિમહારાજાઓના ગુણો કહેતાં પાર આવે તેમ નથી. એટલે 'गुणसयलकलिओ', સેંકડો સદ્ગુણોથી આચાર્યભગવંત વિભૂ-

ષિત હોય છે.

મહોપાધ્યાય શ્રીયશોવિજયજીગણિવર ફરમાવે છે કે–

"અસ્તમિયે જિન સુરજ, કેવલ ચંદ જે જગ દીવો;
ભુવન પદારથ પ્રકટનપટુ તે આચારજ ચિરંજીવોરે...
ભવિકા સિદ્ધચક્ર પદવંદો...'

પંચ આચાર જે સુધા પાલે, મારગ ભાખે સાચો;
તે આચારજ નમિએ તેહસું, પ્રેમ કરીને જાચોરે ભવિકા–
વરછત્રીશગુણે કરી સોહે, યુગપ્રધાન જન મોહે;
જગ બોહે ન રહે ક્ષણ કોહે, સૂરિ નમું તે જોહેરે ભવિકા–
નિત્ય અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહિ વિકથા ન કષાય;
જેહને તે આચારજ નમિયે, અકલુષ અમલ અમાયરે ભવિકા–
જે દિયે સારણ-વારણ-ચોયણ-પડીચોયણ વલી જનને
પટધારી ગચ્છથંભ આચારજ, તે માન્યા મુનિ મનને રે. ભવિકા–

અર્થ—શ્રીજિનેશ્વરદેવરૂપ સૂર્ય અને કેવળજ્ઞાનરૂપ ચંદ્ર અસ્તથયે છતે જગતના પદાર્થોને પ્રકાશવામાં દીપકસમાન આચાર્યભગવાન ચિરંજીવો–સદાકાળ જીવતા રહો.

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર આ પાંચે આચારોને એકદમ નિર્મલ–શુદ્ધ પાલે, તેનો જ ઉપદેશ આપે, તન્મયભાવમાં વર્તે અને ભગવાનવીતરાગનો માર્ગ શુદ્ધ બતાવે. જરાપણ છુપાવે નહિ. ઉત્સૂત્ર પ્રરૂપણાથી ખૂબ જ ડરતા રહે. જે વર–શ્રેષ્ઠ એવી છત્રીસ–છત્રીસીઓ એટલે ૧૨૯૬ ગુણે કરીને શોભે છે. અને જેમનું પુણ્યબલ એટલું બધું હોય છે કે, તે કાળના મનુષ્યમાત્રમાં તેમની જ પ્રધાનતા હોય. તેથી જગતના મનુષ્યમાત્ર તેમના ચારિત્રગુ-

ણોમાં મોહ પામે છે, અર્થાત્ ખુશ જ આકર્ષાય છે. વળી જગતના પ્રાણીને પ્રતિબોધ કરે છે. કયારેય ક્રોધાદિના કારણો ઉપસ્થિત થવા છતાં, શ્રી જૈનશાસનના સેનાધિપતિ આચાર્ય-ભગવાન એક ક્ષણ પણ ક્રોધાવેશ લાવતા નથી.

તેઓ સર્વકાળ અપ્રમત્તદશામાં રહેતા હોવાથી, સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા અને રાજકથારુપ વિકથા અને કષાયો તો તેમની પાસે આવતા જ નથી. વળી આચાર્ય ભગવાન સદા-કાળ અકલુષ– એટલે આર્ત કે રૌદ્રધ્યાનથી રહિત હોય છે. નિર્મલ હોય છે, કપટ વગરના હોય છે. સરલસ્વભાવી હોય છે.

આચાર્યભગવંતો રાજા–મહારાજાની પેઠે પટધારી અને ગચ્છનાસ્થંભ જેવા હોવાથી સદાકાળ પોતાના મુનિગણને સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા આપ્યા જ કરે છે. કારણ કે પોતાના ગચ્છમાં સારણાદિ નથી આપતા અને ફોકટ સૂરિમહારાજ બનીને ફરે છે, તેઓને શાસ્ત્રમાં કેવા કહ્યા છે ? તે જુઓ—

"जोहाओ वि लिहंतो, न भद्दओ जत्थ सारणा नत्थि
दंडेण वि ताडंतो, स भद्दओ सारणा जत्थ ॥ १ ॥
जह सीसाइं निकिंतइ, कोइ सरणागयाण जंतूणं ।
तह गच्छमसारंतो, गुरु वि सुत्ते जओ भणिअं ॥ २ ॥
जहिं नत्थि सारण वारणा य, चोयण पडिचोयणा य गच्छम्मि
सो गच्छो अगच्छो, संजमकामीहिं मोत्तव्वो ॥ ३ ॥
गच्छ तु उवेहंतो कुव्वइ दीहं भवं विहीए उ ।
पालंतो पुण सिज्झइ, तइयभवे भगवईसिद्धं ॥ ४ ॥"

અર્થ–જે ગુરુમહારાજ પોતાનાશિષ્યવર્ગને સારણા,

વારણા, ચોયણા, પડિચોયણા આપવામાં સમજ્યા નથી, તેવા ગુરુમહારાજ, શિષ્યને ખોળામાં બેસારીને ચાટતા હોય, તો પણ તે શિષ્યોના શત્રુ તુલ્ય જ છે. પરંતુ જે ગુરુ મહારાજ સારણાદિ આપવા સારૂ, સારણાદિના પાલન માટે, શિષ્યવર્ગને દંડવડે તાડન કરતા હોય તો પણ, તેવા ગુરુદેવ શિષ્યવર્ગના પરમઉપકારી છે. જેમ શરણે આવેલાનાં, અથવા ખોળામાં માથું મુકીને સુઈ ગએલા માણસોનાં, માથાં કાપનાર જેટલા અધમ આત્મા છે. તે જ પ્રમાણે પોતાનાગચ્છને સારણા-વારણાદિ નહિ આપતા ગુરુમહારાજ પણ તેવા જ અધમ કોટીના જાણવા. જેને માટે શાસ્ત્રોમાં કહેલ છે કે. જે ગચ્છમાં (આચાર્યના સમુદાયમાં) સારણા, વારણા, ચોયણા પડિચોયણા છે જ નહિ, તે ગચ્છ વાસ્તવિક ગચ્છ જ નથી. સંજમના ખપી જીવોએ તેવા ગચ્છનો ત્યાગ કરવો જોઈએ. જે આચાર્ય મહારાજ, ગચ્છની ઉપેક્ષા કરીને, **સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા** કરી શકતા નથી, તેમનો સંસાર વધી જાય છે. પરંતુ જે સૂરિમહારાજ વિધિપૂર્વક ગચ્છની સંભાલ રાખે છે. અવિચ્છિન્ન વાયણાદિ આપે છે. તેવા મહાપુરુષો ત્રીજા ભવમાં મોક્ષગામી બને છે એમ ભગવતી સૂત્રમાં કહ્યું છે.

એટલે સૂરિમહારાજા થયેલા કે થવાને યોગ્ય તે જ હોઈ શકે છે, કે, જેમના બાહ્ય ગુણો પણ જગતને મોક્ષ-માર્ગની આરાધનામાં આકર્ષક બને છે. અને જેમના અભ્યંતર ગુણો આત્માને શીઘ્ર મોક્ષમાં પહોંચાડે છે. પ્રાયેણ ગીતાર્થ ભાવાચાર્ય સૂરિમહારાજાઓ ત્રીજા ભવે કે છેવટે છ-સાત ભવે જરૂર મોક્ષગામી હોય છે.

શ્રીવીતરાગશાસનના સૂરિમહારાજાઓ વ્યાકરણ, સાહિત્ય, ન્યાય, અલંકાર, જ્યોતિષ, ઇતિહાસ, ભૂગોળ, ખગોળ, પ્રકરણો અને સર્વાંગ જૈનાગમોના અભ્યાસમાં સંપૂર્ણ નિષ્ણાત બનેલા હોય છે. અને સાથોસાથ ઇતર દર્શનોનો પણ ઉંડો અભ્યાસ કરી વ્યાખ્યાનાદિમાં અતિકુશલ બનેલા હોય છે.

પ્રશ્ન—શાસ્ત્રોમાં જે રીતિએ આચાર્યોના ગુણોનું વર્ણન બતાવ્યું છે. તે મુજબ શું સર્વત્ર સાચવણ રખાઈ હશે ખરી?

ઉત્તર—બરાબર, ભવનાભીરુ પૂર્વપુરુષોએ, જેમ પોતામાં ગુણનો સંચય વધાર્યો હતો, તે જ પ્રમાણે પોતાના ઉત્તરાધિકારી બનાવવામાં સાવધાનતા પણ રાખી છે. સાથોસાથ શાસનમાં સડો ન પેસી જાય તે માટે ભલામણ પણ લખી છે કે,

—"वूढो गणहरसद्दो, गोयमाइहिं धीरपुरिसेहिं;
जो तं ठवेइ अपत्ते, जाणंतो सो महापावो."

અર્થ—આ શ્લોક આચાર્ય વિગેરે પદવીઓ આપવાની સાવધાનતા સૂચક છે. અને તેથી ગણધર શબ્દના ઉપલક્ષણથી ગણધર, ગણી, વાચક, સૂરિ, ક્ષમાશ્રમણ, દિવાકર વિગેરે શબ્દો પ્રાયઃ આચાર્યપદના પર્યાયવાચક શબ્દો છે. એમ સમજવું. જેમકે, ધર્મદાસગણી, સંઘદાસગણી, ઉમાસ્વાતિવાચક, જિનભદ્રગણી ક્ષમાશ્રમણ, સિદ્ધસેનદિવાકર, કેશિગણધર, વિગેરે બિરુદો આચાર્યભગવંતોને અપાયાં છે. તેથી પૂજ્યપુરુષો ફરમાવે છે કે,–ગૌતમાદિ ધીરપુરુષોએ જે ગણધર [સૂરિ–આચાર્ય વિગેરે] શબ્દ ધારણ કર્યો છે. શબ્દને યથાર્થ શોભાવ્યો છે. આવા મહાપવિત્ર શબ્દને, કોઈ પણ આચાર્ય પોતાના કે પરના કુપાત્રશિષ્યને અર્પણ કરે, પોતાના કે પરના

શિષ્યનાં દૂષણો જાણવા છતાં, એવા કુશિષ્યોને સૂરિ વિગેરે પદવીઓ આપી દે, તો ખરેખર તે ગુરુ મહાપાપી ગણાય છે.

વાચક, ચોક્કસ સમજી શકશે કે, શ્રીજૈનશાસનમાં ઉપરના શ્લોકનો ખૂબ જ અમલ થયો છે. અને પદવીઓ આપવામાં ઘણી જ સાવધાનતા રાખીને, ગુણોની પરીક્ષા કરીને પદવીપ્રદાનો થયાં છે. અને પદવીના લોલુપી અયોગ્ય આત્માઓને પદવી નહિ આપવાના બનાવો પણ નોંધાયા છે.

જૈનશાસનમાં પ્રદવીપ્રદાન કસોટીનો સૌ પ્રથમ બનાવ

પાંચમા ગણધર સુધર્માસ્વામીમહારાજના પટ્ટધર, છેલ્લા કેવલી ભગવાન જંબૂસ્વામીમહારાજ થયા. તેમના પટ્ટધર પ્રભવસ્વામીમહારાજ થયા. તેઓ સંપૂર્ણ ચૌદ પૂર્વધર હતા. અને ચોથા આરાની લગોલગ હતા. તેમણે પોતાની પછી આખા સમુદાયની જવાબદારી સાચવે તેવા, પટ્ટધરની શોધ કરવા, પોતાના પૂર્વના જ્ઞાનનો ઉપયોગ મૂક્યો, પરંતુ આખા સમુદાયમાં, એક પણ સાધુ પટ્ટધર થવાને યોગ્ય જણાયો નહિ. અહીં સમજવા જેવી એક બાબત એ પણ છે કે, શ્રીમાન્-પ્રભવસ્વામીના વખતમાં મતમતાંતર કે ગચ્છ-ગચ્છાંતરો હતા જ નહિ. તેથી તમામ મુનિરાજો એક આચાર્યભગવાનની છત્રછાયામાં હતા. વળી સાધુઓ પણ લાખોની સંખ્યામાં હતા. તેમાં પૂર્વજ્ઞાનના અભ્યાસી પણ ઘણા હતા. તેમાંથી એક પણ પટ્ટધર થવાને યોગ્ય મહાત્મા દેખાયા નહિ એ પણ એક ઘણી જ સમજવા યોગ્ય બાબત છે.

પ્રશ્ન—ભગવાન મહાવીરદેવના સાધુઓ ફક્ત ૧૪ હજાર બતાવ્યા છે. અને ત્યાર પછી તો, મહાવીર ભગવાનના વખત કરતાં

પણ વધારે એટલે લાખોની સંખ્યામાં સાધુઓ હતા. આ વાત કેવી રીતે સાચી મનાય?

ઉત્તર—ભગવાનમહાવીરદેવના સમયમાં, સાધુઓ ૧૪ હજારજ ન હતા, પરંતુ ફક્ત શ્રીમહાવીરદેવના ખુદના શિષ્યો ૧૪ હજાર હતા. પરંતુ શિષ્યપરંપરા તો લાખોની સંખ્યામાં હતી. **શ્રીઋષભદેવસ્વામી**ના શિષ્યો ૮૪ હજારજ હતા. પરંતુ શિષ્ય-પરંપરા ક્રોડોની હતી. તેમ અહીં એકલા ૧૧ ગણધરોએ દીક્ષા લીધી, ત્યારે તેમની સાથે ૪૪૦૦ શિષ્યો હતા. તે બધા ગણ-ધરોના શિષ્યોમાં ગણાયા છે. પણ ભગવાનના શિષ્ય તો ૧૧ ગણધરો જ ગણેલા છે. તે પ્રમાણે એકલા **ગૌતમસ્વામી**ના ૫૦ હજાર શિષ્યો બતાવ્યા છે, તે જ પ્રમાણે નંદિષેણ નામના **શ્રેણિક**ના પુત્ર (ભગવાન મહાવીરદેવના શિષ્ય) હતા. જે દીક્ષા મૂકી ૧૨ વર્ષ વેશ્યાના ઘેર રહેલા હતા. તેમના પણ ઘણા શિષ્યો થયા છે. એટલે ભગવાનના ૧૪ હજાર શિષ્યોના શિષ્યો અને તેમના શિષ્યોની સંખ્યા, બે–ત્રણ–ચાર લાખ કે તેથી પણ અધિક હોઈ શકે છે.

પ્રશ્ન—શું ચોથા આરા જેવા તે કાળમાં, એટલા બધા મોટા સમુદાયમાં, એવા ગુણી ગુરુઓના સહવાસમાં અને પૂર્વના અભ્યાસકાલમાં પણ કોઈ આત્મા સુપાત્ર નહિ જ હોય?

ઉત્તર—સુપાત્ર ભલે લગભગ બધા જ હોય. અને થોડા જ ભવોમાં મોક્ષે જવાની લાયકાતવાળા પણ હોય; છતાં આચાર્યપદની જોખમદારી લેવી કે આપવી, એ વળી જુદી જ વાત છે. જેમ ભગવાનજિનેશ્વરદેવના હજારો સાધુઓ–શિષ્યો હોય છે. તેમાં કેટલાક તે જ ભવમાં મોક્ષમાં જનાર પણ હોય;

છતાં ગણધરપદવી તો ગણ્યા–ગાંઠ્યા મહાપુરુષોને જ અપાય છે. જેમ નગરમાં કે દેશમાં, લાખો મનુષ્યોની કે ક્રોડો મનુષ્યોની વસતિ હોવા છતાં, પ્રધાન થવાની યોગ્યતા કોઈક મનુષ્યમાં જ હોય છે. તેમ તે આત્માઓમાં આરાધક ગુણો ઘણા હોવા સાથે સજ્જનતા પણ ખૂબ જ હોય તો પણ, આચાર્યપદવીની યોગ્યતા એ એક જુદી જ વસ્તુ છે. રાજ્યપદવીની જેમ મોટી જોખમદારી છે. તેમ, તેના કરતાં હજારોગુણી જોખમદારી આચાર્યપદવી લેવામાં અને આપવામાં સમાયેલી છે.

હવે **પ્રભવસ્વામી**મહારાજે સાધુસમુદાયને જ્ઞાનથી તપાસ્યા પછી, શ્રાવકસંઘમાં ઉપયોગ મુકયો. શ્રાવકો તો તે વખતે ક્રોડોની સંખ્યામાં હતા, ધર્મના ઘણા અભ્યાસી હતા, ભવભીરુ અને આરાધક પણ હતા, છતાં **પ્રભવસ્વામી**–મહારાજને પોતાના પટ્ટધર થવાને યોગ્ય કોઈપણ જણાયા નહિ. ત્યારે ઈતરદર્શનમાં ઉપયોગ મુકયો. તો રાજગૃહ–નગરમાં વસતા **શય્યંભવભટ્ટ** સંપૂર્ણયોગ્ય જણાયા. **શય્યંભવ** બ્રાહ્મણ હતા, ચૌદવિદ્યાના પારગામી હતા, જૈનદર્શનના સંપૂર્ણ પ્રતિપક્ષી હતા, છતાં તે પરમાર્થદર્શી જરૂર હતા. એ ગુરુમહારાજાએ મોકલેલા બે મુનિરાજોનાં, પરમાર્થપૂર્ણ વાક્યો સાંભળીને, તે વિચાર કરવા લાગ્યા. જ્યાં તે વાક્યનો પરમાર્થ સમજાયો કે, તુર્ત જ સર્વસ્વનો ત્યાગ કરીને ગુરુ પાસે આવ્યા. ભગવાન **પ્રભવસ્વામીજી** તો જ્ઞાની જ હતા. તેમણે તો તેમની પહેલાં જ જ્ઞાનથી પરીક્ષા કરી લીધી હતી. એટલે તત્કાળ દીક્ષા આપી. શાસ્ત્રો ભણાવી, ચૌદપૂર્વધર બનાવ્યા, પછી આચાર્યપદવી અને યુગપ્રધાન પદ આપ્યું. પરિવારની ભલામણ આપી પોતે અનશન કરી

સ્વર્ગવાસી થયા.

અહીં આપણે જોઈ શકીશું કે, શ્રીજૈનશાસનમાં પદની કેટલી મહત્તા છે ? આવા પદ માટે થોડીપણ છુટછાટ નથી, સાથે પક્ષપાત વિનાનો ગુણાનુરાગ પણ છે. છે કયાંય શિષ્ય-મોહ ? છે કયાંય પક્ષમોહ ? શિષ્યવર્ગમાં પણ અભિમાન, અમર્ષ કે ઈર્ષ્યાભાવને કયાંય સ્થાન છે ? નથી જ. જ્યાં એકલો ગુણાનુરાગ ભર્યો હોય, ત્યાં અભિમાન ઈર્ષ્યા વિગેરે પાપો હોય જ શા માટે ?

ચાલીશ-પચાસ-સાઈઠવર્ષોના દીક્ષિતોએ પણ, નવીન-દીક્ષિત શય્યંભવને વડીલ બનાવવા આનંદપૂર્વક સ્વીકાર કર્યો. બધા પુણ્યવાન આત્માઓ હતા. તેથી ગુણને અને ગુરુને આધીન હતા. જેઓમાં ગુણાનુરાગ હોય તેમને ગુરુવચન ઉપર પણ રાગ જરૂર હોય.

પ્રશ્નો—ગુણાનુરાગ હોય અને ગુરુ ઉપર રાગ ન હોય. એમ ન બની શકે ?

ઉત્તર—બને જ નહિ. કારણકે, ગુણાનુરાગી શિષ્ય ગુણ-વાન ગુરુનો રાગી ન હોય, એ બને જ નહિ, જેને ગુરુ ઉપર પ્રેમ ન હોય અને પોતાનામાં ગુણાનુરાગ માને, તે મસ્તક વિનાના શરીર જેવી વાત છે.

પ્રશ્ન—પોતે ગુણાનુરાગી હોય, ગુરુની સેવા-ભક્તિ કરે, પણ ગુરુનાં વચન ન માને તો તેને આરાધના ખરી કે નહિ ?

ઉત્તર—સેવાભક્તિને આરાધના કહી જ નથી, પરંતુ વચનના આદરને જ આરાધના કહી છે. વચનનો આદર આવ્યા પછી કરેલી સેવાભક્તિ આરાધના ગણાય છે.શાસ્ત્રોમાં કહ્યું છે કે—

"आणाए तवो आणाए संजमो तहय दाणमाणाए ।
आणारहिओ धम्मो पलालपुलुव्व पडिहाइ ॥ १ ॥"

અર્થ—તપ સંજમ અને દાનાદિ બધુ જ આજ્ઞાપૂર્વક કરવું તે જ આત્માને હિતકર બને છે. આજ્ઞાવગરનો ધર્મ તે ફોતરાનાં પુળા જેવો જ કહેલ છે. વળી કહ્યું છે કે,

"प्रायश्चितं गुरूणां हि, वचांसि निखिलैनसाम् ।
नातिक्रान्तगुरूणां हि, क्रिया कापि फलेग्रही ॥१॥"

અર્થ—ગુરુમહારાજનાં વચનો બધા પાપોનું પ્રાયશ્ચિત છે. ગુરુના વચનને અનુસરનાર શિષ્યની ક્રિયા સફળ છે. અર્થાત્ ગુરુનાં વાક્યોનું ઉલ્લંઘન કરનાર ગમે તેટલા તપ અને ક્રિયા કરતો હોય તો પણ કશું ફલ મેળવતો નથી.

આથી એ નક્કી થાય છે કે, શ્રીજૈનશાસનમાં ગુરુમહારાજની આજ્ઞા એ જ ધર્મ છે. માટે ગુરુ એવા હોવા જોઈએ, કે, સંપુર્ણશાસન ઉપર પોતાની સંપૂર્ણ આજ્ઞા પળાવી શકે.

—o—

બીજી ઘટના વરાહમિહિરની

આ વરાહમિહિર શ્રી ભદ્રબાહુસ્વામીમહારાજનો સગો ભાઈ હતો. બીજા ઉત્તમ શિષ્યોની આચાર્ય પદવી થવાની હતી. ત્યારે વરાહને પણ આચાર્ય થવાની ભાવના હતી. પરંતુ ગુરુ મહારાજને તે સર્વથા અયોગ્ય જણાવાથી, તેને ગુરુજીએ આચાર્યપદવી ન આપી. આચાર્યપદ લેવા સારુ વરાહમિહિરે ઘણા ધમપછાડા કર્યા, પણ તેને પદવી ન જ મળી. છેવટે તે દીક્ષા મૂકીને જ્યોતિષજીવી પંડિત થયો. ત્યાં પણ તેણે શ્રીજૈન-

શાસનની અને ભદ્રબાહુસ્વામીની ઘણી જ નિંદા કરી. પ્રાન્તે જૈનધર્મ ઉપરના દ્વેષપૂર્વક મરીને વ્યંતરદેવ થયો. અને શ્રીજૈનસંઘ ઉપર ઘણો જ ક્રોધાયમાન થઈ, મરકીનો રોગ ફેલાવ્યો, જેના પરિણામે ઘણા માણસો મરણ પામ્યા. તેની ભદ્રબાહુસ્વામી મહારાજને જાણ થતાં તેમણે 'ઉવસગ્ગહર' સ્તોત્ર બનાવીને, મરકીનો રોગ બંધ કરી, શ્રીસંઘને આપત્તિમુકત કર્યો; અહીં આપણે સમજવાની બીના એ છે કે, વરાહના બધા જ ચાળા ગુરુદેવે જ્ઞાનથી જોયા હતા. **'દુર્જનં પ્રથમં વંદે'** એ ન્યાયથી પણ વરાહમિહિરને સૂરિપદ ન આપ્યું. વરાહમિહિરને સૂરિપદ ન આપવાથી, થનારા નુકશાનને પણ ન જોયું. અને એ નુકશાન કરતાં પણ કુપાત્રને સૂરપિદ આપવું, વધારે અનર્થનું કારણ છે. એમ નક્કી કરી બતાવ્યું.

—o—

ઘટના ત્રીજી સ્થૂલભદ્રમહારાજની

શ્રીસ્થૂલભદ્રસૂરિમહારાજ જૈનશાસનમાં . મહાબ્રહ્મચારી તરીકે ખૂબ જ પંકાયા છે. આ મહાપુરુષ માટે જૈનશાસનમાં ઘણું જ સન્માન છે. શ્રીજૈનશાસનમાં જિનેશ્વરદેવો અને ગણધરોથી લઈ ને યાવાત્ આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુ સાધ્વીજીઓ બધા જ, સંયમીદશામાં, ત્રિકરણ બ્રહ્મચારી જ હોય છે. તો જ તેમનું ચારિત્ર પવિત્ર લેખાય છે. છતાં સ્થૂલભદ્રસ્વામીજી મહાબ્રહ્મચારી ગણાયા છે. કારણ કે સાધુ થયા પછી, બ્રહ્મચર્યથી પતન થવાના કારણભૂત વેશ્યાના ઘરમાં ચોમાસું રહ્યા, ત્યાં એકાંતવાસ હતો, ચિત્રશાલામાં રહેઠાણ હતું, ષટ્રસ ભોજન હતાં, જુવાની હતી, વેશ્યા પરમ રાગવાલી હતી. ચોમાસાનો

કાળ હતો, છતાં સ્થૂલભદ્રમહારાજ મનથી પણ ખરડાયા નહિ.

આ મહાપુરુષ, આચાર્યભગવાન શ્રીભદ્રબાહુસ્વામી પાસે પૂર્વનો અભ્યાસ કરતા હતા, ૧૦ પૂર્વ અર્થસહિત પૂરા થવાની તૈયારી હતી. એકદા દિવસના ભાગમાં સ્થૂલભદ્રમહારાજ, ગુરુમહારાજથી થોડા દુરના પ્રદેશમાં સૂત્રપાઠ ગોખતા બેઠેલા હતા. તેવામાં સ્થૂલભદ્રમહારાજની સાધ્વી થયેલી સાત બહેનો, 'યક્ષા યક્ષદિન્ના' વિગેરે, ભદ્રબાહુસ્વામીને વંદન કરવા આવ્યાં. ગુરુને વાંદીને, સ્થૂલભદ્રમહારાજને વંદન કરવાની ઇચ્છા જણાવી. ગુરુમહારાજે સ્થાન બતાવ્યું. સાધ્વીજીઓ ત્યાં ગયાં; પરંતુ પોતાની બહેન સાધ્વીજીઓને આવતાં દેખીને, સ્થૂલભદ્રમુનિરાજને કુતૂહલ થયું. વિદ્યાબળથી પોતાનું રુપફેરવી, સિંહનું રુપ બનાવ્યું. ભગિની સાધ્વીજીઓએ જોયું તો, ભાઈમુનિ દેખાયા નહિ; પણ સિંહ નજરે પડ્યો; અને ભયપામીને ભાગી આવ્યાં. ગુરુમહારાજાએ ભયપામવાનો પરમાર્થ–કારણ પૂછયું. સાધ્વીજી કહે છે, મહારાજજી ! આપે બતાવેલા સ્થાને અમે ગયાં. પરંતુ ત્યાં સ્થૂલભદ્રમુનિ મહારાજ નથી. પરંતુ મહા વિકરાળ એક સિંહ બેઠો છે. સ્થૂલભદ્રમહારાજનું શું થયું ? આપ જલદી તપાસ કરાવો. ભદ્રબાહુસ્વામીમહારાજાએ જ્ઞાનથી, સ્થૂલભદ્રમુનિની કુતુહલપ્રિયતા જાણી લીધી, અને સાધ્વીજીને ફરી ત્યાં જવા આજ્ઞા આપી. સાધ્વીજીઓ ત્યાં ગયાં. ભાઈને વંદન કરી, પોતાના સ્થાને ગયાં. થોડા સમય પછી મુનિમહારાજસ્થૂલભદ્રજી ગુરુમહારાજ પાસે, પૂર્વનો પાઠ લેવા આવ્યા. ગુરુમહારાજ કહે કે, તમે હવે શ્રુતપચાવવાને યોગ્ય નથી. સ્થૂલભદ્રમુનિ તો આભા જ બની ગયા, અને પૂછવા લાગ્યા, કેમ બાપજી ? ગુરુમહારાજ

ફરમાવે છે કે, ભાઈ! તમને શ્રુતજ્ઞાનનું અજીર્ણ થયું છે. તે જ અજીર્ણની ઉલટીરુપ, તમારે આ સિંહનું રુપ લેવું પડયું. સ્થૂલભદ્રમહારાજ કહે છે, પ્રભુ! આ તો મેં જરા ગમ્મત કરી હતી. ગુરુમહારાજ કહે છે, ભાઈ! પૂર્વનું જ્ઞાન ગંભીરતા વગરના જીવો જીરવી શકે નહિ અને હવે પછીના પૂર્વો અનેકવિદ્યાઓ, ઔષધિઓ અને કલ્પોથી ભરેલા છે. તે તમને પાચન થવા અશક્ય જ છે. માટે આપવા ઇચ્છા નથી.

ઉપર મુજબના ગુરુનાં વાક્યો અને વિચારો જાણી સ્થૂલભદ્રમુનિમહારાજને ઘણું દુઃખ લાગ્યું, અને પોતે કરેલી ભૂલની ક્ષમા માગી. આલોચના પણ માગી. પરંતુ ગુરુમહારાજાએ પાઠ આપવા નકાર જ સંભળાવ્યો. આ બાબતની શ્રીસંઘને ખબર પડી ગઈ. સંઘ એકઠો થઈ ગુરુજી પાસે આવ્યો, અને નમ્રતાપૂર્વક ઘણી દલિલો કરી જણાવ્યું કે, હે પ્રભો! સ્થૂલભદ્રમહારાજ જેવા મહાગુણી શિષ્યને આપ જો અયોગ્ય માનશો, તો આ સાધુ સમુદાયમાં બીજા એવા યોગ્ય સાધુ મળવા મુશ્કેલ છે. માટે કૃપા કરી સ્થૂલભદ્રમુનિને વાચના આપવા અનુગ્રહ કરો. સંઘના અત્યાગ્રહથી ભદ્રબાહુસ્વામીમહારાજે પાછલા ચાર પૂર્વ મૂલમાત્ર ભણાવવા હા કહી, પરંતુ અર્થ નહિ. વળી હવે પછી-૧૧-૧૨-૧૩-૧૪મું આ ચાર પૂર્વ મૂલ પણ કોઈને ન ભણાવવા ભલામણ કરી. એટલે સ્થૂલભદ્રસ્વામીને ૧૦ પૂર્વ અર્થ સહિત અને ચાર પૂર્વ મૂલ મળ્યા. ત્યાર પછીની પરંપરામાં વયરસ્વામી સુધી ૧૦ પૂર્વ અર્થ સાથે રહ્યાં, અને આર્યરક્ષિતસૂરિમહારાજથી દશ પૂર્વમાં પણ ઓછાશની શરુઆત થઈ.

આપણે અહીં એ વિચારવું જોઇએ કે, સ્થૂલભદ્રસ્વામી મહારાજ એક મહાન વ્યક્તિ હતા. તેમના માટે શ્રીજૈનશાસનમાં એવો, ઘોષ છે કે ૮૪ ચોવીશી સુધી આવા બ્રહ્મચારી પુરુષ થશે નહિ. છતાં આવા મહાન્ વ્યક્તિને પણ, ગુરુમહારાજે અયોગ્ય માની, છેલ્લા ચાર પૂર્વની અર્થવાચના ન આપી. આથી એમ જ સિદ્ધ થયું કે, શ્રીજૈનશાસનમાં દોષો મુદ્દલ પાલવતા નથી. અને ગુણોનો પુષ્કળ આદર છે.

—❀—

કસોટીનો ચોથો દાખલો

ભગવાન વયરસ્વામીઆચાર્યની પાસે પૂર્વનો અભ્યાસ કરનાર, તોસલિપુત્રઆચાર્યના શિષ્ય, આર્યરક્ષિતસૂરિમહારાજ સાડાનવ પૂર્વ સુધીના પૂર્વશ્રુતપાઠી હતા. તે મહાગુણી હતા. તેમનો શિષ્યસમુદાય ઘણો હતો. તેમાં દુર્બલિકાપુષ્પમિત્ર, વન્ધ્યમુનિ, ગોષ્ઠામાહિલ અને ફલ્ગુરક્ષિત વિગેરે કેટલાક સાધુઓ ઘણા વિદ્વાન પણ હતા. "આ આર્યરક્ષિતસૂરિમહારાજ તે જ છે કે, જેમને શક્રેન્દ્રનિગોદનું સ્વરૂપ પૂછવા આવ્યા હતા." તેમના બધા શિષ્યોમાં, ત્રણ શિષ્યો, દુર્બલિકાપુષ્પમિત્ર, ગોષ્ઠામાહિલ અને ફલ્ગુરક્ષિત મોખરે હતા. તેમના મોસાલપક્ષનો, ગોષ્ઠામાહિલને, પટ્ટધર બનાવવા આગ્રહ હતો. તેમના કુટુંબીજનોનો, ફલ્ગુરક્ષિતને આચાર્ય બનાવવા આગ્રહ હતો. કારણ કે તે તેમના સગા ભાઈ અને પ્રથમશિષ્ય હતા. છતાં ગુરુમહારાજઆર્યરક્ષિતસૂરિવરે, ગુણી આત્મા દુર્બલિકાપુષ્પમિત્રને, પોતાના પટ્ટધર બનાવ્યા હતા.

સૂરિમહારાજના અવસાન પછી ગોષ્ઠામાહિલે ઘણી જ

ધમાચકડી મચાવી હતી. સમુદાયને ભંભેરીને પક્ષો પાડવાની બની તેટલી તરકીબો કરી. છેવટે સૂત્રવિપરિત પ્રરૂપણા કરીને શાસનના વિરોધી થઈને અનેકને માર્ગથી પતિત બનાવ્યા.

અહીં સમજવા યોગ્ય એ છે કે, આર્યરક્ષિતસૂરિમહારાજા કુટુંબના મોહમાં ન તણાતાં અને પોતાના સગા મામા ગોષ્ઠા-માહિલ અને સગા ભાઇ ફલ્ગુરક્ષિતને, આચાર્યપદવી ન આપતાં યોગ્ય આત્મા દુર્બલિકાપુષ્પમિત્રને જ, પોતાના પટ્ટધર બનાવી સમગ્રસમુદાયની લગામ તેમના હાથમાં સોંપી હતી.

કસોટીનો પાંચમો પ્રસંગ

અને આચાર્યભગવાન પ્રદ્યોતનસૂરિમહારાજ

ભગવાન **શ્રીસુધર્માસ્વામી**મહારાજની પાટપરંપરાએ ૧૮મા પટ્ટધર શ્રીમાન્ પ્રદ્યોતનસૂરિમહારાજ થયા. તેમણે પોતાની વૃદ્ધાવસ્થામાં પોતાના ઉત્તરાધિકારી બનાવવા, પોતાના સમગ્ર શિષ્યપરિવારમાંથી, માનદેવનામના મુનિપ્રવરને લાયક આત્મા માની, આચાર્યપદવી આપવા વિચાર કર્યો હતો. આ મહાપુરુષને શિષ્યપરિવાર ઘણો હતો. વિદ્વાનો પણ ઘણા હતા. ચારિત્ર પાળવામાં ચોથા આરાનું ધ્યાન ખેંચે તેવા હતા. છતાં. હજારો મહામુનિવરોમાં પટ્ટધરની પસંદગી એકની જ થઈ, અને શ્રીસંઘને વાત જણાવી. શુભ-તિથિ, વાર, નક્ષત્ર, કરણ અને ચંદ્ર વિગેરે જોઈ પદવીપ્રદાનની જાહેરાત કરી.

છેટેથી અને નજીકથી ઘણા શ્રાવક-શ્રાવિકાઓ એકઠા થયા. સાધુ-સાધ્વી પણ વિહારકરીને પહોંચાય તેટલા પહોંચી આવ્યા. મુહૂર્તના દિવસે, સુપ્રભાતે, મંગળમુહૂર્તમાં ચતુર્વિધ-શ્રીસંઘની ભરચકસભામાં ગુરુમહારાજાએ ક્રિયા શરૂ કરાવી. ત્યારે

મુનિ શ્રી માનદેવજી મહારાજ ફક્ત ઓઘા, મુહપત્તિ અને ચોલપટ્ટાયુક્ત ક્રિયા કરતા હતા, તેવામાં ગુરુદેવ પ્રદ્યોતનસૂરિમહારાજની દૃષ્ટિ, ઉઘાડા શરીરે ક્રિયા કરતા, માનદેવના શરીર ઉપર ગઈ, મુનિશ્રી મહાપુણ્યશાળી આત્મા હોવાથી, તેમના ડાબા જમણા ખભા ઉપર, સરસ્વતી અને લક્ષ્મીનાં ચિન્હ હતાં. અને તેથી ભવિષ્યમાં લક્ષ્મી અને સરસ્વતીનો તેમને સાક્ષાત્કાર થાય તેવો, ગુરુમહારાજને ભાસ થવા માંડ્યો. અર્થાત્ આ બેઉભા ઉપર આવાં બે નિશાનો છે, તેથી જો લક્ષ્મીદેવી પ્રસન્ન થશે તો, આ આચાર્યપદનાર આત્મા સાધુપણાથી પતન પામશે, અને જો સરસ્વતી પ્રસન્ન થશે તો જ્ઞાનનું પાચન થવું મુશ્કેલ બનશે. માટે આ મુનિને આચાર્યપદવી આપવી એ જોખમ ભરેલી બીના છે.

ગુરુમહારાજના આવા વિચારો, મહાભાગ્યશાળી માનદેવમુનિરાજ જાણી ગયા, અને આચાર્યપદવીની ચાલતી ક્રિયા બંધ જોઈને, મુનિપ્રવરને વિચાર થયો કે, જો હવે ગુરુમહારાજ આચાર્યપદવી નહિ આપેતો મારો અપયશ થશે, આટલું જ નહિ, પણ શાસનની અપભ્રાજના પણ ખૂબ થશે, સેંકડોગામોથી ઘણા સંઘો આવ્યા છે. સંઘના અગ્રગણ્ય પુરુષો આવ્યા છે. ઘણા શાસનમાન્ય મુનિપ્રવરોની હાજરી છે. આવા સંયોગો વચ્ચે ગુરુમહારાજ પદવી ન આપે તો, શાસનની નિંદાનો પાર રહેશે નહિ. અને ગુરુમહારાજના પદવી ન આપવાના વિચારો પણ કાંઈક હેતુપૂર્વકના જ હશે, આવો વિચાર થતાં ગુરુમહારાજની સામું જોયું, અને ગુરુનું હૃદય કળી લીધું, પોતાના ખભા ઉપરનાં લક્ષણોથી જ ગુરુમહારાજ-

ને શંકા ઉત્પન્ન થઈ હશે? અને તે શંકા થવી વ્યાજબી છે. કહ્યું છે કે,

"યૌવનવય લક્ષ્મી અને, વિદ્યા રુપ અધિકાર;
જિનશાસન જો નોય તો, રખડાવે સંસાર."

માટે ગુરુદેવની શંકા દૂર થાય અને શાસનની નિન્દા થતી બચે, તેમ મારે કરવું ઉચિત છે. એવો વિચાર કરીને મહાપુરુષ શ્રીમાનદેવમુનિરાજે, શ્રીસંઘસમક્ષ ગુરુમહારાજ પાસે માગણી કરી કે, હે ગુરુદેવ? આજથી જીંદગી પર્યંત મને, બે અભિગ્રહો-પ્રતિજ્ઞાઓ આપો. જેનું હું જીંદગી પર્યંત પ્રાણોની પેઠે પાલન કરીશ. અને તે એજ કે,—૧ બધી વિગઈઓ આજથી સર્વથા ત્યાગ રાખીશ અને ૨ ભક્ત-કુલોનો આહાર વાપરીશ નહિ. મહાભાગ્યશાળી શિષ્યના, આવા ઉદ્‌ગારોથી ગુરુમહારાજ ઘણા જ પ્રસન્ન થયા. અને સભા તો આશ્ચર્યચકિત થઈ ગઇ. ગુરુ મહારાજાએ અભિગ્રહ કરાવીને અધુરી ક્રિયા પૂર્ણ કરાવી. લાખોની મેદની વચ્ચે સૂરિપદપ્રદાન થયું. જૈનશાસનના જયની ઘોષણાઓ થઈ. ગુરુદેવ પણ પાછલથી આરાધનાપૂર્વક સ્વર્ગવાસી થયા. માનદેવ મુનિ મટીને માનદેવસૂરિ મહારાજ થયા. પાછલથી આ મહાપુરુષની રત્નત્રયીની આરાધનાથી જયા, વિજયા, અપરાજિતા, અને અજિતા અથવા પદ્મા આ ચાર દેવીઓ સદાકાળ સાનિધ્ય કરનારી બની હતી. વળી આ મહાપુરુષે તે જ ચાર દેવીઓની સહાયવાળું 'લઘુશાન્તિસ્તવ' બનાવી, શ્રીસંઘને ઉપદ્રવથી બચાવ્યો હતો. તેમ જ 'તિજયપહુત્તસ્તોત્ર' પણ શ્રીસંઘની શાન્તિ સારૂ તેમણે જ બનાવ્યું છે.

જૈનશાસનમાં આચાર્યપદવી આપતાં કેટલી બધી સાવધાનતા રખાઈ છે, તે ખાસ ધ્યાન ખેંચે તેવું છે. આવા કૃપાળા, સંઘમાન્ય, વિદ્વાન અને શુભ લક્ષણવાળા શિષ્યોને પણ આચાર્યપદ આપતાં ગુરુને મુંઝવણમાં નાખી દીધા હતા. અને આચાર્યપદવી આપવી કે કેમ ? એ પ્રશ્ને ક્ષણવાર અટકાવી રાખ્યા હતા. બસ, ફક્ત ગુણના જ પૂજારી, શ્રીજૈનશાસનની બલીહારી છે.

—*—

કસોટીનો છઠ્ઠો પ્રસંગ

કલિકાલસર્વજ્ઞભગવાન હેમચંદ્રસૂરિમહારાજ મહાપ્રભાવક પુરુષ હતા. રાજા કુમારપાળના ઉપકારી ગુરુ હતા. અઢારદેશમાં અમારિ પ્રવર્તના કરાવી હતી. તે મહાપુરુષને શિષ્યપરિવાર ઘણો હતો. પરંતુ આચાર્યપદ ફક્ત રામચંદ્રમુનિરાજને આપવાનું નક્કી કર્યું હતું. તેથી તેમનો બીજો એક શિષ્ય બાલચંદ્ર ઉશ્કેરાયો. તેણે કુમારપાલરાજાના ભત્રિજા અજયપાળને પક્ષમાં લીધો અને તેણે કલિકાલસર્વજ્ઞભગવાનની હાજરીમાં પણ ઘણા ધમપછાડા કર્યા. પોતાનો પક્ષ પણ ઉભો કર્યો. પરંતુ ગુરુમહારાજાએ આચાર્યપદવી ન જ આપી. કહેવાય છે કે, આચાર્યપદના ભૂખ્યા બાલચંદ્રે, અંજનશલાકાની વિધિના મુહૂર્તમાં, ગોટાલો કરાવ્યો અને ગુરુમહારાજને ગોચરીમાં ઝેર આપ્યું.

ગુરુદેવ કલિકાલસર્વજ્ઞહેમચંદ્રસૂરિમહારાજ સ્વર્ગે સિધાવ્યા પછી પણ, બાલચંદ્રે આચાર્યપદવી લેવા સારૂ બધા જ દાવો અજમાવી જોયા. છેવટે અજયપાલરાજાની સહાયથી

રામચંદ્રસૂરિનો નાશ કરાવવા સુધીની અધમતા પણ અજમાવી લીધી. રાજા અજયપાલ રામચંદ્રસૂરિને બોલાવીને કહે છે કે, બાલચંદ્રજીને સૂરિપદ આપો, નહિતર આ ધખી રહેલી શીલા ઉપર સુઈ જાવ! રામચંદ્રસૂરિ કહે છે કે, ગુરુવચન પાલવામાટે, મરણ થાય તો મને જરાપણ ભય નથી, પણ ગુરુવચનનો ભંગ કરીને સૂરિપદ નહિ આપું" રાજા અજયપાલના કહેવાથી રામચંદ્રસૂરિ મહારાજ ધગધગતી શીલા ઉપર અનશન કરીને સુઈ ગયા. પરંતુ ગુરુદ્રોહી બાલચંદ્રને સૂરિપદ ન જ આપ્યું. બાલચંદ્ર પાછલથી મરીને વ્યંતર થયો. સંઘને હેરાન કરવા લાગ્યો. પોતાના આસુરી બલવડે, પોતાની બનાવેલી સ્નાતસ્યા થાયની આરાધના શ્રીસંઘ પાસે ચાલુ કરાવી. શ્રીસંઘે આવાં આક્રમણો સહન કર્યાં, પરંતુ મહાપુરુષોને આપવા યોગ્ય સૂરિપદનું દાન કુપાત્રમાં કર્યું નહિ.

જેમ શાસનના સુકાની ગુરુદેવો પરીક્ષાપૂર્વક પદવીપ્રદાન કરતા હતા. તે જ પ્રમાણે ભવના ભીરુ મહાનુભાવ શિષ્યો પણ સૂરિ વિગેરે પદવીઓ લેવા ખુશી પણ ન હતા. તેઓ સૂરિપદની મહત્તા અને પોતાની શક્તિનું માપ વિચારતા હતા અને ગમે તેટલા સન્માનો કે આગ્રહોનો પણ નમ્રતાપૂર્વક નિષેધ કરીને, પોતાથી કેટલું શકય છે? તેટલું જ લેઈને સાચવવાના બની થતા હતા.

દાખલાતરીકે ૧૭ મી શતાબ્દિમાં આચાર્યદેવ-વિજયસિંહસૂરિમહારાજની પાટે, સત્યવિજય-પંન્યાસને સ્થાપવા, ગુરુપુષોનો અને શ્રીસંઘનો વિચાર થયો. બાનગીમાં ઘણીવાર પ્રયાસો કર્યા. ગુરુમહારાજ અને સાધુ તથા શ્રાવકસમુદાયના

અગ્રગણ્ય પુરુષોએ, સત્યવિજયપંન્યાસને, સૂરિપદ લેવા આગ્રહ કર્યો પરંતુ નિસ્પૃહશિરોમણિ અને ભવનાભીરુ સત્યવિજયપંન્યાસે, સૂરિપદનો સ્વીકાર કરવા ચોકખી ના પાડી અને ચારિત્રમાર્ગમાં ઘુસી ગયેલું શૈથિલ્ય હટાવવા, ક્રિયોદ્ધાર કરીને બનતા સુધારા કર્યા.

'ખંડનખાદ્ય' અને 'શાસ્ત્રવાર્તાસમુચ્ચય મોટી ટીકા, જેવા. દુર્ધર અને બીજા ઘણા ગ્રન્થોના પ્રણેતા, તથા કાશી જેવા વિદ્યાના કેન્દ્રમાં, અનેક વિદ્વાનોની સભામાં જિત મેળવી જૈનશાસનનો વિજયવાવટો ફરકાવનાર ન્યાયાચાર્ય વાચકપ્રવર-શ્રીમાન્યશોવિજયજી ગણિવર જેવા પ્રબલપ્રતાપી અને ઉજ્વલ ચારિત્રસંપન્ન પુરુષે પણ આચાર્યપદવી લીધી નથી.

સાતસો ગ્રન્થોની સાક્ષીઓ ટાંકીને 'દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ' એ ચાર વિભાગમાં લોકપ્રકાશ જેવો અજોડ અને અમૂલ્ય ગ્રન્થરત્ન બનાવનાર, કલ્પસુબોધિકા વિગેરે બીજા પણ. અનેકગ્રન્થો તથા મહાવ્યાકરણના પ્રણેતા અને સિદ્ધાન્તના પ્રખર વિદ્વાન ઉપાધ્યાયજીમહારાજ શ્રીવિનયવિજયજી ગણિવરે પણ સૂરિપદવીની ઇચ્છા કરી નથી.

વળી જેમને પશ્ચિમદિશાનો અધિષ્ઠાયક વરુણદેવ તુષ્ટમાન હતો અને સર્વઇચ્છિતકાર્ય કરી આપતો હતો. અકબર જેવા મહાસમ્રાટે જેમને સાક્ષાત્ ખુદાની ઉપમાઓ આપી હતી. જેમના ઉપર અકબરબાદશાહને અસમાન સન્માન હતું. એવા શ્રીમાન્ શાન્તિચંદ્રઉપાધ્યાયે પણ આચાર્યપદવી લીધી નથી.

જેમને સિદ્ધિચંદ્ર જેવા મહાવિદ્વાન ઘણાશિષ્યો હતા. જેમની વ્યાખ્યાનશક્તિમાં અકબરસમ્રાટ્ મંત્રમુગ્ધ બન્યો

હતો. જેમનું ચારિત્ર અતિઉજ્વળ હતું એવા વાચકવર ભાનુચંદ્રઉપાધ્યાયે પણ, સૂરિપદવીની ઇચ્છા કરી નથી.

સોમવિજય ઉપાધ્યાય અને કીર્તિવિજયજી ઉપાધ્યાય (વિનયવિજયજી ઉપાધ્યાયના ગુરુ) બન્ને સગાભાઈ હતા. વીરમગામપરગણાના મોટાઅધિકારી વીરજી મલિકના પૌત્ર હતા. બાલબ્રહ્મચારી હતા, અકલંક ચારિત્રધારી હતા, વિનય-વિજયજી ઉપાધ્યાય જેવા વિદ્વાન્ શિષ્યોના ગુરુ હતા. વળી વિજયહીરસૂરિમહારાજના ડાબા-જમણા હાથ હતા. છતાં એ મહાપુરુષોએ આચાર્યપદવી લીધી નથી.

આવા બનાવો શ્રીજૈનશાસનમાં એટલે શ્રીમહાવીર-શાસનમાં અને અગાઉના કાળમાં, પણ હજારો-લાખોની સંખ્યામાં નોંધાયા છે. તે બાબત શ્રીવીતરાગશાસનના અનુભવી આત્માઓ સહેજે સમજી શકે તેવી છે.

એટલે આચાર્યવિગેરે પદવીઓ લેવી તે, અતિવિષમ માર્ગમાં પ્રયાણ કરવા સમાન છે. કાચો પારો પચાવવા બરાબર છે. લડાઈના સેનાધિપતિપદ કરતાં પણ વધારે જોખમદારી ઉપાડવા સમાન છે. જૈનાચાર્ય એટલે સંપૂર્ણ કે એક વિભાગના શ્રી જૈનશાસનના સેનાધિપતિ જ લેખાય છે. એમને માન અને પૂજા કરતાં પણ જોખમદારીની માત્રા વધારે પ્રમાણમાં હોય છે. સેનાના નાયક-સેનાધિપતિ દિવસે તો શું રાત્રે પણ નિદ્રા લઈ શકતા નથી. ઘણી નિદ્રા લેનારને સેનાધિપતિપણું કુટી નીકળે છે. ઊંઘનારો માણસ પોતાનો નાશ કરે છે, અને આશ્રિતોને પણ પાયમાલ બનાવે છે, એટલે પરીક્ષામાં પાસ થયેલાને જ સેનાધિપતિનું સ્થાન અપાય છે. નિદ્રાને અથવા

તો અસાવધાનતાને, તિલાંજલી જ આપનાર નાયક, સ્વપરનો રક્ષક થઈ શકે છે.

તે જ પ્રમાણે આચાર્યભગવંતો પણ, નિદ્રાવિગેરે પાંચે પ્રમાદોને સર્વથા દેશવટો જ આપનારા હોય છે. તે મહાપુરુષો આહાર, ઉપધિ અને પરિવારના લોલુપી પણ બીલકુલ હોતા નથી. ભગવાનમહાવીરદેવના શાસનમાં, ઘણા આચાર્યભગવંતો છ વિગઈ અને પાંચ વિગઈના ત્યાગી હતા. માનદેવસૂરિમહારાજ, મુનિચંદ્રસૂરિ મહારાજ, જગચ્ચંદ્રસૂરિમહારાજ ધર્મઘોષસૂરિમહારાજ વિગેરે કેટલાક આચાર્ય ભગવંતો છ વિગઈ ઉપરાંત રસ-કસના પણ ત્યાગી હતા. ભક્તકુળોના આહારના પણ ત્યાગી હતા. આર્યમહાગિરિસ્વામીજી તો, છેલ્લીવયમાં પોતાને ઓળખે તેવા સ્થાનમાંથી, ગોચરી પણ વહોરતા ન હતા. આવા આચાર્યભગવંતો તે જ ભવમાં કે બે-ત્રણ-ચાર પાંચ ભવમાં મોક્ષમાં જનારા હોય છે. આવા ઉચ્ચ આચરણોદ્વારા આ મહાપુરુષો જિનનામકર્મ વિગેરે ઉચ્ચ પ્રકારનાં પુણ્યો પણ ઉપાર્જન કરી, ભવોભવ જૈનશાસનની પ્રભાવના કરી, મોક્ષમાં જનારા બને છે.

એટલે આચાર્યપદના વર્ણનના પ્રારંભમાં બતાવેલા ગુણો અને સ્થિરતા, ધીરતા, ગંભીરતા, ઉદારતા, વીરતા, સાત્ત્વિકતા વિગેરે અપરિમિત ગુણગુણના ધારક આત્માઓ જ આચાર્યપદ લેવાને યોગ્ય છે. તેવા આત્માઓને બરાબર પરીક્ષા કરીને, ગુરુપુરુષોએ આચાર્ય બનાવ્યા છે, અને જેમને આચાર્યપદવી પચાવી શકવાની પોતાની યોગ્યતા સમજાઈ, તેમણે જ લીધી છે.

જેમનામાં આવા ગુણ ન હોય, છતાં તેમને પંન્યાસ-ઉપાધ્યાય કે સૂરિ પદવી કોઈ આપે, અથવા પોતે લે તો, તે બંન્ને આત્માઓ ઊંચેચઢવાને બદલે ઉલટા નીચા પડે છે. વાચકવર યશોવિજયજી કહે છે કે,

"જેમ જેમ બહુશ્રુત બહુજનસમ્મત, બહુશિષ્યે પરિવરિયોજી;
તેમ તેમ જિનશાસનનો વૈરી, જો નવિ નિશ્ચય દરિયોજી..."

અર્થ—જે આત્મામાં ભાવાચાર્યપણું કે ભાવવાચકપણું કે ભાવસાધુપણું આવે નહિ, અને આત્મા પૌદ્ગલિક સામગ્રી-માં પરવશ બની જાય તો, તે આત્મા પોતે જ પોતાનો વૈરી થાય છે, એટલું જ નહી જૈન શાસનનો પણ તે વૈરી જ છે. એટલે કે, વિદ્વત્તા, કે ઘણો ભક્તવર્ગ કે ઘણો શિષ્યપરિવાર પુદ્ગલાનંદી એવા સૂરિ, વાચક કે સાધુને, પરલોકના ભલા માટે થવાને બદલે સંસાર વધારનાર થાય છે.

કોઈ મહાશય એમ પણ માને કે, હું હજારોને ઉપદેશ આપીને તારું છું. લાખો રૂપીઆ ખર્ચાવી શકું છું. મારા ઉપદેશથી ઘણાં ધર્મસ્થાનો પોષાય છે. મેં ઘણાઓને સંસા-રથી ઉદ્ધર્યા છે. મારાઉપદેશથી હજારો ધર્મરસિક બન્યા છે. આવું વિચારનારને પણ કહે છે કે:—

"પર પરિણતિ પોતાની માને, વર્તે આરતધ્યાને;
બંધ મોક્ષ કારણ ન પીછાણે, તે પહેલે ગુણઠાણે..."

એટલે હજારોના તારણહાર, લાખો ખર્ચાવનાર, સંઘ, ઉદ્યાપનાદિ કરાવનાર, લોકોને ધર્મમાં જોડનાર, ઘણા શિષ્યો અને ભક્તોના ગુરુ થનાર પણ, જો પરમાર્થના અજાણ હોય તો જરૂર લપસી જાય છે. પણ જો પરમાર્થ પામેલા હોય

તો જ ઉપરની બાબતોનું અપૂર્વ ફલ મેલવી શકે છે.

કારણ કે, વ્યાખ્યાન કરનાર, તથા ઉદ્યાપન, તીર્થયાત્રા અને સંઘાદિનો ઉપદેશદેનાર શ્રીજૈનશાસનના પ્રભાવક મનાયા છે અને તેવા પુરુષો હજારોના તારણહાર બનીને પોતાને પણ સંસારનો પાર પમાડનાર બનેલા છે.

કેમ કે, પોતાને તારનાર અને બુડાડનાર પોતાનો જ આત્મા છે. કહ્યું છે કે:-

"अप्पा नई वेअरणी, अप्पा मे कुडसामली।
अप्पा कामदुधाधेणू, अप्पा मे नंदणं वणं॥
अप्पा कत्ता विकित्ताय, सुहाण य दुहाण य।
अप्पा मित्तममित्तं च, सुपठिअ दुप्पठिअ॥"

અર્થ-આપણા પોતાના આત્માને જેવો બનાવીએ તેવો થાય છે. એટલે આત્માને અનાચારી બનાવીએતો, નરકગતિનાં ભયંકરસ્થાનો; વૈતરણીનદી અને તરવારના જેવાં પાદડાંવાલાં શાલ્મલીવૃક્ષ વિગેરે, આપણો પોતાનો આત્મા જ બને છે. અને આપણા આત્માને સદાચારી બનાવીએતો દેવગતિનાં ઉત્તમ સાધનો, કામધેનુગાય અને નંદનવનનો બગીચો પણ આપણો પોતાનો આત્મા જ બને છે.

સુખ કે દુઃખનો કર્તા પણ આત્મા છે, અને સુખ કે દુઃખનો નાશકરનાર પણ આત્મા છે. આત્મા પોતે જ પોતાનો મિત્ર છે અને શત્રુ પણ પોતે જ છે.

આ બધું જોતાં આપણે કહી શકીશું કે, શ્રીજૈનશાસનના પ્રથમપુરુષોએ અને પરંપરાગતપુરુષોએ આચાર્યાદિસ્થાનોને ઉજ્વલ બનાવ્યાં છે અને ઉજળાં જ રહે તેવી યોજના

અને ભલામણની સાવધાનતા પણ ચોક્કસ રાખી છે.

હવે **નમો આયરિયાણં** પદ કેટલા વિભાગવાલું છે? કેવું માહાત્મ્યથી ભરપૂર છે? કેવા અને કેટલા કોહીનૂર રત્નોની આણ છે? તે હવે વિચારીએ.

સૌ પ્રથમ ભગવાનશ્રીગણધરદેવો

શ્રીજિનેશ્વરદેવો દીક્ષિત થયા પછી, તત્કાળ ચાર જ્ઞાનના ધારક બને છે, છતાં દેશના આપતા નથી. તેથી પેલા તીર્થંકર એક હજાર વર્ષ અને છેલ્લાજિનેશ્વર સાડાબારવર્ષ છદ્મસ્થ રહ્યા. અને ઘોરતપ, પરિષહ અને અભિગ્રહોવડે ઘાતિકર્મનો ક્ષય કરી, કેવળજ્ઞાની બન્યા. ત્યારપછી દેવતાઓએ આવી સમવસરણ બનાવ્યું. તે સમવસરણમાં બેસીને પ્રભુજીએ ચઉમુખ દેશના આપી.

પ્રત્યેક પ્રભુજીને કેવલજ્ઞાન થતાંની સાથે જ દેવોને ખબર પડે છે. તેથી દેવતાઓ પ્રભુના જ્ઞાનનો જગતને લાભ આપવા ૧૯ અતિશયો દ્વારા પ્રભુજીના મહાત્મ્યની જાહેરાત કરે છે. જેની જાણ થતાં સ્થાને–સ્થાનેથી મનુષ્યોનાં અને ચાર-નિકાયના દેવદેવીઓનાં ટોળાં, ભગવાનનાં દર્શન કરવા અને દેશના સાંભળવા આવે છે. પ્રભુજીની દેશના સાંભલીને, પેલાજ દિવસે ઘણા જીવો પ્રતિબોધ પામે છે. તેમાં તે કાળના મોટા કુળમાં જન્મેલા અને જગતભરમાં માન પામેલા તથા બુદ્ધિના નિધાન, કેટલાક મહાપુરુષો પ્રભુજીની દેશના સાંભળી, તેમની પાસે દીક્ષા ગ્રહણ કરે છે. વિધિપૂર્વક સંજમ અંગીકાર કરી પ્રભુજીને પ્રદક્ષિણા આપીને પ્રશ્ન પૂછે છે. ભો ભદંત! કિતત્ત? પ્રભુજી પ્રકાશે છે. ઉપન્નેઇવા, વળી પ્રદક્ષિણા અને ખમાસમણ

આપી પ્રશ્ન પૂછે છે, ભો ભદંત ! કિં તત્તં ? પ્રભુજી પ્રકાશે છે. વિગમેઇવા, વલી પ્રદક્ષિણા અને ખમાસમણ આપીને પ્રશ્ન પુછે છે, ભો ભદંત! કિં તત્તં ? પ્રભુજી પ્રકાશે છે. ધુવેઇ વા, આમ ત્રણ પ્રશ્નના, ભગવાન જિનેશ્વરદેવ ત્રણ પ્રત્યુત્તર આપે છે, અને જેમ હુંશીયાર–શેઠની સાધારણ સૂચનાથી, તેમના હુંશીયાર, દિકરા કે મુનિમો, ઘણું સમજીને વિસ્તારથી કામ બજાવે છે. તેમ પ્રભુજીના મુખથી, ઉપરની ત્રિપદી=માતૃકાપદો સાંભલીને તત્કાલ સંજમ પામેલા, પ્રભુજીના પ્રથમ નંબરના શિષ્યો દ્વાદશાંગીની રચના કરે છે. એટલે પ્રભુજી તેમને દ્રવ્ય, ગુણ પર્યાયથી તીર્થની અનુજ્ઞા ફરમાવે છે. આ મહાપુરુષો ગણધર. કહેવાય છે. એવા ગણધરો **શ્રીઋષભદેવસ્વામી**ને ૮૪ હતા અને છેલ્લા **શ્રીમહાવીરસ્વામી**ને ૧૧ હતા. તેમનાં નામો **ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્તસ્વામી, સુધર્માસ્વામી, મંડિતસ્વામી. મૌર્યપુત્રસ્વામી, મેતાર્યસ્વામી, પ્રભાસસ્વામી, અંકપિતસ્વામી** અને **અચળભ્રાતાસ્વામી.**

આ પ્રમાણે પ્રત્યેક જિનેશ્વર પાસે પ્રથમદીક્ષાલેનાર અને ત્રિપદી પામી દ્વાદશાંગીના રચનાર, સંપૂર્ણ ચઉદપૂર્વ અને દ્વાદશાંગીનાજ્ઞાતા, સૂત્રાર્થતદુભયના પ્રણેતા અને વ્યાખ્યાતા, અનેકલબ્ધિઓના ભંડાર, હજારો અને લાખો ગુણોની ખાણ, સાધુસમુદાયમાત્રના ગુરુ, ઇન્દ્રાદિચાર–નિકાયનાદેવોના પણ પૂજ્ય, વિનયના ભંડાર એવા ચોવીશજ જિનેશ્વરના ૧૪૫૨ ગણધર ભગવંતો થયા છે. પાંચ ભરતક્ષેત્ર અને પાંચ ઐરવતક્ષેત્રના સાડાચૌદ હજારથી વધારે ગણધર થયા છે. પાંચ મહાવિદેહક્ષેત્રમાં આટલાજ ટાઈમમાં અસંખ્યાતા કોટા કોટી ગણધર ભગવંતો થયા છે.

અતીતકાળમાં અઢીદ્વીપમાં અનંતાનંત થયા છે. અને ભવિષ્યકાળે અઢીદ્વીપમાં અનંતાનંત થવાના છે.

પ્રશ્ન–એક અવસર્પિણી કે ઉત્સર્પિણી જેટલા કાળમાં ભરતક્ષેત્રમાં ૧૪૫૨ ગણધર થયા છે. તો પછી મહાવિદેહ-ક્ષેત્રમાં અસંખ્યાતા શી રીતે થયા ?

ઉત્તર—અહીં ફકત એક ચોવિશી તીર્થંકર ભગવંતો થાય છે, ત્યારે મહાવિદેહક્ષેત્રમાં પ્રાયઃ કોઈ કાળે જિનેશ્વરનો વિરહ હોતો નથી. ત્યાં અસંખ્યાતી વીશી જિનેશ્વરભગવંતો થાય છે. અને દરેકને ૮૪ ગણધરશિષ્યો થતા હોવાથી પાંચ મહાવિદેહક્ષેત્રમાં એકઅવસર્પિણી જેટલા કાળમાં અસંખ્યાતા-કોટાકોટી ગણધરભગવંતો થાય છે. અને તે બરોબર છે. ભૂતકાળમાં બધા ક્ષેત્રોમાં અનંતાનંત ગણધરમહારાજો થયા છે. અને ભવિષ્યકાળે બધા ક્ષેત્રોમાં અનંતાનંતગણધરભગવંતો થવાના છે. આપણો **'નમો આયરિયાણં'** પદોચ્ચાર સર્વક્ષેત્રના અને સર્વકાળના અનંતાનંત ગણધરભગવંતોને પોહોંચે છે.

યુગપ્રધાન આચાર્ય ભગવંતો.

શ્રીજિનેશ્વરદેવના શાસનમાં ગુણની જ મુખ્યતા છે, ગુણનીજ પૂજા છે, ગુણનોજ આદર, પ્રશંસા અને અનુમોદના છે. માટે આચાર્યપદવીની સમાનતા છતાં, ગણધરદેવો પ્રથમ કહેવાયા. તે જ પ્રમાણે ગણધરદેવોની ગેરહાજરીમાં, ગણધર-ભગવંતોની વાનકી જેવા, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની સીમા-સમાન, તે તે કાળના **યુગપ્રધાન** મહાપુરુષો છે.

આ મહાપુરુષોમાં કદાચ ક્ષાયિકસમ્યકૃત્વ ન હોય. તો ક્ષાયોપશમિકસમ્યકૃત્વ હોય. પણ તે ક્ષાયિકસમકિત જેવું

ઘણું જ ઉજ્વળ હોય છે. તેમનું સમ્યગ્જ્ઞાન પણ જેટલું હોય તેટલું તદ્દન ચોખ્ખું અને સચોટ હોય છે. તે મહાપુરુષોનું ચારિત્ર પણ, અતિચાર વગરનું ખૂબ જ નિર્મળ હોય છે. તપ અને ત્યાગ પણ ભલભલાનું મસ્તક ડોલાવે તેવા હોય છે. અને આ મહાપુરુષો એકાવતારી એટલે એક દેવનો ભવ કરીને મોક્ષમાં જનારા હોય છે.

શંકા—તમે ઉપર જણાવ્યું કે, "કદાચ ક્ષાયિકસમ્યક્ત્વ ન હોય તો ક્ષાયોપશમિક હોય. પણ તે ક્ષાયિકસમકિત જેવું ઘણું ઉજ્વળ હોય છે. અહીં કદાચ શબ્દથી એવો ધ્વનિ નીકળે છે કે, યુગપ્રધાનોમાં વખતે કોઈ ક્ષાયિકસમકિતવાલા પણ હોઈ શકે છે. તો શું પાંચમા આરામાં યુગપ્રધાનને ક્ષાયિકસમકિત થાય ખરું ?

સમાધાન—પાંચમા આરામાં ક્ષાયિકસમકિત કોઈ પણ જીવને થાય નહિ, પણ હોય ખરું, કારણકે શાસ્ત્રોમાં કહ્યું છે કે,

"तम्मिय तइयचउत्थं भवंमि, सिज्झंति खइयसम्मत्ते ।
सुरनिरयजुगलिसु गइ, इमं तु जिणकालियनराणं ॥"

અર્થ—ક્ષાયિકસમકિત પામેલો આત્મા તે જ ભવે મોક્ષે ન જાય તો વધારેમાં વધારે ત્રીજા-ચોથા ભવે-ઉપલક્ષણથી છેવટે પાંચમા ભવે મોક્ષે જાય. (કૃષ્ણ વાસુદેવ ક્ષાયિકસમકિતી પાંચમે ભવે મોક્ષમાં જવાના છે.) અને ક્ષાયિકસમકિતી જીવ, મરીને અવાન્તરભવે દેવ, નારક અને યુગલિકમાં અવતરે છે, આ ક્ષાયિકસમકિત કેળલીભગવંતોના કાળના મનુષ્યોને જ થાય છે. એટલે ક્ષાયિકસમકિત પાંચમા-આરાના મનુષ્યોને થાય નહિ પરંતુ વખતે હોય ખરું.

'વખતે હોય ખરું' એનો અર્થ એ છે કે, ગયા જન્મમાં કોઈ આત્મા, (ભરત વિગેરે ક્ષેત્રોમાં) કેવલીભગવંતોના કાળમાં ક્ષાયિકસમકિત પામીને, દેવલોકમાં જાય, ત્યાંથી અત્યારે ભરત-ક્ષેત્રમાં (યુગપ્રધાન જેવા આત્માઓ ક્ષાયિકસમકિત સાથે લઈને પણ અવતરી શકે છે. અને તેથી જ છેલ્લા **દુષ્પ્રભાચાર્ય** નામના યુગપ્રધાન ક્ષાયિકસમકિતના ધણી હશે. તેઓ ત્રીજા (ગયાના આગલા) જન્મમાં ક્ષાયિકસમકિત પામેલા છે. બીજો ભવ દેવનો, ત્રીજો ભવ **દુષ્પસહસૂરિ** તરીકેનો, અને ચોથોભવ દેવનો કરી, પાંચમા ભવે મનુષ્ય થઈ મોક્ષમાં પધારશે.

આવા યુગપ્રધાનપુરુષો, ભગવાનમહાવીરદેવના શાસનમાં ૨૦૦૪ થવાના છે. તે પૈકી પ્રભુમહાવીરદેવના નિર્વાણકાળથી લગભગ એકહજાર વર્ષ આસપાસ ૪૩ યુગપ્રધાન મહાપુરુષો થયા છે. તે નીચે મુજબ.

૧ સુધર્માસ્વામી, ૨ જંબૂસ્વામી, ૩ પ્રભવસ્વામી, ૪ શય્યંભવસ્વામી, ૫ યશોભદ્રસ્વામી, ૬ સંભૂતિવિજયસ્વામી ૭ ભદ્રબાહુસ્વામી, ૮ સ્થૂલભદ્રસ્વામી, ૯ મહાગિરિસ્વામી, ૧૦ આર્યસુહસ્તિસ્વામી, ૧૧ ગુણસુન્દરસૂરિ, ૧૨ શ્યામાચાર્ય, ૧૩ સ્કંદિલાચાર્ય, ૧૪ રેવતીમિત્રસૂરિ, ૧૫ શ્રીધર્માચાર્ય, ૧૬ ભદ્રગુપ્તસૂરિ ૧૭ શ્રીગુપ્તસૂરિ, ૧૮ વજ્રસ્વામી મહા-રાજ, ૧૯ આર્યરક્ષિતસૂરિ, ૨૦ પુષ્પમિત્રસૂરિ, ૨૧ વજ્રસેનસૂરિ ૨૨ નાગહસ્તિસૂરિ, ૨૩ રેવતીમિત્રસૂરિ, (બીજા) ૨૪ સિંહગિરિ-સૂરિ, ૨૫ નાગાર્જુનસૂરિ ૨૬ ભૂતદિન્નસૂરિ, ૨૭ કાલકાચાર્ય, ૨૮ સત્યમિત્રસૂરિ, ૨૯ હારિલસૂરિ, ૩૦ જિનભદ્રગણિક્ષમા-શ્રમણ, ૩૧ ઉમાસ્વાતિસૂરિ, ૩૨ પુષ્પમિત્રસૂરિ, ૩૩ સંભૂતિ-

સૂરિ. ૩૪ માઢરસંભૂતિસૂરિ, ૩૫ ધર્મરત્નસૂરિ, ૩૬ જ્યેષ્ઠાંગ-સૂરિ, ૩૭ ફલ્ગુમિત્રસૂરિ, ૩૮ ધર્મઘોષસૂરિ ૩૯ શીલમિત્રસૂરિ ૪૦ વિનયમિત્રસૂરિ, ૪૧ રેવતીમિત્રસૂરિ, ૪૨ સ્વપ્નમિત્ર-સૂરિ, ૪૩ અર્હન્મિત્રસૂરિ.

સર્વક્ષેત્ર અને સર્વકાળના યુગપ્રધાનઆચાર્યો અનંતા-નંત થાય છે. તે સર્વપુરુષોને **'નમો આયરિયાણં'** પદવડે સાવધાન અને જાણકાર આત્મા નમસ્કાર કરી શકે છે.

ભગવાન મહાવીરદેવના શાસનમાં જેમ ૨૦૦૪ યુગપ્રધાન થવાના છે, તેમ યુગપ્રધાન જેવા અને એકાવતારી કે અલ્પ ભવોમાં મોક્ષજનારા અગ્યારલાખ અને સોળહજાર શાસનપ્રભાવક-આચાર્યો થવાના છે, તેમાં કેટલાક થઈ ગયા. છે. તેમાંના થોડાક મહાપુરુષોનાં નામો આંહી આપીયે છીયે.

૧ ભદ્રબાહુસ્વામી, ૨ સ્થૂલભદ્રસ્વામી, ૩ આર્યસુહસ્તિ-સૂરિ, ૪ ઉમાસ્વાતિવાચક, ૫ શ્યામાચાર્ય, ૬ વજ્રસ્વામી, ૭ સ્કંદિલાચાર્ય, ૮ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ, ૯ પાદલિપ્તસૂરિ, ૧૦ આર્યખપુટસૂરિ, ૧૧ વૃદ્ધવાદિસૂરિ, ૧૨ સિદ્ધસેનદિવાકરસૂરિ, ૧૩ કાલકસૂરિ, ૧૪ જિનભદ્રગણિક્ષમાશ્રમણ, ૧૫ હરિભદ્રસૂરિ, ૧૬ ધર્મદાસગણિ, ૧૭ જિનદાસગણી, ૧૮ સંઘદાસગણી, ૧૯ વાદિવેતાલ–શાંતિસૂરિ, ૨૦ મલ્લવાદિસૂરિ, ૨૧ વાદિદેવ-સૂરિ, ૨૨ માનદેવસૂરિ, ૨૩ દેવચંદ્રસૂરિ, ૨૪ કલિકાલસર્વજ્ઞ–હેમચંદ્રસૂરિ, ૨૫ મલયગિરિસૂરિ, ૨૬ અપ્પટ્ટીસૂરિ, ૨૭ સર્વદેવસૂરિ, ૨૮ મુનિચંદ્રસૂરિ, ૨૯ વર્ધમાનસૂરિ, ૩૦ જિને–શ્વરસૂરિ, ૩૧ ધનેશ્વરસૂરિ, ૩૨ મલ્લધારિ–હેમચંદ્રસૂરિ, ૩૩ અભયદેવસૂરિ, ૩૪ જગચ્ચંદ્રસૂરિ, ૩૫ દેવેન્દ્રસૂરિ, ૩૬ ધર્મ-

ઘોષસૂરિ, ૩૭ વર્દ્ધમાનસૂરિ, ૩૮ વિજયચંદ્રસૂરિ, ૩૯ સોમસુંદરસૂરિ, ૪૦ નન્નસૂરિ, ૪૧ ગોવિંદસૂરિ, ૪૨ મુનિસુંદરસૂરિ, ૪૩ આનંદવિમલસૂરિ, ૪૪ વિજયહિરસૂરિ વિગેરે.

અહીં ૪૪ નામો લખ્યાં છે. માટે એટલા જ થયા છે એમ ન સમજવું, પરંતુ શ્રીજૈનશાસનમાં શાસનપ્રભાવકો, ખરતર અને અંચળ વિગેરે ગચ્છોમાં પણ ઘણા થયા છે. જ્યારે ગચ્છોના ભેદો હતા નહિ, અને અનેક ગચ્છો થયા પછી પણ કોઈ ગચ્છાન્તરનું ખંડનકર્યા સિવાય શ્રીજૈનશાસનની પ્રભાવના કરતા, અને પોતાની આરાધનામાં જાગૃત રહેતા, એવા મહાપુરુષોને શાસનપ્રભાવક જણાવ્યા છે.

તેવા પ્રભાવકપુરુષો એક નાનકડા એટલે થોડા જ કાળમાં, અર્થાત્ ૨૧ હજાર વર્ષમાં, અગ્યાર લાખ અને સોળ હજાર થવાના છે. તેમ ૨૪ જિનેશ્વરના શાસનકાળમાં અસંખ્યાતા કોટાકોટી અને અઢીદ્વીપમાં પણ અનેકગુણા અસંખ્યાતા કોટાકોટી થયા છે. અતીતકાળે અનંતા શાસનપ્રભાવક સૂરિપુંગવો થયા છે. અને ભવિષ્યકાળે પણ અનંતા થવાના છે. તેજ પ્રમાણે સર્વક્ષેત્ર અને સર્વકાળના યુગપ્રધાનો કરતાં અનેકગુણા શાસનપ્રભાવક જૈનાચાર્યો થયા છે. અને ભવિષ્યકાળે પણ અનંતાનંત થવાના છે. તે સર્વમહાપુરુષોને આપણા **'નમો આયરિયાણં'** પદવડે જાણકાર અને સાવધાન આત્માઓનો નમસ્કાર જરૂર થાય છે.

ભગવાન શ્રીજિનેશ્વરદેવના શાસનના રક્ષક પુરુષો પણ જૈનાચાર્યો હોય છે. જેમ રાજ્યના રક્ષક પુરુષો વડે જ રાજ્ય સુરક્ષિત રહે છે. રાજા પોતાની પસંદગીના પ્રધાનો અને અધિ-

કારીઓને ગોઠવીને, રાજ્યને બરાબર મજબૂત બનાવે છે, અને શત્રુરાજ્યોનાં આક્રમણોથી પણ બચાવે છે, તે જ પ્રમાણે આચાર્યમહાપુરુષો, સમગ્ર સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધસંઘના ઉપરી ગણાય છે. તેમને મોહરાજારૂપ શત્રુ-રાજાના આક્રમણથી બચાવે છે. એ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ શ્રીસંઘના રક્ષણ માટે, **ઉપાધ્યાયો, સ્થવિરો, પંન્યાસો, પ્રવર્તકો, ગણાવચ્છેદકો,** અને **ગણિવરોને** નિયુક્ત કરે છે અને તેઓ દ્વારા આખા શ્રીસંઘનું ધ્યાન-પૂર્વક રક્ષણ કરે છે. દરેક ગામો અને શહેરોમાં યથાયોગ્ય સાધુ-સાધ્વીઓને (ચોમાસાં) રાખી, શ્રીસંઘમાં ધર્મનો ફેલાવો કરે છે. સાધુ-સાધ્વીઓના ચારિત્રના **રક્ષણ** તથા **વૃદ્ધિ** માટે ભણાવવા વિગેરેની, આચાર્યભગવંતો તકેદારી એટલે સાવધાનતા રાખે છે. સાધુ-સાધ્વીજીઓને, **વ્યાકરણ, કાવ્યો, ન્યાય, પ્રકરણ, સાહિત્ય,** અને **સિદ્ધાન્ત** ભણવા સારૂ તેવા નિષ્ણાત પંડિત-સાધુઓ દ્વારા ભણાવવાની ગોઠવણ કરાવે છે. વળી સાધુ-ઓના બ્રહ્મચર્ય વિગેરે ચારિત્રગુણોનું, બરાબર રક્ષણ થાય તે માટે, સ્થવિરસાધુઓને સાથે રાખે છે. એટલે સાધુઓના સમુ-દાયમાં ઘણાશાસ્ત્રોના અનુભવી, ઘણાવર્ષના દીક્ષાપર્યાયવાળા અને વયથી પણ અવસ્થાનાપરિપાકવાળા બે-ચાર-પાંચ સ્થવિરોને સાથે રાખે છે. એ જ પ્રમાણે સાધ્વીગણમાં પણ સ્થવિરાસાધ્વીજીઓ ઘણાં હોવાથી સાધ્વીસમુદાયનું ચારિત્ર-રક્ષણ થઈ શકે છે.

ગચ્છાચાર્યઆચાર્ય ભગવાન, સાધુ અને સાધ્વી-વર્ગના-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના રક્ષણ અને વૃદ્ધિ

માટે તથા શ્રાવકશ્રાવિકાના દેશવિરતિધર્મના પોષણ માટે નિયુક્ત ઉપાધ્યાયઆદિ આરાધકપુરુષો દ્વારા, બરાબર સાવધાનતા રાખે છે. અને તેમ કરવાથી પોતાની અને શ્રીસંઘની આરાધના પુષ્ટ થાય છે. તેથી ઘણા આચાર્યભગવંતો **જિનનામકર્મ** પણ બાંધે છે, અને મોટાભાગે એકાવતારી થઈ મોક્ષમાં જાય છે.

નાના–મોટા આચાર્યો વધુ પ્રમાણમાં પણ હોય છે. પરંતુ ગચ્છાચાર્ય તો એકજ હોય છે. ભૂતકાળમાં **આચાર્યપદવી તો મોટીવાત છે. પરંતુ પંન્યાસ કે ગણીપદવી પણ પરીક્ષા વિના અપાતી હતી નહિ.** એટલે સંપૂર્ણ ગચ્છાચાર્યની પદવી તો ઘણી પરીક્ષા પછી આપવામાં આવતી હતી.

પ્રશ્ન—પરીક્ષામાં ખાસ વ્યાખ્યાનકાર હોય કે વિદ્વાન હોય તેને જ આચાર્ય બનાવાય કે બીજી પણ ઘણી યોગ્યતાઓ જોવી પડે છે?

ઉત્તર—શ્રીજૈનશાસનની સંપૂર્ણ ધૂરા ઉપાડવા માટે એકલી વિદ્વત્તાકે વ્યાખ્યાનશક્તિને જ મહત્ત્વ અપાયું નથી. જો એમ જ હોત તો, **વિજયહિરસૂરિમહારાજ**ના સમાનકાળમાં, વિજયહિરસૂરિમહારાજની અપેક્ષાએ, વધુ વિદ્વાન અને વધુ વ્યાખ્યાનનિપુણ પુરુષો ઘણા હતા, છતાં બધાને છોડી આ મહાપુરુષ **વિજયહિરસૂરિમહારાજ**સાહેબ જ ગચ્છાચાર્ય પદ પામ્યા. અને તેમનાથી વધારે વિદ્વાનો અને વધુ ચારિત્રપર્યાયવાળા મહાપુરુષો પણ, વિજયહિરસૂરિ મહારાજના આજ્ઞાધારક થયા. આથી સમજી શકાશે કે, ગંભીરતા વિગેરે અનેકગુણયુક્તને જ સૂરિપદ અપાય છે. ગચ્છાચાર્ય બનનાર

મહાપુરુષનું સમ્યક્ત્વ ઘણું જ શુદ્ધ હોય. વ્યાકરણ ન્યાય અને સિદ્ધાન્તો વિગેરે જૈનશાસનના બધા શાસ્ત્રોના પારગામી હોય. તેના રહસ્યને સમજેલા હોય, જેમનાથી રાજા–મહારાજાઓ અને રાજ્યાધિકારીઓ પણ વ્યાખ્યાન સાંભળી આકર્ષણ પામી શકે; દીક્ષાદિનથી પ્રારંભી અવસાનદિન સુધી જેમનું ચારિત્ર ગણું જ નિર્મલ હોય, એટલે પાંચે મહાવ્રત તદ્દન ચોકખાં હોય, અદૂષિત હોય, ચાર પ્રકારનો આહાર, વસતિ, વસ્ત્ર, અને પાત્ર તથા શિષ્ય-શિષ્યા ઉપર મમતા વગરના હોય; ગંભીરતા ખૂબ જ હોય, પ્રતિભાસંપન્ન હોય, અલ્પભાષી હોય, મહાત્યાગી અને વૈરાગી હોય, પ્રારંભમાં બતાવેલા બધા જ ગુણોથી સંપન્નહોય. એવા આત્માને ગચ્છાચાર્યની પદવી આપવામાં આવે છે. ટુંકાણમાં કહીએ તો છત્રીશ છત્રીશીઓ એટલે બારસો છન્નુ (૧૨૯૬) ગુણગણના ધારક મહાપુરુષને ગચ્છાચાર્ય બનાવવામાં આવે છે.

શ્રીજૈનશાસનમાં પરીક્ષાની કેટલી બધી સૂક્ષ્મતા છે અને કેટલી પરીક્ષા પછી ગચ્છાચાર્ય બનાવ્યા છે, આ વાત શરુઆતમાં ઉદાહરણો આપીને બતાવી છે. આવી પરીક્ષામાં પાસ થયેલા અને ચતુર્વિધ શ્રીસંઘને માન્ય તથા સુધર્માસ્વામીમહારાજની પરંપરાને શોભાવનારા સૂરિસિંહોનાં પતિતપાવન **અભિધાનો** બતાવાય છે..

ભગવાન મહાવીરદેવના ૧૧ ગણધરપુરુષો હતા, તે બધામાં **સુધર્માસ્વામી** પાંચમાગણધર હતા, અત્યારે ગણધરોના આયુષ્યથકી **સુધર્માસ્વામીનું** આયુષ્ય વધારે હતું. તેથી બધા ગણધરભગંતોએ પોતાનો પરિવાર સુધર્માસ્વામીને

સોંપ્યો હતો. આ કારણે મહાવીરપ્રભુના શાસનનાં તમામ સાધુ–સાધ્વી, પાંચમા ગણધર સુધર્માસ્વામીનો પરિવાર ગણાયો છે. તેથી, પ્રભુશ્રી મહાવીરસ્વામી પછી, **ગચ્છાચાર્ય** અથવા **પટ્ટધર** તરીકે પેલા પુરુષ સુધર્માસ્વામી ભગવાન ગણવામાં આવ્યા છે.

ગચ્છાચાર્ય અથવા પટ્ટધર પુરુષોનાં નામો

૧ સુધર્માસ્વામી, ૨ જંબૂસ્વામી, ૩ પ્રભવસ્વામી, ૪ શય્યંભવસૂરિ, ૫ યશોભદ્રસૂરિ, ૬ સંભૂતિવિજયસૂરિ, અને ભદ્રબાહુસ્વામી, ૭ સ્થૂલભદ્રસ્વામી. ૮ મહાગિરિસ્વામી, અને સુહસ્તિસૂરિ, ૯ સુસ્થિતસૂરિ અને સુપ્રતિબુદ્ધસૂરિ ૧૦ ઇન્દ્રદિન્નસૂરિ, ૧૧ દિન્નસૂરિ, ૧૨ સિંહગિરિસૂરિ, ૧૩ વજ્રસ્વામી, ૧૪ વજ્રસેનસૂરિ, ૧૫ ચંદ્રસૂરિ (વિગેરે ચાર) ૧૬ સામંતભદ્રસૂરિ, ૧૭ વૃદ્ધદેવસૂરિ, ૧૮ પ્રદ્યોતનસૂરિ. ૧૯ માનદેવસૂરિ, ૨૦ માનતુંગસૂરિ, ૨૧ વીરસૂરિ, ૨૨ જયદેવસૂરિ, ૨૩ દેવાનંદસૂરિ, ૨૪ વિક્રમસૂરિ, ૨૫ નરસિંહસૂરિ, ૨૬ સમુદ્રસૂરિ, ૨૭ (બીજા) માનદેવસૂરિ, ૨૮ વિબુધપ્રભસૂરિ, ૨૯ જયાનંદસૂરિ, ૩૦ રવિપ્રભસૂરિ, ૩૧ યશોદેવસૂરિ, ૩૨ પ્રદ્યુમ્નસૂરિ, ૩૩ (ત્રીજા) માનદેવસૂરિ, ૩૪ વિમલચંદ્રસૂરિ, ૩૫ ઉદ્યોતનસૂરિ, ૩૬ સર્વદેવસૂરિ ૩૭ શ્રીદેવસૂરિ, ૩૮ (દ્વીતીય)દેવસૂરિ, ૩૯ યશોભદ્રસૂરિ તથા નેમિચંદ્રસૂરિ, ૪૦ મુનિચંદ્રસૂરિ, ૪૧ અજિતદેવસૂરિ, ૪૨ વિજયસિંહસૂરિ, ૪૩ સોમપ્રભસૂરિ તથા મણિરત્નસૂરિ, ૪૪ જગચ્ચંદ્રસૂરિ, ૪૫ દેવેન્દ્રસૂરિ, ૪૬ ધર્મઘોષસૂરિ, ૪૭ સોમપ્રભસૂરિ, ૪૮ સોમતિલકસૂરિ, ૪૯ દેવસુન્દરસૂરિ, ૫૦ સોમસુન્દરસૂરિ, ૫૧ મુનિસુન્દરસૂરિ, ૫૨ રત્નશેખરસૂરિ, ૫૩ લક્ષ્મીસાગરસૂરિ, ૫૪

સુમતિસાગરસૂરિ, ૫૫ હેમવિમલસૂરિ, ૫૬ આનંદવિમલસૂરિ, ૫૭ વિજયદાનસૂરિ, ૫૮ વિજયહીરસૂરિ, ૫૯ વિજયસેનસૂરિ ૬૦ વિજયદેવસૂરિ, ૬૧ વિજયસિંહસૂરિ.

ઉપર મુજબ ૬૧મી પાટ સુધી પરંપરાએ ગચ્છાચાર્ય અથવા પટ્ટધર પુરુષોની સ્થાપના થઈ હતી. **વિજયસિંહસૂરિ** મહારાજને ઘણા શિષ્યો હતા. બધામાં **પંન્યાસ સત્યવિજય-ગણિ** મુખ્ય હતા. ગુરુ તથા સાધુસમુદાયને સત્યવિજયપંન્યાસ ઉપર ખૂબ જ આદર હતો. શ્રાવક સમુદાય પણ આ મહા-પુરુષને આચાર્ય બનાવવા રાજી હતો. છતાં **પંન્યાસપ્રવર સત્યવિજયગણિ**, આચાર્યપદની મહત્તા અને જવાબદારી બરાબર સમજતા હોવાથી, ગુરુપ્રવર અને શ્રીસંઘ પાસે, નમ્ર પ્રાર્થના કરી નીકળી ગયા, અને આચાર્યપદવી લીધી નહિ.

ત્યારથી અત્યાર સુધીમાં–વીશમી શતાબ્દીના લગભગ ચાલીશવર્ષ ગયા ત્યાં સુધીમાં, ઘણાવિદ્વાનો અને રત્નત્રયીના મહાન આરાધક **શ્રી યશોવિજય ઉપાધ્યાયજી** જેવા ઘણા મહા-પુરુષો થયા છતાં, કોઈએ આચાર્યપદવી લીધી નહિ. એકસઠ પાટ સુધી પટ્ટધરસૂરિવરો થયા અને ત્યાર પછી પટ્ટધરપદ કે આચા-ર્યપદ ઘણે અંશે અપાતાં બંધ થયાં. તે પણ પરીક્ષા અને યોગ્યતાની સિદ્ધિને મજબૂત કરે છે.

આ રીતે ચોવીશજિનેશ્વરદેવોના પટ્ટધરપુરુષો અસં-ખ્યાતા કોટાકોટી થયા છે. તેજપ્રમાણે વર્તમાનકાળમાં અઢીદ્વીપમાં અસંખ્યાતા કોટાકોટી થયા જાણવા. અતીતકાળે અનંતા પટ્ટધરપુરુષો થયા છે. ભવિષ્યકાળે અનંતા થવાના છે. તે સર્વમહાપુરુષોને આપણા **'નમો આયરિયાણં'** પદવડે સાવ-

ધાન અને જાણકારનો નમસ્કાર જરૂર પ્રાપ્ત થાય છે. અહીં આપણે સર્વક્ષેત્રના અને સર્વકાળના ગણધરભગવંતો વિચારીએ તથા સર્વક્ષેત્રના અને સર્વકાળના યુગ પ્રધાનો અને શાસન-પ્રભાવકો વિગેરે ભાવાચાર્યો વિચારીએ તો–ભૂતકાળે અઢી-દ્વીપમાં અનંતા થયા છે. ભવિષ્કાળે અનંતા થવાના છે. વર્તમાનકાળે અઢીદ્વીપમાં સંખ્યાતા છે. તે સર્વ સંખ્યાને લખવામાં આવે તો અનંતાલોકાકાશમાં પણ લખાઇ શકે નહિ અને છેલ્લામાં છેલ્લી સિદ્ધભગવંતોની સંખ્યા થકી પણ સૂરિભગવંતોની સંખ્યા વિશેષાધિક થાય છે.

આચાર્યભગવંતોનાં થોડાંક નામો આપણે જોઈ ગયા. આચાર્યભગવંતોનું સ્વરૂપ પણ ટુંકાણમાં જોયું, હવે આચાર્ય-પદ પૈકીના પ્રભુમહાવીરદેવના શાસનમાં થયેલા થોડાક આચા-ર્યોનાં ઉદાહરણો પણ વિચારીએ.

સૌથી પ્રથમ સર્વલબ્ધિનિધાન ભગવાન ગૌતમસ્વામી મહારાજનું ઉદાહરણ જોઈએ.

ગૌતમસ્વામી ગોબરગામના વતની હતા. પિતાનું નામ **વસુભૂતિજી** અને માતાનું નામ **પૃથ્વીદેવી** હતું. પોતે માહાવિદ્વાન હતા. પોતાનું નામ **ઇન્દ્રભૂતિ** હતું. તેમનું ગૌતમ-ગોત્ર હતું. જ્ઞાતિએ બ્રાહ્મણ હોવાથી વેદ અને વેદાંગના પરા-ગામી હતા. અને આજ કારણથી વેદને નહિ માનનારા બધા-દર્શનો ઉપર તેમને અતિદ્વેષ હતો. આમ પચાસવર્ષ વેદધર્મની ઉપાસનામાં પૂર્ણ કર્યાં, ત્યાં ભગવાનમહાવીરદેવનો સમાગમ થયો.

પ્રભુમહાવીરદેવને કેવલજ્ઞાન થયું. પ્રભુજી સર્વજ્ઞ બન્યા. તેના બીજા દિવસે **મહસેન**નામના વનમાં પ્રભુજી પધાર્યા.

તેમનું નામ **ઇન્દ્રભૂતિ**એ જાણ્યું અને પોતે પોતાના ૫૦૦ છાત્રો સહિત ભગવાન સાથે વાદ કરવા આવ્યા, સમાગમની પ્રમથક્ષણે જ પ્રભુજીએ, **ઇન્દ્રભૂતિજી**ના મનોગત સંશયનું નિરસન કર્યું.

મનોગતસંશય નિરાકરણ થવાથી, તેમનો વૈદિકદર્શનનો હઠાગ્રહ પણ પલાયન થઈ ગયો, અને પ્રભુમહાવીરદેવના મહા-વિનીત શિષ્ય થયા. વિનીત આત્માઓ જગતમાં અનંતા થઈ ગયા છે, હોઈ શકે છે અને થશે, પરંતુ **ઇન્દ્રભૂતિ**મહા-પુરુષના વિનયનો અવધિ ન હતો.

તેઓ પ્રથમથી જ ચૌદવિદ્યાના પારગામી હતા. દીક્ષિત થયા પછી ચૌદપૂર્વધર અને મનઃપર્યવજ્ઞાની, થયાં. ભગવાન-મહાવીરદેવના લાખોની સંખ્યાવાળા સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકારૂપ સંઘમાં, તેમનો પ્રથમ નંબર હતો. બધા ગણધરોમાં પણ પહેલો નંબર **ગૌતમસ્વામી**નો જ હતો. છતાં ભગવાનનું સમુદ્ર જેવું જ્ઞાન જોઈ, તેઓ સદાકાળ પોતાને, ખાબોચિયા જેવા અજ્ઞાની માનતા હતા. તેમનામાં બધી લબ્ધિઓ હાજરાહજુર હતી. તેઓ પાંચ–દશ તોલા ક્ષીર કે કોઇ આહાર વહોરી લાવીને, પોતાની **અક્ષીણમહાનસીલબ્ધિ**વડે હજારો કે લાખો સાધુઓને જમાડી શકતા હતા. તેમનું રૂપ દેવોને આશ્ચર્ય પમાડે તેવું હતું. દીક્ષાદિનથી કાયમ છઠ્ઠ અને એકાસણું અને તે પણ ચઉવિહાર કરતા હતા.

તેમનું **જ્ઞાન**, તેમની **લબ્ધિઓ**, તેમની **તપસ્યા** અને તેમનું **રૂપ** જોઈને ચારે નિકાયના દેવો તેમની મુક્તકંઠે પ્રશંસા કર્યા કરતા હતા, છતાં આ મહાપુરુષને સ્વોત્કર્ષ આવતો નહિ

અને સદાકાળ પોતાને અલ્પજ્ઞ જ સમજતા હતા, વિનય અને નમ્રતાગુણથી છલોછલ ભરેલા, **ગૌતમસ્વામી**મહારાજે ૩૦ વર્ષ **પ્રભુમહાવીરદેવ**ની સેવા કરી, અને કેવલજ્ઞાની થયા પછી ૧૨ વર્ષ સુધી **ભરતક્ષેત્રના** ભવ્યજીવોનો ઉપકાર કરી પોતે મોક્ષમાં પધાર્યા.

———❋———

આચાર્ય મહાપુરુષોની મહત્તા જણાવતું બીજું ઉદાહરણ.

શ્રીજંબૂસ્વામી મહારાજનું.

આ મહાપુરુષ પણ **રાજગૃહીનગરી**ના જ વતની હતા. **મહાવીરપ્રભુ**ના સમયમાં, **રાજગૃહીનગરી** મહાપુરુષોની ખાણ હતી. મુક્તિનગરીનું સીધું કામકાજ રાજગૃહીનગરીમાં થતું હતું. અર્થાત્ ઘણા મુક્તિગામી આત્મા રાજગૃહીનગરીમાં જન્મતા હતા. મુક્તિપુરીના છેલ્લા સાર્થવાહ આ મહાપુરુષ પણ **રાજગૃહીમાં** જ જન્મ્યા હતા.

મગધદેશની રાજધાની જગતભરના વ્યાપાર-ઉદ્યોગમાં આગળ વધેલી અને કુબેર જેવા હજારો ધનવાનોથી શોભતી **રાજગૃહી**નામની નગરી હતી. જેમાં ભગવાન મહાવીરદેવનો અનન્ય ભક્ત, **શ્રેણિકરાજા** રાજ્ય કરતો હતો. તેમના રાજ્યમાં ભગવાનમહાવીરનો ભક્ત, નગરવાસી મનુષ્યો અને રાજ્યમાં પણ સન્માન પામેલો **ઋષભદત્ત**નામનો વણિક વસતો હતો. તેને શીલાલંકાર-ધારિણી અને પતિવચનાનુસારિણી **ધારિણી** નામની પ્રાણપ્રિયા હતી.

આ શ્રાવક-શ્રાવિકા દંપતીનો ઘણો કાળ સુખમય પસાર થયા, પછી એકદા મધ્યરાત્રીએ પંચમદેવલોકથી એક મહર્દ્ધિકદેવ

ચ્યવીને, મહાસતી **ધારિણીદેવીની** કુક્ષિમાં ઉત્પન્ન થયો. દેવીએ સ્વપ્નમાં **જંબૂવૃક્ષ** જોયું હોવાથી, જન્મ વખતે પુત્રનું નામ **જંબૂકુમાર** આપ્યું. માતા-પિતા, ધાવમાતાઓ અને દાસ-દાસીઓ દ્વારા લાલન-પાલન કરાતો અને ઉત્તમકોટીના અધ્યાપકોદ્વારા વિદ્યાભ્યાસ પામતો, જંબૂકુમાર પરુષોની ૭૨ કલાઓનો પારગામી થયો, જંબૂકુમાર ૧૬ વર્ષની વયના થતાં માતા-પિતાએ, કોટ્યાધીશ આઠ વ્યવહારીઓની, ગુણવતી અને રૂપવતી આઠકન્યાઓ સાથે સગપણ કર્યું

હવે આ બાજુ ભગવાન સુધર્માસ્વામી વિહાર કરતા **રાજગૃહી**નગરીમાં પધાર્યા. નગરવાસી ધર્મીમનુષ્યો ગણધર-મહારાજનાં દર્શન કરવા અને દેશના સાંભળવા ગયા. **જંબૂ-કુમાર** પણ માતાપિતાની આજ્ઞા પામીને, ગણધરભગવાનના દર્શન કરવા ગયો અને દેશના સાંભળવા બેઠો. **સુધર્માસ્વામી-મહારાજે** સંસારની અસારતાનું વર્ણન કર્યું. ઘણા આત્માઓ ધર્મ પામ્યા. **જંબૂકુમાર** પણ ચારિત્ર લેવાની ભાવનાવાળા થયા અને ગુરુદેવને જણાવ્યું કે, "હે ભગવાન્! હું માતા-પિતાની રજા લઈ આવું, ત્યાં સુધી આપ વિહાર કરશો નહિ. મારે આપ સાહેબની પાસે દીક્ષા લેવી છે."

ગુરુમહારાજને આ પ્રમાણે વિનંતિ કરીને, જંબૂકુમાર ઘેર આવવા લાગ્યા, નગરના દરવાજા પાસે હજુ પહોંચ્યા નથી. ત્યાં દરવાજો જૂનો હોવાથી પડી ગયો. તે જોઈ જંબૂકુમારને વિચાર આવ્યો. જો હું થોડો ઉતાવળો ચાલ્યો હોતતો, જરૂર દરવાજાની નીચે દબાઈ જાત, અને દુર્ધ્યાનથી મરીને, તિર્યંચ-ગતિમાં ચાલ્યો જાત, માટે હજી ગુરુ પાસે જઈને, **સમ્યક્ત્વ**

અને **શીલવ્રત** એમ બે પ્રતિજ્ઞાઓ લઇને પછી ઘેર જાઉં. તરત જ ગુરુ પાસે આવી ત્રણરત્નો (સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્ર) પૈકીનું એકરત્ન લીધું. અને પાંચમહાવ્રતો (સર્વથા હિંસા, જુઠ, ચોરી, મૈથુન, અને પરિગ્રહના ત્યાગ) પૈકી એકવ્રત પણ અંગીકાર કર્યું અને ઘેર આવ્યા.

માતાપિતાને પોતાના વિચારો જણાવ્યા. માતા–પિતાને પુત્ર એક જ હતો. તેથી લાડકો હોય એમાં શી નવાઈ? એટલે દીક્ષાલેવાની વાત ગમે જ શાની? માતા–પિતા કહે છે કે, ભાઈ તું અમારે એકનોએક પુત્ર છે. તારી સગાઈ કરેલ છે, વિવાહનું મુહૂર્ત જોવાયું છે. પરણવાનો દિવસ નક્કી કર્યો છે. ત્યારે તું આવી વાત કરે છે? અમને કેટલું દુઃખ થતું હશે? એનો તું જરા તો વિચાર કર. જો તું આઠ કન્યા પરણીશ તો અમને ઘણો જ હર્ષ થશે. અમે ઘણા વેવાઈ–વેવાણો અને સગા–સ્વજનોમાં મ્હાલશું, વળી આપણા કુળની પરંપરા પણ ટકી રહેશે. જો તું દીક્ષા લેશે તો, અમારા મનના મનોરથો ધૂળધાણી થશે, અને કુળ નિર્વંશ થશે. માટે હે પુત્ર! જેમ તું તારૂં ભલું વિચારે છે, તેમ અમારો પણ કાંઈક વિચાર કર. આ પ્રમાણે માતા–પિતાનો અત્યાગ્રહ થવાથી, **જંબૂકુમારે** પરણવાની હા પાડી, પરંતુ પરણીને તુરત દીક્ષા લઇશ. એ પણ ચોક્કસ જણાવી દીધું.

જંબૂકુમારના દીક્ષાના વિચારો નગરમાં પણ જાહેર થઈ ગયા. અને જંબૂકુમારની ચારિત્રલેવાની ચર્ચાઓ પણ પુરજોસથી થવા લાગી. **ઋષભદત્તશેઠે** પણ પોતાના વેવાઇઓને બોલાવીને જણાવી દીધું કે, જંબૂ પરણીને જ, દીક્ષા લેવાનો

છે. આ સાંભળીને કન્યાના પિતાઓ ચમકી ઊઠ્યા, અને અમે જમાઈ બીજો કરીશું, એમ પણ સંભળાવી દીધું. ઘેર જઈ પોતપોતાની પુત્રીઓને, જંબૂકુમારના દીક્ષાના અને સાથોસાથ પોતાના બીજો જમાઈ કરવાના, વિચારો પણ જણાવી દીધા. આઠે કુમારિકાઓ મહાસતીઓ હતી. જૈનશાસન અને **જંબૂકુમારના** ગુણોને પામેલી હતી. તેથી તે બાળાઓ પિતાના વિચારોને સંમત ન થતાં, ચોખ્ખા શબ્દોમાં જણાવી દીધું કે, અમારો જાહેર થએલો સ્વામી, સંસારમાં રહેશે તો, અમે એની દાસીઓ થઇશું, અને સાધુ થશે તો, અમે તેની શિષ્યાઓ થઈશું. પરંતુ આ જન્મમાં અમે, બીજા પતિને તો નહિ જ પરણીએ.

પોતપોતાની પુત્રીઓના આવા વિચારો સાંભળી, ધર્મી અને મહાભાગ્યશાળી માતા-પિતાઓ પણ ઘણાં ખુશી થયાં. વિવાહ નક્કી કરી નાખ્યા. ઘણી ધામધૂમથી લગ્નની તૈયારીઓ થઈ અને લગ્ન પણ થઈ ગયાં. સાસુ-સસરાઓએ નવાણુક્રોડ સોનામહોર કરમોચનમાં આપી. આઠે મહાસતીઓ પદ્મિનીઓ હતી.

પરણીને **જંબૂકુમાર** પોતાને ઘેર આવ્યા, સાસરામાંથી આવેલું ધન પણ ઘરમાં લાવીને નોકર-ચાકરો દ્વારા જ્યાં ત્યાં નાંખેલું પડ્યું હતું. રાત્રી પડ્યાથી આઠે પત્નીઓ અને જંબૂકુમાર, પોતાના એકાન્તભવનમાં આવ્યા અને દીક્ષાની વાત શરૂ થઈ. **જંબૂકુમાર** બાળાઓને કહે છે કે, ભો મહાભાગ્યશાળી આત્માઓ ! તમો જાણતા જ હશો કે, હું પરણીને બીજા જ દિવસે દીક્ષા લેવાનો છું. વળી એ પણ ખબર હશે

કે, દેવોના પણ પૂજ્ય ભગવાન **સુધર્માસ્વામી** ગણધરદેવ પાસે મેં જાવજ્જીવ બ્રહ્મચર્યવ્રત પણ લીધું છે. મારા આ નિર્ણયને જાણીને પણ, તમે મારું સગપણ કબુલ રાખ્યું છે. માટે **બુદ્ધિમતી અને ધર્માત્મા મહાસતીઓ !** તમને હવે મારે વધુ જણાવવું જરૂરી નથી. સવારમાં વહેલી પ્રભાતે જ ભગવાન **સુધર્માસ્વામી** પાસે હું સંજમ અંગીકાર કરીશ. કારણ કે ભગવાન અહીં વધુવખત રોકાય તેમ નથી.

જંબૂકુમારનાં ઉપર મુજબનાં વાકયો સાંભળીને, સંસારના રાગમાં રંગાએલી બાળાઓએ, જંબૂકુમારને ફેરવવાનો બનતો બધો જ પ્રયાસ કરી જોયો. પરંતુ જંબૂકુમારે વૈરાગ્યપક્ષના સમર્થનની વકીલાત ચાલુ જ રાખી. આ બાજુ **આઠે બાળાઓએ**, સંસારનાપક્ષને મજબૂત કરવા, દલિલોનો વર્ષાદ વર્ષાવ્યો. પરંતુ **જંબૂકુમારની** દલિલો રૂપી પવનના ઝપાટાથી, બાળાઓની દલિલોનાં વાદળાં વિખરાઈ ગયાં.

જંબૂકુમાર અને બાલાઓનો સંવાદ તો ચાલુ જ હતો ત્યાં, ૪૯૯ ચોરને સાથે લઈને, **પ્રભવનામનો મહાચોર, જંબૂકુમાર**ના ઘરમાં ચોરી કરવા પેઠો, તેણે પણ જંબૂકુમાર અને બાલાઓનો સંવાદ સાંભળ્યો. ચોરવાની વાતને પડતી મૂકીને, તેણે પણ બાલાઓના પક્ષની ખૂબ જ દલિલો કરી. જંબૂકુમારે તેને પણ નિરુત્તર કર્યો.

આઠ બાલાઓનાં અને **પ્રભવસિંહ**ચોરનાં, સંસાર પક્ષને સમર્થન કરનારાં, બધાં જ વચનો નકામા ગયાં. ઉપરથી જંબૂકુમારની દલિલોને તોડી તો ન શકયા, પરંતુ પોતાનો પક્ષ પણ છોડવાનો વખત આવ્યો.

જંબૂકુમારની વૈરાગ્યની વાતો સાંભળવાની સાથે, જંબૂકુમારના વૈરાગ્ય માટે પણ, બાલાઓ તથા પ્રભવસિંહચોરને ઘણો જ આદર પ્રકટ થયો. બાલાઓ વિચાર કરે છે કે, આખું જગત લક્ષ્મી અને લલનાઓ માટે ફના થઈ રહેલ છે. હજારો-સ્ત્રીઓ હોવા છતાં, **રાવણ** જેવો રાજા, **સીતા** માટે રણમાં રોલાયો અને નરકમાં ગયો. **કંચન** અને **કામિની** માટે જ જગત્ આખું, દુર્ગતિમાં જઈ રહ્યું છે. વિષયના ભોગ માટે પશુઓ પણ લડીને મરણ પામે છે. જ્યારે દેવોને પણ દુર્લભ એવી અમે આઠે બાલાઓ પદ્મિનીઓ છીએ. સ્વાધીન છીએ. છતાં આ મહાપુરુષનું મન જરાપણ લલચાતું નથી. તો પછી આપણે પણ લાલસાને તિલાંજલી આપવી જોઈએ. એવો વિચાર મનમાં નક્કી કરી, પોતાના સ્વામીને જણાવ્યું કે, અમે પણ આપના માર્ગને અનુસરવા તૈયાર છીએ.


બાલાઓના વિચાર સાંભળી **પ્રભવસિંહ** વિચાર કરવા લાગ્યો. અહો મહાપુરુષની મહાનુભાવતા તો જુઓ! જગત્ જેને માટે હજારો પાપ કરી રહેલ છે, જગત્ જેને માટે હજારો તાપ-કષ્ટ સહી રહેલ છે. આખું જગત જેને સારૂ હિંસા,જુઠ અને ચોરી કરતાં પણ ખચકાતું નથી. ત્યારે જંબૂકુમારની પાસે તે **કંચન** અને **કામિનીઓ** બીચારાં રાંક થઇને કરગરે છે, અમને ભોગવો, છતાં જંબૂકુમાર તેનો ત્યાગ કરી રહેલ છે. જુઓ તો ખરા! આ ક્રોડો સોનામહોરોના ઢગ વેરણ-સેરણ પડ્યા છે. આ અપ્સરા જેવી બાલાઓ સામી બેસીને વિનવી રહી છે. ચુંબન અને આલિંગનની વાત તો દુર રહો પણ આંખમાંય વિકાર નથી. ખરેખર જ્ઞાનીપુરુષોએ કહ્યું છે તે બરાબર છે.

"લક્ષ્મી કારણ બાપડા, ભટકે દેશ વિદેશ;
પાપ હજારો આચરે, પણ પામે નહિ લેશ. ૧
ધન મેળવવા જીવડો, કરે ઘણા વ્યાપાર;
અનેકની સેવા કરે, ન કરે ધર્મ લગાર. ૨
ધન મેળવવા નાવમાં, બેસી જાય વિદેશ;
પણ પૈસો પામ્યા વિના, આવે ભૂંડે વેશ. ૩
ધન કારણ ચોરી કરે, યુદ્ધ અનેક પ્રકાર.
પાપ કરીને જીવડો, જાય નરક મોઝાર. ૪
હરિ હર બ્રહ્મ પુરંદરા, મનુષ્ય પશુને દેવ,
રાંક બની નારી તણા, કરે ચરણની સેવ." ૫

આખું જગત કંચન-કામિનીનું દાસ છે. ત્યારે જંબૂકુમાર કંચન-કામિનીનો ત્યાગ કરે છે. હું મારો વિચાર કરું તો-હું એક રાજપુત્ર છું. રાજ્યધર્મનો ત્યાગ કરીને, એક અધમ ચોર બન્યો છું. જંબૂકુમાર વમન અને વિષ્ટાની પેઠે જે લક્ષ્મીનો ત્યાગ કરી રહેલ છે, તે જ નરકાદિદુર્ગતિને આપનારી લક્ષ્મીને હું ચોરવા આવ્યો છું. ધિક્કાર થાઓ આ લક્ષ્મીને. કે જેના સહયોગથી પ્રાણીઓ સારાસારનો વિચાર પણ ભુલી જાય છે.

જંબૂકુમારના ઉપદેશથી ૮ **બાલાઓ** તથા **પ્રભવસિંહ** વિગેરે ૫૦૦ ચોર, જંબૂકુમારનાં **માતા-પિતા** અને **સાસુ-સસરાઓ**, વૈરાગ્ય પામ્યા અને પ્રભાતે **સુધર્માસ્વામી** પાસે જઈને, ૧૬ વર્ષની વયે ૫૨૬ જણ સાથે **જંબૂકુમારે** દીક્ષા લીધી. ૨૦ વર્ષ છદ્મસ્થ પણે રહી, ૩૬ વર્ષની ઉંમરે કેવળજ્ઞાની બન્યા, અને ૪૪ વર્ષ કેવલીપર્યાય ભોગવી પ્રભુમહાવી-

રદેવથી ૮૦ વર્ષે મોક્ષમાં પધાર્યા. જંબૂસ્વામી પછી ભરતક્ષેત્રમાંથી કોઈ મોક્ષમાં ગયું નથી....



ત્રીજું ઉદાહરણ શ્રીસ્થૂલભદ્રસ્વામીનું

આ મહાપુરુષ **પાટલીપુત્ર**ના નવમા **નંદરાજા**ના મહામાત્ય **શકડાલમંત્રી**ના પુત્ર હતા. ૧૮ વર્ષની ખીલતી યુવાનીમાં **કોષા**નામની વેશ્યાના ઘેર ગયા હતા. કોષા પણ **સ્થૂલભદ્ર**ની સમાનવયની જ હતી. દેવ અને દેવીની માફક સ્થૂલભદ્ર અને કોષાનો પરમ સુખમય ૧૨ વર્ષનો કાળ એક આંખના પલકારાની માફક ચાલ્યો ગયો.

શકડાલમંત્રીના અકાલ મરણથી, નંદરાજાએ, મહામાત્યની પદવી સ્થૂલભદ્રને આપવા, ઘણો આગ્રહ કર્યો. છતાં સ્થૂલભદ્રકુમારે, તત્ત્વાતત્ત્વનો વિચાર કરી, મહામાત્ય પદવી ન લીધી. અને કુટુંબપરિવાર તથા કોષાવેશ્યાનો ત્યાગ કરી, ચૌદપૂર્વધર **સંભૂતિવિજય**સ્વામી પાસે દીક્ષા લીધી. સ્વયં મહાબુદ્ધિશાળી હોવાથી, અલ્પકાળમાં જ, ગ્રહણ અને આસેવન શિક્ષાનો પાર પામ્યા. એક વખત ગુરુની આજ્ઞા મેળવીને, કોષા વેશ્યાના ઘેર ચોમાસું રહેવા માટે એકલા ગયા, વેશ્યા તો સ્થૂલભદ્ર જ્યારથી ગયા, ત્યારથી સ્થૂલભદ્રના વિરહથી પીડાતી, દુઃખમય દિવસો વિતાવતી હતી. કોષા જાતની વેશ્યા હતી. પરંતુ તેનો આત્મા ઘણો સંસ્કારી હોવાથી, તેણીનું ચિત્ત સ્થૂલભદ્ર સિવાય અન્યત્ર આનંદ પામતું ન હતું. તેથી હમેશાં તેણી, સ્થૂલભદ્રનો-જ જાપ જપતી હતી. ત્યાં અચાનક સ્થૂલભદ્રમુનિને આવતા જોઈ, ગાંડી ઘેલી બની, દોડતી સામી ગઇ. પોતાને ઘેર જાણે

આજે સોનાનો સૂર્ય ઉગ્યો, મોતીના મેહ વૂઠ્યા, તેમ માનવા લાગી, તેણીને આજે જાણે સાક્ષાત્ સ્વર્ગ મળ્યું હોય, તેવો આનંદ થયો. કોષાવેશ્યાએ સ્થૂલભદ્રની દીક્ષાની વાત જરૂર સાંભળી હતી. છતાં તે એમ જ માનતી હતી કે, મારા વગર તેઓ રહી શકવાના જ નથી. એટલે આજે મુનિવેશધારી સ્થૂલભદ્રને આવતા જોઈ 'પોતાની ધારણા સાચી ઠરી' એમ તેણીના મનમાં નિશ્ચય થયો.

મહામુનિરાજસ્થૂલભદ્રજી મહાત્યાગી મુનિરાજને છાજે તેવી ઢબથી, વેશ્યાના મહેલમાં પ્રવેશ કરીને કોષાની પાસે યાચના કરી. તમારી ચિત્રશાળામાં ચોમાસું રહેવા ઇચ્છા છે. તમારી રજા હોય તો, અમે તેમાં ઉતારો કરીએ ! મહામુનિરાજસ્થૂલભદ્રજીની, આવી માગણીમાં કોષાને નવાઈ લાગી, અને બોલી સ્વામીનાથ! આમ કેમ બોલો છો ? આ માલમિલ્કત, આ દાસ–દાસી પરિવાર અને આ મહેલ તથા હું પોતે, બધુંએ આપનું જ છે. આપને આમ બોલવું શોભતું નથી.

કોષાવેશ્યાનાં આવાં રાગથી નીતરતાં વચનો સાંભળીને, મહામુનિરાજ કહેવા લાગ્યા, અમે હવે રાગી નથી પણ ત્યાગી છીએ. ભોગી નથી પરંતુ યોગી છીએ. આ ચિત્રશાળામાં ઉતારો કરીને ભોગ સાધવો નથી, પરંતુ યોગ સાધવો છે. વીતરાગના મુનિઓનો એવો આચાર છે કે, સંસારમાં રહેલાં પોતાના માતા–પિતાના ઘરમાં, પણ (માલિકને) પૂછીને જ મુકામ કરી શકાય. એટલે ઉતરવા માટે તમારી રજા લેવી જરૂરી છે.

કોષાવેશ્યા સ્થૂલભદ્રજીનું આવું વર્તન તદ્દન ધતીંગ સમ-

જતી હતી. સ્થૂલભદ્રજી આ બધો ડોળ કરે છે. જંગલમાં રહેનારા યોગીઓ, વેશ્યાને ઘેર આવે જ નહિ. સજ્જન મનુષ્યોને પણ વેશ્યાના ઘરમાં પેસવું તે કલંકરૂપ ગણાય છે. તો પછી સાધુ-સંતને વેશ્યાના ઘરમાં આવવાનું હોય જ શાનું? એટલે તેઓપણ આ વેશને ફગાવીને, હમણાં મારી સાથે ભળી જશે. જગતમાં સ્ત્રીરૂપ અગ્નિની પાસે, પુરુષ બાપડો માંખણના પિંડ જેવો જ છે ને? વિષ્ણુભગવાન હજારો રાણીઓ હોવા છતાં, ગોપીઓના રૂપમાં ગાંડા થઈ ગયા હતા, **મહાદેવજીને પાર્વતી** અને ગંગા બે પત્ની છતાં, તે પણ **લીલાવતીને** જોઈને લલચાઈ ગયા હતા. **બ્રહ્માજીને સાવિત્રી** રાણી હોવા છતાં, પોતાની સગી પુત્રીના રૂપમાં રંગાયા હતા. ઈન્દ્રને એક સાથે આઠ ઈન્દ્રાણીઓ હોવા છતાં, ગુરુપત્ની **અહલ્યાના** રૂપમાં આસક્ત થઈ ગયા હતા. **સૂર્યને રત્નાદેવી** હોવા છતાં. સમુદ્રમાંથી નીકળેલી **વડવા** [ઘોડી]ને જોઈને તેના વિલાસમાં લાગી ગયા. અને તે વડવાને સૂર્યથી ગર્ભ રહ્યો, તેજ તેનો પુત્ર વડવાનલ થયો. **જમદગ્નિ, વિશ્વામિત્ર,** અને **પારાસર** જેવા મહાન્ તપસ્વીઓ, હજારો વર્ષ સુધી તપ કરનારા, અને સુકી સેવાળ અને સુકાં પાંદડાં ખાનારા હોવા છતાં પણ, સ્ત્રીઓના રૂપમાં, દીવામાં પતંગીઆની માફક હોમાઈ ગયા છે. તો પછી આ તો મારા પ્રાણવલ્લભ છે. આમને તો હું એકજ વારના આંખના ઈસારામાત્રમાં વશ કરી લઈશ....

વેશ્યા એમ જ માનતી હતી કે, આજ ને આજ મારા નાથને હું યોગી મીટાવીને, ભોગી બનાવી નાંખીશ. છતાં એ તો બધી વેશ્યાની કલ્પના જ હતી. જો કે વેશ્યાની કલ્પના સ્થૂલ-

ભદ્ર સિવાય, બીજાને માટે વ્યાજબી જ હતી. કારણ કે સાધુએ વેશ્યાના ઘરમાં, એક દિવસ પણ રહેવાય નહિ, તો પછી ચોમાસું રહેવાની વાત હોય જ શાની ? આવી વાત કોઈ સાચી માને પણ શી રીતે ?

સ્થૂલભદ્રસ્વામી વેશ્યાની ચિત્રશાળામાં ઉતર્યા. વેશ્યાએ અનેક જાતિનાં ભોજનો વહોરાવ્યાં, દિવસ અને રાત્રી હાવભાવ, રંગરાગ, ગાનતાન ચાલુ જ રાખ્યાં. આંખના ચાળા, પગના ઠમકા, હાથના લટકા, મુખના મટકા અને વચનના વિકારો તથા વિજળી જેવા તેજસ્વી પોતાના અવયવો જંઘા, નાભિ, સ્તન અને કક્ષા વિગેરે પ્રગટ કરી બન્યાં તેટલાં બતાવ્યાં, પરંતુ મહામુનિરાજ સ્થૂલભદ્રના મનરૂપી મેરુપર્વતને, ભેદવાને તે સમર્થ થઈ શકયાં નહિ.

મહામુનિરાજ સ્થૂલભદ્રજીએ વેશ્યાના હજારો ઉપાયોના જવાબમાં, સંસારની અસારતા જ જણાવી હતી. છેવટે વેશ્યા થાકી અને ધર્મસાંભળવાની ઈચ્છા બતાવી. મહામુનિરાજે ગૃહસ્થને પાળી શકાય તેવો ધર્મ સમજાવ્યો. મહાભાગ્યશાળી આત્મા **વેશ્યાએ, સમ્યક્ત્વમૂલ બાર વ્રતો અંગીકાર** કર્યાં. મુનિરાજ ચોમાસું પૂર્ણ થયે વેશ્યાના સ્થાનનો ત્યાગ કરીને ગુરુજી પાસે આવ્યા. અનુક્રમે ચૌદપૂર્વી બન્યા. અને આરાધનાપૂર્વક આયુષ્ય પૂર્ણ કરી દેવલોકે ગયા.

આ મહાપુરુષના જીવનને વિચારશું તો, જગતમાં કોઈ જગ્યાએ ન મળી શકે તેવું, એમાં ઘણું જાણવાનું મળી રહે છે. આખા જગતની વાતોમાં કંચન અને કામિનીનાં જ વર્ણનો ભર્યાં છે. જ્યારે આ મહાપુરુષના જીવનમાં આ બન્ને વસ્તુનો

અજબ ત્યાગ તરવરે છે. આ જગતમાં વેશ્યાઓના ફંદમાં ફસાઈને લાખો-ક્રોડો. મનુષ્યો પાયમાલ થયા છે. અને આ મહાપુરુષે, તેજ વેશ્યાના ઘરમાં જઈને, વેશ્યા ઉપર જિત મેળવી છે. એક તો ચોમાસાનો કાળ હતો, વિકાર ઉત્પન્ન કરે તેવું રહેવાનું સ્થાન હતું, વેશ્યાના ઘરનો ખોરાક એટલે છએ રસથી ભરપૂર ભોજન હતું, **'સીતાનો રાગ જેવો રામ ઉપર હતો'** તેવો સ્થૂલભદ્ર ઉપર વેશ્યાનો રાગ હતો, એકાન્તવાસ હતો, છતાં આ મહામુનિરાજના મનરૂપી મહા-પર્વતની, કાંકરી પણ ખસી નહિ. કોઇ મહાપુરુષે કહ્યું છે કે,

"गिरौ गुहायां विजने वनान्तरे, वासं श्रयंतो वशिनः सहस्रशः ।
हर्म्यैतिरम्ये युवतिजनान्तिके, वशी स एकः शकडालनन्दनः ॥"

વંદન, પૂજન, સત્કાર અને સન્માનના
પણ વિરોધિ **એક જૈનાચાર્ય. ઉદાહરણ ચોથું.**

શ્રીસ્થૂલભદ્રસ્વામિના પ્રથમપટ્ટધર, **આર્યમહાગિરિજી મહારાજ**, પોતાની છેલ્લીવયમાં, સમગ્રગચ્છનો ભાર પોતાના ગુરુભાઈ, દશપૂર્વના જ્ઞાની **આર્યસુહસ્તિસૂરિ** મહારાજને સોંપીને, પોતે **જિનકલ્પ** વિચ્છેદ જવા છતાં, જિનકલ્પની તુલના કરતા હતા. એટલે તીર્થંકરદેવો અને સામાન્ય કેવલીભગવંતોના સમયમાં, મહાત્યાગી આત્માઓ, મહાતપ, મહાત્યાગ અને ગજબ અભિગ્રહોવાળો જે જિનકલ્પ (આત્માના ચિકણા કર્મ ખપાવવાનો કલ્પવિશેષ,) આચારતા હતા. ભગવાન જંબૂસ્વામિના નિર્વાણ પછી, આત્માઓમાં શક્તિનો ઘટાડો થવાથી, તે જિન-કલ્પની આચારણા બંધ થઇ હતી, તો પણ **આર્યમહાગિરિજી-મહારાજ** જિનકલ્પતો નહિ જ, પરંતુ જિનકલ્પની વાનકી-તુલના

કરતા હતા. જગતનાં પૂજા, સત્કાર–સન્માન અને શિષ્યપરિવારનો સંદતર ત્યાગ કરીને, નિદ્રા વિગેરે પ્રમાદો બંધ કરીને, એકાકીપણે વિચરતા હતા. અને પ્રાયેણ દિન–રાત ઉભા રહીને જ ધ્યાન કરતા હતા. બધા પ્રકારના સ્વાદો ત્યજી, પાત્રામાં કે હસ્તમાં લેપ ન લાગે તેવો નિરસ આહાર, તેપણ બે–દિવસે, ત્રણ–દિવસે કે ચારદિવસે લેતા હતા. તેઓ તેવી રીતે અને તેવા પ્રદેશમાં (વનોમાં) રહેતા હતા કે, તેમને કોઇ ઓળખી શકે નહિ. તેઓ તદ્દન અજાણ્યા પ્રદેશમાં ભીક્ષા વહોરવા જતા હતા. એક વખત ભવિતવ્યતાના યોગથી, **આર્યસુહસ્તિસૂરિ**–મહારાજ એક ગામમાં પધાર્યા. અને તે જ દિવસે એકાકી વિહાર કરતા **આર્યમહાગિરિ**–મહારાજ પણ તે ગામમાં અને તે જ સ્થાનમાં પધાર્યા. પોતાની સભામાં હજારો માણસો હાજર હતા. છતાં **આર્યમહાગિરિમહારાજને** આવતા દેખીને, **આર્યસુહસ્તિસૂરિ** મહારાજ, પરિવાર સહિત એકદમ ઉભા થઈ ગયા. અને તેમના પગમાં પડી દ્વાદશાવર્તવંદન કર્યું. જે દેખીને સભાના લોકોને ઘણું જ આશ્ચર્ય થયું. અહો ! આવા દશપૂર્વધરસૂરિમહારાજ, જેને વંદન–બહુમાન કરે છે, તે મહાપુરુષ કેટલા મોટા અને કેટલા ગુણી હશે ? આથી આર્યમહાગિરિજીમહારાજની આબા ગામમાં અને આજુબાજુમાં ખૂબ જ જાહેરાત થઈગઇ. જેથી **આર્યમહાગિરિમહારાજે** તે પ્રદેશનો ત્યાગ કર્યો અને જ્યાં પોતાને કોઇ ન ઓળખે તેવા પ્રદેશમાં ચાલ્યા ગયા.

અહીં ખાસ સમજવા યોગ્ય અને વિચારવા યોગ્ય બાબત એ જ છે કે,સામેથી મળવા છતાં આવા મહાપુરુષોને પૂજા,

સત્કાર-સન્માન ગમતાં ન હતાં. અને જોઈતાં જ ન હતાં. જ્યારે આજે અમારા જેવા પામર આત્માઓ પણ, રાત-દિવસ પૂજાવા ઝંખી રહ્યા હોય છે. છતાં કોઈ સામું એ જોતું નથી.

માટે કહ્યું છે કે, **'માગે ત્યાંથી ભાગે અને ત્યાગે તેને વળગે'** જે જન અભિલસે રે, તે તો તહેથી નાસે.
તૃણ સમ જે ગણે રે, તેહને નિત્ય રહે પાસે....

"પૂજાવા ઇચ્છા કરે, પૂજા થાય ન લેશ,
ગુણી પૂજા ઇચ્છે નહિ, પૂજે દેવ નરેશ. ૧
કાંચન તજવું સહજ છે, સુલભ નારીનો ત્યાગ;
આપ બડાઈ ત્યાગતા, તે મોટા મહાભાગ. ૨
કાંચન તજવું સહજ છે, નારી સુત પરિવાર;
ત્યાગે ચાર કષાયને, ધન્ય તાસ અવતાર. ૩
તપસા ને ત્યાગીપણું, બાહ્ય ત્યાગ કહેવાય;
ત્યાગે ચાર કષાય તો, શીઘ્ર મોક્ષમાં જાય." ૪

અહીં એક એ પણ સમજવાનું છે કે, જેમ રાજા મહારાજાઓ છેલ્લી વયમાં રાજ્યાદિકનો ત્યાગકરીને, તથા ધનવાન પુરુષો, ધનમાલપરિવારનો ત્યાગકરીને, ચારિત્રી બનતા હતા, અને બને છે. તેમ આચાર્યભગવંતો પણ, પોતાની છેલ્લી વયમાં, પોતાના પરિવારમાંથી, યોગ્યઆત્માને ગચ્છનો ભાર ભળાવીને, વિશેષ રીતે યોગની સાધના કરવા સાવધાન બને છે. પૂર્વના મહર્ષિઓ મોટા ભાગે છેલ્લી વયમાં શક્ય, અન્યા તેટલા તપ ત્યાગ અને ધ્યાનમાં મગ્ન બની જતા હતા.

મહાપુરુષ આર્યવજ્રસ્વામીમહારાજ ઉદાહરણ પાંચમું

આ મહાપુરુષનો **તુંબ** નામના ગામમાં જન્મ થયો હતો.

પિતાનું નામ **ધનગિરિજી** અને માતાનું નામ **સુનંદાદેવી** હતું. તેમના સગા મામા એટલે સુનંદાદેવીના સગાભાઈ **આર્ય-સમિતજી** હતા. તેમણે ઘણા વખત પહેલાં દીક્ષા લીધી હતી. **આર્યવયરસ્વામિજી** ગર્ભમાં આવ્યા, ત્યાં તો પિતાને વૈરાગ્ય થયો અને તેમણે પણ દીક્ષા લીધી. **વજ્રકુમાર** ગયા જન્મમાં તિર્યગ્જૃંભગ્ દેવ હતા. અને **અષ્ટાપદપર્વત** ઉપર **ગૌતમ-સ્વામી મહારાજ**ની દેશના સાંભળવાથી, તેમને શ્રીજૈન-શાસન અને વિરતિધર્મ ઉપર અતિશયરાગ થયો હતો. તેજ કારણથી આવા ધર્મી માતા-પિતાનો યોગ સાંપડયો હતો.

વજ્રકુમારનો જન્મ થયો, ત્યારે, માતાની સખીઓના મુખથી, પિતાની દીક્ષાના સમાચાર સાંભળ્યા. દેવકુમાર જેવા બાલકને જોઇને, આજુબાજુની સખીઓ અને બહેનપણીઓ આવીને, વજ્રકુમારને રમાડવાનો લ્હાવો લેવા ચૂકતી નહિ. અને વાતે-વાતે કહેતી કે, તારા પિતાજી તો સાધુ થઇ ગયા છે. તુ પણ સાધુમહારાજ થજે. આવા વારંવાર કાને પડતા શબ્દો વજ્રકુમાર ધ્યાનપૂર્વક સાંભળી રહેતો. આમ વારંવાર દીક્ષાનું નામ સાંભળવાથી **વજ્રકુમારને** આટલી નાનકડી વયમાં પણ જાતિસ્મરણ જ્ઞાન થયું.

જાતિસ્મરણ થતાં જ, ભગવાન ગૌતમસ્વામિ મહારાજની દેશના યાદ આવી. જૈનશાસન અને વિરતિધર્મ પ્રત્યેના રાગનું પુનઃ પ્રકટીકરણ થયું. 'પોતાને પણ પિતાજીની પેઠે ચારિત્રજ અંગીકાર કરવું' એવો મનમાં નિર્ણય કરી લીધો. અને ચારિત્ર મળે કેમ ? એના વિચારો કરતાં એક યુકિત સૂઝી આવી. કે જો માતાને મારી ઉપર અણગમો થાય તો જ હું સંજમ પામી

શકું. એમ વિચાર કરી આખો દિવસ અને રાત રડવાનું શરૂ રાખ્યું. ક્ષણવાર પણ બાળક રડતો બંધ ન રહે. આથી માતા **સુનંદાદેવી** ખૂબ જ કંટાળી ગયાં. એકદા પોતાના ઘેર વહોરવા પધારેલા **મુનિરાજ ધનગિરિજીને**, (બાલક પ્રત્યેનો પોતાનો અણગમો જાહેર કરવા પૂર્વક) બાલક વહોરાવી દીધો. ધનગિરિજી મહારાજ બાલકને ઝોળીમાં લઈ ગુરૂજી પાસે આવ્યા. બાલકનાં શરીરનું વજન ખૂબ વધુ જણાવાથી ગુરુમહારાજ **સિંહગિરિસૂરિજીએ** તેનું **વજ્ર** નામ પાડ્યું. હવે બાળ વજ્ર સાધ્વીજીના ઉપાશ્રયમાં ઉછરવા લાગ્યો. તેની ત્રણ વર્ષની વય થઈ તેટલા સમયમાં તે, સાધ્વીજીનો સ્વાધ્યાય સાંભળીને પોતે પણ અગ્યાર અંગ ભણ્યા. અને ક્રમે કરીને **ભદ્રગુપ્ત-સૂરિ** મહારાજ પાસે દશ પૂર્વધર થયા. તેઓ બાલપણાથી જ નિરતિચાર ચારિત્ર પાળતા હતા. બે વખત વિહારમાં, **વજ્ર-કુમારમુનિ** ઘણા થાકી ગયા. ક્ષુધા પણ ખૂબ લાગી હતી. તે વખતે, ગયા જન્મના મિત્રદેવોએ, એકવાર સ્કંધાવાર (છાવણી) દેખાડીને કેળાપાકની ભીક્ષા અને બીજીવાર મનુષ્યોનીવસતિ-વાળાં નાનાં ગામડાં દેખાડી **ઘેબર**ની ભીક્ષા આપવા પ્રયત્ન કર્યો. પરંતુ સાવધાન એવા **વજ્રકુમાર**મુનીએ, દેવોને ઓળખી લીધા અને 'અમને (વીતરાગના સાધુઓને) દેવપિંડ કલ્પે નહિ.' એમ સ્પષ્ટ જણાવી ભીક્ષા ન લીધી. તેમની આવી દૃઢતાથી ખુશ થએલા દેવોએ, તેમને **આકાશગામિનીવિદ્યા** અને **વૈક્રિયલબ્ધિ** આપ્યાં.

એકવાર **પાટલીપુત્રનગરમાં**, સાધ્વીજીના ઉપાશ્રયમાં, **વજ્રકુમાર**મુનિનાં રુપ-વિદ્યા-યશ વિગેરે ગુણોનાં, ખૂબ જ

વખાણ થતાં હતાં. તે સાંભળી તેજ નગરના **ધનાવહશેઠની** પુત્રી **રુકમિણી**એ પ્રતિજ્ઞાકરી કે, આ જીંદગીમાં **વજ્રકુમાર** સિવાય હું બીજાને પરણીશ નહિ.

આ બાજુ ગ્રામાનુગ્રામ, વિહાર કરતા, **વજ્રકુમારમુનિ** પણ, એક વખત **પાટલીપુત્રનગરમાં** પધાર્યા. ત્યાંના શ્રીસંઘે ઘણા જ બહુમાનપૂર્વક, ગુરુદેવનું સામૈયું કર્યું. વ્યાખ્યાનમાં શ્રોતાવર્ગની ઠઠ જામેલી હતી અને સભા વચ્ચે જ, કુમારિકા **રુકમિણી**એ પોતાનો અભિપ્રાય જાહેર કર્યો. અને સાથોસાથ કુમારિકાના પિતાએ પણ જણાવ્યું કે, મારે સંતાનમાં એક જ **દીકરી** છે, જો તમે મારી પુત્રી રુકમિણીનું પાણીગ્રહણ સ્વીકારો તો, મારી કોડોની, મીલકત, હું તમને અર્પણ કરવા વચન આપું છું.

પિતા–પુત્રીનો આવો અભિપ્રાય સાંભળી, મહાપુરુષ **વજ્રકુમાર**મુનિરાજે, ઘણા જ વૈરાગ્યવાલી દેશના આપી. અને કુમારિકા**રુકમિણી**ને, પ્રતિબોધ પમાડી દીક્ષા આપી સાધ્વી બનાવી. અને પિતા **ધનાવહશેઠને** ઉપદેશ આપી, તેમની તમામલક્ષ્મીનો, સાતક્ષેત્રમાં સદ્વ્યય કરાવ્યો.

વજ્રકુમારમુનિપ્રવરને, દશપૂર્વધર આચાર્યમહારાજ **ભદ્રગુપ્તસૂરિ** પાસે, દશપૂર્વનો અભ્યાસ કરાવ્યો. અને પછી ગુરુદેવ **સિંહગિરિસ્વામી** મહારાજે, **વજ્રકુમાર**ને, આચાર્યપદવી આપી. દશપૂર્વધર એવા **વજ્રસ્વામી**ભગવાન ૧૮ મા યુગપ્રધાન બની, **રથાવર્ત**નામના પર્વત ઉપર અનશનકરીને, દેવલોક પધાર્યા. અનશનના સમય દરમ્યાન **વજ્રસ્વામી**મહારાજને, **સૌધર્મ**ઈન્દ્ર વંદન કરવા આવ્યા હતા.

૧૯ મા પટ્ટધર **માનદેવસૂરિમહારાજ** થયા. જેમણે આચાર્યપદવીના દિવસથી જ છ વિગઈ અને ભક્તકુળની ગોચરીનો જાવજ્જીવ ત્યાગ કર્યો હતો. તે વાત આપણે પહેલી જોઈ ગયા છીએ.

શ્રી અભયદેવસૂરિમહારાજ

નવાંગીટીકાકાર આચાર્યમહારાજ **અભયદેવસૂરિ મહારાજ**નો કંઠ ઘણો જ મધુર હતો. વ્યાખ્યાનશૈલી અજબ હતી. છતાં ગુરુદેવની આજ્ઞાથી ફક્ત જુવારનો અને તે પણ નીરસ ખોરાક ૧૬વર્ષસુધી વાપરતા રહ્યા. તેથી શરીરમાં કોઢનોરોગ થયો. પરંતુ ગુરુવચનમાં અડગ રહેનાર, મહાપુરુષ **અભયદેવસૂરિ**મહારાજે ખોરાકમાં ફેરફાર કર્યો નહિ. છેવટે રોગથી કંટાળીને અનશન કરવા તૈયાર થયા. ત્યાં **પદ્માવતીદેવી** આવ્યા. તેમણે રોગ મટાવવાનો ઉપાય બતાવ્યો અને અનશન નહિ કરવા–સાથે, **ઠાણાંગાદિનવ અંગની** ટીકા કરવા વિનંતિ કરી. જેનો સ્વીકાર કરી, સુંદર આરાધના કરી દેવગતિને પામ્યા.

આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરિમહારાજ

આ મહાપુરુષ **ચિત્તોડગઢના, જિતારિરાજા**ના, મહામાનીતા પુરોહિત હતા. ચૌદવિદ્યાના પારગામી હતા. તેમનામાં એક અભિમાન હતું કે, 'હું સર્વશાસ્ત્રનો જાણકાર છું, મને કોઈ અપૂર્વ સૂક્ત સંભળાવે, અને જો મને તેનો અર્થ ન આવડેતો, તેનો હું જીંદગીનો દાસ બનું,' બસ પુણ્યવાન આત્માઓને **'अहंकारोपि बोधाय'** અભિમાન પણ બોધને માટે બને છે અને થયું પણ તેમ જ, ભટ્ટરાજ**હરિભદ્ર** એકદિવસ બજારમાં ચાલ્યા જતા હતા. સામેથી કાંઈ આવતું હોવાથી, એક મુકામના

પગથીઆ ઉપર ઉભા રહ્યા, તે મુકામ હતું જૈનસાધ્વીજીનો-ઉપાશ્રય. તેમાં મહાવિદુષી સાધ્વીજી **યાકિનીમહત્તરા** પરિવાર સાથે ઉતરેલાં હતાં અને આગમોના પાઠનું આવર્તન કરતા હતા. તેમાં એક ગાથા એવી આવી કે,

" चक्कीदुगं हिसिकेस पंचकं चक्कीपंचकं।
हरिचक्की हरिचक्की बिचक्कि हरिचक्किण ॥"

બસ, આ ગાથા સાંભળતાંની સાથે કંઠે થઈ ગઇ. બે-ચારવાર અર્થવિચાર્યો, પણ ભાવ બીલકુલ હાથમાં ન આવ્યો, અને એમ પણ થયું કે, આ **ચકીચકી** બોલ્યા કરે છે. આનો પરમાર્થ કાંઇ છે કે, એમ ને એમ બોલ્યા કરે છે. જોઉં તો ખરો. એમ નિર્ણય કરીને ઉપાશ્રયમાં ગયા. **યાકિનીમહત્તરા**ને પરમાર્થ પૂછ્યો. તેમની પાસે પરમાર્થ તૈયાર જ હતો. કે, આ અવસર્પિણીકાળમાં ૧૨ ચક્રવર્તી અને ૯ વાસુદેવ આ ક્રમથી થયા છે. 'પેલા બેચક્રવર્તી થયા, પછી લાગઠ પાંચવાસુદેવ થયા, પછી પાંચચક્રવર્તી થયા, પછી એકવાસુદેવ, પછી એકચક્રી, પછી એકવાસુદેવ, વલી એકચક્રવર્તી થયા, ત્યારબાદ બેચક્રવર્તી થયા, પછી બેવાસુદેવ થયા, પછી એક વાસુદેવ અને એક ચક્રવર્તી થયા.' આ પ્રમાણે ગાથાનો વિશેષાર્થ સાંભળીને મહાભાગ્યવાન આત્મા ભટ્ટરાજ **હરિભદ્રજી** મહાશયનો ગર્વ, અગ્નિ પાસે માખણની માફક પીગળી ગયો. અને તુરતજ, **મહત્તરામહાસતી-યાકિનીજી**ના ચરણમાં શિર ઝુકાવીને, નમ્રભાવે પ્રાર્થના કરવા લાગ્યા કે, અત્યાર સુધી હું મારા આત્માને સર્વજ્ઞ માનતો હતો. પરંતુ આજે આપના જ્ઞાનસૂર્ય પાસે, મારો ગર્વરૂપ હીમાચળ, ઓગળીને પાણી થઈ ગયો છે આજથી હું આપનો શિષ્ય થવા ઇચ્છું છું.

ભટ્ટરાજહરિભદ્રનાં આવાં નમ્રતાથી ભરપૂર વચનો સાંભળીને, યાકિનીમહત્તરા સાધ્વીજીમહારાજ જવાબ આપવા લાગ્યાં, ભાઈ! તમો ઘણા જ વિદ્વાન છો. આ ગામમાં તમારી વિદ્વતા ખૂબ જ વખણાય છે. અમે તો નારીજાતિ છીએ. અમારૂં જ્ઞાન તો ખાબોચીયા જેટલું જ હોય. એટલે અમારાથકી હજારોગુણા જ્ઞાની, આચાર્યભગવાન અહિંજ પધારેલા છે, તેઓ અમારા પણ ગુરુદેવ છે. શ્રી જૈનશાસનમાં પુરુષજ પ્રધાન લેખામ છે. તમો ઘણા જ બુદ્ધિશાળી છો, સાથે મહાવિનીત આત્મા છો, એટલે એવા સુગુરુજીના યોગથી, તમારૂં પોતાનું અને પરનું અનેકનું કલ્યાણ કરી શકશો. મહાકિંમતી હીરો હોય અને ઝવેરીનો સહયોગ મળે પછી શું બાકી રહે?

યાકિનીમહત્તરા સાધ્વીજીનાં, ઉપરનાં વાકયો ભટ્ટરાજને ખૂબ ગમી ગયાં, એટલે યાકિનીમહત્તરા સાધ્વીજી, ભટ્ટરાજ શ્રીહરિભદ્રને સાથે લઈ, ગુરુમહારાજની પાસે ગયા. અને ઉપરની બધી ઘટના સંભળાવી. ગુરુમહારાજે પણ, ભટ્ટરાજની યોગ્યતા ચકાસીને દીક્ષા આપી. હીરો તો હતો જ, અને મહાઝવેરીના હાથમાં આવ્યો. પછી પૂછવું જ શું? અલ્પસમયમાં જ્ઞાનીગીતાર્થ થઇને સૂરિપદને પામ્યા.

એમણે એમની જીંદગીમાં ૧૪૪૪ ગ્રન્થો બનાવ્યા. અત્યંતત્યાગમય જીવન જીવી સ્વર્ગમાં પધાર્યા.

પ્રશ્ન—પુરુષને પ્રધાન બતાવ્યા છે, તો શું સ્ત્રીજાતિ સર્વથા અવગુણની ખાણ જ છે? વળી જૈનશાસનમાં, **ચંદનબાલા, મૃગાવતી, બ્રાહ્મી, સુંદરી, સુલસા, રેવતી,** વિગેરે

સાધ્વીઓ અને શ્રાવિકાઓ વિદુષીઓ અને નિર્મલ ચારિત્રધારિણી ઘણી ઉત્તમસ્ત્રીઓ થઈ છે. તથા જૈનતરદર્શનમાં પણ વર્ણવેલી **અહલ્યા, તારા, દ્રૌપદી, સીતા, મંદોદરી, મીરાંબાઈ** વિગેરે ઘણી મહાગુણી મહાસતીઓનાં નામો આબાળગોપાલ પ્રસિદ્ધ છે. પછી એકલાજ પુરુષ પ્રધાન કેમ લખાય છે?

ઉત્તર—ગુણીપણું અને આરાધકતા એ જુદી વાત છે. અને ગુરુપણું, નાયકપણું, આગેવાનપણું એ જુદી વાત છે. એટલે ગમે તેટલા ઉચ્ચગુણો આવવા છતાં, સ્ત્રીજાતિની આગેવાની હોઈ શકે જ નહિ. જુઓ જૈન અને જૈનેતર બધાં દર્શનોના, પ્રાચીન ઇતિહાસો તપાસો તો ખાત્રી થશે કે, ગુરુપણું અને આગેવાનપણું તો, પુરુષોનું જ હતું, અને તેમનું જ હોઈ શકે. શ્રીજૈનશાસનના આદ્યપુરુષો, શ્રીજિનેશ્વરદેવો અને ગણધરદેવો તે બધા પુરુષો જ હતા. જૈનેતરશાસનમાં પણ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, બુદ્ધ, મહમદ, ઈસુ, આદિ તમામ ધર્મપ્રવર્તકો પુરુષો જ થયા છે. ઋષિમુનિઓ હજારો–લાખો થયા છે. ગ્રન્થો–પુસ્તકો બનાવનાર હજારો થયા છે. તે બધા પ્રાયઃ પુરુષો જ થયા છે. માટે પુરુષોનું પ્રાધાન્યપણું બરાબર જ છે. જો કે સ્ત્રીજાતિમાં પણ ગુણી અને આરાધક આત્મા ઘણા થયા છે પરંતુ તેઓ ગુરુપુરુષોની આજ્ઞામાં રહીને મર્યાદાસાચવીને જ.

અહીં **હરિભદ્રસૂરિ**મહારાજના જીવનમાં જાણવા યોગ્ય, મુખ્ય બાબત તેમનો સત્યગવેષણસ્વભાવ છે. જે ઘણો જ અનુમોદનીય છે. અભિમાનની પ્રબળતા હોવાના કારણે પ્રતિજ્ઞા લીધી હતી. પરંતુ સ્ખલના આવી એટલે અભિમાનનો ત્યાગ કરતાં વાર લાગી નહીં. વલી મહાસતી **યાકિનીમહત્તરાજી**-

દ્વારા, જૈનધર્મની પ્રાપ્તિ થઇ હોવાથી, જાવજ્જીવ આ મહાસતીને, પોતાની માતા તરીકે જ માન્ય રાખ્યા હતા. અને તેમણે પોતાના દરેક ગ્રંથોમાં પોતાને **યાકિનીમહત્તરાસુનુ** તરીકે ઓળખાવેલ છે.

"સમકિતદાયક ગુરુ તણો, પચ્ચુવયાર ન થાય;
ભવ કોડાકોડે કરી, કરતાં સર્વ ઉપાય."

સમકિતના આપનાર ગુરુનો બદલો કોડોભવે પણ વાળી શકાતો નથી, આ વાત તેમના આત્મામાં અક્ષરશ કોતરાઈ ગઈ હશે.

૪૦ મા પટ્ટધર શ્રી મુનિચંદ્રસૂરિમહારાજ

મુનિચંદ્રસૂરિમહારાજ બાલ્યવયથી જ મહાવૈરાગી હતા. તેમના રોમેરોમમાં ત્યાગ છલોછલ ભર્યો હોવાથી, તેમને રસો વાપરવા ગમતા જ નહિ. તેથી તે મહાપુરુષે દુધ, દહિં, ઘી, તેલ,ગોલખાંડવિગેરે અને પકવાન્ન, આ છએ વિગઇઓ, જાવજ્જીવ ત્યાગ કરી હતી. ફક્ત કાંજી જ વાપરતા હતા. છતાં તેમની પ્રજ્ઞાશક્તિ અજબ હતી. તે મહાપુરુષે લગભગ ૨૦ જેટલા નવા ગ્રંથો બનાવ્યા હતા. અને પૂર્વપુરુષોના ગ્રંથો ઉપર ટીકાઓ પણ ઘણી લખી છે. તેઓ તાર્કિક પણ ખૂબ જ હતા. તેથી ઘણી જગ્યાએ, વાદસ્થળોમાં જિત પણ પામ્યા હતા. તેમને **અજિતદેવસૂરિ** અને **વાદિદેવસૂરિ** જેવા મહાવિદ્વાન અને પ્રભાવક શિષ્યો ઘણા થયા હતા.

કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજી મહારાજ

આ મહાપુરુષ જેવા આત્માઓ, ચોથા આરામાં પણ થોડા થયા હશે. જેમણે પાંચવર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી. અને

જે ૮૪ વર્ષનું જીવન જીવ્યા છે. તેમાં **કુમારપાલ** જેવા મહાનસમ્રાટને પ્રતિબોધ કર્યો. શાસન અને રાજ્ય ઉપર આવેલી સેંકડો આપત્તિઓનો નિર્દોષ સામનો કરીને, શ્રીજૈનશાસન તથા રાજ્યનું રક્ષણ કર્યું. સર્વશક્તિસંપન્ન **દેવબોધિ** જેવા પ્રતિસ્પર્ધિને હરાવીને, જૈનશાસનનો વાવટો ફરકાવ્યો. **કંટકેશ્વરી** જેવા અનેક કાંટાઓમાંથી, **કુમારપાળરાજાને** બચાવી લઈને, વીતરાગશાસનની આરાધના કરાવી. તથા ૧૮ દેશમાં કોઈ યૂકા–જૂ પણ મારી શકે નહિ. તેવો અમારિપડહ વગડાવ્યો. વલી જેમણે જુગાર, માંસ, મદિરા, વેશ્યા, પાપર્દ્ધિ [શીકાર] ચોરી, અને પરદારસેવા, આ સાતે વ્યસનોને કુમારપાળના સંપૂર્ણ રાજ્યમાંથી દેશનિકાલ કરાવ્યા છે. આ ઉપરાંત આ મહાપુરુષે **સિદ્ધહેમશબ્દાનુશાસન** જેવું **મહાવ્યાકરણ, અભિધાનચિંતામણિ, અનેકાર્થસંગ્રહ, દેશીનામમાલા પ્રમુખ કોષો, દ્વયાશ્રય** અને **સપ્તસંધાન** વિગેરે મહાકાવ્યો, **યોગશાસ્ત્ર** અને **ત્રિશષ્ટિ શલાકા** વિગેરે રત્નત્રયીના પોષક ગ્રન્થો તથા **અન્યયોગ વ્યવચ્છેદિકા** અને **પ્રમાણમિમાંસા** વિગેરે દાર્શનિક ગ્રંથો અને બીજા પણ અનેક વિષયના ઘણા ગ્રંથો બનાવી, પાછળની પ્રજા માટે લાખો શ્લોકો વારસામાં મુકી ગયા છે. અને પ્રાન્તે તેઓ અનશનકરી, ચોથા દેવલોકે પધાર્યા. ત્યાંથી મનુષ્યજન્મ પામી મોક્ષમાં પધારશે. કોઈક મહાપુરુષે કહ્યું છે કે,

"पूर्वं वीरजिनेश्वरेऽपि भगवत्याख्याति धर्मं स्वयं,
प्रज्ञावत्यभयेऽपि मंत्रिणि न यां कर्तुं क्षमः श्रेणिकः।
अक्लेशेन कुमारपालनृपतिस्तां जीवरक्षां व्यधात्,
यस्यास्वाद्य वचःसुधां स जयतु श्री हेमचन्द्रो गुरुः॥

અર્થ—ભગવાનમહાવીરદેવ પોતે, જ્યારે સાક્ષાત્ વિચરતા હતા. ચોથા આરા જેવો ધર્મયુગ ચાલતો હતો. **ચારબુદ્ધિના** નિધાન, **અભયકુમાર** જેવા, જેને મહામંત્રીશ્વર હાજર હતા. તથા પોતાને પણ ભગવાનમહાવીરપ્રભુ ઉપર અનન્ય રાગ હતો. આવા **શ્રેણિકમહારાજા** પણ જે જીવદયા ન પળાવી શકયા. તે આ પાંચમા આરામાં ભયંકરકલિકાળમાં, ધર્મભક્ષક હજારો-રાક્ષસી માણસોના સખત જુલ્મમાં, જેમહાપુરુષના વચનામૃતોનું પાનકરીને, **કુમારપાળરાજા** જે જીવદયાને પળાવી શક્યા છે, તે **કલિકાળસર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજીમહારાજ સદા જયવંતા વર્તો.**

પ્રશ્ન—ઘણીવાર અને ઘણા લોકો પાસે, સાંભળવામાં આવે છે કે, **હેમચંદ્રસૂરિ**મહારાજના ભવો, (શાસ્ત્રોમાં) આમલીના પાંદડાં જેટલા બતાવ્યા છે, તો શું આ વાત સાચી નથી? તમે તો ઉપર એકાવતારી [ત્રીજા ભવે મોક્ષ જવાના] જણાવો છો તે શું બરાબર છે?

ઉત્તર—**ચારિત્રસુંદરગણિ**મહારાજનું બનાવેલ અને આત્માનંદસભામાં છપાયેલ કુમારપાળમહાકાવ્યમાં, **હેમચંદ્ર-સૂરિમહારાજ** અને **કુમારપાળરાજાના** ભવવર્ણનઅધિકારમાં, કુમારપાળરાજાએ, પોતાના અતીત, અનાગત ભવોના કરેલા પ્રશ્નોના જવાબમાં, મહાવિદેહક્ષેત્રમાં **શ્રીસીમંધરસ્વામી-મહારાજ** પાસે, શ્રીમતી **પદ્માવતીમહાદેવીને**, મોકલીને મંગાવેલા, વર્ણનઅનુસારે આપેલા જવાબમાં, પોતાના ભવોનું વર્ણન પણ છે અને તે ઉપર મુજબ જ છે.

[જુઓઃ કુમારપાળમહાકાવ્ય સર્ગ ૯ પૃષ્ઠ ૫૪ શ્લોક ૪૨–૪૩.]

ભગવાન મહાવીરદેવની ૪૬ મી પાટે થયેલા ધર્મઘોષસૂરિમહારાજ.

ધર્મઘોષસૂરિમહારાજ મહાત્યાગી અને મહાપ્રભાવક હતા, એકવાર તેમને મહાવિષધરસર્પે દંશ દીધો. શ્રીસંઘ ભેગો થઈ ગયો. લોકોના ચિત્તને ઘણો જ આઘાત થયો. કેટલાકોની આંખોમાંથી આંસુની ધારાઓ ચાલવા લાગી. વિષનો વેગ હજુ વ્યાપક થયો ન હતો. તે પહેલાં મહાપુરુષે પોતાના શ્રુતજ્ઞાનના અનુભવથી જાણીને, શ્રીસંઘને ધીરજ આપતાં જણાવ્યું કે, થોડીવારે મારામાં વિષનો વેગ ખૂબજ ફેલાઈ જશે. તેથી હું આખીરાત મૂર્ચ્છિતદશામાંજ રહીશ. પરંતુ મારા આયુષ્યનો ક્ષય થશે નહિ. આવતી કાલે સવારમાં કઠીયારા લોકો લાકડાં લઇને ગામમાં આવશે. તે પૈકીના અમુક નિશાનીવાળા કઠીયારાના કાષ્ઠના ભારામાં, એક વનસ્પતિનો વેલો વળગેલો હશે. તે વાટીને આ સર્પદંશઉપર ચોપડશો એટલે બધું ઝેર ઉતરી જશે.

શ્રીસંઘે તેમ કર્યું અને સૂરિમહારાજ નિર્વિષ થઈ ગયા, પરંતુ તેથી તે મહાપુરુષનો વૈરાગ્ય વધુ મજબુત થયો. તેઓ વિચારવા લાગ્યા કે, જો મને શ્રીજૈનશાસન અને શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થઈ ન હોત તો, આ સર્પદંશથી મારા પ્રાણ ચાલ્યા જાત, અને મારો આત્મા કોઈ મહાકુગતિમાં ચાલ્યો ગયો હોત, તો હવે મારે મારા આત્મા અને પ્રાણના રક્ષણહાર, જૈનશાસનની સવિશેષ આરાધના કરી લેવી જોઇએ. એમ વિચાર કરીને, તે મહાપુરુષે 'મારે આજથી જીવું ત્યાં સુધી, છ વિગઇનો સર્વથા ત્યાગ અને જુવારના ખોરાક સિવાય, અન્ય કાંઈ પણ ખોરાક

લેવો કલ્પે નહિ.' એવો નિયમ લીધો. આ મહાપુરુષ જેવા ત્યાગી હતા, તેવા જ વિદ્વાન પણ હતા. તે તેમની **સંઘાચાર ભાષ્ય** વિગેરે કૃતિઓથી સમજી શકાય તેમ છે.

શાસનપ્રભાવક પુરુષોનાં વર્ણન લખવા બેસીએ તો, આ ગ્રંથ નાનો પડે. આવા મહાપુરુષો આ પાંચમાઆરામાં પણ ઘણા જ થયા છે. જેમનો ત્યાગ, જેમની વિદ્વત્તા, અને શક્તિઓ વાંચીને પણ, આપણા આત્મામાં ગુણાનુરાગ જરૂર પ્રકટે, પરંતુ ગ્રન્થગૌરવ થઈ જવાના ભયથી, ઘણું લખવાની ભાવના હોવા છતાં છોડી દેવું પડે છે.

સૂરીશ્વરભગવંતોના ગુણો સમજવા માટે, પૂર્વપુરુષો ઘણી વાતો બતાવી ગયા છે. નમુના દાખલ આપણે તેમાંથી થોડી વાતો અહીં જોઇએ. આચાર્ય ભગવંતોને ૩૬×૩૬ ગુણે કરી વિભૂષિત માનેલા છે. એટલે છત્રીશ છત્રીશી ગુણો તેમનામાં પ્રકટ થયા હોવા જોઇએ. તેમાંથી કેટલાક આપણે અહીં લખીયે છીયે.

૯ બ્રહ્મચર્યગુપ્તિને ધારે છે. ૯ નિયાણા સર્વથા ત્યાગે છે.
૯ કલ્પ વિહાર કરે. ૯ નવતત્ત્વના સંપૂર્ણ રહસ્યને જાણે છે.

૩૬ (આ એક છત્રીશી–છત્રીશ ગુણ યુક્ત થઈ.)

૨૭ સાધુના ગુણને ધારે છે. ૯ કોટીશુદ્ધ આહાર કરે છે.

૩૬ (આ બીજી છત્રીશી થઇ)

૧૦ પ્રકાર સમાચારી જાણે–પાળે. ૧૦ સમાધિસ્થાનો સાચવે.
૧૬ કષાયના ત્યાગી હોય. ૩૬ (આ ત્રીજી છત્રીશી થઇ.)
૨૮ લબ્ધિના ધારક હોય. ૮ પ્રકારે પ્રભાવકપણું હોય.

૩૬ (આ ચોથી છત્રીશી થઈ.)

૨૨ પરિષહ સહન કરે. ૧૪ અભ્યંતર પરિગ્રહ ત્યાગે.

૩૬ (આ પાંચમી છત્રીશી થઈ.)

૧૨ અંગ અને૧૨ ઉપાંગના સૂત્રાર્થનાજ્ઞાતા હોય તથા
૧૦ સમકિતના જ્ઞાતા હોય. ૨ ગ્રહણ–આસેવન શિક્ષા જાણે.

૩૬ (આ છઠ્ઠી છત્રીશી થઈ.)

૫ આચાર પાલે. ૫ ઇન્દ્રિય જીતે. ૫ સમિતી ધારે. ૫ મહાવ્રત ધારે. ૪ કષાય ત્યાગે. ૩ ગુપ્તિ ધારે. તથા ૯ પરિગ્રહ ત્યાગે.

૩૬ (આ સાતમી છત્રીશી થઇ.)

૮ અષ્ટાંગયોગ સાધે. ૮ કર્મનું સ્વરૂપ જાણે અને આઠે કર્મને જીતે. ૮ દૃષ્ટિ સમજે. ૮ બુદ્ધિના (આઠ) ગુણ સમજે અને ધારે. ૪ અનુયોગ જાણે. ૩૬ (આ આઠમી છત્રીશી થઈ.)

અહીં તો આપણે, ફક્ત આઠ છત્રીશીઓ વિચારી, પરંતુ શાસ્ત્રોમાં ૩૬ છત્રીશીઓ બતાવી છે. જે જાણવાથી સમજી શકાય કે, આચાર્યભગવંતો કેટલા બધા ગુણોના ભંડાર હોય છે? એને માટે મહામહોપાધ્યાય **યશોવિજયજી ગણિવર** પણ ફરમાવે છે કે,

"પંચ આચાર જે સુધા પાલે, મારગ ભાખે સાચો;
તે આચારજ નમિયે તેહસું, પ્રેમ કરીને જાચો રે....
ભવિકા! સિદ્ધચક્રપદ વંદો. ૧

વર છત્રીશ ગુણે કરી સોહે, યુગપ્રધાન જન મોહે;
જગબોહે ન રહે ક્ષણ કોઢે, સૂરિ નમું તે જોહે રે...૨

નિત્ય અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહિ વિકથા ન કષાય;
જેહને તે આચારજ નમિયે, અકલુષ અમલ અમાયરે...૩

જે દિયે સારણ, વારણ, ચોયણ, પડીચોયણ મુનિજનને;
ચટ્ટધારી ગચ્છથંભ આચારજ, તે માન્યા મુનિમનને રે...૪

અત્થમિયે જિનસૂરજ કેવલચંદે જે જગદીવો;
ભુવનપદારથપ્રકટનપટુ તે, આચારજ ચિરંજીવો રે...૫

ટુંકસાર : આચાર્ય ભગવંતો **જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર**, અને **વીર્યાચાર**, આ પાંચે આચારને અને તેના ઉત્તર ભેદો ૩૯ થાય છે. તેને પોતે બરાબર જાણે છે, આચારે છે અને તેનો ખૂબ ખૂબ પ્રચાર પણ કરે છે. અને ભગવાન વીતરાગદેવોએ પ્રરૂપેલ માર્ગને શુદ્ધ રીતે લોકોને બતાવે છે. તેમાં જીવવિશેષોને સમજીને, નિશ્ચય–વ્યવહાર, ઉત્સર્ગ–અપવાદ અને વિધિ—નિષેધનું યથાયોગ્ય પ્રતિપાદન કરે છે.

———*———

પ્રશ્ન– નિશ્ચય અને વ્યવહાર, ઉત્સર્ગ અને અપવાદ, વિધિ અને નિષેધ, આ બધા માર્ગો જિનેશ્વરદેવોએ જગતના ભલા માટે જ બતાવ્યા છે. તો પછી અમુકને બતાવવા અને અમુકથી છુપાવવા એનું શું કારણ?

ઉત્તર—જેમ મોટો વેપારી પોતાની પેઢીમાં ક્રોડોનો વેપાર ચલાવે છે, હજારો આઢતીયાઓને માલ મોકલી પૈસાની ધીરધાર કરે છે. પેઢીની કુલ સત્તા, પોતાને ઘણા છોકરા હોય તેમાંથી જે બરાબર નિષ્ણાત હોય તેને સોંપે છે. અને તેને ગમે તે આઢતીયાને, ગમે તેટલી રકમ ઉધાર કરવાની પરવાનગી આપવામાં આવે છે. બાકીના છોકરા તેવા હુંશીયાર ન હોય તો, તેમને પોતાના સગાપુત્રો હોવાછતાં, થોડીપણ સત્તા આપવામાં આવતી નથી. તે બન્નેમાં મુખ્યકારણ મીલ્કતને વધારી શકે, અથવા સાચવી શકે, તેને સંપૂર્ણસત્તા આપવામાં વાંધો હોય જ નહિ. જે વધારવાનું તો દૂર રહો, પરંતુ

મીલ્કતને વેડફી નાંખે કે ફના કરી નાંખે, તેવા પુત્રને સત્તા આપવી, એ ભયંકર જોખમ જ છે. તેમ નિશ્ચય–વ્યવહાર, ઉત્સર્ગ–અપવાદ અને વિધિ–નિષેધ વિગેરે બધા માર્ગો, પણ, કેવલ આત્મગુણના ઉત્કર્ષ માટે જ છે. 'જે આત્મા આત્મગુણના ઉત્કર્ષને એટલે વૃદ્ધિને મજબૂત કરવા સારૂ, અથવા આત્મ-ગુણના ઉત્કર્ષને વિઘ્નકરનારાં કારણોને નિર્મૂલ કરવા સારૂ વખતે અપવાદ સેવે તો પણ, તેને આરાધના જ થાય છે.' આમ યથા-યોગ્યસમજી શકનારને, ઉત્સર્ગ અને અપવાદ બંને સમજાવવામાં વાંધો નથી. જેમ કોઈ પેટના વ્યાધિવાળા માણસને, દવા આપવાથી ફાયદો થઈ જતો હોય તો, ઓપરેશન કરવું ગેરવ્યાજબી છે. તેમ ઉત્સર્ગમાર્ગથી જ, આત્મા ટકી શકતો હોય તેણે, અપવાદ-સેવવો ગેરવ્યાજબી છે. પરંતુ દવાથી ફાયદો થવાનો સંભવ જ ન હોય, તેણે ઓપરેશન કરાવવું પડે છે. ઓપરેશન ન કરાવે તો વખતે મરણનો પણ ભય રહે છે. માટે ન છુટકે જેમ ઓપરેશન પણ અનિવાર્ય છે. તેમ ન છુટકે અપવાદ પણ અનિવાર્ય છે.

"महल्लधम्मकज्जेसु, अववाओवि देसिओ ।
न पूणो पावकज्जंमि जिणधम्मंमि कत्थवि ॥

માટે ઉત્સર્ગ–અપવાદનાં કારણો સમજવાની તાકાતવાળા જીવોને બન્ને વાતો સમજાવવી યોગ્ય છે. પરંતુ જેઓમાં સમજવાની તાકાત ન હોય, તેવાઓને તે સમજાવવી વ્યાજબી નથી. જેમ એક વૈદ્યરાજ પાસે એકસાથે બે તાવના રોગી આવ્યા. બન્નેને લગભગ ૧૦૫ ડીગ્રી તાવ હતો. વૈદ્યરાજ નાડીના સંપૂર્ણ જાણકાર હતા. એકજણને પરિશ્રમ ઘણો

થવાથી તાવ ચઢ્યો હતો. તેને થાક ઉતરી જવાથી તાવ ઉતરી જવા સંભવ હતો. તેથી તેને ઘેર જઈ પૌષ્ટિકખોરાક-લેવા ભલામણ કરી, અને બીજા માણસને અતિઅજીર્ણ-થવાથી તાવ ચઢયો હતો. તેને સંપૂર્ણ લંઘન કરવા સૂચના કરી. કહ્યું છે કે,

बलावरोधि निर्दिष्टं, ज्वरादौ लंघनं हितं ।
ऋतेऽनिल-श्रम-क्रोध—शोक-काम-क्षतज्वरान् ॥ १ ॥"

અર્થ—વાયુથી, પરિશ્રમથી, ક્રોધની તીવ્રતાથી, શોકની અધિકતાથી. કામનાસેવનથી અને માર૫છાડ વિગેરેના કારણે, જેને તાવ આવ્યો હોય, તેને છોડીને, મલના ભરાવા વિગેરેથી આવેલા તાવને અટકાવવા માટે તુરતજ લંઘન શરૂ કરી દેવું જોઈએ. કારણકે લંઘનકરવાથી જ્વરનું જોર અટકી જાય છે.

ઉપરના બીજાનંબરના તાવના રોગીને વૈદરાજની વાત જરા પણ ન ગમી. ગમી નહિ તેટલું જ નહિ પણ વૈદ્યરા-જની ઉપર ગુસ્સો આવ્યો અને જ્યાંને ત્યાં બકવા લાગ્યો કે, વૈદ્યમાં જરા પણ ભલીવાર નથી. વૈદ્ય કશું જાણતો જ નથી, અરે! અમને બન્નેને સરખા જ ૧૦૫ ડીગ્રી તાવ હોવા છતાં પેલાને માલ ખાવાનું કહ્યું અને શાલાએ મને લંઘન બતાવ્યું. કેટલો પક્ષપાત છે ?

બીજાનંબરના રોગીએ, વૈદ્યરાજને ઘણી ગાલો દીધી, એટલું જ નહિ પરંતુ ઘેર જઈને, પોતાની જાતે અર્ધોશેર ઘીનો શીરો બનાવીને ખાઈ પણ લીધો, બસ બીચારાનો તાવ વધી ગયો. અને સંનિપાતરોગ થઈ ગયો. દર્દી મરણ પામ્યો આવા દર્દીના સાંભળતાં, બીજા દર્દી–રોગીને પણ દવા આપની

જેમ વ્યાજખો નથી, તે જ રીતે પાચનશક્તિના અભાવવાળા અલ્પસત્ત્વવાળા આત્માને, ઉત્સર્ગ–અપવાદથી ભરેલાં, શ્રીવીતરાગનાં વચનો પણ, બીજા નંબરના રોગીની માફક કુગતિમાં ધકેલનારાં બનતાં હોવાથી આપવાં યોગ્ય નથી....

તેમ જ આચાર્યભગવંતો છત્રીશ–છત્રીશી ગુણોને ધારણ કરનારા હોય છે. તથા તે કાળના ઉપાધ્યાય, પંન્યાસ, ગણી, ગણાવચ્છેદક અને સ્થવિર, સાધુઓમાં પોતાની પ્રતિભા જમાવી શકે છે. દેશવિદેશ વિચરી લોકોને ભગવાનવીતરાગનું શાસન સમજાવે છે. વળી ક્ષણવાર પણ ક્રોધાદિ–કષાયવાલા થતા નથી. તથા સ્ત્રીકથા, ભોજનકથા, દેશકથા, અને રાજકથાથી બીલકુલ પર હોય છે વલી સંપૂર્ણ દિવસ–રાત્રી પોતાના આશ્રિત–સાધુજનને સારણા, વારણા, ચોયણા અને પડિચોયણ આપ્યા કરે છે. જ્ઞાની કહે છે કે, આ મહાપુરુષોનાં કેટલાં વખાણ કરીએ. જિનેશ્વરદેવરુપ સૂર્યનો અને કેવલજ્ઞાનરુપ ચંદ્રનો અસ્ત થઈ જવાથી, દીપકના જેવા સૂરિમહારાજ પણ આખા જગતના પદાર્થને પ્રકાશમાં લાવી શકે છે. તે સૂરિભગવંતો સદાકાળ જીવતા રહો.

આ રીતે આચાર્યભગવંતોના ગુણોની પૂર્ણતા–મહત્તા સમજવા સાથે, અઢીદ્વીપ અને ત્રણકાળના સૂરિભગવંતોનું સંખ્યાપરિમાણ જાણનાર આત્મા, સંપૂર્ણ સાવધાનપણે **નમો, આયરિયાણં**' પદોચ્ચાર કરે તો ૫૦ સાગરોપમનાં પાપો નાશ કરી નાખે. એ પણ એક મધ્યમ કોટીની જ વાત છે. પરંતુ જાગૃત અને જ્ઞાનવાન આત્મા સર્વકર્મનો ક્ષય કરી નાખે. તે પણ અતિશયોક્તિ ન જાણવી. બનવા યોગ્ય છે. આ પ્રમાણે આચાર્યપદનું ટૂંક વર્ણન પૂરૂં થયું.

'નમો उवज्झायाणं' પદના વર્ણનનો પ્રારંભ

આપણે 'નમો अरिहंताणं', 'નમો सिद्धांणं', અને 'નમો आयरियाणं' આ ત્રણ પદો અતિટુંકાણમાં જોઈ ગયા, હવે ક્રમાગત ચોથું 'નમો उवज्झायाणं' પદ વિચારીએ.

ઉપાધ્યાય, વાચક, પાઠક વિગેરે એકાર્થક અને પર્યાયવાચક નામો છે. ઉપાધ્યાયમાં **उप** અને **अध्याय** બે શબ્દો મળેલા છે, એનો અર્થ **उप** એટલે પાસે અને **अध्याय** એટલે સ્વાધ્યાય છે જેની–તે ઉપાધ્યાય. અર્થાત્ જેની સમીપમાં–જેની પાસે સર્વકાલ સ્વાધ્યાય ચાલુ જ રહેતો હોય તેઓ ઉપાધ્યાય ભગવાન કહેવાય છે. બીજા બે શબ્દો પણ 'સૂત્રોના વાચક અને સૂત્રોના પાઠક–એટલે ભણાવનાર' એવા અર્થવાળા હોવાથી તે ઉપાધ્યાય શબ્દના જ અર્થને જણાવનારા છે.

આપણે ઉપાધ્યાયપદને વિશેષ સમજવા માટે ઉપાધ્યાય **શ્રીમદ્ યશોવિજયજી** ગણિવર શું ફરમાવે છે ? તે જોઈએ :–

"દ્વાદશ અંગ સજ્ઝાય કરે જે, પારગ ધારગ તાસ;
સૂત્ર અર્થ વિસ્તાર રસિક તે, નમો ઉવજ્ઝાય ઉલ્લાસરે...
ભાવિકા! સિદ્ધચક્રપદ વંદો...૧

અર્થ સુત્ર દાન વિભાગે, આચારજ ઉવજ્ઝાય;
ભવ ત્રીજે જે લહે શિવસંપદ, નમિયે તે સુપસાય રે...ભ૦ ૨

મૂર્ખ શિષ્ય નિપાઈ જે પ્રભુ, પહાણને પલ્લવ આણે;
તે ઉવજ્ઝાય સકલજનપૂજિત, સૂત્ર અર્થ સવિ જાણે રે...ભ૦ ૩

રાજકુંવર સરિખા ગણચિંતક, આચારજ પદ યોગ;
જે ઉવજ્ઝાય સદાયે નમતાં, નાવે ભવભયસોગ રે...ભ૦ ૪

આવનાચંદનરસસમ વયણે, અહિત તાપ સવિ ટાલે;
તે ઉવજ્ઝાય નમિજે જે વલી, જિનશાસન અજવાલે રે...ભ૦ ૫

તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતા રે;
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે.
મહાવીર જિનેંદર ઉપદિશે...૬

ભાવાર્થ—ઉપાધ્યાયભગવંતો આચારાંગાદિ બાર અંગ પોતે ભણે છે. અને અન્યને ભણાવે છે. વાચના, પૃચ્છનાદિ પ્રકાર વડે જેઓ બારે અંગનો સ્વાધ્યાય કરતા જ રહે છે. દ્વાદશાંગીના પઠન–પાઠન, ચિંતન–મનન, નિદિધ્યાસનથી તેના રહસ્યના પારને પામેલા હોય છે.

સૂરિ અને વાચકપદનો ભેદ ઉપાધ્યાયમહારાજસૂત્રની દેશના–વાચના આપે છે, જ્યારે આચાર્યભગવંતો અર્થની વાચના આપે છે. એટલે સૂત્ર અને અર્થના વિભાગથી, ઉપાધ્યાય અને આચાર્ય કહેવાય છે. ભાવવાચકદશાને પામેલા ઉપાધ્યાય-ભગવંતો ત્રીજાભવે, શિવસંપત્તિ એટલે મોક્ષ મેળવે છે.

ઉપાધ્યાય બનેલા મહાપુરુષોમાં, એવા ગુણો પ્રગટ થયા હોય છે કે, જેમના સહવાસથી પત્થરજેવા–મૂર્ખ શિષ્યને પણ નવપલ્લવિત–ભણાવીને મહાપંડિત બનાવે છે. વળી ઉપાધ્યાયભગવંતો બધાં આગમો અને આગમનાં તમામ અંગ–પ્રત્યંગોના પણ પાર પામેલા હોય છે. ઉપલક્ષણથી વ્યાકરણ, સાહિત્ય, કાવ્ય, ન્યાય, પ્રકરણ, ઇતિહાસ, જ્યોતિષ અને શિલ્પ વિગેરે શાસ્ત્રોના પણ ઉપાધ્યાય–ભગવંત જાણકાર હોય છે. પરદર્શનનાં પણ બધાં શાસ્ત્રોના રહસ્યને સમજેલા હોય છે.

જેમ રાજાની પાસે યુવરાજ હોય છે. તેમ સૂરિમહારાજ

પાસે ઉપાધ્યાયમહારાજ પણ, યુવરાજપદવી ભોગવે છે. જેમ યુવરાજ સમગ્રદેશ અને રાજ્યની વ્યવસ્થા સંભાળે છે. તથા સ્વ-પરચક્રના ભયની સાવધાનતા રાખે છે. કોઈવાર રાજ્યમાં વિપ્લવ ઉત્પન્ન થાય કે તુરત જ કુનેહથી દબાવી શકે છે. યુવરાજ, રાજા અને પ્રજાને બરાબર સુખ આપનાર થાય છે. તે જ પ્રમાણે, ઉપાધ્યાય મહારાજ પણ, આચાર્યદેવની આજ્ઞાનું, સંપૂર્ણ પાલન કરવાપૂર્વક ગચ્છને પણ બરાબર સંભાળે છે.

ગચ્છમાં રહેલા સાધુ-સાધ્વીને યથાયોગ્ય વ્યાકરણ વિગેરેની સાથે સૂત્રાદિની વાચના આપે છે. શરીરથી સીદાતાને દવા અને વૈયાવચ્ચ આદિથી પોષણ આપીને સંજમની આરાધના કરાવે છે. અને ચારિત્રથી સીદાતા સાધુને, સંસારની અસારતા અને ચારગતિની ભયંકરતા સમજાવી, ચારિત્રની આરાધનામાં મજબૂત કરે છે. શ્રદ્ધાથી સીદાતા શિષ્યોને, દેવ-ગુરુ-ધર્મનું રહસ્ય સમજાવી, તેમનું સમ્યક્ત્વ નિર્મલ કરાવે છે. તથા આખા-ગચ્છની, વસ્ત્ર, પાત્ર, વસતિ, અને ઔષધાદિની નિર્દોષ સગવડ પૂરી પાડે છે. તથા આચાર્યભગવંતનો સ્વયં ખૂબ જ વિનય સાચવે છે અને શિષ્યવર્ગની હૃદયભૂમિમાં વિનયનાં બીજ ખૂબ જ ઊંડા વાવે છે.

જેમ કોઈ દાહજ્વરવાળા મનુષ્યને, ભાવનાચંદન લગાવ-વાથી એકદમ શાંન્તિ થઈ જાય છે. તેમ ઉપાધ્યાયભગવંતો પાઠ આપે ત્યારે, ગમે તેવા ક્રોધી શિષ્યોના પણ, ક્રોધરૂપી દાહજ્વરો ચાલ્યા જાય છે. અર્થાત્ ઉપાધ્યાય ભગવંતોની વાણી ભાવનાચંદન જેવી શીતળ હોય છે, જેથી આશ્રિત આત્માઓના ક્રોધાદિ બધા તાપો શમી જાય છે.

વળી ઉપાધ્યાયમહારાજનાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એટલાં ચોખાં–નિર્મળ હોય છે કે, જેમને દેખીને પરદર્શનમાં પણ શ્રીજૈનશાસનનો પ્રભાવ પડે છે. અહીં વાચકવર **શ્રીયશોવિજયજી ગણિવર, ઉપાધ્યાય શ્રીવિનયવિજયજી ગણિવર, ઉપાધ્યાય શ્રીસકળચંદ્રજી ગણિવર, ઉપાધ્યાય શ્રીશાન્તિચંદ્રજી ગણિવર, ઉપાધ્યાય શ્રીભાનુચંદ્રજી ગણિવર** આદિ આધુનિક મહાપુરુષોનાં પણ જીવન રહસ્યો જૈન, અજૈન સમગ્ર જગતમાં, પ્રભાવ ફેલાવનારાં બન્યાં છે.

વળી બાર પ્રકારના તપમાં અને બાર અંગના સ્વાધ્યાયમાં જે સર્વકાળ સાવધાન રહે છે. એવા ઉપાધ્યાયમહારાજની આરાધના કરનાર આત્મા, પોતાના સંસારને અતિ અલ્પ કરે છે. ઉપાધ્યાય ભગવંતોનું દર્શન, વંદન, ધ્યાન, જાપ, પ્રાણીમાત્રના પાપને નાશ કરનાર બને છે.

—o—

‘ અર્થ સૂત્રના દાન વિભાગે, આચારજ ઉવજ્ઝાય ”

એટલે હંમેશાં અર્થની વાચના આપે તે આચાર્ય–ભગવાન કહેવાય, અને જે સૂત્રની વાચના આપે તે ઉપાધ્યાય કહેવાય છે. આ કારણથી ગણધરદેવોમાં પણ ઉપાધ્યાયપદ લાગુ પડે છે. કારણ કે, શ્રીગણધરદેવો સૂત્રની જ વાચના આપે છે. અને અરિહંતદેવો અર્થની વાચના આપે, છે એથી ગણધરદેવો શ્રી તીર્થંકરદેવો પાસે, ઉપાધ્યાય ગણાય. અને આખા સંઘના આચાર્ય ગણાય આ બાબત એ કલ્પના માત્ર નથી. એ સમજવા માટે આપણે **ઘણો પ્રાચીન શ્રીગૌતમસ્વામીમહારાજનો મંત્ર જોઇએ.**

ૐ હ્રૂં શ્રીં અરિહંત ઉવજ્ઝાય-ગૌતમસ્વામિને નમઃ

અર્થ–શ્રીઅરિહંતદેવરુપ ગુરુમહારાજના શિષ્ય ઉપાધ્યાય ગૌતમસ્વામિને નમસ્કાર થાઓ. આ મંત્રની સાક્ષી ૧૪૫૨ ની સાલમાં બનેલા, **ગૌતમસ્વામીના રાસમાં** મલે **છે.**

" પણવક્ખર પહેલો પભણીજે, માયાબીજ શ્રવણે નિસુણીજે,
શ્રીમતી શોભા સંભવે એ; દેવહ ધુરિ અરિહંત નમીજે,
વિનયપહુ ઉવજ્ઝાય થુણી જે. ઇણ મંત્રે ગોયમ સમરીજે."

અર્થ–' પણવાક્ષર ' એટલે 'ૐકાર 'માયાબીજ' એટલે 'હ્રૂંકાર' 'શ્રીમંતી શોભા' એટલે 'શ્રીંકાર. લાગોલાગ 'ધુરિ' એટલે પહેલાં **'અરિહંત'** શબ્દ સ્થાપન કરવો, પછી વિનય–ગુણ છે મુખ્ય જેમાં (ઉપાધ્યાયમહારાજ પોતે મહાવિનયી હોય છે અને શિષ્યોને પણ વિનયગુણ ખૂબ જ સમજાવે છે) એવા **'ઉવજ્ઝાય'** શબ્દને સ્થાપન કરો. એ મંત્રથી ગૌતમસ્વામિનો જાપ કરો. એટલે આ રીતે આખો મંત્ર–એવો બન્યો.

'ૐ હ્રૂં શ્રીં અરિહંત-ઉવજ્ઝાય-ગૌતમસ્વામિને નમઃ'

આ ઉપાધ્યાયભગવંતો કેવા ગુણરત્નોથી ભરેલા હોય છે? તે સમજવા માટે થોડાં સૂક્તો જોઈએ.

" શ્રીઉવજ્ઝાય બહુશ્રુત નમો ભાવશું,
અંગ–ઉપાંગના જાણ મુણીન્દા;
ભણે ભણાવે શિષ્યને હિત કરી,
કરે નવપલ્લવ પહાંણ વિનીતા,
શ્રીઉવજ્ઝાય બહુશ્રુત નમો ભાવશું. ૧
અર્થ સૂત્ર કહેવાના વિભાગથી,
સૂરીશ્વર પાઠક સાર સોહંતા;

ભવ ત્રીજે અવિનાશીપદ લહે,
યુવરાજપરે અણગાર મહંતા, શ્રી ઉવ૦૨
ચૌદદોષ ભર્યા અવિનીત શિષ્યને,
કરે પન્નર ગુણવંત વિદિતા;
ગ્રહણ આસેવન શિક્ષા દાનથી,
સમય જાણે અનેકાન્ત સુહીતા. શ્રી ઉવ૦૩
આવશ્યક પચવીશ શીખવે વાંદણે,
પચવીશ ક્રિયાનો ત્યાગ વિચારી;
પચવીશ ભાવના ભાવે મહાવ્રતી,
શુભ પચવીશી ગુણ રાગ સુધારી. શ્રી ઉવ૦૪
પયભર્યો દક્ષિણાવર્ત શંખ શોભિયે,
તેમ નયભાવ પ્રમાણ પ્રવીણા;
હય-ગય-વૃષભ-પંચાનન સારિખા,
ટાલે પરવાદી અભિમાન અદીના. શ્રી ઉવ૦૫
વાસુદેવ—નરદેવ—સુરપતિ ઉપમા,
રવિ—શશી—ભંડારી રૂપ દીપંતા;
જંબૂ—સીતાનદી મેરુમહીધરો,
સ્વયંભૂઉદધિ — રયણ —ભૂપમહંતા, શ્રી ઉવ૦૬
એ સોલ ઉપમા બહુશ્રુતને કહી,
ઉત્તરાધ્યયને રસાલ જિણીન્દા;
મહીન્દ્રપાલ વાચકપદ સેવતો,
સૌભાગ્યલક્ષ્મી સુવિશાળ સૂરીન્દા. શ્રી ઉવ૦૭

ભાવાર્થ–શ્રીપરમેષ્ઠિમહામંત્રના ચોથાસ્થાનમાં વિરાજતા **નમો उवज्झायाणं** પદને પામેલા, મહાપુરુષોનું જ્ઞાન કેટલું

બધું ઊંચું હોય છે તે બતાવે છે. તેઓ **અંગ-ઉપાંગ** અને ઉપલક્ષણથી **મૂલ, છેદ, પયન્ના** અને **નંદિ-અનુયોગદ્વાર** આ પીસ્તાલીશે આગમોના, સૂત્રઅર્થ અને તદુભયના રહસ્યને, પામેલા હોય છે. અને તે તે કાળમાં વર્તમાન અન્યદર્શનોના પણ સિદ્ધાન્તના, રહસ્યને સમજેલા હોય છે. વળી પોતે આઠે પ્રહર શાસ્ત્રાધ્યયન કરવા છતાં, શિષ્યોને ભણાવે છે. તેઓ પથ્થર-જેવા જડશિષ્યોને પણ, નવપલ્લવ એટલે પંડિત બનાવે છે. આ પાઠકભગવંતોના પાસે વસનારા શિષ્યો પણ મહાવિનીત હોય છે.

શ્રીજૈનશાસનના આચાર્યભગવંતો **ગચ્છાચાર્ય, અનુયોગાચાર્ય, વાચનાચાર્ય** વિગેરે અનેક પદને પામેલા હોય છે. તેમાંના જે માત્ર **અર્થ જ** ભણાવતા હોય છે. તેઓ આચાર્યમહારાજ કહેવાય છે. અને જેઓ માત્ર સૂત્ર જ ભણાવતા હોય છે. તેઓ ઉપાધ્યાય-મહારાજ કહેવાય છે. આવા ગીતાર્થ, ભાવથી વાચક-દશાને પામેલા મહાપુરુષો, પ્રાયેણ ત્રીજા ભવે અવિનાશીપદ એટલે મોક્ષ પામે છે. આ મહાપુરુષો બાહ્ય-અભ્યંતર પરિગ્રહના સર્વથા ત્યાગી હોવા છતાં, યુવરાજ પદવીના આનંદને અનુભવે છે. જેમ પાટવીકુમાર, પિતાની જવાબદારી નીચે નિર્ભય રીતે, રાજકીય સુખનો આસ્વાદ અનુભવે છે. તે જ પ્રમાણે સૂરિમહારાજરુપ રાજવીની જવાબદારી નીચે, નિર્ભય રીતે ગચ્છના સંચાલક બનેલા ઉપાધ્યાય ભગવંત, શમ-સંવેગાદિ મહાગુણોના રસાસ્વાદને અનુભવે છે. તથા ચૌદ દોષોથી ભરેલા અવિનીત શિષ્યને, સ્યાદ્વાદ-સિદ્ધાન્તના જાણુ ઉપાધ્યાયભગવંતો, **ગ્રહણ** અને **આસેવન-શિક્ષાથી** પન્નર

ગુણવાલા બનાવે છે. ઉપાધ્યાયભગવંતો પોતાના શિષ્યોને, વાંદણાંના પચીશ આવશ્યક શીખવે છે, પચીશ ક્રિયાઓનો ત્યાગ કરાવે છે, વલી પાંચમહાવ્રતની પચીશ ભાવનાઓ સમજાવે છે, અને ઉપાધ્યાયના પચીશ ગુણો ઉપર રાગ કરાવનાર હોય છે. એક તો દક્ષિણાવર્તશંખ પોતે જ ઉજળો હોય છે. તેમાં વલી દુધભરવામાં આવે અને જેમ શંખની ઉજ્વલતા દીપી ઉઠે છે તેમ ઉપાધ્યાયભગવંતનો આત્મા અતિનિર્મલ હોય છે. તેમાં પ્રમાણ અને નયોના જ્ઞાનથી, ખૂબ જ વધારો થાય છે.

જ્ઞાનીઓએ આ ચોથાપદના ધારક મહાપુરુષોને સોલ ઉપમાઓ આપી છે. અશ્વ, હસ્તિ, વૃષભ, સિંહ, વાસુદેવ, ચક્રવર્તી, ઇન્દ્ર, સૂર્ય, ચન્દ્ર, કુબેર, જંબૂદ્વીપ, શીતાનદી, મેરુપર્વત, સ્વયંભૂરમણ સમુદ્ર, રત્ન અને રાજા. આ ૧૬ ઉપમાઓ મહાપુણ્યવાન આત્માઓને સાંપડે છે. આ બધી ઉપમાઓ અર્થ સાથે આપેલી છે. તે **ઉત્તરાધ્યયનાદિ** ગ્રન્થોથી જાણી લેવી.

પ્રશ્ન—અશ્વ, હસ્તિ, સિંહ વિગેરેની ઉપમાઓ બરાબર છે, પરંતુ બળદની ઉપમા સારી કેમ લેખાય? કારણ કે મૂર્ખ માણસને કહેવાય છે કે, આ તો બળદ જેવો છે. ગુણીપુરુષોને આવી ઉપમા કેમ અપાય?

ઉત્તર—જેમ ઘોડાની જાતમાં અલ્પ કિંમતના ઘોડાઓ બોજા ઉંચકનારા હોય છે. તેવા ઘોડાઓને લોકો 'ટટ્ટુ' કહે છે. તે જ પ્રમાણે તુચ્છજાતિના–આખલાઓને લોકો બળદીઆ કહે છે, પરંતુ મહાકિંમતી અને રુપવંતા તથા રાજા–મહારાજાને ત્યાં ઉછરેલા, તે તો વૃષભ જ કહેવાય છે. જેને લોકો ધોરી

પણ કહે છે. અને આ વાત કલ્પના માત્ર જ નથી. શાસ્ત્રોમાં પ્રભુમહાવીરને પણ, વૃષભની ઉપમા આપી છે. **'जिणवरवसहस्स वद्धमाणस्स.'**

અર્થ—'જિન એટલે અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની વિગેરે, તેઓમાં વર એટલે શ્રેષ્ઠ કેવલીભગવાન, તે કેવલી ભગવંતોમાં પણ વૃષભસમાન મોટા, એવા પ્રભુ વર્ધમાન સ્વામીને.' આવો અર્થ થયો એટલે, વૃષભ શબ્દ પણ અતિશ્રેષ્ઠ છે.

આવી ઉચ્ચ કોટીની ઉપમાઓ પામેલા, ચોથાપરમેષ્ઠિપદના ધારક, ઉપાધ્યાય મહાપુરુષો, ગુણરત્નોની ખાણ હોય એમાં આશ્ચર્ય શું ? આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે, સાચારત્નો કે હીરાઓની કીંમત, ખરેખરો પરીક્ષક ઝવેરી જ આંકી શકે. ઝવેરી દ્વારા નકકી થયેલી કિંમતને જેમ કોઈ ફેરવી શકતું નથી. તેમ પંચમહાપરમેષ્ઠિરૂપ રત્નોને શ્રીજિનેશ્વરદેવો અને ગણધરભગવંતોએ પરીક્ષા કરીને, ગુણી તરીકે જાહેર કર્યા. છે. માટે તેમના ગુણોમાં શંકાને સ્થાન હોય જ શા માટે ? અને તેથી જ સાચાપરીક્ષક શ્રીજિનેશ્વરદેવો અને ગણધરભગવંતોએ, જેમને ઉપરની સોળ ઉપમાઓ આપી છે તે ઉપાધ્યાયભગવંતો,પંચમહાપરમેષ્ઠિમાં,તીર્થંકરદેવો, સિદ્ધભગવંતો તથા આચાર્ય ભગવંતોની સાથોસાથ, અભેદભાવથી ગોઠવાયા છે, તે પણ વ્યાજબી અને યુક્તિસંગત જ છે.

પ્રભુ મહાવીરદેવના શાસનના પચીશસો વર્ષમાં, ગુણરત્નની ખાણ જેવા, હજારો ઉપાધ્યાયભગવંતો થઈ ગયા છે. પરંતુ શ્રીજૈનશાસનની રીત મુજબ, ઘણાખરા ઉપાધ્યાયભગવંતો પાછળથી આચાર્યપદ પામી, આચાર્યભગવંતની ગણનામાં

મુકાઇ ગયા હોવાથી,આચાર્યભગવંતો જેટલાં ઉપાધ્યાયભગવંતોનાં નામો મળી શકતાં નથી. તો પણ જેટલાં મળે છે, તે પણ ઘણાં છે.

જેમને ઉપાધ્યાયપદ આપવાનું હોય તે મહાત્મા, પૂર્વની મુનિદશામાં કેવા હોય છે? તે પણ જરા જોઇએ. આગલ મુનિપણાનું વર્ણન આવવાનું છે, તેવું નિરતિચાર મુનિપણું જેમનામાં બરાબર હોય. ઉપાધ્યાયપદવી એટલે આચાર્યપદની પૂર્વભૂમિકા. જેમ ભવિષ્યમાં આખીપૃથ્વીનો ભાર જેના ઉપર મુકવાનો હોય, જેને રાજવી બનાવવાનો હોય, તેને જ યુવરાજ પદ અપાય છે. તે જ પ્રમાણે ભવિષ્યમાં જેમને, સમગ્રગચ્છનો ભાર સોંપવાનો હોય, તેને જ ગુરુમહારાજ ઉપાધ્યાય પદારૂઢ બનાવે છે.

જેમનામાં આખા સમુદાયને સાચવવાની તાકાત હોય, જેમનામાં સ્વપરશાસ્ત્રોનું રહસ્ય પરિણામ પામ્યું હોય, જેઓ વ્યાકરણાદિ બધા શાસ્ત્રોના જ્ઞાતા હોય, જેઓ શાસ્ત્રાર્થ કરવા માટે પરવાદી સાથે બાથ ભીડવામાં અક્ષોભ હોય, જેઓ સમતાના સમુદ્ર હોય, જેમની ગંભીરતા અથાગ હોય, સૂર્ય જેવી તેજસ્વીતા હોય, ચંદ્ર જેવી શીતળતા હોય, વાણી સુધા જેવી હોય, જેઓ રૂપમાં રાજા જેવા હોય, દર્શનમાં દેવ જેવા હોય, જેમનામાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનો ત્રિવેણી સમાગમ હોય; જાવજ્જીવ અકલંક ચારિત્ર હોય, જેમનાં તપસ્યા અને ત્યાગ અમેય હોય, મુનિદશામાં પણ જેમનામાં આવા અનેક ગુણો પ્રકટ થયા હોય, એવા ઉચ્ચ આત્માઓને ઉપાધ્યાય–પદારૂઢ બનાવી શકાય છે.

ઉપાધ્યાય મહાપુરૂષોની થોડી નામાવલી.

૧ ઉપાધ્યાયજી મહારાજ મહીસમુદ્ર, ૨ લબ્ધિસમુદ્ર, ૩ અમરનંદી, ૪ જિનમાણિક્ય, ૫ શ્રીધર્મહંસ, ૬ આગમમંડન ૭ ઈન્દ્રહંસ, ૮ ગુણસોમ ૯ અનંતહંસ, ૧૦ સંઘસાધુ, ૧૧ અમૃતમેરુ, ૧૨ સકલચંદ્રજી, ૧૩ શાંતિચંદ્રજી, ૧૪ સોમવિજયજી ૧૫ સિંહવિમલજી, ૧૬ કલ્યાણવિજયજી. ૧૭ ભાનુચંદ્રજી ૧૮ સિદ્ધિચંદ્રજી ૧૯ કીર્તિવિજયજી ૨૦ શ્રીવિનયવિજયજી અને ૨૧ શ્રીયશોવિજયજી ઉ. આમાં ઘણાં નામો અર્વાચીન છે. ઘણી શોધના પરિણામે પ્રાપ્ત થયેલ થોડાં પ્રાચીન નામો પણ મથાળે ટાંકયાં છે, આ બધા મહાપુરુષો પાંચસો વર્ષની આસપાસના હોવા છતાં, રત્નત્રયીની ત્રિવેણી–સંગમ જેવા હતા.

અહીં પ્રાપ્ત થયેલ કેટલાક ઉપાધ્યાયભગવંતોનાં, થોડાં દૃષ્ટાંતો જોઈએ. જે જાણવાથી ઉપાધ્યાયભગવંતો પ્રત્યેના આપણા ગુણાનુરાગમાં દ્રઢીકરણ આવશે.

ઉપાધ્યાયજી મહારાજશ્રીમદ્‌સકલચંદ્રજી ગણિવર

આ મહાપુરુષ મહાયોગિરાજ હતા, અને મહાધ્યાની પણ હતા તેમની કિંવદન્તી એવી છે કે,

આ મહાપુરુષને ચોથીઓ (ચોથાદિવસે આવનાર) તાવ આવતો હતો. અને તાવ એવો સખત આવતો કે, તે હોય તેટલીવાર, કાંઈ પણ આરાધના થઈ શકે નહિ. આ મહાપુરુષ યોગ–શક્તિવાલા હોવાથી, જ્યારે જ્યારે પ્રતિક્રમણાદિ ક્રિયા કરવી હોય ત્યારે ત્યારે, યોગશકિતથી તાવને કપડામાં ઉતારી નાંખતા હતા. અને અમૃત–ક્રિયા જેવી બધી ક્રિયા પૂર્ણ થયા પછી, કપડો ઓઢી લેતા અને તાવ પાછો શરીરમાં સંક્રમી જતો.

હતો. કપડામાં તાવ રહે ત્યાંસુધી કપડો ખૂન્યા કરતો. આટલી શકિત હોવા છતાં તાવને કાઢવા માટે તેમણે ઉદ્યમ કર્યો નહીં.

—*—

ઉપાધ્યાયમહારાજ શ્રીમત્શાન્તિચંદ્રજી ગણિવર

આ મહાપુરુષ ઉપર જેમનું ટુંકવર્ણન આપણે જોયું, તે મહાપુરુષ **સકલચંદ્રજી ઉપાધ્યાય** પ્રવરના શિષ્ય હતા. અને **શ્રીવિજયહિરસૂરિ મહારાજ**ના લગભગ બે હજાર મુનિમહારાજોમાં તેઓ મોખરે હતા. તેઓમાં વિદ્વત્તા, ત્યાગ અને આજ્ઞાધારકપણું વિગેરે ગુણો સાથે, દૈવીશકિત પણ જબ્બર હતી. **કૃપારસકોષ** અને **સૂર્યપ્રજ્ઞપ્તિ ટીકા** તેમની વિદ્વત્તાની સાક્ષી પુરે છે, વળી તેઓ આચાર્યભગવંતની આજ્ઞાથી, વર્ષો સુધી **અકબરબાદશાહને** પ્રતિબોધવા, બાદશાહની પાસે અને બાદશાહ જ્યાં જાય ત્યાં સાથે રહીને ધર્મ સંભળાવતા હતા. બાદશાહ અકબરે પ્રસંગો પામીને, જે જે પ્રશ્નો પૂછયા, તેના તેમણે સચોટ જવાબ આપીને, બાદશાહને ખુશ કર્યો હતો.

એકવાર અકબરે અન્ય દેશ સાધવા જતાં, એક દિવસે ૩૨ કોષનું પ્રયાણ કર્યું હતું. સાંજે અકબરે સાથે આવનારા મોટા પુરુષોના નામો પૂછયાં. તેમાં **ઉપાધ્યાયપ્રવરશાંતિચંદ્ર-ગણિવર**નું નામ પણ આવ્યું. જે સાંભળી અકબરના મન ઉપર ખૂબ અસર થઈ.

ગુરુદેવહિરસૂરિમહારાજનું ફરમાન એ જ હતું કે, બાદશાહ રહે ત્યાં રહેવું અને પ્રસંગોચિત્ત શ્રીવીતરાગદેવના ધર્મની વાતો કરવી. ધન્યવાદ છે આવા મહાપુરુષોને, તેમને ગુરુઆજ્ઞાની કિંમત કેટલી હતી, કે જેઓ આજ્ઞાપાલન માટે

પોતાના જાનને પણ, જોખમમાં મુકી દેવા તૈયાર હતા. એ અત્રીશકોષના વિહારમાં, તેમના શરીરની સ્થિતિ ખૂબ જ લથડી ગઈ હતી.

તેમની દૈવીશક્તિઓ.

પશ્ચિમ દિશાનો સ્વામી **વરૂણદેવ** તેમને સાક્ષાત્ થયો હતો. તેમણે એકવાર **અકબરબાદશાહને**, તેના પોતાના મરણ પામેલા પિતાનાં, લશ્કર સહિત દર્શન કરાવ્યાં હતાં. જે વખતે બીજા પણ હજારો મનુષ્યો સભામાં હાજર હતા. તેમણે **અટકનો કીલ્લો** વગર મહેનતે, અકબરને જીતી આપ્યો હતો. તેમણે અકબરના એક અધિકારીને, તેની મરી ગયેલી સ્ત્રી સાક્ષાત્ બતાવી હતી. તેમણે અકબરના કાજી મુલ્લાં અને રાવ-ઉમરાઓને પણ, પોતાની શક્તિથી સ્વાધીન કરી લીધા હતા.

—*—

ઉપાધ્યાયજી મહારાજ શ્રીમદ્ ભાનુચંદ્રજી ગણિવર.

શાંતિચંદ્ર ઉપાધ્યાયના વિહાર પછી, અકબર બાદશાહના દરબારમાં આ મહાપુરુષ પધાર્યા હતા. તેઓશ્રી પણ ઘણી શક્તિઓના ધારક હતા. સાથે મહાત્યાગી વૈરાગી હતા. તેમના શિષ્ય શ્રીમાન્ **સિદ્ધિચંદ્રજી ઉપાધ્યાય**, તેમના આજીવન અંતવાસી હતા.

એક વખત અકબરની કાશ્મીરની મુસાફરીમાં પોતાની તદ્દન નજીકમાં જ **ભાનુચંદ્રઉપાધ્યાયને** ઉતારો આપ્યો હતો. આ વખતે સખત ઠંડી પડતી હતી. તેથી કોઈક સ્થાનો પર ઝાડ–પાન પણ બળી ગયાં હતાં. તેવા કડકડતી ઠંડીના સમયમાં, ઉપાધ્યાયજીમહારાજ ભાનુચંદ્રજીગણિવર ખુલ્લા શરીરે ધ્યાન કરતા

હતા. તે જ અરસામાં બાદશાહઅકબરની ત્યાં દૃષ્ટિ ગઇ. આ દૃશ્ય જોઈ બાદશાહ ખુશ થઇ ગયેા. અને શ્રી જૈનધર્મની ઘણી પ્રશંસા કરવા લાગ્યેા. આ મહાપુરુષને પ્રાયઃ એંસી જેટલા શિષ્યેા હતા. પેાતે તથા પેાતાનેા શિષ્યવર્ગ ખૂબ જ વિદ્વાન હતા, છતાં તેમણે કેાઈ પણ પ્રકારની પદવી લીધી ન હતી. એકવાર બાદશાહ અકબરે પૂછયું હતું કે, 'આપને સૂરિ-મહારાજે કયા બિરુદ દિયા હૈ' વાચકવરે જવાબ આપ્યેા. 'સૂરિમહારાજ પાસે, મારી કરતાં ઘણા વિદ્વાન અને વધુ લાયક એવા ઘણા શિષ્યેા છે. જેમના નામની યાદિમાં મારૂં નામ ઘણા દુરના સ્થાન ઉપર આવે છે. બાદશાહઅકબર વાચકવરના આવા જવાબથી, તેમની નિરભિમાનપણાની ઘણી તારીફ કરવા લાગ્યેા. અને સૂરિમહારાજ ઉપર **મુનિભાનુચંદ્ર**ને વાચક પદ અર્પણ કરવા માટેનું નમ્રતાપૂર્વક ફરમાન લખી મેાકલ્યું હતું....

ઉપાધ્યાયશ્રીમત્સેામવિજયજી ગણિવર

આ મહાપુરુષ વીરમગામ પરગણાના અધિકારી **વીરજી મલિકના**, પૌત્ર અને **સહસ્રમલ્લશેઠના** પુત્ર.હતા અને વાચકવર **કીર્તિવિજયજી** ઉપાધ્યાયના, સહેાદર વડીલ બંધુ હતા. તેમજ આચાર્યદેવ **વિજયહિરસૂરિજીમહારાજના** પ્રધાન પુરુષ હતા. આખી જીંદગી ગુરુકુળવાસી હતા. આચાર્યદેવની સંપૂર્ણ વૈયાવચ્ચ પેાતે જ કરતા હતા. તેઓ વિદ્વાન પણ હતા. આખા ગચ્છ ઉપર તેમની મીઠી નજર હતી, સમુદાયની પણ તેમના ઉપર ઘણી ચાહ હતી.....

ઉપાધ્યાય શ્રીમદ્ વિનયવિજયજી ગણિવર

આ મહાપુરુષ **કીર્તિવિજયઉપાધ્યાયના** શિષ્ય અને

શ્રીવિજયહીરસૂરિજીમહારાજના પ્રશિષ્ય હતા. તેઓનાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ખૂબ જ ઉજ્જવળ હતા. તેમની વિદ્વત્તા પણ ખૂબ હતી. તેમના બનાવેલ **લોકપ્રકાશ, સુબોધિકા, શાંતસુધારસ ભાવના,** અને **હૈમપ્રક્રિયા,** તથા તેની ટીકા લગભગ ૩૦૦૦૦ શ્લોક પ્રમાણ વિગેરે ગ્રન્થો તેમની રત્નત્રયી અને વિદ્વતાની વાનકી રૂપ છે. તેઓ સંસ્કૃત, પ્રાકૃત અને સિદ્ધાન્તના રહસ્યને પામેલા હતા. તે તેમની લોકપ્રકાશમાં મુકેલી ૭૦૦ લગભગ સાક્ષીઓથી સમજાય તેવું છે, તેઓ શ્રીજૈનશાસનના આગમસમુદ્રનો પાર પામેલા હતા. તેઓ **શ્રીયશોવિજયઉપાધ્યાયના** પરમ મિત્ર હતા. કાશીમાં ૧૨ વર્ષ સાથે રહ્યા હતા...


—*—

ઉપાધ્યાયમહારાજ શ્રીમાન્ યશોવિજયજી ગણિવર

આ મહાપુરુષ બહુજ ઉચ્ચકોટિના વિદ્વાન હતા. કહેવાય છે કે, તેમણે ૧૨ વર્ષ **કાશી**માં રહીને, વ્યાકરણ અને ન્યાયનો ખૂબ અભ્યાસ કર્યો હતો. તેમણે **કાશી**માં ઘણા વિદ્વાન પુરુષોની સભામાં શાસ્ત્રાર્થો કરીને, શ્રીજૈનશાસનનો વિજયધ્વજ ફરકાવ્યો હતો. તેમણે **અંડનખાદ્ય** વિગેરે ન્યાયના ઘણા ગ્રંથો બનાવી દાર્શનિક વિષયને ઘણો જ મજબૂત અને વિકસિત બનાવ્યો છે. તેઓની રત્નત્રયી ખૂબ જ ઉજ્વલ હતી. કહેવાય છે કે, તેઓનું જીવન ચોથા આરાની વાનકી રૂપ હતું. અને તે તેમના ૧૨૫-૧૫૦-૩૫૦ ગાથાનાં સ્તવનો અને દ્રવ્યગુણ પર્યાયનોરાસ અને સમકિત સડસઠ બોલની અને આઠ દ્રષ્ટિની સજ્ઝાય અને ૧૮ પાપસ્થાનકની સજ્ઝાયો

વિગેરેના વાંચનથી સમજી શકાય તેવું છે. આ મહા-પુરુષ માટે શ્રીજૈનશાસનને ઘણું માન છે. એમની **સંસ્કૃત, પ્રાકૃત** અને **ગુજરાતી** દરેક કૃતિઓનો સિદ્ધાન્ત જેટલો જ આદર છે.

એમના માટે એવી પણ કિંવદંતી છે કે, તેમના કાળના એક **મહાઅધ્યાત્મી** મુનિરાજ જેમનું **મણિઉદ્યોત** નામ હતું, તેમને પાઠાનો રોગ હતો. છતાં તેઓ ચિકિત્સા કરાવતા ન હતા. તેમના રોગની અને ધીરતાની પરાકાષ્ટાથી આકર્ષાઈને, એક દેવ તેમની પાસે આવ્યો. અને તેમના પાઠાના રોગને મટાડવા માટે પ્રાર્થના કરી મુનિરાજે ધ્યાનપાળીને દેવને રોગ ન મટાડવા જણાવ્યું. દેવે તેમના સાત્ત્વિકભાવની ઘણીઘણી સ્તુતિ કરી અને કંઈક માગણી કરવા કહ્યું. મુનિરાજે કહ્યું, જો આપની **શ્રીસીમંધરસ્વામીમહારાજ** પાસે જવાની શક્તિ હોય તો, **મારા,યશોવિજયજી** અને **આનંદ-ઘનજી**ના ભવ પૂછી લાવો. દેવે મુનિવચનનો સ્વીકાર કર્યો અને **સીમંધરસ્વામી**મહારાજ પાસે જઈ આવીને બોલ્યો, સાત, પાંચ, અને ત્રણ ભવો કહ્યા છે. એમ કહીને દેવ ચાલ્યો ગયો. ઉપાધ્યાયજીમહારાજની પ્રરૂપણા અને તેમનું જીવન એટલા બધાં નિર્મલ હતાં કે, તેમની ત્રણ, પાંચ કે સાત ભવની કિંવદંતી લગભગ સાચી ભાસે છે.



અહીં વાચક મહારુષોનાં બધાંજ ઉદાહરણો લગભગ ૪૦૦ વર્ષના ગાળામાં થએલા મહાપુરુષોનાં લખ્યાં છે. તેથી પણ આગળના મહાપુરુષોમાં રત્નત્રયીની ઘણી જ ઉજવલતા હતી. આપણે તો પાંચમાઆરાના અને હમણાંના કાલના જ

મહાપુરુષોના જીવન વિચાર્યાં છે.

પરંતુ ચોથાઆરામાં અસંખ્યાતા આચાર્યો અને ઉપાધ્યાયો થયા છે. જેમનાં જીવનવૃત્તાન્તો દેવતાઓને પણ મંત્રમુગ્ધ બનાવી નાંખે તેવાં હતાં. **'नमो उवज्झायाणं'** પદમાં બિરાજેલા મહાપુરુષો ગુરુદેવો અને શ્રીસંઘની પરીક્ષાપૂર્વક તે પદને પામેલા હોય છે, તેથી તેઓ જીવનભર રત્નત્રયીની અપૂર્વ આરાધના કરી, પોતાનું અને આશ્રિતોનું જીવન શ્રેયસ્કર બનાવી, સંસારને અત્યંત અલ્પ કરી, થોડા કાળમાં મોક્ષમાં જનારા હોય છે.

ઉપાધ્યાય ભગવંતોની સંખ્યા

नमो उवज्झायाणं પદને સંખ્યાથી વિચારાય તો, આ **ભરતક્ષેત્ર**માં, આ અવસર્પિણી કાળમાં, **શ્રીઋષભદેવસ્વામિ**ના શાસનથી અત્યારસુધીમાં, અસંખ્યાતા કોટાકોટી ઉપાધ્યાયભગવંતો થયા છે. તે જ પ્રમાણે બીજાં ચાર **ભરતક્ષેત્ર** અને **પાંચ ઐરવત ક્ષેત્રમાં** પણ, અસંખ્યાતા કોટાકોટી ઉપાધ્યાયો થયા છે. અને **પાંચ મહાવિદેહક્ષેત્રમાં**, ત્યાં ક્ષેત્ર, ધર્મ અને કાળની મહત્તા હોવાથી, ભરત-ઐરવતક્ષેત્રની અપેક્ષાએ, અનેકગુણા અસંખ્યાતા કોટકોટી ઉપાધ્યાયભગવંતો થયા છે. તથા અતીતકાલે અઢીદ્વીપમાં, અનંતાનંત ઉપાધ્યાયભગવંતો થયા છે. અને ભવિષ્યકાળે પણ અઢીદ્વીપમાં અનંતાનંત ઉપાધ્યાયભગવંતો થવાના છે. તે સર્વનાં નામો મોટા આયુષ્યવાલા એવા, અનંતા કેવલીભગવંતો લખે તો પણ લખાઈ ન રહે તેટલાં હોઈ શકે છે.

આપણે પ્રથમ વિચારી ગયા છીએ કે, ગણધરદેવોમાં

પણ ઉપાધ્યાયપદ ઘટી શકે છે. સર્વકાળના અને સર્વક્ષેત્રના ગણધર ભગવંતો અનંતાનંત થયા છે અને અનંતા થવાના પણ છે,સર્વકાળના અને સર્વક્ષેત્રના જિનેશ્વરદેવો કરતાં સંખ્યાતગુણા અનંતા હોય છે. જેમકે ૨૪ જિનેશ્વરદેવોના, ગણધરમહારાજાઓ ૧૪૫૨ થયા છે. એટલે સાડીસાએઠ ગુણા થાય છે. તેમજ મહાવિદેહક્ષેત્રના ૨૦ જિનેશ્વરદેવોના ગણધરભગવંતો, ૧૬૮૦ હોવાથી ૮૪ ગુણા થાય છે. તેથી શ્રીજિનેશ્વરદેવોથકી ગણધર ભગવંતો, સંખ્યાત ગુણા અનંતાનંત થાય છે, તે સ્પષ્ટ સમજી શકાય છે.

આ રીતે ઉપાધ્યાય ભગવંતોની સંખ્યાનું પરિમાણ–અને તેમના ગુણોને જાણનાર આત્મા, સાવધાનપણે **'નમો उवज्झायाणं'** પદોચ્ચાર કરે તો, પચ્ચાસ સાગરોપમનાં પાપ ક્ષય કરી નાખે. આ તો એક મધ્યમ કોટીની વાત ગણાય. પરંતુ જાગૃત અને જ્ઞાનવાન આત્મા, સર્વકર્મનો ક્ષય કરી નાખે તે પણ બનવા યોગ્ય છે.

ઈતિ **'નમો उवज्झायाणं'**પદવિચારણા સંપૂર્ણ.

—*—

હવે **'નમો लोए सव्वसाहूणं'** પદનો વિચાર કરીએ.

શ્રીજૈનશાસનમાં વેશ કે વ્યક્તિને, તેમજ વિદ્વતા કે વિચક્ષણતાને, જરા પણ મહત્તા અપાઈ નથી,પરંતુ જે આત્મામાં ગુણાનુરાગ, ગુણની ઓળખાણ અને ગુણનો આદર, આ ત્રણ પ્રગટ થયાં હોય, આનું નામ જ રત્નત્રયી કહેવાય છે. કારણ કે સમકિતી આત્મા ચોક્કસ ગુણાનુરાગી હોય. ગુણોને ઓળખે તે જ સમ્યગ્જ્ઞાની કહેવાય. આત્મામાં ગુણોની ખીલવણી ચાલુ જ રાખનાર ગુણો કમાવામાં, ગુણો વધારવામાં અને ગુણોનો

ખન્નો તર કરવામાં, સર્વકાળ સાવધાન આત્મા જ, સમ્યક્ચારિત્રી ગણી શકાય છે. તેવા આત્માને જ વાસ્તવિક સાધુ કહી શકાય. ઉપરના ત્રણે ગુણો એટલે રત્નત્રયી, આત્મામાં પ્રકટ થયા પછી જ, બીજા નાના–મોટા અનેક ગુણો પ્રકટ થાય છે. તે બધા પરસ્પર પોષણ આપનારા અને અવિરોધી હોવાથી, તાદાત્મ્યભાવે આત્મામાં વસે છે. અને રત્નત્રયી આવ્યા પછી પ્રકટ થયેલા ગુણો, આત્માને ક્રમસર અથવા એકદમ મોક્ષમાં લઈ જાય છે. કારણ કે, રત્નત્રયીની મુખ્યતાએ પ્રકટ થયેલા ગુણો, આત્માને મોક્ષમાં જલદીથી પહોંચાડે છે.

પ્રશ્ન–ત્યારે શું રત્નત્રયી આવ્યા સિવાય, આત્મામાં ગુણો પ્રગટ થાય જ નહિ? અને જો એમ જ હોય તો આ જગતમાં અનેક વ્યક્તિઓ ગુણી આત્મા તરીકે ઓળખાય છે તે શી રીતે ઘટી શકે?

ઉત્તર–બધા વ્યવહારો લગભગ ઔપચારિક જ હોય છે. લોકો વર્તમાનકાળને જ જુવે છે. ભૂત–ભવિષ્યને સમજતા નથી. લોક બાહ્યદૃષ્ટિથી જ જોનાર હોય છે. જ્યારે ગુણો આત્માની અભ્યંતરસંપત્તિ ગણાય છે, અને તેથી જ જગતમાં ગુણી બનીને, પૂજાએલા ઘણા આત્માઓ, **ગોશાલા**ની પેઠે અનંતસંસાર ભટકનારા બન્યા છે. માટે જ મહાપુરુષો કહે છે કે:–

"तच्छ्रुतं यातु पातालं, तच्चातुर्यं विलीयतां।
ते विशन्तु गुणा वह्नौ, येषु सत्स्वप्यधोगतिः॥"

અર્થ–ઘણું જ્ઞાન ભણવા છતાં, ઘણી ચતુરાઈ આવડવા

છતાં, અને ઘણા ગુણો પ્રકટ થવા છતાં પણ. આત્મા દુર્ગતિમાં જતો હોય તો પછી, તે **વિદ્યા-ચતુરાઇ** અને **ગુણોથી** આત્માને શું ફાયદો છે? એટલે એવું જ્ઞાન ભલે પાતાલમાં જાય, એવી ચતુરાઈ ભલે નાશ પામે અને એવા ગુણો ભલે ભસ્મીભૂત થઈ જાય. જેમ રસાયણ ખાવાથી, શરીર નીરોગી અને પુષ્ટ બનવાના બદલે નાશ પામતું હોય તો, તે રસાયણ ખાવાથી ફાયદો શ્યો?

એટલે રત્નત્રયી આવ્યા પહેલાં ગુણો આવતા નથી. અને કદાચ આવે તો થોડો વખત ટકે છે. જો તે દરમ્યાન સમકિત આવી જાય તો ઉપરના ગુણો, થોડા-ઘણા મલીન હોય તો પણ, ઉજ્વલતાને પામે છે. અને તેથી જ કોઈ કોઈ આત્માઓમાં, સમ્યક્ત્વ થવાની પૂર્વ તૈયારીરૂપ, માર્ગાનુસારિતા વિગેરે ગુણો પ્રકટ થાય છે.

પ્રશ્ન-સમ્યક્ત્વગુણ આવ્યા પછી માર્ગાનુસારિપણું આવે કે, માર્ગાનુસારિપણું આવ્યા પછી સમ્યક્ત્વ ગુણ પ્રકટ થાય?

ઉત્તર—સમ્યક્ત્વગુણ આવ્યા પછી. માર્ગાનુસારિપણું ચોક્કસ આવે છે, પરંતુ માર્ગાનુસારિજીવમાં સમ્યક્ત્વ આવે જ, એવું ચોક્કસ નથી. પરંતુ માર્ગાનુસારિગુણો એટલા ઊંચા છે કે, તેનાથી સમ્યક્ત્વ આવવાનો સંભવ ખરો.

પ્રશ્ન—માર્ગાનુસારી જીવની ઓળખાણ શું?

ઉત્તર—જેમ બને તેમ દ્વેષવગરની અને અલ્પદ્વેષવાલી ઉચિત આચરણાઓ, માર્ગાનુસારી જીવમાં જરૂર હોય. માર્ગાનુસારી જીવમાં કષાયોની અલ્પતા હોય, લોકવિરુદ્ધ આચરણ ન હોય, તેને પરલોકના ભય સાથે આલોકનો પણ

ભય હોય, આથી વિશેષ જાણવાના અર્થીએ, માર્ગાનુસારિતાના ૩૫ ગુણ જોઈ લેવા.

સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ગુણોને લાવનારા, અથવા સમ્યગ્દર્શનાદિકમે પ્રકટ થએલા ગુણો, તેજ વાસ્તવિક ગુણો કહેવાય છે. બાકીના ગુણો, ઘણી ખરી વાર ગુણાભાસો બનીને, આત્માના મિત્રો બનવાની જગ્યાએ, આત્માનું શત્રુપણું જ ભજનારા બને છે.

પ્રશ્ન—ઉપર કહેવાયું છે કે, શ્રીજૈનશાસનમાં વેશ કે વ્યક્તિની મહત્તા નથી. તો શું વેશ તદ્દન નકામો જ છે?

ઉત્તર—જે આત્માઓને ગુણાનુરાગ, ગુણની ઓલખાણ અને ગુણનો આદર જોતો જ ન હોય, ગુણ અને ગુણી જીવોની જરૂર જ ન હોય, તેવા આત્માઓને, વેશથી જરાપણ ફાયદો હોય, તેમ કયાંય જાણવા મલ્યું નથી. અને એજ કારણથી કહેવાય છે કે, આ આપણા જીવે મેરુપર્વત જેટલા ઓઘા–મુહપત્તિ અને ચરવલા–મુહપત્તિઓ લીધી, પરંતુ જીવનો સંસાર ઘટયો નથી. કહ્યું છે કે,

"संसारसागरमिणं परिभमंतेहिं सव्वजिवेहिं
गहियाणि य मुक्काणि य णन्तसो दव्वलिंगाइं।"

અર્થ—આ સંસાર સમુદ્રમાં પરિભ્રમણ કરતાં સર્વ-જીવોએ મનુષ્યજન્મ પામીને અનંતીવાર દ્રવ્યવેશ લીધા અને મુક્યા છે પરંતુ કશો જ લાભ થયો નથી.

ગુણાર્જન માટે મુનિસુંદરસૂરિમહારાજ ફરમાવે છે કે.

"स्वाध्यायमाधित्ससि नो प्रमादैः, शुद्धा समितीर्नो गुप्तीश्च धत्से।
तपो द्विधा नार्जसि देहमोहा-दल्पेपि हेतौ दधसे कषायान् ॥१॥

परिषहान् नो सहसे न चोप-सर्गान् न शीलांगधरोपि चासि ।
तन्मोक्षमाणोऽपि भवाब्धिपारं, मुने ! कथं यास्यसि वेशमात्रात् ॥२॥

અર્થ-હે મહામુનિરાજ ! તમે નિદ્રા વિકથા અને વિષયો વિગેરે પ્રમાદોને વશ બનીને, **વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા** અને **ધર્મકથા** લક્ષણ સ્વાધ્યાય કરતા નથી. **પાંચ સમિતિ** અને **ત્રણ ગુપ્તિરૂપ** પ્રવચનમાતાને ધારણ કરતા નથી. (આ આઠ પ્રવચન માતાને જ જ્ઞાનીપુરુષોએ ચારિત્ર કહેલ છે. જેની પાસે પ્રતિક્ષણ આ **આઠ પ્રવચન માતા**ઓ હાજરાહજુર રહેતી હોય, તેજ ભાગ્યશાળી આત્મા **ભાવમુનિ** કહેવાય છે.) તથા છ બાહ્ય અને છ અભ્યંતર બાર પ્રકારે તપને, શરીરના મોહથી આદરતા નથી. (કદાપિ કોઈ ક્ષુધા સહન કરવારૂપ પ્રથમભેદને આચરતા હોય, પણ પછીના પાંચ બાહ્ય અને છ અભ્યંતરને ઓળખીને, આચરનારા બહુ જ થોડા હોય છે.) વળી કારણ ન હોય અથવા તુચ્છ કારણ પામીને પણ પ્રતિક્ષણ ક્ષમાયેાને ચોંટેલો જ રહે છે. એટલે મુનિવેશને પામવા છતાં, બીચારો હતભાગી આત્મા. ક્રોધ, માન, માયા, લોભરૂપ મહાશત્રુઓને, ઓળખતો જ નથી. એટલે કયારેક ક્રોધ, વલી કોઈવાર માન, કોઈવાર માયા, કોઈવાર લોભને વશ બની, આઠે કર્મોને મજબૂત બનાવી રહેલ છે. વલી હે મુનિરાજ ! તું ક્ષુધા-તૃષા વિગેરે પરિષહો અને કોઈ એ કરેલ અપમાન જેવા, તુચ્છ ઉપસર્ગોને પણ, સહન કરી શકતો નથી. તેમ જ અઢાર હજાર શીલાંગોને પણ તું સમજતો નથી. (તો પછી આદરવાની વાત જ કયાં રહી ?) હે મુનિ ! જો તું આ મુનિપણાનાં અંગોને, જરા પણ આદર નહિ આપે તો, કર્મનો

નાશ કરનારાં અને સંસારસમુદ્ર તારનારાં, સ્વાધ્યાયાદિ સાધનો વિના, ફકત ઓઘા-મુહપત્તિ, કપડા-ચોલપટા, પાત્રાં, તરપણીની સહાયથી—ફક્ત વેશમાત્રથી—તું મોક્ષમાં શી રીતે જઈ શકીશ ?

તાત્પર્ય એ જ છે કે, જેમ કોઈ માણસ સારી બજારમાં માસિક બસો-ત્રણસોના ભાડાનું મકાન રાખે, મોટા પગારના ગુમાસ્તા અને નોકર-રસોઈઆ રાખે, ગાદી તકીયા અને ગાદલાં ગોદડાં વસાવે, ધીકતું રસોડું રાખે અને માલિક પોતે ચોવીશે કલાક નાટક-સીનેમા જુએ, ખાનપાન અને નિદ્રામાં મસ્ત રહે તો, તેં પાઈ પણ કમાય તો નહિ પણ, દેવાળું જ કાઢે. પોતે બુવાર થાય અને આશ્રિતોને પાયમાલ બનાવે. તેની સાથે ધીરધાર કરનારનેપણ તે ભીખમંગા બનાવે. જો ધણી પોતે સાવધાન-હુંશીયાર ન હોય તો, બજાર અને દુકાન બાપડી શું કમાઈ આપવાનાં હતાં ? તે જ પ્રમાણે ઝવેરીની બજાર જેવી જૈનશાસનરૂપ બજારમાં, મુનિપણારૂપ દુકાન લીધી, મોટા ઓચ્છવો વિગેરે પણ કર્યા, ઘણા ચેલા અને ભકતો પણ મળ્યા. ખાવાપીવાનું પણ ઘર કરતાં ઘણું સારું મળ્યું, વળી ઓઘા-મહપત્તિ તરપણી-પાત્રાં, કામલી કપડા ઘણા મળ્યાં, વળી 'સાતા છે મહારાજ ? સાતા છે આપજી ?' પૂછનારાં હજારો મળ્યાં. પણ નિર્ભાગી આ આપણા જીવડે મુનિપણું સમજવા તસ્દી લીધી જ નહિ. એટલે દ્રવ્યમુનિપણું-ફક્ત સાધુવેશ અનંતીવાર મળવા છતાં, માત્ર એકલા વેશથી, જીવનું કલ્યાણ થયું નહિ.

પ્રશ્ન-તો પછી ગુણપ્રાપ્તિ થાય તેજ વ્યાજબી છે, વેશ લેવો તે નકામુંજ ગણાયને ?'

ઉત્તર–જેને ધન કમાવાથી પ્રયોજન છે, તેણે દુકાન વસાવવી નકામી છે. આમ બોલનારા કે સમજનારા, વાસ્તવિક દુકાનના જ વિરોધી નથી, પણ કમાણીના જ વિરોધી છે, તેમ જે સાધુવેશનો વિરોધ કરનારા છે, તે ફક્ત સાધુવેશનાજ વિરોધી નથી, પરંતુ આત્માના અભ્યુદયના જ વિરોધી છે. ગમેતેવા હુંશીયારને પણ દુકાનની જરૂર છે. દુકાન પણ કમાવાનું સબળ અંગ છે, તેમ સાધુવેશ પણ ગુણાર્જનનું સબલ અંગ છે.

સાધુવેશ પામેલા આત્માને, અનેક ગુણીઆત્માઓનો સહવાસ સાંપડે છે. અનેક શાસ્ત્રો ભણવાનો અવકાશ મળે છે. સુગુરુઓની પરાધીનતા થવાથી, જીવના ઘણા દુર્ગુણો ઉપર અંકુશ આવે છે. ગુણીજીવોના સહયોગથી ગુણોની ખીલવણી થાય છે. નવાનવા ગુણો વિકસવા માંડે છે. ગુણી પુરુષોની સેવાનો લાભ મળે છે. ગુણી પુરુષોના ગુણો જાણવાનું મલે છે. વલી પોતાની અંદર રહેલા દુર્ગુણોની ઓલખાણ થાય છે. આગમ-ગ્રન્થોના વાંચનથી રત્નત્રયી સમજાય છે. ચારે અનુયોગ જાણવા મલે છે. કર્મબંધનાં અને કર્મ છુટવાનાં કારણો સમજવા મલે છે. જડ–ચેતનનો ભેદ સમજવા મળે છે. વિષય–કષાયો ઉપર કાપ મુકવાની સમજણ પડે છે. આ બધું મુનિપણારુપ દુકાન ઉપર આત્મારૂપી વેપારી બીરાજમાન થાય તો જ સાંપડે છે.

મુનિવેશ જીવને પડતો બચાવે છે

પ્રસન્નચંદ્રરાજર્ષિ જેવા મહાપુરુષને, રૌદ્રધ્યાન આવી જતાં, સાતમીનરકની મજબૂત તૈયારી થઈ જવા છતાં, દ્રવ્ય મુનિવેશે બચાવી લીધા. બન્યું એવું કે, બાળ પુત્રના મોહથી

શત્રુરાજાઓ સાથે મનમાં લડાઈ શરુ કરી. એ મનમાં ચાલી રહેલી લડાઈમાં, બધાં હથિયારો ખુટી જવા પછી, પોતાના મસ્તક ઉપરનો મુકુટ મારીને, શત્રુને હરાવવાનો વિચાર થયો. અને તેથી હાથ મસ્તક ઉપર ગયો. મસ્તકે લોચ કરેલો હોવાથી, હાથ ખાલી પાછો પડ્યો, અને પોતાનું મુનિપણું યાદ આવ્યું. સાધુદશાનું ભાન થયું. પાંચમી અન્યત્વ ભાવના જાગી, ચાલુ અને આગલાં કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન મેલવ્યું. અહીં પ્રસન્નચંદ્ર રાજર્ષિનો ફક્ત દ્રવ્યવેશથી જ બચાવ થયો, તે સ્પષ્ટ સમજાય છે.

મુનિવેશ રાંકને રાજા બનાવે છે

મહારાંક ભીખારીને, શ્રીઆર્યસુહસ્તિસૂરિ મહારાજ પાસેથી સાંપડેલા મુનિવેશે, તેને મહારાજાધિરાજ બનાવ્યો. અવિચારક મનુષ્યોની દૃષ્ટિએ, તે વેશ હાંસીપાત્ર જ હતો. ફક્ત તેણે ખાવા માટે જ પ્રાર્થના કરેલી. ખાવા માટે તેણે મુનિવેશ લીધો. ખોરાક વધુ ખાવાથી મરણ પથારીએ પડ્યો. તે વખતે મુનિરાજોનો દિલાસો, અતિપ્રમાણ સેવા, શ્રાવક–શ્રાવિકા વર્ગથી થતી દવાઓ, અને પગચંપી વિગેરે સેવાઓ જોઇને, ભીખારી (સાધુવેશધારી આત્મા) આભોજ બની ગયો. અને વિચારવા લાગ્યો. આ વેશને હજારો ધન્યવાદ છે. હું તો તેનો તે જ છું. મારામાં કોઇપણ ગુણ આવ્યા નથી, છતાં મારો આટલો બધો સત્કાર થઈ રહેલ છે. આ ગુરુદેવ, આ મુનિરાજો અને આ શ્રાવક–શ્રાવિકાઓ પણ મારાં ખરેખરાં ઉપકારી આત્માઓ છે. ક્ષણવાર પહેલાં મને પોતાના બારણે ઉભો રહેવાની ના કહેતા હતા, તે જ ધનવાન મનુષ્યો, આ વેશના પ્રતાપે, મારા પગ દાબે છે. ધન્યવાદ છે આ વેશને ! આ પ્રમાણે વેશની અનુ-

મોદના કરતો, અવાંતર ભવમાં રાજાધિરાજ **સંપ્રતિરાજા** થયો.

જંબૂસ્વામીના આત્મા **ભવદેવે** બાર વર્ષ સુધી મુનિવેશ જ રાખ્યો હતો. મુનિપણું આવ્યું ન હતું, છતાં જેમ દુકાન કાઢી ન નાંખે અને માલ પડયો રહે તો, વખતે ભાવ આવી જાય અને ધનવાન થઈ જવાય. તેમ મુનિવેશરુપ દુકાન કાઢી ન નાંખે, અને મુનિપણાને બગાડે તેવાં ખરાબ કૃત્ય ન કરે તો, **ભવદેવ**ની માફક, ભાવની વૃદ્ધિ થતાં, જીવ ઊંચો પણ ચઢી જાય. તે જ ભલીવાર વગરના **ભવદેવ**, પાંચમાભવે **શ્રીજંબૂસ્વામી** મહારાજ બન્યા. તે વેશમાં રહ્યાનો જ પ્રતાપ છે. પરંતુ વેશ ફગાવીને, **નાગીલા**ના નાથ બની ગયા હોત તો, આત્મા ઊંચો ચઢવાના બદલે જરૂર નીચે પટકાઈ જાત.

કેવળજ્ઞાન જેવી આત્માની સંપૂર્ણદશા થવા છતાં પણ, વેશનો આદર ચોક્કસ છે જ. **પૃથ્વીચંદ્ર** અને **ગુણસાગર** ગૃહસ્થદશામાં જ કેવળજ્ઞાન પામ્યા છે, વણિકપુત્ર **ગુણસાગર**ને કેવલજ્ઞાન થયું ત્યારની ઘટના:—

અંબર ગાજે દુદુંભિ, જય જય રવ કરતા રે લોલ,
અહો જય જય રવ કરતા રે લોલ.....
સાધુવેશને સુરવરા, સેવાને અનુસરતારે લોલ,
અહો સેવાને અનુસરતારે લોલ.....

તથા **પૃથ્વીચંદ્ર**રાજાને કેવલજ્ઞાન થયું ત્યારે પણ—

ધ્યાનબળે સવી આવરણ ક્ષય કરી, પામ્યા કેવળજ્ઞાન મુનીશ્વર.
હર્ષ ધરી સોહમપતિ આવીયા, વેશ વંદે બહુમાન મુનીશ્વર.

અહીં બંને જગ્યાએ દેવો વેશ લેઈને આવ્યા અને તે મહાપુરુષોએ વેશ પરિધાન કર્યો. ત્યારપછી જ દેવો આદિ

અધા જ ભક્તજનોએ, વંદનવિધિ સાચવ્યો. આ જ પ્રમાણે ગૃહસ્થદશામાં સર્વજ્ઞપણાને પામેલા, **ભરતમહારાજા** પ્રમુખ મહાપુરુષોને પણ સાધુવેશ પહેર્યા પછી જ વંદનવિધિ થયો છે.

પ્ર૦–ત્યારે નિચોડ એ જ આવ્યો કે, કેવળજ્ઞાન પામેલા મહાત્માઓને પણ સાધુવેશ ન હોય તો વંદનવિધિ થઈ શકે નહિ ?

ઉ૦–વેશ પહેરવાનો સમય જ ન હોય તેવા તદ્દન ટુંકા આયુષ્યવાળા, અંતકૃતકેવલીભંગવંતો સિવાય, બધા જ કેવલી-ભગવંતોને દેવતાઓ તત્કાળ વેશ અર્પણ કરે છે, અને તેઓ ચોક્કસ વેશ પહેરે છે. અને પછી જ વંદન થાય છે. જો કે **કૂર્માપુત્ર** જેવા કોઈક મહાપુરુષને કારણવશાત્ વેશ પહેરવામાં લંબાણ થયું છે. પરંતુ તેમણે વંદનાદિક કરાવ્યાનો ઉલ્લેખ પણ નથી.

પ્ર૦–તો પછી એમ જ થયુંને કે, વેશવગરના ગમે તેવા ગુણી આત્માને પણ, વંદન કરાય નહિ ? અને આમ થવાથી એ પણ નક્કી થયું કે, ગુણોને વંદન નથી પરંતુ વેશને જ વંદન છે ?

ઉ૦–વેશ વગરના ગુણી આત્માને દ્રવ્યવંદન ન થાય, એમ હોવા છતાં પણ, 'વેશને જ વંદન છે ગુણને નહિ' આમ કહેવું તે તદ્દન ગેરવ્યાજબી છે, કારણ કે ગુણી આત્માઓને ભાવવંદન મનથી ચોક્કસ કરી શકાય છે. અને તે **"नमो लोए सव्वसाहूणं"** પદ બોલતાં, છઠ્ઠા ગુણઠાણાથી લઈને, ચઉદમા ગુણ-ઠાણા સુધી રહેલા, છેલ્લા **નવે** ગુણઠાણાના સાધુઓને નમસ્કાર થાય છે. એટલે તે તે ગુણઠાણાને પામેલા, ભાવમુનિરાજોને જ, નમં-

સ્કાર થાય છે. પરંતુ દ્રવ્યસાધુને નહિ જ. અર્થાત્ ભાવયુક્ત દ્રવ્યમુનિને, ભાવવંદન અને દ્રવ્યવંદન થાય. દ્રવ્ય-વેશરહિત ભાવમુનિને ભાવવંદન જ થાય. ભાવરહિત દ્રવ્યમુનિને વંદન ન જ કરાય. જોકે લિંગ વિનાનું ભાવ-મુનિપણું અજ્ઞાત છે. છતાં તે ભાવમુનિપણા વિના, જ્ઞાત એવા એકલા દ્રવ્યવેશની કશી કિંમત નથી.

પ્ર૦-તો પછી વેશની શી જરુર?

ઉ૦-વેશ વિના ગુણી આત્માઓ ઓળખી શકાતા નથી. વળી વેશ વગર વંદન કરતાં અસમંજસપણું આવી જાય છે. ગુણી આત્માઓ હોય તે કોઈને કહેવા જતા નથી, કે અમને વંદના વિગેરે કરો. વળી ગમે તે પણ વેશ તો હોવો જોઇએ, તો પછી સાચા ગુણી આત્માએ, આખા જગતને વિશ્વાસનું પાત્ર એવો જૈનમુનિવેશ શા માટે ન લેવો? જૈન મુનિ-વેશને જોવાથી, અનંતા મુનિરાજોનું સાધુપણું પ્રત્યક્ષ દેખવામાં આવે છે, જૈન મુનિવેશને જોઈ, ભલભલા મનુષ્યોને, શિર ઝુકાવવાની ભાવના થઈ જાય છે. જૈન મુનિરાજને દેખી, શ્રીવીતરાગના ત્યાગની અનુમોદના થાય છે, જૈન મુનિવેશને દેખીને, કોઈ ભાગ્યશાળી આત્માને ગયાજન્મમાં આરાધેલું સાધુપણું ઉદયમાં આવી જાય છે. જૈન મુનિવેશને જોઈને **ઇલાચીપુત્ર** અને **ચિલાતિપુત્ર** જેવા સ્થાનભ્રષ્ટ થએલા આત્માઓને, મહાત્મા બનવાનું સૌભાગ્ય સાંપડે છે, માટે સાધુવેશ બીલકુલ નકામો નથી. પરંતુ આખા જગતને મહા-ઉપકારી છે.

પ્રશ્ન—તો પછી એમ કેમ કહેવાય છે કે, માત્ર વેશથી

જીવનું કાંઈ કલ્યાણ નથી, અને આપણા આ જીવડે અનંતીવાર મુનિવેશ લીધા, પણ જીવને લાભ થયો નથી. તેથી વેશ નકામા ગયા છે.

ઉત્તર—તમારું કહેવું બરાબર છે, શ્રીજિનરાજની વાણીનો મર્મ સમજવાથી, તે પ્રશ્ન ઉકેલાઈ જશે. જેમ વહાણમાં બેસનાર સમુદ્રનો પાર પામે છે, પરંતુ બેસનાર જો વહાણમાં છિદ્ર પાડે તો, પોતે અને વહાણ બન્ને નાશ પામે છે. એટલે વહાણનો નાશ કરવાથી વહાણ ડુબે છે. અને પોતે પણ દરિયાના તળીએ જાય છે. એમાં વહાણનો શો વાંક ? તેમ વેશને પામીને વેશને વફાદાર ન રહે, વેશ પહેરીને યોગ્ય વર્તન ન રાખે તો વેશ શી રીતે મોક્ષમાં લઈ જાય ? વેશ તો વહાણના જેવો છે. વેશપહેરીને **વિનયરત્ન**— સાધુ જેવી અધમતા આચરે તો, સંસારસમુદ્રમાં ડુબી જાય તેમાં વેશનો શો ગુન્હો ? ગમે તેવી રામબાણ દવા હોય પરંતુ દરદી પોતે અપથ્યનું સેવન છોડે જ નહિ, તો દવા બીચારી શું કરી શકે ? કહ્યું છે કે,

"ધર્મ નિયમ પાળ્યા વિના, પ્રભુ ભજવા તે વ્યર્થ;
ઓસડ સેવે શું થશે, પળાય નહિ જો પથ્ય."

ગમે તેવી સારી બજારમાં દુકાન હોય, પરંતુ માલનું ખરીદ વેચાણ આવડે જ નહિ તો, દુકાન કે બજારનો એમાં ગુન્હો શું ? અથવા તો જાણી જોઈને ઊંધા ધંધા કરે, તેમાં બજાર, વેપાર કે દુકાનનો વાંક શો ?

એક વાણીયાની કથા.

એક વખત એક વાણીયાને એક દેવી પ્રસન્ન થઈ અને

વરદાન આપવા લાગી. ભાઈ! આજથી હવે તું જે વેપાર કરીશ, તેમાં તને ચોક્કસ કમાણી થશે. આ વરદાન આપતી વખતે, તેની એક બેનપણી દેવી પાસે હતી. તેણે કહ્યું, આવા મૂર્ખને આવું વરદાન અપાય નહિ, હજી સમજ અને બીજું કશું આપી વચન પાછું ખેંચી લે! દેવીએ તે માન્યું નહિ અને બન્ને દેવીઓ આકાશમાર્ગે ચાલી ગઈ. વાણીયો ઘણો જ ખુશી થતો પોતાના સ્થાનમાં આવ્યો, અને વગર વિચાર્યે મનમાં આવ્યા તેવા વેપાર કરવા લાગ્યો, એને ચોક્કસ હતું કે, દેવીનાં વચનથી હું કમાવાનો છું. એટલે જગતમાં જેટલા ઉંધા વેપાર હતા, તે બધા હાથમાં લીધા, દેવી બીચારી મુંઝાવા લાગી, પરંતું હવે શું કરી શકાય? વચન અપાઇ ગયું છે. એ પુરૂં પાડવું જ જોઇએ. દેવી બીચારી ચોવીશે કલાક, તે મહામૂર્ખ વાણીયાના વેપારનું જ ધ્યાન રાખવા લાગી, અને દરેક અવળા વેપારને, સવળા બનાવી નાંખતી, તેમ તેમ તે મૂર્ખ વાણીયો ફુલાયા કરતો હતો. બંદા ધારે તે વેપાર કરી શકે છે. આમ થતાં એકવાર તેણે, દેશદેશથી મગફળીનાં ફોતરાં ખરીદ કર્યાં, અને જ્યાં લાખો કોડોમણ મગફળીનો પાક હતો, ત્યાં વેગનોનાં વેગનો ભરી લાવીને ઉતાર્યાં, વળી એ જ પ્રમાણે દેશદેશથી કપાસનાં ફોતરાં (જેને કેટલાક દેશમાં ઠાલીયાં કહે છે.) તેનાં વેગનો ભરી જ્યાં કોડો મણ-કપાસની ઉત્પતિ છે, તેવા દેશમાં લાવીને ઉતાર્યાં, તથા કલકત્તાના દરિયા-માંથી લાખો ગમે પાણીનાં પીપો ભરીને, ટ્રેઈન મારફતે મુંબઈના બંદર ઉપર વેચવા ઉતાર્યાં, વલી દેશભરમાંથી કોડો મણ મીઠાની ખરીદ કરીને, જ્યાં અબજો મણ મીઠાની ઉત્પન્ન

છે, તેવા **બારાગોઢા અને ઓડુ** ગામના બજારમાં, ટ્રેઈનો લાવીને ઊભી રાખી. અને વેપારીઓને ભેગા કરી, પોતાનો માલ વેચવાની મહેનત કરવી શરૂ કરી. પરંતુ તે તે દેશમાં તે તે નિસ્સાર વસ્તુનાં નામો સાંભળીને, લોકો તે મૂર્ખની વાતને હસી કાઢવા લાગ્યા. દિવસો ગયા, માસો ગયા, અને વરસો પણ ગયાં, પરંતુ વસ્તુની કુટી કોડી પણ ઉપજી નહિ. મુડી ગઇ, ગાડીનાં ભાડાં બરબાદ ગયાં, વખારોનાં ભાડાં નકામાં ગયાં, મજુરોની મજુરી નકામી ગઈ, નોકર–ગુમાસ્તાઓના પગારો પણ વ્યર્થ ગયા. શેઠજી વિચાર કરે છે, હજી દેવી કેમ ન આવી ? દેવી ન આવવાથી, દેવીને ખુબ જ ઓલંભા આપવા લાગ્યો. છેવટે દેવી આવીને કહે છે, અરે ! અધમ આત્મા ! આવા અવળા વેપાર કરીને, નફો મેળવવાની ઈચ્છા કરે છે ! આવી વસ્તુ કોણ તારો બાપ લેશે ? તને વરદાન આપ્યું, એટલે શું મારો ગુન્હો થયો ? શું મેં તને ઊંધા વેપાર કરીશ તો પણ નફો મળશે, એવું વરદાન આપ્યું હતું. ? જા હવે હું પણ તારી આ દુષ્ટતાથી કંટાળીને જાઉ છું. અને મારૂં વરદાન પણ પાછું લઇ લઉં છું. તારા આવા આચરણથી તારૂં પેટ ભીખ માગતાં પણ ભરાશે નહિ, એમ કહીને દેવી ચાલી ગઇ.

ઉપનય—આકથાનકનો ઉપનય–[ઉપમા ઉપમેય ભાવ] સાર એવો છે કે, દેવી તે ઉપકારી ગુરુમહારાજ, બેનપણી દેવી તે જ્ઞાનીપુરુષોની ભલામણ; દેવીએ વરદાન આપ્યું તે ગુરુ મહારાજાએ આપેલો મુનિવેશ, બેનપણી દેવીએ ના કહી હતી કે, અયોગ્યને આવું વરદાન ન અપાય. તે જ પ્રમાણે જ્ઞાનીમહાપુરુષોએ પણ ચોખ્ખું ફરમાવ્યું છે કે, નાલાયકને

સાધુવેશ ન અપાય; છતાં સમજણી દેવીએ, વરદાન આપવામાં ભૂલ કરી, તેમ છદ્મસ્થપણાએ સમજણા, ગીતાર્થ, ત્યાગી, નિર્લોભ ગુરુઓને પણ, ભૂલાવામાં નાંખી દીધા. તે છદ્મસ્થદશારુપ-આવરણે, મહાજ્ઞાનીગુરુઓને ભૂલવણીના ચક્કરમાં નાખીને **વિનયરત્ન, વરાહમીહિર, ગોષ્ઠામાહિલ** અને **બાલચંદ્ર** જેવા નાલાયક આત્માઓને, વરદાન રૂપ મુનિવેશો અપાવી દીધા.

આ કથાનકના ઉપનયથી ચોખ્ખું સમજાય છે કે, મુનિ-વેશની ચોક્કસ જરૂર છે. છતાં કેટલાક કેવળ મુનિવેશ પહેરીને વાણીયાની માફક, વેશરુપ વરદાનનેજ વલગીને, સાધુપણાને ન છાજે તેવાં, આચરણો આચાર્યા કરે તો, દેવીના વરદાન જેવા મુનિવેશની તાકાતથી, મૂર્ખ વાણીયા જેવા વેશધારી મુનિને શો લાભ થાય ?

આપણા જેવા અજ્ઞાની અને સ્વચ્છંદ આત્માઓ, તે વાણીયાની, મૂર્ખાઈને પણ જિતી જાય તેવી મૂર્ખાઈદ્વારા, વરદાન જેવા સાધુ વેશના ભરૂંસે રહીને, સાધુપણાને બીલ્કુલ ન છાજે તેવાં, આચરણો આચરીયે અને ફક્ત વેશના પ્રતાપે મોક્ષમાં જવાની આશા રાખીએ, તે મૂર્ખ વાણીયાના ઊંધા વેપાર કરતાં પણ, વધારે મૂર્ખાઈ વાળું કાર્ય છે. એ નિઃસંદેહ છે.

પ્ર૦—સાધુવેશ પામીને વાણીયા જેવાં મૂર્ખાઈ ભર્યાં કાર્યો કયાં કયાં કરાય છે ? તે બતાવી શકાય ખરાં કે ?

ઉત્તર—અરે ભાઈ ! આત્માની અજ્ઞાનતાના ચાળા, કેટલા પ્રકારના છે ? એ કોણ ગણાવી શકે તેમ છે ? પૂર્વના મહર્ષિ-ઓ પણ જણાવી ગયા છે કે, આ મોહરુપ મેનેજર (નાટકના ટોળાનો માલીક) છે, તેને જગતના પ્રાણીઓરૂપ ભવાયાઓ પાસે,

કેટલા વેશ ભજવાવવા ? તેનો આંકડો કે સંખ્યા નથી. મોહનીયકર્મને આધિન બનેલા જગતના પ્રાણીઓ નાચ્યા કરે છે. એટલે સાધુનો વેશ પહેરીને આપણા આ અજ્ઞાની જીવડે પણ જે જે ભૂલો કરી છે, તે ગણાવી શકાય તેમ નથી, છતાં આગળ બતાવવામાં આવતા સાધુદશાના ગુણો ઉપરથી સમજી શકાશે કે, આથી જેટલું વિપરીત થયું છે અને થાય છે તે બધું આ જીવના સંસારની વૃદ્ધિને માટે જ છે.

ઉપરના વર્ણનથી સમજી શકાશે કે, જ્ઞાની પુરુષોએ જે "**ज्ञानक्रियाभ्यां मोक्षः**' ફરમાવેલ છે, તે બરાબર છે. અને તેથી બન્ને ચક્ષુઓની માફક, અથવા રથના બે ચક્રો (પૈડાં) ની માફક, કે મનુષ્યના બે પગોની માફક, આત્માને મોક્ષમાં જવા માટે, જ્ઞાન અને ક્રિયા બન્નેની જરૂર છે.

તે જ કારણને લક્ષમાં રાખીને, શ્રીજિનેશ્વરદેવોએ ક્રિયાને સંપૂર્ણ આદર આપ્યો છે. તે ભગવંતો પોતે પણ જ્ઞાનથી તે જ ભવમાં, પોતાની મુક્તિ જાણતા હોવા છતાં, ચારિત્ર અંગીકાર કરીને, ઘોર તપસ્યાઓ કરી, ઘોર પરિષહો અને ઉપસર્ગો સહન કર્યા, દેશોદેશ વિચર્યા, હંમેશાં ઊભા પગે રહ્યા, મોટા મોટા અભિગ્રહો ધારણ કર્યા, સદા કાયોત્સર્ગમુદ્રાએ જ રહ્યા, આ બધા પ્રકાર ક્રિયાના જ છે. જ્ઞાનના સહયોગથી ક્રિયા અમૃત જેવી થાય અને ક્રિયાની સહાયથી જ્ઞાનની વૃદ્ધિ અને શુદ્ધિ થાય, અંતે કર્મોનો નાશ અને કેવળજ્ઞાન પણ થાય છે.

પ્ર૦—ભગવતી**મરુદેવા** અને **ભરતમહારાજા** પ્રમુખ ઘણા મહાત્માઓ ક્રિયા વગર જ મોક્ષમાં ગયા છે. તો પછી '**ज्ञानक्रियाभ्यां मोक्षः**' એમ કહેવાની શી જરૂર ?

ઉ૦—**મરુદેવીમાતા**ના જેવા દાખલા જગતમાં તદ્દન થોડા મળશે. બીજું એ પણ સમજવાનું છે. કે, છેલ્લાભવમાં કે છેલ્લીક્ષણમાં ક્રિયા હોવી જોઈએ એમ નથી, પરંતુ ચાલુ ભવના આગલા ભવમાં, ચાલુ ક્ષણની આગલી ક્ષણોમાં, કર્મોનો ક્ષય થવાનાં સાધનો મળવાં જોઈએ. અને મરુદેવાસ્વામિનીના જીવને તેમ બન્યું છે.

ભગવતી **મરુદેવી**નો આત્મા છેલ્લા ભવના આગલાના આગલા–ત્રીજા ભવમાં નિગોદમાં હતો. (નિગોદમાંથી નિકળેલો આત્મા પાંચ ઇંદ્રિયવાલા જીવો જેટલો કર્મથી ભારે હોતો નથી.) તે નિગોદનો નીકળેલો, વનસ્પતિકાયમાં કેળાનું ઝાડ થયો. તેની લગોલગ કંથેરીનું ઝાડ ઉગેલું હતું, પવનના ઝાપટાથી કંથેરીના કાંટા વારંવાર કેળને લાગતા હતા. તો પણ ભાવિભદ્ર-આત્મા કેળના જીવડે ક્ષમા રાખી સહન કર્યું. જેથી જોરદાર અકામનિર્જરાએ, પુણ્ય બંધાયું અને જિનેશ્વરદેવની માતા થવાનું સદ્ભાગ્ય મળ્યું.

પ્ર૦—પાંચ ઇંદ્રિયવાલા જીવો કરતાં એક ઇંદ્રિયવાલા નિગોદિયા જીવોને, કર્મ અને કર્મનાં બંધનો ઓછાં હોય, તેથી તે ઉચ્ચ આત્મા ન ગણાય ?

ઉ૦—તેલ–મરચાં અને પાન–બીડીના વેપારીને ખરચા તદ્દન ઓછા હોય છે, અને શરાફ વેપારીઓ, ઝવેરી લોકો અને આડતના ધંધાવાલા વેપારી લોકોને ખર્ચા ખૂબ જ હોય છે, છતાં જગત જેમ તેલ–મરચાં અને પાન–બીડીના વેપારને ઇચ્છતું નથી અને શરાફી લાઇન, આડત અને ઝવેરાતના ધંધાને ઇચ્છે છે. કારણ કે તેમાંથી, કયારેક કોડોપતિ કે અબ-

ઝોપતિ થઇશકાય છે, પરંતુ તેલ–મરચાં કે પાન–બીડીના તુચ્છ ધંધાથી, શ્રીમંત થવાતું નથી–તેજ પ્રમાણે એકેન્દ્રિય-જીવોને, કર્મબંધ તદ્દન ઓછો હોવા છતાં, ત્યાં મોક્ષપ્રાપક સામગ્રીનો અભાવ હોવાથી, એકેન્દ્રિયાદિગતિ અને જાતિ તે એજીવોની નિર્ભાગ્ય દશા છે.

પ્ર૦–અકામનિર્જરાદ્વારા કેળનો જીવ પુણ્યબાંધીને, મરુ-દેવીમાતા થયાં, તો–શું અકામનિર્જરાથી, આવાં પુણ્ય બંધાય બરાં?

ઉ૦–અકામનિર્જરાથી, ચારેનિકાયના દેવોનું આયુષ્ય બંધાય છે, અકામનિર્જરાથી, રાજા–મહારાજાપણું મળે છે. અકામનિર્જરાથી, મોટાધનવાનો પણ થાય છે, અને મોટા ભાગે તિર્યંચના જીવો, અકામનિર્જરાથી આ બધાં સ્થાનો પામે છે.

પ્ર૦–અકામનિર્જરા એટલે શું?

ઉ૦–સમજણ વિના કષ્ટ સહન કરવાં અને કર્મ બપા-વવા તે. જેમ સમજણ વિના જ ઘુણા નામનો કીડો, **ક્કાર** વિગેરે અક્ષરો કે **એકડા** વિગેરે આંક, કયારેક કોતરી નાખે છે, તથા નદીના પાણીમાં અથડાઈને જેમ પથ્થર સુંવાળા–મૃદુ થાય છે. તેજપ્રમાણે જીવપણુ, અકામનિર્જરાથી ઊંચા આવે છે. ભરત મહારાજાએ તો, આગલા જન્મમાં ઉચ્ચકોટીનું મુનિપણું આચરીને, ઘણાં કર્મો બપાવેલા અને પુષ્કળ પુણ્યનો બંધ કરી, આ છેલ્લો ભરતચક્રીતરીકેનો જન્મતો કેવળ પુણ્યભોગવવા માટેનો જ હતો. તે પુણ્ય ભોગવાઈ ગયાં એટલે કેવલજ્ઞાન થયું. એટલે જેટલા આત્મા મોક્ષ પામ્યા છે, પામી

રહ્યા છે અને મોક્ષ પામશે તે બધા, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્-ક્રિયાના બલથી જ. હવે તે સમ્યગ્જ્ઞાન અને ક્રિયાના વિભાગો વિચારીએ.

શ્રીવીતરાગના મુનિરાજોમાં, કયા ગુણો આવેલા હોય અને કયા દોષો ન હોય ? તે જોઈએ.

અજ્ઞાન, અવિરતિ અને મિથ્યાત્વ આ ત્રણે આત્માના કટ્ટર દુશ્મનો છે. તે શ્રીવીતરાગના સાધુઓમાંથી, જતા રહ્યા હોય, અથવા જવાની તૈયારીમાં હોય.

જીવનમાં જ્ઞાન અને ક્રિયા–બન્નેનો સંપૂર્ણ આદર ચાલુ જ હોય. તેમાં **'દેશ આરાધક ક્રિયા કહી. સર્વ આરાધક જ્ઞાન'** એટલે દિવસમાં અમુક ટાઇમ જ ક્રિયાની આરાધના કરે અને પછી આખો દિવસ જ્ઞાનની આરાધના કરે તે જ શ્રીવીતરાગના મુનિરાજ કહેવાય, તથા શ્રીવીતરાગના મુનિવર ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા પામેલા હોય. શ્રુત-ધર્મ અને ચારિત્રધર્મને બરાબર સમજવા અને આદરવા ઉદ્યમી હોય, શ્રીવીતરાગદેવના મહામુનિરાજોમાં, સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્રની સંપૂર્ણ ઉપાસના અને ઐક્યતા હોય (આ રત્નત્રયી સર્વગુણોની ખાણ છે.)

પ્ર૦–પાંચમહાવ્રત અને રત્નત્રયીમાં શું ભેદ છે ? જે મુનિરાજમાં પાંચમહાવ્રત હોય, તેમનામાં રત્નત્રયી હોય કે કેમ ?

ઉ૦–રત્નત્રયીમાં પાંચ મહાવ્રતનો સમાવેશ થાય, પરંતુ પાંચમહાવ્રતમાં રત્નત્રયીનો સમાવેશ ન થાય. કારણ કે, સમ્ય-ગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, આ ત્રણનું જે અભિન્ન-

પણું તેનું નામ રત્નત્રયી કહેવાય છે. રત્નત્રયીનો ત્રીજો ભેદ ચારિત્ર છે, તેના અહિંસાદિ પાંચભેદોને પાંચમહાવ્રત કહેવાય છે. અહીં એ ધ્યાન રાખવું જોઈએ કે, મન, વચન અને કાયાથી અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અસંગતા આત્મામાં આવી જાય, પરંતુ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જો આવ્યાં ન હોયતો, તે પાંચમહાવ્રતોની કશી કિંમત નથી.

પ્ર૦–સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિના એકલાં પાંચ મહાવ્રતો હોઈ શકે ખરાં ?

ઉ૦–જરૂર હોઈ શકે છે એ બેના અભાવમાં પણ વખતે કોઈ જીવ હજારોવાર, લાખોવાર, કોડોવાર કે અસંખ્યાતીવાર પણ મહાવ્રતો પામે છે, અને તેવા આચરણથી દેવતાઓનાં પણ શિર ડોલી જાય છે. વળી આ પાંચમહાવ્રતોના વિશિષ્ટ પાલનથી, જીવો નવમાગ્રૈવેયક સુધી પણ જાય છે અને દેવપણાને પામે છે. પરંતુ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિના પાંચમહાવ્રતો જીવમાં આવે તોપણ, તે દ્રવ્યચારિત્ર જ કહેવાય છે. આવા ચારિત્રથી જીવોને, પૌદ્ગલિકસુખો મળે, પરંતુ સંસાર ઓછો થતો નથી. એકલાં પાંચમહાવ્રત ઘણાં સારાં હોય તો પણ, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વગરના હોય તો. જીવનું ભવાભિનંદિપણું કે પુદ્ગલાનંદિપણું, જરાપણ મંદ થતું નથી. અને તે મનુષ્યના કે દેવના થોડા ભવોમાં, પૌદ્ગલિકઐશ્વર્ય અપાવી, પુનઃ આત્માને સંસારમાં રખડતો બનાવે છે.

આ પાંચમહાવ્રતો આવ્યા પછી પણ, જીવ અનંતો કાળ

સંસારમાં રખડવા ચાલ્યો જાય છે. પુનઃ નરભવાદિ સામગ્રી પામે, અને વખતે પાંચમહાવ્રત પણ પામે, પરંતુ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ન આવ્યાં હોય તો, વળી પાછો અનંતોકાળ સંસારમાં ભટકતો થઇ જાય છે. આપણી પણ આવી મનુષ્યજન્મની ફેરીઓ અનંતી થઈ અને દ્રવ્યચારિત્ર પણ અનંતીવાર આપણે લીધાં. તોપણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના અભાવે મોક્ષમાં પ્રવેશ નજ થયો અને પુનઃ નરક, તિર્યંચ અને નિગોદાદિમાં ધકેલાવું પડ્યું છે.

પ્ર૦—તો પછી સમ્યક્ત્વસહિત પાંચમહાવ્રતો આવે કયારે ?

ઉ૦—આ જીવની ભવસ્થિતિ પરિપકવ થાય ત્યારે. એટલે કે અનંતાનંત ભાવપુદ્ગલપરાવર્ત સ્વભાવવાલા આ સંસારમાં ભટકી રહેલા જીવને, જ્યારે મોક્ષમાં જવા અગાઉ, ચરમ એટલે છેલ્લો પુદ્ગલપરાવર્ત સંસાર બાકી રહે ત્યારે, જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાનાં કારણો પ્રકટવાં શરૂ થાય છે.

પ્ર૦—સમકિતની પ્રાપ્તિ થવા અગાઉ પણ જીવમાં બીજી કોઈ લાયકાતો આવી શકે ખરી ?

ઉ૦—જેમ સૂર્યઉદય થવાનો હોય તેની પહેલાં, અરુણોદય થાય છે, તેમ સમ્યક્ત્વ પ્રકટ થવાનું હોય તેની અગાઉ, બીજા ઘણા ગુણો પ્રકટ થાય છે.—જેમ રાજા–મહારાજાની પધરામણી થવાની હોય તેની પહેલાં, કેટલાક મોટા હોદ્દેદારો આગળથી આવીને, મહારાજાના માનને ઉચિત સામગ્રીઓની તૈયારી કરેછે તેમ, સમ્યક્ત્વગુણ પ્રકટ થવાનો હોય તેની પહેલાં, કેટલાક ઉત્તમગુણો પ્રકટ થાય છે. સમ્યક્ત્વ આવતાની સાથે, પ્રથમ આવેલા ગુણો સાધારણ ઝાંખા ભાસતા હોય તે,

એકદમ ચળકતા બની જાય છે.

પણ જો મહારાજા આવવાના હોય, તો આવતા અટકી જાય તો, આગળથી આવેલા બીજા અધિકારીઓ પાછા જાય છે. તેમ સમકિત આવવા અગાઉ આવેલા ગુણો, સમકિતને આવવાની ભૂમિકા શુદ્ધ બનાવે છે. પરંતુ જો તે દરમ્યાન સમકિત ન આવે તો, આવેલા ગુણો પણ રવાના થઇ જાય છે.

પ્ર૦—'સમકિતની પ્રાપ્તિ અગાઉ ગુણો પ્રગટ થાય છે' આમ જે કહેવાય છે તે ગુણો કયા કયા ?

ઉ૦—જે આત્મા સમકિત પામવાનો હોય છે, તેના ભવ-ભ્રમણનું છેલ્લું પુદ્ગલપરાવર્તન શરૂ થયું હોવાથી, તેનામાંથી કૃષ્ણપાક્ષિકપણાનો દોષ નાશ થાય છે અને સર્વ પ્રથમ શુક્લ-પાક્ષિકપણું પ્રગટ થાય છે.

પ્ર૦—કૃષ્ણપાક્ષિક જીવ કોને કહેવાય ?

ઉ૦—કૃષ્ણપાક્ષિક જીવને સારી પ્રવૃત્તિ ગમે નહિ, ગુણીના ગુણ સાંભળવા ગમે નહિ, 'સારૂં તે મારૂં' એમ નહિ પણ 'મારૂ તે સારૂ' એમ સ્થાપન કરે, ધર્મની કે પરમાર્થની કોઈ પણ ક્રિયા રુચે નહિ, સારાની સંગત કરે નહિ, પ્રાયઃ નબ-ળાનીજ સોબત શોધે, તેને આત્મિક વાતોમાં રસ ન પડે, પરંતુ પૌદ્ગલિક વાતોમાં રસ પડે, તે દાન, શીલ, તપસ્યા વિગેરેને આચરે નહિ, આચરે તો લોકહેરીથી આચરે. અર્થાત્ દાનાદિક ક્રિયાઓ તે કરે નહિ અને કરે તો યશને માટે કરે, અથવા આ ભવ કે આવતા ભવના સુખ માટે કરે, પણ મોક્ષ માટે કરે નહિ, કૃષ્ણપાક્ષિક જીવ જે કાંઇ સારૂં કરતો દેખાય, તે બધું આલોક માટે જ હોય, પરંતુ આત્માનું ભવભ્રમણ ઘટા-

ડવા માટે હોય જ નહિ. મહાપુરુષો ફરમાવે છે કેઃ—

"जो अकिरियावाइ, सो भविओ अभविओ वा नियमा कण्हपक्खिओ. किरियावाइ नियमा भविओ, नियमा सुक्कपक्खिओ, अन्तोपुग्गलपरिअट्टस्स नियमा सिज्झइ. सम्मदिट्ठी वा मिच्छदिट्ठी वा हुज्जा."

અર્થ—જે આત્મા અક્રિયાવાદી (દાનાદિ-ક્રિયાનું તથા અહિંસાદિધર્મોનું ખંડન કરનાર) હોય તે ભવ્ય હોય અથવા અભવ્ય હોય તે ચોક્કસ નહિ, પરંતુ તે ચોક્કસ કૃષ્ણપાક્ષિકજ હોય. જે આત્મા ક્રિયાવાદી હોય, અર્થાત્ દાનાદિક્રિયાનું સમર્થન કરનાર હોય, અને અહિંસાદિધર્મોનું પોષણ કરનાર હોય, તે આત્મા ચોક્કસ ભવ્ય પણ છે અને શુક્લપાક્ષિક પણ છે, અને અર્ધપુદ્ગલપરાવર્તમાં, જરૂર મોક્ષમાં પણ જવાનો હોય છે. પછી ભલે તે વર્તમાનકાળે, સમકિતી હોય અથવા મિથ્યાદૃષ્ટિ (મંદ મિથ્યાત્વી) હોય.

પ્ર૦—ઉપર જે પાઠ 'जो अकिरियावाई.' ઇત્યાદિ મુકવામાં આવ્યો છે. એના ઉપરથી તો એમજ સમજાય છે કે, શ્રીજૈનશાસનમાં, કેવળ ક્રિયાની મુખ્યતાએ, આત્માનું કલ્યાણ થતું હોય એમ સમજાય છે.

ઉ૦—શ્રીજૈનશાસનમાં એકલી ક્રિયા કે એકલા જ્ઞાનની મુખ્યતા છે જ નહિ, પરંતુ જ્ઞાનપૂર્વકની જ ક્રિયાનું સમર્થન કરેલું છે. એકલીક્રિયા કે એકલાજ્ઞાનનું નહિ જ. **"ज्ञानक्रियाभ्यां मोक्षः."** એકલી ક્રિયા વિધવા સ્ત્રી જેવી છે અને એકલું જ્ઞાન વાંઢા મનુષ્ય જેવું છે. અથવા એકલી ક્રિયા આંધળી છે અને એકલું જ્ઞાન પાંગળું છે. બન્નેનો સહકાર લઇ આત્મા કર્મક્ષય

કરી શકે છે. જગતમાં પણ કેટલીક ચીજો એવી છે કે, જે ઉભયના યોગથી સુશોભિત લાગે છે.

" જલથી કમલ શોભે, કમલથી જલ શોભે;
જલ અને કમલથી, સરોવર શોભે છે.
ચંદ્ર થકી રાત શોભે, રાત થકી ચંદ્ર શોભે;
ચંદ્ર અને રાત બન્ને થકી, અંબર શોભે છે.
મણિથી કંચન શોભે, કંચનથી મણિ શોભે;
મણિ અને કંચન બન્ને થકી, કર શોભે છે.
નરથકી નાર શોભે, નારથકી નર શોભે;
નર અને નાર બન્ને થકી, ઘર શોભે છે.

અર્થ—(ઉપરનો અર્થ જો કે ચોક્કસ સમજાય તેવો છે તો પણ મારા થકી પણ ઓછી બુદ્ધિવાલાને સમજવા લખું છું.) જેમ કમલવિનાનાં જલાશયો સારાં લાગતાં નથી, તેમ જળવિનાનાં કમળો પણ કરમાઈને સુકાઈ જાય છે. એટલે કમળો જળની શોભા વધારનારાં છે, તેજ પ્રમાણે જળ પણ કમળનું જીવતર ટકાવનાર અને શોભા વધારનાર છે. તે જ પ્રમાણે જળ અને કમળ બન્નેના યોગે સરોવર ખૂબ જ રૂપાળું લાગે છે. જેમ અંધારીયામાં ચંદ્રના અભાવે રાત્રી, બીહામણી લાગે છે, પરંતુ સોળ કળાનો ચંદ્ર ખીલવાથી, રાત્રી રુપવતી જણાય છે, દ્રષ્ટાને આનંદ આપે છે, તે જ પ્રમાણે ચંદ્ર ગમે તેવો શરદઋતુનો હોય તો પણ, રાત્રીના અભાવમાં કદરુપો લાગે છે પણ રાત્રીની હાજરીમાં જ આનંદ આપનારો થાય છે, અને રાત્રી તથા ચંદ્ર બન્નેના યોગથી, આકાશ પણ ઘણું જ સુન્દર દેખાય છે. ગમે તેટલી ઊંચી કીંમતનો હીરો હોય તો પણ,

સુવર્ણની વિંટી વગર શોભાને પામતો નથી, સોનાના આભૂષણમાં જડવાથી હીરો ખીલી ઉઠે છે. તે જ પ્રમાણે સોનું પણ હીરાના જડાવથી, ઘણું સુશોભિત લાગે છે. હીરા વગરની વિંટી મસ્તક વગરના શરીર જેવી છે, અને બન્નેના એટલે મણિ અને કંચન બન્નેના યોગથી, હાથ સુંદર દેખાય છે. એ શંકા વગરની વાત છે.

મનુષ્ય–પુરુષ અકેલો હોય તો તે, વાંઢો કહેવાય છે. તે જ પ્રમાણે એકલી સ્ત્રી રાંડીરાંડ કે વૃદ્ધાકુમારી કહેવાય છે. અર્થાત્ પુરુષ વિનાની સ્ત્રીની પણ શોભા દેખાતી નથી. એટલે પુરુષ અને સ્ત્રી બન્નેના યોગથી પરસ્પરની શોભા છે. તેમ સ્ત્રી–પુરુષ બે જ્યાં હોય તે ઘર શોભે છે. પુરુષ અને સ્ત્રી બન્નેનું ઘર હોય, ત્યાં કોઈ પુરુષ કે સ્ત્રીને જવામાં સંકોચ રહેતો નથી. અવિશ્વાસ થતો નથી. અને એકલી સ્ત્રીના ઘેર કોઈ પુરુષ જાય, અથવા એકલા પુરુષના ઘેર કોઈ સ્ત્રી જાય, તો નિંદાને પાત્ર બને છે. પણ સ્ત્રી–પુરુષ–યુગ્મના ઘેર જનારની, જરા પણ નિન્દા થતી નથી, માટે જ પુરુષ અને સ્ત્રી બન્નેના યોગથી ઘરની શોભા છે. તો જ મેમાન–પરોણા આદર પામે છે, અતિથિસત્કાર થાય છે, લોકોનો ચાહ વધે છે. જગતમાં માન–મહત્તા, આબરૂ, ખ્યાતિ જળવાઈ રહે છે.

આ ઉદાહરણોની માફક બીજા પણ બબ્બેના સહકાર ઘણા હોય છે તે બેમાંથી એક હોય તો કામ થતું નથી. તે જ પ્રમાણે એકલી ક્રિયાથી કે, એકલા જ્ઞાનથી આત્માને મોક્ષપ્રાપ્તિ થતી નથી. એટલે જ શ્રીજિનેશ્વરદેવોએ **'ज्ञानक्रियाभ्यां मोक्षः'** કહેલ છે. ઉપર જે અક્રિયા અને ક્રિયાની બાબત બતાવી છે તે પણ, જ્ઞાનપૂર્વકની ક્રિયાનીજ વાત કહેલી છે. એમ સમ-

જવું. એટલે જ્ઞાનના અભાવમાં ક્રિયા નહિ કરનાર, જેમ અક્રિ-વાદી કહેવાતા નથી, તે જ પ્રમાણે જ્ઞાન વગરના મનુષ્યો ઘણી ક્રિયા કરતા હોય તો પણ, તેઓને ક્રિયાવાદી કહેલા નથી. જો જ્ઞાન વગરની ક્રિયા કરનારને ક્રિયાવાદી કહેવાય, તો એકલી ક્રિયાના બળે, નવમા ગ્રૈવેયક સુધી જનાર, અભવ્ય પણ ક્રિયાવાદી ગણાશે, અને એથી એનામાં પણ શુકૂલપાક્ષિકપણું આવી જશે, તેમ નથી, માટે જ્ઞાનપૂર્વકની ક્રિયા કરનારને જ ક્રિયાવાદી કહેવાય છે, અને જ્ઞાનપૂર્વકની ક્રિયાનું ખંડન તે જ અક્રિયાવાદિપણું જાણવું. આથી સમકિત નહિ પામેલો પણ, ભવિષ્યમાં સમકિત પામવાની તૈયારીવાળો, મિથ્યાદૃષ્ટિ આત્મા પણ ખૂબ હળવો થયેલો હોય તો જ, સમકિત પામી શકે છે. તે વખતની તેની દશા કેવી હોય છે? તે જોઈએ.

મિથ્યાદૃષ્ટિ અને ચાર ગતિમાં ફરનારા, જગતના પંચે-ન્દ્રયજીવો પ્રાયઃ મહાભારેકર્મી હોય છે. પંચેન્દ્રયપણામાં મહાચિકણાં અને મોટી સ્થિતિવાળાં કર્મો બાંધીને, એકેન્દ્રિયાદિક જાતિમાં તેઓ જાય તો પણ, કર્મના ભારથી પ્રાયઃ હલકા થએલા હોતા નથી, અને તેથી તેઓ વધારેમાં વધારે, **સાડા ત્રણ કાલચક્ર સુધી ચાલે તેવાં કર્મની સત્તાવાલા હોય છે.** જુનાં કર્મ ભોગવતા અને નવાં કર્મ બાંધતા, આવા ભારે કર્મી જીવો સદાકાલ કર્મથી ભરેલા રહે છે. લગભગ જગતના સર્વ જીવો, દુર્ધ્યાનને વશ બનીને, મોટી સ્થિતિવાલાં કર્મોના ભારથી જકડાએલા હોય છે. તેથી (જેમ આંધળો માણસ જગતની કશી ચીજ દેખતો નથી અને પોતાના શરીરને પણ દેખતો નથી તેમ) પોતાના આત્માને ઓલખવાનો, તેઓ અવકાશ જ

પામી શકતા નથી. કર્મની મોટી સ્થિતિના ભારથી દબાયેલા જગતના સર્વ જીવોમાંથી, જે જીવ સમકિત પામવાનો હોય તે આત્મા, ઉપર બતાવેલી સાડા ત્રણ કાલચક્ર, દોઢ કાલચક્ર, અને એક કાલચક્ર ચાલે તેવી, કર્મની ભારે સ્થિતિમાંથી ઘટાડો કરીને, આયુ સિવાયના સાતે કર્મની સ્થિતિઓને એક કોટાકોટી સાગરોપમથી પણ ન્યૂન કરે છે.

"આયુવર્જિત સાતે કર્મનીજી, સાગર કોડાકોડી હીન રે,
સ્થિતિ પઢમકરણે કરીજી, વીર્ય અપૂર્વ મોગર લીધ રે,
સમકિત દ્વાર ગમારે પેસતાંજી..."

અર્થ—જ્યારે આત્મા સમકિત પામવાનો હોય છે તેની પહેલાં, **'પઢમ'** એટલે પહેલું–યથાપ્રવૃત્તિકરણ નામનું કરણ કરે છે. તેથી આયુ સિવાયનાં, જ્ઞાનાવરણીયાદિ સાતે કર્મની સ્થિતિમાં મોટો ઘટાડો થાય છે અને ફક્ત અંતઃકોટા–કોટી પ્રમાણ જ બાકી રહે છે.

પ્ર૦—યથાપ્રવૃત્તિકરણ એટલે શું?

ઉ૦—આત્માએ સમજણપૂર્વક નહિ. પરંતુ–યથા–તથા જેમ–તેમ પ્રવર્તેલો–સ્વાભાવિક થયેલો, આત્માનો વ્યાપાર. જેમ કોઈ મૂર્ખ માણસ વિચાર શૂન્યતાએ ચાલ્યો જતો હતો. તેણે વગડામાંના એક ઝાડનાં પાંદડાંનો ડુચો, મુખમાં મૂકી દીધો કે તરત જ, તેની મૂર્ખતા ચાલી ગઈ અને દિવ્યતા પ્રકટ થઈ. વળી કોઈ નિર્ધન માણસે ભીંતને પાટુ લગાવી. ભીંત પડી ગઈ અને અંદરથી નિધાન નીકળ્યું. શાસ્ત્રોમાં કહેલ છે કે જેમ લાકડામાં ઉત્પન્ન થનારો, ઘુણા નામનો કીડો, લાકડામાં કોઈકવાર એકડો બનાવે છે, કે કોઈકવાર કકાર બનાવે છે. જેમ નદીના

પાણીમાં અથડાઈને પથ્થરા સુંવાળા થઇ જાય છે. તેમ જીવ પોતે અજ્ઞાનદશાથી, કર્મને ઘટાડવા પ્રયત્ન ન કરે છતાં, આત્માની કોઇક જબ્બરશક્તિવડે અકામનિર્જરાથી કર્મમાં ઘટાડો આવી જાય છે, તેને જ્ઞાની પુરુષોએ **યથાપ્રવૃત્તિકરણ** કહેલ છે. યથા એટલે વિવેકની શૂન્યતાએ, પ્રવૃત્તિ–એટલે થએલ, કરણ એટલે અધ્યવસાય, તેનું નામ **યથાપ્રવૃત્તિકરણ**. સમકિત પામવાની લાયકાત ન હોય તેવા જીવો પણ કેટલાક આ યથાપ્રવૃત્તિકરણ કરી શકે છે અને ઘણો કાળ આવી હળવી કર્મદશામાં રહે છે. પણ જેનો સંસાર ઘણો જ બાકી હોય, તેવા જીવો, પુનઃ મોટીસ્થિતિ બાંધનારા બનીને, વળી અનંતો સંસાર ભટકે છે. કોઈ યોગ્ય આત્મા સમકિત પામવાનો હોય, તેમાં **મિત્રા તારા** વિગેરે યોગદૃષ્ટિઓ [આત્માની લાયકાત વિશેષ] પ્રકટ થાય છે. અહિં આત્મામાં અહિંસા, સત્ય, અસ્તેય [ચોરીનો અભાવ] બ્રહ્મચર્ય અને અસંગતા એટલે અપરિગ્રહદશા પ્રકટ થાય છે. આ પાંચ યમ કહેવાય છે. તથા **દાન–દયા–દેવગુરુભક્તિ** પણ ઘણા ઉચ્ચ પ્રકારનાં પ્રકટેલાં હોય છે. અર્થાત્ દાનમાં ઘણી ઉદારતા આવે છે અને દેવગુરુભક્તિમાં ખૂબ જ જાગૃતિ પ્રકટે છે. ખેદ અને આલસ્ય નબળાં પડે છે, તથા શિષ્ટપુરુષોની જેટલી પ્રવૃત્તિઓ હોય, તેમાં ઘણો રસ પડે છે, અને અશિષ્ટમનુષ્યોના આચરણો ઉપર દ્વેષ થતો નથી, પણ ઉપેક્ષા જન્મે છે.

શ્રીજિનેશ્વરદેવના નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારેનિક્ષેપા ઉપર અતિપ્રમાણ ભક્તિ પ્રકટ થાય છે, વળી ચારેનિક્ષેપા ઉપર, શુદ્ધ પૂજ્યભાવના ઉત્પન્ન થાય છે. તથા

પંચાચારવિશુદ્ધ, નિર્મળરત્નત્રયીના ભંડાર, એવા ભાવાચાર્યની શોધ અને સેવામાં જાગૃત રહે છે. તથા સંસારના તમામ કારણોમાં ઉદ્વેગ પ્રકટે છે. અર્થાત્ દેવ–મનુષ્યગતિનાં સુખને પણ ઇચ્છે નહિ. પ્રતિક્ષણ સંસારની અસારતા અનુભવે, તથા દ્રવ્યઅભિગ્રહો પણ ઘણા ઉચ્ચકોટીના આચરે. અહિ સમકિતના અભાવે ભાવઅભિગ્રહો આવતા નથી. પરંતુ દ્રવ્યઅભિગ્રહો પણ ધર્મીજનોના અનુમોદનનું કારણ બને તેવા હોય. વલી પોતાની શક્તિને અનુસારે, વીતરાગના મુનિવરોનો ખૂબ સત્કાર કરે. ઔષધ, વસ્ત્ર, પાત્ર વિગેરે સંજમનાં પોષાક સાધનો મુનિરાજોને વહોરાવે અને તેવા અભિગ્રહો પણ આદરે. શ્રીવીતરાગનાં આગમો અને આગમાનુસારી ગ્રન્થો લખાવે, તથા શ્રીજિનેશ્વરદેવનાં મંદિરો અને પ્રતિમાઓ કરાવે, તેનું રક્ષણ અને તેના વિકાસના કાર્યમાં પોતાના દ્રવ્યનો, બુદ્ધિનો અને લાગવગનો થાય તેટલો સદુપયોગ કરે. વાચના, પૃચ્છના વિગેરે સ્વાધ્યાય કરે. શ્રીજૈનાગમની વાચના આપનાર ભાવાચાર્યનો યોગ સતત ચાલુ રાખે. અર્થાત્ જૈનાગમના સૂત્રરહસ્ય બતાવનાર ભાવાચાર્યનો વિયોગ પડવા ન દે. સૂત્રવાચના આપનારનો ઉપકાર માને, ઉપકાર ભૂલે નહિ.

બીજકથા એટલે યોગાંગ–(યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ. આ આઠ યોગનાં અંગો છે.) તે પણ બાહ્ય ન લેતાં અભ્યંતર સમજવાં. તેનો વિસ્તાર **'યોગદૃષ્ટિ–સમુચ્ચય'** આદિમાં છે ત્યાંથી સમજવો. આ યોગકથા–બીજકથા સાંભલીને શરીર રોમાંચિત થઈ જાય. સદાચારમાં આદર વધે, તેમ જ ઉદારતા, ધીરતા

અને ગંભીરતા પણ વધવા લાગે. પ્રશસ્ત એવા બાહ્ય સંયોગો વધવાથી **યોગાવંચકતા, ક્રિયાવંચકતા** અને **ફલાવંચકતા** શરૂ થાય. જો કે આ ત્રણ પ્રકારની અવંચકદશા સર્વવિરતિપણામાં જ હોઈ શકે છે, તો પણ શુદ્ધ સામાયિકમાં, ઉચ્ચકક્ષાના ગૃહસ્થ આત્માને પણ, દ્રવ્યથી જરૂર પ્રકટ થાય.

જેમ ચકોરપક્ષી ચંદ્રને ચાહે, જેમ મોર મેઘને ચાહે, જેમ મધુકર માલતીને ચાહે, તે પ્રમાણે આ મિત્રાદૃષ્ટિમાં વર્તતો આત્મા, સારાં નિમિત્તોને શોધતો જ રહે, એટલે ઉત્તમ ગીતાર્થગુરુનો યોગ પામી રાજી થાય, સૂત્રવાચના સાંભળી ખુશ થાય, સુપાત્રદાન કરી આનંદ પામે. તીર્થયાત્રા, સંઘમેળો, પર્વારાધન વિગેરે, ઉત્તમ પ્રકારની આરાધનાઓ અને શાસનપ્રભાવનાઓ દેખીને અતિહર્ષ પામે. તારા, બલા અને દીપ્રા દૃષ્ટિઓ સુધી પહોંચેલો આત્મા, ઉપરના બધા ગુણોમાં અધિકઅધિકતર ઉજ્વલતાને પામતો જાય છે. તેમ જ તેનાં–યોગનાં અભ્યંતર અંગો વિશેષ વિશેષ વિકાસને પામતાં હોય છે, તેથી **અપૂર્વકરણ**ના અધ્યવસાયોની, તદ્દન નિકટતા થવા લાગે છે.

આ પ્રમાણે યોગ્યતાની નિસ્સરણી ઉપર ચઢતો આત્મા, **અપૂર્વકરણ નામનું કરણ** પામે છે અને અનંતાકાળથી આત્મામાં રૂઢ બનેલી, અતિ મજબુત, કર્કશ, ઘન અને નિબિડ એવી રાગ–દ્વેષની ગાંઠને તોડી નાખીને, **અનિવૃત્તિકરણ** પ્રાપ્ત કરી, આત્મા પોતે આત્મદર્શન અપરનામ સમ્યગ્દર્શનને પામે છે.

અહીં આદ્ય એટલે પહેલા ચાર–અનંતાનુબંધિ કષાય અને મિથ્યાત્વમોહનીય ક્ષય થઈ જાય છે. અથવા ક્ષયોપશમ કે ઉપશમભાવને પામે છે. તેથી આત્માની ઉપરનું આવરણ–વાદળ

ખસી જઈ, શરદપૂનમના ચન્દ્રની માફક, આત્મામાં પ્રકાશ અને શીતળતાની પરાકાષ્ટા પ્રકટ થાય છે. સાથે સાથે શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકય મહાગુણો પણ પ્રકટે છે.

પ્ર૦—અપૂર્વકરણ એટલે શું ?

ઉ૦—અનંતકાળથી સંસારમાં રખડતો ભટકતો આત્મા, કયારે પણ આત્માની—પોતાની ઓળખાણ પામ્યો નથી. એટલે સમ્યગ્દર્શન જેવી અલભ્ય સામગ્રી મળવાની તો વાત જ કયાં રહી ? તેથી જીવને એવા અધ્યવસાય પણ આવ્યા ન હોય તે સ્વભાવિક છે. મતલબ કે આખા સંસારચકમાં, જીવને કયારે પણ નહિ આવેલા, માટે અપૂર્વ, અને કરણ એટલે અધ્યવસાય એટલે કે આત્મામાં કયારે પણ નહિ આવેલા અધ્યવસાય તેનું જ નામ **અપૂર્વકરણ.**

અપૂર્વકરણ નામના ગુણવડે, જીવ, રાગ—દ્વેષની ગ્રન્થીને ભેદીને, **અનિવૃત્તિકરણ** નામનું કરણ પામે છે. અનિવૃત્તિકરણ અધ્યવસાયથી, જીવ મિથ્યાત્વની સ્થિતિના બે ટુકડા કરે છે, તેમાં એક તદ્દન નાનો સ્થિતિ—વિભાગ હોય છે, તેને તે અલ્પક્ષણમાં ભોગવી લે છે. પછી મિથ્યાત્વમોહનીયના ભોગવટા વગરનો થવાથી, જીવ ઉપશમ સમકિતી બને છે.

આત્મામાં પ્રકટ થયેલ આવા પ્રકારના આત્મવિકાસનું નામ સમકિત—સમ્યગ્દર્શન કહેવાય છે. તે સમ્યકૃત્વ આવ્યા પછી અવગુણો ગુણમાં ફેરવાઈ જાય છે. ક્રોધાદિ કષાયો, મંદ-સત્ત્વવાળા થઈ જવાથી, આત્માને પાડી નાખવાની તાકાત વગરના થઈ જાય છે. આરંભાદિ પાપો થાય તો પણ, બહુ અલ્પ—બંધ કરનારા બને છે. કદાચ યુદ્ધ વિગેરે કરવાં પડે—થઈ જાય—તેમાં

પણ સમ્યગ્દર્શની જીવને પાપનો બંધ ઓછો પડે છે. સંસારમાં વસવા છતાં, ગૃહસ્થજીવન ચલાવવા છતાં, પાંચ ઇન્દ્રિયના ત્રેવીશવિષયો સેવવા છતાં તેને ચીકણાં પાપ બંધાતાં નથી.

પ્ર૦—પાપ તો પાપ જ છે. તો પછી સમ્યગ્દૃષ્ટિ જીવનો પક્ષપાત શા માટે ? બીજા માણસોને પાપ લાગે, તેવું જ પાપ હોય છતાં, તે પાપનું ફળ સમ્યગ્દૃષ્ટિને ઓછું તેનું કારણ શું ?

ઉ૦—સમ્યગ્દર્શન શબ્દનો અર્થ જ એવો છે કે, સાચું દર્શન એટલે જે જેવું હોય તેને તેવું સમજવું, આવું આત્માનું સાવધાનપણું, એનું નામ જ સમ્યગ્દર્શન કહેવાય છે, આવો સમ્યગ્દર્શનવાલો આત્મા પાપ કરે જ શાનો ? કદાપિ થઈ જાય તોપણ તેને નિર્ઘૃણ પરિણામ તો ન જ આવે જ્ઞાનીપુરુષો ફરમાવે છે કે,

"सम्मद्दिट्ठी जीवो, जइवि हु पावं समायरे किंची ।
अप्पोसि होइ बंधो, जेणं न निध्घंधसं कुणइ ॥ १ ॥"

અર્થ— સમકિતી જીવ પ્રાયઃ પાપ કરે નહિ. કરતાં સદા ડરતો રહે, 'કાંટામાં પગ મૂકવો સારો, પરંતુ પાપમાં પગ મૂકવો ખોટો' એમ માને, 'ઝેર પીવું સારૂં, પરંતુ પાપની આજીવિકા સારી નહિ' એમ સમજે, 'મહાભયંકર સર્પોવાલી અને અનેક સિંહાદિ શ્વાપદોવાલી, ભયંકર અટવીમાં રહેવું સારૂં, પરંતુ પાપી મનુષ્યોની સોબતમાં રહેવું સારૂં નહિ' એમ વિચારે. આવા આત્માને, બનતા પ્રયાસે, પાપ કરવાના પ્રસંગો ઓછા જ આવે, છતાં સંસાર પાપથી ભરેલો છે, અને સંસારના કોઈપણ કાર્યો પાપવિના બનતાંજ ન હોવાથી, સમકિતી જીવ પાપ કરે નહિ, છતાં થવાનો સંભવ ખરો,

પરંતુ આત્મા બહુ હરતો હોવાથી પાપ ઓછું બંધાય છે. કારણ કે પાપબંધ, મુખ્યતાએ મન ઉપર આધાર રાખે છે, વચન-કાયાથી પાપ ન કરે, પરંતુ જો મનમાં પાપના વિચારો આવ્યા કરે તો, ચિક્કણાં પાપ બંધાય, તે જ પ્રમાણે મનની ઇચ્છા વગર ન છુટકે કયાંક પાપવાળાં વચન બોલવાં પડે, અને ન છુટકે કયાંક કાયાથી પાપ સેવાઈ જાય તો તેને બહુ જ અલ્પ પાપ બંધાય છે

પ૦—એક જ સરખું પાપ હોવા છતાં, સમકિતી આત્માને પાપ ન લાગે, અથવા થોડું પાપ લાગે અને મિથ્યા-દૃષ્ટિ આત્માને ઘણું પાપ લાગે, આનું કારણ શું ?

૩૦—એક જ સરખી ક્રિયા હોવા છતાં, વિચારની વિપરીતતાથી, પાપનું ઓછા-વધતાપણું થાય તે બનવા યોગ્ય છે, આની હકીકત આપણે દાખલાથી જોઇએ.

એક ગામમાં એક ભાઇને ઘેર ઉંદર વધી ગયા હતા. એક વાર તે એક બીલાડી ઘેર લાવ્યા. તે તેને દરરોજ દુધ પાય છે. અને ભાવના ભાવે છે કે, હવે અઠવાડીયામાં ઉંદરડા સાફ થઈ જશે. આ ભાઈ ઉંદરડાનો નાશ કરવા માટે જ બીલાડીને પોષણ આપે છે. તેની ભાવનામાં ઉંદરડાઓને બીલાડીદ્વારા મરાવી નાખવા. એવા દુષ્ટ વિચારો ચાલ્યા કરે છે. બીજી બાજુ એક ધર્મી માણસ છે. તે પોતાને સારુ દરરોજ બશેર દુધ લાવે છે, અને ઢાંકી શીંકે મુકીને બહાર જાય છે, પાછળથી બીલાડી આવીને દુધ પી જાય છે. આ ભાઈ ઘેર આવીને જુએ છે અને ભાવના ભાવે છે કે, મારૂં દુધ પીને આ મહાપાપિણી બીલાડીનું પેટ ભરાઈ ગયું. એથી તે પાંચ-દશ

ઉંદરડાને મારતી અટકશે. મારા દુધના પ્રતાપે, પાંચ-દશ જીવોને અભયદાન મળશે. જોઈ લ્યો, દુધ અને બીલાડીનો દાખલો એક સરખો હોવા છતાં, એકને હિંસાનું પાપ લાગે છે. ત્યારે બીજાને જીવદયાનો લાભ થાય છે. જ્ઞાનીઓએ ફરમાવ્યું છે કે,

"तुल्ले वि उयरभरणे, मूढ-अमूढाण अंतरं पिच्छ;
एगाण निरयदुक्खं, अन्नेसिं सासयं सुक्खं ॥ १ ॥"

અર્થ—જગતના પ્રાણીમાત્રને, પેટભરવાનું એકસરખું હોવાછતાં કોઈક આત્માઓ, ખાતા-પીતા મોક્ષમાં જાય છે, કોઈક દેવગતિમાં જાય છે, જ્યારે કોઈક નરકગતિમાં જાય છે. આમાં આત્માની સમજણ અને મૂર્ખતા કારણભૂત છે. કેટલાક મહામુનિરાજો, રોટલા અને દાળ જેવા સાધારણ ખોરાક જ લે છે, તે પણ ગૃહસ્થોએ પોતાના કુટુંબ માટે બનાવેલો, તેમાંથી યે અલ્પ-અલ્પતર લે છે અને ઘણા ઘરો ફરીને એકજણનો આહાર પુરો કરે છે. તે જમીને, ઉપર એક ઉપવાસ, બે ઉપવાસ યાવત્ માસ, બે માસના ઉપવાસો પણ કરે છે. આમ આખી જીંદગી, પુદ્ગલને ભાડું આપવા જેવો ખોરાક ગ્રહણ કરી, ધર્મધ્યાનમાં રહી, શ્રેષ્ઠ મુનિઆચાર પાળીને, થોડાજ ભવમાં મોક્ષગામી થાય છે.

કેટલાક બીચારા અજ્ઞાનીમનુષ્યો, પેટભરવા માટે જુઠું બોલે છે. ચોરી કરે છે, વેશ્યા જેવા દુષ્ટ ધંધા આચરે છે, શીકાર કરે છે, મચ્છીઓનો વેપાર કરે છે, કસાઈખાનાં ચલાવે છે, ખાટકીના વેપાર કરે છે, ગલકટાનું કામ કરે છે, હિંસા કરનારાં હથિઆરો બનાવીને વેચે છે, ઈંડાના વેપાર કરે છે, પોતે પણ બકરાં, ઘેટાં, મૃગલાં, સસલાં, ગાય, બળદ, ભેંસ પાડા

વિગેરે જાનવરોનાં માંસ ખાય છે. ઈંડા ખાય છે, મદિરા પીવે છે, જીભના સ્વાદ અને પેટના પોષણ માટે, આવાં મહાભયંકર પાપ બાંધી, રૌરવ નરકાદિમાં ચાલ્યા જાય છે.

આ રીતે જ્ઞાનીપુરુષો બીલ્કુલ પાપ વિના પેટ ભરે છે. જ્યારે અજ્ઞાનીજીવો મહાપાપથી પેટ ભરે છે. એટલે પેટ ભરવાનું સમાન હોવાછતાં એકને મોક્ષ મળે છે અને એકને નરક મળે છે.

સમકિત એટલે સમ્યગ્જ્ઞાન–સવળું જ્ઞાન–સત્યજ્ઞાન જેનાથી આત્મ–જાગૃતિ થાય તેવું સમકિત. જે આત્મામાં આવે, તેને પાપ ગમે જ નહીં, કદાચ અનીચ્છાએ કરવું પડે તોપણ, વિવેક હોવાથી, તેને બંધ અલ્પ થાય અને તેથી ફળ પણ અલ્પ જ હોય. સમકિત આવતાં, તેઆત્માના વિચારો અને આચારોમાં, એવો પલટો આવે છે કે, જેનાથી એકજભવનાંનહીં પરંતુ ભવપરંપરાનાં–આગામિ દુઃખોનાં બીજ આત્મામાંથી બળી જાય છે. અને તે આત્માનું દુઃખમુકત અવસ્થા પ્રત્યે પ્રયાણ શરૂ થાય છે.

પ્ર૦—સમકિતી આત્માને પછીના ભવોમાં કયારે પણ દુઃખો આવે નહિ. શું આ વાત આત્માથી બનવાની શકય ગણાય ?

ઉ૦—આત્મા જાગૃત થાય તો, જરૂર બધું જ શકય છે. દાખલા તરીકે એક માણસ ખરાબ ખોરાક ખાવામાં ટેવાએલો છે, તેથી તેને વારંવાર રોગ થયા કરે છે. તેવા માણસને પણ જ્યારે હુશીયાર વૈદ્યદ્વારા કે, પુસ્તકના વાંચનદ્વારા, પોતાની કુટેવ અને તેના પરિણામે ભોગવવું પડતું દુઃખ સમજાય છે. ત્યારે તુરત જ તે અપથ્ય ખોરાક બંધ કરે છે. સારી હવા અને સારાં ઔષધો સેવવા લાગે છે અને નીરોગી થાય છે. તથા એક માણસ ઘણો કરજવાન થઇ ગયો છે. તેથી લેણદારો

લોહી ચુસે છે, કમાણી બધી વ્યાજમાં જ જાય છે. તે જ માણુ-
સને જ્યારે કરજનું કડવું પરિણામ સમજાય છે ત્યારે, સૌ
પ્રથમ તે પોતાના ખર્ચા ઉપર કાપ મુકે છે, મોજશોખ–એશ-
આરામ બંધ કરે છે. આવક વધારવાના બધા ઉપાયો યોજે
છે. આમ કરી થોડે થોડે, દેવું નિમૂંલ કરે છે અને પોતે ધનવાન
અને સુખી બને છે. તેજપ્રમાણે સમકિત પામેલો જીવ, થોડે
થોડે પાપનાં કાર્યો ઘટાડવાં શરૂ કરે છે, હિંસા, જુઠ, ચોરી
મૈથુન અને આરંભ–સમારંભો તથા ક્રોધાદિ અભ્યંતર શત્રુઓને
ઘટાડવા માંડે છે. પાપસ્થાનો કેટલાં સેવાય છે ? કેટલાં ઓછાં
થયાં છે, તેનું ધ્યાન રાખે છે. દાન, શીલ અને તપ વધારે છે.
વૈયાવચ્ચ અને સેવામાં સાવધાન બને છે. આમ થવાથી પાપ
ઓછાં થાય છે અને ધર્મ વધે છે. તેથી દુષ્કર્મ ઘટવાથી
અને સુકૃતનો વધારો થવાથી, આત્માની અશુદ્ધિ ઘટે છે અને
વિશુદ્ધિ પ્રકટ થાય છે. અને સાત્વિકભાવ ઉદારતા વિગેરે ગુણો
પ્રકટ થવા લાગે છે. ઉદારતાથી દાનગુણ જન્મે છે [દાનગુણ
એટલે—દાનાન્તરાયનો ક્ષયોપશમ] તે દાનના પ્રભાવથી **ધન્ના-
શાલિભદ્ર, વિક્રમરાજા, કરણરાજા, વસ્તુપાળ-તેજપાળ,
જગડુશાહ, પેથડશાહ, આભૂશાહ, ભામાશાહ** જેવા
મહાપુરુષો પ્રખ્યાત થઇ ગયા છે. જેમાંના એક-બેના ઉદા-
હરણો વિચારીએ.

એક વાર **વિક્રમરાજા**એ પોતાના પુરોહિતને, ઘણું
સાધન સાથે આપી, સમુદ્રના અધિષ્ઠાયક **સુસ્થિતદેવનું**,
પૂજન-સન્માન કરવા સારૂ સમુદ્રના કિનારે મોકલ્યો. પુરોહિતે
સમુદ્રકાંઠે અઠ્ઠમનો તપ કરી, સુસ્થિતદેવની આરાધના શરૂ
કરી. પુરોહિતની મન-વચન-કાયાની એકાગ્રતાથી, દેવ તુષ્ટમાન

થયો અને વિક્રમરાજાની ધર્મનીતિ અને વિવેકપરાયણતાનાં, ઘણાં ઘણાં વખાણ કરી, ચાર રત્નો આપીને અદ્રશ્ય થઈ ગયો. તે રત્નોનો મહિમા.—

"अभीष्टधनदं चाद्यं, द्वितीयं भोज्यदं मणिः ।
तृतीयं सैन्यदं तूर्यं, सर्वभूषणदायकं." ॥

અર્થ—સુસ્થિતદેવે, વિક્રમાદિત્યનરેશની ઉપર પ્રસન્ન થઇને, પુરોહિત સાથે ચાર મહારત્નો આપ્યાં હતાં. તેમાં પેલું અભીષ્ટ લક્ષ્મી આપનારૂં હતું, બીજું ઇચ્છિત ભોજન આપનારૂં હતું, ત્રીજું જોઈએ તેટલું સૈન્ય આપનારૂં હતું, અને ચોથું સર્વ પ્રકારના આભૂષણો આપનારૂં હતું.

આ ચારમહારત્નો લઈને, પુરોહિત વિક્રમરાજાની સેવામાં હાજર થયો. અને સમુદ્રના સ્વામી સુસ્થિતદેવની પ્રસન્નતાનું વર્ણન સંભલાવીને, તેમના તરફથી મળેલાં ચારરત્નો, રાજાના હાથમાં મુકયાં, અને રત્નોનો પ્રભાવ પણ કહી બતાવ્યો. જે સાંભળીને રાજાવિક્રમાદિત્ય, ઘણો જ ખુશી થયો. દેવની ઉદારતાનાં ઘણાં ગુણગાન ગાયાં. અને પુરોહિતની સ્વામીભક્તિની કદર કરી, તેને ચાર રત્નમાંથી મનપસંદ એક રત્ન લેવા કહ્યું, પુરોહિતને રાજા વિક્રમાદિત્યની આવી ઉદારતા માટે ઘણું માન થયું, અને નમ્રતાપૂર્વક જણાવ્યું કે, હું આવા મહામૂલ્ય રત્ન સાચવવાને પણ યોગ્ય નથી, તો પછી લઈ તો કેમ જ શકું? રાજા વિક્રમાદિત્ય તો પોતાનું બોલેલું પાલનાર હતા. એટલે પુરોહિતને રત્ન લેવાની ફરજ પડી અને કયું રત્ન લેવું, એનો નિર્ણય પોતે ન કરી શકવાથી, ઘેર જઇને પત્ની તથા પુત્ર-પુત્રીને પૂછીને, લેવાની માગણી કરી. રાજાએ તે પણ સ્વીકાર્યું.

પુરોહિતે ઘેર જઇને, કુટુંબ ભેગું કરીને, ચારે રત્નો બતાવ્યાં અને તેનો પ્રભાવ પણ કહી સંભલાવ્યો. પસંદગી માટે બધાના જુદાજુદા અભિપ્રાયો થયા. પોતાને પહેલું રત્ન લેવા ઇચ્છા થઈ, પત્નીને ભોજનપ્રાપક રત્ન પસંદ પડ્યું, દીકરાને સૈન્ય આપનારું ગમ્યું અને પુત્રવધૂને દાગીના દેનારું રત્ન ઠીક લાગ્યું. આમ ચારેના જુદાજુદા વિચારો થયા, તેથી ઘરમાં વૈમનસ્ય ન લાવવાની ખાતર, એક પણ રત્ન ન લેવાનો નિર્ણય કરી, રાજા પાસે આવ્યો, પુરોહિતે ચારે રત્ન રાજાના હાથમાં પાછાં સોંપ્યાં અને કુટુંબનો મેળ નથી બેસતો, માટે અમારે એક પણ રત્ન લેવું નથી. એમ પણ નમ્રતાપૂર્વક જણાવ્યું.

ઉજ્જૈણીપતિ–મહારાજા વિક્રમાદિત્ય પુરોહિતનું આવું નિવેદન સાંભળીને, ક્ષણવાર પણ વિચાર કે વિલંબ કર્યા સિવાય, તુરત જ બોલી ઊઠ્યા કે, આ ચારે રત્નો તમારા કુટુંબના મનુષ્યોને ભેટ આપી દો. મહારાજા વિક્રમાદિત્યની આવી ઉદારતા જોઈને, પુરોહિત આભો જ બની ગયો. અને મહારાજાનો આભાર અને ઉપકાર માનવા લાગ્યો.

હજારો, લાખો કે કોડો માણસો ભેગા કરીએ, તો પણ ઉદાર આત્મા મળવા જ દુર્લભ છે. ત્યારે આવી ઉદારતા તો હોય જ કયાંથી ? પૂર્વમહાપુરુષો પણ ફરમાવે છે કેઃ—

"शतेषु जायते शूरः, सहस्रेषु च पण्डितः।
विद्वान् दशसहस्रेषु, दाता भवति वा नवा॥

અર્થ—સેંકડો માણસોના સમુદાયમાં શૂરવીર એકાદ માંડ હોય. તેમ જ હજારોમાં વખતે કોઈક પંડિત ઉત્પન્ન થાય. દસ હજારની સંખ્યામાં કોઈક જ શાસ્ત્રોના પારગામી વિદ્વાન પાકે છે.

પરંતુ લાખોમાં દાતાર તો થાય કે ન થાય એ ચોક્કસ નહિ.

પ્ર૦—દાન દેનાર તો દરેક કાળમાં હોય છે. શું તે બધા દાતાર ન કહેવાય?

ઉ૦—દેવું એ જુદી વાત છે અને દાનગુણ પ્રકટ થવો એ જુદી વાત છે. એક માણસ હજાર, લાખ કે ક્રોડો ખર્ચી નાખે, પરંતુ દાનગુણ ન આવ્યો હોય તો, તેને સ્વલ્પ લાભ થાય, અથવા ન પણ થાય. જેમ પ્રભુ **મહાવીરદેવને** દાન આપનાર **અભિનવ શેઠ, તથા સેચનક હાથી**નો પૂર્વજન્મનો જીવ એક ક્રોડપતિ શેઠ વિગેરેને, ઘણું દેવા છતાં દાનનો લાભ ન થયો. જ્યારે **શાલિભદ્રના** ગયા જન્મના આત્મા, **આભીરી-પુત્ર સંગમે,** તથા **મૂલદેવે,** એક જ વાર થોડી ક્ષીર તથા અડદના બાકુલા જ આપ્યા હતા. પરંતુ દાન–ગુણના પ્રતાપે તેઓને તેનું મહાન્ ફળ મળ્યું. રાજા વિક્રમાદિત્યે એકવાર એક દરિદ્રનારાયણ બ્રાહ્મણને ચિત્રાવેલીનું પણ દાન કર્યું હતું. કોઇ કવિએ કહ્યું છે કે,

"यो दुर्लभां कृष्णकचित्रवल्लीं, ददौ दरिद्राय दयार्द्रचित्तः।
कस्तेन तुल्यः भुवि विक्रमार्क!, त्वया परः स्यात् परोपकारे॥"

અર્થ—એકવાર અતિદુર્લભ એવી કૃષ્ણચિત્રાવેલી જેવી મહામૂલ્ય વસ્તુ જે ચિત્રાવેલી કોઈપણ વાસણમાં રાખી હોય, તો તે વાસણમાંની ઘી વિગેરે વસ્તુઓ, ગમે તેટલી વપરાવા છતાં ઓછી થતી નથી, ધાન્યના કોઠારમાં રાખો તો ધાન્ય ઘટતું નથી, તેમ સડતું પણ નથી, તથા દ્રવ્યભંડાર–તીજોરીમાં મૂકેલો,દ્રવ્ય અખંડ રહે છે-વાપરવા છતાં, ઓછું થતું નથી, તેવી બીજી કોઈપણ ચીજના સંપર્કમાં મુકવાથી,

તે તે વસ્તુ પુષ્કલ વાપરવા છતાં, ઓછી થતી જ નથી. તે પણ દયાસમુદ્ર-વિક્રમરાજાએ, એક ગરીબબ્રાહ્મણને ઈનામ આપી દીધી. આવા મહાદાની હે રાજા વીરવિક્રમ! તારા સમાન પરોપકાર રસિક આ જગતમાં બીજો કોણ થઈ શકે તેમ છે?

આ વિક્રમાદિત્યરાજાનાં દાનનાં વર્ણનો, લખવા બેસીએ તો પાર ન આવે તેટલાં છે. પણ એ બધું લખતાં ગ્રંથ મોટો થઈ જાય. એ ભયથી લખતા નથી,

એ જ પ્રમાણે **કર્ણરાજા** પણ મહાદાનેશ્વરી તરીકે પંકાઇ ગયા છે. તેમના ઘણાપ્રસંગો જોવા મળ્યા નથી, પરંતુ કહેવાય છે કે, કર્ણરાજા જ્યારે યુદ્ધમાં લડાઈ કરતાં, **અર્જુ-નના** બાણોથી ઘાયલ થઈ ઢળી પડયા. ત્યારે કેટલાક યાચકો તેને આશીર્વાદ આપવા ગયા હતા. યાચકોએ તેમને પ્રથમથી જ જણાવી દીધું હતું કે, મહારાજા અમે આપની પાસે યાચવા આવ્યા નથી, આપનાં આપેલાં દાન અમારી અનેક પેઢી સુધી ચાલે તેટલાં છે, પરંતુ અમે આપનું છેલ્લું દર્શન કરવા અને આશીર્વાદ આપવા આવ્યા છીએ.

કવિ-યાચકોનાં સુમધુર વાક્યો સાંભળીને, રાજાકર્ણને હર્ષની સાથોસાથ ખૂબ જ દુઃખ પણ થયું. હર્ષ એટલા માટે કે મેં જન્મ ધારણ કરીને, મારી લક્ષ્મીનો સંગ્રહ કર્યો નથી, પરંતુ જગતના ઉત્તમ પાત્રો અને સત્ક્ષેત્રોમાં વાવી છે. દુઃખ એટલા માટે કે, અત્યારે હું મરણપથારી ઉપર છું. આ વખતે મારે દાન-પુણ્ય કરવું જોઇએ, છતાં આ બધા યાચકો ખાલી હાથે પાછા જશે. આવો અવસર મારે માટે અતિ દુઃખનો વિષય ગણાય. કર્ણરાજા આમ વિચારી રહ્યા છે. ત્યાં એકદમ ખ્યાલ

આવ્યો કે, મારા બત્રીશે દાંતમાં મહામૂલ્ય મણી જડેલાં છે. હવે આ મારી બત્રીશી તદ્દન નકામી છે. મારે હમણાં જ આ શરીર છોડવાનું છે. કર્મરાજા તરફથી મને આ શરીર છોડવાનો હુકમ આવી ગયો છે. તો પછી આ શરીરમાં જે મીલ્કત છે. તેનો મારે સદુપયોગ કરી લેવો જોઈએ, એમ વિચાર કરી, પોતાના જ બાણવડે પોતાની બત્રીશીનો નાશ કરીને, તે યાચકોને બક્ષીસ આપી દીધી. વાચકને કદાચ એમ પણ વિચાર આવશે કે, શું રાજા કર્ણના શરીર ઉપર આભૂષણો અને દાગીનાઓ હશે જ નહિ ? એના જવાબમાં સમજવાનું કે, મહાદાની કર્ણ-રાજાએ, પોતાના શરીર ઉપરના દાગીના પણ, અત્યાર અગાઉ યાચકોને દાનમાં જ આપી દીધા હતા,

આ જ પ્રમાણે આ પાંચમાઆરામાં **વસ્તુપાળ-તેજપાળની** બાંધવ-જોડલી તથા **જગડુશાહ, પેથડશાહ, આભૂશાહ, ઉદાયનમંત્રી, બાહડમંત્રી, આંબડમંત્રી, પુનડશાહ** અને **રાજીયા-વજીયા, ભામાશાહ** વિગેરે મહાપુરુષોના દાનના અવદાતો જગતપ્રસિદ્ધ છે.

એ જ પ્રમાણે સાત્ત્વિકદશા પ્રકટ થયા પછી, આત્મામાં આવેલો શીલગુણ પણ, મેરુપર્વત જેવો અભેદ્ય બને છે. તેવા આત્માઓમાં **સુદર્શનશેઠ, શ્રીસ્થુલભદ્રમહારાજ, વિજયશેઠ** અને **વિજયા શેઠાણી, જંબૂકુમાર** અને **સીતા મહાસતી** વિગેરેના દાખલા જૈનસાહિત્યમાં સુપ્રસિદ્ધ છે.

સાત્ત્વિકભાવની હાજરીમાં, બીજા ગુણો પણ દૃઢ બને છે. તથા સાત્ત્વિકતાગુણ આત્મામાં આવ્યા પછી, અનંતાકાળથી ઘર કરીને બેઠેલી, દીનતાઓ-નબળાઈઓ રવાના થવા માંડે છે.

અને આત્મામાં શૂરતા, વીરતા તથા ધીરતા પ્રકટ થાય છે. જેથી ગમે તેવા ઘોર પરિષહો, ઉપસર્ગો, દુઃખો કે રોગો આવે તો પણ, રાંકપણું આવતું નથી.

હવે સાત્વિકભાવના થોડા દાખલાઓ જોઇએ.

શીલદઢ આત્મા સુદર્શનશેઠ

સુદર્શનશેઠ વત્સદેશમાં, કૌશાંબી નગરીના એક ધનાઢ્ય સુશ્રાવક હતા. તેમને **મનોરમા** નામની મહાસતી સુપત્ની હતી. તેજ નગરના કપિલનામા પુરોહિતની સાથે, સુદર્શનશેઠને પરમ મિત્રતા હતી. તેથી બન્ને મિત્રોને વારંવાર એકબીજાના ઘેર જવાનો પ્રસંગ આવતો. તેથી કપીલની સ્ત્રી કે જેનું નામ **કપિલા** હતું. તેણીને **સુદર્શનશેઠ**ના રુપને જોઇને કામ હેરાન કરવા લાગ્યો. પરિણામ એ આવ્યું કે, એક દિવસ પોતાના પતિની ગેરહાજરીમાં, પોતાના પતિના નામથી, દાસીને મોકલીને, **સુદર્શનશેઠને** પોતાના ઘેર બોલાવ્યા, અને પોતાનો દુષ્ટ અભિપ્રાય જણાવ્યો. પરંતુ સુદર્શનશેઠ તેણીના હાવભાવમાં જરાપણ ફસાયા નહિ અને શીલનો બચાવ કરવા સારૂં કહ્યું કે, 'હું તદ્દન નપુંસક છું' એમ જણાવીને આપત્તિમાંથી છુટા થઈ ઘર ભેગા થઈ ગયા. અને હવે પછી કોઈના ઘેર જવું નહિ એમ નક્કી કર્યું.

હવે એક દિવસ નગરમહોત્સવ હતો. તમામ જનતા નગરની બહાર જઈ રહી હતી. તેમાં **કપિલા** પણ હતી. તેણીએ છ પુત્રોના પરિવારથી વિંટાએલી એક બાઇને જોઈ, અને પોતાની સખી **અભયારાણીને** પૂછયું કે, આ બાઈ કોણ છે ? અભયા રાણીએ કહ્યું કે, આ **સુદર્શનશેઠનાં પત્ની મનોરમાશેઠાણી** અને

તેમના **છ પુત્રો** છે. આ સાંભળી કપિલાને, સુદર્શનશેઠ ઉપર ગુસ્સો આવ્યો. પોતાની માગણીનો સ્વીકાર ન કર્યો, તેનું વેર વસુલ કરવા માટે, **રાણી અભયા** (જે પોતાની પરમ સખી હતી) પાસે, સુદર્શનશેઠના રૂપનાં ઘણા જ વખાણ કર્યાં. તેથી અભયા પણ ક્રમવશ બની. એકવાર પૌષધમાં નિર્જનસ્થાનમાં, કાઉસ્સગ્ગ–ધ્યાનમાં ઉભેલા, **સુદર્શનશેઠને**, પોતાના વિશ્વાસુ માણસો દ્વારા પોતાના ગુપ્તસ્થાનમાં મંગાવ્યા. અને હાવભાવવાળાં વચનો, તથા આલિંગન આદિ ચેષ્ટા દ્વારા, મહાપુરુષને ચળાવવા, બન્યાતેટલા ઉદ્યમ કર્યા, પરંતુ વજ્રજેવા મજબુતચિત્તવાળા સુદર્શનશેઠના ચિત્તને જરા પણ ચલાવી શકાયું નહિ.

અભયારાણી પોતાની ઇચ્છા પૂર્ણ ન કરી શકવાથી ખૂબ જ રોષે ભરાણી અને **સુદર્શનશેઠ** ઉપર ખોટું કલંક મુકીને, રાડો–બરાડા પાડવા લાગી, **'ધાજો રે ધાજો આ કોઈ દુષ્ટ માનવી, મારૂં શીલ લુંટવા સારૂ મારા મહેલમાં પેઠો છે.'** રાજસેવકો તો નજીકમાં જ હતા. અભયાની બૂમો સાંભળી રાણીવાસમાં દોડી આવ્યા. ત્યાં કાઉસ્સગ્ગધ્યાનમાં ઉભેલા મહાત્મા સુદર્શનશેઠને જોયા.

પ્ર૦—સુદર્શનશેઠ પોસહમાં હતા, તો શું પોતાની ઘરની પૌષધ-શાલામાં હતા, કે ગામમાં કોઈ ઉપાશ્રય વિગેરે ધર્મસ્થાનમાં હતા ? જો આ બેમાંથી એક પણ જગ્યાએ હોયતો, રાણીના સેવકો તેમને ઉપાડી કેમ લઈ જઈ શકે ? અને પૌષધમાં હોય તો પણ, રાજાની રાણીના માણસો ઉપાડી જવા આવ્યા, ત્યારે ના પાડવી કે નાશી જવું વિગેરે પોતાનો બચાવ કેમ કર્યો નહિ ?

ઉ૦—સુદર્શનશેઠે ઘરની પૌષધશાળા કે ઉપાશ્રય વિગેરે

ધર્મસ્થાનમાં, પૌષધ લીધો ન હતો, પરંતુ નગરની બહાર, જેમાં મનુષ્ય રહેતા ન હોય તેવા, નિર્જન પ્રદેશ–મુકામની અંદર પૌષધ લીધો હતો. પૌષધ લઇને સર્વથા કાઉસ્સગ્ગધ્યાનમાં રહેવાનો અભિગ્રહ કર્યો હતો. જેમાં ઉપસર્ગ, પરિષહ, આપત્તિ કે રોગ–જેવી મરણાંત દશા આવી જાય તોપણ, બોલવા–ચાલવાની છુટ ન હતી, એટલે રાણીના સેવકોને, લઈજવામાં કશી હરકત ન આવી.

રાજાના સેવકો પાસે રાણીએ જણાવ્યું કે, આ અધમ માણસ હમણાં જ અંદર આવ્યો છે. તે કયાંથી અને કેવી રીતે આવ્યો ? તે હું જાણતી નથી. પરંતુ તેણે મારા શીલધનને લુંટવા, મને ખૂબ જ હેરાન કરી છે. એ દુષ્ટ પાપીને પકડીલો.

રાણીનાં આવાં વાકયો સાંભળી, સેવકોએ રાજાને ખબર આપી. રાજા તુરત રાણીવાસમાં આવ્યો. ઉપરોક્ત ઘટના જોઈ–સાંભળી, સુદર્શનશેઠ ઉપર ઘણો જ ગુસ્સો લાવી, સેવકોને હુકમ આપ્યો કે, આ દુષ્ટને આખા શરીરે મષી ચોપડી, ગધેડે બેસાડી, નગરમાં ફેરવી, શૂળી ઉપર ચઢાવી દો.

આસંસારમાં આખું જગત મોટાભાગે અવિચારી છે, તેમાં પણ રાજા–મહારાજાઓ અને અધિકારીઓ ઘણા જ અવિચારી હોય છે. તેઓ કોઈપણ કાર્યનો પરમાર્થ વિચારતા નથી, પરિણામ શું આવશે ? તેની તેમને પડી હોતી નથી. એટલે રાજાનો હુકમ થતાંની સાથેજ, રાજસેવકોએ મહાત્મા સુદર્શનશેઠ ઉપર વિટંબણાઓ શરૂ કરી. તેમને સમગ્ર નગરની ગલીઓ અને બજારોમાં ફેરવવા માંડ્યા. આખા નગરમાં ફેરવીને નગરની બહાર શૂળીના સ્થાન પાસે લાવ્યા.

આ વાત આખા નગરમાં જાહેર થઈ ગઈ. નગરના સજ્જન આત્માઓનાં મન ખૂબ દુખાણાં અને રાજાની પાસે જઈ પ્રાર્થના પણ કરી કે, હે રાજન્! આવું અનાર્યકાર્ય થતું અટકાવો. નગરમાં હાહાકાર વર્તાઈ રહ્યો છે. પરંતુ રાજાએ મહાજનની વિનવણીનો આદર ન કર્યો. બીજી બાજુ મહાપુરુષ સુદર્શનશેઠના સુપત્ની **મનોરમા**શેઠાણીએ, ખબર પડવાની સાથે જ, પોતાના પૌષધઘરમાં જઈને, પતિમુક્તિ માટે, "મારા પતિ બહુમાનપૂર્વક છુટા ન થાય ત્યાં સુધી, મરણાન્તદશા આવે તો પણ કાઉસ્સગ્ગ ન પારવો" આવા અભિગ્રહયુક્ત કાઉસ્સગ્ગ કર્યો, સુદર્શનશેઠ તો કાઉસ્સગ્ગમાં જ હતા. તેમણે તો રાણીની પ્રાર્થનાથી અનાર્યકાર્ય કરવાનો સ્વીકારનકર્યો. તેજ પ્રમાણે રાજા અને રાજસેવકોના આક્રમણથી છુટવા માટે,કંગાલપણાને પણ પોતામાં જરાય પ્રવેશવા દીધું નહિ, એટલુંજ નહિ પણ ધ્યાનધારા ખૂબ જ વૃદ્ધિને પામી.

શેઠજીને રાજસેવકોએ શૂળી ઉપર પણ બેસાડી દીધા. પરંતુ મહાસાત્ત્વિક સુદર્શનશેઠ, પોતાની ધીરતામાં મજબુત બની, મૌનપણે રહી, ધ્યાનની નિસ્સરણી ઉપર ચઢવા લાગ્યા.

આ બનાવ (એટલે સુદર્શન શેઠના શીલની મક્કમતા પૌષધની સ્થિરતા અને ધ્યાનની એકાગ્રતા) નજીકમાંથી જતા આવતા કોઈ ઉચ્ચકક્ષાની દેવીના ખ્યાલમાં આવ્યો, તેણીએ તુરતજ શેઠની શૂલીનું સુવર્ણસિંહાસન બનાવી દીધું, અને રાજા અને રાજસેવકોને, લોહીની ઉલટીઓ કરતા કરી મૂક્યા. અન્યાયનો પક્ષ કરનારાઓનાં ચિત્ત ધ્રૂજાવી મૂક્યાં, પછી શેઠાણી **મનોરમા**દેવી પાસે આવી, તેને શાંત્વન આપી પતિ–પત્નીની ધર્મપરાયણતાનાં વખાણ કરીને અને પુષ્પવૃષ્ટિ તથા ધનવૃષ્ટિ

કરી. પછી આકાશવાણી કરી, રાજા અને નગરજનોને સાચી વસ્તુ સમજાવી. **સુદર્શનશેઠની** સુવર્ણ જેવી શુદ્ધતા અને **કપિલા** તથા **અભયા**ની કાદવ જેવી મલીનતા જણાવીને, દેવી અદ્રશ્ય થઈ ગઈ. પાછળથી રાજાએ **સુદર્શનશેઠ, મનોરમા** શેઠાણી અને નગરના ધર્મી આત્માઓ પાસે પોતાના અન્યાયની માફી માગી. રાણી અને કપિલાને દેશવટો આપ્યો. આથી વાચક સમજી શકશે કે, **સુદર્શનશેઠના** શીલવ્રતની આ જેવી તેવી કસોટી નથી, પરંતુ શીલવ્રતગુણની અજબ પરાકાષ્ટા છે. સમકિત સાથેનો સાત્ત્વિકભાવ આત્મામાં પ્રકટ થાય તો જ, આવું શીલવ્રત આવી શકે છે.

સાત્ત્વિકશિરોમણિ વિજયશેઠ અને વિજયા શેઠાણી

વિજયશેઠ અને વિજયા શેઠાણી આ બન્ને દંપતી. ઉચ્ચકોટીના ધર્મસંસ્કારી માબાપોના કુલમાં જન્મેલાં, કોહીનુર રત્નો હતાં. તેમણે બાલકાળમાં જ ધર્મગુરુઓનો સમાગમ ખૂબ સાધ્યો હતો.

એક દિવસ કોઈક જૈનાચાર્ય મહાજ્ઞાની પોતાના નગરમાં પધાર્યા, **વિજયકુમાર** આદિ બહુલોકો ધર્મોપદેશ સાંભલવા ગુરુમહારાજ પાસે ગયા. ગુરુજીએ વિષય વાસનાની અસારતા જણાવી. બ્રહ્મચર્ય વ્રતનું સચોટ વર્ણન કર્યું. વિજયકુમારને ગુરુની વાણીની ખુબ સારી અસર થઇ. શીલવ્રતનું મહત્ત્વ સમજાયું. અને 'શુક્લ-પક્ષમાં જાવજ્જીવ બ્રહ્મચર્ય પાળવું" એવો નિયમ ગુરુ પાસે માંગ્યો. જ્ઞાનીગુરુએ લાભ સમજી વિજયકુમારને આખી જીંદગી એ માસમાં એકપક્ષ શીલવ્રતપાલનની પ્રતિજ્ઞા આપી.

એ જ નગરમાં એક મોટા ધનવાન ગૃહસ્થની પુત્રી, **વિજયા-કુમારી** છે. તેણી પણ માતાપિતાના સંસ્કાર અને પ્રેરણાથી

ઘણી ધર્મપરાયણા બની હતી. તેનામાં પણ, ગુરુઓના વ્યાખ્યાનો અને સુસાધ્વીજીઓના સંયોગથી, ધર્મભાવનાઓ ખૂબ જ ખીલી હતી. અને એજ પ્રમાણે–વિજયકુમારની પેઠે શીલવ્રત ઉપર ખૂબ જ ભાવ થયો હતો, પણ સંપૂર્ણ પાલવાની શક્તિના અભાવે, "કૃષ્ણ પક્ષમાં જાવજ્જીવ બ્રહ્મચર્ય પાલવું" તેવો ગુરુ પાસે અભિગ્રહ લીધો. આ બન્ને કથાનાયકજીવોનું ભવિષ્યમાં કલ્યાણ થવાનું હોવાથી, ભાવિભાવના યોગે પરસ્પર સગપણ થયું અને શુભ યોગે બન્નેનાં લગ્ન થયાં.

પરણીને ઘેર આવ્યા બાદ, વાસગૃહમાં દંપતીમેળાપ થયો. પરસ્પર ધર્મચર્ચા કરતાં વાત નીકળી, **વિજયકુમારે** પત્નીને–વિજયાકુમારીને, જણાવ્યું કે,બે–ત્રણ દિવસ શુકૂલપક્ષના આઠી છે, અને મારે ત્યાંસુધી સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવાનું છે. કારણ કે મેં આખી જીંદગી, અજવાળા પક્ષમાં શીલ પાળવાનો અભિગ્રહ લીધો છે.

વિજયકુમારનાં ઉપર મુજબનાં વચનો સાંભળીને, **વિજયાશેઠાણી** બોલ્યાં, સ્વામીનાથ! મેં પણ કૃષ્ણપક્ષમાં સંપૂર્ણ બ્રહ્મચર્ય પાલવાનો,આખી જીંદગીનો નિયમ ગુરુમુખથી લીધેલો છે. એટલે હવે હું તો સંપૂણમાસનું, જાવજ્જીવ શીલ પાળીશ. પરંતુ આપ, આપને યોગ્ય, સારા કુળની બાળા સાથે પાણિગ્રહણ કરો. **વિજયાદેવીના** આવા કોમળતા, નમ્રતા અને વીરતાથી ભરેલાં વાક્યો સાંભળીને, **વિજયકુમાર** થોડીવાર થોભી ગયા અને વિચાર કરવા લાગ્યા. અહો! ધન્યવાદ છે આ બાળાને, ધન્ય છે તેની વીરતાને! શાસ્ત્રોમાં પુરુષો કરતાં સ્ત્રીઓનો, કામ-વિકાર અનેક ગુણો લગ્યો છે. ત્યારે આ મહાસતી દીનતા લાવ્યા

વગર, પોતે જાવજ્જીવ સંપૂર્ણ શીલવ્રતધારી થવાને, જરાપણ અચકાતી નથી. ત્યારે શું હું પામર છું? વિષયનો કીડો છું? જો સતી પોતે, પોતાનો અને પતિનો બન્ને અભિગ્રહ પાલવા અહાદુરતાપૂર્વક તૈયાર છે. તો મારેપણ દીનતા કે વિકારીપણું લાવ્યા સિવાય, જેમ સતી **વિજયા** શીલ પાળે, તેજ પ્રમાણે મારે પણ મારૂં અને તેણીનું શીલ અવશ્ય પાળવું જ જોઇએ. શાસ્ત્રોમાં પણ કહેલ છે કે,

अह्नाय वह्नौ बहवो विशन्ति, शस्त्रैः स्वगात्राणि विदारयन्ति।
कृच्छ्राणि चित्राणि समाचरन्ति, मारारिवीरं विरला जयन्ति ॥

અર્થ—ઘણા પુરુષો અને સ્ત્રીઓ અગ્નિમાં પ્રવેશ કરીને પ્રાણોનાં બલિદાન આપે છે. કેટલાક મનુષ્યો હથીઆરોથી પોતાના શરીરનો નાશ પણ કરે છે. અને બીજાં પણ તાપ-ઠંડીનાં, ક્ષુધા-તૃષાનાં કષ્ટો સહન કરી તાપસવૃત્તિ સેવે છે. પરંતુ કામદેવરુપ મહાશત્રુને તો કોઇક વિરલા જ જીતી શકે છે.

આ પ્રમાણે વિચારી બન્ને પતિ-પત્નીએ દૃઢ નિશ્ચય કરી, જગતમાં કોઈ જાણી ન જાય તેવી રીતે, આખી જીંદગી સુધીનું, દોષ વગરનું, નિર્વિકાર, મન-વચન-કાયાથી, શીલવ્રત આદર્યું. તેને પૂર્ણપણે આરાધ્યું અને તેજ ભવમાં દીક્ષા આચરી મહાસુખનાં ભોગી થયાં.

આ જગ્યાએ સમજવાની વાત એટલી જ છે કે, જગતમાં શીલવ્રત ઘણા મનુષ્યો લે છે અને સારૂં પાળે પણ છે. પરંતુ એમાં નવાઈ નથી. નવાઈ અને આશ્ચર્ય તો સાત્વિકતા-પૂર્ણ આવી ઘટનાઓમાં જ જોવા મળે છે.

આવી રીતે કેટલાક ચારિત્ર આરાધક મહાત્માઓની

સાત્ત્વિકદશાપણ અતિ ઉચ્ચકોટીની હોયછે. અત્રે તેવા મહાપુરુષોના માત્ર થોડા નામો જોઇશું.

શરીર ઉપરથી આખી ચામડી ઉતારી નાખી. પરંતુ જેમના રુંવાડામાંયે દીનતા ન આવી. ક્રોધાદિ કષાયો ન આવ્યા, તે મહાત્મા **ખંધકમુનિરાજ**. જેમના શરીરને આળાચામડાથી મજબુત બાંધીને, તડકે ઊભા રાખ્યા, છતાં જેમણે પોતાનો બચાવ કર્યો નહી. રાંકપણું બતાવ્યું નહી. ધર્મધ્યાનમાં જ સ્થિર રહ્યા. તે મહામુનિરાજ **મેતાર્ય**. જેમને મુંડેલા મસ્તક ઉપર ચીકણીમાટીની પાળ બાંધી, તેમાં ખેરના અંગારા ભર્યા, છતાં પોતાના ધ્યાનને જરાપણ ડગવા દીધું નહિ, તે મુનીશ્વર **ગજસુકુમાર**. જેઓને પાપી પાલકે ઘાણીમાં નાંખી, તલ અને સરસવની માફક પીલી નાખ્યા, તો પણ જેઓએ પોતાના મનોમંદિરમાં, દીનતાકૃતિને પેસવા દીધી નહિ એવા **ખંધકસૂરિના ૪૯૯ શિષ્યો**. આ બધા મહાપુરુષો સાત્ત્વિકદશાની સીમા જેવા હતા. આવી સાત્ત્વિકદશા સમ્યગ્દર્શન આવ્યા પછી જ આવે છે. સમ્યગ્દર્શન અને સાત્ત્વિકભાવ, બે જો ભેગાં થઈ જાય તો, કર્મ ખપવામાં જરા પણ વાર લાગતી નથી.

પ્ર૦—સાત્ત્વિકભાવ એટલે શું ?

ઉ૦—આત્માની ઊંચામાં ઊંચી સ્વાવલંબન દશા. જેમકે આપત્તિ. દુઃખ, રોગ કે ભયમાં, જેમનું ધૈર્ય ખુટતું નથી, જેઓ રાંક બનીને રોવા બેસતા નથી, જેઓ પોતાનાં દુઃખો બીજા પાસે જણાવતા નથી, હિંમત હારતા નથી, ઊંના શ્વાસો મૂકતા નથી, હું એકલો છું, દુબળો છું, મારી સાથે કોઈ

નથી, હું ભૂખ્યો છું, માંદો છું, નિર્ધન છું, આવી રાંકદશા કયારે પણ આત્માને સતાવે નહિ, એનું નામ **સાત્વિકભાવ.** કહ્યું છે કે,

"एगोहं असहायोहं, कृशोहं अपरिच्छदः।
स्वप्नेप्येवंविधा चिन्ता, मृगेन्द्रस्य न जायते॥

અર્થ—હું એકલો છું, હું અસહાય છું, હું દુબળો છું, હું પરિવાર વિનાનો છું. આવી ચિંતા સિંહને સ્વપ્ને પણ થાય નહિ. સિંહ જેવો ભાવ તેનું જ નામ સાત્વિકભાવ. જ્ઞાની-પુરુષો ફરમાવે છે કે,

"दशायां विषमायां चेद्, वीरत्वं नोपयुज्यते।
तत्तस्य समये कुत्रोपयोगः क्रियते जनैः॥"

અર્થ—જ્યારે આપત્તિ, દુઃખ કે વિષમતા આવી જાય, ત્યારે આત્મા સાવધાન રહી, વીરવૃત્તિ ધારણ ન કરે, તોપછી આ વીરપણું-બહાદૂરી કયા કામમાં ઉપયોગી થાય?

"यथा गच्छन्ति सौख्यानि, तथा दुःखानि कर्मणः।
हर्षखेदौ तथाप्यत्र, विमूढानां शरीरिणां॥"

અર્થ—જેમ પુણ્યના ઉદયથી સુખો આવે છે અને દુઃખો ચાલ્યાં જાય છે. તે જ પ્રમાણે પાપનાં ઉદયથી દુઃખ આવે છે અને સુખો ચાલ્યાં જાય છે. આવો અનંતાકાળનો સૃષ્ટિક્રમ હોવા છતાં, સુખ આવે હર્ષ પામવો અને દુઃખ આવે રોવા બેસવું, આવું આચરણ મૂર્ખ માણસોનું જ હોય. બુદ્ધિમાનોનું હોય નહિ. બુદ્ધિમાનો તો એ જ વિચાર કરે કે,

"કેવલજ્ઞાની જ્ઞાનથી, દેખેલું તે થાય;
તે કયારે પલટે નહિ, કરતાં સર્વ ઉપાય. ॥૧॥

રડવાથી રહેશે નહિ, કરગર્યે કાંઈ ન થાય;
મુદ્દત પાકતાં સર્વનાં સુખ-દુઃખ ચાલ્યાં જાય. ॥૨॥
રાજાને લક્ષ્મીધરો, પંડિત ને ગુણવાન;
પુણ્ય ઉદયે પૂજાય છે, પુણ્ય વિના હેવાન. ॥૩॥
પાપ ઉદય થાવા થકી, મિત્રો શત્રુ થાય;
લક્ષ્મી ને પરિવાર પણ, છોડી ચાલ્યા જાય." ॥૪॥

આવી બધી વાતો વિચારનાર આત્મામાં, સાત્ત્વિકભાવ પ્રકટ થાય છે અને આવ્યો હોય તો મજબુત થાય છે માટે સૌથી પ્રથમ આત્માએ સાત્ત્વિકતાગુણ ખીલવવા ઉદ્યમ કરવો જોઈએ.

પ્ર૦—અહીં તો સમ્યગ્દર્શનની વાત ચાલે છે. તેમાં વચમાં સાત્ત્વિકભાવની, વાત કરવાની શી જરૂર હતી ?

ઉ૦—સાત્ત્વિકગુણવાળો મનુષ્ય, જેમ શત્રુઓના ટોળામાં એકલો રહી શકે છે, અને પોતાનો પક્ષ વધારી શકે છે. તેમ સાત્ત્વિકગુણ પણ એકલો હોવા છતાં, અનંતાનંત દોષોના સમુદાયમાં પણ પોતાનો માર્ગ મેળવી શકે છે અને ગુણનો પક્ષ વધારી શકે છે.

સાત્ત્વિકતા ગુણના અભાવે, આવેલા ઘણા ગુણો પણ, અનંતા દોષોના ટોળામાં, **બીચારા અને ગરીબ થઈ ને વસે છે.** દાન, શીલ, ત્યાગ, તપ ગુણો આવે છે, પણ દોષોના દબાણથી રાંકડા જેવા થઈને રહે છે, અને તે જીવનું કશું જ ભલું કરી શકતા નથી. એટલે કે જ્યાં દાનગુણ હોય ત્યાં, કૃપણતા આવીને, દાનગુણને કાળો કરી નાંખે છે. જ્યાં શીલગુણ આવે કે ત્યાં, વાસનાઓ હાજર થઈને, તેને નસાડી મુકે છે. તપ, ગુણ આવે કે તેના ભેગી જ ખાવા-પીવાની હજારો લાલસાઓ

હાજર થઈ જાય, અને તપના ગુણને રવાના કરી મૂકે છે. ચારિત્ર ગુણ આવ્યો કે સાથે, પરિગ્રહ–મમતા આવીને ઊભી રહે છે. પછી પાત્રા, ઓઘા, કામળો, કપડા વિગેરેના સંગ્રહ, ચેલા–ચેલીઓ વધારવાની મમતા વધવા માંડે છે.

પ્ર૦—પરિગ્રહ તો ગૃહસ્થોને હોય. વીતરાગના સાધુઓને હોય ખરો ?

ઉ૦—વીતરાગનું સાધુપણું ન સમજતા હોય, તેને પરિગ્રહ હોય કે ન હોય, પરંતુ મમતાનો દોષ ચોક્કસ લાગે છે. કારણ કે વીતરાગના સાધુઓને '**કુક્ષિસંબલ**' કહેલા છે. તેનો અર્થ એ જ છે કે, મુનિને પોતાના રોજના નિર્વાહથી વધારે, કશું જ પાસે કે અન્ય થકું કરીને, રાખવું કલ્પે નહિ. જેને વીતરાગનું શાસન મળ્યું છે, તેને કશી વસ્તુની કમીના છે જ નહિ. એટલે સંજમના નિર્વાહ માટે, પોતાને ચાલુ ઉપયોગી એવા, ચારિત્રના ઉપકરણોથી વધારે, જે કાંઈ રાખવું તે પરિગ્રહ જ છે.

પ્ર૦—તમે તો કહો છો કે, પરિગ્રહ ન હોય તો પણ અજ્ઞાનીને પરિગ્રહ–મમતાનો દોષ ચોક્કસ લાગે છે. એ કેવી રીતે ?

ઉ૦—પૂર્વના જ્ઞાનીપુરુષો કહી ગયા છે કે,

"**अच्छन्दा जे न भुंजन्ति, न से चाइत्ति वुच्चइ।**
साहिणे चयइ भोए, से हु चाइत्ति वुच्चइ॥"

અર્થ—જેને ધનધાન્ય, વસ્ત્ર–પાત્ર અને નારીપરિવાર ન હોય, માટે જે તેનો ભોગોપભોગ નકરે, તે ત્યાગી ગણાય નહિ. પરંતુ પોતાની પાસે સ્વાધીન એવાં ભોગનાં સાધનો હોય, શરીર નીરોગી હોય, છતાં નિરીહભાવથી, તેનો જે ત્યાગ કરે, તે જ ત્યાગી કહેવાય છે.

ઉપરના શ્લોકનો ભાષાનુવાદ,

"જે ધન કણ કંચન કામિની, અછતે અણભોગવતા રે;
ત્યાગી ન કહીએ તેહને, જે મનમાં સવિ જોગવતા રે;...૧
ભોગ સંયોગ ભલા લહી, પરિહરે જે નિરીહ રે;
ત્યાગી તેહી જ ભાખીએ, તસ પદ નમું નિશ-દિહ રે;..."૨

એટલે ખરી વાત જ અભ્યંતર ત્યાગની છે, મનમાં ત્યાગ ન હોય તો બહારનો ત્યાગ નકામો છે.

પ્ર૦–જે કંચન-કામિની અને સ્વજન પરિવારનો ત્યાગ કરી દીક્ષા લે છે, તેનો ત્યાગ ગણી શકાય નહીં ?

ઉ૦–જેવી રીતે નારી, પરિવાર, ઘરબાર, લક્ષ્મી અને મોજશોખનો ત્યાગ કર્યો, તેવો ને તેવો જો જીંદગી સુધી ત્યાગ ટકી રહે, તો ચોક્કસ તે આત્મા ત્યાગી જ ગણાય. પરંતુ સંસારના પરિગ્રહનો ત્યાગ કર્યો, અને સાધુદશાના પરિગ્રહની ગાંસડીઓ બાંધવા માંડે, ઘરનાં બાલબચ્ચાં અને નારી–નોકરનો ત્યાગ કર્યો, અને સાધુદશામાં ચેલા–ચેલી કરવા માટે ધડાપીટ મચાવી મૂકે, એનો અર્થ પરિગ્રહનો ત્યાગ છે જ નહિ. એ પરિગ્રહનો ત્યાગ નથી, પરંતુ પ્રયત્નથી પ્રાપ્ત થતા પરિગ્રહનો ત્યાગ અને હરામના–અનીતિના પરિગ્રહની છુટ ? એટલે કે એ તો **ઓલામાંથી ચૂલામાં** પડવા જેવું અને બચ્ચર ઉપર બેસીને ગામ સોંસરૂં ચાલતાં શરમ લાગવાથી ગધેડા ઉપર બેસવા બરાબર છે.

પ્ર૦–તો પછી જરૂર પૂરતાં સંજમનાં ઉપકરણો રાખવાં તે પણ પરિગ્રહ જ ગણાય ને ?

ઉ૦–સંજમના નિર્વાહ માટે, પોતાને જરૂર જેટલાં, ચાલુ

વપરાતાં સાધનો મમત્વ વિના રખાય તો, પરિગ્રહનો દોષ ન લાગે. પરંતુ ચાલુ વપરાશની વસ્તુઓ પણ, જો મમત્વભાવથી રાખેલી હોય તો, તે ચીજ જોઈ આત્મામાં વારંવાર હર્ષ, આનંદ, રતિ, રાગ, વગેરે પેદા થયા કરે તો, મમત્વભાવ પોષાય છે, માટે તે પરિગ્રહ જ લેખાય.

પ્ર૦–ચારિત્રનાં ઉપકરણો પણ, ચાલુ વપરાશથી વધારે કોઈ સાધુ કે સાધ્વી રાખે તો, તેને પરિગ્રહનો દોષ લાગે, આ વાત બરાબર છે ને ?

ઉ૦–ગચ્છાચાર્ય અને ગચ્છગુરુણી (જેને પ્રવર્તિની કહેવાય છે) તેને છોડીને એટલે સમુદાયના મુખ્ય પુરુષો સિવાય, સંજમનાં ઉપકરણો પણ, બીજા કોઈપણ સાધુ–સાધ્વીજીઓએ લેવાં કે સંગ્રહ કરવાં ન જોઇએ. અને ગચ્છાચાર્ય વિગેરે પણ જેઓ અમૂર્છદશાવાળા રહી શકતા હોય. તેઓ જ જરૂર પૂરતાં લઈ કે રાખી શકે, અને તેમને સંગ્રહનો દોષ લાગે નહિ. પરંતુ જેમને ડગલે ને પગલે, વસ્તુમાત્ર ઉપર મમત્વભાવ ચાલુ જ હોય, તેમને પરિગ્રહનો દોષ લાગ્યા વગર કેમ રહે ?

પ્ર૦–વારૂ, હવે આપણને સમયગ્દર્શનની પ્રાપ્તિ થઈ છે. એ બાહ્ય લક્ષણોથી જાણી શકાય ખરૂં ?

ઉ૦–જ્ઞાનીપુરુષોએ પોતે જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનાં પાંચ લક્ષણો બતાવ્યાં છે. તે જોઇએ, સમકિતના ૬૭ બોલ—

ચાર સદ્દહણા (૪), ત્રણલિંગ (૭), દશ પ્રકારે વિનય (૧૭), ત્રણ પ્રકારે શુદ્ધિ (૨૦), પાંચ દૂષણ (૨૫), આઠ પ્રભાવક (૩૩), પાંચ ભૂષણ (૩૮), પાંચ લક્ષણ (૪૩), છયતના (૪૯), છ આગર (૫૫), છ ભાવના (૬૧), અને છ સ્થાન (૬૭)

આ ૬૭ પ્રકાર સમજીને, તેનું મનન કરવાથી અનુભવી આત્માને, પોતામાં સમકિત છે કે કેમ ? તેનો થોડો–ઘણો ખ્યાલ જરૂર આવશે. કારણ કે—

સમકિતીજીવમાં અથવા સમકિત પામવાની તૈયારીવાલા આત્મામાં નમ્રતા, કોમલતા, વિનય અને વિવેક પ્રગટ થવા માંડે છે. જેના યોગથી બીજા પણ કેટલાક ગુણો આવવા માંડે છે.

૧ સમકિત પામેલા કે પામવાની તૈયારીવાલા આત્માને, જીવ–અજીવ આદિ નવ તત્ત્વો, છ દ્રવ્યો, સપ્તભંગી અને સાત નયો વિગેરેનો, પરમાર્થ જાણવાની રુચિ ઉત્પન્ન થાય છે.

૨ પરમાર્થરુચિવાલા આત્માને, ભાવાચાર્યની સેવા અને તેમની સોબતમાં ઘણો જ આનંદ આવે છે.

૩ ભાવાચાર્યની સોબતથી રંગાએલા અને પરમાર્થ સમજેલા આત્માને, કુગુરુઓની સોબત બીલ્કુલ ગમે નહિ. એ પણ સ્વાભાવિક જ છે.

૪ સમકિત પામેલા કે પામવાની ભૂમિકામાં પ્રવેશેલા આત્માને, અન્યલિંગીઓની સોબત પણ ગમે નહિ, તેવાઓનાં પુસ્તકો વાંચે તો પણ, સત્ય છોડે નહીં અને તેવાઓના સ્થાનમાં પણ જાય નહિ. કારણ કે કુલિંગીઓની સોબતથી આત્મા પ્રાયઃ શ્રદ્ધાગુણથી પતન પામે છે. માટે જ કહ્યું છે કે,

"પરદર્શનીનો સંગ તજીએ, ચોથી સદ્દહણા કહી,
હીણા તણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે,
જ્યું જલધિજલમાં ભળ્યું, ગંગા નીર લુણપણું લહે."

૫ જેમ અતિક્ષુધાતુરને મિષ્ટાન્ન–પકવાન્ન દેખી અતિ આનંદ થાય છે. જેમ વિલાસી, સુખી મનુષ્યને કિન્નરકંઠીઓનાં

ગીત, નાચ અને નાટકોમાં મજા પડે છે. તેમ સમકિત પામેલો કે પામવાની તૈયારીવાળો આત્મા હોય, તેને વીતરાગની વાણી સાંભળવામાં ખૂબ જ રસ પડે છે. શ્રીવીતરાગદેવના ધર્મની આરાધના ઘણી ગમે છે. જેને વીતરાગવાણી અને વીતરાગધર્મ ગમતો હોય તેને, ધર્મના દાતાર ગુરુદેવની સેવા પણ જરૂર ગમે છે. તેવો આત્મા. ગુરુસેવામાં જરાપણ બેદરકાર થાય નહિ. જેમ વિદ્યાસાધક જરાપણ આળસ કર્યા સિવાય, સાધનામાં જાગતો રહે છે, તેમ આગમના રહસ્યનો અને ધર્મનો ખપી આત્મા, ગુરુદેવની સેવામાં સતત જાગૃત રહે છે. કહ્યું છે કે,

"ક્ષુધાળુને ભોજન વ્હાલું, તૃષાળુને પાણી;
વિલાસીને વનિતા વ્હાલી, ધર્મીને જિનવાણી..." ૧

શ્રીવીતરાગશાસનને પામેલા કે પામવાની તૈયારીવાલા આત્મામાં વિનયગુણ પણ જરૂર પ્રગટ થાય છે. કારણ કે વિનય એ ધર્મનું, વ્રતોનું, ગુણોનું અને વહેવારનું મૂલ છે. વિનય વિનાના આત્મા સર્વત્ર સીદાય છે. વિનય વિવેકનો મોટો ભાઈ છે. વિનયી જીવમાં જ વિવેક આવે છે. વિનયી આત્મા. માતા, પિતા, વડીલબંધુ વિગેરે કુટુંબના માણસને પણ, પોતાને વશ કરે છે, વિનયી માણસ પોતાના શેઠને, અધિકારીને કે રાજાને પણ, પોતાના બનાવીને, પોતાનું કાર્ય સાધી શકે છે, વિનયી જીવ ગુરુને અને દેવને પણ વિનયથી આરાધી શકે છે, અને અતિગુંચવણવાલાં શાસ્ત્રનાં રહસ્યો પણ, ગુરુપાસેથી પામી શકે છે.

વિનયગુણ ઉપર બે ભાઇઓની કથા.

એક નગરમાં સગા બે ભાઈ વસતા હતા. તેઓ ધન

કમાવા સારૂ દુર પ્રદેશ **રત્નદ્વીપમાં** ગયા. ત્યાંથી ઘણું ધન કમાઇને, પાછા પોતાના દેશમાં આવ્યા. તેઓ લક્ષ્મી એટલી બધી લાવ્યા હતા કે, તેની પાસે નગરના રાજાનીપણ, કશી ગણના ન હતી. બન્ને ભાઈ દરરોજ નવનવા સાધનોથી, ગામમાં ફરવા નિકળે અને લોકોનાં ટોળાં જોવા એકઠાં થાય. નગરવાસી લોકો એમ જ માને કે, આ દેવલોકમાંથી આવ્યા જણાય છે!

આ વાત રાજાની પાસે પહોંચી. રાજા ઘણો જ ઉત્તમ આત્મા હોવાથી, આ બન્ને ભાઈની લક્ષ્મીની વિપુલતા સાંભળી, ખૂબ જ ખુશી થયો. છતાં ઘણા ખુશામતીયા લોકો, રાજાને ઉશ્કેરવા લાગ્યા. 'સાહેબ! આ શેઠીયાઓના માન-મરતબા પાસે આપની કશી જ કિંમતનથી. આખા ગામમાં આપને કોઈ સંભારતું નથી. જ્યારે એ બન્ને ભાઈઓની, જે જેકાર બોલાઈ રહી છે', આવી વાતો સાંભળવા છતાં, સજ્જન એવો રાજા. જરા પણ મનમાં ઈર્ષ્યા લાવતો નહિ.

ભાવિભાવથી એક દિવસ એવો પ્રસંગ બન્યો કે, આ બે ભાઈ પૈકી એક નાનો ભાઈ, રત્નથી જડેલો, સોનાનો રથ શણગારી, બે સુંદર ઘોડાઓ જોડીને, બજારમાં ફરવા નીકળ્યો. આ વાતની ખબર થતાં, બીજા મોટા ભાઈ પણ, હાથીઉપર સુવર્ણની અંબાડી ગોઠવી તેમાં બેસીને, પરિવાર સહિત ફરવા નીકળ્યા. બન્ને ભાઈ જુદા રસ્તે ચાલ્યા જાય છે. આગળ જતાં આ બન્ને રસ્તા ભેગા થતા હતા ત્યાં, અકસ્માત્ સામેથી નરપતિની સવારી આવતી દેખાણી, આ વાત બંને ભાઈઓના ખાસ મનુષ્યોએ આવી, પોતપોતાના શેઠને જણાવી દીધી કે, 'સ્વામી! આપણા નગરના માલિક સામેથી આવે છે' આ

વાત સાંભળતાં જ, અતિવિનયી અને વિવેકી નાનો ભાઈ, બગીમાંથી નીચે ઉતરી, આગળ ચાલી, મહારાજની પાસે જઈ, નમ્રતાથી હાથ જોડી ઉભો રહ્યો. રાજા સાહેબ પૂછે છે, 'શેઠજી આ શું છે?' શેઠ કહે છે, 'સાહેબ! પરદેશથી એક સુંદર ચીજ બનાવરાવીને, આપ સાહેબને ભેટ આપવા લાવ્યો છું,' આવ્યાને દિવસો ઘણા થયા, પરંતુ અમારૂં ઘર અવાવરુ હોવાથી, સુધારા–વધારા કરવામાં, થોડો ટાઈમ ચાલ્યો ગયો. આપ કૃપાસિંધુને મળવા ઘણી જ ત્વરા હોવા છતાં મોડું થઈ ગયું, તેની ક્ષંમા આપશો' એમ વિનયવચનો સંભળાવી ઘોડાથી જોડેલો, રત્નજડિત રથ લાવીને, રાજા સાહેબના ચરણે ધર્યો. શેઠનું આવું મીઠું ભાષણ અને કિંમતી ભેટ જોઈ મહારાજા ઘણા જ ખુશી થયા. નાનાશેઠને ઘણું માન આપ્યું. અને જ્યારે જ્યારે અવસર મળે ત્યારે, પોતાને મળવા રાજ-સભામાં કે અંતઃપુરમાં, સંકોચ વિના આવવું એવી છુટ આપી.

આ બાજુ મોટા ભાઈ હાથી ઉપર આવતા હતા, તેમને પણ પોતાના સેવકે, મહારાજાની સવારી આવવાની ચેતવણી આપી હતી. પરંતુ પૈસામાં ગર્વિષ્ટ બનેલા શેઠજીએ, 'એમાં શું છે?' કહીને હાથી ઉપરથી નીચા ઉતર્યા નહી, એમ જ બેસી રહ્યા. પછી રાજાના માન સન્માનની તો વાત જ કયાં રહી?

મોટાશેઠની આવી ઉદ્ધતાઇ જોઇ, મહારાજા ચીડાઈ ગયા, અને શેઠનું અપમાનભરેલું વર્તન જોઈ, રાજાએ શેઠનો હાથી લઇ લીધો. ઘર ઉપર જપ્તિ બેસાડી સર્વસ્વ આંચકી લીધું. આ બિના નાનાભાઈના સાંભળવામાં આવી કે, તુરત જ સાચા મોતીનો થાળ ભરી, મહારાજા પાસે જઇને ભેટ ધરી, પોતાના

મોટા ભાઈના ઉદ્ધત વર્તનની અને રાજાના ગુસ્સાની ક્ષમા માગી. નાનાભાઇ ઉપર પ્રસન્નચિત્ત બનેલા મહારાજાએ, મોટા ભાઇનો પણ ગુન્હો માફ કર્યો. નાનાભાઈના વિનયથી, મોટા ભાઈની આપત્તિ પણ દૂર થઈ. તેમ આલોક અને પરલોક સુખી બનાવવો હોય તો, આત્મામાં નમ્રતા વિગેરે લાવવાની જરૂર છે. શાસ્ત્રો કહે છે કે,

" **विणयाओ नाणं, नाणाओ दंसणं, दंसणाओ चरणं ।**
चरणाहिंतो मोक्खो, मुक्खे सुक्खं निराबाहं ॥"

અર્થ–વિનયથી આત્મામાં જ્ઞાન આવે છે, જ્ઞાનથી સમકિતની પ્રાપ્તિ થાય છે. સમકિતી આત્મા ચારિત્ર પામે છે, અને ચારિત્રથી આત્મા સર્વકર્મ ક્ષય કરી મોક્ષ મેળવે છે. એટલે સર્વ ગુણોનું ભાજન વિનય ગુણ જ છે. માટે લૌકિક અને લોકોત્તર અન્ને માર્ગને નિષ્કંટક બનાવવા હોય તો, આત્માને વિનયગુણની આણ બનાવવો જોઈએ.

આ વિનયગુણ ઉપર બીજાપણ આશ્ચર્યકારી લૌકિક લોકોત્તર દાખલા ઘણા છે, એક તદ્દન તાજા અને બનેલી ઘટના આપણે જોઇએ.

હાલના રાજનગર શહેરમાં, સારંગપુર–તલીયાની પોળમાં, પ્રાયઃ વિશમી સદીના પ્રારંભમાં, એક ધર્માત્મા ગૃહસ્થ રહેતા હતા, તેઓનાં પ્રથમ પત્ની ગુજરી જવાથી, તેમણે ગામડામાંથી, કોઇ સારા ખાનદાન ગૃહસ્થની પુત્રી સાથે, ફરીવાર લગ્ન કર્યાં હતાં. શેઠ પોતે પ્રકરણ–કર્મગ્રન્થાદિ તત્ત્વોના ઘણા ઊંડા જાણકાર હતા. પોતાની થોડી મુડીમાં સામાન્ય વ્યાજના વેપારથી સુખ–પૂર્વક આજીવિકા ચલાવતા, અને દિવસનો ઘણોખરો ભાગ

વાંચન–મનનમાં તથા અન્યને ભણાવવામાં વિતાવતા હતા.

નવીન પરણેલાં શ્રાવિકા પણ ઘરનું કામ પતાવીને, તમામ વખત સામાયિકમાં શેઠજીની પાસે જ વિતાવતાં હતાં. નવી શ્રાવિકા ગામડામાં જન્મેલી હોવાથી, અને તે કાળમાં ગામડાઓમાં નિશાળો ન હોવાથી, આંક કે બારાક્ષરી જેવું પણ ભણેલાં હતાં નહિ. પરંતુ શેઠજીના બધા વાંચનમાં, લગભગ તેમની અત્રુટ હાજરી રહેતી હતી.

આવી રીતે દશ–પંદર વર્ષ વીતી ગયાં. દરરોજ સાંભળવાથી, ધાર્મિકક્રિયાઓમાં, અને જ્ઞાનમાં શ્રાવિકાનો રસ વધતો ગયો. સાથે શેઠની સેવામાં પણ વૃદ્ધિ થઈ. એક સુવિનીત શિષ્ય, જે રીતે ગુરુદેવની સેવા ઉઠાવે, તે જ પ્રમાણે મહાસતી શ્રાવિકા પણ, શેઠજીના મનને અનુકૂળ સેવા કરવામાં, ઘણીજ સાવધાનતા રાખતાં હતાં. શેઠની શી ઇચ્છા છે? તે શેઠાણી સમજી જતાં, ભાષામાં પણ 'જી' શબ્દોના કોમળ ઉચ્ચારથી, શેઠના આત્માને, ખૂબ જ શાંતિ આપતાં હતાં.

અને શેઠાણીના આવા વલણથી, તેમના ઉપર શેઠની અભ્યંતર આશીષો ઉતરવા લાગી એક દિવસ શેઠ વાંચતા હતા અને શ્રાવિકા સાંભળતાં હતાં. ત્યારે ભાવિભાવના યોગે શેઠના મુખમાંથી નીકલી ગયું કે, **'આજ તો તું વાંચીને અર્થ કર અને હું સાંભળું'** શેઠનાં અચાનક નીકળેલાં આવાં વાક્યો સાંભલીને, સુસતી શ્રાવિકાએ તુરત જ **'તહત્તિ'** વચન બોલી, વાંચવું શરૂ કર્યું. વાંચતાં ગયાં અને અર્થ કરતાં ગયાં, આમ દિન–પ્રતિદિન વિનય અને જ્ઞાન બન્નેની પરસ્પરમાં સરસાઈ વધી જવાથી, શેઠાણીએ શેઠ પાસેનું ઘણું

ખરૂં તત્ત્વજ્ઞાન મેળવી લીધું. જેના યોગે પ્રકરણ–ભાષ્ય, કર્મ-ગ્રંથ, સંગ્રહણી, ક્ષેત્રસમાસ, પ્રવચનસારોદ્ધાર અને લોક–પ્રકાશ જેવા ગ્રંથોનું ઊંડું રહસ્ય પણ સમજી લીધું.

પ્ર૦—તમે ઉપર જણાવી ગયા છો કે, બાઈને–શ્રાવિકાને બારાક્ષરી પણ આવડતી ન હતી, તોપછી શેઠના વચને વાંચવું શરૂ કર્યું, આ વાત કેમ મનાય?

ઉ૦—આવા દાખલા કોઈક કાળમાં જ બને છે, આ બાઈ ચોક્કસ ભણેલાં હતાં જ નહિ, પરંતુ પતિના અતિપ્રમાણ વિનય અને વૈયાવચ્ચ ગુણથી, બાઈમાં **એકલવ્ય ભીલ્લની પેઠે**, વિનયગુણના ફળરૂપ, જ્ઞાનગુણ પ્રકટ થયો હતો. આવો એક–બીજો દાખલો, રૂપાન્તરથી ઉપાધ્યાય શ્રી **વીરવીજયજી** મહારાજના પ્રસંગમાં, ભાવનગરની આજુબાજુના ગામમાં, એક મુંગા અને તદ્દન બહેરા છોકરાનો બની ગયો છે. જે છોકરો જન્મથી જ મુંગો અને બહેરો હતો. તેને દેરાસરમાં ઉપા-ધ્યાય શ્રીવીરવિજયજી મહારાજે વાંસામાં થાબડીને ફરમાવ્યું કે, **'બોલ, કયું નહિ બોલતા!'** આવાં વાક્યો સાંભળી છોકરો બોલવા લાગ્યો હતો.

પ્ર૦—શેઠજીના (' આજ તો તું વાંચીને અર્થ કર હું સાંભળું ') આદેશને સાંભળીને, શ્રાવિકાએ પોતે ભણેલાં ન હોવા છતાં, ના કેમ પાડી નહિ? હું ક્યાં ભણી છું!' આવો જવાબ કેમ ન આપ્યો? મારા સ્વામી મારી મશ્કરી કરે છે, આવું પણ મનમાં કેમ ન આવ્યું?

ઉ૦—ઉત્તમકોટીના શિષ્યો, પુત્રો, પત્નિઓ અને સેવકો ગમે તેવા વિષમ આદેશો હોય તો પણ, તેમાં સંશય કરતા નથી,

અને પોતાના તે તે પૂજ્ય અને વડીલપુરુષના, મરણસુધીના આદેશો, પ્રભુવચન તરીકે સ્વીકારી લે છે. કહ્યું છે કે,

"सती पत्युः प्रभोः पत्तिर्गुरोः शिष्यः पितुः सुतः ।
आदेशे संशयं कुर्वन्, खंडयत्यात्मनो व्रतं ॥"

અર્થ—સતીનારી પોતાના સ્વામીના વચનમાં સંદેહ કરે તો, પોતાનું પતિવ્રતાપણું મલીન થાય, ઉત્તમકોટીનો સેવક–નોકર પોતાના માલિકના વચનમાં સંદેહ કરે તો, પોતાનું સ્વામિભક્તપણું મલીન થાય. શિષ્ય પોતાના ગુરુદેવના વાક્યમાં સંદેહ કરે તો, પોતાની ગુરુભક્તિને મલીન બનાવે. અને પુત્ર પિતાના વાક્યમાં સંદેહ કરે તો, પોતાના પુત્રપણાને કલંકિત કરે. કહ્યું છે કે,

प्रायश्चित्तं गुरूणां हि, वचांसि निखिलैनसां ।
नातिक्रान्तगुरूणां हि; क्रिया कापि फलेग्रही ॥ १ ॥

અર્થ—ગુરુપુરુષોનાં વચનો, આરાધક આત્માઓને, પ્રાયશ્ચિત્ત તુલ્ય છે. અર્થાત્ ગમે તેવાં પાપો થઈ ગયાં હોય, પરંતુ સુગુરુઓનાં વચનોરુપ આશીર્વાદ મલી જાય તો, **દૃઢપ્રહારી** અને **કામલક્ષ્મી** જેવા, પાપી આત્માઓ પણ, તમામ પાપોથી મુક્ત બની મોક્ષગામી થયા. એટલે ગુરુદેવોના વચનથી બંધાએલા આત્માઓને, ગુરુઓના વચનો જ, તરવામાં અસાધારણ કારણ બને છે. પરંતુ જે આત્માઓ, ગુરુઓના વચનોનો અનાદર કરી, રખડતા–ભટકતા સ્વેચ્છાચારી બને છે, તેમની કોઈ પણ તપ વિગેરે ક્રિયા, ફલ આપનારી બનતી નથી. શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે,

"छट्ठट्ठमदसमदुवालसेहिं, मासद्धमासखमणेहिं ।
अकरेंतो गुरुवयणं, अनंतसंसारीओ होइ ॥१॥"

અર્થ—કોઈ આત્મા છઠ (બે ઉપવાસ) અઠમ (ત્રણ ઉપવાસ) દશમ (ચાર ઉપવાસ) દ્વાદશ (પાંચઉપવાસ) માસ (એકમાસના ઉપવાસ) અર્ધમાસ (પંદર ઉપવાસ) જેવા, દુષ્કરતપ કરનારો હોવા છતાં, જો તે ગુરુવચનનો અનાદર કરતો હોય, ગુરુવચનની અવગણના કરતો હોય તો, ઘોર તપથી પણ તે અનંતોકાળ સંસારમાં જ રખડનારો બને છે. તેને તપશ્ચર્યાથી પણ કશો લાભ થતો નથી. આ વાતથી એમ નક્કી થાય છે કે, ગુણી આત્માઓ વડીલોને પરાધીન હોય છે. ગુરુ, પિતા, પતિ અને માલિકની સંપૂર્ણ આજ્ઞા માને છે. મનમાં પણ કુવિચારો લાવતા નથી. આ પ્રમાણે **શ્રાવિકાબેન** પણ, પોતાના સ્વામીના વચનમાં જરા પણ શંકા લાવ્યા સિવાય, સ્વામિની આજ્ઞાથી વાંચવા લાગ્યાં, અને **એકલવ્યલીલ્લની** માફક વડિલનો વિનય ફળ્યો વિનય એટલો બધો ફળ્યો કે, આ શ્રાવિકાબાઈએ પ્રકરણનું ઊંડું જ્ઞાન પામીને, વૃદ્ધાવસ્થામાં ઘણા શ્રાવક–શ્રાવિકાઓને પણ ભણાવ્યાં. ઘણા ભાઈઓ તેમની પાસે ભણીને, તેમના સગા પુત્રો જેવા ભક્ત બન્યા. કહેવાય છે કે, આ સુશ્રાવિકા, પોતાના પતિના મરણ પછી, અમદાવાદશહેરમાં, **કાકીમાના**'નામથી એક સારા અનુભવી આત્મા તરીકે પ્રસિદ્ધ થયાં.

અમને આ સંપૂર્ણ હકીકત અમદાવાદના એક માનવંતા વીશાશ્રીમાળી જૈન કોમના શેઠ અને આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિ, હાજાપટેલની પોળમાંની રામજીમંદિરની પોળના રહીશ, **શેઠ મયાભાઈ સાંકળચંદ**, જેઓ ૧૯૮૭ની સાલમાં, અમારી પાસે કર્મગ્રંથનો અભ્યાસ કરવા આવતા હતા, તેમણે કહેલી છે, તે અમે લાભની ખાતર અહીં લખી છે.

તાત્પર્ય એ કે સમકિત પામેલો કે પામવાને નિકટ થએલો આત્મા. **અરિહંત, સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય, સાધુ, ક્ષમાદિદશવિધ ધર્મ, જિનપ્રતિમા, શ્રીજૈનસંઘ, જૈનાગમ,** અને **સમ્યગ્દર્શન,** આ દશે પ્રકારનો મન, વચન અને કાયાથી વિનય આચરે છે.

વિનયી આત્મા તેને કહેવાય, કે જે, ગુણી અને વડિલ પુરુષો પ્રત્યે ૧ યથાયોગ્ય ભક્તિ સાચવે, ૨ ચિત્તમાં બહુમાન રાખે, ૩ ગુણનો આદર થવાથી વારંવાર પ્રશંસા–સ્તુતિ ગાયા કરે, ૪ અવગુણ ક્યારે પણ મનમાં લાવે નહિ અને બોલે પણ નહિ. ૫ અને કોઈ પણ પ્રકારની આશાતના થવા દે નહિ.

આ પ્રમાણે દશ પ્રકારના ગુણીજનોનો, પાંચભેદે વિનય કરનાર. કોઈ કર્મની નિર્જરા કરી મોક્ષે જાય છે. અને કોઈ જિનનામકર્મ પણ ઉપાર્જે છે, જ્યારે કોઈ આત્મા, પ્રવર પુણ્યનો બંધ કરીને, **શ્રીભરત–બાહુબળી**ની પેઠે મોટી રિદ્ધિ–સંપત્તિને પણ પામે છે.

સમકિત પામેલા કે પામવાની તૈયારીવાલા જીવને શ્રીજિનવચન તદ્દન સાચાં લાગે. શંકાવગરનાં લાગે **"तमेव सच्चं निस्संकियं, जं जिणेहिं पवेइयं"** બીજું બધું ખોટું છે, એવું લાગે. વળી શ્રીજિનરાજની ભક્તિથી જે ન બની શકે, તે બીજાથી થઈ શકે જ નહીં, આવું પ્રસંગ આવે ત્યારે નિડરપણે બોલે. કોઈ એવો પણ પ્રસંગ આવી જાય કે, કોઈ દેવ–દાનવ કે રાજા–મહારાજા, બલાત્કારથી, અન્ય દેવ–દેવીને નમાવવા આગ્રહ કરે તો પણ તેને નમન નજ કરે.

"છેદો ભેદો વેદના રે, જે સહેતો અનેક પ્રકાર રે;
જિન વિણ પર સુર નવિ નમેરે, તેની કાયા શુદ્ધિ ઉદાર રે..."૨

અર્થ–જિનેશ્વરદેવ સિવાય બીજા દેવ–દેવીને નમસ્કાર કરે જ નહિ. પ્રાણાન્ત કષ્ટો સહન કરે, સર્વસ્વનો નાશ થઈ જાય, અનેક વેદનાઓ ભોગવે, પણ અન્યદેવને સ્વપ્નામાં પણ ઇચ્છે નહિ. મન–વચન–કાયાની આવી શુદ્ધિ જેની હોય, તે આત્મા સમકિત પામી શકે છે, અથવા પામેલું ટકાવી શકે છે.

જે આત્મા ભગવાન વીતરાગનાં વચનો વાંચીને, શ્રી વીતરાગપ્રભુને સંપૂર્ણ ઓળખવા અભ્યાસ કરે છે. જેમ જેમ અભ્યાસ કરે છે. તેમ તેમ અનુભવ વધે છે. જે આત્મા સર્વજ્ઞદેવની વાણીનો અનુભવી હોય, તે નીચેના પાંચ મહાદોષોથી બચી શકે છે.

"शंका कांक्षा विचिकित्सा, मिथ्यादृष्टेः प्रशंसनम् ।
तत्संस्तवश्च पंचापि, सम्यक्त्वं दूषयन्त्यमी ॥१॥

અર્થ—૧ શ્રી જિનવચનમાં કોઈ પ્રકારની શંકા કરવી નહિ, ૨ અન્ય–દર્શનિઓના કષ્ટ, મંત્ર, ચમત્કાર, માનપાન, ઐશ્વર્ય દેખીને તે મતનો અભિલાષ સેવવો નહિ, ૩ પોતે આચરેલા ધર્મનું ફલ મળશે કે કેમ ? આવો સંદેહ લાવવો નહિ, ૩ મિથ્યાદૃષ્ટિઓના ગુણના વખાણ પોતે કરવા નહિ, અને બીજા પાસે સાંભળવા નહિ, ૫ જેમ બને તેમ અન્ય–દર્શનિઓની, એટલે જૈનધર્મના વિરોધીઓ, નિન્દકો અને ઉત્થાપકોની, સોબત કરવી નહિ, અને તેવાઓના પડોસમાં, પોતાના ઘર કે દુકાન પણ રાખવાં નહિ.

આ પાંચ દોષો સમકિતના ભયંકર દુશ્મનો છે. આ પાંચ દુષણો જ્યાં સુધી આત્મામાં હોય, ત્યાંસુધી સમકિત ગુણ આવેલો ટકી શકતો નથી, માટે આત્માના અભ્યુદયના ઇચ્છક

બુદ્ધિમાન મનુષ્યે ઉપરના પાંચ મહાદોષોનો ચોક્કસ ત્યાગ કરવો જોઈએ.

પ્ર૦—'ગુણાનુરાગ એ જ સમકિત–સમ્યગ્દર્શન કહેવાય.' એમ આપણે પ્રારંભમાં જ નક્કી કર્યું છે,તો પછી અહીં 'મિથ્યા-દૃષ્ટિના ગુણનાં વખાણ કરવાથી સમકિત મલીન થાય છે. એમ કેમ લખ્યું? ગુણ ગમે તેના હોય. તેના (ગુણના) વખાણ કરવામાં વાંધો શું?

ઉ૦—પહેલી વાત તો એ જ છે કે, ગુણ કોને કહેવા? જેમ વસ્ત્રમાં શ્વેતતા–ધોળાશ, પાણીમાં શીતતા–ઠંડક, અગ્નિમાં ઉષ્ણતા–ગરમી, આ બધા જેમ તે તે વસ્તુના સ્વભાવસિદ્ધ ગુણો છે, તેમ આત્મામાં પણ સ્વભાવસિદ્ધ ગુણો છે. તેજ વાસ્તવિક ગુણો કહેવાય છે. જે ગુણો પોતાના ઉપાદાનકારણને નુકસાન કરનાર ન બને, તે ગુણો જ વાસ્તવિક ગુણો કહેવાય છે. તેમ જે આત્મામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વગેરે ગુણો પ્રકટ થયા હોય, તે આત્માનાં આલોક કે પરલોક બગડે નહિ. તેના બીજા ગુણોના નાશનું કારણ બને નહિ. કારણ કે ગુણો ગુણોને વધારવામાં મદદગાર થાય, આવા ગુણો મિથ્યાદૃષ્ટિ આત્માઓમાં પ્રાયઃ આવી શકતા નથી, પરંતુ તેઓમાં ગુણ જેવા દેખાતા ગુણાભાસો જ હોય છે. મિથ્યાદૃષ્ટિ જીવોમાં, પ્રકટેલા ગુણાભાસો, તેમને કુગતિમાં લઈ જનાર બને છે. માટે જ **મિથ્યાદૃષ્ટિ જીવોના ગુણોની અનુમોદના** (મનમાં પ્રશંસા) **કરવી પણ વખાણ કરવાં નહિ.** ઉપાધ્યાયજી ફરમાવે છે કે,

"મથ્યામતિ ગુણ વર્ણનો, ટાળો ચોથો દોષ;
ઉન્માર્ગી ગુણતાં હોવે, ઉન્માર્ગ પોષ..." ૧

જગતની વસ્તુમાત્રનો એવો જ સ્વભાવ છે કે, એક પદાર્થ બીજા પદાર્થને આકર્ષે છે. અને પોતાના સમાનધર્મી પદાર્થનું, પોતાના તરફથી બને તેટલો ટેકો આપી, તેનું પોષણ કરે છે, અને તેને મજબુત બનાવે છે. તે જ પ્રમાણે ગુણો ગુણોને આકર્ષનારા અને પોષણ આપનારા હોય, તો જ તે વાસ્તવિક ગુણ કહેવાય છે.

પ્ર૦—ત્યારે શું મિથ્યાદૃષ્ટિજીવમાં આવેલા ગુણો, ગુણોનો નાશ કરનારા હોય એમ બને ખરૂં ?

ઉ૦—ઘણું કરીને એમ જ હોય છે. ઘણા મિથ્યાદૃષ્ટિજીવો સત્યવાદી હોય છે, ચોરી પણ પ્રાયઃ કરતા નથી, દગા–પ્રપંચ કરતા નથી. પરસ્ત્રીને માતા–બેન–પુત્રી તુલ્ય માને છે, પ્રમાણિકપણે વર્તે છે, અને હજારો માણસોના વિશ્વાસનું પાત્ર બને છે, છતાં તેઓમાં જૈનશાસનનો અભાવ હોવાથી, માંસાહાર કરે છે, મદિરા પીવે છે. ઇંડા ખાય છે, કતલખાના ચલાવે છે, મચ્છીના વેપાર કરે છે અને મચ્છી ખાય છે, પોતાના સ્વાદને પોષવા માટે, પોતાને ઘેર બકરાં, ઘેટાં, કુકડાં પાળે છે અને મારીને ખાય છે, પારાવાર જીવહિંસા થાય તેવા વેપારધંધા, કારખાના ચલાવે છે, પ્રસંગ આવે ત્યારે, આવા બધા પાપોનું સમર્થન પણ ખુબ કરે છે, એટલે આવા પ્રમાણિક મનુષ્યોના સત્ય, અચૌર્ય અને બ્રહ્મચર્ય જેવા ગુણો પણ તેના આત્માને લાભ કરતા નથી પણ પ્રાયઃ દુર્ગતિનું કારણ બને છે.

પ્ર૦—શું સત્ય, અચૌર્ય અને બ્રહ્મચર્ય જેવા ગુણોથી જીવને લાભ ન થાય ?

ઉ૦—સાચી અહિંસા આવી હોય તો, એ ગુણો, સોનામાં

જડેલા હીરા જેવા છે. પણ જો અહિંસાનો સર્વથા અભાવ હોય તો, એકડા વગરના મીંડા જેવા છે. જેમ સાચી જીવદયારૂપ સુવર્ણની વીંટીમાં, સત્યતા વિગેરે હીરાઓ જડાય તો. અથવા ભાવદયા કે સાચીદયારૂપ એકડો આવ્યા પછી, સત્ય, અસ્તેય, અને બ્રહ્મચર્ય રુપ મીંડાઓ આવે તો, તે વીંટીની શોભા વધે છે. અને એકડાને, અનેક ગુણો મોટો બનાવે છે. એટલે જે આત્મામાં, જીવોની દયા હોય જ નહિ, જેને જગતના પ્રાણીમાત્રને, અભયદાન આપવાની ઇચ્છા થાય નહિ, જે તેનું–જગતના પ્રાણીમાત્રનું, ભલું ચિંતવે નહિ, જેને પ્રાણીમાત્ર સાથે મૈત્રીભાવ પ્રગટે નહિ, ત્યાંસુધી તેના બધા ગુણો, એકડા વગરના મોટા મીંડા જેવા જાણવા.

જેમ કોઈ માણસે દુધ જેવી જાડી છાશમાં, કેસર, જાયફળ અને સાકર નાખ્યાં. આ ત્રણે વસ્તુથી છાશને કશો લાભ થયો નહિ, પરંતુ કેસર, જાયફળ અને સાકર નકામાં ગયાં. જો એ ત્રણે ચીજો, ગાયના કે ભેંસના દુધમાં, નાખવામાં આવી હોત તો, બધાની કીંમત વધી જાત. દુધ પોતે જ ઊંચો પદાર્થ છે, તેમાં સાકર, કેસર અને જાયફળ પડે, એટલે દુધનો સ્વાદ વધે, એ નિર્વિવાદ વાત છે, એજ પ્રમાણે અહિંસા પોતે ઊંચો ગુણ છે, તેમાં સત્ય, અસ્તેય અને બ્રહ્મચર્યનો સાથ મળે તો, તેનું અગણિત મુલ્ય થાય. પરંતુ દુધનો ભ્રમ કરાવતી છાશમાં, નાખેલાં જાયફળ, કેસર અને સાકર બીલકુલ નકામાં ગયાં, તેમ અહિંસા–જીવદયાના અભાવમાં, સત્ય–અસ્તેય અને બ્રહ્મચર્ય વિગેરે ગુણો પણ, આત્માને ઉચ્ચ બનાવી શકતા નથી.

પાંચ દોષથી મુક્ત સમકિતને, પામેલો કે પામવાની તૈયારીવાલો જીવ, પોતાની શક્તિઅનુસાર શ્રીવીતરાગશાસનની પ્રભાવના પણ કરે છે, એટલે જ્યારે જે જે વસ્તુદ્વારા શ્રીજૈન-શાસનની પ્રભાવના–ઉન્નતિ થઈ શકે તેમ હોય, તે તે જરૂર કરે. જે શાસનપ્રભાવનાદ્વારા પોતાને, કે અન્યને જરાપણ નુકસાન ન થાય, અને જૈન-જૈનેતરોને શ્રીવીતરાગશાસન ઉપર બહુમાન પ્રગટ થાય, જે શાસનપ્રભાવનાદ્વારા, ઘણા નવીન આત્માઓ જૈનધર્મમાં જોડાય, અને જુના, ધર્મમાં મજબુત થાય, ધર્મથી ખસી જતા સ્થિર થાય, ધર્મના વિરોધી પાછા પડે, આવાં શ્રીજૈનશાસનની પ્રભાવનાનાં કામો સ્વયં કરે, અને અન્યને મદદ કરી શાસનપ્રભાવના કરાવે, તે આત્મા પોતે પોતાના સમકિતને નિર્મળ બનાવે, ઉપરાન્ત સેંકડો, હજારો, લાખો આત્માઓને સમકિતધારી બનાવી શકે છે. આ શાસનમાં તેવા પ્રભાવકો ઘણા થઈ ગયા છે, જેમનાં, થોડાં માંગલિક નામો, આપણે આચાર્યપદના વર્ણનમાં જોઈ આવ્યા છીએ.

આવા સમકિતયોગ્ય આત્માઓમાં, પાંચ ભૂષણ પ્રકટ થાય છે.

૧ શ્રીવીતરાગશાસનની વિહિત ક્રિયાઓ ઉપર, ઘણો રાગ હોય, દાન, શીલ, તપ, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ વિગેરે અનુષ્ઠાનો, ઘણીલાગણીપૂર્વક, રસપૂર્વક, સમજીને, આદર-બહુમાનથી અને અન્યચિત્ત નિરાદરપણાનો ત્યાગ કરીને કરે. એ પહેલું ભૂષણ.

૨ તીર્થની સેવા કરે. (આત્માને સંસારસમુદ્રથી તારે, તે તીર્થ કહેવાય) તે તીર્થ સ્થાવર અને જંગમ બે પ્રકારે હોય

છે. શત્રુંજયાદિ સ્થાવર તીર્થો કહેવાય છે અને ગીતાર્થ મુનિરાજો જંગમ તીર્થ કહેવાય છે. એટલે આવા ગીતાર્થ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુની સેવા કરવી અને શત્રુંજયાદિતીર્થોની વિધિપૂર્વક યાત્રા કરવી તે બીજું ભૂષણ.

૩ ગુરુદેવની ભક્તિ કરવી. શ્રીવીતરાગશાસનના આચાર્યાદિ મુનિરાજોને, શાસનની વિધિ-બંધારણ અનુસાર, ઉપાશ્રયમાં ઉતારવા તથા તેમને દોષરહિત વસ્ત્રો, અશન-પાન-ખાદિમ સ્વાદિમ આહાર વિગેરે આપવું, તે પણ કેવલ પોતાના આત્માના કલ્યાણ માટે આપવું. તથા ગ્લાનાદિની ભક્તિ-સેવા કરવી એ ત્રીજું ભૂષણ.

૪ ધર્મ કરતાં કે સેવાભક્તિ કરતાં, કોઈ ફેરવનાર મલે છતાં ફરે નહિ-બદલાય નહિ, એ ચોથું ભૂષણ.

૫ શ્રીજૈનશાસનની અનુમોદના, પ્રશંસા કરે. 'જૈનધર્મ જેવો ધર્મ જગતમાં છે જ નહિ, આવી લોકોના હૃદયમાં છાપ બેસી જાય, તેવી રીતે પ્રભાવના કરવી. તે પાંચમું ભૂષણ.

'હું સમકિતી છું કે કેમ ?' આનો નિર્ણય જાણવા માટે, પોતે પોતાને તપાસી શકે તેવા, સમકિતના પાંચ લક્ષણ જ્ઞાની મહાપુરુષોએ બતાવ્યા છે.

૧ ગમે તેવા શત્રુનું પણ બરાબ ન ચિંતવે અને ભાવના ભાવે કે,

"મુજને દુઃખ આપે બધા, તો પણ હું નહિ તાસ;
સુખ પીરસવા સર્વને છે મારો અભિલાષ ॥૧॥

ભવભવ એ મુજ ભાવના, એ મારો અભિલાષ;
ચાર ગતિના જીવને, લેશ ન આપું ત્રાસ ॥૨॥
દરેક ભવમાં સર્વને, માનું મિત્ર સમાન;
આવે દુઃખ કોડો ગમે, પણ ભૂલું નહિ ભાન ॥૩॥
ભવભવ એ મુજ ભાવના, જો મુજ ધાર્યું થાય;
જગના જીવો સર્વને, થાપું મહા-સુખમાંય ॥૪॥"

૨ દેવતાઈ સુખો કે, રાજા-મહારાજાનાં સુખો મલે, તેમાં મુંઝાય નહી, ગર્વ લાવે નહિ, પરંતુ એ જ વિચારે કે, જેમ સુખ ભોગવવાથી, પૈસા ઓછા થાય છે, તેમ પુણ્ય પણ ચોક્કસ ઓછું થાય છે. નવી આવક વિના, બેઠાબેઠા ખાઈ જનારને, મનમાં દુઃખ થયા જ કરે છે, તેમ તેને સુખ ભોગવતા આનંદ ન થાય. **"સુરનર સુખ પણ દુઃખ કરી લેખવે, વાંછે શીવ સુખ એક."** એટલે કે, દેવનાં કે મનુષ્યનાં સુખો, છેવટમાં દુઃખ આપવાજ સર્જાયાં છે, તો પછી વર્તમાન સુખો, પણ, દુઃખના કારણ હોવાથી, તે સુખો બુદ્ધિમાનોને, દુઃખમય લાગે તેમાં નવાઈ શું ?

પ્ર૦—જો સુખો દુઃખમય મનાયાં હોય તો, આખું જગત સુખની અભિલાષા કેમ કરે ?

ઉ૦—આ જગતમાં બુદ્ધિમાન અને મૂર્ખ, એમ બે પ્રકારના મનુષ્યો હોય છે. તેમાં બુદ્ધિમાન મનુષ્યો, સુખને સદા-કાળ ટકાવી રાખવા, નવી આવક કાયમ ચાલુ રાખે છે. આવક કરતાં ખર્ચ હંમેશ ઓછો જ રાખે છે. કદાચ આવકના માર્ગ ઘટે તો, ખર્ચ પણ ઘટાડતા જાય છે. જ્યારે મૂર્ખમનુષ્યો માત્ર વર્તમાનની વિચારણા વાળા હોયછે. કાલેગમેતે

થાય, તેની ચિંતા જ ન કરે. "**કાલ કોણે દીઠી છે?**" એવી મનઘડંત કલ્પનાઓ દ્વારા, ભવિષ્યના ભલાનો વિચાર જ કરતા નથી અને બીચારા સદાકાળ દુઃખી અને પરાધીન દશા જ ભોગવે છે. તેજ પ્રમાણે જેમને આત્મા નિત્ય-સનાતન સમજાયો હોય, તેવા આત્માઓ માત્ર ચાલુ ભવના જ, સુખના ઇચ્છક હોતા નથી. પરંતુ હવે પછી કોઇ ભવમાં દુઃખ ન આવે તેવું ઇચ્છે અને આચરે છે. તેમને પુણ્યનાશ કરનારા, ચાલુ ભવના સુખો, દુઃખ જેવા લાગે, તેમાં નવાઈ નથીજ. તે સિવાય જેમને તેવું જ્ઞાન નથી, તેવા આત્માઓ જ પરિણામે દુઃખદ એવા સુખોની ઇચ્છા કરે છે.

ખરો સુખી કોણ? એ વિષે બે ભાઇની કથા

કોઇક સગા બે ભાઈ દશ-દશ હજાર રૂપીયા લઇને એક શહેરમાં ગયા. દરવાજામાં પેસતાં જ બે માર્ગ આવ્યા. બંને ભાઈ પરસ્પર સલાહ કરીને, જુદા જુદા માર્ગે નગરની મધ્યમાં ગયા. એક ભાઇને રસ્તે જતાં એક મુસાફર મલ્યો. તેણે તેને નગરની માહિતી પૂછી. પહેલાએ જણાવ્યું કે, આતો દેવપુરી છે. અહીં સાક્ષાત્ દેવતાનાં પણ, સુખ ભોગવવા મલે છે. જુઓ આ દરવાજો દેખાય છે, ત્યાં જશો એટલે તમને તેનો પૂરો અનુભવ થશે. ભાઈ પણ દેવતાઈ સુખના જ ઇચ્છક હતા. એટલે સીધા ત્યાં ગયા. પેઠા ત્યાં તો, પધારો ! પધારો !! પધારો !!! કહેતા ભાવભર્યું આમંત્રણ આપવા માણસો દોડી આવ્યા. શેઠને છેક અંદરના મહેલમાં લઈ ગયા. ત્યાં પરી જેવી એક યુવતી બેઠી હતી. તેણીએ ઉભા થઇ, હસતા મુખે શેઠને, આવકાર આપ્યો અને સેવકોને હુકમ કર્યો કે, પધારેલા મહેમાનને,

આપણા સ્થાનને યોગ્ય, સર્વ પ્રકારની વ્યવસ્થા આપો. પોતાની સ્વામિનીનો હુકમ થતાંની સાથે તુરત સેવકો તેમને ન્હાવાના સ્થાનમાં લઈ ગયા. શેઠને નવરાવી વેશ અને આભૂષણોવડે શણગાર્યા, શેઠ હવે શેઠ મટી રાજકુમાર બની ગયા. પછી લાવીને પલંગ ઉપર બેસાર્યા. સારાં ખાન-પાન જમાડ્યાં. યુવતી પણ તેની સેવા કરવા લાગી. જાણે પોતાની પરણેતર પત્ની હોય, તેવા પ્રકારનો બધો જ વર્તાવ કરીને, ભાઇને ખૂબ જ ખુશ કર્યા. જેમ કોઈ રાજપુત્ર, પોતાની નવીન પરણેલી પત્નીના સહવાસમાં, એકાંતમાં રહી આનંદ ભોગવે, તેવા બધા જ આનંદો આ ભાઈશ્રીને મલ્યા. મોજશોખના મહાઘેનમાં, આખો દિવસ અને રાત્રી, એક કલાક જેવા થઈને જતાં રહ્યાં. ભાઈશ્રીને તો આખી જીંદગીમાં કયારે પણ નહિ અનુભવેલું સુખ સાંપડયું. દિવસ ઉગ્યો એટલે, બાઇસાહેબની દાસીએ આવીને, શેઠસાહેબ પાસે ખર્ચનું બીલ રજુ કર્યું. આખા દિવસ-રાત્રીના રૂા. ૧૦૦) આપી દો. અને હવેથી આપને હમેશાં, આજ કરતાં વધુ ને વધુ આનંદ મલ્યા કરશે. શેઠ તો આનંદમાં ગરકાવ થઈ ગયા હતા એટલે તુરત રૂા. ૧૦૦) ગણી દીધા. બીજે દિવસ શરૂ થયો. સવારના પહોરમાં શેઠજીને, સ્નાનમંડપમાં લઇ ગયા. ત્યાં સોળ સોળ વર્ષની છોકરીઓ, (બાઇસાહેબની દાસીઓ) શેઠસાહેબને નવરાવવા તૈયાર ઊભી હતી. શેઠજી તો જોઇ-જોઈ ને મનમાં મલકાવા લાગ્યા, અને પોતાને અહોભાગ્ય માનવા લાગ્યા. સૌ પ્રથમ શરીર ઉપર સુગંધી દ્રવ્યોથી ચોળવાનો વિધિ થયા પછી સ્નાન કરાવ્યું. વચમાં-વચમાં ચેનચાળા હાવભાવ ચાલુ હતા. સ્નાનવિધિ પૂર્ણ કરી, સુંદર વસ્ત્રો પહેરાવી, ઉપર દાગીના

પહેરાવ્યા. પછી ભોજનગૃહમાં લાવી, જમવા બેસાડ્યા. બાઈ-સાહેબ વ્યવસ્થા સાચવવા પાસે બેઠાં. અનેક નવી નવી વાનકી-ઓથી, શેઠને ધરવી નાંખ્યા. જમી લીધું કે તુરત જ શેઠને પુષ્પ પાથરેલી શય્યામાં સુવાડ્યા. બે-ત્રણ કલાક નિદ્રા લઈને જાગ્યા, ત્યાં તો બપોરનાં પીણાં તયારજ હતાં. એબધું પતાવીને દાસીઓ સાથે વિકટોરીયામાં ફરવા ગયા. નગરની શોભા જોવામાં બેએક કલાક વીતાવી ઘેર આવ્યા. જમી પરવારી શયનભુવનમાં પધાર્યા. આ રીતે શેઠજી, સાક્ષાત્ દૈવી સુખોનો અનુભવ માણવા લાગ્યા. બીજા દિવસનું બીલ માત્ર રૂપીઆ બસોનું જ હતું. આમ થોડા દિવસ દેવતાઈ સુખ અનુભવતાં, શેઠ પાસે માત્ર એક-બે દહાડાનું જ મૂલ્ય બાકી રહ્યું. શેઠજી ઘોડાગાડીમાં ફરવા નીકળ્યા છે. ચાર પડખે ચાર દાસીઓ બેઠી છે. ગાડી મધ્યબજારમાં ચાલી જાય છે. ત્યાં પોતાના નાનાભાઈને, પુરાણાં લુગડાં પહેરીને, બજારમાં ચાલ્યો જતો જોયો. ઘોડાગાડીમાં બેઠેલા શેઠે, નાનાભાઈને પાસે બોલાવી ખુબ ઠપકો આપ્યો. 'મૂર્ખા! આવા દેવ જેવા નગરમાં આવ્યો તો ય હજી, ચીંથરા વીંટાળે છે? આવાં તારાં એનાએ ફાટેલાં લુગડાં જોઇ, મને પણ શરમ આવે છે. જરા ડાહ્યો થા અને મારી જેમ, સુખ ભોગવતાં શીખ?' મોટા ભાઈનાં આવાં વચનો સાંભળી નાના-ભાઈએ કહ્યું, 'ભાઇ! મારા ચીંથરા જોઈ આપને ક્ષણભર દુઃખ ભલે થયું. પણ બે દિવસ પછી આપના ચીંથરા દેખીને, તમારા સ્નેહીઓને, વર્ષો સુધી ભયંકર દુઃખ થશે, અને તમારી બંને આંખોમાં, ચોધારા આંસુ ચાલ્યા કરશે, તે તો વિચારો? નાના-ભાઈનાં અર્થથી ભરેલાં વચનો, મોટાભાઇને સાંભળવાં ગમ્યાં

નહિ, અને ઘોડાગાડીવાળાને, આગળ ચલાવવા હુકમ આપ્યો. મુકામે આવ્યા પછી, બે કે ત્રણ દિવસ ગયા, બાઈસાહેબની દાસી ચાલુ દિવસનું બીલ લઈને આવી. શેઠજીએ પોતાના બીસ્સામાં હાથ નાખ્યો, આજે બીસ્સામાં એક પાઇ પણ હતી નહિ. પૈસા ચુકવવાની કાંઈ પણ સગવડ ન જણાવાથી, બાઈએ દાસીઓને હુકમ આપ્યો કે, આ નાલાયકને આપણા વસ્ત્રા-ભૂષણો ઉતારી લઈ, તેનાં પોતાનાં, ઘેરથી લાવેલાં જુનાં લુગડાં પહેરાવી, ધક્કા મારી હમણાં જ દરવાજા બહાર કાઢો.

શેઠજી કાલાવાલા કરવા લાગ્યા. 'બે દિવસ તો રહેવા દો, મેં તમને દશ હજાર બવડાવ્યા છે, થોડી તો શરમ રાખો, અમારો ને તમારો કેટલો સ્નેહ હતો ! તે આમ એક મિનીટમાં બદલાઇ જતો જોઇ આશ્ચર્ય થાય છે, પણ આ બધું કોઇ સાંભળવા તૈયાર હતું જ નહિ, સામેથી જવાબ મલ્યો કે, અમે તો પૈસાદારને જ માન આપીએ છીએ તમારા જેવા હજારો હસતા આવ્યા અને રોતા ગયા, અહીં કોઈની વગ–સીપારસ ચાલતી નથી. બસ, જલદી આ સ્થાનથી બહાર નીકળી જાવ. તમારી મૂર્ખાઈનું ફળ તમે પોતે ભોગવો. આ વખતે શેઠજીએ રાજકુમાર જેવો પહેરવેશ ઉતાર્યો, અને ભીખારી જેવો પોતાનો પોષાક ધારણ કર્યો. દેવાંગના જેવી રમણી, દાસીઓ, અબજોપતિના જેવું સુંદર મુકામ, રાચરચિલું, સાહ્યબી અને નોકર–ચાકરનો ત્યાગ કરી શેઠજીએ, ઘર બહાર નીકળવા માંડ્યુ. આ વખતનો ભાઇશ્રીના મુખનો દેખાવ ખુબ જ દયામણો હતો. શેઠને ગયા દિવસો વારંવાર યાદ આવવા લાગ્યા. મન ઉપર ઘણો જ આઘાત થવાથી, આંખોમાં આંસુની ધારા વહેવા લાગી. કોઈ દિલાસો

આપનાર નથી. કયાં જવું? કોને કહેવું? હવે શું કરવું? એક પછી એક, વિચારની માળાના મણકા શરૂ થયા. બાઈસાહેબના માણસો દરવાજા સુધી ધક્કા મારતા પાછળ આવ્યા. ઘર બહાર કાઢીને કહ્યું, હરામખોર બબરદાર! હવે કયારે પણ આ ઘરમાં પેસતો નહિ. ભાઈ દયામણા ચહેરે, લુતા લમણે, ઘરની બહાર નીકળી ગયા અને રઝળી–ભટકીને મરી ગયા.

બીજા નાનાભાઈ નગરની એક બાજુ ચાલતા હતા. તેને કોઈ ઉત્તમ મનુષ્યનો ભેટો થયો. તેને નગરમાં જવાનો અને રહેવાનો અનુભવ પૂછયો. તેણે કહ્યું કે, ભાઈ આ તો ધૂતારાઓની નગરી છે. અહીં તો ધૂર્તોના ટોળામાં ધૂર્ત થઇને વસે, તે જ સાજો–તાજો ઘેર જઈ શકે છે. અહીં વેશ્યાઓ ઘણી વસે છે, નાટકગૃહોનો પાર નથી, ખાવાની ચીજો ગણતરી વગરની છે, સ્વાર્થસાધુ અને ધૂર્ત લોકોની સંખ્યા જ નથી. જો અહીં રહેવું હોય તો, સદાકાળ સેકેલા ચણા વિગેરે લુખું અનાજ ખાવું, જુનાં–મેલાં લુગડાં પહેરવાં, અને રાત-દિવસ કમાવા માટે કેડ બાંધીને, બજારમાં ફર્યા કરવું. એક જણ દરરોજ દશ પણ કમાય છે, સો પણ કમાય છે, હજાર પણ કમાય છે, જેવી આવડત. પરંતુ ભૂલેચૂકે ઠગ લોકોની વાત સાંભળવી નહિ, વેશ્યાઓના બારણામાં પેસવું નહિ, મોજશોખના સાધનને અડવું નહિ, આવું વર્તન રાખશો તો, લાખો રૂપીયા કમાઇને ઘેર પહોંચશો, અને આખી જીંદગી લહેર ભોગવશો, અને જો કોઈના ફંદામાં પડશો, વેશ્યાના ઘરમાં પેસશો તો મુડી હશે તેટલી ખાઈ જશો. ભીખારી બનશો અને ભટકીને મરણ પામશો.

નાનાભાઈને અનુભવી માણસની વાત ગમી ગઈ. પોતાના

દશ હજાર રૂપિયા એક ખાનગી જગ્યામાં છુપાવી દીધા. અને મનમાં નિર્ણય કર્યો કે, દરરોજ કમાણીમાંથી તદ્દન થોડામાં થોડું ખર્ચ કરવું, અને વધારો પોતાના ખાનગી સ્થાનમાં મૂકી આવવો. લુગડાં બદલાવવા નહિ, દાગીના પહેરવા નહિ, વેશ્યા વિગેરેના મુખ સામું જોવું નહિ, કંદોઈની દુકાન પાસે ઉભા રહેવું નહીં. એમ બે ત્રણ માસમાંતો તેણે, પોતાની મીલ્કતને બમણી ત્રણગણી કરી નાંખી, વચમાં તેને પોતાના છેલછબીલા મોટાભાઇનો ભેટો થયો હતો. એ બંને ભાઇનો, પરસ્પરનો વાર્તાલાપ આપણે જોઈ આવ્યા.

તે નગરના પાંચ–દશ વર્ષના વસવાટમાં નાનોભાઈ, લાખો રૂપીયા કમાયો. પરંતુ ખાનપાન, વસ્ત્રાભૂષણ; વેશ્યાસમાગમ કે નાટક–ચેટકના સ્વાદ લેવા ગયો નહિ. કુશળતા પૂર્વક લક્ષ્મીના ગાડાઓ ભરી રવાના થયો. નગરના ઘણા માણસોની સાથે, તેમને માયા બંધાણી હોવાથી, હજારો મનુષ્યો શેઠને મુકવા આવ્યા. ગામ બહાર લાંબે સુધી બધા તેની સાથે ગયા, પાછા વળતાં ઘણાંને આંખમાં આંસું આવ્યાં, પણ શેઠજી હસતા–હસતા સૌને દિલાસો આપતા હતા. છેવટે તે પોતાના દેશ જવા રવાના થયા. ઘણીવાર સુધી લોકો શેઠને જોતા જ ઊભા રહ્યા. છેવટે શેઠની આવડતનાં, સાદાઈનાં, ભલાઈનાં, સદાચરણનાં, લોકસેવાનાં, અને ગુપ્તદાનનાં વખાણ કરતા, ભીની આંખે તેઓ પણ પોતાના ઘર તરફ વળ્યા.

"ભરે રાંક રોતાં ઘણાં, મનુષ્યજન્મ કરી ફોક;
નરભવ શ્રેષ્ઠ બનાવીને, હસતા મરતા કોક...૧"

ઉપરના કથાનકનો ઉપનય

એ ભાઈઓ તે ગયા જન્મના પુણ્યરુપી દશ–દશ હજારની

મુડી સાથે લાવેલા જીવવિશેષ. એક નગર તે મનુષ્યનો ભવ. મોટાભાઈને સલાહઆપનાર તે પરલોકનો કે પુણ્ય-પાપનો વિચાર નહી કરનારા, કેવળ આલોકને જ નજરમાં રાખી, શરીર, લક્ષ્મી, પત્ની અને પરિવાર માટે પાયમાલ થઈ દુર્ગતિમાં જનારા, અનંતો સંસાર ભટકનારા, અને પોતાનું અને પરનું અન્નેનું બગાડનારા, એવા આ જગતના પુદ્ગલાનન્દી બધા આત્માઓ. બાઈસાહેબ (વેશ્યા) અને તેનો પરિવાર એ આ સંસારનાં સગાંવ્હાલાં. ભાઈબંધ, દોસ્તદાર. દશ હજારની મુડી તે પરજન્મમાં મેળવેલું પુણ્ય. મુડી ખવાઈ ગઈ, એટલે પુણ્ય ખલાસ થયું. વસ્ત્રાભૂષણો ઊતારી ધક્કા મારી કાઢ્યો તે–

"ઊંચાં મંદિર માળીયાં, સોડ વાળીને સુતો;
કાઢો કાઢો એને સહુ કહે, જાણે જન્મ્યો જ નો'તો.
એક રે દિવસ એવો આવશે..."

આરીતે પુણ્ય (લક્ષ્મી) વગરનો ખાલી આત્મા, જેમ અહીં રખડીને મરી ગયો. તેમ જગતના સર્વજીવો મહાપુણ્યોદયથી ઊંચા આવે છે, મનુષ્ય જન્મ પામે છે, પરંતુ મહાપાપો કરીને, ભયંકર અશુભકર્મો બાંધીને મરે અને ખાલી હાથે જાય છે તે.

જેમ દશ હજારની પુંજીવાળા એક ભાઈએ માત્ર બેત્રણ માસ રાજકુમાર જેવાં કે દેવ જેવાં સુખો ભોગવ્યાં, પણ તે સુખો તેને પોતાને, મહાદુઃખનું કારણ થયાં. પરંતુ આ ભોગો અને સુખોનું પરિણામ, છેવટે આવું આવવાનું છે. આવો વિચાર કર્યો હોત તો, તે ભાઈ, થોડાકાળમાટેના ભોગો અને સુખોમાં, પોતાની પુણ્યલક્ષ્મી ખલાસ કરત જ નહિ.

જ્યારે બીજા નાનાભાઈને, એજ નગરમાં જતાં સારા સલાહકાર મલ્યા, તેમ આ જીવને પણ, મનુષ્યજન્મ મલ્યા પછી, સંસારનો સ્વભાવ સમજેલા સદ્‌ગુરુદેવ મલી જાય, તો પૈસા, પદ્‌ગલ અને પત્નીના ભોગોની ભયંકરતા સમજાવીને, આત્માને કુગતિમાં પડતો બચાવી લે છે. જેમ નાનાભાઈએ, સાચા સલાહકારની સલાહ મુજબ વર્તી, પોતાના પૂર્વજન્મના પુણ્યરૂપ દશહજારની મુડીને, વધારીને લાખોની કરી, અને જવાના વખતે અનેકોનાં મનમાં દુઃખ થયું અને કેઈકની આંખોમાં આંસુ આવ્યાં, તેમ જો આ આત્મા પણ સુગુરુઓના વચન અનુસાર વર્તે. અને કુછંદમાં ન પડે તો, જંબૂસ્વામી, ધનાજી, શાલીભદ્ર વિગેરેની પેઠે, ધર્મ ધનને મજબૂત બનાવી, જતા આત્માને 'જાકારો' કહેનાર કોઈ ન મલે, પરંતુ આપણા જવાના વખતે સર્વ રોકનારા અને રોનારા બને. કહ્યું છે કે–

ઐસી કરણી મત કરો, જગ હસે તું રોય।
ઐસી કરણી કિજીયે, તું હસે જગ રોય॥

આ પ્રમાણે જેઓને સંસારની ભયંકરતા સમજાય છે. તેવા આત્માઓને, દેવ–મનુષ્યનાં સુખો દુઃખ જેવાં લાગે તેમાં જરાપણ આશ્ચર્ય છે જ નહિ. ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે,

"સુરનર સુખ પણ દુઃખ કરી લેખવે,
વાંછે શીવસુખ એક, ચતુરનર!"

સમકિત પામેલા અથવા પામવાની તૈયારીવાલા જીવને સંસારમાં કશું સુખ દેખાય જ નહિ, પણ જ્યાં દૃષ્ટિ ફેંકે ત્યાં નરકાગાર કે કેદખાના જેવું દેખાય છે.

પ્ર૦—શું આ સંસારમાં એકલું દુઃખ જ ભરેલું છે? સુખ છે જ નહિ?

ઉ૦—જ્ઞાનીપુરુષોને તો કોઈ જગ્યાએ સુખ દેખાણું નથી, આ વાત તદ્દન શંકા વગરની છે, જો આપણે પૂર્ણ દૃષ્ટિથી વિચારીશું તો જ્ઞાનીઓના વચનો અક્ષરે અક્ષર સાચાં છે એમ જરૂર લાગશે.

સંસારનું સુખ એનો અર્થ જ વિષયોનું સુખ, હવે ક્ષણવાર માટે માની લઈએ કે, જો આ પાંચે ઇન્દ્રિયો તથા મનને ગમતી બધી ચીજો, મળી જાય તો, જીવને સુખ થાય. પરંતુ તે વસ્તુ તદ્દન ન જ મળે કે થોડી મલે તો, બીચારા જીવડાઓ મનમાં બળ્યા કરે ને ? સુખનાં સાધનો શબ્દ, રૂપ, ગન્ધ, રસ અને સ્પર્શ છે. કાનને પસંદ પડે તેવા શબ્દો, સાંભળવા મલે તો આનંદ થાય. આંખોને ગમે તેવું રુપ, જોવા મલે તો હર્ષ થાય. નાકને ગમે તેવી સુગંધ, સાંપડે તો સારૂં લાગે. જીભને ગમે તેવું ખાવા મલે અને સાથોસાથ પાચન થઈ જાય તો જ આનંદ. સ્પર્શેન્દ્રિયને મન ગમતા સ્પર્શ સાંપડે તો ઠીક લાગે. આ બધી વસ્તુમાંથી, એકાદ ચીજ ઓછી હોય કે એકેય ન હોય તો, જીવ પોતાની જીંદગીને બરબાદ ગણે. હમેશાં ઉદાસ જ રહ્યા કરે, અને મનમાં બળ્યા કરે. હવે કોઈને કદાપિ ઉપરનાં બધાં જ મનમાન્યાં સાધનો મળી જાય અને શરીરમાં રોગો ઉત્પન્ન થાય તો, સાંભળવા, જોવા, સુંઘવા, ખાવા કે ભોગવવાનું બંધ થાય. પૈસા મળ્યા પણ પત્ની ન મળી, તો પણ ચિત્ત બળ્યા કરે. કદાચ મળી તો તે કાળી, કદરૂપી, કાણી, કુલટા કે કુભાષિણી મળી, તોયે હમેશાં બળતરા ચાલુ જ રહે. પૈસા અને પત્ની બન્ને મળે, પણ (ત્રીજો પરપો) પુત્ર ન થાય, તોય દુઃખ ઊભું જ છે. છોકરો થયો—પરણ્યો ને મરી ગયો

અથવા તુરત જ જુદો થયો, એટલે નવિ ઉપાધિ. પૈસા મળ્યા ને ચાલ્યા ગયા, બૈરી અધવચગાળે મરી ગઈ, તોય મુશીબત. પરિવાર અને પત્ની હોવા છતાં બાવાના વાંધા હોય, ઘરમાં મંદવાડ હોય, પત્ની કે પતિ અનાચારી હોય, ઘરમાં કંકાસ હોય, આ દરેકને આટલી બાબતોમાંથી કોઈક તો હોયને હોય જ, એટલે સંસારમાં સુખ છે એમ તો નજ રહ્યું.

કોઈ ભાઈ અને ભાઈ બન્નેનું જોડું સારૂં હોય, ઘરમાં ધન પણ ઠીક જ હોય. સંપ પણ સારો હોય. વિલાસો ભોગવવામાં કશી ઓછાશ ન હોય. મર્યાદા મૂકી એટલે, પરિણામે કાં તો ભાઈ બીચારી જીંદગી પૂર્ણ કરી પરલોક સિધાવે, અથવા ભાઈશ્રી પોતે, ક્ષયની બીમારીમાં પૈસા અને આયુષ્ય બન્નેને સમાપ્ત કરીને, પત્નીને ઉભયભ્રષ્ટ બનાવી, પરલોક પધારી જાય.

આમ મનુષ્યજન્મની બરબાદી કરીને જીવ, પશુગતિમાં કે નરકગતિમાં ચાલ્યો જાય છે. માટે જ જ્ઞાનીઓની વાતને સમજવા માટે, આપણે આપણા અનુભવરૂપ ઓરડામાં પ્રવેશ કરવો જોઈએ, અને તેઓના કથનનું મંથન કરવું જોઈએ, તો સંસાર નરકાગાર અથવા કારાગાર જેવોછે તે સમજાય. અથવા તો જેમણે સંસારમાં, બાલ્યકાળ, જુવાની અને બુઢાપો ત્રણે વય અનુભવી છે, તેઓ પોતાના અનુભવ જાહેર કરેતો સંસારનું સ્વરૂપ જે છે તે જાણવા મળે. જેમને ભાઈઓના, પત્નીઓના અને પુત્રોના, અનુભવો થઈ ગયા હોય, તેઓ પોતાના અનુભવો જગતની સામે ધરે તોપણ, જ્ઞાનીઓની વાત એકદમ ગળે ઉતરી જાય. ઘણા મનુષ્યો (સ્ત્રી–પુરુષો) પરણતાં

રાજી થાય છે પરંતુ પાછળથી ઘણા સંતાનો થવાથી, અને પોતાની નિર્વાહ કરવાની શક્તિનો અભાવ હોવાથી, આલોક કે પરલોક કશું સાધી શકતા નથી અને બીચારા ઉભયભ્રષ્ટ થઇને દુર્ગમાં ચાલ્યા જાય છે. આ ઉપરથી પણ ત્રણે કાળને સાક્ષાત્ દેખનારા જ્ઞાનીઓએ, જે સંસારને કેદખાના જેવો કહ્યો છે, તે બરાબર છે.

પ્ર૦—આટલાં બધાં સુંદર સાધનોથી ભરપૂર સંસારના સુખો છોડવાં કોને ગમે?

ઉ૦—જે આત્મા પરમાર્થ લક્ષી હોય અને જેઓ વિચારક હોય તેમને, સંસારનાં કારમાં સુખોમાં સ્વાદ કયાંથી આવે? જેમ બકરીને ખાવા માટે લીલા જવ મુકયા હોય. તે ખાતી હોય. તેવામાં સામેથી સિંહની ગર્જના સંભળાણી કે બીચારી બકરી જવને પડતા મૂકી નાશી છુટવા પ્રયત્ન કરે. જેમ મનુષ્યને પાંચ જાતનાં પકવાનથી ભરેલો થાળ પીરસ્યો હોય, ત્યાં સામેથી ફુંફાડા મારતો કાળો નાગ આવ્યો, એટલે ભરેલો થાળ મૂકીને, તે ભાગવા માંડે. જેમ કોઈ રાજાની પુત્રીને પરણવા, કોઈ રાજકુમાર, ચોરીમાં આવ્યો છે. હસ્તમેળાપની તૈયારી છે. ત્યાં એકદમ ભયંકર રાક્ષસ ટપકી પડ્યો. એટલે વરરાજા અને જાનૈયા પલાયન થઈ જાય છે, તેમ આ સંસારમાં, ગર્ભાવાસનાં, રોગનાં, વિયોગનાં અને મરણનાં, દુઃખો સાક્ષાત્ નજરોનજર દેખાય છે. એ દુઃખો, વાઘ, સિંહ, અને રાક્ષસ કરતાં પણ ભયંકર છે. સંસાર આવા અનંત દુઃખોથી ઠાંસીઠાંસીને ભરેલો છે. એવું જ્ઞાનથી સ્પષ્ટ જોતા તત્ત્વજ્ઞ આત્માઓને, તેમાંથી નાશી છુટવાનો વિચાર કેમ ન થાય? અર્થાત્ જરૂર થવો જોઈએ.

સમકિત પામેલા કે પામવાની નજીક બનેલા આત્માને, જગતના પ્રાણીમાત્ર ઉપર, દયા પ્રકટ થાય છે. કોઈપણ દુઃખી જીવોને જોતાંની સાથે, તેના હૃદયને આઘાત લાગે છે, પોતાથી શક્ય હોય તો, તેના દુઃખને નાશ કરવાનો ઉપાય શોધે છે. બીજાનાં દુઃખો નજરે દેખાતાં હોય ત્યાં સુધી, પોતાને આનંદ થતો નથી. જ્ઞાની પુરુષો ફરમાવે છે કે,

" दीन हीनं जनं दृष्ट्वा कृपा यस्य न जायते।
सर्वज्ञभाषितो धर्मस्तस्य हृदि न विद्यते ॥१॥

અર્થ–કોઈ પણ દુઃખી માણસને, નજરે દેખીને કે કાને સાંભળીને, જેને ચિત્તમાં કૃપા પ્રકટ થતી નથી, તેવા માણસના ચિત્તમાં શ્રીસર્વજ્ઞપ્રભુજીનો ભાખેલો ધર્મ પરિણામ પામ્યોજ નથી એમ કહેવાય તો વધારે પડતું નથી.

શ્રીસર્વજ્ઞશાસનને પામેલો આત્મા, ધર્મહીન આત્માને ધર્મમાં જોડવાના બનતા ઉપાયો કરે. ધર્મહીન એવા પોતાના પુત્ર, પુત્રી, પત્ની કે કુટુંબીઓને પણ તે ધર્મ પમાડે. તે જ પ્રમાણે, પોતાના મિત્રો અને આજુબાજુના લાગતા–વળગતા આત્માઓને ધર્મમાં જોડે. તે છતાં કદાચ તેઓ ધર્મ ન પામે તો, પોતે ચિત્તમાં ખેદ અનુભવે કે, મારા પરિચયમાં આવવા છતાં, બીચારા ધર્મ વિમુખ રહીને દુર્ગતિમાં જશે. અરે! આ બીચારો મારો મિત્ર હોવા છતાં, મારો પુત્ર હોવા છતાં, આનું પતન થઈ રહ્યું છે. આમ વિચાર કરતો, બનતા પ્રયત્ને તેને ધર્મનો રાગી બનાવે, છતાં ન જ બને તો, તેની અભ્યંતર દયા ચિંતવે છે.

સમકિત પામેલ આત્માને, 'શ્રીવીતરાગ સમાન, જગતમાં

દેવ નથી, શ્રીવીતરાગના નિસ્પૃહી સાધુઓ સમાન, કોઈ ગુરુ નથી, દયામય શ્રીવીતરાગના ધર્મ સમાન કોઈ ધર્મ નથી, અને પરસ્પર વિરોધ વગરનાં શ્રીવીતરાગનાં વચનો સમાન કોઈ આગમ નથી.' આવી મજબુત શ્રદ્ધા પ્રકટે છે. અને શ્રીવીતરાગના શાસન ઉપર અસાધારણ રાગ પ્રકટે છે.

આ જ પ્રમાણે સમકિત પામેલા આત્મામાં, છ જયણા, છ આગરા, છ ભાવના અને છ સ્થાન સંબંધી વિચારણા પ્રગટ થાય છે. અને તેને યથાયોગ્ય સેવીને, પોતાનું સમ્યક્ત્વ નિર્મલ બનાવે છે. આ ૬૭ બોલને સમજેલો આત્મા, પોતામાં સમ્યક્ત્વ આવ્યું છે કે કેમ ? તેનો વિચાર કરી શકે છે, અને વખતે ઘણા અનુભવો પછી, તેનો નિર્ણય પણ કરી શકે છે.

પ્ર૦—ઘણો અનુભવી આત્મા, પોતાને સમકિત થયું છે, એમ ચોક્કસ જાણી શકે ખરો ?

ઉ૦—વિશિષ્ટ જ્ઞાની સિવાય ચોક્કસ તો કોઈ જાણી શકે જ નહિ, પરંતુ આ ૬૭ બોલ જેનામાં આવે, તેનામાં સમકિત છે એમ કહી શકાય. કારણ કે, આવા ગુણો સમકિતી જીવમાં હોય. અથવાતો, તેગુણો સમકિતને લાવે.

આ સમ્યક્ત્વગુણ શ્રીવીતરાગના મુનિરાજોમાં, ચોક્કસ પ્રકટ થયો હોય છે. અને સમ્યક્ત્વગુણવાલા જીવમાં, ઓછામાં ઓછું અષ્ટપ્રવચનમાતાની સમજણ પૂરતું જ્ઞાન હોય તોપણ તેને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. કારણ કે સમકિતપૂર્વકનું જ્ઞાન જ આત્માને હિતકારી બને છે. જેમ સારી આંખોવાળા માણસને,રસ્તે ચાલતાં ગમે તેટલા કાંટા, કાંકરા, ખાડા-ટેકરા, વિષ્ટા કે કાદવ આવે, તો પણ તેમાં અટવાયા વિના, પોતે સહિસલામતપણે

ઇચ્છિત સ્થાનમાં પહોંચી જાય છે. તે જ પ્રમાણે જે આત્મામાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બે આત્મચક્ષુઓ પ્રકટ થયાં હોય, તે આત્માને, આ સંસારના ખાડા-ટેકરા અને કાંટા-કાંકરા કે કાદવ-વિષ્ટા જેવા, વિષય-કષાયો કશું વિઘ્ન કરી શકતા નથી.

પ્ર૦—જેને સમ્યગ્દર્શન પ્રકટે, તેને સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય, એ તો બરાબર છે. પરંતુ તેને ચારિત્ર પણ પ્રગટ થાય જ એ બરાબર છે ?

ઉ૦—ના, એમ નથી. કોઇને સમકિત સાથે ત્રણેય ઉત્પન્ન થાય, અને કોઇને જો બીજા-ત્રીજા કષાયમોહનીયનું, ખુબ પ્રાબલ્ય હોય તો, ચારિત્ર ઉદયમાં ન પણ આવે, પરંતુ આપણો ચાલુ વિષય 'नमो लोए सव्वसाहूणं' નો છે. અને તેને લગતી રત્નત્રયીની વાત ચાલે છે. માટે બેની સાથે ત્રીજા ચારિત્રની વાત ચર્ચી છે.

હવે ભગવાન વીતરાગની, રત્નત્રયી પામેલા આત્માઓમાં, કયા ગુણોનો સદ્ભાવ અને દોષોનો અભાવ હોય તે જોઇએ.

જેઓ બાહ્ય અને અભ્યંતર બન્ને પ્રકારના પરિગ્રહથી રહિત હોય, એટલે આત્મામાં મિથ્યાત્વાદિ ૧૪ અભ્યંતર, અને ધનધાન્યાદિ ૯ બાહ્ય પરિગ્રહથી મુક્ત બનેલો હોય છે.

જેમના મિથ્યાત્વ, અવિરતિ, અને અજ્ઞાનતા, આ ત્રણ મહા-ભયંકર દોષો, સર્વથા ક્ષય થયા હોય. અથવા નબળા પડી ગયા હોય.

જેમના મનદંડ-મનના કુવ્યાપારો, વચનદંડ-સાવદ્યવચન-પાપભાષણ, તથા કાયદંડ-અવિવેકપૂર્વક શરીરનો વ્યાપાર, આ

ત્રણે દંડો, શ્રીવીતરાગના મુનિરાજોમાંથી, ચાલ્યા ગયા હોય છે.

જેમના ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો, ઘણા નબળા પડેલા હોય. આહાર, ભય, મથુન અને પરિગ્રહ આ ચારે સંજ્ઞાઓ લગભગ મરેલા જેવી હોય. સ્ત્રીકથા, ભોજનકથા, રાજકથા, અને દેશકથા, આ ચારે વિકથાઓ આત્માની કટ્ટર દુશ્મન છે, તે જેમનાથી દેશવટો પામેલી હોય, તથા જેમનામાં, સંપૂર્ણ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અસંગતા–નિર્મમત્વભાવ, આ પાંચ મહાવ્રતો અતિનિર્મલ હોય, અને રાત્રીભોજનનો ત્યાગ હોય. તથા–પાંચ અવ્રતો–હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, અને પરિગ્રહનો સર્વથા ત્યાગ હોય. તથા–પાંચ પ્રમાદ–મદ્ય, વિષય, કષાયો, નિદ્રા અને વિકથા આ પાંચે, વીતરાગના મુનિઓમાં અતિ અલ્પ હોય. પાંચ ઇંદ્રિયના ૨૩ વિષયોમાં અલુબ્ધ હોય. તથા–જ્ઞાનાચાર આદિ પાંચ આચારોને, હમેશાં જાગૃતદશાએ આરાધનારા હોય. અને પાંચ પ્રકારના વ્યવહારોના જ્ઞાતા હોય, તથા જેઓ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય. આ છએ કાયના રક્ષક હોય. તથા બાહ્ય–અભ્યંતર છ છ પ્રકારના તપમાં તલ્લીન હોય. જેઓ આલોકભય, પરલોકભય, અકસ્માદ્ભય, આજીવિકાભય, અપયશભય, આદાનભય અને મરણભય આ સાતે ભયોથી, મુક્ત થયેલા હોય છે.

જેઓ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરુપ આઠ પ્રવચન-માતાને સાવધાનપણે આરાધે છે. કારણકે આ આઠ પ્રવનમાતા આત્મામાં જાગતી હોય, તો જ મુનિપણું ટકી રહે. આ પ્રવચન-માતાને સમજે નહિ, આદરે નહિ, તે વીતરાગના સાધુ ગણાયં

નહિ. વળી શ્રીવીતરાગના મુનિરાજો જાતિનો, કુલનો, બલનો, રૂપનો, તપનો, ઐશ્વર્યનો, જ્ઞાનનો અને લાભનો-પ્રાપ્તિનો આ આઠે પ્રકારના મદ-અભિમાનથી રહિત હોય. કારણકે આઠ પૈકીનો એક મદ પણ ઊંચે ચડેલા આત્માને નીચો પાડે છે. તથા પ્રતિક્ષણ આઠે કર્મના બંધનોથી ડરતા રહી જાગૃત રહે.

તથા જેઓ નવપ્રકારની બ્રહ્મચર્યની વાડોને બરાબર સાચવનારા હોય, જેમકે-સ્ત્રીઓ, પશુઓ રહે તે મુકામમાં રહેતા નથી, સ્ત્રીઓની (કામવિકારપોષક) કથા કરતા નથી. સ્ત્રીઓ બેસે તેના જોડે, અથવા તેના બેઠેલા આસન ઉપર બેસતા નથી, સ્ત્રીઓનાં અંગ-ઉપાંગ નીરખીને જોતાં નથી, સ્ત્રી-પુરુષના રહેવાના મુકામની લગોલગ, ભીંતવાળા મુકામમાં વસવાટ પણ કરતા નથી, પહેલી અવસ્થામાં અનુભવેલા ભોગોને યાદ કરતા નથી, અતિસ્નિગ્ધ અને માદક આહાર વાપરતા નથી, લુખો આહાર પણ પ્રમાણથી વધારે વાપરતા નથી, પોતાના શરીરની કે વસ્ત્રોની ટાપટીપ કરતા નથી. તથા નવનિયાણાના ત્યાગી હોય છે.

તથાક્ષમા, મૃદુતા, ઋજુતા-સરલતા, મુક્તિ-વસ્તુમાત્ર ઉપર મૂર્છાનો અભાવ, બાર પ્રકારનો તપ, ૧૭ પ્રકારે સંજમ, સત્ય, શૌચ-આત્મપવિત્રતા, અપરિગ્રહદશા, અને બ્રહ્મચર્ય આ ૧૦ પ્રકારના ધર્મમાં શ્રીવીતરાગના મહામુનિરાજો પ્રતિક્ષણ જાગતા રહે છે. ૧૧ અંગ અને ૧૨ ઉપાંગ વિગેરે આગમોના અખંડ અભ્યાસી હોય. અનિત્યાદિ બાર ભાવનાઓ, દરરોજ ભાવનારા હોય. આવા જે હોય તેનેજ, શ્રીવીતરાગના મુનિરાજ કહેવાય. તેમનામાં આ બધા ગુણો હોવા જોઈએ.

પ્ર૦—જે વૃદ્ધાવસ્થામાં-ઘડપણમાં, દીક્ષા ગ્રહણ કરે,

તેવાઓ, અંગ–ઉપાંગ વિગેરે શાસ્ત્રોનો અભ્યાસ કેમ કરી શકે?

ઉ૦—જેઓ વૃદ્ધાવસ્થામાં સાધુ થયા હોય, તેઓ પણ જો શાસ્ત્રોના પારગામી ગુરુઓની–નીશ્રામાં હોયતો, ગીતાર્થ-પુરુષો પાસે, બારેમાસ સૂત્રની વાચના ચાલતી હોવાથી, ઓછા ભણેલા અથવા નહિ ભણેલા હોવા છતાં, હંમેશાં સાંભળવા બેસવાથી લાંબા કાળે બહુશ્રુત બને છે.

પ્ર૦—ગીતાર્થ આચાર્ય કોને કહેવાય?

ઉ૦—"**गीअं भणइ सुत्तं, अत्थो तस्सेव होइ वक्खाणं।**
उभएण य संजुत्तो, सो गीअत्थो मुणेअव्वो ॥१॥"

અર્થ—ગીઅં એટલે 'સૂત્ર' તેનું જે 'વ્યાખ્યાન' એટલે અર્થ, સૂત્ર અને અર્થ બન્નેના પૂરા જાણકાર હોય તેને, ગીતાર્થ આચાર્ય કહેવાય.

પ્ર૦—આવા ગીતાર્થ ન હોય તેમને, આચાર્યપદવી લેવી કે આપવી તે વ્યાજબી ગણાય કે નહિ?

ઉ૦—વર્તમાનકાળના સૂત્ર અને અર્થને જાણે, પરદર્શ-નના શાસ્ત્રોને જાણે, લોકવ્યવહાર બરાબર જાણે, એવા આત્મા-ઓને **ગીતાર્થ** કહેવાય છે. એવા મહાપુરુષોને જ આચાર્ય-પદવી અપાતી હતી અને એવા જ મહાપુરુષો લેતા હતા. આ બાબત આપણે આચાર્યપદના અને વાચકપદના વર્ણનમાં જોઈ આવ્યા છીએ. અને વાચકને સમજાઈ પણ ગઈ હોય. તેથી લખતા નથી.

પ્ર૦—દરેક કાળમાં ગીતાર્થની નીશ્રાએ જ વિહાર કરવો અને રહેવું આવો વિધિ બરાબર છે?

ઉ૦—બરાબર છે. કહ્યું છે કે,

"ગીતાર્થ વિણ જે ઉગ્રવિહારી,
તપીયા પણ મુનિ બહુલ સંસારી;
અલ્પાગમ તપ ક્લેશ તે જાણે,
ધર્મદાસગણી વચન પ્રમાણે...૧"

અર્થ—ગીતાર્થ વિના એકલા કે એવા પાંચ-દસ ભેગા થયા હોય, તે બધા કદાપિ છઠ્ઠને પારણે છઠ્ઠ વિગેરે આકરી તપસ્યા કરતા હોય, અને ઉગ્રવિહાર કરતા હોય તો પણ, તેઓને જ્ઞાનીઓએ, બહુલસંસારી—અનંતોસંસાર રખડનારા જણાવ્યા છે. ઉપદેશમાલાની ગાથા ૩૯૮માં પણ કહ્યું છે કે,

'जं जयई अगीअत्थो, जं च अगीअत्थनिस्सिओ जयई।
वट्टावेई गच्छं, अणंतसंसारिओ होई ॥१॥"

અર્થ—અગીતાર્થ એટલે સિદ્ધાન્તના રહસ્યના અજાણ, આચાર્ય, તપક્રિયાદિકનો ઉદ્યમ કરે, તથા અગીતાર્થ ગુરુઓની નિશ્રામાં રહીને, જે તપક્રિયાદિકમાં ઉદ્યમ કરે, અને પોતે અગીતાર્થ હોવા છતાં, ગચ્છના આગેવાન બની, ગચ્છને ચલાવે એટલે અનેક સાધુ-સાધ્વીના વડીલ થઈને વિહાર કરે ધર્મક્રિયામાં પ્રેરણા કરે, તે બધા જ અનંતસંસારી થાય છે.

પ્ર૦—પોતે સારૂં ચારિત્ર પાળે, અને બીજાને પણ સારૂં ચારિત્ર પળાવવાની કોશીશ કરે, તેવા સંયમના પાલનાર-પલાવનાર અગીતાર્થ હોય તેથી, તેમને અનંતસંસારી કહેવાનું કારણ શું?

ઉ૦—ઉપદેશમાલાની ૪૦૦ અને ૪૦૧ મી ગાથામાં, ગુરુ મહારાજ તેનો ખૂલાસો કરતાં કહે છે કે, અગીતાર્થ સાધુ, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવને સમજતો નથી, પુરુષની યોગ્યતા-અયોગ્યતા

સમજતો નથી. ઉત્સર્ગ (કારણે પણ દોષ ન સેવવા તે) અને અપવાદ (કારણે સંકટ આવે દોષ સેવવા પડે, તે) બીલકુલ સમજતો નથી. યથાયોગ્ય દ્રવ્યનું સ્વરુપ સમજતો નથી. તથા સચિત્ત અચિત્ત અને મિશ્રનું સ્વરૂપ જાણતો નથી. કલ્પ્ય–અકલ્પ્ય યોગ્ય અને અયોગ્યને સમજતો નથી. તથા બાલ, ગ્લાન અને વૃદ્ધાદિને, કેવી રીતે સંજમ પલાવવું તે જાણતો નથી. વલી વસતિમાં રહેતાં કેમ વર્તવું, વિહારમાં કેવી રીતે વર્તવું, અટવીના માર્ગમાં કેમ ચાલવું, વિગેરે અગીતાર્થ સમજી શકતો નથી. તથા સુભિક્ષ–દુર્ભિક્ષકાલનું સ્વરૂપ જાણતો નથી. એટલે દુષ્કાલમાં કેમ વર્તવું તે કશું સમજતો નથી. સાજા અને માંદાની માવજત સમજતો નથી. આ સાજો છે, આને શું આપવું? આ માંદો છે તેને શું આપવું? આવું અગીતાર્થ જાણતો નથી. તથા ગાઢ કાર્ય અને અગાઢ કાર્ય, એટલે કર્યા વિના ચાલે નહિ તે ગાઢ, અને ન કરીએ તો પણ ચાલી શકે તે અગાઢ, આવી બાબત અગીતાર્થ ગુરુ સમજતો નથી. અગીતાર્થ આચાર્યમાં પ્રતિભા પણ હોતી નથી, એટલે શિષ્યો સ્વેચ્છાચારી થઈ જવાથી, આચાર્યનાં વચનો માનતા નથી, આચાર્યથી બીહતા નથી, અને ગુરુની શરમ પણ રાખતા નથી. સામું બોલે છે. અપમાન પણ કરી નાખે છે. એક પાપ, સમજીને કરવું, એક પાપ, પ્રમાદથી થઇ જાય, એક પાપ, ક્રોધમાનાદિક અજ્ઞાનતાથી કરવું, તથા એક પાપ, કારણને લઇને કરવું પડે માટે કરવું. આ ચાર પ્રકારની પ્રતિસેવના, અગીતાર્થ ગુરુ જાણતા નથી. આલોચના લેવા આવનારને ઓળખવો. તેના બોલવા ઉપરથી તેનું પાપસ્થાનક સમજવું.

તેના બોલવા અને શરીરના કઠોરપણા મૃદુપણાથી તેની આલોચના-ભાવના સમજવી, તેપણ અજ્ઞાની ગુરુ જાણતા નથી. તેથી તેઓ ન્યુનાધિક આલોચના આપી અનર્થ કરે છે. માટે આવા ગુરુ અને તેના શિષ્યો બધા જ ડુબે છે. અર્થાત્ કુગતિગામી બને છે. કહ્યું છે કે,

"सुत्ते य इमं भणियं, अपच्छित्ते य देई पच्छित्तं ।
पच्छित्ते अइमत्तं, आसायण तस्स महईओ ॥१॥'

અર્થ—સિદ્ધાન્તમાં એમ ફરમાવ્યું છે કે, અગીતાર્થ-ગુરુ, બીજાને પાપ ન લાગ્યું હોય તો પણ, પ્રાયશ્ચિત્ત આપી દે, અને પાપ લાગ્યું હોય તેમાં પણ, અતિ-પ્રમાણ પ્રાયશ્ચિત્ત એટલે તપ વિગેરે આપી દે, તેથી તેને જિનાજ્ઞાભંગનો દોષ લાગવાથી મોટી વિરાધના થાય છે.

જ્ઞાની અને અજ્ઞાની બે ગુરુ-શિષ્યોની કથા

કોઇ એક ગામથી એક ગુરુ-શિષ્ય (ગૃહસ્થ ગુરુ ચેલા) અટવીમાં જતા હતા. ત્યાં એક ઊંટના ગળામાં, એક કોઠા જેવડું કોઇક ફળ ભીડાઈ ગયું હોવાથી, ઊંટ મરવાની સ્થિતિમાં મુકાયેા હતેા. તેટલામાં સારા જાણકાર ગુરુ વૈદ્યરાજે, તેની પાસે જઈ, તેના ગળામાં જોરથી એક મુઠી લગાવી દીધી. (અર્થાત્ ડુંસેા કે મુક્કો લગાવ્યેા.) તેથી પેલું ફળ ઊંટના પેટમાં જતું રહ્યું. આ વાત સાથેના શિષ્યે જોઈ. એણે એમ નિર્ણય કર્યો કે, ડુંસેા લગાવવેા એ ગળાના રેાગ માટે,એક બરેબરૂં ઓસડ છે.

કોઈ વખત આ મૂર્ખ શિષ્ય મુસાફરી કરતેા, એક ગામમાં ગયેા. ત્યાં એક ગૃહસ્થના ઘેર ઉતર્યો, આ ગૃહસ્થ મોટા ધનવાન હતા, તેમનાં માજીને ગળામાં મોટી ગાંઠ થઈ

હતી, તેથી આ ગૃહસ્થ ઘણા જ ઉદાસ હતા. બહારથી આવેલ વૈદ્યના શિષ્યે, ઘરનાં માણસો પાસેથી ડોશીમાની બીમારી જાણી લીધી, અને ફરમાવ્યું કે, આમાં શું છે? ગુરુદેવની કૃપાથી, આ દર્દ હું તદ્દન થોડા ટાઈમમાં અને વગર ખર્ચે મટાડી શકું છું. બાવાજીના વચનો સાંભળી શેઠ અને પરિવાર ખુશી થયો. તેને ડોસીમા પાસે લઈ ગયા. બાવાજીએ બધાંને જરા દુર ઉભા રહેવા જણાવી, ડોશીમાના ગળા ઉપર બળપૂર્વક મુક્કો લગાવી દીધો. ડોસીમાના તો ત્યાંને ત્યાંજ, પ્રાણ નીકળી ગયા. અવસાન પામી ગયા. આ રીતે અજ્ઞાની ગુરુ પણ, અવસરના અને વસ્તુ સ્વરૂપના અજાણ હોવાથી, પોતાને તથા પોતાના આશ્રિતોને પતનના માર્ગે લઈ જાય છે. જેમ આંધળો માણસ આંધળા માણસોને દોરે અને બધા જ ખાડા કે કૂવામાં પડી નાશ પામે છે. જેમ કોઈ માર્ગનો અજાણ, બીજા કોઇ અજાણ મુસાફરોને માર્ગ બતાવવાની મૂર્ખાઈ કરે અને આગળ જતાં માર્ગ દેખાડનાર અને મુસાફરો બંને, અટવીમાં રખડી પડે છે. જેમ નાડીનો અજાણ, રોગનો અજાણ, અને દવાનો અજાણ મૂર્ખ માણસ, ઘણી દવાઓ લઈ વૈદ્યરાજનું બીરૂદ ધરાવીને, રોગીઓની દવા કરે, પરિણામે રોગીને વિશેષ રોગી કે મરણાધિન બનાવે અને પોતે પણ કોઇના હાથનો માર ખાય. તથા જેમ શસ્ત્રવિદ્યાનો અજાણ મનુષ્ય, સેનાધિપતિ બનીને શત્રુના સૈન્યનો સામનો કરવા જતાં, પોતે પકડાઈ જાય, અને સેનાની પણ બરબાદી કરે. તેમ અજ્ઞાની ગુરુ, શિષ્યોને કે ભક્તોને ઉપદેશ આપે તે પણ, ધર્મને માટે થતો નથી, એટલે સંવર-નિર્જરાનું કારણ થતો નથી પણ પાપનું કારણ બને છે. કહ્યું છે કે,

"अन्नाणी वक्खाणं, करेइ जो तस्स होइ पावफलं ॥".

અર્થ—અજ્ઞાની વખાણ વાંચે તેનું ફલ પાપ જ છે. ધર્મ નથી. તેથી અગીતાર્થ પોતે ચારિત્રની આરાધના કરી શકતો નથી અને આશ્રિતોને પણ કરાવી શકતો નથી. માટેજ તેને ગચ્છનો–સમુદાયનો, આગેવાન થવાનો હક્ક છે જ નહિ. અને તેવાની નિશ્રામાં રહેવું તે, તેલ વિનાનું દીવાનું ભાજન હાથમાં લઈને, ઘોર અંધકારવાળા ભોંયરામાં ચાલવા જેવું છે. અથવા ગાંડા માણસને, માર્ગદર્શક બનાવીને, સિંહાદિ હજારો પશુઓથી ભરેલી ઉજ્જડ અટવીમાં ચાલવા સમાન છે.

પ્રશ્ન–નાટક-સીનેમા જોવામાં ટાઈમ બગાડવા કરતાં, શાસ્ત્ર ઓછાં જાણતા હોય કે ન જાણતા હોય, પણ સાધુ હોય તેવાઓનાં વ્યાખ્યાન સાંભળવાથી નુકશાન શું?

ઉ૦–શાસ્ત્રોના સંપૂર્ણ જાણકાર ગુરુઓ સભાને ઓળખે છે. દેશકાળ સમજે છે. તથા પ્રતિભાસંપન્ન છે, એટલે શાસ્ત્રને સંમત અને સભાને ગમે તેવાં, વૈરાગ્યમય પ્રવચનો કરીને શ્રોતાઓના મિથ્યાત્વ, અજ્ઞાનતા અને અવિરતિના વિવિધ તાપને દૂર કરે છે, તેવી રીતે અગીતાર્થ વ્યાખ્યાનકાર શાસ્ત્રને જાણતો નથી તેથી, સભાને રંજન કરવા સારૂ, લૌકિક કથા–દૃષ્ટાંતો કહે છે. પરંતુ ઉપદેશ આપનાર કે સાંભળનારને, રત્ન-ત્રયીની પ્રાપ્તિરૂપ કશું ફળ થતું નથી.

મહાપુરુષ **મુનિસુંદરસૂરિ મહારાજ** કહે છે કે,

"किं मोदसे पंडितनाममात्रात्, शास्त्रेष्वधीतिर्जनरंजकेषु।
तत् किञ्चनाधीष्व कुरुष्व चाशु, न ते भवेद् येन भवाब्धिपातः॥"

અર્થ–ગુરુ મહારાજ શિષ્યને ફરમાવે છે કે, હે મુનિરાજ તું દુનિયાનાં માણસોને રાજી કરનારાં પુસ્તકો ભણીને

કેમ ખુશી થાય છે? આથી તારું જરા પણ કલ્યાણ નહિ થાય. એવું કાંઈક ભણ, એવું કાંઈક સમજ, અને એવું અનુષ્ઠાન-કાર્ય આચર કે જેથી, તારું સંસાર સમુદ્રમાં પતન થાય નહિ.

એટલે શ્રીજૈનઆગમોના ઊંડા રહસ્યને સમજેલા, અને શાસ્ત્રોના અભ્યાસથી પરમવૈરાગ્યને પામેલા, ગીતાર્થ ગુરુમહારાજાઓ, સભાસદોને પણ શ્રીજૈનશાસ્ત્રોદ્વારા, સંસારનું સ્વરુપ સમજાવે તો, વક્તા-શ્રોતા બન્નેનું ચોક્કસ કલ્યાણ થાય. અન્યથા નાટકીયાઓમાં અને કથાકાર વ્યાખ્યાતાઓમાં લાંબો તફાવત નથી.

પ્ર૦-તો પછી અજ્ઞાની ગુરુએ ઉપદેશ આપવો તે નુકશાનનું જ કારણ થયું એમજને?

ઉ૦—ચોક્કસ, જૈન આગમના રહસ્યના અજાણ સાધુએ ઉપદેશદેવાથી જરા પણ લાભ નથી, પરંતુ નુકશાન ચોક્કસ છે જ.

પ્ર૦—તો પછી જેને દીક્ષા લેવી હોય તેણે ગીતાર્થ ગુરુ પાસે જ લેવી અને જીંદગી સુધી (પોતે ગીતાર્થ ન થાય ત્યાં સુધી) ગીતાર્થની નિશ્રા ન જ છોડવી એમ જ ને?

ઉ૦—હા, ભરવાડ ઘેટાં કે બકરાંને લઇને મહાઅટવીમાં જાય છે. ઘેટાં બકરાં પશુ હોવા છતાં એટલું ચોક્કસ સમજે છે કે,આ અટવી છે. સિંહ, વાઘ અને જનાવરોથી ખીચોખીચ ભરેલી છે, આપણે આ ગોવાળ ચાલે તે તરફ ચાલવું જોઈએ. આ રખેવાળ કે ટોળાથી જુદા પડશું તો, એક રાત પણ જીવતા રહેવાના નથી, માટે સાથે જ રહેવું છૂટા પડવું નહિ. એમ વિચારીને એ જ પ્રમાણે વર્તે છે, તેમ અજ્ઞાની મનુષ્યો

દીક્ષા લેવા છતાં, ઘેટાં બકરાં જેવાજ છે. તેઓ પણ ક્રોધ–માનાદિ શ્વાપદોથી ભરેલી, સંસારરુપી અટવીમાં ચાલી રહ્યા છે. તેમણે ગીતાર્થગુરુમહારાજરૂપ ગોવાળનો અને સમુદાયનો, એક દિવસ પણ સંગ છોડવો એ, મહાઅનર્થનું કારણ છે.

પ્ર૦—આત્માના કલ્યાણ માટે દીક્ષા લે, પણ જો સમુદાયમાં રહેવાથી આત્માનું અકલ્યાણ થતું હોય તો પછી, જુદા રહેવું એ શું ખોટું ? કોઇની સાથે ખટપટ–ઓલાચાલી થાય નહિ અને પોતાનું આત્મહિત સધાય.

ઉ૦—ખટપટ અને ઓલાચાલી અજ્ઞાનીઓને થાય છે. ગુરુની શરમ કે ડર ન હોય, તેવાઓને થાય છે. જ્ઞાની અને ગુરુના બહુમાની આત્માઓને, ખટપટ થાય જ નહિ.

પ્ર૦—ગુરુ પોતે ગુરુપણું સમજ્યા ન હોય, પછી બીચારા શિષ્યની શી દશા ?

ઉ૦—એ તો દીક્ષા લેતાં પહેલાં જ, ગુરુપણું સમજેલા ગુરુ ગોતવા માટે થોડો ટાઇમ કાઢવો જોઇએ, ગુનીરુ પરીક્ષા કરવી જોઇએ, ઘણા માણસો દ્વારા ગુરુની યોગ્યતા જાણવી જોઇએ, તેમની પાસે રહીને પુરો અનુભવ મેળવવો જોઇએ, પછી આપણે અથડાવું પડે જ નહી.

પ્ર૦—પરીક્ષા કરીને ગુરુ કરવા છતાં, પાછળથી વિપરીત પરિણામ આવે છે તેનું કેમ ?

ઉ૦—પરીક્ષા કરવા પછી પ્રાયઃ ખોટું પરિણામ આવે નહિ. જ્યાં એવું પરિણામ જણાય છે ત્યાં, લેનાર અને આપનાર બન્ને અજ્ઞાની, સ્વાર્થી અને આંધળુકિયાં કરનારા હોય છે એ નિશ્ચિત છે. માટે જ પાછળથી પરિણામ બદલાય છે.

છતાં પણ દીક્ષા લીધી, પછી તો પાંચ મહાવ્રતના શુદ્ધ પાલક અને શુદ્ધ-પ્રરૂપક ગુરુ-મહારાજ હોય તો સતી નારીની જેમ, કુલીન શિષ્ય અને શિષ્યાઓએ, ગુરુની આજ્ઞા સંપૂર્ણ પાળવી જોઈએ. પણ ગુરુનો અનાદર કે ગુરુની નિંદા ન કરવાં જોઈએ.

જેમ સારા કુળમાં જન્મેલી હોય, સતી હોય, તેવી બાળા, જેની સાથે લગ્ન કરે છે. તેની સાથે સંપૂર્ણ જીંદગી વિતાવે છે, પતિની આજ્ઞા પાળે છે, પતિની સેવા બજાવે છે, પતિનો આદર કરે છે અને ઘરમાં જે હોય તેનાથી નિર્વાહ કરે છે. તે જ પ્રમાણે પરલોકના કલ્યાણ માટે સાધુ થયેલો આત્મા ગુરુને પૂર્ણ માને છે. આથી વિપરીત આત્માઓ માટે ઉપદેશમાળાની ૭૪-૭૫-૭૬મી ગાથામાં શું ફરમાવે છે? તે જોઇએ.

"थद्धा छिद्दप्पेही, अवन्नवाई सयंमई चवला ।
वंका कोहणसीला, सीसा उव्वेअगा गुरुणो ॥७४॥
जस्स गुरुंमि न भत्ती, न य बहुमाणो न गउरवं न भयं
नवि लज्जा नवि नेहो, गुरुकुलवासेण किं तस्स ॥७५॥
रूसइ चोइज्जंतो, वहइ हियएण अणुसयं भणिओ ।
न य कम्हि करणिज्जे, गुरुस्स आलो न सो सीसो ॥७६॥"

અર્થ—સ્તબ્ધ-અભિમાની, છિદ્રશોધનારો, નિન્દા કરનારો, સ્વેચ્છાચારી, ચપલસ્વભાવી, ક્રોધી, વાંકો-ઊંધો ચાલનાર, આવા શિષ્યો ગુરુમહારાજને, ઉદ્વેગ કરાવનાર બને છે. ૭૪ જે શિષ્યમાં ગુરુમહારાજ ઉપરની ભક્તિ ન હોય, બહુમાન ન હોય, ગુરુમહારાજનો ભય ન હોય, ગુરુની લજ્જા કે ગુરુ ઉપર સ્નેહ-પ્રેમ ન હોય, તેવા શિષ્યો, ગુરુ પાસે રહે તો પણ,

તેને કશો જ લાભ થતો નથી. (૭૫) જ્યારે ગુરુમહારાજ શીખામણ ફરમાવે ત્યારે, રોષાયમાન થાય, બોલાવવામાં આવે તો પણ રોષપૂર્વક જવાબ આપે, અને ગુરુમહારાજના કોઈ કામમાં મદદગાર થાય નહિ, તેવા શિષ્યો વાસ્તવિક શિષ્ય નથી પણ ગુરુને એક આળરૂપ જ છે. (૭૬)

હવે ગુરુમહારાજની સેવામાં રહેવાથી થતું ફલ બતાવે છે.

"नाणस्स होइ भागी, थिरयरओ दंसणे चरित्ते य।
धन्ना आवकहाए, गुरुकुलवासं न मुचंति ॥१॥"

અર્થ—ભવ્યજીવ ગુરુમહારાજની સેવામાં વસનાર, ગુરુકુલસેવી કહેવાય છે, આવા શિષ્યો ગુરુદેવોની સેવામાં વસવાથી, તેમની પ્રસન્નતા મેળવી જ્ઞાની બને છે, અને દર્શન તથા ચારિત્રમાં પણ મજબૂત થાય છે, તે ભાગ્યશાળી આત્માઓને ધન્ય છે કે જેઓ ગુરુદેવોની નિશ્રાને જીંદગી પર્યન્ત છોડતા નથી.

પ્ર૦—આ બધી ભાંજગડમાં પડવા કરતાં એકલા રહેવાથી વાંધો શું ? કોઈની સાથે રાગદ્વેષ થાય જ નહિ ?

ઉ૦— એકલા રહેવાથી હજારો વાંધા છે, રાગદ્વેષ ઘટે નહિ પણ મર્યાદા મૂકે છે. પ્રવચનસારોદ્ધારની ટીકાના લેખક **શ્રીસિદ્ધસેનસૂરિ** મહારાજ નમસ્કારમહામંત્રની ટીકામાં સાધુ મુનિરાજોને ફરમાવે છે કે,

"रागाद्यपायविषमे, सन्मार्गे चरतां सतां।
रत्नत्रयजुषामैक्यं, कुशलाय न जायते ॥१॥

नैकस्य सुकृतोल्लासो, नैकस्यार्थोपि तादृशः।
नैकस्य कामसंप्राप्ति-र्नैको मोक्षाय कल्पते ॥२॥

श्लेष्मणे शर्करादानं, सज्वरे स्निग्धभोजनं ।
एकाकित्वमगीतार्थे, यतावञ्चति नौचितीम् ॥३॥
जिनप्रत्येकबुद्धादि-दृष्टान्तान् नैकतां श्रयेत् ।
न चर्मचक्षुषां युक्तं, स्पर्द्धितुं ज्ञानचक्षुभिः ॥४॥
शाकिनीवदविरतिरथानार्याऽप्रिया सदा ।
ग्रासाय यतते यस्य, स एकाकी कथं भवेत् ॥५॥
पंचाग्निवदसंतुष्टं, यस्येन्द्रियकुटुंबकं ।
जीवं दहत्यसंदेहं, स एकाकी कथं भवेत् ॥६॥"

અર્થ—રાગદ્વેષાદિ અપાયો–વિઘ્નોથી મહા વિષમપંચમકાલમાં રત્નત્રયીના આરાધક મુનિવરોને એકલા રહેવું તે કુશળતાને માટે થતું નથી પરંતુ પતનનું કારણ બને છે. (૧) એકલા રહેનાર મુનિને કશું પુણ્ય બંધાતું નથી. કારણકે જેમ શ્રાવકપણામાં મહામુનિરાજને દાન દેવાથી **શાલીભદ્ર**ના આત્માને મહાઋદ્ધિની પ્રાપ્તિ અને મોક્ષનુ નિકટપણું થયું. તેમ મુનિવરોને પણ જ્ઞાની, ધ્યાની, તપસ્વી, ગ્લાનાદિની વૈયાવચ્ચ કરવાથી **નંદિષેણ** આદિની પેઠે મહાપુણ્ય બંધાય છે, પરંતુ એકલાને વૈયાવચ્ચ કે ભક્તિનો લાભ થતો નથી, જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી, એકલાને સુગતિ મળવી દુર્લભ છે તો પછી, મોક્ષ તો મળે જ શી રીતે ? અર્થાત્ ન જ મળે. (૨) જેમ શ્લેષ્મના-સળેખમના રોગવાળાને સાકર ખવરાવવી, તથા તાવના રોગીને, સ્નિગ્ધ–માદક ભોજન ખવરાવવું, તે, તેના અહિતના માટે થાય છે, તેમ અગીતાર્થ સાધુને એકલા વિહાર કરવો, તે પણ મહા અહિતકારી બને છે. (૩) શ્રીજિનેશ્વરદેવોનાં અને નમિરાજર્ષિ જેવા પ્રત્યેકબુદ્ધોનાં દૃષ્ટાંતો આગળ ધરીને, આપણા જેવા અલ્પજ્ઞાનીઓએ, એકલા

વિહારનું સમર્થન કરવું, એ ન્યાજબી નથી. જ્ઞાનચક્ષુવાળા મહાપુરુષોની સાથે,ચર્મચક્ષુવાળાની સરખામણી તે, સિંહની સાથે શિયાળની સરખામણી કરવા જેવું છે (૪) વળી જ્યાં શકિનીની માફક, મહાદુષ્ટ અને ભયંકર, દુર્ગતિ આપનારી, અવિરતિ રાક્ષસી, સદાકાળ કોળીઓ કરી જવા માટે, મોઢું ફાડીને બેઠી છે. તેવા ભયવાળા સંસારમાં, એકલા રહેવું મુનિને કેમ પાલવે ? (૫) એક અગ્નિ પણ કોઈ દિવસ તૃપ્ત થતો નથી, તોપછી પાંચ અગ્નિ ભેગા થયા હોય તેનું પૂછવું જ શું ? આ પાંચ અગ્નિ જેવી, પાંચે ઇન્દ્રિયો, શરીર સહિત જેના આત્માને ચાવીશે કલાક, બાળી રહેલ છે, તે આત્મા એકલો કેમ રહી શકે. (૬)

જ્ઞાની પુરુષો કહે છે કે,

"અગ્નિજો તૃપ્તો ઇન્ધણે, નદીએ જલધિ પૂરાય મેરે લાલ;
તો વિષય-સુખ-ભોગથી, જીવ એ તૃપ્તો થાય મેરે લાલ..."

જ્યાં મિથ્યાત્વ, અવિરતિ, અજ્ઞાન અને ક્રોધાદિ કષાયો, પ્રતિક્ષણ જગતના પ્રાણીમાત્રને હેરાન કરી રહેલ છે. ત્યાં સાધુ કે સાધ્વીને એકલા કેમ રહી શકાય ?

પ્ર૦—જો આત્માને કલ્યાણ જ કરવું હોય તો એકલા રહેવાથી હરકત શું છે ?

ઉ૦—એકલા રહેવાથી આત્માનું કલ્યાણ થતું જ નથી. એકલા રહેનારા, આત્માના કલ્યાણ માટે એકલા રહેતા નથી, પરંતુ પોતાની સ્વચ્છંદતા અને સુકુમારતા પોષવા માટે એકલા રહે છે.

—*—

એકલા રહેતા અગીતાર્થ-મુનિને થતા નુકશાનો

એકલા રહેતા સાધુની, સ્વછંદતા અને લાલસાઓ વધે

છે. કોઈનો ભય કે શરમ ન હોવાથી, પરિગ્રહ–કપડાં–કામળી–પાત્રાં–તરપણી વગેરેની મૂર્છા પણ વધે છે, પ્રમાદથી પ્રમાર્જન વગેરે ન થાય એટલે, જિનાજ્ઞાના ભંગનો દોષ પણ લાગે છે. સ્ત્રીસમાજનો પરિચય વધવાથી અને કોઈની રોકટોક ન હોવાથી, પતન પણ થાય. એકલાનો લોક અનાદર કરે છે. એકલા સાધુને બોલાવીવાનો અવિવેક વધવાથી, રોગો વધે છે. એકલાને માંદગી આવે ત્યારે, બોલાવવા ન જઈ શકે તેથી, પોતે સીદાય અથવા સાધુના આચારો સીદાય, પડિલેહણાદિ–નિત્યક્રિયા ન થાય, વધેલા આહારનો દુરૂપયોગ થાય. એકલા થયેલા માંદા સાધુની સેવા–ચાકરી કોણ કરે ? તેના વસ્ત્રાદિ કોણ ધોઈ આપે ? તેના ઠલ્લા–ઊલટી કોણ પરઠવે ? આવી પોતાની દુર્દશા થતી જોઇને તે નિસાસા નાંખે, દુર્ધ્યાન કરે, અનેકને ગાળો ભાંડે, માત્રું વિગેરે મેડા ઉપરથી પરઠવી, જિનશાસનની અપભ્રાજના કરે, આવી રીતે તે દયામણું જીવન જીવી, સેવા અને ધર્મપ્રાપ્તિથી વંચિત થઈ મરીને દુર્ગતિમાં જાય.

આવા એકલા સાધુઓ પ્રતિક્રમણ–પડિલેહણ વિગેરે ક્રિયાઓ વિધિસર, ટાઈમસર ન કરે, અથવા કરે જ નહી. જ્યારે માંદા થાય ત્યારે, સેવા–ચાકરી–દવા વિગેરે તેને ન મળે, એટલે તે સાજા થયા પછી પૈસા માગીને ભેગા કરે, અને દવા વિગેરે પરિગ્રહના ગંજ ખડકે. આવા અનેકાનેક દોષો, એકલવિહારી સાધુના જીવનમાં પ્રવેશેછે. અગીતાર્થ સાધુને લાગતા બધા જ દોષો એકલા સાધુને પણ લાગે છે. માટે જ્ઞાનીપુરુષોએ, આરાધનાના બ્હાપી મુનિને એકલા રહેવાનો નિષેધ કરેલ છે.

પ્ર૦—છઠ્ઠ અઠ્ઠમ વિગેરે તપસ્યા કરવા માટે, અથવા

વર્ષીતપ વિગેરે તપ કરવાના કારણે, અથવા શત્રુંજય વિગેરે તીર્થોની યાત્રાઓ કરવા માટે, એકલા રહેવું પડે તે તો બરાબર છે ને ?

ઉ૦—કોઈ પણ કારણે એકલા રહેવું તે વ્યાજબી છે જ નહિ. તે આપણે **'ગીતાર્થ વિણ જે ઉગ્ર વિહારી'** એ ગાથામાં જોઈ ગયા છીએ. વળી એ પણ સમજવાનું કે, છઠ્ઠ-અઠ્ઠમાદિ તપ કરવા માટે પણ, ભવના ભીરુ આત્માઓ એકલા રહેતા નથી. કારણ કે, એકલા રહીને તપસ્યા કરનારાઓ ખાવા-પીવાના ઘણા લાલચુ થઈ જાય છે. તપસ્યાના નામે જીહ્વાને ઘણું પોષણ મળે છે. એકલા રહીને, પારણે ઉત્તર-પારણે, વ્હોરવામાં આધાકર્માદિનો વિવેક સચવાતો નથી.

પ્ર૦—તો પછી ગુરુ પાસેથી નીકળેલા, જુદાજુદા ગુરુના બે-ચાર શિષ્યો ભેગા રહે, તેમાં તો વાંધો નહી ને ?

ઉ૦—તેમાં પણ મોટો વાંધો છે. અગીતાર્થ અને સ્વેચ્છા-ચારી, બે-ત્રણ શું પણ દશ-વીશ ભેગા થાય તો પણ 'પાંચસો મૂર્ખ-સુભટના ટોળા જેવા હોવાથી' પોતાનું અથવા પરનું કશું ભલું કરી શકતા નથી. બધાઅહમિંદ્રજેવા હોવાથી, એવાઓનું નિર્નાયક ટોળું, જ્યાં રહે ત્યાં, શાસનની નિંદા કરાવે છે. એકલ-વિહારી બે-ત્રણ-ચાર ભેગા થઇને પણ, પ્રાયેણ લાભ મેળવી શકતા નથી, પરંતુ વધુ છબરડા વાળે છે.

જેમ ભવાયા, તરગાળા, ઓછબીયા વિગેરે તુચ્છજાતિ-ઓમાં પણ, એકને નાયક બનાવીને, ગામેગામ રમવા નીકળે છે. નાટકીયામાં પણ મેનેજર હોય છે. જ્ઞાતિનો આગેવાન શેઠ હોય છે. ગામડામાં પટેલ આગેવાન હોય છે. સરકારી નોકરોમાં

પણ, એક ટુકડીનો નાયક હોય છે. દુકાનમાં, પેઢીમાં, ગુમાસ્તા-ઓનો ઉપરી મુનીમ હોય છે. કડિયા–સલાટોમાં સૌનો ઉપરી મીસ્ત્રી એક હોય છે. પશુઓમાં–વાનરાઓના ટોળાનો એક નાયક વાનરો હોય છે. (વાનરો દોડે તેની પછવાડે આખું ટોળું દોડે છે.) ઘોડીને દશ વચ્છેરીઓ થઈ હોય, તે બધી મોટી થઈ, મા જેવી જ બનીને, ઓળખી શકાય નહિ તેવી થઈ હોય, છતાં તે બધી, માતાને આગળ કરીને જ ચાલે. કણઝ નામની પક્ષીની એક જાત થાય છે, તેમાં મુખી કણઝ ઉડે, તેની પાછળ બધી કણંઝો ઉડે છે. તે ઉતરે ત્યાં, બધું ટોળું ઉતરે છે. મધમાખીઓમાં રાણી નામની માખી આગેવાન હોય છે. બીજી તમામ માખીઓ તેની નિશ્રાએ જ ઉડે છે. મધપુડો ભરેલો હોય, પણ રાણી મક્ષિકા ઉડીને ચાલતી થાય તો, બાકીની માખીઓ મધપુડાને છોડીને, તેની પાછળ રવાના થઈ જાય છે. આ જીવો તિર્યંચ જાતિના છે. કીડી અને ઉધેહીમાં પણ સંપ કેટલો છે ? તે પણ આપણે જોઈ એ. એક કીડીની પાછળ હજારો કીડીઓ, અને એક ઉધેહી પાછળ હજારો ઉધેહી, ચાલે છે. આ બધા જીવો સ્વભાવે જ સંપથી જીવનારા હોય છે. તોપછી મોક્ષના ઇચ્છુક જીવોને, મોક્ષ મેળવવા સારૂ સંપ ન જોઇએ ?

ગુરુની નિશ્રાએ રહેવાથી થતા લાભ

સમુદાયમાં રહેલા બધા જીવને જ્ઞાનની વૃદ્ધિ થાય છે, સમુદાયમાં માંડલીએ પ્રતિક્રમણ અને ગોચરી થાય છે. પ્રાયઃ હંમેશ વ્યાખ્યાન સંભલાય છે. નવીન–નવીન દેશોમાં વિહાર થવાથી, ઘણી યાત્રાઓ થાય છે, આરોગ્ય પણ સારૂં

રહે છે, ગુણી મનુષ્યોના સમાગમ થવાથી, તેમની અનુમોદના કરવાનો લાભ મળે છે. અને તેવા ગુણો પોતામાં લાવવાની ભાવના જાગે છે. સમુદાયમાં રહેવાથી, આગમો, પ્રકરણો, ચરિત્રો, ઇતિહાસ વિગેરે અનેકવિધ સાહિત્ય જાણવા મળે છે. અને તેથી શ્રીજિનેશ્વરદેવો તથા ગણધરભગવંતો વિગેરેનાં, જીવનચરિત્રો જાણી, પોતામાં તેનો સુંદર પ્રકાશ પથરાય છે. સમુદાયમાં કોઈને કોઈ,વિશેષગુણી આત્મા હોવાથી, તેમની સેવા–વૈયાવચ્ચ કરવાનો લાભ મળે છે. સમુદાયમાં રહેવાથી જ્ઞાનાદિ સંપત્તિ વધે છે. ક્રમે કરી પોતે પણ તેથી ગુરુ બને છે, અને યોગ્યતા વધતાં, ગણી, પંન્યાસ, ઉપાધ્યાય, આચાર્યાદિપદની પ્રાપ્તિ પણ થાય છે. સમુદાયમાં ગુરુકુલવાસે વસેલા સાધુ, શ્રીજૈનશાસનના માનવંતા માણસોમાં પણ પોતે માનવંતુ સ્થાન પામે છે. સમુદાયમાં રહી ગુરુકુળવાસ સેવનારો આત્મા, મહાવિદ્વાન પણ થાય છે. અને અનેક ગ્રંથો–પુસ્તકો બનાવી શકે છે. ગુરુકુળવાસી સાધુ, ગુરુદેવનો માનીતો થવાથી, અનેક શિષ્યોનો ગુરુ પણ બની શકે છે. ગુરુની કૃપા પામેલ સાધુ, સમુદાયનો માનીતો થાય છે. ગુરુકુળવાસ સેવનારો સાધુ, પોતાની સારી પ્રતિષ્ઠાના યોગે, અનેક શાસનપ્રભાવનાનાં કામો કરાવી શકે છે. એટલે સંઘયાત્રા, પ્રતિષ્ઠા, અંજનશલાકા વિગેરે લાભો પ્રાપ્ત કરે છે. ગુરુસેવામાં રહેલા સાધુને ગુરુની આશીષો મળ્યા કરે છે, તેથી તેનું કશું કાર્ય સીદાતું નથી. ગુરુની મહેરબાની મેળવનાર સાધુ, બીજા અનેકના ઉપકારો કરી શકે છે. ગુરુકુળ સેવનાર સાધુને, એકલા રહેવાના દુર્ભાગી દિવસો આવતા નથી. ગુરુભક્ત શિષ્ય ઉપર, શ્રાવક–શ્રાવિકાઓની પણ, પરમ

ભક્તિ-મીઠી નજર હોય છે. તેવા સાધુનું મરણ પણ બગડતું નથી. મરણ વખતે તેને સેવા, દવા, પરેજ આદિના સાધનો સંપૂર્ણ મળવાથી, તેને દુર્ધ્યાન કરવાના પ્રસંગો આવતા નથી. ગુરુકુળવાસી સાધુને, મરતાં અનેક પ્રકારની નિર્યામણાઓ મળે છે. ગુરુકુળવાસી સાધુ, આ ભવમાં સદાચારી રહે છે. અને બોધિબીજ સમકિત પામે છે. અલ્પભવી બને છે અને અલ્પ-કાળમાં મોક્ષગામી થાય છે.

જુદી ગોચરી કરવાથી થતા દોષો

પ્ર૦—ઉપર જણાવ્યું કે, સમુદાયમાં-માંડલીમાં ગોચરી થાય છે. પણ કોઈ સાધુ સમુદાયમાં રહીને, માંડલીમાં એટલે બધાના ભેગી ગોચરી ન વાપરે, અને પોતાની જુદી લાવીને વાપરી લે તો શું હરકત ? કારણ કે તેમ કરવાથી કોઈની સાથે ઝગડો-વઢવાડ થાય નહિ વળી ઝટ પરવારી જવાય.

ઉ૦—સમુદાયમાં રહીને કારણસર એટલે કોઈ વખત શરી-રના કારણે કે, ગુર્વાદિની આજ્ઞાવિશેષના કારણે, સમુદાયથી જુદું વાપરવું પડે તે એક અપવાદ છે. તે સિવાય સમુદાયમાં રહી જુદી ગોચરી વાપરવી તે, સ્વચ્છંદતા છે. સમુદાયમાં રહી, જુદી ગોચરી વાપરવાવાળાને સમુદાયનું કામ કરવાના ભાવ થતા નથી. સમુદાયની થોડી પણ વૈયાવચ્ચનો લાભ તેને ખોવાઈ જાય છે. એકલો વાપરનાર 'ઉદરંભરી' કહેવાય છે. ગૃહસ્થ લોકોમાં પણ, વાંઢા અથવા બાળબચ્ચા વગરની રાંડીરાંડો જ, એકલાં જમે છે. છતાં તે પોતાને અભાગીયા માને છે. સમુદાયમાંથી પોતાના માટે એકલા વહોરવા જનાર સાધુને, જુઠ, ચોરી અને વિશ્વા-સઘાતના દોષો પણ લાગે છે. કારણ કે, વહોરાવનાર લોકો

કહે છે, **'વહોરો બાપજી ! આપ વસ્તારી છો'** એમ કહી સારૂં અને ઘણું વહોરાવે છે. તે વખતે 'હું એકલાનું જ વહોરવા આવ્યો છું', એમ કહેવા જીભ ઉપડતી ન હોવાથી, પોતાને જુઠાપણાનો દોષ લાગે છે. વળી વહોરાવનારે ઘણાઓ માટે, અથવા ગુરુદેવની આબરૂના પ્રતાપે, સારો આહાર વહોરાવ્યો હતો, અને તે પોતે એકલો જ ખાઈ જાય છે. તેથી વિશ્વાસઘાતનો દોષ લાગે છે. તથા દાતારે બધાને માટે આપેલું અને પોતે એકલો આરોગી જતો હોવાથી, સમુદાયના માલના ઉઠાઉગીરપણાનો, તથા ચોરીનો-**તીર્થંકરઅદત્ત** અને **ગુરુઅદત્ત** નામના મહાભયંકર દોષો લાગે છે. તથા એકલું લાવીને વાપરનારને, પોતાની વહોરેલી વસ્તુ બીજાથી છુપાવવાના વિચારો પણ આવે છે, આમ થવાથી પણ ચોરીનો દોષ લાગે છે. વળી એકલા જુદા વાપરનાર ઉપર, સમુદાયના સાધુઓને ઇર્ષ્યાબુદ્ધિ થાય છે. એકલા જુદું વાપરવાવાળાને, આહાર વધી જતાં અજીર્ણાદિ થવાના પ્રસંગો આવે છે, અને તેથી રોગો પણ થાય છે. પોતે સ્વેચ્છાચારી અને સ્વાર્થી હોવાથી, સમુદાય તેના તરફ ઓછું ધ્યાન આપે, તેની સેવા ન કરે, એટલે પોતાને સમુદાય ઉપર દ્વેષ આવે, અને મહાગુણી ગુરુ અને સમુદાયની નિન્દા થઈ જાય છે. લોકોની પાસે બકયા કરે કે, 'મારૂં કોઈ કરતું નથી, મારા સામું કોઈ જોતું નથી.' એમ વચનથી પાપ બાંધે અને મનમાં ખેદ કર્યા કરે છે. છેવટે દુર્ધ્યાનથી મરી દુર્ગતિએ જાય છે. એટલે સમુદાયમાં રહેવા છતાં, તે બીચારો જુદા જેવો જ ગણાય છે.

પ્ર૦—સમુદાયમાં રહેનાર બીચારાને, ગુરુ વિગેરે આખો

દિવસ ટોકયા કરે તે કેમ ખમાય ?

ઉ૦—ટોકણી પુણ્યશાળી જીવને સાંપડે છે. જેમ પથ્થર ઘણી જાતના હોય છે, એમાંથી જેનામાં ટોકણી–ટાંકણાં ખમવાની તાકાત જ ન હોય, તેમને તો સીધા ભઠ્ઠીમાં નાખવામાં આવે છે. એટલે તે અગ્નિમાં બળીને તેનો ચુનો બની જાય છે. અને જે પથ્થરોમાં, ટોકણી એટલે ટાંકણા ખમવાની તાકાત હોય છે, તેઓ ઈમારતોમાં ગોઠવાય છે અને હજારો વર્ષ જીવે છે. તેમાં પણ આરસના પાષાણને, વધારે ટાંકણા લાગે છે, પરંતુ તેથીતો તે કાંતો રાજાઓના મહેલમાં અથવા દેવમંદિરોમાં ગોઠવાય છે, એથી પણ વધારે ટાંકણાં સહન કરનાર પથ્થર, પોતે દેવ બને છે, [દેવની મૂર્તિ થાય છે.] અને તેને હજારો, લાખો, ક્રોડો મનુષ્યો પૂજે છે, પગે લાગે છે અને હજારો વર્ષ તે પથ્થર આબાદી અનુભવે છે.

હંમેશાં ઉચ્ચ વસ્તુઓને જ ટાંકણાં કે હથોડા ખાવા પડે છે, સોનું કે ચાંદી કપાય છે, ગળાય છે, કુટાય છે, જતેડા સોંસરા નીકળે છે. તેથી તેના દાગીના બને છે, અને રાજા–મહારાજાઓના શરીર કે મસ્તક ઉપર બિરાજવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે, જ્યારે ઈંટાળા–પાણા બીચારા આખી જીંદગી એડોળ સ્થિતિમાં અથડાયા કરે છે.

અનાજમાં બાજરીને બહુ ઓછી હેરાનગતિ છે, તેની કીંમત પણ પામરોના જેવી છે. ઘરમાં કોઈ મહેમાન આવે તો, બાજરીને કોઈ યાદ કરતું નથી, પણ ઘઉંને યાદ કરે છે. જો કે એને લોકો પલાળે છે, દળે છે, મેંદો કરે છે, કણેક–આંધીને મસળે છે, કુટે છે, અનેક રીતે હેરાન કરે છે, છતાં

એ એની સજ્જનતા છોડતો ન હોવાથી, ઠામઠામ મોટાઈ પામે છે. ઘઉંની અનેક ચીજો બને છે. એનો શીરો બને, સેવદળ બને, સુતરફેણી બને, હલવો બને, બાટ બને, ઘેબર બને, દહીંથરાં બને, દોઢાં બને, ગુંદવડાં બને, આવી અનેક ઘઉંની જુદી જુદી ચીજો બને છે. ઘઉંની જ્યાં પધરામણી થાય ત્યાં, ઘી ને સાકર દોડાદોડ કરે છે. અને આ ત્રણનો સુમેળ થતાંની સાથે, દુધ, ચોખા, કેસર, જાયફળ, શાક, રાઈતાં વિગેરેને આવવું પડે છે. ત્યારે બીચારો બાજરો જ્યાં જાય ત્યાં, તેની કેડાકેડ ઓલ્યા કાળી શાહી જેવા, અડદ ખડા થઈ જાય છે, કદાચ એ આવ્યા કે ન આવ્યા, પરંતુ ડુંગળી ને લસણની પધરામણી તો હોય જ, જોઈ લ્યો સહનશીલતા વગરનો બાપડો બાજરો! તેનાં ભાઈબંધ પણ તદ્દન થોડા, અને તે પણ ડુંગળી-લસણ ને અડદ જેવા. એક-ઘઉં પધારે, તેટલામાં તેની તહેનાતમાં, કેટલા હાજર થઈ જાય છે? ઘઉં આવ્યા એટલે કડાયાને આવવું પડે છે, કડછી, તાવેથો અને ઝારો આવે છે, મોટામોટા થાળો આવે છે, વેલણ-ઓરીસા આવે છે, સેવ વણવી હોયતો, મોટાં પાટીઆંઓને આવવું પડે છે, અને બીજાં પણ કઈક સાધનો, ઘઉં મહાધાન્યની સેવામાં હાજર થઈ જાય છે. જ્યારે બાજરો બીચારો એકલો, એ જ્યાં જાય ત્યાં, ફક્ત તાવડી ને દાથરી બે જ હોય, એનો વેલણ કે ઓરીસો તો ધડો કરે જ નહિ. એને બાપડાને, લોકો થપ્પડો મારી-મારીને, રોટલો બનાવે, એક રોટલો થાય તેમાં, દશ-વીશ થપાટો ખાવી પડે છે.

૫૦—આ બીચારો બાજરીનો દાણો તદ્દન ઝીણો છે,

અને ઘઉંનો દાણો મોટો છે, જગતમાં મોટાના પક્ષમાં બધાં ઊભાં રહે છે, નાનાનો ભાવ પૂછાતો નથી. કેમ આ વાત ખોટી છે?

ઉ૦—ભાઈ! જગતને નાના–મોટાનો જરાપણ પક્ષપાત છે જ નહિ. અને હોતો પણ નથી. જેનામાં સહનશીલતા આવે છે, તે જ મોટા બને છે. ચણો નાનો છે અને વાલ મોટો છે, ચણામાં સહન કરવાની તાકાત છે, એને લોકો ઉના પાણીમાં પલાળે છે, ભરડે છે, સુપડામાં નાંખીને ઝાપટે છે, દળે છે, ત્યારબાદ કણેક બનાવીને ખુબ ગુંદે છે, કચરે છે, પછી ઉછળતા ઘીમાં તળે છે, ફેરપાછો મોઘરીના મારથી કુટે છે, ત્યારે જ તેના મોતીયા, મોતીચૂર, મોહનથાળ, મેસુબ, મગદળ વિગેરે મહા પકવાનો બને છે. તેમાં ઘી, સાકર, કેસર, બદામ, પીસ્તા–ચારોલી વગેરેને ભળવું પડે છે, ત્યારે તે મહા-પુરુષોના ભોજનમાં ઉપયોગી થાય છે. ત્યારે વાલભાઈ મોટા છે, પણ એનામાં સહન કરવાની તાકાત ન હોવાથી, એને કોઈ દળતું–ભરડતું, ખાંડતું–ફટતું નથી, એ બંદા પ્રાયઃ આખા ને આખા રહે છે. તેથી તે પોતાને મોટો માનવા છતાં, જગત પાસે એની કીંમત નથી. આ બધી વાતો થઇ જડપદાર્થની. હવે મનુષ્યની વાત વિચારીયે.

અત્યારે અને ભૂતકાળમાં પ્રાયઃ કોલી, વાઘરી, ઢેઢ, બજ-ણીયા, ભીલ, ભંગી ભરવાડ, રબારી, કુંભાર, કણબી વિગેરે હલકી કોમના મનુષ્યો–પોતાના બાળકોને ભણાવતા નથી. બાળકો પણ ભણતા નથી, તેમને માસ્તરનાં કટુ વચનો ખમવાં પડતાં નથી, નેતરની સોટી કે આંકણીના માર ખાવા પડતા

નથી, પરંતુ તે બિચારા બાલ્યાવસ્થાને ભટકવામાં બગાડી, આખી જીંદગી પરાધીનદશામાં, રાંક થઇને પસાર કરે છે.

જ્યારે બ્રાહ્મણ અને વણિકો વિગેરે ઉચ્ચજાતિના બાળકોને, બાલ્યાવસ્થામાં અધ્યાપકોના અનેક ઉપદ્રવો અમવા પડે છે, બાળકદશા એટલે અજ્ઞાનદશા હોવાથી, બાલકોને પ્રાયઃ નિશાળે જવું ગમતું નથી, કેટલાક રોવા લાગે છે, નાશી જાય છે, ઘણી દીનતા દેખાડે છે, દયામણો ચહેરો બનાવી નાખે છે, છતાં અતિ વાત્સલ્યવાળા માતા–પિતા, તે બાળકોની જરાપણ દયા ચિન્તવ્યા સિવાય, બળજબરીથી નિશાળે મૂકે છે. ઉપરથી વખતે માસ્તરને માર મારવા પણ ભલામણ કરે છે, તે બધું તે વખતે બાલકોને જરાપણ રૂચતું નથી, છતાં ભવિષ્યનું ભલું વિચારનારા માતા–પિતા, બાલકોના વર્તમાનકાલ તરફ ધ્યાન આપતાં નથી, વળી ભણવાના વખતમાં છોકરાઓ, ઘણો પરિશ્રમ કરતા હોવાથી,દુબળા પણ થઈ જાય છે, પરંતુ ભવિષ્યના ભલાની ભાવનાથી તેબધું ચલાવી લે છે. છોકરો હુંશિયાર થશે, એટલે આખી જીંદગી આનંદમાં ગુજારશે, ફક્ત અત્યારના દુઃખનો વિચાર કરવાથી, તે અભણ–ઠોઠ રહી જશે, તો જીંદગી બગડશે એમ સમજે છે. નીતિકારો પણ કહે છે કે,

"माता वैरी पिता शत्रुर्येन बाला न पाठिताः"

અર્થ—જેઓ પોતાના બાલકોને ભણાવતા નથી, તે માતા અને પિતા, વાસ્તવિક મા–બાપ નથી, પરંતુ શત્રુતુલ્ય જ છે, મતલબ એજકે, વર્તમાનકાલનું સુખ ઇચ્છનારા, અને ભવિષ્યનો વિચાર જ નહિ કરનારા, હિતસ્વીઓ જેવા દેખાતા, મા–બાપ, ભાઈ કે મિત્ર જે હોય તે, હિતચિંતકો

નથી, પરંતુ શત્રુ જ છે. જ્ઞાનિપુરુષો પણ ફરમાવે છે કે,

"धनार्थिनां यथा नास्ति, शीततापादि दुस्सहं ।
एवं भवविरक्तानां, तत्त्वज्ञानार्थिनामपि ।।"

અર્થ—જેમ અહીં ભણવું, ગણવું, કળાઓ શિખવી, વ્યાપાર માટે દેશ-દેશાન્તર ભમવું; મોડું, વહેલું, લખું, સૂકું, ઠંડું, જેવું-તેવું જમવું પણ, ધનની આવક થતી હોય, અથવા ધનની આવકની આશા હોયતો, સહન કરવાનું વસમું લાગતું નથી, જેમ પરલોકનો અનંતોકાળ સુધારવાની આશાવાલા, સંસારવિરક્ત અને તત્ત્વજ્ઞાનના અર્થી મનુષ્યોને પણ, ક્ષુધા, તૃષા, તડકા, ઠંડી વિગેરે દુઃખો, મન ઉપર નબળી અસર કરતાં નથી. જેમ અહીં આઠ વર્ષની ઉંમરનો બાળક, વીશ વર્ષનો થાય ત્યાંસુધિ, અપરિશ્રાન્ત ભણવાનો ઉદ્યમ કરે, તો તેનાં પાછલાં વર્ષો પ્રાયઃ સુખમય પસાર થાય છે. તેમ ચાલુ ભવમાં સાધુ થયેલો મનુષ્ય, ગુર્વાદિકની પરાધીનતા સ્વીકારી, વર્તમાન-પરિશ્રમ, દુઃખ, અગવડો કે આપત્તિનો, વિચાર કર્યા વગર, સંજમમાં જાગૃત રહે તો, પછીનો આખો સંસાર એકદમ સુખમય બની જાય છે.

પ્ર૦—કોઈ સાધુ પોતાનો નિર્વાહ ચાલે તેટલું-નિત્ય ક્રિયા જેવું ભણીને, તથા થોડાં-ઘણાં સ્તવન, સજ્ઝાયો કે ચરિત્રો, કથા, દૃષ્ટાન્તો વાંચીને, લોકોને ઉપદેશ આપવાનું શરૂ કરે તો વાંધો શ્યો ? કારણ કે વ્યાકરણ, પ્રકરણો, કાવ્યો, ન્યાય, આગમો વિગેરે ભણવામાં તો, દશ-પંદર વર્ષ નીકલી જાય, એટલું બધું ભણીને પણ, છેવટે આપવો તો ઉપદેશ-જ છે ને ? તો પછી હમણાં ભાષાન્તરોની કયાં ઓછાશ છે ?

કે એટલો બધો પરિશ્રમ કરવો પડે?

ઉ૦—જેમ છોકરો વીશ વર્ષ કે તેથી વધારે વર્ષ સુધી ભણીને મેટ્રીક, ગ્રેજ્યુએટ, એમ. એ. કે ગમે તે લાઇનનો અભ્યાસ કરે છે, તેમાં ટાઈમ, શરીર અને પૈસા, ત્રણેને બરબાદ કરે છે. હવે જો બારવર્ષનો છોકરો, તુરત જ કોઈ પાનવાળા કે હોટેલવાળાની દુકાને નોકરી રહી જાય તો, ઉપરના માણસની માફક, સમય, શરીર, અને લક્ષ્મી ત્રણેનો બચાવ થવા સાથે, કમાણી શરૂ થાય છે. આમ કરવું વ્યાજબી ખરૂં? ભલે એક-બે મૂર્ખ મનુષ્યો હા પાડે, પરંતુ સેંકડે ૯૮ ટકા 'ન'કાર જ સંભળાવશે. તેમ કરવાથી, બારવર્ષમાં કમાવા નીકળેલો છોકરો, આખી જીંદગી, બાર રૂપીયાના પગારથી આગળ કમાઇ શકતો નથી. તે જ પ્રમાણે, સાધુબનીને તુરત જ ઉપદેશ આપવા નીકળનારા પણ, સુંઠના બેચાર-ગાંઠીયા લાવીને, ગાંધી બનનારા જેવા જ છે.

જ્યારે ફાગણ માસમાં આંબો ફળવા માંડે છે ત્યારે, એક આંબા ઉપર સેંકડો નહિ પણ હજારો ફળોનાં ગુચ્છા લાગ્યા હોય છે, આંબાનો માલિક ગરીબ હોવા છતાં, તેને તોડતો નથી, પરંતુ ખરી પડે તેને જ લઈ લે છે. ફાગણ-ચૈત્રમાં ગરીબ આંબાવાળો, કાચા મોર ઉતારી લે તો, બે ચાર મણ ઉતરે, તેને વેચે તો પન્નર-વીશ રૂપીયા ઉપજે, પણ જો આંબાને પાકવાની પૂર્ણ તક આપે તો, કાચી કેરીઓ પાક્યા પછી પચાસ, સો મણ પણ થાય, અને તેના હજાર, બે હજાર રૂપીઆ પણ ઉપજે. અહીં કાચી કેરી વેચી ખાવી તે મૂર્ખાઈ છે, પણ પાકવા દેવી તે જ ડહાપણ-ભરેલું ગણાય, તેમ ગુરુદેવોની પરાધીનતા

સ્વીકારીને, જ્ઞાનમાં જેટલા વધાય તેટલા આગળ વધવું, તેજ સંજમી બનેલા મુનિરાજોનું કર્તવ્ય છે.

પ્ર૦—ત્યારે શું ગુરુઓ ગમે તેટલા હેરાન કરે તો પણ, શિષ્યોએ ચલાવી જ લેવું, અને આખી જીંદગી ગુરુથી બીતા જ રહેવું એમ જ ને?

ઉ૦—પરલોકના એકાન્ત આરાધક, સ્વપર-શાસ્ત્રના જાણુ, આખા જગતનું ભલું કરવાની ભાવનાવાલા, ગુરુમહારાજ કોઈને હેરાન કરતા જ નથી, તો પછી શિષ્યોને હેરાન કરે એ બને જ કેમ? પરંતુ આત્માર્થી શિષ્યોએ, બારે માસ અને પ્રતિક્ષણ, ગુરુમહારાજથી ડરતા રહેવું, એટલું જ નહિ, પરંતુ સમગ્ર સમુદાયથી ડરતા રહેવું, અરે, આખી દુનિયાથી ડરતા રહેવું જોઇએ. એ જ મોટામાં મોટી મહાનુભાવતા છે. આપણા અનંત ઉપકારી જ્ઞાનિપુરુષોએ ફરમાવ્યું છે કે, મરણ આદિ મહા ભયંકર, સાત ભયોથી નહિ ડરનારા, વીતરાગના મુનિરાજોએ, પાપો અને કર્મોથી ચોક્કસ ડરતા રહેવું જોઇએ.

પ્ર૦—ગુરુથી ડરતા રહેવું, એ તો થોડીવાર માટે ચલાવી લેવાય, પરંતુ સમુદાયના સાધુઓથી પણ ડરતા રહેવું, અને આખી દુનિયાથી ડરતા રહેવું. આ વળી ક્યાંનો ન્યાય?

ઉ૦—ડરતા રહેવાનો અર્થ એ જ છે કે, ઝઘડા ન કરવા, અભિમાન ન કરવું, વિતંડાવાદ ન કરવો, દુર્જનતા ન કરવી, ભલમનસાઈ ન ગુમાવવી, બસ, આવું વર્તન રાખવું, આ એકલા વીતરાગના સાધુનું જ નહિ, પરંતુ જગતમાં જે કોઈ સંત-મહાત્મા હોય, તેમનું સર્વનું કર્તવ્ય છે.

કોઈ અન્ય કવિ પણ કહે છે કે,

"હરિજનતો હાર્યા ભલા, જિતન દે સંસાર;
હાર્યા હરિકો મીલત હૈ, જિત્યા નરક મોઝાર."

મરૂદેવીમાતાનો આત્મા, ગયા જન્મમાં કેળનું ઝાડ હતું, તેની જોડાજોડ કંથેરનું ઝાડ (કાંટાવાળું એક ઝાડ) ઉગ્યું હતું. કંથેરના ઝાડે, કેળના ઝાડને, પોતાના કાંટા લગાડવાનું, ચાલુ રાખ્યું. ત્યારે કેળના ઝાડે તેનો માર સહન કર્યો, કંથેરીના ઝાડનો જીવ મરીને, સંસારમાં ક્યાં ગયો તેનો પત્તો જ નથી. જ્યારે માર સહન કરનાર કેળનો જીવ, મરણ પામીને મરૂદેવી-માતા થઈને, મનુષ્યનાં મહાસુખો ભોગવી, જગતપૂજ્ય જિનેશ્વર-દેવનાં માતા બની મોક્ષમાં પધાર્યાં.

કોઈ કવિવર પણ ફરમાવે છે કે,

"જો તાકો કાંટા બુએ, તાકો તું બો ફુલ;
તુઝકો ફુલકા ફુલ હે, ઉનકો કાંટા શુલ."

અર્થ--તારા માર્ગમાં જે કાંટા નાખી જાય, તેના માર્ગમાં પણ તારે તો ફુલ જ વેરવાં. કારણ કે, તને તો એ ફુલનાં ફુલ જ મળવાનાં છે. એને બીચારાને તો કાંટા મળવાના છે. દુનિયામાં પણ પ્રશ્ન છે કે, **ગાળો દેનાર અને ખાનાર બેમાં સજ્જન કોણ ? આખું જગત એક જ કહે છે કે, દેનાર નહિ પરંતુ ખાનાર.**

પ્ર૦—ત્યારે ઘણા બીકણ એ સંતપુરુષ કહેવાય ? અને સદા બીતા રહે તે જ ઊંચા પુરુષો લેખાયને ?

ઉ૦—આપણી વાત ચાલે છે સાધુપુરુષોની, રણાંગણની, વેપારીવર્ગની કે ઘરમાં ધાડપાડુ પેઠા હોય એવા, ગૃહસ્થની વાતં નથી. એ ધ્યાનમાં રાખવું જોઇએ ! એટલે સાધુપુરુષોએ-

સંતપુરુષોએ, અથવા પરલોક બગાડવા ઇચ્છા ન હોય તેણે, પાપથી ચોક્કસ ડરતા રહેવું જ જોઇએ, અને પાપથી ડરે તે જગતથી ડરે એમાં ખોટું શું છે?

બીજી વાત એ પણ છે કે, જેમ જેમ આત્મા પાસે જોખમદારી વધતી જાય, તેમ તેમ સાવધાનતા પણ વધારવી જોઇએ. આખી દુનિયાનો કાયદો છે કે, ધનવાનો મધ્યબજારમાં જ રહે છે, એવાઓનાં રહેઠાણ–રહેવાનાં ઘરો, ગામની મધ્યમાં જ હોય છે, તેનું કારણ એ જ કે, તેઓની પાસે માલ–મીલકત હોય છે. તે જો ગામ બહાર નિરાધાર રહે છે તો, જરૂર લુટાઈ જવાનો ભય રહે, અને બીજી બાજુ વાઘરી, બજાણીયા, ઢેઢ, ચમાર, ભંગી આદિ નિર્ધન કોમો–જાતિઓ ગામની બહાર–ગામથી છેટા વસે છે. કેમ કે તેઓ નિર્ધન હોય છે, એટલે તેમને લૂંટાવાનો ભય બીલકુલ છે જ નહિ. વળી સોનું–ચાંદી સદાકાળ બીતાં જ રહે છે. તેઓને પોતાને ચોરાઈ જવાનો ભય હોવાથી, તીજોરીમાં છુપાઇને રેવું પડે છે. લોઢા વગેરે હલકી ધાતુઓને નિડરતા હોય છે. એમને કોઇનો ડર ન હોવાથી, તે ગમે ત્યાં પડ્યાં રહે છે. લોઢાની કોષ વિગેરે વગડામાં પણ નિડરપણે એકલી રહે છે, અને સોનાની કટકી બજારમાં પણ એકલી રહે તો ચોરાઈ જાય છે.

વળી સોના–ચાંદીમાં નરમાસ પણ ખૂબ છે, તેથી તેઓને લોઢું હેરાન કરે છે, પરંતુ સોનું લોઢાને હેરાન કરી શકે જ નહિ. કારણ કે લોઢામાં ભારોભાર દુર્જનતા ભરેલી છે. લોઢું આખા જગતનું લોહી પીવા સરજાયું છે. ચપ્પુ, છરી, તરવાર, બાણ, ભાલો, બરછી, ધારીયું, મુદ્ગર, ગદા, ભીંદીપાલ, વિગેરે

હથીયારોના રૂપમાં, લોઢું જગતનો નાશ કરે છે. પશુ અને મનુષ્યો, લોઢાથી કેટલા કપાણા, તેની સંખ્યા જ્ઞાનીઓ પણ ગણાવી શકે નહિ. જ્યારે સોના–ચાંદીએ, કોઈનો અપરાધ–ગુન્હો કર્યાના દાખલા બહુજ ઓછા મળશે. નરમાશ, સજ્જનતા આદિ ઉત્તમ ગુણોથી, અત્યારે સોનાની કિંમત એક મણની લગભગ દોઢ લાખથી પણ વધારે ગણાય છે,જ્યારે લોઢાની કિંમત ચાર–પાંચ રૂપિયા થાય છે. કોઇ ગૃહસ્થના ઘરમાં, શેર–બશેર સોનું હોય તો પણ,તે માણસ ભાગ્યશાળી લેખાય છે. અને લોઢું ભલે હજાર મણ હોય, તો પણ તે માણસ બાપડો અને અભાગીઓ કહેવાય છે. તેમ સોના જેવો નમ્ર શિષ્ય એક જ હોય, તે ગુરુ ભાગ્યશાળી ગણાય છે, અને લોઢાના જેવા કજીયાળા દશ શિષ્યો હોય તો પણ, તે ગુરુનું લોહી ઉકાળે છે.

આ બધા વર્ણનથી એમ નક્કી થાય છે કે, જે સાધુ મુનિરાજમાં વિનય, નમ્રતા અને સજ્જનતા વિગેરે ગુણો આવેલા હોય, તે એકલા રહેવા વિગેરેની વાયડી વાતો કરેજ નહિ. વિનયી આત્મા જરૂર મોડો–વહેલો જ્ઞાની બને છે, પોતાના પરિવારમાં વ્હાલો થાય છે, અને અન્ય સમાજમાં પણ આબરૂ મેળવે છે. માટે આત્માના અભ્યુદય ઇચ્છનાર સાધુ–સાધ્વીએ પોતામાં વિનય–નમ્રતા, કોમળતા–મૃદુતા આદિ ગુણો જલદી આવે એવો ઉદ્યમ કરવો જોઇએ.

પ્ર૦—ભગવાન વીતરાગના શાસનમાં,તરવાના માર્ગ ઘણા છે, તો પછી શું એક વિનય ન હોય તો ન તરી શકાય ?

ઉ૦—સાકર, દ્રાક્ષ અને શેરડી વિગેરેમાં બીજું બધું હોય. ફક્ત મધુરતા જ ન હોય, સુવર્ણમાં અને ચાંદીમાં ફક્ત

ચળકાટ ન હોય, હીરામાં ફક્ત પાણી જ ન હોય, ચંદ્ર-સૂર્યમાં ફક્ત પ્રકાશ જ ન હોય, શરીરમાં ફક્ત મસ્તક જ ન હોય, કોઈ ગુણવંતી સ્ત્રીમાં ફક્ત બ્રહ્મચર્ય જ ન હોય, કોઈ ઉત્તમ આત્મામાં ફક્ત સજ્જનતા જ ન હોય, વેપારીને ફક્ત આબરૂ જ ન હોય, રાજાની ફક્ત આજ્ઞા જ કોઈ પાળતું ન હોય, બહુ રુપાળા માણસને ફક્ત એકલું નાક જ ન હોય, કોઈ મોટા પરિવારવાળા ઘરમાં ફક્ત પુરુષ જ ન હોય, કોઈ સુશોભિત શહેરમાં ફક્ત કોઈ માણસ જ ન હોય, જેમ આ બધાં તદ્દન નકામાં અને હસી કાઢવા યોગ્ય છે, તેમ વિનયગુણ ન હોય તો, તરવાના બધા માર્ગો નકામા જ છે. વિનય વિનાના કોઈ માર્ગો તારી શકતા જ નથી. ઉપરની તમામ વસ્તુઓને એકેક વસ્તુનો અભાવ, તેની મૌલિક સંપત્તિનો અભાવ સૂચવે છે, તેમ વિનય ગુણનો અભાવ આત્મામાં તમામ ગુણનો અભાવ સૂચવે છે. માટે વિનય-ગુણવાળા આત્મામાં, બીજા ગુણો ન હોય તો પણ મોડાવેલા જરૂર આવે છે. અને વિનયગુણ વગરના મનુષ્યમાં, વખતે કોઈ ગુણ આવ્યા હોય, તો પણ પાછા ચાલ્યા જાય છે. **દશવૈકાલિકસૂત્ર**માં સાધુને વિનયગુણ સમજાવવા માટે આખું નવમું અધ્યયન બતાવ્યું છે. તેનો ટુંક ભાવ બતાવનારાં થોડાં પદ્યો લખું છું.

[શત્રુંજય જઈએ લાલન, શત્રુંજય જઈએ—એ દેશી]

"વિનય કરેજો ચેલા ! વિનય કરેજો,
શ્રીગુરુઆણા, શીશ ધરેજો; ચેલા ! શીશ ધરેજો,
ક્રોધી માની ને પરમાદી,
વિનય ન શીખે, વલી વિખવાદી;

ચેલા ! વલી વિખવાદી ॥૧॥
વિનય રહિત આશાતના કરતાં,
બહુ ભવ ભટકે, દુર્ગતિ ફરતાં; ચેલા ! દુર્ગતિ ફરતાં
અગ્નિ સર્પ-વિષ જિમ વલી મારે,
ગુરુ આશાતન તેમ, અધિક પ્રકારે; ચેલા !૦ ॥૨॥

અર્થ—ભગવાન્ **શ્રીસુધર્માસ્વામી** મહારાજ, શિષ્ય સમુદાયને ઉદ્દેશીને ફરમાવે છે કે, હે મહાભાગ્યશાળી શિષ્યો ! તમે ગુરુ મહારાજનો વિનય જરૂર કરજો, અને ગુરુમહારાજની આજ્ઞા સદાકાળ મસ્તક ઉપર ધારણ કરજો, જે હીણભાગી જીવો ક્રોધી, માની, પ્રમાદી અને કજીઆળા હોય છે, તેમનામાં વિનયગુણ (બીજાનું દેખીને પણ) આવતો નથી. (તમે તો ઉત્તમ કુળમાં જન્મ્યા છો, વૈરાગ્યથી દીક્ષા લીધી છે. માટે અવિનયવાળા થશો નહિ.) કારણકે, (૧) વિનય ગુણના અભાવે આશાતનાઓ થઈ જાય છે. તેથી આત્મા દુર્ગતિમાં ભટકે છે, ઘણા ભવ સુધી સંસારમાં રખડે છે. જુઓ, અગ્નિ અને સર્પનું ઝેર એ મહાભયંકર પ્રાણઘાતક વસ્તુઓ છે. પરંતુ તેના કરતાં પણ, ગુરુનો અવિનય કરવાથી થયેલી આશાતના, વધુ ભયંકર રીતે મારનારી છે. અગ્નિ અને સર્પનું ઝેર, એક ભવનું મરણ દેનારા છે, જ્યારે ગુરુની આશાતના અનંતા જન્મમરણ આપનાર થાય છે. (૨)

અવિનયી કુશિષ્યની કથા

અનંતાકાળ પહેલાં કોઈ એક ક્ષેત્રમાં, પાંચસો મુનિવરોથી પરિવરેલા, **શ્રીધર્મઘોષસૂરિ**મહારાજ નામના,આચાર્ય ભગવાન પધાર્યા હતા. તેઓ ચંદ્ર જેવું અતિનિર્મળ ચારિત્ર પાળનારા

હતા. તેમના પરિવારના બધા જ શિષ્યો ગુણરત્નની ખાણ હતા. તેઓ જ્ઞાન–ધ્યાન–ક્રિયા–તપસ્યામાં, સદાકાળ જાગૃત હતા. તેમની પાસે કોઈ કુલપુત્રે દીક્ષા લીધી હતી. તે ઘણો સશક્ત આત્મા હતો. તેથી તે ઘણા સાધુનું, કામકાજ કરી શકતો હતો. દુનિયામાં પણ કહેવત છે કે, "કરે તેને જ કહેવાય" એટલે સાધુઓ તેને કામ બતાવતા હતા. તેનું નામ હતું રૂદ્ર, તે કામકાજ ઘણું કરતો, પરંતુ તેનામાં આપબડાઈ ખૂબ હતી અને તેના કારણે તેનામાં ક્રોધ અને માન પણ ખૂબ હતાં.

ગુરુદેવ તેના આ અવગુણને કળી ગયા હતા, એટલે અવારનવાર વ્યાખ્યાનમાં, આપબડાઈ, ક્રોધ માન, ઘણા જ ખોટા છે, એવો સાર્વજનિક ઉપદેશ આપતા હતા. દુનિયામાં પણ કહેવત છે કે,

"કંચન તજવું સહેલ છે, સહેલ પ્રિયાનો નેહ,
આપ બડાઈ અને ઇર્ષ્યા, દુર્લભ તજવું તેહ."

ઉપદેશથી પણ અપાત્ર રૂદ્રને, લાભ ન થયો, એથી ઉલટો એને ગુરુ ઉપર પણ રોષ થયો. રૂદ્ર ઘણો ક્રોધી અને અભિમાની છે. એમ આખા સમુદાયને સમજાઈ ગયેલું હોવાથી, કોઈ તેની ભૂલ કાઢતું નહિ. કારણકે ઉકળેલા તેલમાં પાણી રેડવું એ, પોતાના નાશને નોતરવા સમાન છે. તેને જે પરોક્ષ શીખામણ અપાતી તે પણ તેને 'નાકબુચ્ચા માણસને દર્પણ બતાવવા' સમાન થતી હતી. જુઓ તે કથા—

કોઈ એક દરબારના ભાયાત બેસતા–વર્ષના દિવસે, બુકાની બાંધીને, બજારમાં ફરવા નીકલ્યા હતા. તેટલામાં ઈનામ લેવાની આશાએ એક હજામ, હાથમાં દર્પણ લઈને, દુકાનદારોમાં ફ

હતો, અને દર્પણ દેખાડીને, બે-પાંચ રૂપીયાના પૈસા કમાતો હતો. આ બુકાનીવાળા દરબારને, તેણે બીચારે મોટા માણસ ધારીને, તેમની સામે દર્પણ ધર્યું. દરબારશ્રીનું નાક હમણાં જ, કારણ વશાત્ કપાઈ ગયું હતું. તે વાત બીચારો હજામ બુદ્દલ જાણતો ન હતો. દરબારને દર્પણ જોતાં જ યાદ આવ્યું કે, આ હરામખોર હજામ, મારૂં કપાએલું નાક મને દેખાડવા, આ દર્પણ ધરે છે. માટે તેનું ફલ તેને ચખાડું. એમ વિચારી પેલા હજામને, પાંચ–દશ લપડાકો લગાવી દીધી. અને બોલ્યા કે, 'હરામખોર ! હું નાકબુચ્ચો છું, એની મને ખબર નથી ? તે વળી તું દર્પણ દેખાડવા આવ્યો છે ? લે, લેતો જા !'

"દુર્જનને સમજાવતાં, કશો ન નીકળે સાર;
દર્પણ દર્શક નાપિતે, ખાધો માર અપાર.
મૂરખને મત આપતાં, પોતાની પત જાય;
ટપલો શરાણ ચઢાવીએ, પણ આરીસો નવ થાય."

જેમ દરબારને દર્પણ દેખાડનાર ઉપર ગુસ્સો આવ્યો, તેજ પ્રમાણે ક્રોધી, માની, કજીઆળા શિષ્યોને પણ, ગુરુ મહારાજની શીખામણ લાભકારક થતી નથી, પણ નુકશાન કરનારી બને છે. આ રૂદ્રમુનિ પણ સમુદાયના ઘણા સાધુઓનું કામ કરતો હતો. પરંતુ જો તેની હાએ હા કહે, તેની વાહવાહ કરે, તેની જરા પણ ભૂલ ન કાઢે, તોજ તે ભાઈશ્રી સારા રહે, નહિતર ક્ષણવારમાં મીંયાભાઈ પણ બની જાય.

આમ થતાં–થતાં આ રૂદ્રમુનિના ક્રોધ અને અભિમાને મર્યાદા મુકવા માંડી, અને તેથી તે વારંવાર વડીલોનું પણ અપમાન કરી નાખતો. એટલે આખો ગચ્છ પણ તેનાથી

વિરોધી થવા લાગ્યો. કોઇ પણ સાધુ તેની સાથે લેવડદેવડ, વાતચીત કરે નહિ, તેને કોઈ કામ બતાવે નહિ, તે પણ એકલો–અટુલો બનવાથી, આખા સમુદાય ઉપર મહાદ્વેષ ધારણ કરવા લાગ્યો. કોઇકવાર સ્થવિર સાધુઓ, બહુ ધીમાશથી અને મીઠાશથી તેને શીખામણ આપતા. પણ તે શીખામણ તેને કળકળતા–ઉકળી રહેલા તેલમાં, ઠંડુ પાણી નાંખવા તુલ્ય થતી, [ઉકળતા તેલમાં પાણી પડે, એટલે તુરત જ ભડકો થાય, અને પાસે ઉભેલા અસાવધાન માણસને બાળી નાંખે.] આમ થવાથી ગચ્છ અને રૂદ્રનો સંબંધ, સમુદ્ર અને વડવાનલ જેવો બની ગયો હતો. એકદા રૂદ્રપરિણામવાળા રૂદ્રમુનિને,એવો વિચાર આવ્યો કે, 'આ આખો ગચ્છ મારો છિદ્રાન્વેશી છે, માટે તેનો હું નાશ કરી નાંખું' આમ વિચાર કરીને, તે કોઈ જગ્યાએથી વિષ મેળવી લાવ્યો, અને ગચ્છના ૫૦૦ સાધુઓને પીવાના પાણીમાં તેણે તે વિષ નાખ્યું. પરંતુ ચારિત્રની આરાધનામાં તન્મય બનેલા ગચ્છનું પુણ્ય જાગતું હોવાથી, શ્રીવીતરાગ–શાસનના વફાદાર નજીકના દેવનું ધ્યાન ગયું, અને ગચ્છના અધિપતિને, તે દુષ્ટસાધુનું કૃત્ય જણાવી દીધું. તેથી આખા ગચ્છનો બચાવ થઇ ગયો. રુદ્રમૂર્તિ રુદ્ર સાધુ પણ, પોતાનું પાપ જાહેર થઇ જવાથી ગચ્છનો ત્યાગ કરીને ચાલ્યો ગયો.

"કોડ ઉપાય કર્યા છતાં, પાપ પ્રકટ થઈ જાય;
કાપેલી નાસા કદી, ઢાંકી નવ ઢંકાય."

રુદ્રનું પાપ જગજાહેર થઈ ગયું, તે જ્યાં જાય ત્યાં અપમાન અને તિરસ્કાર પામવા લાગ્યો. તે કોઇ જગ્યાએ ઠરી શકયો નહિ. તેથી તેને ગચ્છ, ધર્મ અને વેશ ઉપર પણ

દ્વેષ થયો. તેથી તે વેશનો ત્યાગ કરીને, જંગલમાં ભટકવા લાગ્યો. તેનામાંથી આચારો પલાયન થયા, સાથે અનાચારો વધવા લાગ્યા. તેની ધર્મક્રિયાઓ પણ બંધ થઈ ગઈ. રાત-દિવસનો વિવેક પણ ગયો. કંદમૂલાદિ બધી જ અભક્ષ્ય અને અપેય વસ્તુઓ વાપરવા લાગ્યો. નહિ કરવા યોગ્ય બધાં કામો કરવા લાગ્યો. અંતે મજુરી જેવાં હલકાં કામો કરતો, સર્વત્ર હડધૂત થતો, દુર્ધ્યાનમાં મરણ પામ્યો. અને તિર્યંચયોનિમાં ઉત્પન્ન થયો. ધર્મના દ્વેષથી મરેલો તે, પશુપણામાં પણ અનેક જીવોના સંહાર કરીને,નરકમાં ગયો. ત્યાંથી એક ભવ પશુનો અને એક ભવ નરકનો, એમ સાતે નરકમાં જઈ આવ્યો. પછી જલ-ચર, સ્થલચર અને ખેચર વિગેરે પશુપક્ષીઓમાં, હજારો ભવ ભટકીને, બેઇન્દ્રિયાદિ–વિકલેન્દ્રિયમાં પણ ઘણો કાળભટક્યો. ત્યાંથી પ્રત્યેક વનસ્પતિકાયમાં, અસંખ્યતા ભવો રખડીને, અનંતકાયમાં (સાધારણ વનસ્પતિકાયમાં) અનંતો કાલ રખડ્યો. અને કેવલી ભગવાન પણ કહેતાં પાર ન પામે,તેવાં દુઃખો પામ્યો. આમ અનંતોકાલ–અનંતા કાલચક્રો સંસારમાં દુઃખો ભોગવીને, વળી અકામનિર્જરાએ ઊંચો આવ્યો. અને આર્ય-દેશમાં આર્યકુળમાં, જૈનધર્મની સામગ્રીવાળા ક્ષેત્રમાં, **વૈશ્રમણ શેઠની, વસુભદ્રાભાર્યાની** કુક્ષિએ, **ગુણાકર** નામે પુત્ર થયો. યૌવનવય પામ્યો, એકવાર શ્રીતીર્થંકરદેવ ત્યાં પધાર્યા સાંભળી વંદન કરવા ગયો, ત્યાં ક્રોધાદિ કષાયોની દુષ્ટતા અને દુરંતતા સાંભળી, અને ઉદાહરણમાં, પોતાની જ અનંતભવ પહેલાંની,રુદ્રનામા સાધુપણાની,ઉદ્ધતાઈથી ભરેલી, કથા સાંભલી, અને તેના પરિણામે આટલો બધો કાળ, સંસારમાં રખડવું

પડયું, તેમાં નરકાદિ કુગતિઓમાં, ભોગવેલાં દુઃખોનો ચિતાર સાંભળી, મનનાં ખૂણ જ અરેરાટી ઉત્પન્ન થઈ, વર્ણન ન થઈ શકે તેટલું દુઃખ થઈ આવ્યું, મૂર્ચ્છા આવી, કેટલાક પોતાના ભૂતકાલના ભવો આત્મપ્રત્યક્ષ થયા, સંસારના સુખો પણ વિષ સમાન ભાસવા લાગ્યાં, તીવ્રવૈરાગ્ય થવાથી, માતા–પિતાની આજ્ઞા મેળવી, પ્રભુજી પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી.

દીક્ષાના દિવસથી જ દરરોજ ૫૦૦ સાધુની સેવા કરવાનો નિયમ લીધો. એક સાધુ ઓછા હોય તો, એટલે ચારસો નવ્વાણુની સેવા થાય તો, બીજા દિવસે ઉપવાસ કરવો, ક્રોધાદિ કષાયોને તિલાંજલી આપી, છમાસ દીક્ષા પાલી, પાંચમા દેવલોકમાં ગયા, ત્યાંથી એક મનુષ્ય અને એક દેવનો ભવ કરતા, દરેક મનુષ્યભવમાં, દોષ વગરની દીક્ષાનું પાલન કરી, સર્વાર્થ–સિદ્ધ વિમાન સુધી ચડી, છેલ્લા મનુષ્યજન્મમાં કેવલી થઈ મોક્ષે ગયા.

ઉદ્ધતાઇ અને વિનયગુણના પ્રકર્ષથી, આત્માના પતન અને અભ્યુદયને, સૂચવનારી રૂદ્રમુનિની કથા સંપૂર્ણ.

—o—

"અવિનયી દુઃખીયો બહુલ સંસારી,
અવિનયી મુગતિનો નહિ અધિકારી, ચેલા!૦
અવિનયકારી ઇચ્છાચારી,
રત્નત્રયહારી, થાય ભીખારી,ચેલા! થાય ભીખારી ॥૩॥
અવિનયો આરાધક નવિ થાય,
કુલવાલુઆની પરે, દુર્ગતિ જાય ચેલા! દુર્ગતિ જાય

કોલ્હાકાનની કુતરી જેમ,
અપમાન પામે, અવિનયો તેમ. ચેલા !૦ ॥૪॥

અર્થ—અવિનયી આત્મા, આભવમાં પણ, કોઈ સ્થાને માન પામતો નથી, અને રાંક જેવી દશા ભોગવે છે. અવિનયી સાધુ, ગચ્છમાં રહી શકતો નથી. અવિનયીને ગુરુ ઉપર સદ્‌ભાવ ન હોવાથી, તે જ્ઞાન પામતો નથી. અવિનયી જ્ઞાન ભણે, તે પણ તેને, ફળવાના બદલે કુટી નીકળે છે એટલે આ ભવમાં **અવિનયથી** પ્રાપ્ત કરેલું જ્ઞાન, પ્રાયઃ ઉત્સૂત્રપ્રરૂપણા આદિમાં જ વપરાય છે, અને તેથી તે જીવને **બહુલસંસારી** બનાવે છે. અવિનયી આત્માને મુક્તિ મળતી નથી, એટલે અવિનયી આત્મા ગમે તેટલા તપ કરે, જ્ઞાન ભણે, અનુષ્ઠાન કરે તો પણ જે વૃક્ષનું મૂળ બળેલું હોય, તેમાં ફળ થાય જ નહિ. તેમ જેનું વિનયરૂપ મૂળ બળી ગયું છે, તેને મુક્તિ રુપ ફળ મળતું નથી. અવિનયી પોતાની ઈચ્છા પ્રમાણે વર્તન કરનારો હોવાથી, રત્નત્રયી પામતો જ નથી. અને પામે તો ખોઈ નાંખે છે, અને ચાર ગતિમાં ભટકે છે. અવિનયી આત્મા, કદાચ તપ અનુષ્ઠાન કરતો હોય તો પણ, તેને આરાધના થતી જ નથી, અને તેથી **કુળવાલકસાધુ**ની પેઠે, તે દુર્ગતિગામી થાય છે. અવિનયી આત્મા સડેલા કાનની કુતરીની જેમ, દરેક ઠેકાણે અપમાન પામી હડધુત થાય છે. (૪)

અવિનય ઉપર કુલવાલક સાધુની કથા.

કુલવાલક સાધુ મહાતપસ્વી હોવા છતાં, ક્રોધી અને સ્વચ્છંદી હોવાથી, ગુરુની શીખામણ તેને રુચતી નહિ. તેથી શીખામણ દેનારા ગુરુમહારાજને, મારી નાંખવાનું તેણે

નક્કી કર્યું. અને એકવાર પહાડ ઉપરથી ઉતરતાં, ગુરુની ઉપર (ગુરુ પેલા અને કુલવાલક પાછળ હોવાથી) મોટો પત્થર ગબડાવ્યો. જો તે ગુરુએ જોઈ ન લીધો હોત તો, ગુરુ ચગદાઈને મરણ જ પામવાના હતા. પરંતુ પાછળથી આવતા પત્થરને જોઈને, ગુરુ બાજુ ઉપર ખસી ગયા અને બચી ગયા. પોતાના કુશિષ્યની આવી દુષ્ટ ચેષ્ટાથી, મહાશાંતમૂર્તિ ગુરુને પણ, ક્ષણવાર પુરતો ગુસ્સો આવી જવાથી બોલાઈ ગયું કે, 'હે અધમ આત્મા! તારા આવા વર્તનથી, નારી મારફતે તારું પતન થશે, કોઈ ભાવિભાવ હોય ત્યારે, આવા ગુરુઓના મુખમાંથી પણ, આવા શબ્દો નીકળી જાય છે. આ દુષ્ટ-શિષ્ય ગુરુને છોડીને, એક મોટા વનમાં જઈ વસ્યો. ત્યાં તે મોટા મોટા તપ કરવા લાગ્યો, અને મનમાં અભિમાન લાવી વિચારવા લાગ્યો કે, ગુરુનાં વચન ખોટાં થવાનાં જ છે. કારણ કે, અહિં મનુષ્યનો જ સર્વથા અભાવ છે, પછી સ્ત્રીઓ કયાંથી આવવાની હતી? વળી મને મોટી તપસ્યા ચાલે છે. એટલે ગુરુના વચન ગુરુના મુખમાં જ રહેવાનાં છે.

આવા ઉત્કૃષ્ટ તપ કરતાં તે મુનિનો ઘણો સમય ચાલ્યો ગયો....આ બાજુ **કોણિક** અને **ચેડા**મહારાજનું યુદ્ધ શરૂ થયું. એમાં ઘણો વખત જવા છતાં,લડવામાં નહિ ફાવેલા કોણિકે,દેવના વચનથી, **માગધિકા** વેશ્યા મારફતે, **કુલવાલક** મુનિને શીલ-ભંગ કરાવીને મંગાવ્યા, અને **વિશાલાનગરી**નો કબજો લીધો. **કુલવાલક** મુનિ ચારિત્રભ્રષ્ટ થવાથી, કુગતિગામી બની સંસારમાં રખડનારા થયા. આ કથાનો વિસ્તાર જાણવાના ઇચ્છક મહાશયે **શ્રીઉત્તરાધ્યયનસૂત્રના** પ્રથમઅધ્યયનની વૃત્તિ જોવી.

પ્ર૦—આ મુનિનું કુલવાલક એવું નામ શાથી થયું ?

ઉ૦—આ મુનિ મોટા તપ કરીને, નદીના કીનારા ઉપર ધ્યાનમાં ઉભા રહેતા હતા. 'નદીમાં પૂર આવશે તો પોતે પૂરમાં તણાઈ જશે' એવી દરકાર રાખ્યા વગર ધ્યાનમાં અડગ રહેતા. કોઈક દેવે મુનિના ધ્યાનથી આકર્ષાઈને, નદીકાંઠે આવી નદીનો પ્રવાહ વાળીને, દુર ખેસવી નાંખ્યો. આ બનાવ જોઈને વગડામાં આવનારા, કઠીઆરા વિગેરે લોકોએ, આ મુનિનું **'કુલવાલક'** (નદીનો પ્રવાહ વાળનાર) એવું નામ પાડયું.

પ્ર૦—દેવતાઓ જેમના તપથી આકર્ષાઈને નદીના પ્રવાહને ખેસવી નાખે. આવા તપસ્વી સાધુ મરીને, દુર્ગતિએ જાય તે શું બનવા યોગ છે ?

ઉ૦—દેવતાઓ પણ મૂલ તો છદ્મસ્થ જીવ છે. એટલે આપણી જેમ અલ્પજ્ઞાની છે. આપણે જેમ કોઇની તપસ્યાનો કે જ્ઞાનનો વિશેષ ગુણ જોઇને, તેના ગુણમાં ઘેલા બનીએ છીએ, તેમ દેવો પણ તત્કાલ ગુણ દેખી, તેમની સેવા—ભક્તિ કરનારા થાય છે. પરંતુ ભક્તોની ભક્તિના બળે, પૂજ્યપુરુષોનું કશું કલ્યાણ થતું નથી.

પ્ર૦—શું દેવતાઓના પણ પૂજ્ય બનેલા આત્માઓ પાછા પડી જાય ખરા ?

ઉ૦—સર્વજ્ઞ ભગવાન સિવાય સાચી પરીક્ષા કોઇ કરી શકતા નથી. એટલે 'અમુકના પૂજ્ય થયા માટે પતન ન થાય' એવો કોઇને ઠેકો મળતો નથી.

પ્ર૦—હજારો, લાખો કે કોડોના પૂજ્ય બનેલા પણ, સંસારમાં ભ્રમણ કરી, અનંતા દુઃખ ભોગવનારા થતા હોય

તો આપણા જેવાની શી દશા?

ઉ૦—ગુણ પ્રકટ થવા એ એક જુદી ચીજ છે, અને જગતના અજ્ઞાની જીવોદ્વારા પૂજાવું એ જુદી વાત છે. કેટલાક સર્વગુણસંપન્ન કેવલી ભગવંતો પણ, જગતમાં બીલ્કુલ પૂજાયા બગર જ, મોક્ષમાં ગયાછે. અને કેટલાક હજારો દોષોના ભંડાર, ગોશાળા જેવા, કોડો માણસોદ્વારા પૂજાયા પણ ખરા, અને ચારે ગતિના ભ્રમણમાં પટકાયા પણ ખરા?

પ્ર૦—તો. પછી જેને ઘણા ભક્તો હોય, ઘણા સેવકો હોય, એનું કલ્યાણ થાય એવું ચોક્કસ નહી જ ને?

ઉ૦—જેને ઘણા ભક્તો અને ઘણા સેવકો હોય, તેનું કલ્યાણ થવાનું એ ચોક્કસ નહિ જ. પરંતુ જો ભક્તોમાં ભાનભૂલા થઈજવાયતો, અકલ્યાણ ચોક્કસ થાય એમાં શંકા નહિ.

પ્ર૦—ગુરુપરતંત્રતા સિવાય સાધુદશા શોભે નહિ, એનું કારણ શું?

ઉ૦—શ્રીજૈનશાસનમાં આજ્ઞાની જ મુખ્યતા છે. આજ્ઞા વિના બધાં જ ક્રિયા–અનુષ્ઠાનો અલુણા અનાજ જેવાં છે. જ્ઞાનીઓએ શ્રાવકોના છત્રીશ કૃત્યોમાં પણ પહેલા કૃત્ય તરીકે એજ બતાવેલ છે કે,

'मन्ह जिणाणं आणं'

અર્થ—શ્રીજિનેશ્વરદેવની આજ્ઞા માનો. વલી કહ્યું છે કે,

"आणाए तवो आणाए संजमो तह य दाणमाणाए।
आणारहिओ धम्मो पलालपुलुव्व पडिहाइ ॥ १ ॥"

અર્થ—જગતમાં જેટલા તપના પ્રકાર છે તે બધા, વીતરાગની આજ્ઞાપૂર્વક કરાય તો જ, તે સાચી નિર્જરારૂપ

ફલને આપનારા થાય છે. સંજમના બધા જ પ્રકારો પણ, ભગવાન વીતરાગની આજ્ઞાપૂર્વક જ ફલવાન બને છે, તેમ જ દાન અને ઉપલક્ષણથી શીલ આદિ બધા જ ધર્મો, વીતરાગની આજ્ઞાપૂર્વક કરાય તો જ તેનું યથાર્થફલ પ્રાપ્ત થાય છે.

પ્ર૦—આપણે બધા. ઉપવાસ વિગેરે તપ કરીએ છીએ, એ બધા તપ સાચા ગણાય નહિ?

ઉ૦—સાચા તપ ન ગણાય એમ કહેવાની સર્વજ્ઞ સિવાય કોઇની તાકાત નથી, પરંતુ તપનું લક્ષણ શાસ્ત્રોમાં આ પ્રમાણે બતાવ્યું છે,

"कषायविषयाहार-त्यागो यत्र विधीयते।
उपवासः स विज्ञेयः, शेषं लंघनकं विदुः ॥ १ ॥"

અર્થ—ક્રોધાદિ સોલ અને હાસ્યાદિ નવ, એમ પચ્ચીશ કષાયોનો ત્યાગ હોય, પાંચ ઇન્દ્રિયના ત્રેવીશ વિષયનો ત્યાગ હોય, અને અશન, પાન, ખાદિમ અને સ્વાદિમનો ત્યાગ હોય, એમ બાવન પ્રકારનો જે દિવસે ત્યાગ હોય તે દિવસે ઉપવાસ ગણાય, તે બાવન પકી થોડા પણ ન હોય, તો ઉપવાસ નહિ પણ ઢોરલાંઘણ ગણાય છે. બસ, આ વિષય-કષાયના ત્યાગપૂર્વક થતા, આહારના ત્યાગને જ, શ્રીવીતરાગની આજ્ઞાપૂર્વકનો તપ કહેવાય છે. એમ, સંજમ એટલે ચારિત્રમાં પણ સમજવું. એટલે માત્ર વેશ પહેરવાથી કલ્યાણ થાય છે. એ બરાબર નથી. કહ્યું છે કે,

"एगदिवसंपि जीवो, पवज्जमुवागओ अनन्नमणो।
जइ नवि पावइ मुक्खं, अवस्स वेमाणिओ होइ ॥१॥"

અર્થ—ભગવાન વીતરાગદેવની સંપૂર્ણ આજ્ઞાપૂર્વક,

એકાગ્રચિત્તથી કોઈ જીવ, ફક્ત એક જ દિવસ દીક્ષા પાળે તે, મોક્ષમાં જ જવો જોઈએ, કારણવશાત્ ન જઈ શકે તો તે વૈમાનિકદેવ ચોક્કસ થાય. પૂર્વપુરુષોએ કહ્યું છે કે,

"आजन्माराधिताद् देश-संयमाद् यत् फलं भवेत् ।
अन्तर्मुहूर्तमात्रेण, तत्पुनः सर्वसंयमात् ॥ १ ॥"

અર્થ—આખી જીંદગી એટલે ક્રોડપૂર્વના આયુષ્યવાળો આત્મા, ઉંચામાં ઉંચો શ્રાવક બની, ધર્મ આરાધના કરે, તેના કરતાં પણ શ્રીવીતરાગની સંપૂર્ણ આજ્ઞાનો પાલક સાધુ, જો અંતર્મુહૂર્ત સાધુપણું પાલે તો, તેપણ તેટલી જ કર્મનિર્જરા કરી શકે છે, મતલબ કે ભગવાન વીતરાગની આજ્ઞા વિના ધર્મની આરાધના તે ફોતરાંના પુળા જેવી છે.

"વિનય-શ્રુત-તપ વલી આચાર,
કહીએ સમાધિનાં ઠામ એ ચાર, ચેલા! ઠામ એ ચાર,
વલી ચાર ચાર ભેદ અકેક;
ગુરુમુખથી સમજે સુવિવેક,
ચેલા ! સમજે સુવિવેક, ॥૫॥
તે ચારેમાં વિનય છે પહેલો,
ધર્મ વિનયવિણ,ભાખે તે ઘેલો; ચેલા! ભાખે તે ઘેલો,
મૂલ થકી જેમ શાખા કહીએ
ધર્મક્રિયા તેમ, વિનયથી લહીએ,
ચેલા ! વિનયથી લહીએ, ॥૬॥

અર્થ—વિનય, શ્રુત, તપ અને આચાર આ ચાર આચરણાઓથી, આત્મામાં સમાધિ પ્રકટે છે અર્થાત્ વિનયથી

સ્વપરને આનંદ ઉપજે છે, શ્રુતજ્ઞાનથી જગતના પદાર્થો–જીવ, અજીવ, પુણ્ય, પાપ વિગેરે સમજાય છે, તપસ્યાથી આત્માના વિકારો મરી જાય છે, અને સારા આચાર પાળવાથી, જીવદયા, પાંચમહાવ્રતો અને પિંડવિશુદ્ધિ વિગેરે ઉત્તરગુણો વિકાસ પામે છે. આ ચારે મોટા ગુણો છે તેમાં પણ વિનય મોટો ભાઈ છે, અને બાકીના ત્રણ તેના નાના ભાઇઓ છે. જેમ મૂળ મજબૂત હોય તો હજારો શાખા–પ્રશાખાઓ વિસ્તરે છે. તેમ એક વિનય મજબૂત હોય તો બધા ગુણો ઘણા વિસ્તાર પામે છે. (૫–૬)

"ગુરુમાન-વિનયથી લહેશો સાર,
જ્ઞાન, ક્રિયા, તપ, જે આચાર; ચેલા! જે આચાર॥
ગરથ પખે જીમ ન હોયે હાટ;
વિણ ગુરુવિનય તેમ ધર્મની વાટ; ચેલા૦ ॥૭॥
ગુરુ નાનો ગુરુ મોટો કહીએ,
રાજા પરે તસ આણા વહીએ; ચેલા આણા વહીએ॥
અલ્પશ્રુત પણ બહુશ્રુત જાણો,
શાસ્ત્રસિદ્ધાન્તે તેહ મનાણો, ચેલા! તેહ મનાણો ॥૮॥

અર્થ—ગુરુમહારાજના બહુમાન અને વિનયથી જ્ઞાન, ક્રિયા, તપ અને આચારનો સાર એટલે રહસ્ય સમજી શકાય છે. કહેવત છે કે, ગરથ એટલે પૈસા વગર જેમ દુકાન કે વેપાર થઈ શકતો નથી, તે જ પ્રમાણે ગુરુના વિનય વગર ધર્મનો માર્ગ જડતો જ નથી. (૭) કહ્યું છે કે—

"માનાદિ મહાશત્રુઓ, નિજછંદે ન મરાય;

જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પપ્રયાસે જાય.”

અર્થ—સ્વેચ્છાચારી મનુષ્યોના માન, ક્રોધ વિગેરે શત્રુઓ નાશ પામતા નથી, પરંતુ સદ્‌ગુરુનું શરણું સ્વીકારવાથી અલ્પપ્રયાસે તે નાશ પામે છે.

ગુરુમહારાજ ભલે ઉંમરથી–વયથી નાના હોય તો પણ,તેમને મોટા જ માનવા જોઇએ. પ્રજા જેમ રાજાની આજ્ઞા માને છે, તેમ શિષ્યોએ ગુરુમહારાજની આજ્ઞા માનવી જોઇએ. રાજાની અને ગુરુની મોટાઈ, પ્રજા અને શિષ્યોની આજ્ઞાપાલનમાં જ રહેલી છે. વખતે કોઈ ગુરુમહારાજ કરતાં શિષ્ય વધારે બુદ્ધિશાળી હોય તો ગુરુ કરતાં અધિક શાસ્ત્રોનો જાણકાર થાય, છતાં પણ ઉત્તમકોટીના ગુણી શિષ્યો, ગુરુની સંપૂર્ણ આજ્ઞા પાળે, વિનય-બહુમાન સાચવે. કારણ કે શાસ્ત્રોમાં ગુરુનું સ્થાન મોટું છે.

પ્ર૦—ગુરુમહારાજ કરતાં પણ શિષ્યો વધારે વિદ્વાન્ હોઈ શકે ખરા ? તેવા દાખલા છે ખરા ?

ઉ૦—ક્ષયોપશમની વિચિત્રતા હોવાથી, તેમજ પ્રભાવક ગુરુપુરુષોને શિષ્યો સેંકડો કે હજારો પણ થાય. એમાં કોઈ તીવ્રબુદ્ધિશાળી હોય, અને તે ગુરુમહારાજ કરતાં વિશેષ–વધારે શાસ્ત્રોના જાણકાર પણ બનેછે. દાખલા તરીકે **વજ્રસ્વામી**મહારાજ, **આર્યરક્ષિતસૂરિ**મહારાજ, કલિકાલ-સર્વજ્ઞ–**હેમચંદ્રસૂરિ**મહારાજ અને મહામહોપાધ્યાય **યશોવિજયજી**ગણિવર, બીજા પણ અનેક મુનિમહારાજો શ્રુતજ્ઞાનની પ્રાપ્તિમાં પોતાના ગુરુમહારાજાઓ કરતાં કેઈગુણા આગળ વધેલા હતા, છતાં તેઓ પૂજ્ય ગુરુદેવોની પાસે એક બાળક જેવા જ નમ્રભાવે રહેનારા હતા.

"જેમ શશી ગ્રહગણે બીરાજે,
મુનિપરિવારમાં, તેમ ગુરુ ગાજે,ચેલા! તેમ ગુરુ ગાજે.
ગુરુના ચરણની સેવા ન ચૂકો,
મત ગુરુને વિસારી મુકો, ચેલા! વિસારી મુકો ॥૯॥
ગુરુથી અળગા મત રહો ભાઈ,
ગુરુ સેવ્યે લહેશો ગૌરવાઈ, ચેલા! લહેશો ગૌરવાઈ,
ગુરુ વિનયે ગીતારથ થાશો,
વાંછિત શીવસુખ લખમી કમાશો, ચેલા!૦ ॥૧૦॥

અર્થ—જેમ ગ્રહ, નક્ષત્ર, અને તારાઓના સમુહમાં, ચંદ્રશોભે છે. તેમ મુનિવરોનો પરિવાર પણ ગુરુથી જ શોભે છે. સો સાધુ હોય તેનો એટલો પ્રભાવ નથી પડતો કે, જેટલો ગુરુમહારાજનો પ્રભાવ પડે છે. માટે આ લોક અને પરલોક બન્ને ભવના કલ્યાણના અર્થી સાધુમહારાજાઓ એ ગુરુના ચરણકમલની સેવા ન જ મૂકવી જોઈએ. (૯) જો તમને ગુરુ બનવાની ભાવના હોય તો, ગુરુના ચરણની સેવા ચૂકશો નહિ, અને એક ક્ષણવાર, પણ ગુરુદેવને ભુલશો નહિ, વળી એક ક્ષણ પણ ગુરુથી જુદા રહેશો નહિ. આવું વર્તન રાખવાથી તમે પોતે ગીતાર્થ બનશો અને ગુરુસ્થાનમાં બીરાજમાન થશો. અને આ સંસારની બધી સંપત્તિઓ પામી મુક્તમાં પણ સુખપૂર્વક જલ્દી પહોંચી શકશો. (૧૦)

"શાન્ત-દાન્ત વિનયી-લજ્જાલુ,
તપ-જપ-ક્રિયાવંત દયાલુ, ચેલા! ક્રિયાવંત દયાલુ.
ગુરુકુલવાસે વસતો શિષ્ય,

પૂજનીક હોવે વિશ્વાવીશ, ચેલા! વિશ્વાવીશ ॥૧૧॥
દશવૈકાલિક નવમે અધ્યયને,
અર્થએ ભાખ્યો કેવલીવયણે, ચેલા! કેવલીવયણે
એણીપરે લાભવિજય ગુરુ સેવી,
વૃદ્ધિવિજય સ્થિર-લક્ષ્મી લહેવી,
ચેલા! લક્ષ્મી લહેવી, ॥૧૨॥"

અર્થ—જે' શિષ્ય શાંત, દાંત, વિનયી, લજ્જાલુ, તપ-જપ-ક્રિયાનો કરનારો અને ગુરુકુલવાસમાં વસનારો છે, તે થોડા સમયમાં જરૂર પૂજ્ય બને છે. કેવલીભગવાનના વચનના અનુસારે, શ્રીદશવૈકાલિકસૂત્રના નવમા અધ્યયનમાં, આપ્રમાણે વર્ણન કરેલ છે. એમ શ્રીલાભવિજયજી નામના, પોતાના ગુરુ-દેવની, વિનયપૂર્વક સેવા કરનાર, શ્રીવૃદ્ધિવિજયનામના મુનિવરે, વિનયાદિગુણની વૃદ્ધિ, કષાયાદિનો વિજય અને અવિચલલક્ષ્મી-મોક્ષની પ્રાપ્તિમાટે આ કાવ્ય બનાવ્યું છે. (૧૧-૧૨)

આ આખું વર્ણન વાંચતાં આપણને જરૂર સમજાશે કે, શ્રીજૈનશાસનમાં વિનયની મુખ્યતાએજ ધર્મના બધા પ્રકારો પ્રવર્તે છે. જેને વિનયગુણ સમજાયો નથી, તેને શ્રીજૈનશાસનનો સાર હાથમાં આવવો ઘણો જ કઠીન છે.

પ્ર૦—આજ્ઞા અને વિનય બન્ને એક જ છે કે જુદા જુદા છે?

ઉ૦—તદ્દન જુદા છે. જ્યાં આજ્ઞા હોય ત્યાં વિનય ચોક્કસ હોય જ. પરંતુ જ્યાં વિનય હોય ત્યાં આજ્ઞા હોય કે ન હોય એ ચોક્કસ નહિ. **અભવ્ય આત્મા વિનયરત્ન સાધુમાં**

વિનય ઘણો હતો, પરંતુ આજ્ઞાનો અંશ પણ ન હતો.

શ્રીજૈનશાસનને નહિ પામેલા એવા ઘણા મનુષ્યોમાં, વિનયગુણ જોવા મલે છે. અનાર્ય મનુષ્યોમાં પણ, વિનયગુણ ખૂબ હોય છે. પરંતુ ભગવાન વીતરાગની આજ્ઞા ન હોય તો, એકલો વિનયગુણ પરલોકનાફળને આપતો જ નથી, અને પ્રાયઃ શ્રીજૈનશાસનના અભાવવાળા મનુષ્યોનો વિનય ગુણ, આ ભવના સંબંધ પૂરતો જ હોય છે.

પ્ર૦—વિનયમાં વળી આભવના સંબંધનો અને પરભવના સંબંધનો, આવો ભેદ કેવી રીતે ઘટી શકે ?

ઉ૦—ગુણ કે ગુણીની ઓળખાણ વિના, જે નમ્રતા અને સેવાગુણ આવે છે, તે આ લોકના સંબંધવાળો વિનય ગણાય, અને જ્યાં ગુણની મુખ્યતાએ જ વિનયગુણ આવે, તે વિનય પરલોકના ભલા માટેનો ગણાય છે. એટલે જેમ બને તેમ,ગુણોને ઓળખવા માટે પ્રયત્ન કરવો જોઇએ, અને ગુણોને ઓળખ્યા પછી, ગુણના આધાર ગુણી આત્માઓને, ઓળખવા જોઇએ, પછી ગુણી-નિર્ગુણીનો ભેદ સમજીને, થાય તેટલો ગુણીનો વિનય કરવો. કારણકે તેજ પરલોકના ભલા માટે થાય છે. શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે—

उत्तमगुणानुराओ, निवसइ हिययमिम्म जस्स पुरिसस्स।
आतित्थयरपयाओ, न दुल्लहा तस्स रिद्धिओ ॥ १ ॥

અર્થ—જે મહાભાગ્યશાળી આત્માના ચિત્તમાં, ઉત્તમ પુરુષોના ગુણનો રાગ વસેલો છે, તેવા આત્માઓને, તીર્થંકરપદવી સુધીની રિદ્ધિઓ પણ દુર્લભ નથી. મતલબ કે ગુણાનુરાગી એવા વિનયી આત્માઓને,આ સંસારનાં તમામ સુખો સાંપડે છે.

પ્ર૦—ગુણ હોય કે ન હોય એ આપણે જોવાની શી જરૂર? વિનય કર્યો કોઈનો નકામો જાય ખરો?

ઉ૦—નકામો જાય એટલું જ, નહી વખતે નુકશાનનું કારણ પણ બને. જેમ આંબાને વાવી તેને ફરતી વાડ કરાય, તેને કયારો કરાય, તેમાં પાણી રેડાય, તેની ખબર રખાય તો આંબો મોટો થયા પછી ત્યાંથી પસાર થતા લોકોને ઠંડી છાયા આપે છે, વિવાહમાં તોરણ બાંધવા પાંદડાં આપે છે, તેનાં લાકડાં ઈમારતમાં કામ આવે છે, કેરીઓ આપે છે, મરવા આપે છે, ધણીને ધનવાન બનાવે છે અને દુનિયાને સ્વાદ આપે છે. આવું ફળ ગુણીના વિનયનું સમજવું. પણ જો બાવળીયાભાઈની, કે બોરડીબાઈની, પણ આંબાના જેવી સેવા કરવામાં આવે, બન્નેના ફરતી સરસ વાડ બનાવાય, કયારો બનાવાય, પાણી રેડાય અને ખબર પણ રખાય તો, તે બન્ને મોટા થતાં જાય,તેમ તેઓમાં કાંટા ઉગવા લાગ્યા તે સુકાતા જાય, અને પવનના ઝાપટાથી, તે કાંટા આખા ચોગાનમાં ફેલાવા લાગ્યા અને નકામાં ઘરનાં બધાં માણસોને, બોરડી અને બાવળના કાંટાનો સ્વાદ મળે. આવું ફળ નિર્ગુણીનું સમજવું.

આ દૃષ્ટાંતથી આપણે સમજી શકીશું કે, આંબા જેવા ગુણી આત્માનો વિનય કરવાથી, શરૂઆતથી સમાપ્તિ સુધી મધુરો સ્વાદ ચાખવા મળે છે. જ્યારે બોરડી કે બાવળ જેવા, નિર્ગુણીનો વિનય કરવાથી, લાભ તો ન જ થાય, પરંતુ નુકશાન ચોક્કસ થાય છે.

આંહી સમજવા જેવું એક સિંહનું દૃષ્ટાંત

એક વિકરાલ સિંહ એક વનમાં રહેતો હતો. ત્યાં થકને

જતા–આવતા માણસોને તે ખાઈ જતો હતો. એક ભીલ્લરાજા તે સિંહને જીવતો પકડવા માટે, તે વનમાં એક જાળ ગોઠવી. સિંહ તેમાં ફસાઈ ગયો. એટલામાં એક ભાદ્રિક બ્રાહ્મણ, ત્યાં થઇને પસાર થયો. સિંહે તેને જોયો. સિંહે બ્રાહ્મણને વિનંતિ કરી કે, ભાઈ! મને આમાંથી છોડાવો. બ્રાહ્મણને દયા આવી અને પોતાની પાસેના ચપ્પુથી દોરી કાપી નાખી, અને સિંહ છુટો થયો. એક તો સિંહ જેવું ક્રુરપ્રાણી અને વળી તે ભૂખ્યો હતો, એટલે તેને ઉપકાર કે દયાના વિચાર આવે કયાંથી? સિંહ જેવો છુટો થયો કે તુરત જ કુદ્યો અને બ્રાહ્મણને ફાડીને ખાઇ ગયો. બસ, આ કુપાત્રના વિનયનું ફલ સમજવું.

ગુણીના વિનયનું દૃષ્ટાંત

એકવાર રાજા વિક્રમ ઘોડા ઉપર ફરવા નીકળેલા હતા. ઘોડો ઉલ્લંઠ હોવાથી કાબૂમાં ન રહ્યો. અને વિક્રમ રાજાને એક મોટી અટવીમાં લઈ ગયો. ત્યાં તે ઘોડો મરણ પામ્યો. રાજા આમ તેમ સ્થાન શોધવા લાગ્યા. તેટલામાં એક ભીલ્લ ત્યાં આવી ચડ્યો. તે રાજાને પોતાના સ્થાન પર લઈ ગયો. ત્યાં તેણે રાજાને ફલાહાર કરાવ્યો. પછી અત્યંત સાંકડી એવી પોતાની ગુફામાં રાજાને સુવાડ્યો અને વલ્કલ–ઝાડની છાલનાં ઓઢણાં–ઓઢાડ્યાં. આવો અતિથિસત્કારનો લાભ મળવાથી પોતે ખૂબ જ આનંદ પામતો બહાર ચોકી કરવા બેઠો. રાત્રીએ સખત ટાઢ પડવાથી ભીલ્લ મરી ગયો. સવાર થતાં સૈન્ય આવ્યું. આ બાજુ ભીલ્લના મરણથી રાજાને ઘણો શોક થયો, પોતાના સૈનિકોદ્વારા તેનો અગ્નિ-સંસ્કાર કરાવ્યો, અને રાજધાનીમાં આવ્યો, પરંતુ તેને દાનનું–

અતિથિસત્કારનું, આવું અનિષ્ટ ફલ જોઈ ઘણો જ ખેદ થયો. તે વાતને બરાબર સાડા નવ માસ ગયા, ત્યાં એક ક્રોડપતિના ઘેર પુત્રનો જન્મ થયો. તે બાળકે તે જ દિવસે વિક્રમરાજાને પોતાની પાસે બોલાવ્યો, અને કહ્યું કે, હે મહારાજા વિક્રમાદિત્ય! અતિથિસત્કારથી અનર્થ થયો છે. આવો વિચાર કેમ કરે છે? અતિથિસત્કારથી અનર્થ થયો નથી, પરંતુ સફલતા થઈ છે તમારા જેવા સુપાત્ર અતિથિની સેવાની અનુમોદના કરતો તે જ ભીલ્લનો જીવ હું, મરીને આવા ક્રોટચાધીશનો પુત્ર થયો છું. રાજા વિક્રમને બાળકનાં આવાં વચનો સાંભળવાથી આશ્ચર્ય સાથે ચિત્તનું સમાધાન પણ થયું,

પ્ર૦—શું આવી રીતે એક દિવસનો બાળક બોલી શકે? એ વાત સાચી માની શકાય?

ઉ૦—એમાં વાંધો નથી. પ્રાયઃ વિક્રમરાજાના પુણ્યથી પ્રેરાઈને, કોઈ દેવે, તે બાળકના શરીરમાં પ્રવેશ કરીને, વિક્રમના પ્રશ્નનો ખુલાસો કરેલ છે. આવા દાખલા-મડદામાં પ્રવેશ કરવાના, અને બાળક-બાળિકાના શરીરમાં પ્રવેશ કરવાના, જૈનસાહિત્યમાં ઘણા ઠેકાણે જોવા મળે છે. શ્રી વીતરાગદેવની આજ્ઞા માટે પૂજ્યપાદ **હરિભદ્રસૂરિપુરંદર** પણ ફરમાવે છે કે,

"बीतरागसपर्यायाः तवाज्ञाराधनं वरं।
आज्ञा राद्धा विराद्धा च शिवाय च भवाय च ॥१॥"

અર્થ—હે વીતરાગ! આપની સેવા કરતાં પણ, આપની આજ્ઞાનું આરાધન વધુ શ્રેયસ્કર છે. જો આપની આજ્ઞા સંપૂર્ણ રીતીયે આરાધાય તો, તે શિવ-મોક્ષ આપનારી થાય છે. અને

જો તેની વિરાધના થાય તો, તે નિન્હવોની માફક સંસારને વધારનારી બને છે. કહ્યું છે કે,

"જિનઆણા સુરપાદપો, જો ઉગે નિજધામ,
પામરતા ભવચક્રની, અલગી થાય તમામ ॥૧॥
જનની ગુણ સઘલા તણી, જિનઆણા કહેવાય,
આણા વિણ ગુણગણ બધા, સમૂર્ચ્છિમ લેખાય ॥૨॥
પુત્રી જિનવર દેવની, જગ જંતુની માય,
જિનઆણા ઓલખ મીલે, મુક્તિ કેમ ન થાય ? ॥૩॥"

આ રીતે શ્રીવીતરાગની આજ્ઞાપૂર્વક, ચારિત્રની આરાધના થાય તો જ આત્મા અલ્પકાળમાં ભવનો પાર પામનાર બને.

પ્ર૦—જિનાજ્ઞાના પાલનમાં કોના બે મત છે ? તે તો સૌને કબુલ જ હોય, પરંતુ જો ગુરુની આજ્ઞા ન પાલે તો તેથી નુકસાન શું ?

ઉ૦—રાજ્યમાં પળાતી આજ્ઞા તે, રાજાની જ આજ્ઞા ગણાય છે. પરંતુ રાજા કાંઈ બધે ઠેકાણે જાતે જઈ શકતા નથી. માટે રાજાના અધિકારીઓના હુકમને, રાજાનો હુકમ માની, માન આપવું પડે છે. અધિકારીઓનો હુકમ ન માનવો તે, રાજાનો હુકમ ન માનવા બરાબર છે, અને તેને રાજાની આજ્ઞા મુજબ જ દંડ થાય છે. માટે લોકો પણ રાજાની આજ્ઞા પ્રમાણે જ, અધિકારીઓની પણ આજ્ઞા માન્ય રાખે છે.

અહીં પણ દરેક કાળમાં શ્રીજિનેશ્વરદેવો વિદ્યમાન હોતા નથી, પરંતુ શ્રીજિનેશ્વરદેવોના આગમોનું રહસ્ય સમજેલા, તથા સંપૂર્ણ જિનાજ્ઞા–પાળનારા એવા ગુરુદેવોની જે આજ્ઞા, તે શ્રીજિનેશ્વર દેવોની જ આજ્ઞા ગણાય છે. વળી ગુરુઆજ્ઞા

ન માને, અને બધા જ સ્વમતિ કલ્પનાએ જિનાજ્ઞા માનવાનો ડોળ કરે તો. શાસનમાં અસમંજસતા ઉભી થાય, અને પાંચસો સુભટોના નિર્નાયક ટોળા જેવું થાય, માટે મોક્ષના અર્થી આત્માઓએ ગુરુદેવોની આજ્ઞાને, શ્રીજિનેશ્વરની આજ્ઞા તરીકે સમજીને સ્વીકારવી જોઇએ.

પ્ર૦—ગુરુમહારાજાઓ પણ સર્વજ્ઞ નથી, એ પણ આપણા જેવા છદ્મસ્થ છે. આપણી ભૂલ થાય અને ગુરુની ભૂલ ન થાય એ કેમ માની શકાય ?

ઉ૦—ગુરુમહારાજ પણ છદ્મસ્થ તો છે જ, પરંતુ આપણા કરતાં અનેકગુણા જ્ઞાની અને ગુણી છે, જેમ નિશાળના વિદ્યાર્થીઓ અને હેડમાસ્તર વચ્ચે મોટું આંતરૂં છે. તેમ આપણા અને ગુરુ મહારાજની વચ્ચે મોટું આંતરૂં છે. વિદ્યાર્થીઓએ પણ, પોતાના વિદ્યાગુરુનો **અર્જુન (પાંડવ)** અને **શ્રીચંદ્રકુમાર** વિગેરેની માફક, વિનય સાચવવો જોઈએ. તો પછી મોક્ષના અર્થી શિષ્યોએ, ગુરુદેવનો વિનય સાચવવો જોઇએ જ, એમાં દલીલ શી ?

જેમ વડા અધિકારીઓની નીચે રહેનારા સીપાઇ પોતાના અધિકારીઓની આજ્ઞા પાળીને, તે તે કામમાં નિપુણતા મેળવી, ક્રમસર મોટા હોદ્દાઓ મેળવે છે. તેમ ગુરુ વિગેરે વડીલોની આજ્ઞા પાળનારા સાધુઓ પણ, તે તે શાસ્ત્રોનાં ઊંડા રહસ્યો સમજી, પંન્યાસ–ઉપાધ્યાય–આચાર્યાદિ ઉચ્ચપદવીઓના ભોક્તા બને છે અને પ્રાન્તે મોક્ષના અધિકારી થાય છે. કહ્યું છે કે—

"સમકિતદાયક ગુરુ તણો, પચ્ચુવયાર ન થાય;

ભવકોડાકોડે કરી, કરતાં સર્વ ઉપાય ॥ ૧ ॥"

અર્થ—સમકિત અથવા ધર્મના દાતાર ગુરુમહારાજનો, બદલો કોડો ભવ અને સર્વ ઉપાયથી પણ વાળવા સારૂ, ઉપરાઉપર કોટાકોટી મનુષ્યના કે દેવના ભવ મલે, અને બધા જ સેવાના પ્રકારો વડે કરીને, સેવા બજાવે તો પણ, ધર્મના દાતાર ગુરુનો બદલો વાળી શકાતો નથી. કારણ કે જગતમાં કોઈ અન્નનું વસ્ત્રનું, ઔષધનું, જમીનનું, કન્યાનું, સોનાનું વિગેરે અનેક પ્રકારનું દાન કરે છે. આ બધાં દાન થોડા દિવસ કે એક જ ભવ સુખ આપે છે. જ્યારે ધર્મથી આત્મા ભવોભવ સુખી બને છે. માટે ધર્મનું દાન તેજ મહાદાન ગણાય છે.

પ્ર૦—ઉપર ગણાવેલાં અન્ન, વસ્ત્ર, ઔષધાદિનાં દાનો લેનારને લાભ થાય? કે કેમ?

ઉ૦—લાભ થાય જ એ નક્કી નહિ. કોઈ અન્નદાન લે, પણ બાધા પહેલાં મરી જાય, અથવા બાય તો પણ અજીર્ણ થાય, ઔષધ લે, અને અવળું પડે તો પ્રાણ પણ જાય, અથવા રોગનો વધારો પણ થાય. જમીનના કારણે કોઈકે ભાઇએ-ભાઈ કપાઈ મર્યાના પણ પ્રસંગ બને છે. સોના માટે હજારોના પ્રાણ ગયાના દાખલા ઈતિહાસપ્રસિદ્ધ છે. કન્યાનું દાન મળ્યું ત્યારે વરરાજા ખુશી થયા, પણ પછીથી એ જ કન્યાને જો પતિ ઉપર દ્વેષ થાય તો, તેને ઝેર દઇને મારી પણ નાંખે છે. એટલે આ બધા દાનોથી લાભ જ થાય, એ નક્કી નહી. વખતે નુકશાન પણ થાય. જેમ કોઈ રૂપવતી યુવતી બજારમાં ચાલી જાય છે. તેને જોઇને બીચારા મોહાન્ધ મનુષ્યો ક્ષણવાર આનંદ પામે છે. અને એ અદૃશ્ય થતાંની સાથે મનમાં પારાવાર દુઃખ થાય છે.

તેમ જગતના પદાર્થમાત્ર, ઝાંઝવાના પાણી જેવું જ અંતે દુઃખ આપનારા છે. પણ જો સમજણપૂર્વક ધર્મનું આરાધન થાય તો, આત્માને ભવોભવ એટલે મોક્ષમાં પહોંચે ત્યાં સુધી, **શંખરાજા** અને **કલાવતી રાણીના** આત્માઓની પેઠે, ઉત્તરોઉત્તર અધિક સુખ આપી, છેવટ મોક્ષમાં પોચાડે છે, એટલે ધર્મદાયક ગુરુની આજ્ઞા, પુણ્યવાન જીવોએ જરૂર પાળવી જોઇએ.

પ્ર૦—વિનય અને વેયાવચ્ચ બન્ને જુદાં જુદાં છે કે, એક જ છે? અર્થાત્ બન્ને એક સ્વભાવનાં છે કે ભિન્ન છે?

ઉ૦—વિનય અને વેયાવચ્ચ બન્ને તદ્દન જુદાં છે. અભ્યંતર તપની ગાથામાં તેનું વર્ણન આ પ્રમાણે આવે છે.

"पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ।"

અર્થ—પ્રાયશ્ચિત, વિનય, વેયાવચ્ચ અને સ્વાધ્યાય, એટલે છ પ્રકારના અભ્યંતરતપમાં, વિનય અને વેયાવચ્ચને જુદા જુદા બીજા અને ત્રીજા નંબરના, અભ્યંતર તપ તરીકે ગણાવ્યા છે. વિનય પૂજ્યપુરુષોનો જ થાય છે, અને વેયાવચ્ચ તો ક્ષુલ્લક—નાના સાધુની, કુળની, ગણની, સંઘની ગ્લાનની તથા સાધર્મિકની પણ કરી શકાય છે. માટે વિનય અને વેયાવચ્ચ બન્ને જુદાં છે.

હવે આપણે વળી પાછા શ્રીવીતરાગના મુનિરાજોના ગુણોની વિચારણા તરફ આવીએ.

ચરણસિત્તરી અને **કરણસિત્તરી**ની સમજણ અને આરાધનાથી, શ્રીવીતરાગના મુનિરાજોમાં બાહ્ય અને અભ્યંતર ગુણોની ખીલવણી થાય છે. અહિં શાસ્ત્રની બે ગાથા બતાવાય છે.

ચરણસિત્તરી

" वय-समणधम्म-संजम-वेयावच्चं बंभगुत्तिओ।
नाणाइतियं तव कोह-निग्गहाई चरणमेयं ॥ "

અર્થ—પાંચ મહાવ્રત, દશ પ્રકારનો યતિધર્મ, સત્તર-પ્રકારનો સંજમ, દશ પ્રકારનું વેયાવચ્ચ, નવપ્રકારની બ્રહ્મચર્યની વાડ, જ્ઞાનાદિ ત્રણ, [જ્ઞાન–દર્શન–ચારિત્ર,] બાર પ્રકારનો તપ, ક્રોધાદિચારનો જય, આ સિત્તર બાબતને **ચરણસિત્તરી** કહેલ છે.

કરણસિત્તરી

" पिंडविसोही-समिइ-भावण-पडिमा य इंदियनिरोहो।
पडिलेहण-गुत्तिओ अभिग्गहा चेव करणं तु ॥ २ ॥ "

અર્થ—પિંડવિશુદ્ધિ–ચાર પ્રકારનો આહાર, વસતિ, વસ્ત્ર અને પાત્ર, પાંચસમિતિ, બાર ભાવના, બાર સાધુની પ્રતિમા, પાંચઇન્દ્રિયનો નિરોધ, પચ્ચીશ પ્રકારે પ્રતિલેખના, ત્રણ ગુપ્તિઓ, તથા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી ચાર પ્રકારે અભિગ્રહ, આ સિત્તેર પ્રકારે **કરણસિત્તરી** કહેવાય છે.

શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ આ બન્ને ગાથાના અનુવાદરુપે સજ્ઝાય બનાવી છે, તે પણ જોઇએ.

પાંચ મહાવ્રત, દશવિધ યતિધર્મ,
સત્તર ભેદે સંજમ પાલેજી;
વેયાવચ્ચ દશ, નવવિધ બ્રહ્મ, વાડભલી અનુવાલેજી.
ભવિયણ ભાવે મુનિગુણ ગાવો ॥ ૧ ॥
જ્ઞાનાદિત્રય બારે ભેદે, તપકરે જે અનિદાનોજી;
ક્રોધાદિ ચારેનો નિગ્રહ;
એ ચરણસિત્તરી જાણોજી. ભવિ૦ ॥ ૨ ॥

ચઉવિહ પિંડ વસતિ વસ્ત્ર પાત્ર, નિર્દુષણ જે લેવેજી;
સમિતિપાંચ વળી પડિમા બારહ,
ભાવના બાર વળી સેવેજી. ભવિ૦ ॥૩॥
પંચવિશ પડિલેહણ પણ ઇન્દ્રિય,
વિષય વિકારથી વારેજી;
ત્રણગુપ્તિ ને ચારઅભિગ્રહ,
દ્રવ્યાદિક સંભાલેજી. ભવિ૦ ॥ ૪ ॥
કરણસિત્તરી એહવી સેવે, ગુણ અનેક વલી ધારેજી;
સંજમી સાધુ તેહને કહીએ,
બીજા સવિ નામ ધરાવેજી. ભવિ૦ ॥ ૫ ॥
એ ગુણવિણ પ્રવજ્યા બોલી, આજીવિકાને તોલેજી;
તે ષટ્કાય અસંજમી જાણો,
ધર્મદાસગણી બોલેજી. ભવિ૦ ॥ ૬ ॥
જ્ઞાનવિમળગુરુ આણાધારી, સંજમ શુદ્ધ આરાધેજી;
જિમ અનુપમ શિવસુખ સાધે,
જગમાં સુજશ તે વાધેજી.
ભવિયણ ભાવે મુનિગુણ ગાવો ॥ ૭ ॥

આ સજ્ઝાયમાં પણ ઉપરની ગાથામાં બતાવેલા ચરણના અને કરણના ૧૪૦ ગુણ બતાવવામાં આવ્યા છે.

આ એકસો ને ચાલીસ અને આવા બીજા અનેક ગુણોને ધારણ કરે તેને જ શ્રીવીતરાગના મુનિવર કહેવાય છે. જેનામાં આવા ગુણો હોય નહિ, તેવાઓને નામધારી અને વેશધારી

સાધુ કહેવાય છે.

વલી શ્રીવીતરાગના મુનિરાજોમાં ૧ ક્ષમા, ૨ કોમળતા, ૩ સરલતા, ૪ અલોભ, ૫ તપ, ૬ સંયમ, ૭ સત્ય, ૮ શૌચ, (આત્માની અભ્યંતર શુદ્ધિ), ૯ અપરિગ્રહદશા, અને ૧૦ બ્રહ્મચર્ય, આ દશ પ્રકારના ધર્મો એટલા બધા નિર્મલ અને ઉચ્ચ કક્ષાના હોય છે કે, જેના પ્રભાવે આહાર, મૈથુન અને પરિગ્રહની મમતાઓ ચાલી જાય છે. અને આ ત્રણ સંજ્ઞાઓ દ્વારા ઉત્પન્ન થતા તમામ પ્રકારના ભયો પણ નાશ પામે છે.

આહારાદિ ચાર વિચારણાઓ નષ્ટ થઈ જવાથી. પાંચ ઇન્દ્રિયો ઉપર પણ કાબૂ આવે છે. અને પાંચ ઇન્દ્રિયો વશ થઈ જવાથી, મન, વચન, કાયાનાં તથા કરણ, કરાવણ અને અનુમોદનનાં, બધાં જ પાપો શિથિલ બની જાય છે. અને યોગ અને કરણની શુદ્ધિ થતાં, જીવ એટલે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય, પંચેન્દ્રિય, અને અજીવની હિંસા પણ સદંતર બંધ થઇ જાય છે.

પ્ર૦—પૃથ્વીકાયાદિ જીવની હિંસા થાય તો તે બરાબર છે. પરંતુ અજીવ—થાંભલાઓ વિગેરેની હિંસા કેવી રીતે થઈ શકે?

ઉ૦—જેમ જીવને મારવાના અધ્યવસાય થાય છે, તે અનુબંધ હિંસા કહેવાય છે. એ જ પ્રમાણે સ્તંભાદિની સાથે અથડાવાથી, કોઈ જીવને સ્તંભાદિ ઉપર પણ ક્રોધાદિ થાય છે. તેનો નાશ કરી નાખવાના વિચારો આવે છે. તે વખતે તે આત્મામાં, અનુબંધ હિંસાના પરિણામ આવી જાય છે.

અથવા કોઈ મનુષ્યને, કોઈ મનુષ્ય ઉપર દ્વેષ હોય, અને તેની મૂર્તિ કે ફોટો દેખે તો, તેનો નાશ કરી નાખે છે. અથવા કોઈ દેવની મૂર્તિનો પણ નાશ કરી નાખે છે. વળી જેમ કાલ-શૌકરિકનામના કસાઈએ પાડાઓનાં ચિત્ર બનાવી તેનો નાશ કર્યો હતો. અહિં અજીવનો નાશ કરવાથી પણ અનુબંધ હિંસા લાગે છે. એટલે અજીવનો નાશ પણ તીવ્ર ક્રોધાદિ પરિણામો લાવે છે, અને અનુબંધ-હિંસાના પાપોપાર્જનનું કારણ બને છે. માટે તેની પણ હિંસા મુનિને નિવારી છે.

દશપ્રકારના યતિ ધર્મ પામેલા-દશ પ્રકારની દયા પાળી શકે, સો થયા. દશ પ્રકારે દયા પાળનાર જ ચારસંજ્ઞાઓને જીતી શકે, ચારસો થયા. ચાર સંજ્ઞાનો જય કરનાર, પાંચ ઇન્દ્રિયને વશમાં રાખી શકે, બે હજાર થયા. પાંચ ઇન્દ્રિય વશમાં તેને જ થયેલ હોય, જેના મન-વચન-કાયા નિરવદ્ય હોય, છહજાર થયા, અને જેના મન-વચન-કાયામાંથી, પાપો નાશ પામ્યાં હોય, તેવા મહામુનિરાજો ને, કારણ-કરાવણ -અનુમોદનનાં પાપ પણ જરૂર નાશ પામ્યાં જ હોય. અઢાર હજાર ભેદ થયા. આ અઢારહજાર શીલાંગ કહેવાય છે.

જગતના પ્રાણીમાત્રને કર્ણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય રસનેંદ્રિય અને સ્પર્શેન્દ્રિય આ પાંચ ઇન્દ્રિયની પરાધીનતાથી મહાપાપો બંધાય છે. વલી આ પાંચ ઇન્દ્રિયોથી, અનુક્રમે આહારની, મૈથુનની, પરિગ્રહની અને ભયની લાગણીઓ એટલે સંજ્ઞાઓ જીવને ચાલુ રહ્યા કરે છે. અને તે કારણથી મન, વચન અને કાયાનાં પાપો ચાલુ રહે છે. અને તે પોતે સ્વયં કરે છે. બીજા પાસે કરાવે છે અને કોઈ કરે તેની પોતે

અનુમોદના કરે છે, અને તેથી પૃથ્વીકાય વિગેરે દશપ્રકારની હિંસા થવાનાં કારણો ચાલુ રહે છે, તે દશપ્રકારના મુનિધર્મના પરિણામદ્વારા રોકાય છે એટલે સંપૂર્ણ અહિંસક દશા પ્રાપ્ત થાય છે. આ અઢાર હજારશીલાંગનું આચારધારકપણું મુનિમાં હોય છે. એ રીતે શ્રીવીતરાગના મુનિરાજોમાં બીજા પણ ઉચ્ચ-કોટીના ગુણો પ્રકટ થાય છે, **શ્રીદશવૈકાલિકસૂત્રના** દશમા અધ્યયનમાં મુનિરાજની દશાનું વર્ણન કરતાં કહ્યું છે કે,

તે મુનિ વંદો તે મુનિ વંદો, ઉપશમરસનો કંદોરે;
નિર્મળજ્ઞાન ક્રિયાનો છંદો, તપ તેજે જેહવો દિણંદોરે.
તે મુનિવંદો તે મુનિવંદો ॥૧॥

પંચાશ્રવનો કરી પરિહાર, પંચ મહાવ્રત ધાર રે;
ષટ્ જીવતણો આધાર, કરતો ઉગ્ર વિહાર રે.
તે મુનિવંદો તે મુનિવંદો ॥૨॥

પંચ સમિતિ ત્રણ ગુપ્તિ આરાધે, ધર્મધ્યાન નિરાબાધ રે;
પંચમગતિનો મારગ સાધે, શુભ ગુણ તો ઇમ વાધે રે;
તે મુનિવંદો તે મુનિવંદો ॥૩॥

ક્રયવિક્રય ન કરે વ્યાપાર, નિર્મમ નિરહંકાર રે;
ચારિત્ર પાળે નિરતિચાર, ચાલતો ખડ્ગની ધાર રે;
તે મુનિવંદો તે મુનિવંદો ॥૪॥

ભોગને રોગ કરી જે જાણે, આપોપું ન વખાણે રે;
તપ શ્રુતનો મદ નવિ આણે, ગોપવી અંગ ઠેકાણે રે.
તે મુનિવંદો તે મુનિવંદો ॥૫॥

છાંડી ધણ કણ કંચન ગેહ, થઈ નિસ્નેહી નિરીહ રે;
ખેહસમાણી જાણી દેહ, નવિ પોષે પાપે જેહ રે.
તે મુનિવંદો તે મુનિવંદો ॥૬॥
દોષરહિત આહાર જે પામે, જે લુખે પરિણામે રે;
લેતો દેહનું સુખ નવિ કામે, જાગતો આઠેઈ જામે રે.
તે મુનિવંદો તે મુનિવંદો ॥૭॥
રસના રસ રસિઓ નવિ થાય, નિર્લોભી નિર્માય રે;
સહે પરિષહ થિર કરી કાય, અવિચલ જેમ ગિરિરાય રે.
તે મુનિવંદો તે મુનિવંદો ॥૮॥
રાતે કાઉસ્સગ્ગ કરી શ્મશાને, જો તિહાં પરિષહ જાણે રે;
તો નવિ ચુકે તેવે ટાણે, ભય મનમાં નવિ આણે રે.
તે મુનિવંદો તે મુનિવંદો ॥૯॥
કોઈ ઉપર ધરે નહિ ક્રોધ, દે સહુને પ્રતિબોધ રે;
કર્મ આઠ જિતવા જોધ, કરતો સંયમ શોધ રે.
તે મુનિવંદો તે મુનિવંદો ॥૧૦॥
દશવૈકાલિક દશમા અધ્યયને, ભાખ્યો એહ આચાર રે;
શ્રી ગુરુલાભવિજયથી જાણી, વૃદ્ધિવિજય જયકાર રે.
તે મુનિવંદો તે મુનિવંદો ॥૧૧॥"

ભાવાર્થ—શ્રીવીતરાગના મુનિરાજ, ઉપશમરસના કંદ જેવા હોય છે. જાણે સાક્ષાત્ ઉપશમરસને આધાર આપનાર જમીનમાં રહેનાર કંદ ન હોય? તેવા હોય છે. તેમનાં જ્ઞાન અને ક્રિયા બન્ને ચંદ્ર જેવાં નિર્મલ અને ઉજવલ હોય

છે, તપસ્યા અને ત્યાગનો પ્રતાપ, સૂર્ય જેવો તેજસ્વી હોય છે. (૧)

તેઓ હિંસાદિ પાંચે મહાપાપોના બાહ્ય–અભ્યંતર ત્યાગથી અહિંસાદિ પાંચ મહાવ્રતો, આરાધનારા હોય છે, છકાયજીવોના રક્ષક અને ઉગ્ર વિહારી હોય છે. અર્થાત્ શ્રીવીતરાગના મુનિરાજો, પોતાનાં ઘરબારનો ત્યાગ કરી, ગામ–નગરાદિ જુદાજુદા સ્થાનોમાં વિચરે છે. તેપણ રેલ્વે, વિમાન, મોટર, ઘોડાગાડી, બૈલગાડી, ઘોડા, ઊંટ, હાથી વિગેરે **વાહન** વિના પગપાળા વિચરે છે. પગમાં પણ ચાખડી, ચંપલ, બુટ, જોડાં, પગરખાં પહેરતા નથી. પોતાનો જરૂરી બોજો પણ, પોતે જ ઉપાડીને ચાલે છે. તેઓ પાસે પૈસા કે ભાતું પણ રાખતા નથી, અને સમુદ્રની સફર વિગેરે પણ કરતા નથી. (૨) પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરુપ અષ્ટ પ્રવચનમાતાની આરાધનામાં, જાગૃતિવાળા હોય છે. સદાકાલ ધર્મધ્યાનમાં મગન રહે છે અને દિનપ્રતિદિન શુભગુણોનો સંચય કરતા કરતા મોક્ષના માર્ગમાં આગળ વધ્યા કરે છે. (૩) તેઓ મમતા અને અહંતાના ત્યાગી હોય છે. વેચવા–લેવાનો એટલે લેવડ–દેવડનો વ્યાપાર કરતા નથી, અને બડ્ગધારા જેવું, દોષ વગરનું, ચારિત્ર આરાધે છે. (૪)

વળી તેઓ ચારિત્રની આરાધનામાં, આનપાનના અને બીજા તમામ ભોગોને, રોગ સમાન સમજે છે. તેમ પોતાના જ્ઞાન–તપસ્યા વિગેરે ગુણોના વખાણ કરતા નથી. વળી પોતે વિદ્વાન થયા હોય કે મહાતપસ્વી હોય તો પણ, મનમાં જરા પણ અભિમાન લાવતા નથી. (૫) તેઓએ ધન, ધાન્ય, કંચન

અને ઘરનો ત્યાગ કર્યો છે, કુટુંબનો સ્નેહ અને ખાન-પાન પરિધાનની ઇચ્છાઓ રોકી છે. અને આ શરીરને માટી અને રાખના ઢગલા જેવું સમજીને તેને કોઈ પણ પ્રકારના પાપ વડે પોષતા નથી. (૬) સંજમ પાલવા માટે આહાર વાપરવો પડે તેપણ, તેઓ પાપ વગરનો મેળવે છે. લુખા પરિણામે વહોરે છે, તેમાં પણ શરીરના સુખનો કે સ્વાદનો વિચાર કરતા નથી, અને આઠે પહોર જાગૃત રહે છે. એટલે આહારાદિનો વિચાર સરખો પણ કરતા નથી. (૭) રસના એટલે જીભના લાલચુ થતા નથી. એટલે વીતરાગના સાચા મુનિરાજો ખાવાપીવામાં જરાપણ લાલચુ હોતા નથી, પરંતુ શરીર પાસેથી કામ લેવા પુરતું ભાડું જ આપે છે. તથા વસ્ત્રના, પાત્રના, કામલ-કપડાના પણ લોભી થતા નથી. તેમ જ માયા-છળકપટ પણ કરતા નથી. અને જ્યારે ક્ષુધા, તૃષા ટાઢ, તાપ વિગેરે દુઃખો સહન કરવાના પ્રસંગો આવે ત્યારે, મેરૂપર્વતની પેઠે ધીર અને સિંહની પેઠે બહાદુર બનીને સહન કરે છે. (૮) વળી કર્મને ખપાવવા માટે રાત્રિના વખતે ગામ બહાર સ્મશાનાદિ ભયંકર સ્થાનોમાં જઇને ધ્યાનમાં ઉભા રહે છે. અને તે વખતે જો ત્યાં સિંહ-વ્યાઘ્ર-સર્પાદિના **ઉપસર્ગ** આવે, કે ટાઢ-ઠંડી આદિના **પરિષહ** આવે તો પણ મનમાં જરા પણ દીનતા કે ભય લાવ્યા વિના, સિંહની માફક સહન કરે છે. પણ પતન પામતા નથી. રોતા નથી. નાસી જતા નથી. (૯) વળી ગમેતેવા વિરોધી ઉપર પણ, ક્રોધ લાવતા નથી. અને ક્રોધ વિગેરે કરનારાઓને પણ પ્રતિબોધ એટલે ઉપદેશ આપે છે, અને

આઠ કર્મરુપી મહાશત્રુને જિતવા, મહાયોધા બનીને, ચારિત્રની શોધ એટલે નિર્મળતા કરે છે. (૧૦) શ્રીવૃદ્ધિવિજયજી મહારાજ કહે છે કે આ વાત મેં મારા ગુરુદેવ શ્રીલાભ-વિજયજી મહારાજ પાસેથી જાણી છે અને તે શ્રી દશવૈકાલિક સૂત્રના દશમા અધ્યયનમાં વિસ્તારથી બતાવી છે. (૧૧)

શ્રીવીતરાગના મુનિરાજોનું વિશેષ સ્વરૂપ જાણવા માટે નીચેનાં થોડાં પદ્યો પણ મનન કરવા યોગ્ય છે.

"નિર્પક્ષ વિરલા કોઈ, અબધુ ! નિર્પક્ષ વિરલા કોઈ;
દેખ્યા જગ સબ જોઈ, અબધુ ! નિર્પક્ષ...
સમરસ ભાવ ભલા ચિત્ત જાકો, થાપ ઉથાપ ન હોઈ;
અવિનાશીકે ઘરકી બાતાં, જાનેંગે નર સોઈ.
અબધુ ! નિર્પક્ષ વિરલા કોઈ ॥૧॥
રાયરંકમાં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે;
નારી નાગિની કો નહિ પરિચય, તે શીવમંદિર દેખે.
અબધુ ! નિર્પક્ષ વિરલા કોઈ ॥૨॥
નિન્દા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષશોક નવી આણે;
તે જગમાં જોગીશ્વર પુરા, નિત્ય ચઢતે ગુણઠાણે.
અબધુ ! નિર્પક્ષ વિરલા કોઈ ॥૩॥
ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જિમગંભીરા;
અપ્રમત ભારંડ પરે નિત્ય રહે, સુરગિરિ સમશુચિધીરા.
અબુધુ ! નિર્પક્ષ વિરલા કોઈ ॥૪॥
પંકજ નામ ધરાય પંકસુ, રહત કમલ જિમ ન્યારા;

ચિદાનંદ દશ્યા જન ઉત્તમ, સો સાહિબકા પ્યારા.
અબધુ ! નિર્પક્ષ વિરલા કોઈ.
દેખ્યા જગ સબ જોઈ, અબધુ૦ ॥૫॥"

ભાવાર્થ—જગત આખું રાગ અને દ્વેષથી વ્યગ્ર બનેલું હોવાથી, એક વસ્તુ ઉપર પ્રેમ અને બીજા ઉપર દ્વેષ થાય છે, એટલે દુનિયાભરમાં કોઈ નિરપક્ષ રહી શકતું નથી. માટે જ જ્ઞાની પુરુષોને કહેવું પડયું છે કે, તમામ દેવ અને મનુષ્યની સૃષ્ટિ તપાસી જોઈ, પરંતુ નિરપક્ષ જીવ કોઈ મળતો નથી.

જે આત્માના ચિત્તમાં સમભાવદશા પ્રગટ થઈ હોય, અને આ સારું, આ નબળું, આ ઉંચું, આ નીચું, આ મારું, આ તારું, આવા તરંગોવાળી સ્થાપન-ઉત્થાપનદશા જેની નાશ પામી હોય, તે મહાભાગ્યશાળી આત્મા જ, અવિનાશી-શ્રીવીતરાગપ્રભુના ઘરની વાતો સમજી શકશે. (૧) જે મહાપુરુષને રાજા અને રંકનો ભેદભાવ રહ્યો ન હોય, સુવર્ણ અને પત્થર બંને ઉપર સમાનતા પ્રકટી હોય, તથા નારીરૂપ નાગિણી-સાપણીનો મન-વચન-કાયાથી પરિચય ત્યજી દીધો હોય, તે આત્મા શિવમંદિર દેખી શકે છે. અર્થાત્ મોક્ષ પામી શકે છે. (૨) પોતાની નિન્દા અને સ્તુતિ, શ્રવણે-કાને સાંભળીને જેના મનમાં હર્ષ કે શોક થાય નહિ. જગતભરમાં તે મહાપુરુષને જ, સાચા યોગી અથવા પૂર્ણ યોગી સમજવા. તે મહાનુભાવ ગુણોની નિસરણીનાં પગથીઆં, એક પછી એક ચડયા જ કરે-છે, પણ નીચા ઉતરતા નથી. (૩) જે મહાપુરુષમાં ચન્દ્રના જેવી સૌમ્યતા-શીતળતા, સમુદ્રના જેવી ગંભીરતા અને ભારંડ-પક્ષીની પેઠે, અપ્રમત્ત-અપ્રમાદીદશા પ્રકટ થઈ હોય. અંને

જે મેરુપર્વતની માફક મહાધીર અને પવિત્ર હોય. (૪) તથા વળી જેમ કમળો કાદવમાં ઉત્પન્ન થતા હોવાથી, તેમને 'પંકજ' કહેવાય છે. છતાં તે પંક-કાદવથી તદ્દન જુદા-ન્યારા રહે છે. તેમ આ સંસારમાં રહેવા છતાં, કમળની માફક જે મહાનુભાવો, સંસારથી અળગા રહે છે. જેમ કમળ પાણીમાં રહેવા છતાં પાણીનો લેપ લાગતો નથી, તેમ મહામુનિરાજોને, સંસારમાં રહેવા છતાં, સંસારનો કોઈપણ લેપ લાગતો જ નથી. તેવા આત્માઓ જ ઉત્તમ છે, અને તેઓ જ સાહિબ-પરમાત્માને પ્યારા લાગે છે એમ ચિદાનંદ મુનિ કહે છે. (૫)

તથાવલી અધ્યાત્મભાવ પામેલા આત્માઓ કેવા હોય છે ? તે કહે છે;

"જો અરિ મિત્ત બરાબર જાનત,
પારસ ઔર પાષાણ જ્યું દોઈ;
કંચન કીચ સમાન અહે જસ,
નીચ નરેશમાં ભેદ ન કોઈ ॥
માન કહા અપમાન કહા મનઃ
એસો વિચાર નહિ તસ હોઈ;
રાગ અરૂ રોષ નહિ ચિત્ત જાકે,
તે મુનિ ધન્ય અહે જગમાંહી ॥૧॥
જ્ઞાની કહો અજ્ઞાની કહો કોઈ,
ધ્યાની કહો મત માની જ્યું કોઈ;
જોગી કહો ભાવે ભોગી કહો કોઈ,
જાકું જીસ્યો મન ભાષત હોઈ॥

દોષી કહો નિર્દોષી કહો,
પીંડપોષી કહો કોઈ ઓગુન જોઈ;
રાગ અરૂ રોષ નહિ ચિત્ત જાકે,
તે મુનિ ધન્ય અહે જગમાંહી ॥૨॥

સાધુ સુસંત મહંત કહો કોઈ,
ભાવે કહો નિર્ગંથ પીયારે;
ચોર કહો ચાહે ઢોર કહો કોઈ,
સેવ કરો કોઈ જાન દુલારે ॥
વિનય કરો કોઈ ઉંચે બેઠાય જ્યું,
દુરસે દેખ કહો કોઈ જારે;
ધારે સદા સમભાવ ચિદાનંદ,
લોક કહાવત શું નિત્ય ન્યારે ॥૩॥"

ભાવાર્થ—જે આત્મામાંથી વિભાવ-દશા નાશ પામી છે અને સ્વભાવદશા પ્રકટ થઇ છે, એવા શ્રીવીતરાગદેવના મુનિરાજો શત્રુ અને મિત્ર પારસમણિ અને પાષાણમાં, સુવર્ણ અને કાદવમાં, રંક અને રાજામાં, માન અને અપમાનમાં, સમાનભાવ ધારણ કરનારા હોય છે અર્થાત્ આવા મહાપુરુષોને જગમાં કોઈ શત્રુ કે મિત્ર હોતા નથી. જેમના મનમાં પારસ પાષાણનો ભેદ હોતો નથી. રાજા અને રંક સરખા હોય છે. સોના અને કાદવમાં સમાનતા હોય છે. માન કે અપમાન, યશ કે અપયશની પડી જ નથી હોતી. તે મુનિરાજ જગતમાં ધન્ય છે. (૧)

આવા મહામુનિરાજોને કોઈ જ્ઞાની કહે, તો પણ ભલે, અજ્ઞાની કહે, તો પણ ભલે, અથવા કોઈ ધ્યાની કહો. સ્વેચ્છાચારી કહે, કે કોઈ મહાયોગિરાજ કહે, મહાભોગી એટલે લાલચુ–અસંયમી કહે, કે કોઈ દોષની ખાણ કહે, ગુણના દરિયા કહે અથવા પીંડપોષી–શરીરને લાલનપાલન કરનારા કહે, જેને જેમ ઠીક લાગે તેમ બોલે. પરંતુ જેના ચિત્તમાં રાગદ્વેષ આવતો જ ન હોય તે જ મુનિરાજ જગતમાં ધન્ય છે. (૨)

આ મહાપુરુષોને કોઇ સુસંત–સુસાધુ કહે, કોઇ મહા ત્યાગી નિર્ગ્રન્થ કહે, કોઇ ચોર કહે, કોઇ તેમને ઢોર–પશુ કહે, કોઈ વ્હાલા માની સેવા કરે, કોઈ ઊંચા આસને બેસારી અને ગુણીસમજીને વિનય કરે, કોઈ સ્ત્રીઓનો જારકહે, આવું સારૂં કે નબળું, ગમે તે કહે, પરંતુ તે બધું સાંભળીને જે રાગદ્વેષ લાવતા ન હોય, તેજ સાચામુનિરાજ કહેવાય છે. (૩)

ટુંકાણમાં કહેવાનું એટલું જ છે કે, શ્રીવીતરાગના મુનિરાજો, વીતરાગતાનો અભ્યાસ કરનારા હોય છે. એટલે જેને પોતામાં વીતરાગપણું લાવવાનું ધ્યેય હોય, તેનું તમામ આચરણ વીતરાગતાને અનુસરતું હોવું જોઈએ. તપસ્યા, અણાહારીપદ લાવવા માટે છે. ચારિત્ર, દોષોને ત્યાગીને ગુણો પ્રાપ્ત કરવા માટે છે. જ્ઞાન, હેય, જ્ઞેય અને ઉપાદેયને સમજવા સારુ છે. સમ્યક્ત્વ, સત્યની તારવણી કરવા માટે છે. એટલે સંપૂર્ણ રત્નત્રયી વીતરાગતા લાવવા માટે જ છે.

પ્ર૦—અહીં તો **'નમોલોએ સવ્વસાહૂણં'** પદનો જ માત્ર વિચાર કરવાનો હતો, તેમાં આટલી બધી લાંબી ચોડી બાબતો લખવાની શી જરૂર હતી ?

ઉ૦—ઉપર જેટલું લખ્યું છે તે બધું શ્રીવીતરાગના મુનિરાજોના આચરણને લગતું જ વર્ણન છે. શ્રીવીતરાગના મુનિરાજોના ગુણની સમજણ પડે તે માટે લખ્યું છે. અને બનતાં સુધી અપ્રાસંગિક ન લખાઈ જાય તેનો પણ બનતો ઉપયોગ રાખેલ છે.

પ્ર૦—શું જૈનમુનિઓમાં ઉપર લખવામાં આવ્યા છે તે બધા જ ગુણો હોય છે?

ઉ૦—આ પુસ્તક ઘણું મોટું થઈ જવાના ભયથી, શ્રીવીતરાગના મુનિરાજોના ગુણોનું પૂરૂં વર્ણન લખી શકાયું નથી. પરંતુ અમારી ભાવના પૂર્ણ થશે તો, **'ચરણસિત્તરી અને કરણસિત્તરી'** નામનું પુસ્તક લખવા ઇચ્છા છે. તેમાં શ્રીવીતરાગના મુનિપણાનું સ્વરૂપ બનશે તેટલું વિશેષ બતાવીશું, એટલે અહીં તો, વીતરાગના મુનિરાજોના સાવ થોડા જ ગુણો બતાવ્યા છે.

પ્ર૦—શું જૈનમુનિઓના જેટલા ગુણો બતાવ્યા છે તે બધા એક વ્યક્તિમાં હોઈ શકે ખરા?

ઉ૦—શ્રીવીતરાગના સાચા મુનિરાજોમાં, જે ગુણો પ્રકટ થાય છે, તેનું વર્ણન બડીયા લેખણ કે જીહ્વાથી થઈ શકેજ નહિ. જેમ સૂર્યના પ્રતાપને કે ચંદ્રની શીતલતાને, સમુદ્રની ગંભીરતાને કે મેરુની ધીરતાને, કોઈ જોખી-માપી કે ગણી શકતું નથી, તેમ સંપૂર્ણ આત્મસ્વરૂપને પામેલા મુનિરાજના ગુણો પણ, અગણ્ય અને અમેય હોવાથી ગણી શકાય નહિ.

પ્ર૦—આવા ગુણોને પામેલા કોઈ મુનિરાજો થયા છે. ખરા?

ઉ૦—એક નહિ પણ તેવા હજારો મહાત્માઓના દાખલા, જૈન સાહિત્યમાં જોવા મલે છે. ઉદાહરણ તરીકે **ધન્નાજી, શાલિભદ્રજી, ધન્નાકાકંદી, મેતાર્યમુનિ, હરિકેશીબલ મુનિ, સુકોશલમુનિ, કીર્તિધર રાજર્ષિ, ઢંઢણમુનિ, ખંધકમુનિ, મેઘકુમાર, દેવકીજીના છ પુત્રો,** ખંધરસૂરિના **ચારસોનવ્વાણું શિષ્યો,** વિગેરે હજારો મુનિપ્રવરો થઈ ગયા છે. જેમના દાખલા વાંચવાથી વાચકને ખ્યાલ આવશે કે શ્રીવીતરાગના મુનિરાજો કેવા હોય છે?

પ્ર૦—**દિવાલીકલ્પ** વિગેરે પુસ્તકોમાં, નવ છગડા સાધુઓ નરકમાં જવાના જણાવ્યા છે, તો પછી સાધુપણું લેવાથી ફાયદો શું? જો સાધુઓ પણ નરકમાં જતા હોય તો, એવા સાધુ થવાની જરૂર શી?

ઉ૦—જેમ મુંબઈ કે કલકત્તા જેવી નગરીમાં કોઈ મનુષ્ય દશ વીશ લાખ રૂપીયા લઈને જાય. ત્યાં શરાફની કે ઝવેરાતની બજારમાં દુકાન કરે, પછી વખતે દેવાળું પણ કાઢે અને કેદમાં પણ જાય, તેથી બજાર અને દુકાન ગુન્હેગાર ખરાં? કહેવું જ પડશે કે, બજાર અને દુકાન તો કમાવાનું જ સાધન છે. સારી બજાર અને સારી દુકાન પ્રાયઃ કમાવામાં મદદગાર થાય છે. પરંતુ જેને વેપાર કરતાં જ ન આવડે, અથવા ઊંધા વેપાર કરે, પછી તે મુડી ગુમાવે કે દેવાળું કાઢે, તેમાં બજાર કે દુકાનનો ગુનો નથી. પરંતુ પોતાની મૂર્ખાઈ જ કારણ ભૂત છે. તેમ સાધુપણું તો મોક્ષ અને દેવલોકમાં જ લઈ જાય છે. કહ્યું છે કે,

"एगदिवसंपि जीवो, पवज्जमुवागओ अनन्नमणो ।
जइ नवि पावइ मुक्खं, अवस्स वेमाणिओ होई ॥ १ ॥"

અર્થ—કોઈ જીવ એકાગ્રચિત્તવાળો બનીને, એક દિવસ પણ ચારિત્ર પાલે, તે કદાચ જો મોક્ષમાં ન જાય તોપણ દેવલોક જરૂર જાય, પરંતુ માત્ર સાધુનો વેશ પહેરે, અને સાધુપણું સમજવાની કે આચરવાની ઇચ્છા ન હોય તો, તે નરકમાં પણ જાય, એમાં સાધુપણાનો જરાય ગુન્હો નથી. સાધુવેશ તો માત્ર સાધુપણું સમજવા માટેનું ચિહ્ન જ છે. એના ખપી ન થાય તેવા જીવો, પશુગતિ અને નરકગતિમાં જાય, એમાં જરાપણ આશ્ચર્ય પામવા જેવું નથી. અહીં તો સંજમ અંગીકાર કરીને, પ્રથમ દિવસથી તે છેલ્લા દિવસ સુધી, જેનો આત્મા સંપૂર્ણ જાગૃત હોય, તે આત્માનું જ કલ્યાણ થાય છે. જો કયાંય ભૂલ્યા તો, કુગતિમાં પણ ચાલ્યા જાય. કહ્યું છે કે,

"સંજમ પાળ્યું હો સહસ વરસ લગે, રાજરિષિકંડરિક ચતુરનર; ઉતરાધ્યયને હો ભોગને ચાખતા, પામ્યા નરકની ભીક, ચતુરનર! ॥ ૧ ॥

અર્થ—કંડરિક નામના રાજઋષિએ, એક હજારવર્ષ ચારિત્ર પાળ્યું હતું, પરંતુ છેલ્લા ત્રણ જ દિવસ, ભોગની ઇચ્છા પૂર્ણ કરવા જતાં, મરીને સાતમી નરકે ગયાની કથા **ઉત્તરાધ્યયનસૂત્ર**માં બતાવી છે. તથા વલી,

"સાધુ ઘણો તપીઓ હતો, ધરતો મન વૈરાગ, શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોષિઓ નાગ ॥ ૧ ॥"

અર્થ—એક સાધુ ઘણો જ તપસ્વી અને વૈરાગી હતો. પરંતુ પોતાના શિષ્યની ઉપર, અકારણ ક્રોધ કરવાથી મરીને, ચંડકોષિઓ નાગ થયો હતો. કે જેને ભગવાન મહાવીરપ્રભુજીએ.

"**બુઝ બુઝ ચંડકોસીઆ**" શબ્દો સંભળાવીને ધર્મ પમાડયો, અને ભગવાનથી પ્રતિબોધ પામેલો તે, અનશનકરી આઠમા દેવલોકે ગયો છે.

પ્ર૦—કોઈ પણ મનુષ્ય કારણથી ક્રોધાદિ કરે તો પાપ બંધાય નહિ ને ?

ઉ૦—અગ્નિ જેમ કારણ કે અકારણ, સ્થાન કે અસ્થાન જોતો જ નથી, એ તો બધાને બાળવાનો એક જ સિદ્ધાન્ત ભણ્યો છે. તેમ ક્રોધાદિકષાયો પણ, કારણે કે વગર કારણે પાપનો જ બંધ કરાવે છે. પરંતુ ફેર એટલો જ કે, જેમ જરૂરીયાત પુરતો અગ્નિ રાખવો પડે છે, અને તે પણ ચૂલામાં જ રખાય છે, પરંતુ પેટી-પેટારા કે તીજોરીમાં નહિ જ. તેમ ક્રોધાદિ-કષાયોને પણ, કારણે લાવવા પડે તોય, જાગૃત-દશા રાખવી જોઈએ, જેમ સાવધાન મનુષ્યો, અગ્નિથી રસોઈ વિગેરે કાર્ય કરી શકે છે. પરંતુ તેમાં જો બેકાળજી થઈ જાય તો, તે જ અગ્નિ, તેનું ઘરબાર, રાચ-રચીલું, માલ-મીલ્કત અને તેને પોતાને પણ, બાળીને ખાખ કરી નાખે છે. તેમ ક્રોધાદિ કષાયો પણ, સાવધાન આત્માને નિકાચિત કર્મ-બંધનું કારણ થાય નહી. અને બિનકાળજીવાળા જીવને ચિક્કણાં કર્મો બંધાય છે.

પ્ર૦—અહીં જે સાધુપદનું વર્ણન લખ્યું છે તે બરાબર છે. પરંતુ સાધ્વીજી કયા પદમાં ગણાય છે ? તે તેમાં આવ્યું નહીં.

ઉ૦—'**नमो लोए सव्वसाहूणं**' પદની વ્યાખ્યામાં સાધ્વીનો પણ સમાવેશ થઈ જાય છે. શ્રીજૈનશાસનમાં ગુણઠાણાં એટલે જીવોને ગુણપ્રાપ્તિનાં સ્થાનો ચૌદ બતાવ્યાં છે, એમાં છઠ્ઠા

ગુણઠાણાથી ચૌદમા ગુણઠાણા સુધીના આત્માઓ, મુનિદશા પામેલા ગણાય છે. અને તે નવે ગુણસ્થાનો પુરુષોની પેઠે, સ્ત્રીઓ પણ પામી શકે છે. આ ગુણસ્થાનોના ક્રમે ચઢીને, સાધુઓની પેઠે સાધ્વીજી મહારાજાઓ પણ, અનંતા આત્માઓ મોક્ષગામી બન્યાના દાખલા, શ્રીજૈનસાહિત્યમાં સંખ્યાબંધ જોવા મળે છે.

પ્ર૦—ઉપર જે સાધુપદનું વર્ણન બતાવ્યું છે, એવા સાધુઓ આ કાળમાં હોય એમ અમને જણાતું નથી.

ઉ૦—આ કાળમાં સુસાધુ નથી, આવું માનવું એ ઘણું જ ભૂલભરેલું છે.

પ્ર૦—આ તો પાંચમો આરો છે, વિકરાળ કલિકાળ ફાટી નીકળ્યો છે. લોકોને ધર્મમાં રસ જ નથી. તો પછી સાધુપણું શી રીતે આવે? કોઈ કવિ કહે છે કે—

"મનુષ્યપના મુશ્કેલ હૈ, સાધપના અતિ દુર"

ઉ૦—તમે કહો છો તે બરાબર છે. કલિકાલ ફાટી નીકળ્યો છે. આ વાત સાચી છે. ઘણા લોકોને ધર્મ ગમતો નથી, આ વાત પણ તદ્દન સાચી છે, તો પણ સાધુપણું હમણાં કોઇમાં હોઇ શકે જ નહિ. આવી માન્યતા બરાબર નથી.

જેમ ચોથા આરામાં એટલે સત્યુગમાં, સંતપુરુષો અને સાધુપુરુષો ઘણા હતા, તેમ આ કાળમાં દુર્જન મનુષ્યો અને વ્યસની મનુષ્યો ઘણા દેખાય છે. આ વાત બરાબર છે, છતાં છુપારત્નો અત્યારે પણ આર્યાવર્તમાં ઘણાં છે. એ વાત પણ નિર્વિવાદ છે.

પ્ર૦—અત્યારે સાચા સાધુપુરુષો હોય તો દેખાવા

જોઇએ ને ? જેમ ચોથાઆરામાં સાક્ષાત્ દેખાતા હતા.

ઉ૦—ચોથાઆરામાં પણ સાચાસાધુ પોતાની જાતે, પોતાને જાહેર કરતા ન હતા. પરંતુ વિશિષ્ટજ્ઞાની પુરુષોદ્વારા સાચા અને ગુણી આત્માઓની ઓળખાણ મળતી હતી, અથવા તો તે કાળમાં, લોકોને ગુણી મનુષ્યોની ચાહના વધારે હતી. તેથી અનુભવી મનુષ્યો દ્વારા, સાચા સંતોની ઓળખાણ મળતી હતી.

પ્ર૦—ત્યારે શું ? આ કાળમાં કોઇને ગુણ કે ગુણી આત્માનો આદર છે જ નહિ ?

ઉ૦—લગભગ એમ જ છે. મોટાભાગે સર્વકાળમાં ગુણની પૂજા કરતાં, પુણ્યની પૂજા વધારે હોય છે. ત્યારે આ તો મહાભયંકર અધર્મ અને જુલ્માટથી ભરેલો, કલિકાળ વર્તાઈ રહ્યો છે. તેથી મોટાભાગના મનુષ્યોને, ધર્મની જરૂર જ નથી. એટલે ધર્મી કે ગુણીની તારવણી કોણ કરે ?

પ્ર૦—માટે જ અમારો પ્રશ્ન છે કે, આ કાલમાં સાચા સાધુ હોઈ શકે ખરા ?

ઉ૦—અમારો તો અનુભવ સાક્ષી પૂરે છે કે, અત્યારે વર્તમાન-કાળમાં પણ સાચાસાધુ જરૂર મળી શકે છે, અત્યારે લાખોની મીલકત અને મોટા પરિવારનો ત્યાગ કરીને દીક્ષિત થયેલા સારા ત્યાગી, દશ—પંદર મુનિરાજો હૈયાતી ધરાવે છે. તથા ભરજુવાન અવસ્થાવાળા, વીશથી ચાલીશ વર્ષ સુધીની વયવાળા, લગભગ સો જેટલા ભાગ્યશાલી આત્માઓ, પત્ની અને પુત્રપરિવારનો ત્યાગ કરીને, સાધુ બનેલા અને નિર્મળ ચારિત્ર પાલી રહેલા, મહાત્માઓ અત્યારે પણ છે. મેટ્રીક થયેલા અને તેથી આગલ

વધેલા, ઇંગ્લીશ અભ્યાસવાળા લગભગ ૫૦ જેટલા ભાગ્યશાળી જીવો, શ્રીવીતરાગનું સાધુજીવન આરાધી રહ્યા છે. એક વર્ષમાં છમાસ–સાતમાસ–આઠમાસ–નવ માસ સુધી, આયંબીલની જ તપસ્યા કરીને, તદ્દન લુખું જીવન જીવનારા, અને જીહ્વા ઇન્દ્રિયનો ખૂબ જ કાબુ ધરાવનારા, પુણ્યવાન આત્માઓ પણ ઘણાય આરાધના કરી રહ્યા છે.

કેટલાક ભાગ્યશાલી આત્માઓ, સારા કુટુંબમાં જન્મેલા અને લગ્નની વચે વિવાહની ચાલુ તૈયારીમાંથી, કન્યાઓના મા-બાપ સાથેના સગપણ સંબન્ધો તોડીને, સાધુ બનેલા છે. જેઓ અત્યારે ઉત્તમ જીવન જીવી રહેલા છે. કોઈક ડોકટર અને ઇંજીનીયર વિગેરે ડીગ્રીઓ પામેલા પણ, શ્રીવીતરાગનું સાધુપણું પામીને, આરાધના કરી રહેલા અત્યારે પણ હયાત છે.

સાધ્વીસમુદાયમાં પણ, લગભગ સો જેટલી બહેનો, પોતાની હજારોની કે લાખો રૂપીઆની મીલ્કતનો સદ્વ્યય અથવા ત્યાગ કરીને, દીક્ષિત બનેલી અને આરાધના કરી રહેલી અત્યારે મોજુદ છે. તથા સુરત, ખંભાત, છાણી, ડભોઈ, રાજનગર, પાટણ કપડવંજ અને રાધનપુર વિગેરે શહેરો તથા ગામડાંઓમાંથી ઉત્તમકુલમાં જન્મેલી લગભગ ૧૫૦૦ જેટલી બાળબ્રહ્મચારિણી સાધ્વીઓ, આરાધના કરી રહેલી છે.

આવા કલિકાલમાં પણ દશ–વીશ મહાત્માઓ વર્ધમાન તપની સો ઓલી પૂર્ણ કરવાની તૈયારીમાં છે. કેટલાક આત્માઓ બારે માસ રસકસ અને ઘી જેવી ઉચ્ચ વસ્તુઓ મોટાભાગે વાપરતા જ નથી. એટલે આ કાલમાં પણ બારીકાઈથી તપાસ કરનારને શ્રીજૈનશાસનના મુનિરાજોના ત્યાગનો બરાબર ખ્યાલ

આવી શકશે.

કેટલાક મહામુનિરાજો, વર્ષોથી બારે માસ એકાન્તરા ઉપવાસ કરે છે. તથા કેટલાક બે ઉપવાસ કરી એક દિવસ જમનારા પણ છે. એટલે શ્રીવીતરાગશાસનમાં, અત્યારે પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરનારા, રત્ન જેવા સાધુઓ અને સાધ્વીઓ ઘણા છે.

પ્ર૦—અમને તો ચોખ્ખું જણાય છે કે, આ કાલમાં સાચાસાધુ મળવા મુશ્કેલ જ છે?

ઉ૦—મળવા મુશ્કેલ છે એ બરાબર છે. પરંતુ સર્વથા અભાવ જ છે, એમ બોલવું બીલકુલ વ્યાજબી નથી, કારણ કે ઘણાખરા મનુષ્યો ઉપલકીયા હોય છે, ઊંડો અભ્યાસ કરતા જ નથી, વસ્તુમાત્રમાં ઊંડા ઉતરાય તો જ તેને સમજી શકાય છે. બીજી વાત એ પણ છે કે, ઘણાખરા મનુષ્યોને પોતાના ધર્મની શ્રદ્ધા હોતી નથી. એટલે સાધુ સંસ્થાને સુગવાળી નજરથી જુએ છે, જો શ્રદ્ધાપૂર્વક શ્રીજૈનશાસનના સાધુ અને સાધ્વી મહારાજોના પરિચયમાં આવાય તો, રત્ન જેવા સાધુ અને સાધ્વીઓ અને તેમનું ચારિત્ર પ્રેક્ષકને આનંદ ઉત્પન્ન કરી મળી શકે.

આ તો આપણે માત્ર આ ભરતક્ષેત્રની જ વાત વિચારી. પરંતુ **આવા બીજા ચાર ભરતક્ષેત્ર** છે, તથા **પાંચ ઐરવત ક્ષેત્ર** છે. ત્યાં બધી જગ્યાએ આરાધક સાધુ-મુનિરાજો વિચરી રહ્યા છે. તથા **પાંચ મહાવિદેહક્ષેત્રની ૧૬૦ વિજયોમાં** અત્યારે પણ કોડોની સંખ્યામાં સાધુઓ અને સાધ્વીજીઓ આરાધના કરતાં વિચરે છે.

પ્ર૦—મહાવિદેહક્ષેત્રમાં પણ સાધુ–સાધ્વી અહીંના જેવાં જ હોય કે તેઓમાં કાંઈ વિશેષતા ખરી ?

ઉ૦—મહાવિદેહક્ષેત્રમાં સદાકાળ ચોથો આરો હોય છે. અને તેથી ત્યાં, અજિતનાથ પ્રભુ વિગેરે બાવીશ જિનેશ્વરના મુનિરાજોની જેવા, અતિનિર્મળ ચારિત્ર પાળનારા સાધુઓ હોય છે. તે મહાત્માઓ બધા ઊંચા સંઘયણ [મજબુત શરીર] વાળા હોવાથી, તેમનામાં સહન કરવાની તાકાત પણ, આપણા કરતાં અનેકગુણી વધારે હોય છે. તેથી તેમના ચારિત્રમાં કશા દોષો લાગતા નથી.

પ્ર૦—શ્રીવીતરાગના મુનિરાજો કેટલા પ્રકારના હોય છે?

ઉ૦—શ્રીવીતરાગના મુનિરાજોને **જ્ઞાનથી** વિચારીયે તો તેઓ **મતિ** અને **શ્રુતજ્ઞાન**વાલા હોય છે. તેમાં કેટલાક **અગ્યારઅંગ** વિગેરેના અભ્યાસી હોય છે, અને કેટલાક **એક**–પૂર્વથી યાવત્ ચૌદપૂર્વ સુધીના અભ્યાસી હોય છે. આ ચૌદ-પૂર્વના સૂત્ર અને અર્થ ભણેલા મુનિરાજો, શ્રુતકેવલી કહેવાય છે. અને તેઓ કેવલી ભગવંત જેવું જ વ્યાખ્યાન કરી શકે છે. કેટલાક મુનિવરો **અવધિજ્ઞાનવાલા** હોય છે. કેટલાક **ઋજુ-મતિ** અને **વિપુલમતિ** બન્ને પ્રકારના **મનઃપર્યવજ્ઞાનવાલા** હોય છે. કેટલાક **કેવલજ્ઞાન** અને **કેવલદર્શન**વાલા હોય છે.

પ્ર૦— પૂર્વનું જ્ઞાન કોને કહેવાય? અને એનું પ્રમાણ કેટલું હોય છે?

ઉ૦—પૂર્વના જ્ઞાનનું પ્રમાણ એટલું બધું હોય છે કે, તેનાં પુસ્તકો લખી શકાતાં નથી. પરંતુએક ઊભેલા ઐરાવત હાથી જેટલીસુકીશાહી પલાળીને લખીએ તો, એક પૂર્વનું

પૂર્વ મૂલમાત્ર સંપૂર્ણ લખાઈ રહે. પહેલા પૂર્વ કરતાં બીજા પૂર્વનું પ્રમાણ ડબલ હોય છે, બીજા પૂર્વ થકી ત્રીજા પૂર્વનું પ્રમાણ ડબલ હોય છે, એમ ચૌદે પૂર્વ ઉત્તરોત્તર ડબલ હોય છે. એટલે સંપૂર્ણ ચૌદ પૂર્વ મૂલમાત્ર લખવા હોય તો ૧૬૩૮૩ ઊભેલા હાથી પ્રમાણ સુકી શાહીનો ઢગલો જોઈએ. તથા **સમ્યગ્દર્શનથી** વિચારીયે, તો ઉપશમસમ્યક્ત્વી હોય છે, ક્ષાયોપશમિક–સમ્યક્ત્વી હોય છે અને ક્ષાયિકસમ્યક્ત્વી હોય છે. તથા **ચારિત્રથી** વિચારીયે તો સામાયિક–ચારિત્રવાલા હોય છે, છેદોપસ્થાપનીય–ચારિત્રવાલા હોય છે, પરિહારવિશુદ્ધિ–ચારિત્રવાલા હોય છે, સૂક્ષ્મસંપરાય–ચારિત્રવાલા હોય છે, યથાખ્યાત–ચારિત્રવાલા હોય છે. તથા **શ્રેણિદ્વારા** વિચારીયે તો ઉપશમશ્રેણિવાલા હોય છે, ક્ષપક–શ્રેણિવાલા હોય છે, તથા જંઘાચારણ હોય છે, વિદ્યાચારણ પણ હોય છે, સ્વયંબુદ્ધ હોય છે, પ્રત્યેકબુદ્ધ હોય છે, અને બુદ્ધબોધિત હોય છે. તથા તીર્થંકરદેવ હોય છે, ગણધર મહારાજ હોય છે, આચાર્ય હોય, ઉપાધ્યાય હોય, ગણાવચ્છેદક હોય, પંન્યાસ હોય, ગણી હોય, સ્થવિર હોય, સામાન્ય સાધુ હોય, સાધ્વી હોય, જ્ઞાની હોય, ધ્યાની હોય, વેયાવચ્ચી હોય, તપસ્વી હોય, બાલ હોય, ગ્લાન હોય, ક્ષુલ્લક હોય, વૃદ્ધ હોય, આ બધા ગમે તે સ્થાન કે અવસ્થામાં હોય. પરંતુ છઠ્ઠા–સાતમા ગુણસ્થાનકમાં હોય, આઠમા, નવમા કે દશમામાં હોય, અગ્યારમા કે બારમામાં હોય, તેરમા કે ચૌદમા ગુણસ્થાનમાં હોય, તે બધા શ્રીવીતરાગદેવના મુનિરાજો, ભુતકાલમાં અઢીદ્વિપમાં અનંતા થયા છે, વર્તમાનકાળમાં અઢીદ્વીપમાં કોડોની

સંખ્યામાં વિચરે છે, ભવિષ્યકાલમાં અઢીદ્વીપમાં અનંતાનંત થવાના છે, આસર્વને **'नमोलोए सव्वसाहूणं'** પદથી નમસ્કાર થાય છે.

પ્ર૦—આ ઠેકાણે **'नमोलोए सव्वसाहूणं'** પદ ચાલે છે, તેમાં તીર્થંકરદેવ અને ગણધર મહારાજનું વર્ણન કેમ આવ્યું? એ તો અરિહંતપદ અને આચાર્યપદમાં આવી ગયા છે.

ઉ૦—અરિહંતાદિ બધાંપદો, પરસ્પર સાપેક્ષ અને અભિન્ન છે. જેમ કે અરિહંતભગવંતોનું સ્વતંત્ર વર્ણન હોવા છતાં, અરિહંતદેવો મોક્ષમાં પધારેલા હેવાથી, તેઓનો સિદ્ધભગવંતોની સંખ્યામાં પણ સમાવેશ થાય છે, વલી આચાર્ય ભગવંતો અને ઉપાધ્યાય ભગવંતોનાં, જુદાં વર્ણન કરાયાં હોવા છતાં, તેઓ સાધુની સંખ્યામાં પણ, અંતર્ભૂત થઈ શકે છે. દાખલા તરીકે 'ગામમાં પાંચસો સાધુઓ આવ્યા' એમ કહેવાય છે. તેમાં આચાર્યો પણ હોય છે. અને ઉપાધ્યાયો પણ હોય છે, છતાં એકલા સાધુઓ જ બોલાય છે.

જેમ **શ્રીઋષભદેવ**-ભગવાનના ૮૪ હજાર સાધુઓ બતાવ્યા છે. તેમાં આચાર્યભગવંતો અને ઉપાધ્યાય મહારાજો પણ હોય છે. છતાં વિવક્ષા સાધુઓની જ થાય છે. તે જ પ્રમાણે અરિહંતાદિ જુદાં પદો વિચારતાં ભિન્ન ભિન્ન લખાય છે. પરંતુ સાધુપદમાં સામાન્ય વિવેક્ષાએ અરિહંત, સૂરિ અને વાચક ત્રણ પદનો સમાવેશ કરવામાં હરકત નથી.

પ્ર૦—સિદ્ધપદ અને સાધુપદ બેનું જ ધ્યાન કે, બેની જ આરાધના કરીએ તો શું હરકત? કારણ કે આ બે પદમાં, પાંચે પદનો સમાવેશ થઈ જાય છે. પછી જુદા વિચારવાની શી જરૂર

૭૦—સિદ્ધપદમાં અને સાધુપદમાં, પાંચે પદનો સમાવેશ થાય છે તે બરાબર છે, છતાં જુદા વિચારવાથી, વિચારક આત્માને, તે મહાપુરુષોની વિશિષ્ટ ઓળખાણ થાય છે. જગતના પ્રથમ ઉપકારી, અરિહંત પરમાત્માઓ છે. સિદ્ધભગવાનને પણ ઓળખાવનારા, અરિહંત પરમાત્મા જ છે. જગતના ગુણી આત્માઓની અને ગુણોની ઓળખાણ કરાવનાર પણ, અરિહંત પરમાત્મા જ છે. સંસારની સંપૂર્ણ દુષ્ટતા સમજાવી, મોક્ષના સ્વરૂપને બતાવનારા પણ, અરિહંતદેવોજ છે. માટેજ સર્વ ગુણસંપન્ન સિદ્ધભગવંતોની પહેલાં, અરિહંતદેવોને નમસ્કાર કરાય છે.

ત્યારપછી શ્રી સિદ્ધભગવંતોને નમસ્કાર થાય છે. અરિહંતદેવોની ગેરહાજરીમાં, ગણધરમહારાજા વિગેરે આચાર્ય મહાપુરુષો, શ્રીજૈનશાસનરૂપ બગીચાને,સાચવે છે અને ખીલવે, છે. માટે ત્રીજાપદમાં આચાર્યમહારાજાઓને નમસ્કાર કરાય છે. એજ પ્રમાણે, ઉપાધ્યાયભગવંતો પણ આચાર્ય મહાપુરુષોની આજ્ઞામાં રહીને, શ્રીવીતરાગના મુનિરાજોને સાધુપણું સમજાવે છે. દિવસ અને રાત મુનિરાજોના સંજમરુપ રત્નભંડારની ચોકી કરે છે. મુનિરાજોને સંજમમાર્ગમાં લાવવા, ટકાવી રાખવા અને ચલાવવાનું અતિ ઊંચુ કાર્ય પણ ઉપાધ્યાયભગવંતો કરે છે. વલી દિવસ અને રાત્રે ગચ્છના બધા સાધુમુનિરાજોને સૂત્રની વાચના આપે છે. માટે આચાર્યપદ પછી ઉપાધ્યાયપદને નમસ્કાર થાય છે.

'**આયરિય-ઉવજ્ઝાય**' સૂત્રની પહેલી ગાથામાં, આચાર્યપદને ખમાવ્યા છે, બીજી ગાથામાં શ્રમણપ્રધાન શ્રીસંઘને

ખમાવેલ છે, અને ત્રીજી ગાથામાં સર્વજીવોને ખમાવ્યા છે. જેમ અહીં છેલ્લી ગાથામાં સર્વજીવોને ખમાવ્યા છે તેમાં પણ, પેલી બે ગાથાના સર્વ મહાત્માઓને ક્ષમાપના થઈ જાય છે, છતાં પ્રથમની બે ગાથામાં વિશેષગુણીને જુદા પાડીને ખમાવ્યા છે, તે ગુણીપુરુષોના આદરની પુષ્ટિ કરવા માટે છે.

જેમ કોઈ પરદેશી મનુષ્ય, રાજાની સભામાં જાય છે. તે સૌ પહેલાં રાજાને પ્રણામ કરે છે. પછી પ્રધાન મંડળને અને ત્યારબાદ સમગ્ર સભાને પ્રણામ કરે છે. અહીં પણ સમગ્ર સભાને પ્રણામ કરતી વખતે, રાજા અને પ્રધાન મંડળને પ્રણામ થઈ જાય છે, છતાં રાજા અને અધિકારીઓના બહુમાન માટે, તેમને જુદો અને પહેલો પ્રણામ કરાય છે. તેજ પ્રમાણે, અરિહંતાદિમહાપુરુષોને પણ તે મહાપુરુષોના ઉચ્ચતમગુણોના બહુમાનમાટે સાધુપદથી જુદો અને પ્રથમ પ્રણામ કરવો વ્યાજબી છે.

શ્રીજૈનશાસનમાં સાધુપણાની આરાધના કરનારા અનંતકાળમાં અનંતા આત્માઓ થઈ ગયા છે. તેમાંથી આપણે થોડા ઉદાહરણો અહિં જોઈએ.

મહામુનીશ્વર ધન્નાજીની કથા

આ મહામુનિરાજ **કાકંદી** નગરીના વતની હતા. તેથી લોકો તેમને **ધન્નાકાકંદી** તરીકે ઓળખે છે, તેમના પિતાશ્રી સ્વર્ગવાસ થએલા હોવાથી, ઘરનો તમામ વ્યવહાર **ભદ્રામાતા** ચલાવતાં હતાં. ધન્યકુમાર યૌવનવયને પામ્યા, એટલે માતાએ મોટા-મોટા શ્રીમંતોની બત્રીશ પુત્રીઓ સાથે તેમનું પાણીગ્રહણ કરાવ્યું, માતાને એકનોએક લાડીલો પુત્ર હતો, અને ઘ[redacted]

અઢળક ધન હતું, તેથી ધન્યકુમાર પત્નીઓની સાથે દેવતાઈ સુખો ભોગવતા હતા. જગતમાં **હામ, દામ** ને **ઠામ** સુખનાં સાધનો કહેવાય છે. આ ત્રણે સાધનો ધન્નાજીના ઘરમાં ઉભરાતાં હતાં, અર્થાત્ એક તો ધન્નાજી પોતે મહાબુદ્ધિશાળી હતા, યુવાન હતા, બહુરુપાળા હતા, નીરોગી હતા બીજું ઘરમાં લક્ષ્મીનો પાર ન હતો. અને બત્રીશ પરણેતર પત્નીઓ હતી, પરસ્પર સંપ પણ અસમાન હતો, રાજાની પણ પૂર્ણ કૃપા હતી, ધનવાન મનુષ્યો સાથે સંબંધ હતો. એટલે તેના જીવનની દરેક ક્ષણો દેવતાઈ સુખમય વ્યતીત થતી હતી.

એવામાં એકદા ગ્રામાનુગ્રામ વિહાર કરતા, ત્રણલોકના નાથ ભગવાન **શ્રીમહાવીરસ્વામી** પધાર્યા. દેવોએ સમવસરણની રચના કરી. વનપાલકે રાજાને વધામણી આપી. નગરવાસી લોકો સાથે રાજા**જિતશત્રુ** મોટા આડંબરથી પ્રભુજીને વંદન કરવા પધાર્યા. સાથે ધન્નાજી પણ માતા અને પત્નીઓ સહિત, પ્રભુજીની દેશના સાંભળવા ગયા.

ભગવાન શ્રીમહાવીરદેવ ફરમાવે છે કે,"હે ભાગ્યશાળી જીવો ! આ સંસારના તમામ વિષયો વિષ જેવા છે, સંયોગો સ્વપ્ન જેવા છે, સુખો કિંપાકના ફળ જેવાં છે, લક્ષ્મી વિજળીના ઝબકારા જેવી છે, નારીનો સમાગમ નાગણીના કરંડીયા જેવો છે, આયુ નદીના પુર જેવું છે. આવા અલ્પસુખને અંતે મહાદુખમય સંસારમાં શા માટે ફસાઈ રહ્યા છો ?" આવાં પ્રભુ શ્રીમહાવીરદેવનાં વચનો સાંભળવાની સાથે, ધન્યકુમારને સંસારનાં તમામ સુખો ઉપર ઉદ્વેગ પ્રકટ થયો.

દેશના પૂર્ણ થતાં, પ્રભુજીને વંદન કરી હાથ જોડીને ધન્ય-

કુમાર પ્રાર્થના કરવા લાગ્યા, "હે પ્રભુજી ! હું ઘેર જઈ, માતા તથા પત્નીઓને સમજાવી, તેમની રજા મેળવી, આપશ્રીની પાસે આવું છું. આપ થોડો વખત જરૂર અહીં સ્થિરતા કરવા કૃપાવંત થશો. એમ કહીને ધન્નાજી પરિવાર સાથે ઘેર આવ્યા. માતાજીને તથા પત્નીઓને દીક્ષા લેવાની પોતાની ઈચ્છા જણાવી, અને તેમની અનુમતી માગી.

માતાને એકનો એક પુત્ર હોવાથી,ધન્નાજીની દીક્ષા લેવાની માગણી સાંભળતાંની સાથે જ,એકદમ મૂર્ચ્છા આવી ગઈ. અનુકૂળ ઉપચારોથી સ્વસ્થતા પામીને, ધન્નાજીને સમજાવવા ઘણી દલીલો કરી. 'હે પુત્ર ! તું હજી બાળક છે, કેળના ગર્ભ જેવો સુકુમાર છે, તું હજી કયારે પણ જમીન ઉપર ચાલ્યો નથી, તું ટાઢ, તાપ કે, વર્ષાદના ઉપદ્રવો સહન કરી નહી શકે, તારા ખાનપાન, સ્નાન અને ભોગવિલાસ તને ક્ષણવાર પણ દીક્ષામાં સ્થિર થવા નહી આપે, તું કેવળ સુખમાં ઉછર્યો છે, સુખમાં પોષાયો છે, અને સુખમાં તરબોળ બનેલો છે. એટલે તારાથી પાંચ મહાવ્રત પાળવાં ઘણું જ મુશ્કેલ છે.

વલી ચારિત્રનું પાલન કરવું તે, ખાંડાની ધાર ઉપર ચાલવા જેવું છે, મીણના દાંતે લોઢાના ચણા ચાવવા સમાન છે, વેળુના કોળીયા ખાવા સમાન છે, અર્થાત્ વીતરાગ–શાસનના મુનિરાજોનું ચારિત્ર એટલે, ઈરાદા પૂર્વક બધાં જ પૌદ્ગલિક સુખોને તિલાંજલી આપવી, અને બધી જ મુશીબતો અને અગવડોને નોતરવા સમાન છે. બારે–માસ બધા જ સ્વાદોને ત્યાગવાના હોય છે, ઉઘાડા શરીરે ટાઢ અને તાપ, પવન અને વર્ષાના ઉપદ્રવો સહન કરવાના હોય છે, મન, વચન અને કાયાથી સ્ત્રીના ભોગો

ત્યાગવાના હોય છે, સુકુમારતાનો ત્યાગ કરી, સહનશીલતા વધારવાની હોય છે, બાવીશ પરિષહ આવે ત્યારે, ક્રોધ કે દીનતા લાવ્યા વિના તેને સહન કરવાના હોય છે, રાતદિવસ ઉભા પગે જ રહેવાનું હોય છે, અને તેટલા પ્રમાણમાં વધુ નિદ્રાનો ત્યાગ કરવાનો હોય છે, વસ્તુમાત્ર ઉપર રાગ દ્વેષ ન થાય તેની સંપૂર્ણ કાળજી રાખવી પડે છે, શત્રુ-મિત્ર ઉપર સમભાવ લાવવો પડે છે, તીવ્ર ક્ષુધાના ઉદયમાં પણ, આહાર મળે તો ખુશી ન થવું, અને ન મળે તો દીનતા ન લાવવી, પણ સતત સાવધાન રહેવું પડે છે, ઉજ્જડ અને સ્મશાન જેવી ભૂમિઓમાં જઇને ધ્યાન કરવાનું હોય છે, દીક્ષાના દિવસથી તે જીંદગી પર્યંત, સંસારનાં બધાં સગપણો રદ થઈ જાય છે, વસ્તુમાત્ર ઉપરની મમતા છોડવી પડે છે, માથાના વાળ પણ હાથવડે ખેંચીને કાઢી નાખવા પડે છે, સર્વકાલ મૌન, અકિંચનતા અને નિસ્પૃહભાવ ધારણ કરવો પડે છે, અર્થાત્ વસ્તુમાત્ર પ્રત્યે સમભાવ કેળવવો પડે છે.

એ પ્રમાણે **ભદ્રામાતાએ ધન્યકુમારને** ચારિત્રની દુર્લભતા બતાવી. પરંતુ શૂરા આત્માઓને, તેની અવળી અસર થવાને બદલે, ઉલટો મક્કમતામાં વધારો થાય છે. તેવી રીતે ધન્નાજીએ માતાનાં આવાં વચનો સાંભળી, વળતો જવાબ આપ્યો કે, માતા! આપનું વર્ણન તદ્દન સાચું છે. પરંતુ આ ચારિત્રનું કષ્ટ, નરક અને પશુગતિનાં દુઃખો પાસે તદ્દન નજીવું છે, સાવ થોડું છે. આપણા આ અજ્ઞાની આત્માએ અનંતીવાર સાતે નરકોમાં જઈ, તે દુઃખો ભોગવ્યાં છે. તો પછી આત્માની મુક્તિ માટે, જાણી જોઇને આ દુઃખો સહન કરવાં, તેમાં હરકત શું છે!

અત્યારે વિષયસેવનમાં બેભાન બની, પુણ્ય બાઈ જઈએ તો, ચારે ગતિમાં ભટકવાનું ચાલુ રહેવાનું, એટલે હવે તો ભગવાન મહાવીર દેવ જેવા, મોક્ષપુરીના સાર્થવાહને છોડીને, હું ક્ષણવાર પણ અળગો રહેવા ઈચ્છતો નથી.

બત્રીશ પત્નીઓએ પણ ઘણી દલીલો કરી, પરંતુ ધન્નાજીના ચિત્ત ઉપર કશી અસર થઈ નહિ. છેવટે માતા અને પત્નીઓની રજા મેળવી, મોટા આડંબર પૂર્વક, **ભગવાન શ્રીમહાવીરદેવ** પાસે આવી, ધન્નાજીએ પ્રવ્રજ્યા પ્રદાનની પ્રાર્થના કરી. પ્રભુ મહાવીરદેવે, ધન્યકુમારમાં ચારિત્રપાલનની સંપૂર્ણ યોગ્યતા જાણીને, દીક્ષા આપી. અને તે જ વખતે ધન્નાજીએ બે હાથ જોડીને, ભગવાન મહાવીરદેવ પાસે પ્રાર્થના કરીકે, 'હે પ્રભુજી! **આજથી હું જીવું ત્યાંસુધી મારે છઠ્ઠના પારણે છઠ્ઠ કરવા અને માખીઓ પણ ન ઈચ્છે તેવા આહારથી પારણું કરવું**' પ્રભુ મહાવીરદેવે પણ ધન્નાજીની યોગ્યતા જાણી અભિગ્રહ આપ્યો.

ત્યારબાદ ધન્નાજીના માતા, પત્નીઓ તથા જિતશત્રુ રાજા પ્રમુખ નગરવાસી મનુષ્યો, પ્રભુજીને વંદના કરીને પોતપોતાના સ્થાને વિદાય થયા. પ્રભુજી પણ ધન્નાજી વિગેરે મુનિપરિવાર સાથે વિહાર કરીને, અનેક જીવોને લાભ આપતા, પૃથ્વી ઉપર વિચારવા લાગ્યા. ધન્નાજીએ પણ અભિગ્રહ મુજબ તપસ્યા અને સંજમનું પાલન કરતાં, છ માસ આરાધના કરી, તેમાં તેમના ઉગ્ર ત્યાગથી તેમના શરીરમાં લોહીનું એક બિંદુપણ પણ ન રહ્યું, તેઓ ચાલતા ત્યારે તેમનાં હાડકાંઓ ગાડાની પેઠે ખડખડતાં હતાં, તેમની આંખો ઘણી ઊંડી જતી રહી હતી, તેમના શરીરમાં

હાડકાં અને નસો ગણી શકાય તેવાં થયાં હતાં, છતાં પણ તેઓ ક્રિયા, અનુષ્ઠાન અને તપમાં, જરાપણ મંદ થયા ન હતા. છ માસ દીક્ષાપાળી અનશનકરીને **સર્વાર્થસિદ્ધ** વિમાનમાં દેવ થયા. ત્યાંથી તેઓ મનુષ્યનો ભવ પામી મોક્ષમાં જશે.

શ્રીમહામુનિરાજ ધન્ના-શાલિભદ્રજીની કથા

આ મુનિરાજ **મગધદેશની** મુખ્ય રાજધાની, **રાજગૃહી** નગરીના વતની હતા. આ નગરીમાં ભગવાન **મહાવીરદેવનો** પરમભક્ત, **રાજા શ્રેણિક** રાજ્ય કરતો હતો. એક વખત પરદેશી વેપારીઓ 'રત્નકંબલ નામની' કામલીઓ વેચવા લાવ્યા હતા, તેની કિંમત સવાલાખ સોનામહોર હતી. રાજા શ્રેણિકનું નામ સાંભળી, સિધા રાજમહેલમાં ગયા, પરંતુ રાજાએ એક પણ કામલ લીધી નહિ. કામળો ન વેચાવાથી વેપારીઓ હતાશ થઇ ગયા, રાજમાર્ગમાં ચાલતાં કોઈ મનુષ્યે તેમને જોયા, અને હતાશ થવાનું કારણ પૂછતાં, વેપારીઓએ પોતાના માલનું વહેંચાણ ન થવાની ચિંતા વ્યક્ત કરી, તેમને ગામના મનુષ્યે સૂચના કરી કે, આપ લોકો શામાટે નારાજ થાઓ છો? આ નગરમાં ઘણા ક્રોડાધિપતિ શ્રીમંતો વસે છે, તેમાં એક તો સાક્ષાત્ કુબેરભંડારી જેવા **શાલીભદ્ર**શેઠ વસે છે, ત્યાં જાઓ તમારો બધોજ માલ ખપી જશે, વેપારીલોકો તે મનુષ્યની વાત સાંભળી ઘણા ખુશી થયા, અને શાલીભદ્રશેઠને ઘેર ગયા.

ત્યાં સાક્ષાત્ ઇન્દ્રપુરીનું ભાન કરાવે તેવા, શાલીભદ્ર-શેઠના ઘરનો દેખાવ જોઈ, વેપારીઓને પોતાની ઇચ્છા પૂર્ણ થવાની આશા બંધાઈ, અને તેઓ શેઠનાં માતુશ્રી **ભદ્રાશે-ઠાણી** પાસે ગયા. કારણ કે શાલીભદ્રશેઠના ઘરનો બધો

ઘ્હેવાર, શેઠના માતુશ્રી જ ચલાવતા હતા. શાલીભદ્રશેઠ, ઘરના કે વેપારના કશા કામમાં, ધ્યાન આપતા જ નહિ, તેઓ તો ફક્ત ગયા જન્મમાં ઉપાર્જન કરેલા, પુણ્યાનુબંધિપુણ્યને ભોગવવામાં મસ્ત હતા.

તે મહાપુરુષને બત્રીશ પત્નીઓ હતી. તેમના પિતા ગોભદ્રશેઠ મરીને દેવ થયા હતા, પિતાના મરણ વખતે શાલીભદ્ર બાળક હતા. પુત્ર ઉપર રાગ હોવાથી દેવ થયેલા પિતાશ્રી ગોભદ્રશેઠ શાલીભદ્ર અને તેમની અર્ધાંગનાઓ માટે, પ્રતિદિવસ-પક્વાન્નથી ભરેલી તેત્રીશ, વસ્ત્રોથી ભરેલી તેત્રીશ અને આભૂષણોથી ભરેલી તેત્રીશ, એમ નવાણું પેટીઓ આપી જતા હતા, તેથી શાલીભદ્રશેઠ અને તેમની પત્નીઓ મનુષ્ય હોવાછતાં દૈવી સુખો ભોગવતાં હતાં. અને રાગ-રાગણી-બદ્ધ નાટક ગીત-નૃત્ય-અને ભોગવિલાસમાં, રાત ક્યારે પડી અને દિવસ ક્યારે ઉગ્યો, તે પણ ઘણીવાર જાણી શકતા નહિ.

ભદ્રાશેઠાણી પાસે શાલીભદ્રનો, આવો સુખમય કાળ પસાર થઈ રહ્યો છે ત્યાં, રત્નકંબલના વેપારીઓ પોતાનો માલ લઇને હાજર થયા. શેઠાણીએ તેમને આદર આપ્યો, માલ જોયો અને મુખ-માગ્યા દામ આપી ખરીદી લીધો, વેપારીઓ પોતાનો માલ વેચાઈ જવાથી, ઘણા ખુશી થતા, પોતાના સ્થાને ચાલ્યા ગયા.

આ બાજુ આ સોળે કામળો, શાલીભદ્ર શેઠના ઘેર ખરીદાઇ ગઈ આવા સમાચાર કર્ણોપકર્ણ રાજા શ્રેણિકના જાણવામાં આવ્યા. અને રાજાશ્રેણિકને વિચાર આવ્યો કે અહો ! આ શ્રેષ્ઠી કેટલો મોટો ધનવાન હશે ! હું આખા મગધદેશનો માલીક

હોવા છતાં, મારી રાણીઓ માટે, એક કામળ પણ લઇ શકયો નહીં. માટે મારે શ્રેષ્ઠિવર્યને પાસે બોલાવીને જોવો જોઇએ.

આમ વિચાર કરીને, બીજા દિવસે પોતાના ખાસ પ્રધાનોને, ભદ્રાશેઠાણીના ઘેર મોકલ્યા. પ્રધાનોએ શેઠાણી પાસે આવીને, શાલીભદ્રશેઠના સમાચાર પૂછ્યા, અને શેઠને મળવાની રાજાની ઇચ્છા જણાવી, સાથે રાજાએ પોતાની પાસે બોલાવ્યા છે, તે પણ જણાવ્યું.

પ્રધાનોના પધારવાથી શેઠાણી ઘણાં ખુશી થયાં, અને તેમનું ઘણું જ સન્માન કર્યું, અને પછી બહુ નમ્રતાથી જણાવ્યું કે, શાલીભદ્રકુમાર આપને મળી શકશે નહિ, તેમ રાજદરબારમાં આવી શકશે પણ નહિ, તે અંગે મારા મુનીમો ત્યાં આવીને, મહારાજાને, બધી વાત નિવેદન કરશે, શેઠાણીના વિનય–નમ્રતા અને સત્કાર-સન્માનથી, પ્રધાનો ઘણા ખુશી થયા, રાજાપાસેજઇ શેઠાણીના વિવેકનાં ખૂબ જ વખાણ કર્યાં, અને શાલીભદ્રશેઠ નથી આવ્યા તેનો ખુલાસો તેમના પ્રધાનો (મુનિમો) જણાવશે. એમ કહ્યું. આ વાત થતી હતી તેટલામાં, શાલીભદ્રશેઠના મુનિમો આવ્યા અને મહારાજા શ્રેણિક પાસે મહામૂલ્ય ભેટણું મૂકીને, હાથ જોડી નમ્રતાપૂર્વક ભદ્રાશેઠાણીનો સંદેશ જણાવવા લાગ્યા, મહારાજ! અમારા શેઠાણી ભદ્રાદેવી આપને નમ્રતાપૂર્વક જણાવે છે કે, "આપસાહેબ મારા પુત્ર શાલીભદ્રને, પોતાની પાસે બોલાવો છો. પરંતુ મારો પુત્ર ઘણો સુકુમાળ છે, અને એ કયારે પણ સાતમા માળથી નીચે ઉતરતો નથી. એટલે ઘરની બહાર જવાની તો વાત જ શી! એને ઉપલા માળથી નીચે આવતાં

પણ ઘણો પસીનો થાય છે અને પરિશ્રમ લાગે છે. જેમ માખણનો પીંડ જરા પણ તાપ સહન કરી શકતો નથી, તેમ મારો પુત્ર સૂર્યના કિરણો પણ ખમી શકતો નથી, માટે હે પૃથ્વીનાથ! અમે આપનો જરા પણ અનાદર કરતા નથી, પરંતુ નમ્રતાપૂર્વક વિનંતિ કરીએ છીએ કે, આપ અમારા ઘેર પધારો, અને અમને દર્શન આપી કૃતાર્થ કરો,

ભદ્રાશેઠાણીના મુનિમોની પ્રાર્થના સાંભળીને, રાજાશ્રેણિક ઘણા જ ખુશી થયા, અને શાલીભદ્રના ઘેર આવવાની હા પાડી, ભદ્રાશેઠાણીએ પણ રાજભુવનથી પોતાના ઘર સુધી, ઘણી જ રચનાઓ કરાવી, અને મહારાજાના આવવાના ટાઇમે પ્રધાનમનુષ્યોને સામા મોકલ્યા. રાજાશ્રેણિક પોતાના મુખ્યપુત્ર અને બધા પ્રધાનોમાં અગ્રેસર **અભયકુમારને** સાથે લઇને, ભદ્રાશેઠાણીને ઘેર પધાર્યા.

શેઠાણીના મહેલો, નોકર–ચાકરો અને ઘરનો બીજો ઠાઠ જોઈને, રાજા ખૂબ જ ખુશી થયા, અને શેઠાણીએ આપેલા સિંહાસન ઉપર બેઠા. ઘરની કેટલીક જાણવા યોગ્ય વાતો જાણીને, શાલીભદ્રને મળવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરી.

ભદ્રાશેઠાણીએ શાલીભદ્રને નીચે બોલાવ્યા. માતાની આજ્ઞા થતાં શાલીભદ્ર નીચે આવ્યા. માતાએ મહારાજા શ્રેણિકની ઓળખાણ આપી. શ્રેણિકરાજાએ પણ કુમારને ઘણા પ્રેમથી પોતાના ઉત્સંગમાં (ખોળામાં) બેસાર્યા, પરંતુ ક્ષણવારમાં [illegible]ીભદ્રકુમાર પસીનાથી રેબઝેબ થઈગયા. તેદેખી [illegible]એ રાજાને હાથ જોડીને પ્રાર્થના કરી કે, મહારાજ! [illegible] જવાદો, એ આપના શરીરની ગરમી સહન કરી

શકતો નથી.

રાજાએ કુમારને જવા આજ્ઞા આપી, અને મહારાજા પોતે પણ જવાને માટે ઊભા થયા, શેઠાણીએ રાજાને ઘણાં ભેટણાં મૂકયાં, અને ખૂબ જ ખુશી કરીને વિદાય આપી. આ બાજુ શાલિભદ્રકુમાર માતાને પૂછે છે કે, 'માતા! આ બધા મેમાન કોણ હતા' માતા કહે છે કે ભાઇ આ આવેલા મહેમાનો પૈકી, મુખ્ય હતા તે આ મગધદેશના માલિક, અને રાજગૃહીનગરીના ધણી શ્રેણિકરાજા છે, અને તે આપણા સર્વના સ્વામી છે. તેઓ જો ખુશી થાય તો, આપણને આનંદમાં રાખે અને રોષાયમાન થાય તો, આપણું બધું જ આંચકી લે, ઘરબાર લુંટી લે અને કારાગૃહમાં મોકલી દે, એટલે તેમની કૃપા હોય તો જ, સુખપૂર્વક રહેવાય અને તેમની અકૃપા થાય તો, ક્ષણમાં મહાદુઃખી થઈ જવાય,

માતાનું કહેવું સાંભલીને, શાલિભદ્રકુમાર મનમાં વિચાર કરવા લાગ્યા કે, ગયા જન્મમાં મેં, સંપૂર્ણ ધર્મની આરાધના કરી હોય તેમ જણાતું નથી. જો ધર્મની આરાધના પુરેપુરી કરી હોય તો, હજી મારા માથે ધણી શા માટે હોય? માટે આજથી મારે બત્રીશ સ્ત્રીઓ પૈકી એકેક સ્ત્રીનો ભોગ, ઓછો કરવો. અને બત્રીશમા દિવસે બત્રીશે સ્ત્રીઓ અને આ સુખસામગ્રીનો ત્યાગ કરીને, પ્રભુ મહાવીરસ્વામી પાસે દીક્ષા અંગીકાર કરવી.

થોડી જ વારમાં આ વાતનો ગામમાં ફેલાવો થયો, તેજ ગામમાં વસતા, **ધન્નાજીશેઠ** સાથે પરણાવેલાં, **સુભદ્રા** નામનાં બહેનને સાંભળવામાં આવ્યો. તે

દ્રાદેવી, પોતાના સ્વામીનાથ ધન્નાજીને સ્નાન કરાવતાં કરાવતાં, માથાના વાળ સમારતાં હતાં. ભાઈના ત્યાગની વાત મનમાં ખટકયા કરતી હતી. ભાઈ દીક્ષા લેશે તો ભાભીઓની શી દશા? માતાની શી દશા? આ બધી સંપત્તિની શી વલે? આવા શોકમાં સુભદ્રાદેવીની આંખમાંથી આંસુ ટપકયું અને સ્વામીનાથના શરીર ઉપર પડયું.

આંસુના ઉષ્ણ સ્પર્શથી, ધન્નાજીનું ધ્યાન ખેંચાયું, અને પાછું વાળીને પોતાની વ્હાલી પ્રિયા સુભદ્રાના મુખ સામું જોયું, જોતાંજ સુભદ્રાનું આંસુથી ભરાયેલું મુખ ભાળીને, ધન્નાજીએ સુભદ્રાદેવીને પ્રશ્ન પૂછયો, દેવી! તું રાજગૃહીનગરીના એક મહાશ્રીમંતની એકની એક પુત્રી છે. દેવતાઈ સુખોને ભોગવનારો શાલિભદ્ર જેવો તારે ભાઈ છે. સ્ત્રી હોવા છતાં, પુરુષોની બુદ્ધિને પણ મહાત કરનારી, મહાબુદ્ધિમતી, સતી ભદ્રાશેઠાણી તારી માતા છે. તારી સર્વ ઇચ્છાઓને પુરનારો હું તારો સ્વામી છું. હવે તારે કઈ પ્રકારની ઓછાશ છે કે, તું આમ અત્યારે રોઈ રહી છે? તારૂં એકઆંસુ પડે છે, ત્યાં મારૂં દશતોલા લોહી સુકાઈ જાય છે.

પોતાના સ્વામીનાથનાં આવાં પ્રેમથી ભરેલાં, તદ્દન સાચાં વચનો સાંભળીને, સુભદ્રાદેવીએ જવાબ આપ્યો કે, 'સ્વામીનાથ! મારી સુખસામગ્રીમાં કસીજ કમીના નથી. આપે ફરમાવી છે તે મુજબ જ છે. પરંતુ મારા બંધુ શાલિભદ્રજી, આજથી એકેક પત્નીનો ત્યાગ કરવા લાગ્યા છે. બત્રીશમે દિવસે બત્રીશે સ્ત્રીઓ અને સર્વ સંપત્તિનો ત્યાગ કરીને, દીક્ષા લેશે. તેથી મને ઘણું જ દુઃખ થાય છે.' સુભદ્રાદેવીનાં વચનો

સાંભળી ધન્નાજી બોલ્યા કે, 'દેવી ! તારો ભાઇ કાયર છે, જો દિક્ષા લેવાનો વિચાર નક્કી જ હોય તો, બત્રીશ દિવસની મુદત શા માટે ? કાલ કોણે દીઠી છે ? અને એકેક ક્ષણ પણ ઘણા વિઘ્નોથી ભરેલી છે. સાચે જ દીક્ષા લેવી હોય તો, ક્ષણપણ વિલંબ કરવો નકામો છે.'

પોતાના સ્વામીનાં પોતાની તરફેણનાં નહિ, પણ પોતાના ભાઇને વ્હેલી દીક્ષા લેવડાવવાનાં વચનો સાંભળવાથી, શ્રીમતી સુભદ્રાદેવીને નવાઈ લાગી, અને ઉતાવળથી બોલાઈ જવાયું કે, 'સ્વામિનાથ ! બીજાના માટે બધાને બોલતાં આવડે છે, પારકી વાત સૌને મીઠી લાગે છે, એટલે કહેવું સહેલું છે, અમલમાં મુકવું દોહલું છે. બીજાને શીખામણ અપાય છે, પરંતુ પોતાને લેવાનો પ્રસંગ આવે ત્યારે ખબર પડે છે.'

પત્નીનાં અવસરે બોલાએલાં, આવાં ટોનિક વચનો શ્રીમાન્ ધન્નાજીશેઠને ખૂબ જ ગમી ગયાં. "પોતા ઉપર લેવાનો પ્રસંગ આવે ત્યારે ખબર પડે." આવાં વચનો સાંભળીને તુરત જ ધન્નાજી બોલ્યા કે, **'મારે અત્યારની ઘડીથી આઠેઆઠ પત્નીઓનો ત્યાગ છે.** અને મન, વચન, કાયાથી બ્રહ્મચર્ય સ્વીકારું છું. દેવી ! હવે આપ અળગાં રહી જાઓ ! હવે અત્યારથી જ તમારે અને અમારે પરસ્પર શરીરે અડકવાના પણ પચ્ચખ્ખાણ છે.'

ધન્નાજીનાં સાત્વિકતાથી ભરેલાં વચનો સાંભળીને, મહાસતી સુભદ્રાદેવી, સ્તબ્ધ થઈ ગયાં. થોડું દુઃખ ખમવાની પણ જેનામાં શક્તિ હતી નહિ. તેની ઉપર દુઃખના ડુંગરો ઉભરાણા. ભાઇનો વિરહ ખમવાને અસમર્થ બાળા, પતિનો

વિરહ સાંભળીને ખુબ જ ઘવાઈ ગઈ. જમીન ઉપર પટકાઈ મૂર્છિત થઈ ગઈ અને ક્ષણવારે બેઠી થઇને પતિને વિનવવા લાગી, 'સ્વામિનાથ! મારી મોટી ભૂલ થઈ છે. હું તો સહજ હસતી હતી. મારાં હાસ્યનાં વાક્યો આપે આમ ગણીને ગાંઠે બાંધવાં વ્યાજબી ગણાય નહિ.'

મહાસતી સુભદ્રાદેવીની નમ્રતા અને કોમલતાથી તરબોળ વિનંતી સાંભળીને, ધન્નાજી બોલ્યા કે, 'દેવિ! તમોએ જે કહ્યું તે સાચું જ કહ્યું છે, અવસરને ઉચિત કહ્યું છે, મને જરાપણ કડવું નથી લાગ્યું, પરંતુ અમૃત કરતાં પણ ખૂબ મીઠું લાગ્યું છે. મેં તમારા વચનોથી ઉશ્કેરાઇને નહિ, પરંતુ ખૂબ જ મનન કરીને, આગલપાછળનો વિચાર કરીને, નિર્ણય કર્યો છે. હું જે બોલ્યો છું, તે હવે કોઈ પણ કારણથી બદલાશે નહિ.' આ પ્રમાણે મહાસતી સુભદ્રાપ્રમુખ આઠે પત્નીઓને સમજાવીને, ધન્નાજી શાલિભદ્રના ઘેર ગયા,અને વૈરાગ્યમય વચનો સંભળાવીને દીક્ષાની તૈયારી કરાવી.

અને બંને શાળા-બનેવીએ, મોટા આડંબરથી પ્રભુમહાવીર દેવ પાસે દીક્ષા લીધી, ત્યારબાદ જ્ઞાનાભ્યાસમાં તલ્લીન અને ધ્યાનમાંમસ્ત બની, ઉગ્ર તપશ્ચર્યાઓ કરતા, પ્રભુશ્રીમહાવીરદેવની સાથે વિહાર કરતા,એક વખત રાજગૃહી-નગરીમાં આવ્યા. અને એક માસના ઉપવાસના પારણે, પ્રભુજીની આજ્ઞા લઇને, ભદ્રાશેઠાણીના ઘેર વ્હોરવા ગયા. ધન્ના અને શાલિભદ્ર બંને મુનિવરો, ત્યાં જઇને ધર્મલાભ આપી, ક્ષણવાર થોભ્યા. બંને મુનિવરોમાંથી એક જણ, આ ઘરબાર, માલમીલ્કત, નોકર ચાકર, અને નારી પરિવારના માલિક છે. અને બીજા આ

ઘરના જમાઈરાજ છે. છતાં પરિવાર તેમને ઓળખી શક્યો નહિ, અને તેઓ બન્ને મુનિરાજોએ ઓળખાવવા પ્રયત્ન કર્યા સિવાય કાંઈપણ વહોર્યા વગર ચાલતા થયા.

પ્ર૦—શાલિભદ્ર જેવા પુત્ર અથવા ઘરના માલિકને અને ધન્નાજી જેવા જમાઇને ન ઓલખ્યા એનું શું કારણ ?

ઉ૦—આ મહાપુરુષોએ તપસ્યાથી શરીરને ખૂબ કૃશ બનાવી નાખ્યું હતું. જેથી શરીરના રંગઢંગ પણ બદલાઈ ગયા હતા. શરીરમાંથી લોહી અને તેજ લગભગ નામશેષ થયાં હતાં. રાતદિવસ ટાઢ–તડકામાં ખુલ્લા શરીરે રહેવાથી ગોરાશ ચાલી ગઈ હતી. એટલે તેમને કોઇએ ઓળખ્યા નહિ.

પ્ર૦—તેમને ધન્નાજી અને શાલિભદ્રજીને જમાઇ અને પુત્ર તરીકે ઓલખ્યા નહિ એ બનવા યોગ્ય છે. પરંતુ વીતરાગના મુનિરાજ તરીકે પણ તેમનો કોઇએ આદર કેમ ન કર્યો ?

ઉ૦—જો કે મુનિરાજ તરીકે તેમને આવા સુશ્રાવિકાના ઘરમાં ચોક્કસ આદર મલવો જોઇએ. એ વાત તદ્દન સાચી છે. પરંતુ ભગવાન મહાવીરદેવ પધાર્યાના સમાચાર આવ્યા હતા. તેથી આખો પરિવાર પ્રભુજીને વંદન કરવા જવાની તૈયારીમાં વ્યગ્ર હતો. એટલે ખાસ મનુષ્યોનું મુનિરાજો તરફ ધ્યાન ગયું નહિ એથી મુનિરાજનો આદર ન થયો.

પ્ર૦—શાલિભદ્રશેઠ શ્રેણિકરાજાના ખોળામાં બેઠા હતા ત્યારે, થોડી વારમાં ગભરાઈ ગયા હતા, રાજાના શરીરની ગરમી પણ તેમનાથી સહન થઈ નહિ, તથા સાતમા માળથી ઉતરીને નીચે આવવું એ પણ, એમને મુશ્કેલ હતું, ત્યારે ચારિત્રમાં આટલી મોટી સહનશક્તિ કયાંથી આવી ?

ઉ૦—આત્મા અનંત શક્તિનો ધણી છે. મોજ શોખમાં પડે ત્યારે ટાઢતડકા પણ સહન ન કરી શકનારા, રાજા મહારાજાઓ, યુદ્ધમાં શત્રુના બાણો વિગેરેના પ્રહારો લાગવા છતાં પાછા પડતા નથી, અને આગળ વધે છે. તેમ આત્મા જાગૃત થાય ત્યારે, નહિ ધારેલી નહિ કલ્પેલી શક્તિ આત્મામાં ઉત્પન્ન થાય છે. શાલિભદ્રશેઠ અને ધન્નાજી મોજશોખમાં મહાલતા હતા ત્યારે, અતિકોમળ હતા, અને સંજમી બન્યા એટલે મહાયોદ્ધાની માફક ખૂબ જ સહન કરનારા થયા હતા.

ધન્ના અને શાલિભદ્રજી, ભદ્રાશેઠાણીના, મહેલથી નીકળી, વચમાં મળેલી એક ભરવાડી પાસેથી મળેલો આહાર વહોરીને પ્રભુજી પાસે આવ્યા. ભગવાનને આહાર બતાવ્યો. પ્રભુજીની આજ્ઞા મેળવી તે આહાર વાપર્યો, પાછા પ્રભુજી પાસે આવ્યા અને **વૈભારપર્વત** ઉપર, જઇને અનશન કરવાની આજ્ઞા માગી. સર્વજ્ઞભગવાન્ મહાવીરદેવે, તેમની લાયકાત સમજીને અનશન કરવાની આજ્ઞા આપી. એટલે આ બંને મુનિરાજો **વૈભારગિરિ** ઉપર આવી એક માસનું અનશન કરી **સર્વાર્થસિદ્ધ વિમાને** ગયા.

મહામુનિરાજ વજ્રબાહુકુમારની કથા

આ મહાપુરુષ **અયોધ્યા** નગરીના રાજવી **વિજયરાજ**ના પાટવીકુમાર હતા અને પોતાના પિતાની, આજ્ઞાથી, કેટલોક પરિવાર સાથે લઇને હસ્તિનાપુર નગરના રાજા ઇભવાહનની પુત્રીને પરણવા ગયા હતા. ત્યાંથી મહાસતી **મનોરમાકુમારી** સાથે પાણિગ્રહણ કરીને, પોતાના પરિવાર અને કેટલાક શાળાઓ સહિત, પોતાની રાજધાની અયોધ્યાનગરી

તરફ પાછા આવતા હતા. મુસાફરીમાં રસ્તા ઉપર કોઈ મહા-જ્ઞાની આચાર્ય ભગવાનને દેશના સંભલાવતા જોયા; એટલે તુરત જ મહાવિવેકી વજ્રબાહુકુમારે, પોતાનાં માણસોને આગળ વધતાં અટકાવીને, આચાર્ય ભગવાનનાં દર્શન કરવાની ઇચ્છા જણાવી, અને પોતપોતાના વાહનોનો ત્યાગ કરીને આચાર્ય ભગવાનનાં દર્શન કરવા ગયા, વંદન કરીને સૌ યથાસ્થાને બેસી ગયા અને દેશના સાંભળવા લાગ્યા. દેશના દરેકને ખૂબ જ ગમી ગઈ અને વંદના કરીને પોતાને ઉતારે આવ્યા. ત્યાં આવ્યા પછી કુમાર વજ્રબાહુએ વ્યાખ્યાનની ઘણી જ પ્રશંસા કરી, જે સાંભળીને **ઉદયસાગર** નામના શાળાએ પ્રશ્ન કર્યો કે, જો સંસાર અસાર લાગતો હોય તો દીક્ષા કેમ લેતા નથી? કુમાર કહે કે, 'જો તમો સર્વેની રજા હોય તો, મારી ઇચ્છા છે.' ઉદયસાગરે કહ્યું કે,. ખુશીથી દીક્ષા લ્યો, અમો સર્વ ખુશી છીએ.'

આ પ્રમાણેના પરસ્પરના સંવાદમાં, કુમારે પોતાની ભાવના મજબૂત કરી, અને પત્ની તથા શાળાઓને પ્રતિબોધ પમાડીને, તે જ આચાર્ય મહારાજ પાસે બધાઓએ દીક્ષા લીધી, અને દોષ વગરનું ચારિત્ર પાળીને મોક્ષમાં ગયા.

આવા મહામુનિરાજો આ અવસર્પિણી કાળમાં અસંખ્યાતા થયા છે. અને આરાધના કરીને મોક્ષમાં ગયા છે. અને કોઈ અલ્પકાળમાં મોક્ષે જશે. ભૂતકાળમાં અનંતા થયા છે. જેમનાં ચારિત્રનાં વર્ણન વાંચવા કે સાંભળવાથી, ધર્મી આત્માઓને પણ નવાઈ લાગે તેવાં હતાં. આ તો સર્વજ્ઞ ભગવંતોના કાળની વાતો છે, પરંતુ ભગવાન મહાવીરદેવ

મોક્ષમાં પધાર્યા ત્યારથી, અત્યાર સુધીના ૨૪૯૦ વર્ષના ગાળામાં, હજારોની નહિ પણ લાખોની સંખ્યામાં ઉચ્ચ-કોટિના ચારિત્ર આરાધનારા મુનિરાજો થયા છે.

કેટલાક જાજીવ છ વિગઈના ત્યાગી થયા છે. કેટલાક કેવળ જુવાર વગેરે એક જ અનાજનો ખોરાક વાપરી, સંપૂર્ણ જીવન આરાધના કરનાર થયા છે, કેટલાક સર્વ રસ-કસના ત્યાગી થયા છે, કેટલાક હંમેશાં અગ્યાર અંગો વિગેરે શાસ્ત્રોનો સ્વાધ્યાય કરનારા થયા છે. કેટલાક રાત-દિવસમાં અતિ અલ્પ નિદ્રા લેવા પૂર્વક, ઘણી અપ્રમાદ દશામાં રહેનારા થયા છે. કેટલાક સો, બસો, પાંચસો કે ચૌદસો વિગેરે સંખ્યા જેટલા ગ્રંથો અને લાખો-ક્રોડો-શ્લોકો નવા બનાવી, ધર્મ, શાસન અને દેશને લાભ આપી ગયા છે. કેટલાક સેંકડો જિનમંદિરો અને જિનપ્રતિમાઓ દ્વારા, શ્રીજૈનશાસ-નની આરાધના અને પ્રભાવના કરી ગયા છે, કેટલાક હજારોની સંખ્યામાં સાધુ અને સાધ્વીજીઓ ઉત્પન્ન કરી, શ્રીજૈનશાસ-નની પરંપરા મજબૂત કરતા ગયા છે. એટલે શ્રીજૈનશાસનના ત્રણેકાલના સંપૂર્ણ મનુષ્યક્ષેત્રના કેવલ મુધાજીવી (આ લોકની કોઈપણ ઇચ્છા વગરના) મહામુનિરાજો જે જગતના એકાન્ત ઉપકારી હતા તે, વર્તમાનમાં છે તે, અને ભવિષ્યમાં થવાના છે તે સર્વેને **'नमो लोए सव्वसाहूणं'** પદોચ્ચારથી આપણો નમસ્કાર થાય છે. આ નમસ્કાર વડે સંપૂર્ણ સાવધાન અને જાગૃકાર આત્માનાં પચ્ચાસ સાગરોપમનાં પાપ નાશ પામે છે. આ વાત મધ્યમ કોટીની જાણવી. ઉત્કૃષ્ટપણે તો જાગૃત આત્માઓ તત્કાળ સર્વકર્મનો ક્ષય પણ કરી શકે છે.

પ્ર૦—અહિં વર્ણન કરાએલા અરિહંતાદિ પાંચે પદોને નમસ્કાર કરવાથી લાભ શું ? કારણ કે તેઓ બધા વીતરાગ હોવાથી કોઈને સુખ આપતા નથી, અને કોઈનાં દુઃખ મટાડતા નથી, તો પછી નમસ્કારાદિ કરવાથી ફાયદો શું ? જગતને તો દુઃખનો અભાવ અને સુખની પ્રાપ્તિ એની જરૂર છે. શાસ્ત્રો પણ એ જ કહે છે.

"सुखाय सर्वजन्तूनां प्रायः सर्वाः प्रवृत्तयः ।"

અર્થ—પ્રાયઃ જગતના પ્રાણી માત્રની પ્રવૃત્તિ સુખને માટે જ હોય છે. અને શાસ્ત્રો તો સર્વથા પરભાવથી પર હોય, તેમને જ સાધુ તરીકે ઓળખાવે છે. જેમ જેમ વીતરાગતા વૃદ્ધિ પામતી જાય છે, તેમ તેમ ઉપરનાં (ઉપાધ્યાયાદિ) સ્થાનો આત્માને પ્રાપ્ત થાય છે, વીતરાગતા અને ઉદાસીનતા બંનેનો અર્થ એક જ છે. ઉદાસીન આત્માઓને, જગતના વંદક અને નિંદક, સેવક અને શત્રુ ઉપર સમભાવદશા હોવાથી, નમસ્કાર કરનારને કશો લાભ આપી શકતા નથી. એટલે તેમને વંદન કરવાથી શો લાભ ?

ઉ૦—ખરી વાત એ છે કે, આ જગતમાં કોઈપણ દેવ, દાનવ, વિદ્યાધર, ચક્રવર્તી કે ધનવાન—કોઈને સુખ કે દુઃખ આપી શકતા નથી, સુખ અને દુઃખ એ પ્રાણી માત્રના પોતાના કર્મનાં જ ફળ છે. જ્ઞાનીઓ કહે છે કેઃ—

सुखस्य दुखस्य न कोपि दाता; परो ददातीति कुबुद्धिरेषा॥
पुराकृतं कर्म तदेव भुज्यते, चेतन! हे निस्तर तत्त्वया कृतम्॥

એટલે જેમ તદ્દન રાગદ્વેષ વગરના વીતરાગો, કોઈને સુખ કે દુઃખ આપતા નથી, તે જ પ્રમાણે રાગદ્વેષથી ભરેલા

હરિહરાદિ દેવો પણ કોઈને સુખ-દુઃખ આપી શકતા નથી.

પ્ર૦—બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, બુદ્ધભગવાન અને બીજા **દેવ-દેવીઓ** પોતાના ભક્તોને માગી વસ્તુઓ પૂરી પાડે છે. એમ જગતના લોકો કહે છે તો શું આ વાત સાચી નથી ?

ઉ૦—બીલકુલ સાચી નથી, કારણ કે એ બધાદેવોના ઘણા ભક્તો, મહાભયંકર દુઃખો ભોગવતા હોય છે, જ્યારે તેજ દેવોના ઘણા નિંદકો, ઉચ્ચ પ્રકારનાં સુખો પણ ભોગવતા નજરોનજર દેખાય છે, એટલે ભક્તોને સુખ અને વિરોધિઓને દુઃખ, આપવાની અમુક દેવોની તાકાત છે, આવી કહેવત બીલ્કુલ સાચી નથી.

પ્ર૦—તો પછી ધર્મથી સુખ અને પાપથી દુઃખ મળે છે, આ વાત પણ સાચી ન કહેવાય ને ? કારણ કે ઘણા ધર્મી મનુષ્યો દુઃખ ભોગવે છે, અને ઘણા પાપી મનુષ્યો સુખ ભોગવે છે, એટલે ધર્મથી સુખ અને પાપથી દુઃખ આ વાત સાચી શી રીતે ?

ઉ૦—ધર્મથી સુખ અને પાપથી દુઃખ આ વાત તદ્દન સાચી છે, અને તે યુક્તિથી પણ સમજાય એવીછે. ધર્મ કરવાથી આત્માને પુણ્યનો બંધ થાય છે, જેમ બીજવાવવાથી અંકુરા, છોડ, થડ, શાખા, પ્રશાખા, ફુલ અને ફલ ક્રમસર કાળેકરીને થાયછે. બીજ વાવવામાં અને ફલને મેળવવામાં ચોક્કસ પ્રકારનું આંતરૂં હોય છે. તેજપ્રમાણે ધર્મકરણીમાં અને ધર્મના ફળરૂપ સુખને મેળવવામાં, ચોક્કસ પ્રકારનું આંતરું હોવું જોઇએ, એટલે વર્તમાનકાળનાં સુખ, અમુક સમય પહેલાં કરેલા ધર્મનુંજ ફલ છે. તેથી જેઓ

વર્તમાનકાળમાં પાપ કરનારા હોવા છતાં, પોતાના ચાલુ પાપોનાં ફલ ભોગવતા નથી. (જેમ ગઈ સાલમાં ખેતરમાં વાવેલું ધાન્ય હમણાં ખવાય છે. હમણાં ખેતરમાં વાવેલું ભવિષ્યમાં આવાના કામમાં આવશે.) પણ પૂર્વનાં પુણ્યનાં ફલ ભોગવે છે, હમણાંનાં પાપનાં ફલ તો હવે પછી ભોગવશે. જેમ પહેલાં નીતિ અને વફાદારીથી નોકરી કરનારને, પછીથી ઘેર બેઠાં પેન્શન મલ્યા કરે છે.

તથા કોઈ માણસે ગયા કાળમાં પાપો કર્યાં હોવાથી, અત્યારે ઘણા પ્રકારની અગવડો, દુઃખો, વેદનાઓ, અને મુશીબતો ભોગવે છે. પણ તે સ્થિતિમાં પણ જો ધર્મને ચાલુ રાખે તો, અંતરાય તુટી જવાથી, ઉત્તર કાળમાં સુખો આવી મલે છે. જેમ અગવડો ભોગવીને વિદ્યાભ્યાસ કરનારા, હમણાં ઘણા હેરાન થવા છતાં પણ, પોતાનો અભ્યાસ ચાલુ રાખે તો, તેઓ ભવિષ્યમાં મોટા અધિકારીઓ બને છે, અને મહાસુખી થાય છે. તથા જેમ ચોરી કરનારા માણસો, થોડો સમય ખૂબ સુખ ભોગવે છે. પરંતુ છેવટે તે ચોરીરૂપ પાપનું ફળ મહાદુઃખ જ પામે છે. એથી વર્તમાનકાલનું સુખ તે ચોરીરૂપ પાપનું ફળ તો ન જ કહેવાય, પરંતુ તેનું (ચોરીનું) ફલ તો ચોરી જાહેર થયા પછી કેદખાનું, માર, બંધન અને મરણ જ લેખાય છે.

પ્ર૦—તો પછી હરિહરાદિ દેવો અને વેશધારી ગુરુઓની કરેલી સેવા પણ, ભવિષ્યમાં ફલ આપનારી બનશે, એમ માનવામાં શું વાંધો છે ?

ઉ૦—કોઈપણ દેવો કે વેશધારી ગુરુઓની સેવા કરવામાં નફો નુકશાન થવાનું ચોક્કસ નથી. પરંતુ દેવો કે

ગુરુઓ પોતે વિકાર વગરના હોય, અને વિકાર વગરની સેવા થાય તો ચોક્કસ ફળ મળે જ છે.

એટલા જ કારણથી નીચેનાં પદોનો વિચાર કરવા યોગ્ય છે,

"एसो पंचनमुक्कारो, सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥ १ ॥"

અર્થ—આ પાંચને કરેલ નમસ્કાર સર્વપાપનો ક્ષય કરનાર છે. અને સર્વમંગલોમાં પ્રથમ મંગલ છે. (આ પાંચ નમસ્કાર એટલે) આ પાંચને કરેલા નમસ્કાર સર્વપ્રકારના બાહ્ય અને અભ્યંતર સર્વ પાપોનો નાશ કરે છે.

પ્ર૦—આ પાંચને જ નમસ્કાર કેમ ? બીજા કોઇને શા માટે નહિ ?

ઉ૦—નમસ્કાર પાપોને ક્ષય કરવા માટે છે, અને આ પાંચ પરમેષ્ઠિભગવંતો સિવાય, કોઇપણ વ્યકિત એવી નથીકે જેને નમસ્કાર કરવાથી પાપનો ક્ષય થઇ શકે, માટે આ પાંચને કરેલ નમસ્કારજ સર્વપાપનો નાશ કરે છે. એમ કહ્યું છે,

પ્ર૦—શું જગતમાં બીજા કોઈ ધર્મને આચારનારા આત્માઓમાં ગુણી હોઈ શકે જ નહિ ?

ઉ૦—આચાર્યાદિ ગુણી પુરુષોમાં બતાવેલા ગુણો, કોઇ પણ દર્શનમાં રહેલ કોઈ પણ વ્યક્તિમાં આવ્યા હોય તો, એનો આચાર્ય, ઉપાધ્યાય અને સાધુપદમાં સમાવેશ થઇ શકે છે. તેવા જ મહાપુરુષોને, ત્રીજા, ચોથા–પાંચમા પદથી નમસ્કાર પણ થાય છે. એટલે તેઓને જુદા વિચારવાની જરૂર નથી, અને કોઇપણ લિંગધારી દશામાં, સર્વદોષથી મુક્ત થએલા આત્માઓનો, બીજા સિદ્ધ પદમાં સમાવેશ થઈ જતો હોવાથી,

એમને પણ જુદા વિચારવાની જરૂર નથી, અર્થાત્ એ માટે છઠ્ઠા પદને માનવાની જરૂર નથી. જગતના તમામ સદ્‌ગુણી આત્માઓ, આ પાંચ પદોમાં આવી જાય છે. અને તેથી એ પાંચને કરાએલો નમસ્કાર સર્વ પાપનો ક્ષય કરી નાખે છે.

પ્ર૦—ઉપર તો તમે જણાવી ગયા છો કે, જગતના કોઇ દેવ, દાનવ, વિદ્યાધર, ચક્રવર્તી કે ધનવાન કોઈને પણ સુખ આપી શકતા જ નથી, અને કોઇનું દુઃખ મટાડી પણ શકતા નથી, તો પછી આ પાંચને નમસ્કાર કરવાથી લાભ શું ?

ઉ૦—તે બરાબર જ છે, કે કોઈના સુખમાં અન્ય કોઈ કારણ નથી બધાં સુખ-દુઃખનું કારણ માત્ર પોતાનાં સારાં-ખોટાં કર્મ જ છે, અને તેથીજ ભગવાનશ્રીતીર્થંકરદેવો અને સિદ્ધપરમાત્માઓ વિગેરે, પાંચે પરમેષ્ઠિભગવંતોએ, કોઇને સુખ આપ્યું કે કોઈનું દુઃખ મટાડ્યું, એવું જૈનસિદ્ધાંતોમાં કયાંય બતાવ્યું નથી. અને એ જ કારણથી, આ પાંચપરમેષ્ઠિનમસ્કારને પણ, સર્વપાપ નાશક વર્ણવેલ છે. અર્થાત્ આ પાંચ-નમસ્કાર સુખદાયક કે દુઃખનાશક નથી, પરંતુ પાપનાશક છે, અને જે પાપનાશક હોય તે, સુખદાયક અને દુઃખનાશક બની શકે છે. કારણ કે પાપનો નાશ થયા વગર, દુઃખનો નાશ કે સુખની ઉત્પત્તિ થવી જ અશકય છે. અપથ્ય, અનાચાર અને બરાબવ્યસનો બંધ થાય નહિ, ત્યાંસુધી રોગ, આપત્તિ અને ગભરામણનો પણ નાશ થતો નથી, અને આ ત્રણ ચાલુ હોય ત્યાંસુધી, સુખ આવી શકતું જ નથી, તેમ, પાપનો નાશ ન થાય ત્યાંસુધી, દુઃખનો નાશ અને સુખની પ્રાપ્તી થતી જ નથી.

પ્ર૦—આ પાંચનમસ્કારથી સર્વપાપનો નાશ થઈ

જાય છે. આમ માનવાનું શું કારણ ?

ઉ૦—આ પાંચપરમેષ્ઠિભગવંતોને ઓળખવાથી તેમનો ખ્યાલ આવે છે. ગુણોને ઓળખીને ગુણીને કરેલો નમસ્કાર ફળવાન બને છે. પૂર્વના કવિઓ પણ કહે છે કે,

"સ્વામીગુણ ઓળખી સ્વામીને જે ભજે,
દર્શનશુદ્ધતા તેહ પામે;
જ્ઞાન-ચારિત્ર-તપ-વીર્ય ઉલ્લાસથી.
કર્મ જીતી વસે મુક્તિધામે. ૧."

પ્ર૦—ગુણીપુરુષને, પૂજ્યપુરુષને, કે મોટામાણસને, ઓળખ્યા વિના, નમસ્કારાદિ કરવાથી શું કશો લાભ થાય જ નહિ અથવા નુકશાન પણ થાય ?

ઉ૦—ઓળખાણ વિના કરાએલા નમસ્કારાદિ, ઓળખાણ વગરના ઔષધના સેવન જેવા છે, જેમ ગમે તેવું સારું પણ ઔષધ, સમજણ વિના કે વિધિ વિના વપરાય તો, ફાયદો કરવાના બદલે નુકશાન પણ કરે છે, તેમ જેનો જેટલો અધિકાર હોય, તેને તે મુજબ સમજ્યા વિના, નમસ્કારાદિ કરવાથી તો લાભ તો થતો નથી, પરંતુ વખતે આશાતના લાગે છે. પણ જો સમજીને નમસ્કારાદિ કરાય તો સંપૂર્ણ ફલ આપે છે, અને નુકશાન બીલ્કુલ થતું નથી.

એટલે ગુણી એવા પંચપરમેષ્ઠિભગવંતોના ગુણ જાણવામાં આવે તો, ઉત્તરોત્તર ગુણીના આદરની વૃદ્ધિ થવા માંડે છે, તેથી તેમની પાસે વસવામાં રસ પડે છે. અને ગુણીના બહુ માનથી, ગુણમાં બહુમાન પ્રકટે છે, કહ્યું છે કે,

"ગુણીતણા બહુમાનથીરે, ગુણતણા બહુમાન. સલુણા...."

ગુણીનાં બહુમાન એટલે ગુણોનાં બહુમાન, ગુણની ઓળખાણ વધે તો ગુણનો આદર ચોક્કસ વધે છે, ગુણનો આદર થયો એટલે આત્માનાં પાપો ઘટવા માંડે એ સ્વાભાવિક છે. જેમ અજવાળું આવે એટલે અંધકાર ચાલ્યો જાય છે, અને દિવસ ઉગવાની તૈયારી થાય, એટલે રાત્રી નાસવા માંડે છે. તેમ ગુણોના ઉદયથી દોષનો નાશ થવા માંડે છે. દોષનો નાશ એટલે જ પાપનો નાશ ગણાય છે.

આ '**एसो पंचनमुक्कारो**' ગાથાવડે અરિહંતાદિ પાંચે પદોની સમાનતા બતાવી છે. એટલેકે, '**नमो अरिहंताणं**' આદિ પાંચે પદોનું પૂજ્યપણું ન્યૂનાધિક નથી, પણ સમાન છે. એ વાત '**एसो पंचनमुक्कारो**' પદ વડે બરાબર સ્પષ્ટ થાય છે.

પ્ર૦—અરિહંતભગવંતો અને સિદ્ધપરમાત્માઓ સર્વ કર્મથી મુક્ત થએલા છે અને મહાઉપકારી છે. તેથી આચાર્યાદિ ત્રણ પદ થકી વિશિષ્ટ છે. એટલા જ માટે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ, તે બંને પદોના સેવક છે. અને જો એમ જ છે તો પછી પાંચેને અન્યુનાધિકપણે આરાધવા યોગ્ય કેમ ગણાય?

ઉ૦—કેવલ ભૂતકાળની દૃષ્ટિએ વિચારીયે તો, પાંચે પદોમાં અનંતાનંત મહાપુરુષો મોક્ષમાં ગએલા છે, કોઇપણ પ્રકારના ભેદભાવ વિના, લોકના અગ્રભાવ ઉપર રહેલા છે, અને અનંતચતુષ્ટયના ભોગી બનીને, બધા જ સમાનદશાને અનુભવી રહેલા છે. એટલે તેમનામાં કોઇ ઓછા-કોઇ વધુ, નાના-મોટા, સેવ્ય-સેવક છે જ નહિ. વળી અનંતા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ મોક્ષમાં ગયા છે. પાછળથી તેમની જ ઉપાસના કરીને અનંતાઆત્માઓ જિનેશ્વર થયા અને મોક્ષે ગયા.

છે. વળી શ્રીજિનેશ્વરો પોતે પણ 'નમોસિદ્ધાણં' પદ બોલીને સમવસરણમાં બેસે છે. માટે પાંચેને પૂજ્ય તરીકે સરખા માનવામાં કશો વાંધો જણાતો નથી.

એ જ પ્રમાણે ભવિષ્યમાં થનારા, પાંચપરમેષ્ટિભગવંતોને વિચારીયેતો, હાલમાં બધા જ ચારગતિમાં રહેલા હોવાથી બધાની સમાનતા છે. તેમાંના કોઈ સાધુ થઇને, કોઈ વાચક થઇને, કોઈ સૂરિ થઇને, વહેલા મોક્ષમાં જાય અને અરિહંત પ્રભુના જીવ હજી ચાર ગતિમાં ફરવાના હોયતો, વહેલો ગુણ પામેલો સાધુનો આત્મા, મોડા ગુણ પામનાર અરિહંત પ્રભુના આત્માને પણ, વંદનીક હોય છે. એટલે ત્રણેકાળના ગુણોને અભેદે વિચારતાં પંચપરમેષ્ઠિભગવંતોને નાના–મોટા ગણવાની જરૂર રહેતી નથી.

વળી વર્તમાનકાળના પંચપરમેષ્ટિભગવંતોને વિચારીયે તો પણ, વીશ અને ચઉવીશ જિનેશ્વરોના પરિવારભૂત અને પરંપરામાં થનારા સૂરિ, વાચક ને મુનિરાજો અસંખ્યાતા છે. તે સર્વના ગુણો અનંતા થાય છે, એટલે ગુણોની વિચારણાએ વર્તમાનકાળના પરમેષ્ઠિભગવંતોને સમાનભાવે પૂજ્ય માનવામાં કશો વાંધો નથી.

આ પાંચે પરમેષ્ઠિભગવંતોને કરાએલો નમસ્કાર તે વળી ત્રણે કાળની અભેદ વિચારણા કરીએ તો પણ, શ્રેણિક અને કૃષ્ણ–સુલસા–દેવકી વિગેરે તીર્થંકરના જીવો પણ વર્તમાન સાધુ–વાચક સૂરિને વાંદતા હતા. અને વર્તમાન સૂરિ–વાચક સાધુઓ **" जे अ अईआ सिद्धा जे अ भविस्संतिणागये काले "** ગાથા વડે ત્રણે કાળના તીર્થંકરો અને સિદ્ધને વંદન કરે છે.

માટે પાંચે પરમેષ્ઠિ ભગવંતો અભેદભાવે સમાન સમજવામાં કસો દોષ નથી જગતના બધા જ મંગળોમાં, પહેલા નંબરનું મંગળ છે.

આ જગતમાં અનેક પ્રકારનાં મંગળો થાય છે. જેમ કે પરદેશ જનાર મનુષ્ય, લાપસી, દહીં, ચોળા, સાકર, ગોળ, ધાણા વિગેરેનું મંગળ–શુકન કરીને જાય છે. પ્રાતઃકાળમાં દરેક મનુષ્યો મંગળ તરીકે પોતપોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરે છે, જૈનો, સોળ સતા–સતીઓનું, અથવા સોળસતીઓનું સ્મરણ કરે છે, કેટલાક લોકો સવારના પહોરમાં, ઉત્તમ મનુષ્યનું મુખ જુએ છે, પરદેશ જનાર મનુષ્ય, સૌભાગ્યવંતી અથવા કુમારીકા વિગેરેના શુકુનને મંગળ તરીકે ગણે છે; દુકાનદાર સૌ પ્રથમ ભોળા માણસથી વેપારની બોણી થાય, તેને મંગળરૂપ સમજે છે. જગતનાં આવાં બધાં જ મંગળોમાં, પંચપરમેષ્ઠિભગવંતોને કરાએલો નમસ્કાર પહેલા નંબરનું મંગળ છે.

પ્ર૦—ઉપર બતાવેલાં જગતભરનાં સર્વ મંગળોમાં આ પાંચનમસ્કારને પ્રથમનંબરનું મંગળ માનવાનું કારણ શું આવાં બીજાં કોઈ મંગલિકો છે જ નહિ?

ઉ૦—આ જગતનાં લૌકિક બધાં મંગલોમાં, કેટલાંક **તદ્દન જડ છે**, કેટલાંક **દોષોથી દૂષિત છે** અને કેટલાંક **વિસંવાદી છે**, જ્યારે આ પંચપરમેષ્ઠિમહામંત્ર જડ નથી, દોષથી દૂષિત નથી અને વિસંવાદી પણ નથી. માટેજ તેને સર્વમંગલોમાં પ્રથમ નંબરનું મંગલ માનવામાં આવ્યું છે, આ પંચપરમેષ્ઠિનું **સ્મરણ, જાપ** અને **ધ્યાન** ગુણની મુખ્યતાએજ કરાય છે. એટલે ઉપાસકને ચોક્કસ ફલ

આપનાર બને છે.

પ્ર૦—ઘણા મનુષ્યો નમસ્કારમહામંત્રનું સ્મરણ કરીને પોતાનું કાર્ય શરૂ કરે છે, છતાં તેનું કાર્ય સિદ્ધ થતું નથી અને કેટલીકવારતો લાભ થવાને બદલે નુકશાન પણ થાય છે એનું કારણ શું ?

ઉ૦—નમસ્કારમહામંત્રનો મંગલ તરીકે ઉપયોગ કરનારા જીવો બે પ્રકારના હોય છે. જે આત્માઓ સમજણ-ઉપયોગ અને વિધિપૂર્વક, નમસ્કારમહામંત્રનું આરાધન કરે છે, તેમને ચોક્કસ ફળ મળે છે. અને તેવા દાખલાઓ પણ ઘણા છે. અને જેઓ નમસ્કારમહામંત્રનું આરાધન, સમજણ ઉપયોગ અને વિધિ વગર કરે છે, તેઓ કશું ફલ પામી શકતા નથી. ફળ ન મળે તેમાં નમસ્કારમહામંત્રનો ગુન્હો નથી, પણ આરાધકના અવિવેકનો જ દોષ છે. જેમ સોટકા રામબાણ દવા પણ વિવેક અને વિધિથી ન સેવાય તો, રોગ ન મટાડે એ બનવા યોગ્ય છે, અને તેથી તે ઔષધિનો—દવાનો દોષ માનવો તે વ્યાજબી નથી, પરંતુ દવા સેવનારના અવિવેકનો જ દોષ છે.

પ્ર૦—આ નમસ્કારમહામંત્રમાં તો એકલા જૈનોના જ દેવ અને ગુરુઓનું વર્ણન કરવામાં આવ્યું છે. પરંતુ ઇતરના દેવોનું કે ગુરુઓનું વર્ણન કેમ નથી ?

ઉ૦—રાગ, દ્વેષ અને અજ્ઞાનતા આ સંસારરુપી મહામહેલના મહાસ્તંભ છે, એ જ્યાં સુધી આત્મામાંથી નાશ ન પામે ત્યાં સુધી, આ સંસારના દુઃખોનો નાશ થાય નહિ, અને મુક્તિ મળે નહિ. માટે દુઃખનો નાશ અને સુખના (મુક્તિના) અર્થી મનુષ્યોએ રાગદ્વેષ અને અજ્ઞાનતાનો નાશ કરવા પ્રયત્ન કરવો જોઈએ. આ રાગદ્વેષ અને અજ્ઞાનતાને જે જીતે તે જિન કહે-

વાય છે. આ જિનના જે ઉપાસક હોય તે જૈનો કહેવાય છે.

રાગ, દ્વેષ અને અજ્ઞાનતાનો નાશ થવા માંડે એટલે, બીજા ઘણા દોષો નાસવા માંડે છે. અનુક્રમે ઉપાસક આત્મા, રાગ, દ્વેષ અને અજ્ઞાનતાનો નાશ કરી, જિન બનીને મોક્ષમાં ચાલ્યો જાય છે, આથી જે કોઈ મનુષ્યને, પોતાના ભલાની ભાવના હોય તેણે, રાગ, દ્વેષ અને અજ્ઞાનતાનો નાશ કરવાના પ્રયાસો કરવા જોઈએ. રાગ દ્વેષ અને અજ્ઞાનતાના નાશના અર્થી મનુષ્યને, રાગ, દ્વેષ વગરના મહાપુરુષ ઉપર, આદર પણ પ્રગટ થવો જોઈએ, એટલે જેને દુઃખોના નાશની ભાવના હોય તેઓ, રાગ, દ્વેષ અને અજ્ઞાનતાના નાશની ભાવનાવાળા હોય જ, અને જે રાગ, દ્વેષ અને અજ્ઞાનતાના નાશની ભાવનાવાળા હોય, તેઓ બધા જ, અર્થથી જૈન જ કહેવાય છે, તેમને રાગ, દ્વેષ વિગેરે સમગ્ર દોષોનો જેમણે નાશ કર્યો હોય તેવા, અરિહંત પરમાત્મા વિગેરે પાંચ પરમેષ્ઠિભગવંતો ઉપર, પૂજ્યબુદ્ધિ પ્રગટ થાય તે સ્વાભાવિક છે.

અન્ય દર્શનકારોએ માન્ય કરેલા, અને જગતની અંદર પૂજાઈ રહેલા, દેવો અને ગુરુઓમાંથી જો સંસારની વૃદ્ધિનું કારણ, રાગ, દ્વેષ અને અજ્ઞાનતા સર્વથા ક્ષય થઈ ગયાં હોય તો, તેમનો ઉપર બતાવેલા પરમેષ્ઠિભગવંતોમાં સમાવેશ થઈ જતો હોવાથી, તેમને પણ ચોક્કસ નમસ્કાર થાય છે. એટલે શ્રીજિનેશ્વરદેવના શાસનમાં, પંચમહાપરમેષ્ઠિભગવંતોનું અથવા દેવ, ગુરુ અને ધર્મનું એવું સુંદર લક્ષણ બતાવ્યું છે કે, **પૂર્વગ્રહ વગરના, અપક્ષપાતી, બુદ્ધિમાન-વિચારકને,** તેમના પ્રત્યે સદ્‌ભાવ પ્રકટ થયા વિના રહે નહિ.

પ્ર૦—દુનિયાના બીજા બીજા દર્શનકારોએ દેવ, ગુરુ

અને ધર્મ માટે જે જે વિચારો બતાવ્યા છે, તેનાથી શ્રીજૈન-દર્શનના દેવ-ગુરુ-ધર્મનું સ્વરુપ તદ્દન જુદું પડી જાય છે, એનું શું કારણ ?

ઉ૦—દેવ, ગુરુ અને ધર્મની **ઉપાસના, સેવા, કીર્તન, પૂજન** વિગેરે કરવાનું કારણ શું ? એના જવાબમાં એ જ ઉત્તર મળશે કે, 'દુઃખ નિવારવા માટે અથવા સુખ મેળવવા માટે' હવે આપણે જો બરાબર વિચાર કરીએ તો ચોખ્ખું સમજાશે કે,

"કામ-ક્રોધ-મદ-લોભકી, જબ લગ ઘટમેં ખાન ।
તબ લગ પંડિત મૂર્ખ હી, સબહી એક સમાન ॥૧॥"

જે દેવો પોતે કંચન અને કામિનીમાં ઘેલા બન્યા હોય, જેઓ ક્રોધ, માન, માયા અને લોભથી ભરેલા હોય, જેમનામાં હિંસા, જુઠ, ચોરી, મૈથુન અને મમતા ઠાંસીઠાંસીને ભર્યાં હોય, તેઓ પોતે જ જ્યાં ચારગતિ અને ચોરાસીલાખ યોનિમાં ભટકવાના છે. ત્યાં ઉપાસક એવા આપણું તેઓ શું ભલું કરી શકે ? જે પોતે કેદમાં પુરાયો હોય, તે બીજાને શી રીતે છોડાવે ? જે પોતે વજ્રની સાંકલથી બંધાયા હોય, તે બીજાને શી રીતે છુટા કરી શકે ? જેઓ પોતે જ માર્ગ ભૂલી ગયા હોય, તે બીજાને સાચો રસ્તો કેમ બતાવી શકે ? જેઓ પોતાનાં દૂષણો બંધ કરી શકતા નથી, તે બીજાને કેમ બંધ કરાવી શકે ? જેઓ પોતાની નાડી જોઈ કે સમજી શકતા ન હોય, તેઓ પારકી નાડ કેમ પીછાની શકે ? જેઓ પોતાને તારવાને અસમર્થ હોય, તે આશ્રિતોને કેવી રીતે તારી શકે ? એજ પ્રમાણે જે દેવો અને ગુરુઓ પોતે, પોતાનાં પાપાચરણો છોડી ન શકયા હોય, તે સેવકોનાં કેમ છોડાવી શકે ? અને

પાપાચરણો બંધ ન થાય તો દુઃખો પણ બંધ ન જ થાય. એ કારણથી કહેવાયું છે કે,

"પામ્યા જે વીતરાગતા, આરાધે વલી જેહ;
આપે જે વીતરાગતા, સાચા તારક તેહ. ૧
અરિ અભ્યંતર ક્ષય થયા, ક્ષય કરવા મથનાર;
ક્ષય થાએ જેના થકી, તે ભવતારણહાર. ૨
દેવ નમું વીતરાગને, ગુરુ વીતરાગ થનાર;
ધર્મ કથિત વીતરાગનો, ભવજલ તારણહાર. ૩

આથી સમજી શકાશે કે, જૈનધર્મના દેવ, ગુરુ અને ધર્મ તે કોઈ એક વ્યક્તિના કે અમુક વ્યક્તિઓના જ તારક નથી, પરંતુ જેમને ગુણની જરૂર હોય, અને દોષોથી મુક્ત થવાની ઇચ્છા હોય, તેવા જગતભરના દેવ, મનુષ્ય કે પશુ ગમે તે હોય તે સર્વના તારક છે.

પ્ર૦—વીતરાગો જગતને તારી શકે છે, અને જગતના બીજા દેવો તારી શકે નહિ. એનું શું કારણ?

ઉ૦—જેમ કાષ્ટની નૌકા-વહાણ પોતે તરે છે, અને આશ્રિતોને તારી શકે છે. અને પત્થરની નાવડી પોતે તરવા સમર્થ નથી, તેથી બીજાને પણ તારી શકતી નથી. તેમ શ્રીવીતરાગો કર્મના ભારથી મુક્ત થયા હોવાથી, પોતે તરી શકયા છે, અને બીજાને તારી શકે છે. અને બીજા દેવો, કર્મના ભારથી ખૂબ જ ભારે થએલા હોવાથી, અને પૈસો, પત્નીઓ તથા પરિવારમાં ખૂંચી ગએલા હોવાથી, પોતે તરી શકતા નથી. માટે આશ્રિતોને પણ તારી શકતા નથી.

પ્ર૦—દેવો અને ગુરુઓ કહે તે કરવાનું કે કરે તે

કરવાનું ? જો તેઓ કહે તે કરવાનું હોય તો, તેઓ ગમે તેમ વર્તે, એ આપણે જોવાની શી જરૂર ? તેમનો બતાવેલો ધર્મ-માર્ગ આપણે આદરવો એ જ વ્યાજબી છે, અને એ કરે તેમ કરવાનું હોય તો આપણું કલ્યાણ કેમ ન થાય ?

ઉ૦—દેવો અને ગુરુઓ કરે તે આપણે કરવાનું નહિ, પરંતુ કહે તે જ કરવાનું. પરંતુ એટલું ચોક્કસ છે કે, આચાર વગરના દેવો કે ગુરુઓ, તદ્દન નિષ્પાપ બોલી કે ઉપદેશી શકે નહી, અને ઉપદેશ આપે તો, તેમની છાપ પણ પડે નહી, માટે જ દેવો અને ગુરુઓ પ્રથમ પોતે શુદ્ધ, નિર્મલ અને પવિત્ર બને, અને પછી જ ઉપદેશ આપે એ વ્યાજબી છે.

શ્રીવીતરાગદેવો, અને તેમના શિષ્ય-પ્રશિષ્યો બીલકુલ નિર્મલ બનેલા હોવાથી, તેમના આશ્રીતો પણ દોષ વગરનું આચરણ આચરનારા હોય. તે વાત યુક્તિ-યુક્ત જ છે. માટે જ બુદ્ધિમાન મનુષ્યોએ દેવગુરુ અને ધર્મનું સ્વરૂપ સમજીને પછી જ તેમનો આદર કરવો જોઈએ. તે કારણથી અમે અમારા આ નાનકડા પુસ્તકમાં, ગુરુ કૃપાથી મળેલ, અમારા અનુભવ અનુસારે શ્રીપંચપરમેષ્ઠિ મહા-મંત્રને, બનતી રીતે સમજાવવા ઉદ્યમ કર્યો છે. પંચપરમેષ્ઠિ-મહામંત્રને સમજવાથી દેવ-ગુરુ-અને ધર્મ આ ત્રણે બરા-બર સમજી શકાય છે.

પ્ર૦—આ પંચપરમેષ્ઠિમહામંત્રમાં પેલા અને બીજા પદથી દેવની ઓળખાણ અને ત્રીજા, ચોથા અને પાંચમા પદથી ગુરુની ઓળખાણ બતાવી છે, આ વાત બરાબર છે, પરંતુ ધર્મની ઓળખાણ આમાં કઈ જગ્યાએ આવી ?

ઉ૦—આપણે જે પંચપરમેષ્ઠિભગવંતોનું સ્વરૂપ વિચાર્યું

છે. તેમાં તે પંચપરમેષ્ઠિભગવંતોનું અને તેમના ગુણોનું વર્ણન પણ આવેલ છે. તે જ ગુણોનું અપર નામ ધર્મ છે, દેવમાં દેવત્વ કે ગુરુમાં ગુરુપણું ગુણ વિના આવતું જ નથી, અને આવેલું ટકતું પણ નથી. **ગુણની સમજણ, ગુણનો રાગ,** અને **ગુણનો આદર** આ ત્રણ પ્રકારને જ **રત્નત્રયી** કહેલ છે. તે રત્નત્રયી પોતે જ વાસ્તવિક ધર્મ છે. પંચપરમેષ્ઠિભગવંતોમાં રહેલી રત્નત્રયી પરાકાષ્ટાને પામેલી હોય છે.

માટે જ આ પુસ્તકનું નામ **પંચપરમેષ્ઠિમહામંત્ર** યાને **જૈનધર્મનું સ્વરૂપ** એવું રાખવામાં આવ્યું છે.

ઉપસંહાર.

આ પુસ્તક લખવામાં બનતો ઉપયોગ રાખવા કાળજી સેવી છે, છતાં છદ્મસ્થદશા પોતે જ અજ્ઞાન અને પ્રમાદની ખાણ છે, તેથી મોટા શ્રુતધરોની પણ ક્ષતિ રહી જાય તો પછી મારા જેવા **અતિ અલ્પજ્ઞ** આત્માનું શું ગજું ? આ પુસ્તકના લખાણમાં, શ્રીવીતરાગદેવની આજ્ઞાવિરુદ્ધ, કાંઇ પણ લખાઇ ગયું હોય, તેની ચતુર્વિધ શ્રીસંઘ અને જગતભરના વિશેષજ્ઞ પુરુષો પાસે, ક્ષમા યાચું છું, અને આશા રાખું છું કે સહૃદય પુરુષો ઉપયોગપૂર્વક વાંચે, અને સાચી વસ્તુનો સ્વીકાર કરે, અને પોતાના આત્માના કલ્યાણપોષક બને એ જ અભ્યર્થના.

પુસ્તકના લખનાર ને, શ્રોતા વાચક વર્ગ;
સમજી શાસન જિનતણું, શિઘ્ર લહો અપવર્ગ.

सर्वमंगलमांगल्यं, सर्वकल्याणकारणं ।
प्रधानं सर्वधर्माणां जैनं जयति शासनम् ॥ १ ॥

शिवमस्तु सर्वजगतः

પરિશિષ્ટ ૧ લું

નમસ્કાર મહામંત્ર પ્રભાવદર્શક કથાઓ

[**પંચપરમેષ્ઠિ મહામંત્ર**-યાને **જૈનધર્મનું સ્વરુપ**

આ પુસ્તકમાં-નમસ્કાર-મહામંત્રનું મહાત્મ્ય સૂચક કેટલીક કથાઓ-બતાવી છે. તોપણ આચાર્યપુરંદર-કર્મગ્રન્થાદિ અનેક પ્રકરણ ગ્રન્થપ્રણેતા. પ્રભુ શ્રીમહાવીરસ્વામીની ૪૫ મી પાટને શોભાવનારા. મહાતપસ્વી ત્યાગી-સાઠબાર-વર્ષ આચામ્લ-તપ આરાધક આચાર્યદેવ શ્રીમદ્ **જગચ્ચંદ્રસૂરિ**મહારાજના પટ્ટધર, શ્રીમદ્ **દેવેન્દ્રસૂરિ**મહારાજ પ્રણીત **બૃહદ્વૃત્તિ** અન્તર્ગત, નમસ્કાર મહામંત્ર ચમત્કાર સૂચક, રાજસિંહ રાજા અને રાણી રત્નવતી વિગેરે કથાઓ, શ્રદ્ધાલુ વાચકવૃન્દને, જરૂર શ્રદ્ધા વૃદ્ધિનું કારણ થશે, એમ જાણીને આંહી બતાવાય છે]

રાજસિંહનરપતિ કથા પ્રારંભ

શોલ લાખ યોજન વિસ્તારવાલા, **પુષ્કરવરદ્વીપાર્દ્ધ**ના ભરતક્ષેત્રમાં, ઋદ્ધિ-સિદ્ધિ સંપૂર્ણ, **સિદ્ધાવટ** નામનું મધ્યમ-કક્ષાનું એક ગામ હતું. ત્યાં કોઈક વખત ઘણા શિષ્ય સમુ-દાયથી પરિવરેલા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપની ખાણ જેવા, **સુવ્રત**નામા, આચાર્ય ભગવાન પધાર્યા હતા. ત્યારે વર્ષાકાળ બહુ નજીક હતો. અને વળતા દિવસે ખૂબ જોરદાર મૂશળધાર વર્ષા શરૂ થઈ ગઈ, પાણી અને વનસ્પતિથી ભૂમિ ભરાઈ ગઈ. વીતરાગના મુનિરાજોના વિહાર અટકી ગયા. તેથી ગામના મુખ્ય માણસોને બોલાવીને, મુનિસમુદાયને ચારમાસ સુધી વસવા યોગ્ય નિર્દોષ વસતિની યાચના કરી.

મહામુનિરાજોના ત્યાગ-તપ-આચાર-વિચાર જોવાથી.

આકર્ષાઈને, ગામના આગેવાનોએ, બધા મુનિપ્રવરોને, સંયમ અને સ્વાધ્યાયનો નિર્વાહ થઈ શકે તેવું, સુંદર નિર્જીવ નિર્વિઘ્ન સ્થાન રહેવા આપ્યું અને આચાર્ય ભગવન્તે પરિવાર સહિત, ગ્રામાધ્યક્ષો પાસેથી મળેલા સ્થાનમાં નિવાસ કર્યો.

આચાર્ય ભગવંતના પરિવારમાં કેટલાક મુનિરાજો-છઠ્ઠના પારણે છઠ્ઠ, અઠ્ઠમના પારણે અઠ્ઠમ, અઠ્ઠાઈના પારણે અઠ્ઠાઈ, પક્ષના પારણે પક્ષ, એમ માસ, દોઢમાસ, બેમાસ, અઢીમાસ, ત્રણમાસ, અને ચારમાસ સુધીના તપકરનારા ઘણા મુનિરાજો હતા.

વીશસ્થાનક તપ, આચામ્લવર્ધમાન તપ, કનકાવલિ, મુક્તાવલિ, સિંહનિક્રીડિત તપ, ગુણરત્નસંવત્સર તપ વિગેરે ઘણી જાતના, જુદા જુદા તપ આરાધક મુનિરાજો હતા.

વળી કેટલાક મહામુનિરાજો, ગુરુદેવમુખથી સૂત્રાર્થની આગમવાચના લેઈને, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા-સ્વાધ્યાયમાં દિવસો વિતાવીને દેવલોકનાં સુખનો સ્વાદ ચાખતા-સ્વાદતા હતા. કેટલાક મહામુનિરાજો, મોટો ભાગ કાઉસ્સગ્ગ મુદ્રાએ જ સ્વાધ્યાય અને ધ્યાન કરતા હતા. લગભગ બધા મુનિરાજો, બાવીશ પ્રકારના પરિસહો સહન કરવા સિંહ જેવા શૂરવીર હતા. તેથી આહાર પાણીની ઘણી સંકડાશેપણ, ચિત્તમાં અકળામણ કે ક્ષોભ અથવા દીનતા પેશી શકતી ન હતી.

આવા સિંહ સમાન મુનિઓના સમુદાયમાંથી, **દમસાર**-નામના એક મહામુનિરાજ, શ્રીગુરુદેવની આજ્ઞા મેળવીને, અને ચારેમાસના ઉપવાસના પચ્ચખ્ખાણ લઈને, નજીકમાં રહેલા એક પર્વતની ગુફામાં જઈને, સ્વાધ્યાય અને ધ્યાન તત્પર આરાધનામાં સ્થિર થયા.

આવા પ્રદેશમાં પ્રાયઃ વનેચર મનુષ્યોનો જ વસવાટ હોય છે. તેવા ભિલ્લો–પુલિન્દો પ્રાયઃ શીકાર, ચોરી, કવચિત્ ખેતી વિગેરે કરીને, લગભગ આરંભ, સમારંભ, જીવહિંસા અનાચાર વિગેરે કરીને, મહામૂલ્ય મનુષ્યજન્મને, સર્વાંશ બગાડીને, અનેકભવો ચાલેતેવાં પાપનાં પોટલાં બાંધીને, કુગતિઓમાં ચાલ્યા જાય છે.

આવા પ્રદેશમાં વસવાટવાળા એક **પુલિન્દ્રયુગ્મની**; પ્રસ્તુત મુનિરાજ તરફ દૃષ્ટિ ખેંચાઈ અને મુનિમહારાજ પાસે જઈને ઊભા રહ્યા. મુનિરાજ કાઉસ્સગ્ગ ધ્યાનમાં હતા. ભિલ્લ–ભિલ્લડીએ, કેટલાક ક્ષણો, સુધી ઉભા ઉભા જોયા કર્યું. અને આરશની પ્રતિમા સમાન ધ્યાનસ્થમુનિરાજને જોવાથી, ભિલ્લના જોડલાને, આશ્ચર્ય સાથે આકર્ષણ પણ થયું. મુનિરાજનું ધ્યાન સંપૂર્ણ થયું ન હોવાથી મુનિશ્રી બોલ્યા નહીં. તેથી થોડા ક્ષણો થોભીને, બન્ને માણસ ચાલ્યાં ગયાં. પરંતુ આવા મુનિરાજ, આવો વેશ, આવો તપ, આ વનેચરોએ, જોયેલો ન હોવાથી, વારંવાર તેમને જોવા આવવાની તાલાવેલી જાગી. અને અવસર મલતો ગયો તેમ મહામુનિરાજને જોવા માટે આવતા રહ્યા. પરંતુ મુનિમહારાજતો જ્યારેજ્યારે જોયા ત્યારે, કાઉસ્સગ્ગમુદ્રામાં ઊભેલા હોય. આમથવાથી; ભિલ્લ–ભિલ્લડીના આશ્ચર્ય સાથે, આતુરતામાં પણ ઘણોજ વધારો થયો. આવા અધમકોટિના આત્માઓને પણ, ભાવિભદ્ર થવા સરજાયું હોય ત્યારે, અણ ચિન્તવ્યાં, ઉત્તમ કારણો, આપોઆપ ઉપસ્થિત થઈ જાય છે.

ભિલ્લ દંપતી વારંવાર મહામુનિરાજ પાસે ગમનાગમન કરતાં, અને આવા નિર્જન સ્થાનમાં, રાત અને દિવસ, સદંતર

ભોજન પાનનો ત્યાગ કરીને, ધ્યાનમુદ્રામાં ઉભેલા મુનિરાજને જોઈને, ભિલ્લ-ભિલ્લડીને અતિપ્રમાણ આકર્ષણ જાગ્યું. અને પોતાનાં રસોઈ પાણી ખાન-પાનના કાર્યથી પરવારી, બીજાં બધાં કામકાજ ભૂલી જઈ, મુનિરાજ પાસે જવાનું ચાલુ રાખ્યું.

બેચારદિવસો ગયા. એકવાર ભિલ્લદંપતિ મુનિવર પાસે જઈ બેસી ગયાં. આજે મુનિરાજને પણ ધ્યાનની પૂર્ણતા થઈ હોવાથી, કાઉસ્સગ્ગ પાર્યો, અને પાસે પડેલી એક પત્થરની શિલાનું પ્રમાર્જન કરી, મુનિરાજ બેસી ગયા. ભિલ્લ ભિલ્લડી, અનિમેષચક્ષુથી મુનિરાજ સામે તાકી રહ્યાં, અને મુનિરાજે પ્રસ્તુત નર-નારીને જોયાં. બન્ને આત્મા યોગ્ય હોવા જોઈએ, એમ મુનિરાજને વિચાર સ્ફુરણા થઈ. આંહી આવા સેંકડોની સંખ્યામાં વનેચર માણસો વસે છે, પરંતુ કોઈને આવી મુનિદર્શનની તાલાવેલી પ્રકટી નથી. ભાવિભદ્ર આત્મા હોય તેને જ, વીતરાગના મુનિરાજનો સમાગમ થાય છે, રાગ પ્રકટે છે, અને વારંવાર દર્શનની ઇચ્છા સ્ફૂરે છે.

તેથી આવા જીવને, શ્રીવીતરાગની વાણીમો સ્વાદ ચખાવવો જરૂરી છે. એમ વિચારીને, ભિલ્લયુગ્મને, બરાબર સમજાય તેવી ભાષામાં, તેવા આત્માઓને લાભ થાય તેવા શબ્દોમાં, અને તેવા જીવો પચાવી શકે તેવા વિષયોમાં, ઉપદેશ આપવા લાગ્યા. મુનિરાજનાં વચનો બંને જણને ખૂબ પસંદ પડ્યાં, બસ પછીતો વારંવાર બન્ને જણ આવવા લાગ્યાં અને મુનિરાજ પણ યથાવકાશ શ્રીજિનેશ્વરદેવોની વાણીનું પાન કરાવવા લાગ્યા. તેમાંપણ બીજા બધાપ્રકારોમાં વિશેષ રીતિએ, **પંચપરમેષ્ઠિનમસ્કારમહામંત્રનું** વ્યાખ્યાન

વધારે સંભળાવ્યું અને નમસ્કારનાં પદો અને તેનો ભાવાર્થ પણ ભણાવ્યો.

સાથોસાથ નમસ્કારમહામંત્રનો પ્રભાવ પણ સમજાવ્યો. ત્રણેકાળ અથવા સર્વકાળ, જાપ અથવા ધ્યાન વડે આરાધવાથી સંસારનાં બધાંદુઃખો, ભયો, આપત્તિઓ, મટાડીને, જન્મ-રોગ-શોક-વિયોગ-જરા અને મરણના ભયો પણ દૂર કરે છે. તેમ બરાબર સમજાવ્યું.

ભિલ્લ ભિલ્લડીને; મહામુનિરાજનો, તપ, ત્યાગ, વેશ, નિસ્પૃહતા, વિગેરે જોવાથી, કાર્મણ જેવું આકર્ષણ થયું હોવાથી, વચનોમાં પણ અપૂર્વશ્રદ્ધા પ્રકટી હતી, અને તેથી, જેમ બને તેમ, હિંસાદિ પાપો નહિ કરવાના વિચાર સાથે, **પંચપર-મેષ્ઠિમહામંત્ર**નું પણ ખૂબ જ આકર્ષણ થયું.

ચતુર્માસ પર્યંત હંમેશ, મુનિમહારાજનાં દર્શન વંદન તથા વાણીશ્રવણ ચાલુ રહેવા સાથે, નમસ્કારના જાપમાં પણ ખૂબ જ શ્રદ્ધા વધવા પૂર્વક, જાપ પણ વધતો રહ્યો, ચોમાસું-વર્ષાકાળ પૂર્ણ થતાં, મહામુનિરાજ ગુરુદેવ પાસે ચાલ્યા ગયા. અને **સિદ્ધાવટગ્રામ**થી પણ, આચાર્યભગવાને, પરિવાર સહિત વિહાર કર્યો.

ભિલ્લદંપતીને, મુનિરાજનો વિરહ, વ્હાલા કુટુંબી-જનના વિયોગથકી પણ વધારે દુખદાયક થયો. મુનિરાજ વિહાર કરી ગયા પછી પણ બંને જણનો, નમસ્કારમહામંત્ર જાપ ચાલુ રહ્યો. નમસ્કાર જાપની મુખ્યતાએ, જીવન નિર્વાહ કરતાં આયુષ પૂર્ણ થતાં, બંને જણ સમાધિ સાથે, મુનિમહારાજનો ઉપકાર, તેમનો ત્યાગ અને તપસ્યા, સંભારતા કાળધર્મ

પામ્યા. અને

આ **જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં, મણિમંદિર** નામના નગરમાં ધીર, શૂરવીર, પ્રતાપી, ચંદ્રસમાન સૌમ્ય, **રાજમૃગાંક** નામનો રાજા રાજ્ય કરે છે. રાજાને રુપ-લાવણ્ય સૌભાગ્યાદિ ગુણની ખાણ, **વિજયા** નામા શીલાલંકારધારિણી પટ્ટરાણી છે. તેની સાથે વિઘ્નરહિત દેવ જેવાં સુખો ભોગવતાં, કેટલોક કાળ ગયા પછી, **દમસાર**મુનિનો સમાગમ પામી, નમસ્કારમહામંત્ર આરાધક, ભિલ્લનો જીવ મરણપામીને, વિજયારાણીની કુક્ષિમાં, શુક્તિમાં મોતીની પેઠે અવતર્યો. શુભ સ્વપ્નો અને ઉત્તમ દોહલાઓ, આવવાથી, રાજારાણી ઘણી જ પ્રસન્નતા અનુભવવા લાગ્યાં, અને સારા તિથિ-વાર-નક્ષત્ર-યોગ અને ચંદ્રબળ તથા બધાગ્રહો સારા હોયે છતે, કુમારનો જન્મ થયો, ગર્ભસમયે રાણીએ, સ્વપ્નમાં સિંહ જોયો હોવાથી, **રાજસિંહ** નામ આપ્યું. જ્ઞાન પ્રાપ્તિને યોગ્ય વય પામતાં, માતાપિતાએ, સારા અધ્યાપક રાખીને કુમારને બહોતેર કળાનો પારગામી બનાવ્યો, આબાજુ રાજમૃગાંક રાજાના **મતિસાર** મંત્રીના ઘેર પણ, ઉત્તમ સ્વપ્ન સૂચિત, પુત્રનો જન્મ થયો. તે પણ ઘણો તેજસ્વી અને બુદ્ધિશાળી હોવાથી, માતાપિતાએ **સુમતિ** નામ આપ્યું અને સમાનવય અને ગુણવાળો હોવાથી, કુમારનો મિત્ર થયો.

રાજકુમાર **રાજસિંહ** તથા મંત્રીપુત્ર **સુમતિ**, ધાર્મિક તથા વ્યવહારિક અભ્યાસ પૂર્ણ કરવા સાથે યૌવન વયને પામ્યા. એક દિવસ બંને મિત્રો ઘોડેસ્વારો થઈને, નગરની બહાર ઉદ્યાનો, સરોવરો, વાપી, વનરાજીઓને, જોતા છતા, એક અતિ ઘટાદાર

વૃક્ષની નીચે આવીને બેઠા, અને થોડીવારમાં એક મુસાફર આવ્યો. શ્રીવીતરાગશાસન પામેલો હોવાથી; વિવેકી પણ હતો. તેથી તેણે મોટાપુરુષ જાણી, રાજા સહકુમારને તથા મંત્રીકુમારને પ્રણામ કર્યા. કુમારે પણ આંગળીના ઇશારાથી પાસે બેસવા સૂચના કરી અને પ્રશ્ન કર્યો, કયાંથી આવો છો ? કોણ છો ? અને કયાં જઈ રહ્યા છો ? અને કાંઇ આશ્ચર્યકારી ઘટના દેખી હોય તે કહો. કુમારના પ્રશ્નો સાંભળી મુસાફરે જણાવ્યું કે, હું જાતે વણિક છું. ધર્મે જૈન છું. વળી હજારો નજૈમંદિરો અને પૌષધાગારોથી શોભાયમાન અને લક્ષ્મીદેવીને વસવાટ માટે ખૂબ જ ગમીગયેલું, **પદ્મપુર** નામનું નગર છે, ત્યાંથી આવું છું.

અને જ્યાં પહેલા જિનેશ્વર, **શ્રીઋષભદેવસ્વામી**, નવાણું પૂર્વવાર, સમવસર્યાહતા, જ્યાં પ્રભુજીના પહેલા ગણધર **પુંડરીકસ્વામી**, પાંચ ક્રોડ મુનિવરો સાથે અનશન કરીને, ચૈત્રી પૂર્ણિમાએ મોક્ષ પધાર્યા છે. વલી જ્યાં ભરત ચક્રવર્તીના પાટે થએલા અને અજિતનાથસ્વામી સુધીના, અસંખ્યાતા રાજાઓ મોક્ષ પધાર્યા છે. અને જે ગિરિરાજ ઉપર, આ અવસર્પિણી કાળમાં, અસંખ્યાતા ઉદ્ધાર થયા છે. અસંખ્યાતા જિનમંદિરો અને આદીશ્વરદાદાની પ્રતિમાઓ પણ અસંખ્યાતી બની છે. વલી અનંતાકાળથી અત્યારસુધી, અનંતાનંત મહામુનિરાજો કેવલજ્ઞાનપામી, મુક્તિમાં પધાર્યા છે, એવું જગતના સર્વ તીર્થોમાં ચક્રવર્તી સમાન, **શ્રીશત્રુંજયમહાતીર્થ** છે. ત્યાં યાત્રા કરવા જાઉં છું. અને આપે આશ્ચર્ય કાંઈ જોયું હોય તો કહો, તેના ઉત્તરમાં જણાવું છું કે,

પદ્મપુરનગરનો સ્વામી શત્રુસમાનપરાક્રમી **પદ્મચંદ્ર**

નામનો રાજવી છે. તે શત્રુઓ સામે સૂર્ય જેવો છે, સજ્જનો સામે ચંદ્ર જેવો છે, શૂરાશત્રુઓને પુંઠ દેખાડતો નથી. પરસ્ત્રીને મુખ દેખાડતો નથી. તેવા પદ્મસમાન નિર્મળ રાજાને, રાજહંસી જેવી, જેના બંને પક્ષ ઉજ્જ્વળ છે તેવી, સતીશિરોમણિ **હંસી** નામની પટ્ટરાણી છે.

રાજારાણીના ધર્મની મુખ્યતાએ અર્થ-કામ સેવનવડે, અતિઆનંદથી દિવસો વ્યતીત થાય છે. એવામાં, કોઈ એક ઉત્તમ રાત્રિમાં, ભિલડીનો આત્મા, નમસ્કાર મહામંત્રના તન્મય જાપથી, મહારાણી હંસીદેવીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. રાણીએ ઉત્તમ સ્વપ્ન અને ઉત્તમ દોહલા અનુભવ્યા. શુભદિવસે બાળાનો જન્મ થયો. અને **રત્નવતી** નામ આપ્યું. સુરગિરિ ઉપર કલ્પવલ્લિની પેઠે, વૃદ્ધિને પામતી બાળા, યૌવનવયને પામી. અન્તઃપુરની બહાર જવાનું જ ન હોય, એટલે પુરુષો તો તેણીનું દર્શન કરી શકે જ કેમ ? પરંતુ અંતઃપુરની રાણીઓ, ધાવમાતાઓ, વડારણો અને દાસીઓ, પણ કુમારીનું રૂપ જોઈને દીપક-પતંગ ન્યાયે ટગર ટગર જોયા જ કરે છે. અને કુમારીના રૂપ-લાવણ્ય-સૌભાગ્ય અને કલાઓનાં વર્ણન સાંભળી, નગરની અબળાઓ અને બાળાઓનાં ટોળાં મળીને કુમારીનાં દર્શન કરવા જાય છે. આખો દિવસ નારી વર્ગની ઠઠ જામેલી રહે છે.

કુમારી યૌવનવયને પામી એટલે, એકદા રાણીએ પુત્રીને શૃંગાર પહેરાવીને પિતા પાસે મોકલી. પિતાએ પુત્રીની સર્વાંગસુંદરતા જોઇ, પ્રધાનોને બોલાવી, પુત્રીનેયોગ્ય વરમાટે વિચારણા ચલાવી અને દેશોદેશના રાજાઓ અને રાજ-

કુમારોની છબીઓ મંગાવી, પરંતુ કુમારીને અનુરૂપ કોઈપણ રાજકુમાર હજીસુધી નક્કી થયો નથી. તેથી રાજારાણી અને પ્રધાનો ચિંતા સેવ્યા કરે છે.

આવા કુમારીરત્નમાટે વર શોધવાના વાતાવરણમય દિવસો જાયછે. તેટલામાં એક દિવસ રાજાની અભ્યંતર સભામાં, કુમારી રાજાના ખોળામાં બેઠી છે. તે સ્થાનમાં નટ લોકો નાટક કરવા આવ્યા, અનેક જાતના વેશો બતાવ્યા, પછી ભિલ્લ-ભિલડીના વેશમાં અભિનય બતાવવા લાગ્યા. તે વખતે કુમારી રત્નવતી નૃપતિની પાસે જ બેઠી છે. તેણીએ-રાજકુમારીએ ભિલ્લ-ભિલડીને, નાચ કરતાં જોયાં અને એકદમ મૂર્ચ્છા આવી. અને તુરત જ પિતાજીના ખોળામાં પડી ગઈ, થોડા ક્ષણોતો બધા જ (માતાપિતા વિગેરે સ્વજન-પરિવાર) ચિંતામાં પડી ગયા. પરંતુ તુરત જ બધાના આનંદ સાથે કુમારી સાવધાન બેઠી થઈ ગઈ. અને પિતાએ કુમારીને પ્રશ્ન પુછયો કે દીકરી! આમ એકદમ તને મૂર્ચ્છા આવવાનું શું કારણ? કુમારી રત્નવતીએ જણાવ્યું કે 'પૂજ્ય પિતાશ્રી! હું ગયા જન્મમાં, આ સન્મુખઉભેલી ભિલ્લડી જેવી જ, ભિલ્લડી હતી, મારો પતિ પણ ભિલ્લ હતો, અમારૂં જીવન પરસ્પર સ્નેહપૂર્ણ ચાલતું હતું, બાર ચૌદઆની વય ગયા પછી, એકવાર વર્ષાકાળમાં, ચારમાસના ઉપવાસી, જ્ઞાની મુનિરાજ પધાર્યા, અમને પામર જીવોને, તે મહામુનીશ્વરનાં દર્શનવંદન થયાં. દેશના-વાણી સાંભળી, અને ખૂબ ગમી ગઈ. તેથી અમે બન્ને જણે, જેમબનેતેમ હિંસા વિગેરે પાપ ન કરવાનો નિર્ણય કર્યો. વિશેષરીતેતો મુનિરાજ પાસેથી, નમસ્કારમંત્ર, રત્નની (પંચપરમેષ્ઠિ

નમસ્કાર) બક્ષીસ મલી. ઘણા આદરથી અમોએ, પંચપરમેષ્ઠિ-મહામંત્રનો અભ્યાસ કર્યો, અને રાતદિવસ બારેમાસ. સમજણ અને આદર પૂર્વક, નમસ્કાર મહામંત્રનો જાપ ચાલુ રાખ્યો. ચોમાસું પૂર્ણ થતાં મુનિમહારાજતો, અમોને મહામૂલ્ય મહામંત્રનું દાન કરીને, વિહાર કરી ગયા. પરંતુ પંચપરમેષ્ઠિ-નમસ્કારમહામંત્ર, અમને છોડીને, ક્ષણવાર પણ ગયો નહી, બસ એ નમસ્કાર મહામંત્રની એકાગ્રતામાં જ, મારૂં આયુષ પૂર્ણ થયું અને આવા મહાભાગ્યશાળી માતાપિતાના ઘેર, મારો જન્મ થયો, અને આજે આ ભિલ્લ-ભિલ્લડીનો વેશ જોવાથી મને જાતિસ્મરણજ્ઞાન થયું છે તેથી, સામે રહેલી વસ્તુની પેઠે, મને મારો ગયો જન્મ સાક્ષાત્ અનુભવાયો છે.

મારા કરતાં પણ ગયા જન્મના મારા પતિને, નમસ્કાર-મહામંત્રજાપની ઘણી તલાવેલી અને તન્મયતા હતી. તેથી તેઓ પણ જરૂર, આપના જેવા જ કોઈ મોટા રાજકુળમાં, જન્મ્યા હોવા સંભવે છે. અને તેથી હવે હું આપ સર્વ પૂજ્યવર્ગની સન્મુખ, એજ નિર્ણય ઉપર આવું છું કે, મારે મારા પૂર્વજન્મના પતિ સાથે જ પરણવું છે. તેઓ ન જ મલે તો, આ જન્મ બાલબ્રહ્મચારિણીદશામાં રહીશ, અને ધર્મધ્યાન નમસ્કારમહામંત્રનો જાપ કરીશ. આપ પૂજ્યો! હવે મારે માટે કશી મહેનત કરસો નહી. જે નમસ્કાર મહામંત્રના જાપથી, આવું મનુષ્યપણું, આવા સમૃદ્ધ રાજ્યકુલમાં જન્મ, આવાં વાત્સલ્યનિધાન માતાપિતા, અને બધા ઉપર શિખર સમાન જાતિસ્મરણ જ્ઞાન અને તેના પ્રતાપથી, શ્રીજનધર્મ પ્રત્યે તથા નમસ્કારમહામંત્ર પ્રત્યે પ્રક-

ટેલી અપૂર્વશ્રદ્ધા વિગેરે મલ્યું છે. તેથી હું ચોક્કસ માનું છું કે, નમસ્કારમંત્રની શ્રદ્ધાવાળા, ગયા જન્મના મારા પતિજ ચાલુજન્મમાં મારાસ્વામીથશે, આવો મારો આત્મવિશ્વાસ મને મક્કમતા આપે છે.

રાજકુમારી **રત્નવતી**ની આ વાત સાંભળી, રાજા **પદ્મસિંહ** અને રાણી **હંસીદેવી,** ખૂબ જ આશ્ચર્ય સાથે આનંદ પામ્યા, અને કુમારીની આ પ્રતિજ્ઞા પણ ઘણી જાહેર થવાથી, ઘણા રાજકુમારો પોતે ગયા જન્મમાં ભિલ્લ હતા, વિગેરે કલ્પિતવાતો તૈયાર કરીને આવી ગયા. પરંતુ સત્ય પાસે અસત્ય કેટલી વાર ટકે? બધાઓનું અસત્ય ખુલ્લું પડી જવાથી, વિલખા થઈને ચાલ્યા ગયા. અને હવે કુમારી પણ કોઈ પુરુષનું મુખ જોતી નથી, અને કોઇને રૂબરૂ મલવાની તકપણ આપતી નથી. તેથી રાજા-રાણી અને પ્રધાનવર્ગ બધા લોકો ચિન્તામાં પડી ગયા છે. કુમારીને પૂર્વજન્મનો પતિ કેમ મલે? અને કેવી રીતે મલે? એની જ વિચારણા ચલાવી રહ્યા છે.

શરૂઆતમાં કુમારીએ વચમાં પડદો રખાવી, આવનાર રાજકુમારોની વાતો સાંભળી, પરંતુ તેણીને બધા અસત્યભાષી સમજવાથી હવેતો મારે પરણવું જ નથી. મારે પુરુષોને સાંભલવા નથી, તેવાઓના ફોટાપણ જોવા નથી, આવી જાહેરાત કરી છે. હવેતો રત્નવતીને પુરુષ જાતી ઉપર ખૂબ જ અનાદર પ્રકટ થયો છે, તેથી ચોવીસે કલાક એકાન્તમાં નમસ્કાર-મહામંત્રનું ધ્યાન કરે છે.

મુસાફરનું ભાષણ ખૂબજ એકાગ્રતાથી, **રત્નસિંહકુમારે**

સાંભલ્યું. તેના પ્રત્યેક વાક્યોમાં કુમારને ઘણો જ રસ પડ્યો અને આખી વાત પૂર્ણ થતાં, કુમારને એકદમ મૂર્ચ્છા આવવાથી, તે જ વૃક્ષની છાયામાં, પથારી ઉપર પડી ગયા. મિત્ર અને મુસાફરના પવન વિગેરે ઉપચારોથી, કુમારની મૂર્ચ્છા વળી ગઇ, બેઠા થયા, ગયા જન્મનો ભિલ્લ-ભિલ્લડીનો ભવદર્પણમાં પ્રતિબિંબની પેઠે સાક્ષાત્ દેખાયો તેથી મુસાફરને ખૂબ ઈનામ આપી વિદાય કર્યો. અને પોતાના ગયા જન્મની આખી વાત મિત્ર સુમતિને સંભળાવી.

હવે આ બાજુ રત્નવતીની હકીકત સાંભળી તેના આગલા દિવસે, રાજસિંહકુમારના પિતા રાજમૃગાંક રાજાની સભામાં, નગરવાસી આગેવાન પુરુષોનો એક સમુદાય, રાજાને મળવા આવ્યો હતો. ભેટણું મૂકીને નૃપતિએ બતાવેલા ઉચિત સ્થાન ઉપર બધા બેસી ગયા પછી, બહુમાન પૂર્વક રાજાએ પ્રશ્નો પૂછવા માંડ્યા.

રાજા–કેમભાગ્યશાલિઓ ? બધી કોમના આગેવાનો લોગા મળીને, આવ્યા છો તો, શું કાંઈ આશ્ચર્ય જણાવવાનું છે ? મારી પ્રજાને શું કોઇ રાજકીય માણસનો કે ચોર–લુટારૂ–અનાચારી અધમમાણસ તરફથી ત્રાશ વર્તાવાય છે ? અથવા બીજું કોઈ પણ મહત્ત્વનું કારણ છે? જે હોય તે ભય કે સંકોચ લાવ્યા સીવાય તુરત જણાવો.

પ્રજાના આગેવાન નગરશેઠ—બાપુ ! મહારાજા રામચંદ્રના જેવું, આપનું પણ ન્યાયી રાજ્ય છે. આપ પૂછો છો તેવું કોઈ પણ દુખ પ્રજાને આવ્યું નથી. અને આપરાજવીની હયાતીમાં, આવવાનો ભય પણ નથી. પરન્તુ ખૂબજ હર્ષ

થવો જોઇએ, તેની જગ્યાએ, દુખનું કારણ એછેકે, રાજસિંહકુમાર, ભવાન્તરમાં કોઈ અજબ પુણ્ય કરીને જન્મ્યા છે. તેમનું રૂપ-લાવણ્ય સૌભાગ્ય અને ગતિ વિગેરે બધું આખા જગતને આકર્ષણ છે. તેથી જોકેકુમારપોતે જિતેન્દ્રિય હોવાથી, કોઈની પણ સામું જોતા નથી. પરંતુ નગરવાસી સ્ત્રીઓ અને બાળાઓ, કુમારના રૂપમાં પતંગની માફક, કુમારની સામુ જ જોયા કરે છે. અને કેટલીક સ્ત્રીઓ ઘરનાંકાર્ય બગાડીને, કુમારના ચાલવાના રસ્તા ઉપર આવીને ઊભી રહે-છે. વલી કુળની મર્યાદા અને પોતાની આબરુની અવગણના કરીને, કુમારની પાછળ ફર્યા કરે છે. ઘણું શું કહેવું ? નગરવાસી ખાનદાનકુટુંબની, આબરુ અને ઘરનાં કાર્ય બગડી રહ્યાં છે, માટે હે સ્વામિન્! કુમાર પોતે ગુનેગાર નથી તો પણ, કુમારનું સ્વેચ્છા નગર ભ્રમણ બંધ થાય તોજ, નગરવાસી મનુષ્યોનાં ઉંચાં થયેલાં અને ઉકળી ઉઠેલાં, ચિત્તને શાન્તિ મળશે.

નગરવાસીલોકોના ચિત્તની વેદના સાંભળી, રાજાને કુમારના આવા અદ્‌ભૂત પુણ્ય માટે ઘણુંજ માન થવા સાથે, વસતિના આવા દુઃખ માટે પણ, અતિપ્રમાણ ઉદ્વેગ=દ્વિલગિરિ થઈ, અને બીજા દિવસે કુમારને પાસે બોલવી, અતિવાત્સલ્ય-પૂર્વક, મસ્તક ઉપર હાથ ફેરવીને, મુખ ઉપર થોડો ગ્લાનિનો દેખાવ લાવીને કહ્યું, વ્હાલાપુત્ર! હમણાં હમણાં તારા શરીરમાં ઘણીજ દુર્બળતા આવી છે, તારા શરીરના ચહેરામાં ઘણીજ ફીકાસ દેખાય છે. માટે હમણાં તારે ફરવાનું બંધકરીને, થોડીવાર પણ અંતઃપુરની બહાર જવું નહી. નાગરિકોની ફરી-યાદની વાતોના અજાણ વિનીતકુમારે, પિતાની આજ્ઞા મસ્તકે

ચડાવી લીધી,

થોડા દિવસોમાં જ નાગરિકોની ફરીયાદની વાત, પોતાના મિત્ર સુમતિદ્વારા, રાજકુમારને સંપૂર્ણ જાણવા મલી ગઈ. અને વિચાર આવ્યો કે એક પાક્ષિક નાગરિકોના વચને, આવી રીતે કેદમાં પુરાઈને રહેવું તે પણ, મારા જેવા મહામાની માણસ માટે અસહ્ય ગણાય. તથાવળી રાજપુત્રી રત્નવતીના જાતિસ્મરણની અને પુરુષદ્વેષની પણ પરીક્ષા કરવા જવા ઈચ્છા છે. અને દેશાન્તર ફરવાથી મોટા લાભ છે.

पुण्यवत्त्वं गुणस्फूर्तिः न भाषादौ च कौशलं ।
देशान्तरं विना मित्र ! यियासुस्तदहं ततः ॥

અર્થ— ગમેતેવા મનુષ્યને પણ, બીજા બીજા દેશોમાં પર્યટન કર્યા સિવાય, પોતાના પુણ્યની પરીક્ષા થતી નથી, તથા અનેક ગુણિપુરુષોના પરિચયો પણ મલતા નથી, વળી જુદીજુદી ભાષાઓમાં કુશલતા આવતી નથી, માટે ઉપરના અનેક કારણોથી હે મિત્ર! દેશાન્તર જવા મારો વિચાર છે.

કુમારના અભિપ્રાયોમાં મંત્રિપુત્ર સુમતિ સંમત થવાથી, રાત્રિમાં, માતાપિતાદિ સ્વજન કે પરિજનને જણાવ્યા વિના, જરૂરી સાધનો સાથે લઇ, સુંદર શસ્ત્રોથી સજ્જ થઈ, બન્ને મિત્રો રવાના થયા. કેટલીક ભૂમિને ઉલ્લંઘન કરીને, એક દિવસ કોઈ મોટા વનમાં એક યક્ષના મંદિરમાં આવી બન્ને મિત્રો સુતા હતા, તેટલામાં કોઈ નજીકના પ્રદેશમાં, બહુ દુઃખી ભયભીત માણસનો શબ્દ સંભળાયો. અને કુમાર હાથમાં ખડ્ગ લઇને, અવાજની દીશામાં પહોંચી ગયો. ત્યાં એક મહાભયંકર રાક્ષસને, બગલમાં એક પુરુષને લઈને

જતો જોયો. અને કુમારે ખૂબ જ વિનયવાલી અને મધુર ભાષાથી કહ્યું, હે મહાનુભાવ ! ઉભા રહો અને આ સાધકને છોડી મુકો ? આ માણસે આપનો શું ગુંનો કર્યો છે. ? રોષનો ત્યાગ કરીને ઉત્તર આપો.

રાક્ષસ બોલ્યો કે ભાઇ મુસાફર ! આ માણસે પોતાની વિદ્યાવડે મને વશ કરવા ઉદ્યમ કરેલો હતો. હું પોતે સાત દિવસનો ક્ષુધાતુર હોવાથી, તેની પાસે મહામાંસની પ્રાર્થના કરી. પરંતુ આ માણસ આપી શક્યો નહી. અને હું ક્ષુધા સહન કરી શક્યો નહી, માટે તેને પોતાનું પેટ પૂરવા હું લેઇ જઉં છું. બોલ ભાઈ હવે એને કેમ છોડી શકું ? રાજસિંહકુમાર કહે છે. હે મહાનુભાવ ! આ માણસને છુટો મુકી દે હું તને મહામાંસ તારી ઇચ્છા પ્રમાણે આપીશ.

રાક્ષસે પ્રસ્તુત માણસને છુટો મુકી દીધો. અને કુમાર પાસે આવી ઉભો રહ્યો. બસ ભાઈ મારે તો મહામાંસથી જ પ્રયોજન છે. અને કુમારે પણ રાક્ષસનાં વચનો સાંભળી, પોતાના ખડ્ગવડે પોતાની જંઘામાંથી કાપી કાપીને, માંસના ટુકડા આપવા શરૂ કર્યા, ત્યાં તો પોતાના બે હાથ ઊંચા કરી રાક્ષસ ઘણો ખુશ થઇ, કુમારને માંસનો નિષેધ કરીને કહેવા લાગ્યો. પોતાના પ્રાણો વડે, બીજાના પ્રાણ રક્ષણ કરનાર હે સત્ત્વશાલિ તને હજારોવાર ધન્યવાદ હો. હું આવા તારા સાહસિકપણાથી ખૂબ જ પ્રસન્ન થયો છું. એમ કહીને દિવ્ય-શક્તિથી કુમારનું શરીર અક્ષત બનાવીને, ઘણી પ્રસન્નતા પૂર્વક કુમારને વર માગવા પ્રાર્થના કરી.

કુમાર કહે છે. હે રાક્ષસરાજ ! જો આપ પ્રસન્ન થયા

હોતો, સાધકની ઇચ્છા પૂર્ણ કરો ? રાક્ષસ કહે છે કે, તારાં વચનથી હું તેનું જરૂર ઇચ્છિત પૂર્ણ કરીશ, પરંતુ તારા જેવા ઉત્તમપાત્રને, મારે જરૂર કાંઇક આપવું જોઇએ. આવું કહી કુમારને, ચિંતામણિ રત્ન આપીને, રાક્ષસ ચાલ્યો ગયો. નમસ્કાર મહામંત્ર જાપના અંકુરા શરૂ થયા.

ભાગ્યશાળી વાચકો ! આપ સમજી શકો છોકે નમસ્કાર મહામંત્રની એકાગ્રચિત્તથી કરેલી આરાધનાનો, અજબ પ્રભાવ કેવો છે ? ક્યાં પાપમય ચિંથરેહાલ વનેચર ભિલ્લદશા ? અને ક્યાં વળતા ભવમાં તેજ નમસ્કાર મહામંત્ર જાપના પ્રભાવથી, મહાસમૃદ્ધ રાજાધિરાજના ઘેર અવતાર ? વળી પથિક મુખથી ગયા જન્મનો ચિતાર સાંભળવાથી, જાતિસ્મરણજ્ઞાનની પ્રાપ્તિ, દેશાટનની ઇચ્છા અને મુસાફરી, રસ્તામાં મહાભયંકર રાક્ષસના મુખમાંથી, મનુષ્યને બચાવવા સુધીનો મહા સાત્ત્વિક-ભાવ. નમસ્કાર મહામંત્ર મલ્યા પહેલાં, ભિલ્લનાભવમાં પોતાના પાપીપિંડને પોષવા, હજારો નિરપરાધ જીવોના પ્રાણોનોઘાત અને તેજ નમસ્કારમંત્રની પ્રાપ્તિ પછી, પોતાના પ્રાણો આપીને પણ રાક્ષસ પાસેથી, મનુષ્યને છોડાવવાની ગજબભાવના અને પરિ-ણામે પોતાનું શરીર અક્ષત થવા સાથે, અલભ્ય ચિન્તામણિ મહારત્નની પ્રાપ્તિ ? આ બધું નમસ્કારમંત્રના આરાધનનું ફલ સમજવું.

રાક્ષસના ગયા પછી કુમાર પણ પાછા વળી મિત્ર પાસે આવ્યા, અને મિત્રને જગાડીને, પોતનો રાક્ષસ સાથેનો સમા-ગમનો બધો વૃતાન્ત સંભળાવીને. બંને મિત્રો રવાના થયા. અને ઠામઠામ ચિન્તામણિ મહારત્નના પ્રભાવથી - દૈવીસુખોનો

અનુભવ કરતા, રત્નપુરગામના પરિસરમાં આવ્યા.

નગરની શોભા બહારથી પણ સ્વર્ગપુરીના જેવી હતી. બનવા યોગ્ય છે કે ચોથા આરામાં, **ધર્મ-ન્યાય-લજ્જા-દક્ષિણ્ય-શ્રદ્ધા-તપ-સંયમાદિ** ઉત્તમગુણોનો વાસ હતો, જ્ઞાની, અને ધર્મી મનુષ્યોના, સમાગમો મહ્યા કરતા હતા, **ગુણકીતપુણ્ય** અને **પુણ્યકીતલક્ષ્મી** ઉભરાતી હોય તેમાં આશ્ચર્ય શા માટે?

રત્નપુર નગરની બહાર જાણે નગરની લક્ષ્મીનો મુગટ હોયની? તેવું તદ્દન સુવર્ણનું. અતિમનોહર જનમંદિર હતું. તે જિનાલયના ગર્ભાગારમાં, મહાકિંમતી રત્નોની બનાવેલી, શ્રીજિનેશ્વરદેવની પ્રતિમા બિરાજેલી હતી. ખૂબજ ભાવથી દર્શન કરી સ્તવના કરી.

नेत्रे साम्यसुधारसैकसुभगे, आस्यं प्रसन्नं सदा,
यत्ते चाहित-हेतिसंहतिलसत्, संसर्गशून्यौ करौ,।
अङ्कश्च प्रतिबन्धबन्धूरवधूसम्बन्धवन्ध्योऽधिकं,
तद्देवो भुवने त्वमेव भवसि, श्रीवीतरागो ध्रुवं ॥१॥

અર્થ—હે શ્રીજિનેશ્વરદેવ! આપનાં બે ચક્ષુ સમતારસ-રૂપી જે સુધા=અમૃતની જાણે બે કૂપિકા હોયની એવાં સુંદર છે. અને આસ્ય=મુખ તો આપનું સદાકાળ એક સરખું પ્રસન્ન છે. (ક્યારે પણ વિકાર, ઉદાસીનતા, વિકરાળતા, જણાતી જ નથી) અને આપના બન્ને કર=હાથ (પ્રાણી માત્રને ભય આપનાર) હથિયારના સમુદાયથી રહિત છે. અને આપના ખોળામાં કે (આપના બન્ને પડખે) સ્વર્ગ અને અપવર્ગના સુખને અટકાવનાર અને સમગ્ર જગતને ફસાવનાર, એવી જે સ્ત્રી

તેપણ, બીલ્કુલ દેખાતી નથી, તેથી ખરેખર વીતરાગ અને આજ કારણથી સત્યદેવ આપજ છો.

ઉપર મુજબ સ્તવના કરીને, ચૈત્યની શોભા નિહાળી, બંને મિત્રો ખૂબજ ખુશી થયા. તેટલામાં કોઈ પૂજા કરનાર ભાઈ આવ્યા. તેમને જિનાલય બનવાનો અને બનાવનારનો ઇતિહાસ પૂછયો. તે ભાઈ કહે છે કે જો સાંભળવા ઇચ્છા હોય તો આ નજીકની પીઠિકા ઉપર બેસો. હું તમને બનેલી સત્યઘટના કહી સાંભળાવું છું.

શિવકુમારની કથા નમસ્કાર મહામંત્રનો સાક્ષાત્પ્રભાવ

આ રત્નપુરનામના નગરમાં, થોડા વર્ષો પહેલાં, મહા-ધનવાન, બુદ્ધિમાન, સુશ્રાવક યશોભદ્રનામનો એક વણિક હતો. તે શેઠને "અગ્નિનો દીકરો જેમ ધૂમ થયો" તેવો દ્યુતાદિ અનેક કુવ્યસનોનુ મંદિર, શિવનામનો પુત્ર હતો. તે કયારે પણ, પિતા વગેરે હિતકારીઓની શિખામણ સાંભળતો નહી. સારામાણસોની પાસે બેસતો નહી. સારા માર્ગે ચાલતો નહી. તેણે આખી જીંદગી પિતાની શિખામણ સાંભળી નહી. પરંતુ પિતાની લક્ષ્મી અને કીર્તિનો થાય તેટલો દુર્વ્યય કર્યો. પિતાએ પણ કંટાળીને તેને કહેવાનું બંધ કર્યું, અને શકય બધી આરાધના કરી, છેલા ટાઇમે, પિતાએ, તેને શિખામણમાં ફક્ત, એટલું જ કહ્યું કે હે પુત્ર! જો તું પુણ્યકળ દુઃખોમાં ઘેરાઈ ગયેલો પોતાને સમજે, ત્યારે શ્રદ્ધા અને એકાગ્રતાથી, પંચપરમેષ્ઠિમહામંત્ર=નમસ્કારમહામંત્રનું, જરૂર સ્મરણ કરજે. પિતાના અતિ આગ્રહથી તેણે, તે વાકય સ્વીકાર્યું. પિતાપણ આરાધના પૂર્વક મરીને, સ્વર્ગગામી થયા.

શિવકુમારે પણ પિતાની બધી મીલ્કત, પૈસાટકા–ઝવેરાત–સુવર્ણ–રૂપ્ય–વાસણ–વસ્ત્ર–રાચ–રચિલું ઘર–દુકાન વખારો–ક્ષેત્ર–વાડી બધું જુગારમાં અને વિટ=ભાર વેશ્યાઓના જલસા વિગેરેમાં, સાફ કરી નાખ્યું. એક દિવસ ખાવાનાં પણ ફાંફાં શરૂ થયાં, કહેવત છે કે—

"વસુવિના નરપશુ" લક્ષ્મી ગઈ તેથી સગા સંબંધીઓનો સાથ છુટી ગયો, હવે કોઈ ઘેર આવો ? એમ કહેવા પણ ખુશી નથી. દુકાનદાર દુકાન ઉપર ચડવા પણ ના કહે છે. જુગાર પણ પૈસાના અભાવે બંધ થઈ ગયો છે. પાઈ પૈસાના ચણા મમરા લેવાની સગવડ નથી. પહેરવાના વસ્ત્ર નથી, પાથરવા પથારી નથી. રહેવા, સુવા, બેસવા જગ્યા નથી; દુખની વાત કોઈ સાંભળનાર નથી. જ્યાં જાય ત્યાં અનાદર, અપમાન, અવહેલના, સીવાય બીજું કસું મલતું નથી, આવી દશામાં દિવસો સુધી લાંઘણો પણ થઈ જાય છે, ભીક્ષુકો થકી ભયંકર દિવસો શરૂ થયા છે. એવામાં એક ત્રિદંડી=બાવો ધૂર્ત, શિવકુમાર પાસે આવ્યો અને પુચ્છયું. હેવત્સ ! આવો હતાશ કેમ જણાય છે. શિવે પણ આપવિતિ બધી જ કહી સંભળાવી.

યોગી કહે છે. આમાં શું છે. હું કહું તે પ્રમાણે જો તું કરીશ તો, લક્ષ્મી તારી પગ ચંપી કરનારી બની જશે, વશીકરણ કરાએલી ઘરનીદાસી જેવી થઇને રહેશે, શિવકુમાર કહે છે. હે મહાત્મન્! તમે જેમ કહેશો તેમ કરવા હું, હમણાં જ તૈયાર છું.

યોગીનાં છળકપટ પૂર્ણ વચનોમાં, ભરમાએલો શિવ, યોગી સાથે વનમાં ગયો. અને યોગીએ પણ સાધના કરવાની

બધી સામગ્રી મેળવી, અને કૃષ્ણચતુર્દશીની રાત્રિએ, એક ઘોરવનમાં, નિર્જનસ્થાનમાં, એક કુંડ બનાવીને, શિવકુમાર પાસે એક અક્ષત મડદું મંગાવીને, મંત્ર સાધન યોગ્ય પુષ્પાદિ સામગ્રી પણ એકઠીકરીને, શવ=મડદાના હાથમાં એક તિક્ષ્ણ-ખડ્ગ આપ્યું, અને શિવકુમારને મડદાના પગ મશળવા બેસાડ્યો. અને દુષ્ટબુદ્ધિ યોગી, મંત્રજાપ કરવા લાગ્યો. આ વખતે થોડા ક્ષણો જો શિવકુમાર, સાવધાન થયો નહોત તો, યોગીના હસ્તે મંત્રપૂત તેલના કટાહમાં, તળાઈને, મરણપામવાનો હતો. પરંતુ ભાવિભાવના યોગથી, શિવકુમારની બુદ્ધિ ઠેકાણે આવી, અને વિચાર કરવા લાગ્યો. રાત્રિ અંધારી છે, સ્મશાન જેવું ભયંકર સ્થાન છે. અને અનેક કપટની ખાણસમાન, આ યોગી છે. મરવાના ક્ષણો નજીક આવી ગયા છે. તેથી હવે અવસાન વખતે પિતાએ આપેલ, નમસ્કારમહામંત્ર સંભાળું, કારણ કે આ યોગીની બધી જ, મને મારી નાખીને, પોતાનું કામ સાધી લેવાની તૈયારીઓ છે. હવે નાશવાનો સમય નથી. બીજું કોઇ સહાયક પણ નથી, માટે મહાઉપકારી નમસ્કાર મહામંત્રનું શરણુથાઓ.

આ પ્રમાણે પાકોનિણય કરી. વિહ્વળતા ત્યાગ કરી, મનને પણ ખૂબ મજબૂત બનાવીને શિવકુમાર નમસ્કારમહામંત્રનો જાપ કરવા લાગ્યો. આ બાજુ ત્રિદંડીના તીવ્રમંત્ર જાપથી શવ એકદમ ઉભું થયું, પરંતુ શિવકુમારના પંચપરમેષ્ઠિ મહામંત્ર જાપથી, પાછું ભૂમિ ઉપર પટકાઈ ગયું.

પરંતુ મડદાના પડિજવાથી, યોગીને બ્હેમ જરૂર પડ્યો, છતાં, શિવકુમારના જાપતરફ તેનું લક્ષ ગયું નહી,

અને ફરીથી સાવધાન પણે મંત્ર જાપ કરવા લાગ્યો. વારંવાર મંત્રપ્રભાવે મંડદું ઉભું જરૂર થાય છે. પરંતુ શિવનો અનર્થ કરી શકતું નથી. તેથી યોગી શિવકુમારને પુછવા લાગ્યો શું તું કોઈ મંત્રને જાણે છે.

શિવકુમારે મસ્તક ધૂણાવીને, પોતાને મંત્રની અનાવડત જણાવી. પરંતુ પોતાને નમસ્કાર મહામંત્રનો પ્રભાવ સમજાયો, શ્રદ્ધા મજબૂત થઈ, જાપ ચાલુ રાખ્યો. યોગી પણ સાવધાનપણે મંત્ર જપવા લાગ્યો. યોગી સ્વસ્વાર્થ સાધવા માટે, અને શિવકુમાર પોતાના રક્ષણ માટે, આ રીતે બન્ને જણા પોતપોતાના મંત્રોના જાપમાં તલ્લીન થયા હતા.

આ બાજુ યોગીના મંત્રનો અધિષ્ઠાતા દેવ, નમસ્કારમહામંત્રના જાપથી શિવકુમારનું અનર્થ કરવા સમર્થ થયો નહી, તેથી અને શિવકુમારના નમસ્કાર જાપના મહાપ્રભાવથી પરવશ થયેલો દેવ યોગી ઉપર ખૂબ ક્રોધાયમાન થઈને, મડદાના હાથમાં આપેલા ખડ્ગ વડે. યોગીનું મસ્તક કાપી નાખ્યું. અને ધડ ઉછળીને, કટાહમાં પડીને, સ્વર્ણપુરૂષ થઈ ગયો.

શિવકુમારે નમસ્કાર મહામંત્રનો પ્રભાવ સંપૂર્ણ જોયો. પોતાની આપત્તિ દૂર થઈ. સ્વર્ણ-પુરુષ સિદ્ધ થયો. તેને જમીનમાં દાટીને, દિવસના ઉગવાના વખતે ગામમાં જઈ, પોતાના નગરના અને દેશના માલિક, **દમિતારિ**રાજાને, પોતાનો, યોગિનો, રાત્રિનો અને નમસ્કારમહામંત્રનો, બધા બનાવો સત્યરીત્યા કહી સંભળાવ્યા. રાજાએ શિવકુમારની વાત સાંભળી. શિવકુમારની સત્યતા અને પંચપરમેષ્ઠિ મહામંત્રનો પ્રભાવ, સાંભળવાથી ઘણું આશ્ચર્ય થવા સાથે બહુમાન પણ થયું. અને

સુવર્ણપુરુષો શિવકુમારને આપી દીધો. સુવર્ણ પુરુષ આવવાથી, શિવકુમારની ગયેલી બધી લક્ષ્મી, સુખસામગ્રી અને આબરૂ, પાછાં આવી. ઘરમાં ભરાઈ ગયાં. અને પિતાની માફક શહેરમાં મોટો ધનવાન થઇ મહામાનવંતો બન્યો.

નમસ્કારમહામંત્ર અને શ્રીવીતરાગપ્રણીત ધર્મ ઉપર, ઘણી શ્રદ્ધાવૃદ્ધિ થઈ, દેવ-ગુરુ-ધર્મ-ઉપર બહુમાન જાગ્યું. તેથી તે શિવકુમારે પોતે જ, આ તદ્દન સુવર્ણનું, જિનાલય કરાવ્યું છે. આ જિનાલયમાં રત્નમયી જિનપ્રતિમા પણ તેમણે બેસારી છે. તેથી ગામ અને દેશમાં પણ નમસ્કારમંત્રનો પ્રભાવ વિસ્તારને પામ્યો છે.

રાજસિંહકુમારે સાંભળેલી શિવકુમાર કથા સંપૂર્ણ.

—※—

કુમાર અને મિત્ર સુમતિ બંને જણાએ, શિવકુમારનું કથાનક સાંભળી, ચાલુ ભવમાં જ નમસ્કારમહામંત્રના ફળનો સાક્ષાત્કાર જોઈ, ઘણા ખુશી થવા સાથે નમસ્કાર મહામંત્ર પ્રત્યે ઘણી જ શ્રદ્ધા ધરાવતા આગળ ચાલ્યા.

રાજસિંહકુમાર તથા મંત્રીપુત્ર સુમતિ. બંને જણા ચિંતામણિ મહારત્નના પ્રભાવથી, પોતાની ઇચ્છાનુસાર, ગમન, ભોજન, વસન, શયન, સદનાદિ, સામગ્રી મેળવતા, દેવકુમાર જેવા સુખમય સાધનો વડે કેટલાક દિવસો પછી, **પોતનપુર** નામના નગરે પહોંચ્યા, નગરની બહારની અને અંદરની શોભા જોઈ, તથા નગરવાસી નરનારીના રૂપ સૌભાગ્ય અને અભ્યુદય નીરખી ઘણા જ ખુશી થયા. અને નગરની મનોહરતામાં આકર્ષાયેલા. રાજપુત્ર અને મંત્રીપુત્ર બન્ને મિત્રો, નગરમાં

જિનચૈત્યો જુહારવાની ઇચ્છાવાળા થવાથી, કોઈક જાણીતા શ્રાવકને સાથે લઈ, દરેક પોળોમાં ફરીફરીને ચૈત્યો જુહારતાં, જિનાલયોનું આકર્ષણ ખૂબ થયું.

વળી પ્રત્યેક દેરાસરોમાં મહોત્સવો ચાલતા જોઈ ઘણું જ આશ્ચર્ય થયું. અને સાથેઆવેલા શ્રાવકને પૂછ્યું, કે આ મહોત્સવો શા કારણથી થઈ રહ્યા છે ત્યારે તે નગરવાસી શ્રાવકે જણાવ્યું કે.

શ્રી નમસ્કાર મહામંત્રનો ચાલુ ભવમાં જ સાક્ષાત્કાર પામતા ત્રણ શ્રી શ્રીમતી શ્રાવિકાની કથા

આ **પોતનપુર**નગરમાં, ધનવાન, જિતેન્દ્રિય, તથા શ્રાવકના આચાર-વિચારમાં ચતુર, **સુગત**નામના શેઠ રહે છે. તે શેઠના ઘેર સાક્ષાત્ શ્રી (લક્ષ્મી) પોતે જ બીજું રૂપ લઇને અવતરી હોય તેવી, કલા, રુપ, વિદ્યા, લાવણ્ય, સૌભાગ્યનું ધામ, **શ્રીદેવી** નામની પુત્રી છે. તેણી જીવાજીવાદિ તત્ત્વો સમજેલી હોવા સાથે હંમેશ સુગુરુઓના પ્રવચનો સાંભળવાથી અને નિરંતર સાધ્વીગણના સમાગમથી, શ્રીવીતરાગ શાસનના રહસ્યને પામેલી છે.

ક્રમેકરીને શ્રીદેવી યૌવનવયને પામી, તેણીને જિનાલય અને પૌષધશાળામાં હંમેશ જતી આવતીને જોઈ, ઘણા યુવાનો, તેણીના રુપમાં ભ્રમરની પેઠે આકર્ષાયા, અને તેમનાં માતા પિતા દ્વારા, શ્રીમતી માટે માગણીઓ આવવા લાગી, પરંતુ કોઇની માગણીનો સ્વીકાર થયો નહિ. કારણ કે પિતા ચુસ્ત જૈન અને વ્રતધારી શ્રાવક છે. તેથી અજૈનને પોતાની વ્હાલી પુત્રી કેમ આપે? તથા વળી કુમારીકા શ્રીદેવી પણ, જીવ,

અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ તત્ત્વોની, રહસ્યપૂર્ણ જ્ઞાત્રી હતી, સમકિત ધારિણી શ્રાવિકા હતી, તેણી અજૈનને મળવા પણ નારાજ હતી, તો પછી લગ્ન વિધિથી જોડાવા ખુશી હોય જ કેમ?

કન્યાના રૂપલાવણ્યની, જ્ઞાનગુણની અને ધર્મદૃઢતાની, વાતો આખા નગરમાં ફેલાણી હતી. એક દિવસ તેજ નગરમાં રહેનાર ખૂબસૂરત, શુભગાગ્રણી, તથા મોટા ધનવાનના પુત્રે જિનાલય જુહારી ઘર તરફ જતી શ્રીમતીને જોઈ, સાથોસાથ સાંભળ્યું પણ હ કે. અજૈનને સુગતશેઠ પોતાની પુત્રી આપવા ખુશી નથી. અને શ્રીમતી પરણવા પણ ખુશી નથી. તેથી પ્રસ્તુત વણિકપુત્રે, શ્રીદેવીને પરણવાની લાલસાથી, જૈન મુનિઓ અને શ્રાવકોનો સંપર્ક સાધીને, સાચા શ્રાવકથી પણ વધી જાય તેવો, કપટ શ્રાવક થઈ, સુગત શ્રાવક પાસે પરીક્ષામાં પાસ થઈ, શ્રીમતીને પરણ્યો.

સાસરે ગયા પછી થોડા જ દિવસોમાં શ્રીમતીને સમજાઈ ગયું કે, આખું કુટુંબ મહામિથ્યાદૃષ્ટિ છે. તેથી તેમને જૈનધર્મ પ્રત્યે અપ્રમાણ શૂગ અને દ્વેષ છે. **ધર્માન્તર મહા ભયંકર વસ્તુ છે.** જગત્ આખું ગતાનુગતિકતાથી, ધર્મને સમજ્યા વગર, વિચાર કે પરીક્ષા કર્યા વગર, વંશ–વારસાગત આવેલા ધર્મને, પોતાનું સમજે છે. અને મજીઠના રંગની પેઠે, સર્વસ્વ અસ્થિ મજ્જા રંગાઈ જાય છે, અને સાથોસાથ બીજા ધર્મોને હલકા અને ખરાબ સમજે છે. ચિતરે છે. અને ઘણી ઘણી નિંદા પણ કરે છે, હજારો શાસ્ત્રો અને લાખો કે કોડો શ્લોકોના અભ્યસી પણ, **ઇન્દ્રભૂતિ, કુમુદચંદ્ર** અને **હરિભદ્ર**

જેવા બ્રાહ્મણો, ચૌદ વિદ્યાના પારગામી થવા છતાં પણ, મહા-મિથ્યાભરપૂર પોતાના ધર્મને વખાણતા હતા. અને સર્વજીવોની દયામય, સ્વર્ગાપવર્ગદાયક એકાન્ત ઉપકારી, શ્રીવીતરાગના ધર્મની નિન્દા જ કરતા હતા. ઉપરથી બીજા લોકોને પોતાના પક્ષમાં રાખવા કે ફસાવવા, શ્રીવીતરાગદેવોના ધર્મની પણ નિંદા, અહિલના ઠેકઠી કરવા ચૂકતા નહી.

"हस्तिना ताड्यमानोपि न गच्छेज्जैनमंदिरम्"

અર્થ—ગાંડો થયેલો હાથી સામેથી આવતો હોય તો પણ, જૈનધર્મસ્થાનમાં પેસવું નહી. આવાઓને લક્ષમાં રાખીને કલિકાલસર્વજ્ઞશ્રીહેમચંદ્રસૂરીશ્વરજીમહારાજ ફરમાવે છે કે.

कामरागस्नेहरागा-वीषत्करनिवारणौ ।
दृष्टिरागस्तु पापीयान्, दुरुच्छेदः सतामपि ॥१॥

અર્થ—કામરાગ-પત્ની ઉપરનો રાગ,સ્નેહરાગ માતા-પિતા પુત્ર-પુત્રી-ભગિની-ભાઈ-મિત્રો ઉપરનો રાગ. આ બન્ને રાગ હળદરના રાગ જેવા છે. એને મટાડતાં વાર લાગતી નથી. પરંતુ ત્રીજો દૃષ્ટિરાગ-પોતપોતાના માનિલીધેલા, વંશપરંપરાથી ચાલી આવેલા ધર્મ ઉપરનો રાગ, દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની શ્રદ્ધા, તે ગળીના રાગ જેવો હોવાથી ભલભલા, વિદ્વાનો પણ છોડી શક્તા નથી અર્થાત્ દૃષ્ટિરાગ જતો નથી.

અને તેથી ઈશ્વરને જગતનો કર્તા માને છે. ઈશ્વરજ સુખ દુખનો આપનાર છે. માટે ઈશ્વરનું ભજન કરવાથી, ગમે તેવાં હિંસા-જુઠ-ચોરી-પરદારસેવા-વેશ્યાભોગ જેવાં ભયંકર પાપ કરતાં પણ ડરવાની જરૂર નથી.

કોઈ વળી દેવી-દેવનાં બલિદાનમાં, જીવોને મારી નાખી

વામાં, ધર્મમાને છે. વળી કોઈ આખું જગત ક્ષણુવિનશ્વર હોવાથી, કોઈ કોઈને મારતું જ નથી. તેથી માંસ ખાવામાં પણ પાપ માનતા નથી. કેટલાક માનવ સેવા, તે જ પ્રભુ સેવા માનીને, માણુસોના ભલાની ખાતર, માણુસોની સગવડ પુરી પાડવા, હજારો, લાખો, ક્રોડો જીવોનાં, દિવસ ઊગે નાશ થાય તેવાં, કતલખાનાં વિગેરે ચલાવવામાં પણ પાપ સમજતા નથી.

આનું નામ જ દૃષ્ટિરાગ છે. આવા કુદેવ-કુગુરુ-કુધર્મમાં રંગાયેલું, શ્રીમતીનું શ્વસુરકુટુંબ, શ્રીમતીની પ્રત્યેક આરાધના ઉપર દ્વેષ કરે છે. નિંદા કરે છે. ગાળો પણ દઈ નાખે છે.

આવું બધું શ્રીમતીશ્રાવિકા હંમેશ દેખે છે. સાંભળે છે. પરંતુ તેમને કોઈને કસો જ ઉત્તર આપતી નથી. અને ઉત્તર આપવાથી લાભ પણ શું થવાનો હતો? કારણ કે તેઓ ઘણા—આખું કુટુંબ, આડોસી પાડોશી, બધા એક જ વિચારના હતા. એટલે મહાસતી **શ્રીમતી** મૌનાવલંબન કરીને જ, પોતાની આરાધના સવિશેષ કરતી હતી.

કારણ કે કાગડાઓના કાગારવ થતા હોય, ત્યાં કોયલ બીલ્કુલ મૌન સેવે છે. વળી કાંસીઓ અને નગારાં કુટાવાં શરૂ થાય, ત્યારે હારમોનીયમ મૌન ધારે છે. આ દાખલાથી, મહાસતી શ્રીમતી, ક્ષોભ પામ્યા સીવાય, પોતાની આરાધનામાં મક્કમતા વધારતી હતી. મહાપુરુષો ફરમાવે છે. કે—

सामग्गि अभावेवि, वसणेवि, सुहेवि, दुहेवि, तह कुसंगेवि।
जस्स न हायइ धम्मो, निच्छयओ जाण तं सद्धम् ॥१॥

મોટી આપત્તિ આવી હોય; ઘણું સુખ હોય અથવા

દુખ પણ રોગાદિ-કારાગાર આદિ ભાન ભુલા કરી નાખે તેવું હોય. ખરાબ સોબત હોય અથવા સામગ્રીઓનો અભાવ હોય. આવા સંયોગોમાં પણ, જેની ધર્મમાં ઢીલાસ ન આવે. સિથિલતા ન આવે, અનાદરકે ઉપેક્ષા ન થાય, તોજ તે મહા-ભાગ્યશાળી આત્મા, શ્રીવીતરાગદેવોના શ્રાવકપણાની લાયકાત-વાળો ગણાય છે.

આવાં આવાં પૂર્વપુરુષોનાં વાક્યો ધ્યાનમાં લાવી, મહાસતી શ્રીમતી, પોતાના નિત્યનિયમોને આચાર-વિચારોને, જરા પણ આંચ લાગવા દેતી નથી.

મહાસતી પોતાનો ધર્મ સામાયિક, પ્રતિક્રમણ, પૂજા આદિ સાચવવા છતાં પણ, કુટુંબનાં પોતાને કરવાનાં બધાં જ કામ, સમયસર આદર પૂર્વક બુદ્ધિપરોવીને કરે છે, તો પણ, સાસુ-સસરો અને નણદો મહાસતીને ભાંડવામાં કચાસ-આછાશ રાખતાં નથી.

મહાસતી એકમજુરણની માફક, ઘરનું કામ કરે છે, ક્ષણવાર વિસામો લેતી નથી. આખો દિવસ ઘરકામ કરીને થાકીને લોથપોથ થઇ જાય છે. તેનો કોઇને વિચાર આવતો નથી. પરંતુ આઠેપ્રહર સાઠે ઘડી, શ્રીમતીના ધર્માચરણનો દ્વેષ હુતાશણીના અગ્નિની પેઠે કુટુંબના ચિત્તમાં, વચનમાં અને શરીરમાં સળગેલો રહે છે.

મહાસતી શ્રીમતી, કુટુંબના આવા જોર જુલમ હોવા છતાં જરા પણ, ગભરામણ લાવ્યા સીવાય, પંચપરમેષ્ઠિમહામંત્ર નમસ્કારનો જાપ, ક્ષણવારપણ ભુલતી નથી. હાલતાં, ચાલતાં, ઊંઘતાં, બેસતાં, ભોજન કરતાં, કે ઘરનાં કામકાજ કરતાં, પણ

મનમાં નમસ્કાર મંત્રનો જાપ ચાલુ જ હોય છે.

કોઈવાર ગુરુદેવોના પ્રવચનોમાં સાંભળેલી, શ્રીવીતરાગ–દેવોની વાણી, પણ યાદ આવી જાય છે. એથી મનમાં થોડો ઘણો ઉદ્વેગ આવ્યો હોય, તે પણ શમી જાય છે. શ્રીજિનેશ્વરદેવો ફરમાવી ગયા છે કે, નારી જાતિ એટલે પરાધીનતાની પુતળી છે. અને પુરુષ જાતિની અપેક્ષા; અનંતગુણી પાપ રાશિનો ભોગવટો લેવા જન્મેલી છે. આગમોમાં ફરમાવ્યું છે કે

अणंता पावरासीओ, जया उदयमागया
तया इत्थीतणं पत्तं, समं जाणाहि गोयमा ॥१॥

પ્રાયઃ પુરુષોનો નારી પ્રત્યે સદ્‌ભાવ જ હોવો જરૂરી છે. **''पांचालः स्त्रीषु मार्दवम्''** આવું મોટા ભાગના મનુષ્યોમાં હોતું **નથી.** પરંતુ કૃતઘ્નતા પુષ્કળ દેખાય છે. જુઓ, ભોગના ભીખારી–મનુષ્યો વેશ્યાઓમાં લાખોની ક્રોડોની કે સમગ્ર લક્ષ્મીની બરબાદી સરજાવે છે. દાખલા તરીકે, શકડાલમંત્રિ પુત્ર **સ્થૂલભદ્ર;** રાજગૃહીના **કૃતપુણ્યશેઠ,** વણિકપુત્ર **ધમ્મિલ્લ-કુમાર, અનંગકુમાર,** વિગેરે સેંકડો દાખલાઓ સાહિત્યમાં દેખવામાં આવે છે. **પરસ્ત્રીમાં પૈસા પ્રાણ અને આબરૂ ત્રણે બરબાદ થાય છે.**

ઘર સાચવનાર મુનિમ, નોકર, પગાર લેછે. રસોઈ કરનાર રસોઈઓ પગાર લે છે. ઘરકામ કરનાર ઘાટી નોકર. પગાર લેછે, આનાથી ઊલટું ઘરનીપત્ની ભોગ આપે છે. અને પરિવાર વધારે છે, ધર્મ અને આબરુ વધારે છે, ઘર સાચવે છે, રસોઈ કરે છે. ઘરના બધા જ કામ સમયસર, રાતદિવસ ર્ક્યા જ કરે છે. આ બધી ફરજો બીચારી મફત

બનાવે છે. વધેલું ઘટેલું ખાય છે. લુગડા પણ મન પસંદ પહેરવા મલતા નથી. વિશ્વાસપૂર્વક મિલ્કત, રાચરચિલું, આબરૂ અને પરિવારનું રક્ષણ કરે છે. **કોઇકવિરાજ નારી જાતનું કાર્ય ગણાવે છે.**

शयोत्पाटन-गेहमार्जन-पयःपावित्र्य-चुल्लीक्रिया;
स्थालीक्षालण-धान्यपेषणकला गोदोहतन्मन्थने ः ।
डिम्भानां परिवेषणादि च तथा पात्रादिशौचक्रिया,
श्वश्रू-भर्तृ ननान्दृ-देवृविनयैः कष्टं वधूर्जीविति ॥१॥

અર્થ—સ્ત્રીઓ નિદ્રામાંથી જાગતી થાય, ત્યાંથી રાત્રિમાં સુઈ જાય ત્યાં સુધીનો કાર્યક્રમ નીચે મુજબ હોય છે. સૌ પ્રથમ ઊંઘમાંથી જાગેલાઓનાં, ખાટલા–ગાદલાં પથારી ઉપાડી ઠેકાણે મુકવી. પછી આખા મુકામમાંથી કચરો=ઝાડું કાઢવો, ચાપાણી તૈયાર કરવા, પાણી ગળવું, વાસી કામ કરવું, ગાયો, ભેંસો દોહવી, વલોણું કરવું, (જુના જમાનામાં હતું. હમણાં કયાંક કયાંક ગામડાઓમાં છે.) ઘરના માણસો પૂરતું દલણું દળવું, ઘરમાં હોય તેટલા માણસોને ચા, દુધ, નાસ્તા આપવા, તથા રાંધણ જમણનાં ભાજનો સાફ કરવાં, રસોઈ–દાળ–ભાત શાક–રોટલી વિગેરે તૈયાર કરવાં, ઘરના માણસો બધાં જમ્યા પછી જમવું, પાછાં બધાં ભાજનો ધોવાં, ઉટકવાં, સુકવવાં, બાળકોનો નવડાવવાં, તેમનાં વસ્ત્રો શુદ્ધ કરવાં, ઘઉં, ચોખા વિગેરે સાફ કરવા, વળી સાંજની રસોઈ કરવી, જમાડવાં, વાસણો ચોખ્ખાં કરવાં, પથારી કરવી, વધારામાં સગાં–વ્હાલાં મેમાન–પરોણાઓની સારવાર કરવી. ઉપરાંત સાસુ–સસરા–સ્વામી–નણંદ–જેઠ–જેઠાણી–દિયર વિગેરેના વિનય કરવા, મનસાચવવાં, આવાં,

અને આટલાં બધાં કામ કરવા વડે, બીચારી વહુ, કષ્ટ પૂર્વક દિવસો વિતાવે છે. તો પણ પતિ વિગેરે, બીચારીને હેરાન કરવામાં કમીના રાખતા નથી.

આપણી કથાનું પાત્ર શ્રીમતી, મહાસતી છે. ઘણી જ બુદ્ધિમતી છે, વિનયવતી છે, અવસરની જાણ છે, ઉચિતને સમજનારી છે. તો પણ સાસુ-સસરા-નણંદ તેણીને વારંવાર ધર્મદ્વેષથી હેરાન કર્યા કરે છે. ધર્મનો દ્વેષ, ધર્મ આરાધનારી વહુ ઉપર ઉતર્યો હોવાથી, ઘરનાં લોકો કહે છે કે.

અમારા ઘરમાં રાગદ્વેષ વગરના, શાપ-અનુગ્રહ ન કરે તેવા, દેવનું નામ પણ ન જોઈએ. વળી મેલાં વસ્ત્રો પહેરનારા, દંતધાવન અને સ્નાન કયારે પણ નહી કરનારા, ગુરુઓ અમને ન જોઈએ. તથા વળી આ ન ખવાય; આ નપીવાય, આમ ન કરાય, આંહી જવાય, આંહી ન જવાય, આવો ઝીણી જીવદયાવાળો ધર્મ અમારે ન જોઈએ.

આવી રાત-દિવસ કુટુંબની શિખવણીથી, શ્રીમતીના સ્વામીનેપણ, શ્રીમતી ઉપર ઘણો જ દ્વેષ થયો, અને કુટુંબની શિખવણીથી, શ્રીમતીને મારી નાખી બીજી સ્ત્રીને પરણવાના વિચારો કરવા લાગ્યો. એના પરિણામ રૂપે, કોઈક ગારૂડીક મારફતે, દ્રવ્ય આપીને, અરણ્યમાંથી, એક સર્પ મંગાવી, મોટા ઘટ=ઘડામાં મુકાવી, ઉપર ઢાંકણું વસાવ્યું, અને શ્રીમતીને આજ્ઞાકરી કે, અમુક ઓરડામાં, અમુક ખુણામાં, ઢાંકણું ઢાંકેલો ઘડો પડ્યો છે, તેમાં તાજાં લાવેલાં ફુલોની માળા છે, તે તું લઈ આવ અને મને આપ.

શ્રીમતી મહાસતીનો સર્વકાળ, માનસિક વ્યાપાર, પંચ-

પરમેષ્ઠિમહામંત્ર નમસ્કાર જાપનો જ હતો, તેથી છીંક આવે; ખાંસી–બગાસું આવે, તોપણ **'નમોઅરિહંતાણં'** પદનો ઉચ્ચાર થઈ જાય. બીજાં પણ પ્રત્યેક કામોમાં, પ્રત્યેક ક્ષણોમાં, અંધારામાં, ચાલતાં કે અજાણી–અદેખાતી વસ્તુમાં પગ મુકતાં, કે હાથ ઘાલતાં, નમસ્કાર મહામંત્ર **જાપ** ચાલુ જ હોય.

સ્વામીની આજ્ઞા પામીને, મહાસતી શ્રીમતી ફુલોની માળા લેવા ગઈ. નમસ્કાર મંત્રના જાપ પૂર્વક ઢાંકણું ઉપાડી, અંદર હાથ ઘાલ્યો, અને નમસ્કારમહામંત્રના જાપથી તુષ્ટ થએલી શાસનદેવીના સાનિધ્યથી પોતાના આચારણ જેવી, મહાસુગંધવાળી, દિવ્ય ફુલોની માળા હાથમાં આવી, લાવીને પોતાના સ્વામીના કરકમલમાં મુકી.

સ્વામીનાથ તો કાન માંડીને બેઠા હતા કે, હમણાં જ શ્રીમતીને સર્પ કરડશે. તેણી મોટી ચીસ પાડશે, અમે બધા કૃત્રિમ દેખાવ કરી, દિલગિરી દેખાડીશું, તેણી મરણ પામશે, અને "બંદા" બીજી બાયડી પરણશે.

અનન્તાકાળથી અત્યાર સુધી અને અત્યારે પણ, આવાં ભયંકર પાપો ઘણાં થયાં છે. અત્યારે પણ **ઘાસલેટ છંટકાવ, ગળેફાંસો; વિષભક્ષણ, કૂવામાં પડણ,** બીજા પણ અનેક પ્રકારે મારી નાખવાના અને મરી જવાના, સેંકડો, હજારો, લાખો બનાવો બન્યા છે, અને ચાલુ પણ છે.

શ્રીમતીના પતિને ઘણી જ નવાઈ લાગી. ઘડામાં હમણાંજ સર્પ પૂરાવ્યો છે. અને આખા મુકામમાં કોઈપણ સ્થાને ફુલની પાંખડી પણ હતી નહી, વળી જીંદગીમાં નહી જોયેલાં, નહી સુંઘેલાં, આવાં કરમાયા વગરનાં, તદ્દન તાજાં ફુલોની આવી

સુંદરમાળા, અહો આશ્ચર્યં, અહો આશ્ચર્યં ?

શ્રીમતીના પતિના આવા હર્ષવિશમય શબ્દની ગર્જનાઓ સાંભળીને, માતા–પિતા–બહેન અને આજુબાજુના સંબંધીઓ અને પાડોશીઓ ભેગા થઈ ગયા. અને આંહી શ્રીમતીના પતિદેવ શ્રીમતીનો આવો ધર્મ, આવું શીલ જોઈ વિચારીને, પોતે અત્યાર સુધી કરેલી અધમતા અને ધર્મદ્વેષ માટે, શ્રીમતીના પગમાં પડી ક્ષમા માગે છે, અને પોતાના દુષ્ટ વિચારો તથા સર્પ મંગાવ્યા સુધીના બરાબ આચરણોની, શુદ્ધઅંતઃ–કરણથી ક્ષમા યાચના કરે છે.

પુત્રના મુખથી પુત્રવધૂનો આવો ચમત્કાર જોઈ સાંભળી, માતા પિતા અને બહેન પણ, શ્રીમતીનું આશ્ચર્યકારિ ચારિત્ર જોઈ વિચારી, શ્રીમતીના પગમાં પડીને, ક્ષમા યાચના કરવા લાગ્યાં. અને આજથી મહાસતી શ્રીમતી પ્રત્યેનો તિરસ્કાર અનાદર દૂર કરીને, શ્રીમતીના વચને શ્રીવીતરાગશાસનનો સ્વીકાર કરીને, આખું કુટુંબ, શુદ્ધશ્રાવકકુટુંબ બની ગયું.

આ બનાવ ક્ષણવારમાં, આખા નગરમાં ફેલાઈ ગયો. ઉભય પક્ષના કુટુંબીઓ અને બીજા પણ અનેક કુંટુંબો શ્રીવીતરાગશાસન પ્રત્યે ઘણા જ આદરવાળા થયા.

અને પંચપરમેષ્ઠિ મહામંત્ર નમસ્કારનો આવો સાક્ષાત્ પ્રભાવ જોઈ. આખું નગર નમસ્કારમહામંત્રના જાપમાં ખૂબ જ આદર બહુમાનવાળું થયું. આવા જૈનશાસનના નમસ્કાર મહામંત્ર ચમત્કારના, સાક્ષાત્કારના ફલ સ્વરૂપ, આખા નગરમાં મહોત્સવ પ્રવર્ત્યો છે. એમ નગરવાસી શ્રાવકના મુખથી બંને કુમારોએ ઉપર મુજબ, નમસ્કાર મહામંત્ર પ્રભાવની હકીકત

સાંભળી, નમસ્કાર મંત્રના જાપ પ્રત્યે ખૂબ જ પ્રભાવિત થવાથી, રાજસિંહકુમારનો નમસ્કાર મહામંત્રના જાપ પ્રત્યે, આદર સત્કાર ખૂબ જ વૃદ્ધિને પામ્યો, અને બન્ને મિત્રોએ આગળ વધવા માટે, પોતનપુરથી વિદાય લીધી.

નમસ્કારમહામંત્રપ્રભાવસૂચિકા મહાસતી શ્રીમતીની કથા સંપૂર્ણ.

—※—

અથ લગભગ તેવી જ **મહાસતી શ્રીદેવી**ની કથા પણ વાચક વર્ગને લાભકારી જણાવાથી લખાય છે.

મહાસતી શ્રીદેવીની કથા

આ જમ્બુદ્વીપના ભરતક્ષેત્રમાં, મધ્યખંડના પશ્ચિમ ભાગમાં, વિદ્યા અને લક્ષ્મીના કેન્દ્ર જેવું, **સિંહપુર** નામનું નગર હતું. તે નગરમાં (શ્રી જૈનશાસનમાં ઘણી પ્રસિદ્ધિને પામેલા, આચામ્લવર્ધમાન મહાતપની આરાધના કરનાર, મહાભાગ્યવાન આત્માઓમાં અગ્રસ્થાન પામેલા, ચરમ શરીરી **શ્રીચંદ્રરાજા**ની મહા પટ્ટરાણી **ચંદ્રકલા** પદ્મિનીના પિતા–) **શુભગાંગ** રાજા રાજ્ય કરતા હતા.

ન્યાયનીતિ અને ધર્મપ્રવીણ, તે શુભગાંગ રાજાના સમગ્ર રાજ્યમાં, મોટા ભાગના મનુષ્યો જૈનશાસન આરાધનારા હોવાથી, અવારનવાર નિર્ગ્રન્થસાધુઓ અને સાધ્વીઓ પણ આવતા હતા. અને તેથી લોકોમાં ધર્મજાગ્રતી ખૂબ જ રહેતી હતી.

તે નગરમાં જાતિએ બ્રાહ્મણ, વિદ્યાએ ગણક, (જોષી) અને ધર્મે જૈન, **પ્રિયંકરનામા** વિપ્ર રહેતો હતો. તેને શીલાલંકાર ધારિણી, **શીલવતી** નામા પત્ની હતી. અને સંતાનમાં

ફક્ત **શ્રીદેવી** નામા પુત્રી હતી. આઠ વર્ષની થવાથી માતા પિતાએ ભણવા બેસારી.

શ્રીદેવી વ્યવહારમાં જરૂરી બધું જ્ઞાન મેળવવા સાથે, ધર્મનું પણ યથાશક્ય ઘણું જ્ઞાન પામી હતી. તેથી તેણીમાં જીવાજીવાદિ નવતત્ત્વો અને કર્મનું સ્વરૂપ, ખૂબ જ પરિણામ પામ્યાહોવાથી અને વારંવાર ધર્મગુરુઓનાં વ્યાખ્યાનો સાંભળવાથી, તેના જીવનમાં વ્યવહાર અને ધર્મ બન્ને બાબતો વણાઈ ગઈ હતી.

શ્રીદેવીમાં રૂપ હતું, સમજણ હતી, ધર્મ હતો, ક્રિયા રૂચિ હતી, સાથેસાથ મહાસતીમાં શોભે તેવા ઘણા સદ્‌ગુણો પણ હતા. "પરંતુ દીકરી એટલે પારકું ધન" હોવાથી માતા પિતા દીકરીને દેખીને, હર્ષ અને દુઃખ બન્ને અનુભવતા હતા. કોઈક કવિ કહે છે કે—

जातेति चिन्ता, महतीति शोकः, कस्य प्रदेयेति, महान् विकल्पः ।
दत्ता सुखं स्थास्यति वा नवेति, कन्यापितृत्वं किल हन्त कष्टम् ॥

અર્થ— દીકરી જન્મી એટલે ચિંતા શરુ થઈ (ગમે તેવા ફાંકાવાળાને પણ સાસરો થાવું પડશે) દીકરીમોટી થતી જાય તેમ ચિંતા પણ મોટી થતી જાય છે. કોને આપવી ? કુલ સારું, ઘર સારું, કુટુંબ સારું, મુર્તિઓ સારો, ધનની આવક, જાવક, બધા વિચારો કરવાના હોવાથી, કયાં પરણાવવીના વિકલ્પો ચાલ્યા જ કરે છે. પરણાવ્યા પછી પણ, સાસુ અને પતિ વિગેરે તરફથી સુખ મલશે કે કેમ ? આવા આવા કારણે ખરેખર કન્યાના પિતાપણું પણ એક મહાદુર્ભાગ્ય ગણાય છે. નીતિકારોએ સંસારનાં **છ નરક** ગણાવ્યાં છે, તેમાં કન્યા

બહુત્વને પણ નરક તરીકે ગણાવ્યું છે. ગુજરાતીમાં પણ કહ્યું છે કે "**સુખે ન સુવે દીકરીનો બાપ**" શ્રીદેવીમાં ધર્મ અને સદ્‌ગુણો જોઈ, માતાપિતા આનંદને પામતાં હતાં, પરંતુ યોગ્ય વર અને ઘર ન મલે તો, આવું નારીરત્ન ઉકરડામાં ફેંકાય તેની ચિંતા પણ વારંવાર થયા કરતી હતી.

પ્રશ્ન—કવિઓએ કે જ્ઞાનિઓએ, દીકરીના માબાપને, દુખીયા જ ગણાવ્યા હોય તો, આ સંસારમાં પ્રાયઃ દીકરી વિનાનું ઘર હોતું જ નથી, અને દીકરીનો બાપ દુખિઓ જ ગણાય તો, આખું જગત દુખી જ ગણાવું જોઈએ, પરંતુ આવો અનુભવ જણાતો નથી.

ઉત્તર—તમારી દલિલ બરાબર છે. માણસો અનેક પ્રકારના હોય છે. તેમાં જેઓ સારાસારનો વિચાર કરનારા હોય, પોતાના સંતાનોના સુખદુખના લક્ષવાળા હોય, અપત્ય વાત્સલ્ય હોય, ઉપરની પુત્રી પિતાની વાત તેવાઓને જ લાગુ પડે છે. જેને વિચાર ન હોય, દુનીયાનું જ્ઞાન ન હોય, ખાવું પીવું અને ખુશીમાં રહેવુંના જ આચાર વિચારવાળા હોય, તેવાઓને માટે મહાપુરુષોનાં વાકયો લખાયાં છે એમ સમજવા જરૂર નથી. અસ્તુ

આજ નગરમાં, પોતાની નાતનો, **શ્રીધર** નામા જોષી રહે છે. તેને **નાગિલા** નામા ભાર્યાથી **ધરણ** નામા પુત્ર થયો છે. ધરણ પોતે ડાહ્યો અને વિચારક હતો. સાથેસાથ રૂપ અને કળાઓ પણ પામેલો હોવાથી, શ્રીદેવીના માતાપિતાને શ્રીધર-જોષીનું કુટુંબ અને ધરણ મૂરતિઓ ગમી જવાથી, શ્રીદેવીનું ધરણ સાથે પાણીગ્રહણ કરાવ્યું, અને એકજ પુત્રી હોવાથી,

ઘણો સારો વિવાહ કરીને, દીકરીને આપવા યોગ્ય ઘણી જ વસ્તુઓ આપી.

ધરણની માતા નાગિલા, તુચ્છ સ્વભાવની, કટુભાષિણી, અને છિદ્રાન્વેષિણી હોવાથી, પ્રારંભના થોડા માસ ગયા પછી, શ્રીદેવીને, વારંવાર ધમકાવ્યા કરતી હતી, પરંતુ શ્રીદેવી નાગિલાને, પોતાની માતા સમાન સમજીને, જરાપણ સામું બોલતી નહી. સાસુ કાંઈપણ કહે તોપણ હસીને ઉત્તર આપતી, ગામમાં જ પીયર હોવાથી પીયર જાય, માતાપિતા પુછે ત્યારે પણ, સાસુ સસરા અને પતિના વખાણ જ કરતી હતી.

તેણી સવારમાં જાગે ત્યાંથી સુવે ત્યાંસુધી, મનમાં અવિચ્છિન્ન નમસ્કાર મહામંત્રનો જાપ કરતી હતી. અને સાસુ સસરા અને પતિની પ્રસન્નતા મેળવવા, એકવિનીત શિષ્યની પેઠે, ઘરનાં બધાં જ કામ સંભાળતી હોવા છતાં, વઢકણી સાસુ તેણીને હેરાન કરવામાં કમીના રાખતી નહી. આ બધું શ્રીદેવી ગળી જતી હતી. ભણેલું અને સાંભળેલું વારંવાર મનમાં યાદ લાવીને, આત્માને જાગતો રાખતી હતી:

કેવલ જ્ઞાની જ્ઞાનથી, દેખેલું તે થાય।
તે કયારે પલટે નહી, કરતાં સર્વ ઉપાય ॥૧॥

કર્યાં કર્મવિણ ભોગવ્યાં, ક્ષય કયારે નવ થાય।
આર્તધ્યાન કરવાથકી, વળી ભમણાં બંધાય ॥૨॥

લક્ષ્મીધરકે રાયના, ઘેર જન્મ પણ થાય।
પણ નારી પરવશ દશા, સુખ સંશય લેખાય ॥૩॥

નારી ભવ દુખમય કહ્યો, શ્રીજિનવર ગણધાર।
પણ જિનશાસન શરણથી, ઉત્તરીયે ભવપાર ॥૪॥
ચેતન! સમજી કર્મનો, મર્મ બધાં દુખદાય।
સમભાવે સહેવાય તો, નવો બંધ નહી થાય ॥૫॥
જે નરવર ચિત્તઘર વિશે, મહામંત્રનવકાર।
તેવા ઉત્તમ જીવને, નાવે દુઃખ લગાર ॥૬॥

મહાસતી શ્રીદેવી, ઉત્તરોઉત્તર, પંચપરમેષ્ટિમહામંત્રના જાપમાં, તલ્લીનતા વધારતી હોવાથી, સાસુના અવાજો ચિત્તમંદિરમાં, પેશવા પામતા જ નહી. કયારેક સાસુના જોરદાર ધડાકા થવા લાગે ત્યારે પણ, શ્રીદેવી પોતાના આત્માનેજ શિખામણ આપ્યા કરે, ચેતન! સંસાર અસાર છે, નારીજીવન પરવશતાની ખાણ છે, વિષયો વિષનાવેલા સમાન છે, વિષયના ક્રીડાઓને સુખ શ્યામાટે હોય? નારી જાતને સાસુનું દુઃખ, નાલાયક પતિનું દુઃખ, સુવાવડનું દુઃખ, તે નિમિત્તક રોગનું દુઃખ બાળકોની ઉછેરનું દુઃખ, આખા કુટુમ્બની ગુલામીનું દુઃખ, દિયર, જેઠ, સસરા અને પડોસી નાલાયક મલ્યા હોય તો શીલ સાચવવાનું દુઃખ, મહાનુભાવ આત્મા હોય તેજ ઉપરનાં દુઃખોને પચાવીને, સમભાવમાં સ્થિર બનીને, શ્રીજિનવચનામૃતનું પાનકરીને, જન્મ–જરા–રોગ–શોક–વિયોગ–મરણનાં બંધનો-કાપીને, આત્માને અમર બનાવે છે.

સાસુના વિજળીના જેવા કડાકા અને બંદૂકના જેવા ધડાકા, પ્રાયઃ આઠેપ્રહર, જાગે તેટલો કાળ, ચાલુ રહેતાં હોવા છતાં, મહાસતી શ્રીદેવી સામું બોલી નથી, મોઢું ચડાવ્યું નથી. માતા પિતા બેનપણી કે સખીઓ પાસે દુઃખ ગાયું

નથી. પરંતુ સમભાવ, મૌનાવલંબન, મીઠું સ્મિત અને મહામંત્રનમસ્કારનો સર્વકાળ સર્વસ્થાનમાં જાપ ચાલુ રાખ્યો હતો.

નાગણી જેવી નાગિલાસાસુને મહાસતી શ્રીદેવીની, આવીરીત ગમતી ન હતી, કારણ **શ્વાનને પણ સામું ભસનાર નમલેતો, અફસોસ પૂર્વક મૌનનો આશ્રય ન છુટકે લેવો પડે છે.** નાગિલાએ શ્રીદેવીને ચિડાવવાનાં, બધાં જ શસ્ત્રો અજમાવી જોયાં, પરંતુ વ્યર્થ ગયાં.

એક દિવસ ધરણના પિતા અને શ્રીદેવીના સાસરા, શ્રીધરજોષીની, આંગળીની વીંટી, રાતના વખતમાં આંગળીથી સરકીને ઘરમાં કયાંક પડી ગયેલી, રાતમાં શોધવા છતાં જડી નહી. સવારમાં વહેલા ઉઠીને શોધી પણ ન જડી, અને કાર્યવશાત્ કયાંક જવાનું થયું ત્યારે, નાગિલાને કહેલું કે, વીંટી જડેતો મને આપજો.

આ બાજુ મજુરણની માફક પન્નર, કલાક ઘરનું કામ કરનારી, શ્રીદેવી વહેલી ઉઠીને, આખા ઘરનો કચરો–પુંજો–ઝાડુ કાઢવા લાગી. કચરો વાળતાં, સસરાજીની મુદ્રિકા શ્રીદેવીએ દેખી અને લઈ લીધી, આ વખતે સાસુ–સસરા કે પતિદેવની ઘરમાં હાજરી નહોવાથી, શ્રીદેવીએ વીંટી ઘરમાં સારા સ્થાનમાં મુકી, આવસે ત્યારે આપીશ, એમ વિચારી કચરાનો ટોપલો ભરી ગામ બહાર ફેંકવા ગઈ.

આ બાજુ ઘરનાં ત્રણે માણસો ઘેર આવ્યાં. અને શ્રીધર–જોષીએ વીંટી શોધવી શરૂ કરી. એપ્રમાણે નાગિલા પણ શોધવા લાગી. એટલામાં શ્રીદેવી ઘેર આવી, અને પોતાને

જડેલી વીંટી, લાવીને સસરાજીના હાથમાં મુકી.

આ બનાવથી આખી જીંદગીમાં નાગિલાના પોબારા પડયા જ ન હોતા, તે આજે પડયા, કુદાકુદ કરવા લાગી. અરેરે! આવી ચોરટી વહુથી મારૂં ઘર શી રીતે ચાલશે?.

રાંડ બચ્ચર પગી, જ્યારથી અમારા ઘરમાં આવી છે, ત્યારથી ચોરી ચોરીને, બાપનું ઘર ભરવામાંજ સમજી છે. બાઈ! હું તો રોજ કેતી આવી છું કે, આ વહુ મારા ઘરમાં ન જોઈએ, પણ, મારૂં સાંભળે છે કોણ? ઘરના માણસને પણ, મારા ઉપર વિશ્વાસ નહી. અને છોકરો તો સાવ વહુવશેણો જ થઈ ગયો છે.

આ પ્રમાણે નાગિલાનાં મનપસંદ ફટાંણાં ચાલતાં હતાં. મહાસતી શ્રીદેવી કાનના દરવાજા બંધ રાખી, ઘરનું કામ કર્યે જતી હતી, તેટલામાં ધરણ ઘેર આવ્યો. અને નાગિલાએ સવિશેષ ઉશ્કેરાઈને, વીંટી ખોવાયાથી પ્રારંભી, શોધાશોધ, અપ્રાપ્તિ અને શ્રીદેવીએ ચોરીને છુપાવ્યા સુધીના સમાચાર, ધરણને સંભળાવ્યા. અને વધારામાં શ્રીદેવી ઉપર, ચોરીનું આળ ચડાવવા માટે, અને ધરણને સાચું ન લાગે તો પણ સાચું ઠસાવવા માટે, જેટલા મલ્યા તેટલા શબ્દો અને દલીલો વાપરીને, શ્રીદેવી પ્રત્યે ધરણને ખૂબ જ ઉશ્કેર્યો. ભાવિભાવની બલવત્તાએ, પોતાની પત્ની મહાસતી શ્રીદેવી ઉપર, (તેણીના વિનયાદિ ગુણો વડે) અતિ પ્રમાણ રાગ હોવા છતાં પણ, માતાની ઉશ્કેરણીને વશબનીને, જોરદાર લાકડી હાથમાં લઈને, શ્રીદેવીના મસ્તક ઉપર નિર્દયપણે પ્રહાર કરવા લાગ્યો, ઘણા માણસો એકઠા થઈ ગયા, અને જાણે ભૂતવળગ્યું હોય તેવા

ક્રોધાવિષ્ટ ધરણુને, લોકોએ પકડી લીધો, હાથમાંથી લાકડી છીનવી લીધી. પરંતુ મર્મસ્થાનમાં લાગેલા પ્રહારોથી, શ્રીદેવી બેભાન બની ધરતી ઉપર ઢળી પડી. માથામાંથી પુષ્કળ લોહી નીકળી ગયું. આ વાત વાયુવેગે ગામમાં ફેલાવાથી, લોકોનાં ટોળે ટોળાં શ્રીધરજોષીના ઘેર ભેગાં થવા લાગ્યાં. શ્રીદેવી મડદાની માફક બેભાન મૂર્ચ્છિત થયેલી પડી છે, હજુ પણ મસ્તકમાંથી લોહી ચાલુ જ હતું, એકઠા થયેલા માણસો પૈકી અનુભવી વૃદ્ધપુરુષો લાગેલા ઘાવને શમાવવાના ઉપચારો કરતા હતા, પરંતુ પરિણામ જણાયું નહી. તે દરમ્યાન ગામમાં જ રહેતા હોવાથી, શ્રીદેવીનાં માતા પિતાને સમાચાર મલી ગયા, અને બધાં કાર્ય પડતાં મુકી, પુત્રીની ખબર લેવા આવ્યાં. અને શ્રીદેવીની મૂર્ચ્છિતદશા જોઈ, વળી મસ્તક લોહી લોહાણ જોઇને, બંને માણસ પોકે પોક રડવા લાગ્યાં. સગાંવહાલાંઓએ દિલાસો આપી છાનાં રાખ્યાં. અને વેવાઇ વેવાણની રજા લઈ, મ્યાનો મંગાવી, શ્રીદેવીને પોતાને ઘેર લઈ ગયા.

અને શહેરના સારામાં સારા નિષ્ણાત વૈદ્યોને બોલાવી, ચિકિત્સા કરાવી, બેચાર કલાકે શ્રીદેવીની મૂર્છાવળી, આંખ ઉઘાડી, થોડું ભાન આવ્યું. માતા પિતા પાસે ધર્મ સાંભળવા માટે માગણી કરી, અને તત્કાલ સદ્‌ગુરુનો યોગ પણ મલી ગયો. મુનિમહારાજએ આરાધના કરાવી તે આ પ્રમાણે.

આખા સંસારચક્રમાં લાગેલા અતિચારોની આલોચના કરાવી, વળી શક્તિ અનુસાર વ્રતો ઉચ્ચરાવ્યાં, ચોરાશીલાખ-યોનિગત સર્વજીવો સાથે ક્ષમાપના કરાવી, તથા હિંસાદિ અઢાર

પાપસ્થાનોને સમજણ પૂર્વક વોસિરાવ્યાં, અને અરિહંતાદિ ચારનું શરણ સ્વીકાર્યું.

પોતાના સમગ્રસંસાર પરિભ્રમણમાં, આચરેલા અનાચારોની ખૂબ જ નિન્દા કરી. તથા વળી કોઈપણ ભૂતકાળના ભવોમાં, શ્રીવીતરાગ આજ્ઞાનુસાર નાનામોટા કોઈપણ વ્રત–પચ્ચખ્ખાણ થયાં હોય. એકને, અનેકને, હજારોને, લાખોને, ક્રોડોને, અભયદાન આપ્યાં અપાવ્યાં હોય. તથા છઠ્ઠાથી ૧૪ મા ગુણઠાણાસુધીના પંચમહાપરમેષ્ઠિભગવંતોને, અશન–પાન–ખાદીમ–સ્વાદીમ–વસ્ત્ર–પાત્ર–વસતિ–ઔષધ આદિથી અનેકોને શુભભાવથી, આદરપૂર્વક, સુપાત્રદાનો આપ્યાં હોય. દીન–દુઃખી, ગરીબ, નિરાધાર, રોગી–રાંક, પરવશ પડેલા જીવોને, અનુકમ્પાદાનો આપીને, દુઃખમુક્ત બનાવ્યા હોય. તથા દેશથી કે સર્વથી, નિરતિચાર શીલવ્રત આરાધ્યું હોય–

તથા ઉપવાસાદિ છપ્રકાર બાહ્ય અને પ્રાયશ્ચિત્તાદિ છ પ્રકાર અભ્યંતર તપ, શ્રીવીતરાગ–વચનાનુસાર આરાધ્યું હોય. ચાર પ્રકારના શ્રીસંઘની, ભક્તિ–વૈયાવચ્ચ. [illegible]હુણા સાચવી હોય. શ્રીજૈનપ્રાસાદો અને જિનબિંબો ભરાવ્યાં હોય. ઇત્યાદિ કોઈપણ શ્રીવીતરાગના વચનાનુસારી સુકૃત થયું હોય તે સર્વની અનુમોદના કરૂં છું. તથા અનિત્યાદિ અને મૈત્ર્યાદિ ભાવના ભાવતી, પંચપરમેષ્ઠિમહામંત્રનું, સ્મરણ અને શ્રવણ કરતી, ગુરુમુખે અનશન ઉચ્ચરીને, શ્રીદેવી અવસાન પામી.

લોકોએ નાગિલા ઉપર ખૂબ જ ફિટકારો વર્ષાવ્યા, તથા ધરણને પણ પોતાની ભૂલ સમજાઈ. પોતાના આવા શ્રીઘાતક અધમકૃત્યમાટે ખૂબ જ બળાપો થયો, મહાસતીના સ્વભાવ

તથા ધર્મ–શીલ–વિનયાદિ ગુણો મનમાં લાવી, ખૂબ જ રડી પડ્યો. અને રડતો રડતો સાસુ સસરાને ઘેર ગયો.

આ વખતે મહાસતી શ્રીદેવીને ઔષધ સેવનથી, મૂર્ચ્છા વળવાથી, સાવધાનતા આવી હતી. ધરણે પોતાના આવા રભસવૃત્તિથી કરેલા, અપકૃત્ય માટે ગળગળા થઈને, વારંવાર ક્ષમા માગી, તથા શ્રીદેવીએ પણ થોડાપણ આવેશ વગર; અને પ્રસન્નતાપૂર્વક પરસ્પર ક્ષમાપના કરી, અને સાથોસાથ સાસુ–સસરાને પણ ખમાવ્યાં.

શ્રીદેવી નમસ્કારમંત્રાદિ ધર્મધ્યાન વડે, સમાધિપૂર્વક અવસાન પામીને, **આનન્દપુર** નામના નગરમાં, **જિનદત્ત** નામશ્રેષ્ઠિના ઘેર, પુત્રીપણે ઉત્પન્ન થઈ, **જિનદત્તા** નામ થયું, ગયા જન્મના સંસ્કારથી, શ્રીવીતરાગ શાસનની જ્ઞાનક્રિયામાં, ખૂબ આદરપૂર્વક આરાધના કરતી યૌવન પામી, બ્રહ્મચારિણી જિનદત્તા, પિતા સાથે, **શ્રીશત્રુંજય** તીર્થની યાત્રા કરવા ગઈ.

આંહી ધરણને જૈન મુનિ મલ્યા. તેમની પાસે (એક શ્રીદેવી અને બીજી બીજીપત્ની **ઉમા**નો ભર્તા **રંણુધીર** એમ,) બે હત્યાનું પ્રાયશ્ચિત્ત માગ્યું, ગુરુએ **શ્રીશત્રુંજય** જઈ તપસ્યા કરવા ફરમાવવાથી, ધરણ પણ કુટુંબ પરિવારનો ત્યાગ કરી, શ્રીશત્રુંજય તીર્થમાં આવેલ હતો.

જિનદત્તાને ધરણને દેખવા માત્રથી, જાતિસ્મરણ જ્ઞાન થયું. પરસ્પર ઓળખાણ થઈ, અને બંને જણે પરસ્પર ફરીવાર ક્ષમાપના કરી, અને ધરણ તથા જિનદત્તા બંને જણે, શ્રીશત્રુંજય મહાતીર્થમાં અનશન કર્યું, ધરણ મરી, મહારાજા શ્રીચંદ્રનો મિત્ર અને મહામાત્ય થયો. તથા શ્રીદેવીનો આત્મા

બાલ બ્રહ્મચારિણી જિનદત્તા પણ, ગિરિરાજની નિશ્રામાં અનશનપૂર્વક અવસાન પામીને, અવાન્તર=બીજા ભવમાં મહારાજા **શ્રીચંદ્ર**ના મહામાત્ય (ધરણજીવની) **ગુણચંદ્ર**ની **કમલશ્રી** નામની પત્ની થઈ. ખૂબ પુણ્યોદય ભોગવી, **શ્રીચન્દ્ર**કેવલી પાસે દીક્ષા લઈ, ઉભયદંપતી, સાદિઅનંત ભાંગે મુક્તિપુરીના વાસ્તવ્ય બન્યા. ઇતિ.

આ કથા શ્રીચંદ્રકેવલી ચરિત્રમાંથી લીધી છે.

નમસ્કાર મહામંત્ર આરાધિકા શ્રીદેવીકથા સંપૂર્ણ.

—*—

પોતનપુર નગરથી રવાના થયેલો રાજકુમાર રાજસિંહ, મિત્ર સહિત આગલ ચાલતો, રસ્તામાં આવતા અનેક ગામ, નગર, વન, પર્વતાદિની શોભા જોતો છતો, **ક્ષિતિપ્રતિષ્ઠિત** નામા નગરના પરિસરમાં આવ્યો.

આંહી સમસ્ત નગરમાં, અને નગરની બહાર, જતા આવતા લોકોના ચિત્તમાં, કેવલ પ્રસન્નતા જ જણાતી હતી, તેનું કારણ જાણવા ઇચ્છા થવાથી, નગરમાંથી નીકળતા હુંશીયાર જણાતા, એક માણસને પૂછયું. તેણેપણ સાંભલનાર મનુષ્યને હર્ષ અને આશ્ચર્ય થાય તેવી, વાત કહેવી શરૂ કરી.

અથ બીજોરાકારણિક પ્રતિદિવસ વ્યંતરને, બલિદાન અપાતા મનુષ્યસમુદાયને, બચાવનાર અને પંચપરમેષ્ઠિમહામંત્ર નમસ્કાર—આરાધક સુશ્રાવક.—

શ્રીજિનદાસશેઠની કથા.

આ **ક્ષિતિપ્રતિષ્ઠિત** નામના નગરમાં, યથાર્થ નામવાળો **મહાબલ** નામા રાજા રાજ્ય કરે છે. એકવાર ચોમાસાના

કાળમાં, ઘણું જોરદાર નદીનું પુર આવ્યું હતું. રાજા અને નગરવાસી લોકો હજારોની સંખ્યામાં, જોવા એકઠા થયા હતા. તેવામાં નદીના પુરમાં, એક ઘણુંજ મોટું, પાકેલું, સુરમ્ય, સુગંધવાળું, બીજોરૂં તરતું આવતું જોઈ, રાજાના નિપુણ તારૂ માણસોએ, નદીના પુરમાં પડીને બીજોરૂં લાવીને રાજાને આપ્યું.

वर्णतोगन्धतश्चापि, दृष्ट्वोत्कृष्टं सुपुष्टिकृत् ।

सुस्वादु च तदास्वाद्य, मुमोदे मेदिनीपतिः ॥१॥

અર્થ :–બીજોરાનો વર્ણ સુંદર હતો, ગન્ધ પણ નાસિકાને તૃપ્તિ જ ન થાય તેવી હતી, પ્રમાણથી ખૂબ મોટું હતું. જીભને ઉત્તમ સ્વાદ આપનાર અને શરીરને પુષ્ટિ કરનાર તે ફલને જોઇને રાજા ઘણોજ ખુશી થયો.

અને ઘણું જ ગમી જવાથી રાજાએ કોટવાળને પૂછયું, આ બીજોરૂં કયાંથી લાવ્યા? કોટવાળે જવાબ આપ્યો, નદીના પુરમાં તરતું આવેલું મેળવીને, સ્વામી એવા આપને ભેટ ધર્યું છે. જે સાંભળી રાજાએ કોટવાળને આજ્ઞા કરી કે, બીજોરાનું ઉત્પત્તિસ્થાન શોધી કાઢો! કોટવાળ પણ નદીના કાંઠે કાંઠે કેટલેક દૂર સુધી ગયો, અને એક ઘણું સુન્દર વન જોયું,

વનમાં પ્રવેશ કરતાં, નજીકમાં ગાયો ચરાવતા ગોવાળ લોકોએ ભેગા થઇને, કોટવાળને વનમાં જવા નિષેધ કર્યો, અને જણાવ્યું કે, આ વનમાં એક યક્ષનું મંદિર છે. તેનો માલિક યક્ષ બીજોરાના વૃક્ષનું રક્ષણ કરે છે, અને આ વૃક્ષનું ફળ કોઈ લે, તેના પ્રાણ નાશ પામે છે. તેથી વનમાં પ્રવેશ કરવો તે પણ, પ્રાણોને જોખમમાં મુકવા સમાન છે. આ પ્રમાણે ગોવાળોના વચનો સાંભળી કોટવાળ પાછો આવી,

બીજોરાની ઉત્પત્તિ, તથા મેળવવામાં પ્રાણહાનિની વાત, નૃપતિને કહી સંભળાવી.

કોટવાળ દ્વારા બીજોરાની ઉત્પત્તિની વાત સાંભળી, **અધમરાજાએ** કોટવાળને આજ્ઞા કરી કે, ગમે તે ભોગે, હંમેશ એક બીજોરૂં મંગાવીને મને આપવું પડશે, નહીતર તારો પોતાનો પ્રાણાન્ત દંડ થશે. પોતાની **લક્ષ્મી પત્ની** અને **અપ્રાપ્તવ્ય** વસ્તુ, ત્રણ વાતો અધમરાજાઓને દેખાડવાથી મહાન્ અનર્થ થાય છે.

"લક્ષ્મી-નારીરૂપને, અલભ્ય વસ્તુ જાત,
રાજાને દેખાડતાં, થાય આપણો ઘાત"

કોટવાળે રાજાની આવી આકરી આજ્ઞા, નગરવાસી મનુષ્યોને, કહી સંભળાવી. અને નગરના મુખ્ય માણસોને બીજો માર્ગ નમલવાથી, સમગ્ર નગરવાસી પુરુષોના નામવાળી, ચીઠીઓ બનાવીને એક મોટા ભાજનમાં ભરાવી, એક કુમારિકા બાળા પાસે કઢાવી, ચીઠીમાં જેનું નામ લખેલું હોય, તે માણસ બીજોરાના વનમાં જાય, અને બીજોરૂં લાવી રાજાને આપે, લાવનાર મનુષ્ય તે જ દિવસે મરણ પામે.

આ ઘટનાથી આખું નગર ભયમાં મુકાયું. અનેકવાર નગરવાસી આગેવાનોનો સમુદાય એકઠો થઈ, મહાબલરાજાને વિનતિ કરવા ગયો. પરન્તુ જીવ્હા ઇન્દ્રિયના સ્વાદમાં લોલુપ થયેલા અધમાધમ રાજાએ, નગરવાસી માણસોનો વળી રહેલો કચરવાણ, નજરે જોવા છતાં, કાને સાંભળવા છતાં, મહાજનો દ્વારા સાક્ષાત્ ચિતાર રજુ કરવા છતાં, પ્રતિ દિવસ નગરમાં નરનારી સમુદાયનાં, છાતીફાટ રૂદનો અને વિલાપો સંભળાવા

છતાં, પોતાની લાલસા બન્ધ કરી નહી, અને વર્ષો સુધી હજારો માણસોના પ્રાણોનાં બલિદાનો અપાયાં.

તેથી કેટલીક સ્ત્રીઓ પતિ વિનાની થઈ, કેટલીક માતાઓ પુત્ર વિનાની થઈ, કેટલાંક કુટુંબો માલિક વિનાનાં થયાં, કેટલાંય નાનાં બાળકો નિરાધાર થયાં, હજારો કુટુંબોના આધાર તુટીગયા, આખું નગર અકાળ મરણના મહાભયમાં મુકાઈ જવાથી, લોકોની ચિત્ત પ્રસન્નતા હણાઈ જવાથી, ખેતી અને વેપાર વિગેરે બધા પ્રકારના ધંધારોજગાર પણ, ખૂબ જ ખોરવાઈ ગયા.

આસ્થિતિમાં એક દિવસ, બાર વ્રતધારી મહાશ્રાવક, **જિનદાસશેઠ**ના નામની પત્રિકાનીકળી. શેઠજી જરાપણ ગભરાયા નહી. કારણ કે તેમના મનમન્દિરમાં શ્રીવીતરાગ દેવોનાં વચનો વસેલાં હોવાથી, જરાપણ અકળામણ લાવ્યા સીવાય, ઘણી જ બહાદુરી પૂર્વક, બીજોરૂં લેવા જવા તૈયારી કરી.

"જિનવચનો શ્રવણે પડ્યાં, તેની ઓળખ એક ।
કદી ન આવે દીનતા, આવે કષ્ટ અનેક ॥૧॥

જિનશાસન પામ્યા તણી, ઓળખ એક સદાય ।
આપત્તિ-ભય-રોગમાં, અકળામણ નવ થાય ।૨॥

જિનશાસન ચિન્તામણિ, પામ્યા તે કહેવાય ।
સુખ-દુઃખનાં કારણ બધાં, સમભાવે સેવાય ॥૩॥

જિનશાસન ચિન્તામણિ, પામ્યા એહ નિશાન ।
દુઃખમાં રાંક બને નહી, સુખમાં નહી અભિમાન ॥૪॥

મહાપ્રભુ મહાવીરનાં, વચનો જે સમજાય।
પતન અને ઉત્થાનમાં, રાગદ્વેષ નવ થાય ॥૫॥
વિષમ દશામાં વીરતા, સહાયક જે નવ થાય।
તો તે વીરપણાતણી, કિંમત ક્યાં અંકાય ॥૬॥"

આ પ્રમાણે શ્રીવીતરાગનાં વચનો વિચારીને, પોતાના ઘરમાં રહેલ ચૈત્યમાં, વિધિ અને પ્રણિધાનથી, અંગ-અગ્ર-ભાવ-પૂજા કરીને, પોતાના ઘરનાં, કુટુંબનાં અને સંબંધિમાણસો સાથે ક્ષમાપના કરીને, સાગારી પ્રત્યાખ્યાન કરીને, એકદમ નિર્ભય ચિત્ત બનાવીને, નમસ્કાર મહામંત્રનો મનમાં જાપ કરતા છતાં, યક્ષાધિષ્ઠિત બીજોરાના વનમાં પહોંચ્યા, અને પછી તો જોરથી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનો ઉચ્ચાર કરતા કરતા, બીજોરાના વૃક્ષ પાસે પહોંચી ગયા.

શ્રીજિનદાસ મહાશ્રાવકના, નમસ્કાર મહામંત્રના, જોરદાર ઉચ્ચારો, વ્યંતરદેવે સાંભળ્યા. અને પોતાની ગયા જન્મની વ્રતવિરાધનાનો સાક્ષાત્કાર થયો. અત્યાર સુધી પોતાના, મહા-મિથ્યા, આચાર-વિચારનો પશ્ચાતાપ થયો, અને પ્રત્યક્ષ થઇને, બે હાથ જોડીને, શેઠને પોતાના ધર્મદાયક ગુરુ માનીને, વિનય પૂર્વક બોલવા લાગ્યો.

હે મહાભાગ્યશાળી ઉત્તમ શ્રાવક! તમે મને બોધિ-દાયક થવાથી, મારે હંમેશાં આરાધન કરવા યોગ્ય, મારા ગુરુ છો, મારી પાસે કાંઈ પણ માગણી કરો. શેઠજીએ વ્યંતરદેવને હિંસાનો ત્યાગ કરાવ્યો. નગરવાસી લોકોને સદાને માટે અભય-દાન અપાવ્યું. અને ઉપરથી વ્યંતરદેવે કહ્યું કે, હું આપને ઘેર બેઠાં હમેશાં બીજોરૂં અર્પણ કરીશ.

જિનદાસ શેઠે વ્યંતર પાસેથી સમગ્ર નગરને અભયદાન અપાવ્યું તેથી, સમગ્ર નગરમાં નમસ્કાર મહામંત્રનો પ્રભાવ સાક્ષાત્કાર થયો. રાજાએ પણ શ્રી જનધર્મની-નમસ્કારમહા-મંત્રની, અને શ્રીજિનદાસ શ્રાવકની, ઘણી ઘણી સ્તુતી કરી, અને આખા નગરમાં મહોત્સવ કરવા ઉદ્‌ઘોષણા કરાવી.

ગામવાસી માણસ કહે છે હે રાજકુમાર! આ પ્રમાણે નમસ્કાર મહામંત્રના પ્રભાવથી, નગરના લોકોનો મરણનો મહા-ભય દૂર થવાથી, રાજા અને પ્રજામાં પ્રકટ થયેલો આનંદ, આ પ્રમાણે મહોત્સવના બાને પણ સાક્ષાત્ જણાય છે. તેથી આબાલ-વૃદ્ધ, આબાલ-ગોપાલ તથા રાજા અને પ્રજા બધાને નમસ્કાર મહામંત્રના જાપમાં આદર-બહુમાન પ્રકટ થયો છે.

ઉપર પ્રમાણે નગરજનના મુખથી, નમસ્કાર મહામંત્રનો અતિ આશ્ચર્ય થાય તેવો મહિમા સાંભળીને, પોતાના વ્હાલા મિત્રસુમતિ સહિત રાજસિંહકુમારે, ક્ષિતિપ્રતિષ્ઠિત નગરથી હવે આગળ પ્રસ્થાન શરૂ કર્યું.

ઇતિ બીજોરા કારણ નાશ પામતા નગરવાસી લોકોને બચાવનાર નમસ્કાર મહામંત્ર પ્રભાવ સૂચિકા—

શ્રીજિનદાસ શ્રાવકની કથા સંપૂર્ણ.

—*—

અથ—નમસ્કાર પ્રભાવથી રાજાની રાણીના હારનો ચોર તે જ રાજા અને રાણીનો પાટવી કુમાર થઇ. મહાપ્રભાવક નરપતિ થનાર ચંડપિંગલચોરની કથા

હવે આપણી વાર્તાના મુખ્યપુરુષ રાજસિંહકુમાર, પોતાના વ્હાલા મિત્ર સુમતિ સાથે, બીજોરાના સ્વાદમાં પોતાનું

અને પ્રજાનું જીવન બર્બાદ કરનાર, મહાબલ રાજા, અને મહા-મિથ્યાદૃષ્ટિ યક્ષને, નમસ્કાર પ્રભાવે ધર્મ પમાડનાર, તથા નગરની પ્રજાને અભયદાન અપાવનાર, શ્રીજિનદાસ શેઠની, આશ્ચર્યપૂર્ણ નમસ્કારમહામંત્રપ્રભાવસૂચિકા કથા સાંભળીને, નમસ્કારમહામંત્રના જાપમાં સવિશેષ શ્રદ્ધાવાળા થઈ આગળ ચાલ્યા અને—

માર્ગમાં અનેક આશ્ચર્યોનું અવલોકન કરતા, **વસંતપુર** નામના નગરમાં પહોંચ્યા.

અહીં પણ નગરની બહાર સેંકડો માણસો જોવામાં આવ્યાં, અને લગભગ બધા જ નગરવાસી લોકો નમસ્કાર મહામંત્રનો જ ઉચ્ચાર અને જાપ કરતા જોવાયા. તેથી રાજ-સિંહકુમારે પોતાના મિત્રદ્વારા નમસ્કારમહામંત્રની આટલી મોટી ઉદ્ઘોષણા કેમ ચાલી રહેલ છે? એનું કારણ જાણવાની ઇચ્છા જણાવી. સુમતિ પ્રધાને રસ્તે જતા મનુષ્ય મારફત જાણેલી હકીકત કુમાર પાસે આવીને રજુ કરી, કહ્યું કે—

આ **વસંતપુર** નામના નગરમાં **જિતશત્રુ** રાજા રાજ્ય કરે છે, તેની **ભદ્રા** નામની પટ્ટરાણી છે. વળી આજ નગરમાં અનેક કલારહસ્યનીખાણ અને રૂપ-લાવણ્યથી સાક્ષાત્ ઇન્દ્રાણી જેવી, રાજા અને રાજ્યાધિકારી વર્ગ તથા ધન-કુબેરોની કૃપાનું પાત્ર, **કલાવતી** નામની વારવધૂ વસે છે. તેણી વેશ્યા હોવા છતાં, કોઈકવાર જૈનાચાર્યના પ્રવચનો સાંભળીને, જૈન-દેવ-ગુરુ-ધર્મમાં ખૂબ જ શ્રદ્ધાવાલી થઈ, તેથી બીજા અનુષ્ઠાનો કરવાં અશકય હોવાથી, માત્ર પંચ-પરમેષ્ઠિ મહામંત્રનો જાપ ખૂબ કરે છે. અને તે મંત્ર જાપનેજ

જિંદગીનું સર્વસ્વ સમજે છે.

તે કલાવતી વેશ્યાને કોઈ કોઈવાર મોટા મોટા જલસાઓ કે મહેફીલોમાં જવાનું હોય કે, મોટા ઘરાકોની આવજા હોય તો પણ, તે નમસ્કારમહામંત્ર જાપનો, પોતાનો નિયમ, થોડો પણ બગાડતી નથી, તેમ તેનો સમય કયારે પણ ફેરફાર પણ થવા દેતી નથી.

તથા વળી આ વસંતપુર નગરમાં, માયાનું મંદિર અને શક્તિઓનું સર્વસ્વ, રૂપનો અંબાર અને યુવાનીનો ઓપ, **ચંડપિંગલ** નામનો ચોર વસે છે. તે દિવસે એક પરદેશી સાર્થવાહના સ્વાંગમાં નગરચર્યા જોવા નીકલે છે. અને બે ચાર દિવસોમાં મોટા ક્રોડપતિ કે, મહાધનવાન મનુષ્યના ઘરમાં ચોરી કરવા, કયાંથી પેસવું, કયારે પેસવું, આવું બધું ચોક્કસ કરી રાખે છે. અને પછી શકુન જોઈ, પોતાની ધારણા અનુસાર ચોરી કરે છે. વિદ્યાશક્તિથી તાળાં ઉઘાડી શકે છે. લોકોને અવસ્વાપિની નિદ્રાથી ઊંઘાડી શકે છે. અને અદૃશ્યકાર નયનાંજનથી અદૃશ્ય રહી શકે છે. બનતાં સુધી તેની ચોરીમાં બેવેરાતની જ મુખ્યતા હોય છે.

આવી અઢળક ચોરી દ્વારા મેળવેલા ધનવડે, ખાન-પાન અમનચેન અને સ્વેચ્છાચાર ખૂબ દીમાગથી પોષાય છે. એક મહર્દ્ધિક ધનવાન કે રાજકુમારની અદાએ, શહેરમાં ફરવા નીકળે છે. પ્રસંગ પામી ગરીબોને ખૂબ જ દાન આપે છે. પાંથશાળાના મુસાફરોને પણ કોઈવાર જમાડે છે. તેની પ્રત્યેક યોજનાઓમાં, લોકોને જરા પણ શંકા થાય નહી, તેવી આવડગત હોય છે.

બીજી બાજુ નગરમાં ચોરીના બનાવોથી ચકચાર ફેલાય છે. કોટવાળ અને અધિકારી વર્ગ, ઘણા પ્રયાસો કરવા છતાં ચોરી પકડી શકતા નથી. કારણ કે ચંડપિંગલની-વિદ્યાઓ અને ચાલાકી તથા અદૃશ્યનેત્રાંજન આદિ સાધનો, વળી ચોરી કરવાની અજબ યોજના, લોકોને થકવી નાખે તેવી હોવાથી, અત્યાર સુધીના રાજકીય અમલદારોના પ્રયાસો બધા જ નિષ્ફળ નિવડ્યા છે.

એક વખત ચંડપિંગલને પણ, કલાવતીના રૂપ-લાવણ્ય અને કલાગુણોનાં વર્ણન સાંભળવા મલ્યાં હતાં, તેથી આકર્ષાઈ કલાવતીને મળવાનો સંકલ્પ નક્કી કરી, એકવાર રાત્રિના સમયમાં, તેણીના મહેલમાં ગયો. કલાવતીનો મહેલ પણ, એક રાજાધિરાજની રાણીના મહેલની સરખામણી કરે તેવો હતો. દાસ-દાસીઓ પણ ઘણી હતી. દાસીઓને જોનારને પણ પ્રથમ ક્ષણે એવું ભાન થઈ જાય કે, આ પોતે ઘણારૂપો ધારણ કરનારી કલાવતી જ હશે.

કલાવતી એક માલદાર વેશ્યા હતી. એની ભોગ સામગ્રી દેવાંગનાને પણ શરમાવે તેવી હતી. ચંડપિંગલ આ બધું જોઈને અત્યારસુધીના પોતાના ગયેલા દિવસો માટે, ખૂબ જ અફસોસ કરવાપૂર્વક, કલાવતીના મુખ્ય ઓરડામાં પહોંચ્યો.

કલાવતી પણ આવા યુવાન, રૂપ-સૌભાગ્ય-વસ્ત્રાભરણોથી ભૂષિત, દેવકુમાર જેવા, ચંડપિંગલને જોઈ ઘણી જ ખુશી થવા સાથે, આસન ઉપરથી ઉઠીને, બારણા સુધી સામી જઈને, ઘણા આદરપૂર્વક ભેટીને, હાથપકડીને લાવીને, પોતાના રત્નજડિત કનકાસન ઉપર બેસાર્યો. પહેલી મુલાકાત અને પહેલી જ

રાત્રિમાં, કલાવતીએ, ચંડગર્પિલને પોતાનો બનાવી લીધો, અને પછિતો, ચોરીના નિર્ણય માટે, શહેરમાં ફરવા જવું પડે, અને નિર્ણિત ચોરી કરવા જવું પડે, આ સિવાયનો ચંડ-પિંગલનો, રાત્રિ દિવસનો બધો જ વખત, કલાવતીની કલાઓ જોવામાં, અને તેણીના રૂપ-સૌન્દર્યનો ભોગવટો કરવામાં જ વપરાતો હતો.

એકવાર ચંડપિંગલ મહાચોરને, રાજ્યભંડાર લુટ-વાની ઇચ્છા થઈ. તેથી એક રાત્રિમાં જિતશત્રુ રાજાના રાજમહાલયમાં, વિદ્યાશક્તિ અને નેત્રાંજનની સહાયથી, પોતાની માલિકીના સ્થાનની માફક પેઠો. તેને આજે મહાકિંમતી રત્નની એક પેટી ચોરવાની ઇચ્છા હતી.

પરંતુ પ્રથમ પ્રવેશમાં જિતશત્રુ રાજાની મહારાણી ભદ્રા-દેવીનો, સુવાનો આવાસ આવ્યો. આંહી રાણી મહાકિંમતી શય્યામાં સુતેલાં હતાં. તેણીનાં આભૂષણો, એક બાજુના ટેબલ ઉપર પડ્યાં હતાં. તે ચંડપિંગલના જોવામાં આવ્યાં. અને એક મહાકિંમતી હાર ઉપર દૃષ્ટિ થોભાઈ ગઈ, હારને વાર-વાર જોયો, હાર ઘણો જ કિંમતી હતો. રાજ્યનું સર્વસ્વ કહીયે તોપણ કહી શકાય તેવો હતો. તેમાં ઘણા વર્ષોથી અનેક અવેરી વેપારીઓ પાસેથી મેળવેલાં, મહાકિંમતી નંગ જડેલાં હોવાથી, જાણે ગ્રહો નક્ષત્રો અને તારા મંડલનો સમુદાય હોય, તેવો આકર્ષક લાગતો હતો. ચંડપિંગલને આગળ વધવા જરૂર જણાઈ નહી, બસ આ એક જ હાર ઉપાડી લીધો, અને અતિકુશળતાપૂર્વક નીચે ઉતરી ગયો, અને રાજમહેલ તથા બજારો પણ વટાવીને, કલાવતીના કલામંદિરમાં નિર્ભય-

પણે આવીને સુઈ ગયેા.

આંહી રાજભવનમાં મહારાણી ભદ્રાદેવી જાગ્યાં, અને આભૂષણેા ઉપર દૃષ્ટિ ગઈ, પણ હાર દેખાયેા નહીં. અને એકદમ ચીશ પાડી, રાજાએ રાણીની ચીશ સાંભળી દેાડતા રાણી પાસે આવ્યા, અને હાર ઉપડી ગયાની હકીકત જાણી. થેાડીવારમાં જ હારચેારાયાની વાત આખા રાજભવનમાં, અધિકારી વર્ગમાં અને ઉત્તરેાઉત્તરઆખા શહેરમાં અને દેશના ખુણે ખુણે ફેલાઈ ગઈ.

રાજાને હાર ચેારાયાથી હારની મહત્તા માટે, આઘાત થવા કરતાં પણ, પેાતાની આબરૂ હણાયા માટે, ઘણેા જ અફસેાસ થયેા. પ્રધાનેા સેનાપતિએા અને કેાટવાળેાએ પણ, પેાતાની બુદ્ધિએા અને શક્તિઓનેા, બધેા જ ઉપયેાગ અજમાવી જેાયેા, પરંતુ હારનેા પતેા લાગ્યેા નહી. લાગે પણ શી રીતે? જેમાં માણસની શક્તિ માત્ર મહાત્ થઈ જાય એવી, વિદ્યાશક્તિની જ્યાં અજબ સહાય હેાય. એથી જ અત્યારસુધીના ચેારાયેલા ધનવાનેા પણ, મહારાણીના હારની ચેારી સાંભળીને આશ્ચર્ય સાથે થેાડા આશ્વાસનને પણ પામ્યા. અને શાંતિને, અનુભવવા માટે, બધા પેાતપેાતાના ચિત્તમાં વિચાર કરવા લાગ્યા કે, જે આવા દેવતાઈ હારને પણ બહુ સહેલાઈથી ચેારી શકે છે, અને આવા મહાન્ શક્તિધારી રાજાના માલને બચાવી શકે છે, તેા આપણે કેાણ વાતમાં? હવે શા માટે અફસેાસ કરવેા જોઈએ. આમ "**गतं न शोचामि**" ઇતિ નીતિવાકયનેા આસરેા મલવાથી દિવસેા પસાર થઈ ગયા.

એકવાર નગરભરમાં વસનારી વેશ્યાઓની પર્વદિવસમાં, ઉદ્યાનિકા (ઉજાણી) હેાવાથી, બધી વેશ્યાઓ સુંદર

વસ્ત્રાભરણ, ભૂષણોથી ભૂષિત બનીને, પોતપોતાની દાસીઓથી વિંટળાઈ ને, ફરવા નીકળી અને ઉદ્યાનમાં આવી હતી. આમાં વેશ્યામંડલની મુખ્યનાયિકાસમાન તથા નગરની નારી-વર્ગમાં દેવાંગના જેવી, કલાવતી પણ, સારાં મુલાયમ વસ્ત્રો અને કેવળ હીરા-માણેક-મોતી-પન્ના આદિ ઝવેરાતના દાગીના પહેરીને, જેમાં મહારાણી ભદ્રાદેવીનો ચોરાએલો, અને ચંડ-પિંગલ મહાચોરે લાવીને, પોતાના પ્રેમનું સર્વસ્વ, પોતાની વ્હાલી પ્રિયતમા કલાવતીનેજ, બક્ષીસ તરીકે આપી દીધેલો હાર પણ, કલાવતીએ પોતાના કંઠમાં પરિધાન કરી લીધો હતો.

આજની આ વેશ્યાઓની આ ઉદ્યાનિકા, નગરવાસી નર-નારીઓનું પણ આકર્ષણ હોવાથી, ઘણા વિલાસી યુવાનો અને યુવતીઓ પણ જોવા માટે આવ્યાં હતાં. આવા નારી વર્ગમાં, મહારાણી ભદ્રાદેવીની દાસીઓ પણ આવી હતી. તે વખતે દાસીઓએ કલાવતીના આભૂષણોમાં, ચમકતો મહારાણીનો ચોરાએલો હાર જોયો. અને વાયુવેગે રાજદરબારમાં દોડતી આવી, મહારાજા અને રાણીસાહેબને, કલાવતીના કંઠમાં ઝબુકતા વિજળીના સમુહ જેવા હારની ખબર આપી દીધી. કલાવતી પણ ઘણી હુંશીયાર યુવતી હતી, દાસીઓના મુખ વિલાસોથી, હારની હકીકત સમજાઈ ગઈ. અને એકદમ પોતા-ના આવાસે આવી, આભૂષણો સાથે હારને પણ ઉતારીને ન પકડાય તેવા સ્થાનમાં મુકી દીધો. **પરંતુ કહેવત છે કે.**

"બુદ્ધિબળથી પાપ પણ, ઢાંક્યું નવ ઢંકાય ।
મહા ઘાસ સમુદાયમાં, અગ્નિ કેમ છુપાય ? ॥

મદિરાપાનને જ્વર ચોર, જુગારના રમનાર ।
રાખ્યા ગુપ્ત રહે નહી, સઘળા પાપ પ્રકાર" ॥

અને થોડી જ વારમાં, કલાવતીના મહેલની ચારે બાજુ, રાજાના સિપાઇઓનો પહેરો ગોઠવાઈ ગયો, અને અલ્પ પ્રવાસે થોડી જ ક્ષણોમાં હારનો પણ કબજો લીધો. તેમજ કલાવતી પાસે આ હાર શી રીતે આવ્યો, તેની પણ ઝીણી તપાસના અંતે, ખબર પડી ગઈ, અને કલાવતીના મહેલમાં ચડપિંગલ પકડાઈ ગયો.

અત્યાર સુધીની અનેક ચોરીઓના મહેલ ઉપર હાર-ચોરીનું શિખર ચડવાથી, રાજા અને પ્રધાનવર્ગ તથા નાગરિકો, બધા જ ચંડપિંગલની ઉપર ખૂબ ઉશ્કેરાઈ ગયા હોવાથી, રાજાની આજ્ઞાથી ચંડપિંગલને શૂળી ઉપર ચડાવવામાં આવ્યો.

આ બનાવથી આખા નગરના લોકોને, ભલે આનંદ થયો હોય, પરંતુ કલાવતીને પારાવાર આઘાત થયો. અને મનમાં વિચારો આવ્યા, આવા મારા પ્રમાદમય વિલાસોને ધિક્કારથાઓ, મેં પોતે જ આભૂષણની સજાવટમાં વિચારજ ન કર્યો કે, આ હાર, રાજાની રાણીનો છે, હારને કોઈ પણ જોસે તો, ચોરીની જાહેરાત થઈ જશે, અને ચોરી પ્રકટ થવાથી, ચોરનાર અને આશ્રય આપનાર બન્ને ગુનેગાર ગણાસે. ભલે મારા ગયા જન્મોના પુણ્યથી, રૂપ કંઠમાધુર્ય અને નૃત્યકલાથી, મારી ઉપર હંમેશ કૃપાનજરથી દેખનાર રાજાએ, મને ચોરની શિક્ષા કરી નથી. પરંતુ મારી ઉપર એકાન્ત વિશ્વાસમાં રહેનાર, ચંડપિંગલના આવા ભયંકર મરણમાં, મારી બેદરકારી

પણ જેવી તેવી ગુનેગાર ગણાય નહી.

વળી અત્યારે જે હું આવી માલદાર બની છું, તે પ્રતાપ ચંડપિંગલનો જ છે, તેણે પોતાની જીંદગીભરની ચોરીઓનું, મોટાભાગનું ધન મને જ બક્ષીસ આપ્યું છે. મરણના ભયનો પણ વિચાર કર્યા સીવાય, આવો મહાકિંમતી હાર પણ તેણે મને બક્ષીસ આપ્યો છે. આવા આવા તેના ઉપકારોનો, અલ્પાંશ પણ બદલો હું આપી શકી નથી, માટે હજી પણ હું તેનો પરલોક સુધરાવુંતો, અલ્પાંશેપણ તેના ઉપકારનો બદલો વળે, એવા વિચારો લાવીને, જ્યાં ચંડપિંગલને, શૂલી ઉપર બેસાર્યો છે ત્યાં આવી, અને ઘણાકાળથી પોતાને, જેના સ્મરણ–શ્રવણ–ધ્યાન–જાપમાં અપ્રતિમ શ્રદ્ધા છે, એવો **પંચ-પરમેષ્ઠિ નમસ્કારમહામંત્ર** સંભળાવવા લાગી, અને નમસ્કારમહાત્મ્યની પરીક્ષા પામવા માટે, ચંડપિંગલને નિયાણું કરાવ્યું કે, **"नमस्कारवशादस्य, सुतः स्यां भूपतेरिति"** ॥

અર્થ—"આ નમસ્કારમહામંત્રના સ્મરણ અને ધ્યાનના પ્રભાવથી, હું આ નગરના રાજવીનો પુત્ર થાઉં;" તેણે મનમાં નિયાણું કર્યું. કલાવતીપોતે રાજા અને નાગરિકોની કૃપાનું પાત્ર હોવાથી, છુટથી ચોર પાસે જઈ શકાયું અને નમસ્કારો ખૂબ જોર શોરથી સંભળાવી શકાયા. અને ભાવિભાવથી ચંડપિંગલ ચોર પણ, નમસ્કાર સાંભળવાની ધૂનમાં તન્મય બનીને, મનુષ્યનું આયુષ્ય બાંધવાપૂર્વક મરીને, તે જ **રાજા જિતશત્રુની** રાણી, **ભદ્રાદેવી**ની કુક્ષિમાં પુત્ર પણે અવતર્યો.

રાણી પણ આ દિવસોમાં ઋતુસ્નાતા હતી. કલાવતીએ એ પણ ધ્યાન રાખ્યું હતું. અને પૂર્ણમાસે કુમારનો જન્મ

થયેા. પહેલેા જ પુત્ર હેાવાથી, રાજાએ મહેાત્સવ કરાવ્યેા, કેદખાનામાંથી તમામ કેદીઓને છેાડી મુકાવ્યા, દીન–અનાથ–રેાગી–રાંક–નિધારેાને સુખીયા બનાવ્યા.

નમસ્કારમહામંત્રનેા અજબ પ્રભાવ જુએા, પાપ પણ પુણ્યમાં ફેરવાઈ ગયું, પુત્ર જન્મથી ઠામ ઠામ નિધાનેા પ્રકટ થયાં, આજુબાજુના ઉદ્ધતરાજાએા પણ આણાધરી થયા. આવું બધું જોઈને રાજાને પુત્ર પ્રભાવશાળી જણાવાથી **પુરન્દર** નામ પાડયું.

વારવધૂ કલાવતીએ, ચંડપિંગલનું મરણ અને રાણીનેા ગર્ભકાલ બરાબર ધ્યાનમાં રાખ્યેા હેાવાથી, અનુમાનથી વિચાર્યું કે નમસ્કારમહામંત્રનેા પ્રભાવ અજોડ છે. સાથેાસાથ ચંડ-પિંગલની–નમસ્કારસ્મરણમાં એકાગ્રતા ખૂબ હતી. નિયાણું કરાવ્યું છે, માટે જરૂર **ચંડપિંગલ જ** મહારાણીની કુક્ષિસરેા-વરનેા હંસ બન્યેા હશે ?

આમ નક્કી વિચાર કરી, દરરેાજ રાજમંદિરમાં જવા લાગી, અને કુમારને પેાતાના અંકમાં લઈને રમાડતી હતી, વળી આજુબાજુ તપાસ કરીને, કેાઈ ન હેાય તેા, હે ચંડ-પિંગલ રડીશ નહી, એમ વારંવાર કાન પાસે મુખ રાખીને બેાલાવા લાગી.

रमयन्ती ततो भूप-नन्दनं सा मुहुर्मुहुः।
कुर्वन्तं रोदनं प्राह, मा रुदश्चण्डपिंगल ! ॥ १ ॥

તેથી કુમાર પણ પેાતાની અત્યંત પરિચિત બે વસ્તુઓ, કલાવતીનું પૂર્ણિમાના ચંદ્ર જેવું, તેજસ્વી અને ગૌરમુખ, અને ગયા જન્મનું પેાતાનું નામ, જોવાથી અને સાંભલવાથી,

વારંવાર ધ્યાન ખેંચાવાથી જાતિસ્મરણ પામ્યો.

नाम स्वं प्राच्यमुत्कर्णो, नित्यमाकर्णयन्नसौ ।
पश्यन्नास्यं तथैतस्याः सस्मार प्राग्भवं निजं ॥ १ ॥

કુમેકરી પુરંદરકુમાર યૌવનવય પામ્યો, અને પિતાના અવસાન પછી મોટા સમારોહથી રાજ્યાસન ઉપર બેઠો. કલાવતી પણ ચંડપિંગલના મરણ પછી, અને પુરંદરના જન્મ પછી, અધિકતર ધર્મશ્રદ્ધા વાલી થવાથી, સતી નારીની માફક વેશ્યાવૃત્તિને તિલાંજલી આપીને પ્રોસિતભતૃકા પતિવ્રતાનું જીવન જીવતી હતી.

તેથી પુરંદરરાજા વિચારે છે કે હું, ગયા જન્મમાં ચોર હતો. શૂલી ઉપર મર્યો છું. નરકગતિમાં લઇ જનાર પાપો કરનાર એવા મને, કલાવતીના સંભળાવેલા નમસ્કારમહામંત્રનું, આ પરિણામ છે. તેથી જ રાજ્યપ્રાપ્તિ, અને ધર્મશ્રદ્ધા, પ્રકટી છે આવું બધું જ વિચારું તો, હજારો ભવો સુધી પણ કલાવતીનું ઋણ ચુકાવી શકું નહીં.

માટે મારે કલાવતીનો સંપૂર્ણ આદર કરવો જોઈએ, આવા વિચારો કરીને, રાજા પુરંદરે, ખૂબ જ રાગિણી એવી કલાવતીને, પોતાની મહા માનવતી પટ્ટરાણી બનાવી, અને રાજા–રાણી ઉભય દંપતી નમસ્કારમહામંત્રનો જાપ અને શ્રીવીતરાગશાસનનું સવિશેષ આરાધન કરી, સુગતિ ગામી થયા. **"यथा राजा तथा प्रजा"** એન્યાયથી આખું નગર નમસ્કારમહામંત્રનો જાપ કરે છે.

રાજસિંહકુમારે પોતાના વ્હાલા મિત્ર સુમતિ મારફત નગરવાસી લોકો પાસેથી, વસંતપુર નગરમાં બનેલી, નમસ્કાર–

મહાત્મ્ય સૂચિકા ઘટના સાંભળી તેથી અત્યારસુધીની શ્રદ્ધામાં ખૂબ જ વધારો થયો અને આગલ ચાલતા થયા.

ઇતિ ચંડપિંગલ ચોરના પ્રસંગવાલી નમસ્કાર-મહાત્મ્ય કથા સંપૂર્ણ.

—*—

અથ—નમસ્કારમહામંત્રના પ્રભાવને બતાવનારી જિનદત્ત શેઠ અને હુંડિકચોરની કથા.

શ્રીવસંતપુર નગરથી રવાના થયેલા સુમતિ મિત્રસહિત રાજસિંહ કુમાર, પૃથ્વીનાં અનેક આશ્ચર્યોને જોતા જોતા શ્રી વીતરાગ શાસનનું કેન્દ્ર, **મથુરાનગરી**ના પરિસરમાં પહોંચ્યા. આંહીં વિશાલકાય યક્ષમંદિર જોઈ, જરા આશ્ચર્ય જણાયું, અને થોડા નજીક જઈને જોયું.

આ મંદિરમાં, એક શ્રાવકની ઘણી જ સુંદર **ઊભી પ્રતિમા** અને તેની નજીકમાં શૂળીઓ દેખાવ છે. અને તે શૂળી ઉપર એક ચોરને બેસાર્યો છે. શેઠજી ચોરને પંચપરમેષ્ઠિ નમસ્કારમહામંત્ર સંભળાવે છે. આવી-આજસુધી કયારે પણ નહી જોયેલી, નહી સાંભળેલી, નમસ્કારમહામંત્રના પ્રભાવને સૂચવનારી, બે મૂર્તિને જોવાથી, રાજસિંહ કુમારને ઘણું જ આશ્ચર્ય થયું. અને પૂજારીને પાસે બોલાવી વૃતાન્ત પૂછયો.

પૂજારી ઉત્તર આપે છે. હે મહાભાગ્યશાલી પુરુષ! આ પુરુષરત્નોનિ ખાણ, **મથુરા** નામની નગરીમાં, **શત્રુદમન** નામનો રાજા રાજ્ય કરે છે. અને પોતાની પ્રજાને પુત્ર-પુત્રીની માફક પાળે છે. આ રાજાના રાજ્યમાં, ઈતિ-ઉપદ્રવ-મારી

કયારે પણ આવતું નથી. રાજ્ય–ચૌર અને અગ્નિનો ભય વિગેરે આ રાજાના રાજ્યકાળમાં લગભગ નામશેષ જ થઈ ગયા છે.

આવો, યુગલિકકાળ જેવો, એકદમ સુખમય કાળ ચાલતો હતો, તેવામાં ભાવિભાવવશાત્, જનતાને કયારે પણ કલ્પનામાં નહી આવેલો, નગરમાં ચોરનો ઉપદ્રવ શરૂ થયો. અને દરરોજ અથવા બે ત્રણ દિવસે, મોટી મોટી ચોરીઓ થવા લાગી, એક માસ જેટલા વખતમાં તો નગર આખામાં ભયની લાગણી ફેલાઈ ગઈ, હાહાકાર વર્તાઈ ગયો. ચોરાએલા અને વગર ચોરાએલા, બધા લોકોનો આનંદ લુટાઈ ગયો. આપણી આબાદી કેમ જાળવી રાખવી ? બધા લોકો આ જ વિચાર કરવા લાગ્યા. અને તેથી એક દિવસ નાગરિકલોકોનો સમુદાય એકઠો થઈ, બધા રાજસભામાં ફરીયાદ કરવા ગયા. રાજાએ પણ બધાને બરાબર સાંભળી, લોકોને દિલાસો આપ્યો. આપ લોકો શાન્તિથી રહો, ચિંતા મુકી દો, હું એવી યોજના કરૂં છું કે, એક જ અઠવાડિયામાં, આપ બધા મહાનુભાવો ભયને નિમૂર્ળ થયેલો જોઈ શકશો.

રાજાનાં આવાં દિલાસાપૂર્ણ વચનો સાંભળી, લોકોના ચિત્તમાંથી, ઘણોખરો ભય ઓછો થયો. અને નગરના રક્ષપાલકોને (કોટવાળોને) બોલાવીને, નગરવાસીલોકોને થયેલી ચોરની હેરાનગતિ જણાવવા પૂર્વક, એવી સુંદર વ્યવસ્થા ગોઠવી કે જેથી ચોર જલદી પકડાઈ જાય. ચોર ન જાણે, એટલું જ નહી, પરંતુ નાગરિકો પણ ન જાણી શકે તેવા ગુપ્તચરો આખા નગરમાં ગોઠવી દીધા.

આહીં છેલ્લા કેટલાક સમયથી **હુંડિકનામા** મહાશક્તિ-શાલી ચોરે, નગરમાં અડ્ડા જમાવ્યા હતા. તેની ચોરી કરવાની હુંશીયારી અજબ હતી, તે દિવસે કોઈવાર વેપારીના વેશમાં તો, કોઈવાર ભિખારીના વેશમાં, ફરવા નીકળતો હતો, અને ચોરી કરવાના સ્થાનો જોઈ લેતો. ક્યારે, કેવી રીતે અને કઈ દિશાથી પેસવું એવું બધું નક્કી કરી લેતો. તથા ઘરના માલિકો કે, રાજકીય મનુષ્યોને, પણ ખબર ન પડી શકે, તેવી બધી યોજના ઘડી રાખતો હતો.

જ્ઞાનિઓ ફરમાવે છે કે,

"જબ લગ તેરે પુણ્યકા, પહોચ્યા નહી કરાર।
તબ લગ તુજકો માફ હે, અવગુણ કર હજાર॥"

પુણ્યનો ઉદય ચાલુ હોય ત્યાંસુધી **હિંસા, જુઠ, ચોરી, અનાચાર** વિગેરે ભયંકર પાપો પણ દબાઈ રહે છે. અવળું ફેંકેલું પણ સવળું થઈ જાય છે. એક માણસ પણ હજારોને હંફાવે છે. પરંતુ પાપ ગમે ત્યારે પણ ખુલ્લું થયા વિના રહેતું નથી જ.

"પુણ્ય પુર્ણ થયા પછી, ઉદય થાય છે પાપ,।
વ્હાલા પણ વયરી બને, ભાઈ બેનને બાપ॥"

હુંડિકચોરને પાપાનુબંધિપુણ્યનો ઉદય હતો, ત્યાં સુધી પોબારજ પડતા ગયા, પરંતુ હવે તેનો અંત આવી ગયો હોવાથી, અને નાગરિકોના અશુભનો ઉદય સમાપ્ત થવાથી, એક રાત્રિમાં એક ધનવાનના ઘરમાંથી, લાખોની ઝવેરાતની પેટી ઉપાડીને, નીકળતો હતો, તેવામાં કોટવાળના માણસોનો ભેટો થઈ ગયો અને ચોર પકડાઈ ગયો. અને બે હાથ અને પગમાં

જોરદાર બેડીઓ પહેરાવીને, દિવસ ઉગવાની સાથે, રાજાની પાસે લાવીને હાજર કર્યો.

ફરીયાદો તો પહેલેથી જ આવેલી હતી. આખું નગર વિરોધી હતું. પક્ષ કરનાર કોઈ હતું જ નહી, તેથી ન્યાયની અદાલતમાં તેને, શૂળી ઉપર ચડાવવાની શિક્ષા ફરમાવવામાં આવી, અને વધારામાં એ પણ જણાવવામાં આવ્યું કે, ભવિષ્યમાં હવે પછી આવા ગુના કોઇ ન કરે, તેને સારૂ આ ચોરને એવી વિટંબનાઓ થવી જોઈએ કે, જેથી સામાન્ય ચોરી પણ કોઇને કરવાની ઈચ્છા થાય નહીં.

રાજાના ન્યાયની સાથે આખું નગર સંમત હતું, એટલે ચોરને દુઃખ દેવાની જેટલી યોજનાઓ કહેવાય, તેટલી બધી થોડા જ વખતમાં અનાયાસે તૈયાર થઈ ગઈ. આવા પ્રસંગોમાં, કુતુહલ પ્રિય અપાર્માર્થિક મનુષ્યોનો સાથ વધુ પડતો હોય છે. તેથી ગણ્યા ગાંઠ્યા ધાર્મિક વિચારવાળા દયાળુ માણસો હોય તો પણ તેમનું કોણ સાંભળે, બસ નિર્દય માણસોએ ભેગા મળી, ચોરના આખા શરીરે, અપવિત્ર વસ્તુઓનો લેપ કરી, ઉપર કાળીમસી ભરભરાવી, ગધેડા ઉપર બેસારી, અપમાન સૂચક વાજિંત્રો વગડાવા સાથે બિભત્સ પોકારો પાડવા પૂર્વક, આખા નગરમાં ફેરવી, નગર બહાર લાવી, શૂળી ઉપર બેસારી દીધો.

અને રાજા તરફથી ઢંઢેરો (ઉદ્‌ઘોષણા) પીટાવવામાં આવ્યો કે, આ ચોરને કોઈ સહાય કરશે, તેને પણ ચોર જેવો જ ગુનેગાર ગણવામાં આવશે, તેથી તેની સામું જોતાં પણ દરેક ડરતા હતા, પછી સહાય કરવાની વાત જ શી?

હવે શૂળી ઉપર ચડાવેલા ચોરને અતિ જોરદાર તૃષા લાગી, **કર્મને પણ હજારો વાર ધિક્કાર છે, આવા મહા ભયંકર મરવાના સ્થાન ઉપર, અને મરવાની છેલ્લામાં છેલ્લી ઘડીઓમાં પણ, મહા વિકરાળ તૃષા આવીને હાજર થઇ ગઇ, કર્મરાજાની શું આ જેવીતેવી નિર્દયતા ગણાય ?** શૂળી ઉપર ચડેલા આત્મા ઉપર પણ આવી અધમ કોટીની હેરાન ગતી ? બજવણી ? સતવણી ?

તીવ્રતૃષા લાગવાથી શૂળીથી વિંધાઈ રહેલો બીચારો પામર ચોર, રસ્તે ચાલતા પ્રત્યેક માણસને, પોકાર પાડીને, મુખપાસે હાથ લગાડીને, પાણી પીવડાવો એવી નિશાની બતાવીને, કાલાવાલા–કગરવગર કરતો હતો, બધા માણસો સાંભળતા પણ હતા, છતાં કેટલાક તો તેની ચોરીઓની યાદ આપીને, તિરસ્કાર કરી, ગાળો સંભળાવી ચાલ્યા જતા હતા, વખતે કોઈને દયા આવે તો પણ, રાજાના અધિકારીઓના ભયથી, સાંભળ્યું પણ ન સાંભળ્યા તુલ્ય કરીને, ચલતિ પકડતા હતા.

તે જ ક્ષણોમાં હુંડિકચોરના જાણે પુણ્યોની પ્રેરણા થઈ ન હોય ? એવા, બારવ્રતધારી, સાક્ષાત્ ધર્મનીમૂર્તિસમાન, મહા ભાગ્યશાળી **જિનદત્ત** નામના શેઠ, તે જ રસ્તે નીકળ્યા. અને હુંડિક ચોરે જોયા, અને પહેલાંની માફક પાણી પીવડાવવા ઈશારા દ્વારા માગણી જાહેર કરી.

શેઠજી ખરેખરા દયાલુ હતા, અકૃત્ય સીવાય ત્રણ જગતમાં કોઇની પણ તેમને ડર હતી નહી, એટલે રાજાની કે રાજાના અધિકારીઓની, જરાપણ બીક મનમાં લાવ્યા સીવાય, ચોરની નજીકમાં આવ્યા. અને કહ્યું કે, ભાઈ ?

હું તારા માટે પાણી લેવા જઉં છું, પરંતુ તું પોતે હું તને આપું છું તે પદોનું, એકાગ્રચિત્તે મનમાં સ્મરણ ચાલુ રાખજે. હું હમણાં જ વેલામાં વેલી તકે, પાણી લેઈ ને પાછો આવીશ, એમ કહી, **પંચપરમેષ્ઠિ નમસ્કારમહામંત્ર શુદ્ધભાષામાં ઉચ્ચ સ્વરે ત્રણવાર સંભળાવ્યો.**

ચોરની ગ્રાહિણી બુદ્ધિએ અક્ષરશઃ નમસ્કાર મહામંત્રને પકડી લીધો. અને મનમાં વિચાર આવ્યો કે, જગતમાં મંત્રોના પ્રભાવથી, સર્પાદિનાં ઝેર પણ શમી જાય છે. મંત્ર શક્તિથી અગ્નિ–પાણી–રાક્ષસ–ચોર વિગેરેને થંભાવી શકાય છે, ત્યારે આ તો મહામંત્ર છે. ધર્મી અને અકારણ ઉપકારી મહાપુરુષે આપ્યો છે, માટે મારે તેને એકાગ્ર ચિત્તે જપવો હિતાવહ છે.

આવા સમજણ પૂર્વકના વિચારો વડે નમસ્કારમહામંત્ર પ્રત્યે, શ્રદ્ધા અને આદર વધવાથી, ચિત્તમાં ખૂબ જ ધીરતા આવવા પૂર્વક, નમસ્કાર મહામંત્રનો જાપ ચાલુ રહ્યો. શૂલીની મહાવેદના વિસરાઈ ગઈ, પાણીની પિપાશાપૂણ પલાયન થઈ ગઈ. શેઠજી પાણી લઈને આવ્યા, અને ભરેલું ભાજન ચોરના મુખ સામે ધર્યું, પરંતુ ચોરનો અવિનશ્વર આત્મા, ભયંકર પાપો કરાવનાર, દુષ્ટ શરીરને છોડીને, દેવલોકની દેવાંગનાઓનો અતિથિ બની ચૂક્યો હતો.

પૂર્વના એકાન્ત ઉપકારિ મહર્ષિ મહાપુરુષો ફરમાવી ગયા છે કે, મણિ–મંત્ર અને ઔષધિઓનો મહિમા અચિન્ત્ય છે. તે ક્ષણવારમાં ગમે તેવા રોગને દેશવટો અપાવે છે. મૂર્ખને પંડિત બનાવે છે. નિર્ધનને ધનવાન બનાવે છે. ભૂચરને આકાશગામી બનાવે છે. રંકને રાજા બનાવે છે.

પરંતુ આ બધા મંત્રો, માત્ર આ લોકનાં જ સાધનો આપી શકે છે. જ્યારે આ પંચપરમેષ્ઠિ નમસ્કારમહામંત્રતો આલોકનાં સર્વ વિઘ્નોનો નાશ કરે છે. ઉપરાંત અવગુણની ખાણને ગુણનો સમુદ્ર બનાવેછે. પાપ-પુણ્યની, ધર્મ-અધર્મની, ગુણ–અવગુણની ઓલખાણ કરાવી. અહિતકર બધાં સ્થાનો છોડાવી, બધાં જ હિતકર સાધનોને ઓળખાવીને, સદ્‌ભાવને પ્રગટ કરાવે છે. તથા પંચમહાપરમેષ્ઠિ ભગવંતોની ઓળખાણ કરાવી, તે મહાપુરુષોના માર્ગમાં પ્રવેશ કરાવીને, સ્થિર બનાવે છે. સાત્ત્વિકભાવને અર્પણ કરે છે. જગતના પ્રાણિમાત્રનું ભલું કરવાની ભાવનાની ભૂખ–પ્રગટાવે છે.

બીજા બધા મંત્રો અને વિદ્યાઓની, સાધનાઓ કરવી પડે છે. હવન, હોમ, બલિદાન વિગેરે મહાપાપમય ક્રિયાઓ પણ કરવી પડે છે. દિવસો, મહિનાઓ અને વર્ષોના સમયનો ભોગપણ આપવો પડે છે, શ્મશાનો જેવા અતિબિભત્સ અને ભયાનક સ્થાનોના આશ્રય લેવા પડે છે, વ્યંતરાદિદેવ–દેવી-ઓના તોફાનો ઉપદ્રવો સહન કરવા પડે છે, છતાં નાસીપાસ પણ થવાય છે.

જ્યારે પંચમહાપરમેષ્ઠિ નમસ્કારના સ્મરણ, જાપ, ધ્યાન કરનારને, ઉપરના કોઇપણ વિધાનો કરવાં પડતાંજ નથી. કોઇપણ પાપમય કે પાપવાળી ક્રિયાઓ કે સાધનાઓ કરવાની જરૂર નથી, કોઇપણ શ્મશાનાદિ સ્થાનનો નિર્ણય નથી, વ્યંત-રાદિ દેવ-દેવીના ઉપદ્રવો કે તોફાનો પણ આવતાં નથી.

કોઇપણ વયમાં, કોઇપણ સમયમાં, કોઇપણ સ્થાનમાં, કોઇપણ અવસ્થામાં, સુખમાં, દુખમાં, રોગમાં, વિયોગમાં,

ભયમાં, આપત્તિમાં, મુંઝવણમાં, પંચપરમેષ્ઠિમહામંત્ર નમસ્કારનો જાપ કરી શકાય છે. તત્કાલ સર્વવિઘ્નોનો નાશ થાય છે. બધી ઇચ્છાઓ પૂરી થાય છે. નાના બાળકને, વૃદ્ધને, જુવાનને, સ્ત્રીને, પુરુષને દરેકને ગણવાથી લાભ થાય છે.

પ્રશ્ન—કોઈ ઋતુધર્મ પામેલી સ્ત્રી, કે પ્રસૂતિવાળી સ્ત્રી અથવા બીજા કોઈ અપવિત્ર સ્થાનોમાં રહેલ મનુષ્ય પણ નમસ્કારમહામંત્રનો જાપ, ધ્યાન, કરી શકે ?

ઉત્તર—જાપ કરવામાં, કાયા, વચન, અને મન ત્રણે વપરાય છે. કોઈકને વચન અને મન બે વડે પણ જાપ થાય છે. જ્યારે સ્મરણ અને ધ્યાન ફક્ત મનથી જ થાય છે. સ્મરણ અને ધ્યાન કરવામાં કોઇને ક્યારે પણ વાંધો નથી. માત્ર **આત્મા સમજણવાળો અને વિવેક પામેલો હોવો જોઇએ.** સમજણ અને વિવેક ન હોય તો વખતે, **વાનરના હાથમાં જ્વાનવગરની તલવાર** આપવા જેવું પણ થઈ જાય.

કંઠ, તાલુ, દાંત, મુર્ધા, અને ઓષ્ઠ આ પાંચ સ્થાનોના વપરાશ વગર, અર્થાત્ ઝીણો કે મોટો, વ્યક્ત કે અવ્યક્ત, ઉચ્ચાર કર્યા વિના જાપ કરી શકાય છે. અર્થાત્ મનમાં નમસ્કારમહામંત્રનું સ્મરણ કરવાનો કશો જ વાંધો નથી.

આંહી જિનદત્તશેઠનું ચોર પ્રત્યેનું વાત્સલ્ય, રાજા અને રાજાના અધિકારીઓ સુધી પહોંચી ગયું. અને રાજાની આજ્ઞાના ભંગનો ટોપલો, શેઠજી ઉપર ઠલવાઈ ગયો. અને હુકમ છૂટ્યો કે, હમણાંને હમણાં શેઠને પકડી કેદ કરો. ચોરને સહાય કરનાર પણ ચોર જ ગણાય, માટે શેઠને પણ ચોરની વિટંબના આપી શૂળી ઉપર લઈ જઈ ચડાવી દો.

રાજાના સિપાઇઓએ શેઠને પકડી, અવળી ભુજાએ, બાંધીને, નગરમાં ફેરવવા લીધા. શેઠજી મૌન ધારણ કરી, પંચપરમેષ્ઠિ મહામંત્રનો એકાગ્રચિત્તે અવિચ્છિન્ન જાપ કરતા ચાલે છે. આખા નગરમાં ફેરવી શૂળી પાસે લાવ્યા. નગરમાં ઘણો જ હાહાકાર થયો. આખી જીંદગીમાં કયારે પણ કોઇના ગુનામાં નહિ આવેલા, ન્યાયનીતિથી વ્યાપાર કરનારા, ગરીબ–નિરાધાર–દીન–દુઃખી–રોગી–પરાધીનના સ્તંભ જેવા આધાર–આપનાર, ધર્મી શેઠની આવી દશા કેમ? એમણે શૂળી ઉપર મરતા ચોરને પાણી પાવા પ્રયાસ કર્યો, તેનો પણ આવડો મોટો ગુનો? આવા રાજાઓના રાજ્યોમાં નીતિ મરી પરવારી છે. આવી હજારો વાતો ચોરેને ચૌટે થતી રહી, પણ બહેરા કાનના રાજાને સાંભળવાની કયાં ફુરસદ છે.?

શ્રીવીતરાગ શાસનમાં આરાધનાની ચઉભંગી બતાવી છે. ધન્નાજી–શાલિભદ્રજી–ધન્નાકાકન્દી જેવા કેટલાક આત્માઓમાં આરાધના અને આરાધક ભાવ, બંને પરસ્પર ચડતા–અધિકાધિક હોય છે. એટલે ધર્મની આરાધના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપ, અને તદ્રુપ આત્મભાવ પણ ઓતપ્રોત હોય છે.

વિનયરતન જેવા **"મન મૈલા તન ઉજળા, બગલા જેવું ધ્યાન"** અધમજીવોની, દેખાવની બધી ક્રિયાઓ, ભલભલાનાં શિર ડોલાવે તેવી, અંતરાત્માકાળો શાહી જેવો, આવાઓની આરાધનામાં વિરાધકભાવ જાણવો. કેશરીચોર, રોહિણીયોચોર પ્રભવોચોર, વંકચૂલચોર, ચાલુપ્રકરણમાં આગળ લખાઈ ગયેલો ચંડપિંગલચોર, ચિલાતીદાસીપુત્રચોર, દૃઢપ્રહારીચોર, આવા અનેક જીવો વિરાધનામય જીવન જીવતા હતા, તેમાં પ્રાન્ત

ભાગ, એકદમ આરાધના મય થઈ જાય છે. તેવા જીવોનો, વિરાધનામાં આરાધકભાવ જાણવો. છેલ્લો વિરાધના અને વિરાધકભાવ તો જગતના પ્રાણિમાત્રમાં રહેલો છે જ.

બીજી વાત ભૂતકાળમાં બંધાએલાં કર્મોની પણ સમજવા જેવી છે, જો ભૂતકાળની સારી કે ખરાબ આચરણાઓના આધારે, આયુષ્ય વિગેરે કર્મો નિકાચિત થઈગયાં હોયતો, છેલ્લા વખતે થતી, આરાધનાઓ કે વિરાધનાઓ, ભૂતકાળના બંધનોને ફેરવી શકે નહી, પરંતુ જો, ભૂતકાલનાં બંધનો નિકાચિત થયાં ન હોય, અને પાછળથી આરાધનાઓ કે વિરાધનાઓ જોરદાર થઈ જાય તો, ભૂતકાળનાં શિથિલ બંધનો પલટાઈ જાય, આંહી–પહેલી આરાધના અને છેલી વિરાધનામાં કંડરિકરાજર્ષિ, સાવદ્યાચાર્ય, વિગેરે જાણવા. અને પ્રથમ મહાવિરાધનાઓ કરનારાઓ પણ છેલી વયમાં આરાધના પામેલા, દૃઢપ્રહારી વિગેરે ઉપર બતાવ્યા છે તે જાણવા.

આજ ન્યાયે, આપણી પ્રસ્તુતવાર્તાનું પાત્ર, હુંડિકચોર, પણ, આખી જીંદગી ચોરી કરનારો હોવા છતાં પણ, ભાવિભદ્ર થવાનું હોવાથી, શૂળી ઉપર પણ, મહાભાગ્યશાલી જિનદત્ત શેઠનો સમાગમ થયો, અને પંચપરમેષ્ઠિ ભગવંતોના નમસ્કારમંત્રનું દાન મલ્યું, આત્મા પણ નમસ્કાર મહામંત્રમાં તન્મય બની ગયો, દેવના આયુષનો બંધકરી દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

અને ઉત્તમતા પ્રગટથવાથી, તત્કાળ ઉપયોગ મુક્યો, મેં શું સુકૃત કર્યું હશે ? મને આવાં–દુઃખના અંશ વગરનાં, દેવતાઈ સુખો પ્રાપ્ત થયાં એનું શું કારણ ? આવા વિચારો સાથે જ

અવધિજ્ઞાનનો ઉપયોગ મુક્યો, કારણ કે ચારે નિકાયના દેવોમાં ભવપ્રત્યયિક અવધિજ્ઞાન હોય છે. અવધિજ્ઞાનથી પોતાનો= હુંડિકચોરનો ભવ સાક્ષાત્ દેખાયો, ત્યાં પણ નમસ્કારમહામંત્રની પ્રાપ્તિ અને મહા ઉપકારી જિનદત્ત શેઠ પણ દેખાયા.

શેઠજી ઉપર વર્તાઈ રહેલો ભયંકર ત્રાસ=ઉપદ્રવોનો વર્ષાદ જોઈ, હુંડિકદેવના ચિત્તને અપ્રમાણ=ખૂબ જ દુઃખ થયું, મારા અકારણ ઉપકારી, સ્વાર્થવિના પરમાર્થ કરનાર શેઠજી ઉપર આવો ત્રાસ ? અને તે પણ મારા જ નિમિત્તે ? બસ વિચારોની સાથેજ-ચપલા, ચંડા, જયણા અને વેગા ગતિના વેગથી, મથુરાનગરી પાસે આવી, એક મહાભયંકર અને આખા નગરને ઢાંકી નાખે, કચડી નાખે, તેવી શીલા વિકુર્વીને ઉલ્કાપાત જેવા, કલ્પાન્તકાળના મેઘના ગર્જારવ જેવા અવાજો કરીને, રાજાને, અધિકારીઓને અને નાગરિકોને, ચેતવણી આપી જુઓ આ શિલા વડે તમને અને આખાનગરને ચૂરી નાખીશ.

આ પ્રમાણે ઉદ્ઘોષણા કરીને રાજાને સિંહાસન ઉપરથી નીચે નાખી દીધો. **"ભોભો લોકાઃ ? શૃણુત શૃણુત, અયં મહાશ્રાવકઃ મમ અકારણોપકારી વર્તતે, તસ્ય પરમકૃપયા તેન શ્રાવિતનમસ્કારમહામંત્રશ્રવણેન મમ એવં પ્રકારા દેવર્દ્ધિપ્રાપ્તા, તસ્ય મહાત્મનઃ પ્રણામં કુરુધ્વં નોચેદ્ મરિષ્યથ,**

આ પ્રમાણે ઉદ્ઘોષણા કરવા પૂર્વક, શેઠની શૂળીનો નાશ કરી, સિંહાસન બનાવી, સિંહાસન ઉપર બેસારી, કુલની વૃષ્ટિ કરી, શેઠના ઘર ઉપર સુવર્ણ-રૂપ્ય-રતનોની વર્ષા વર્ષાવી, રાજકીયવર્ગને બંધનોવડે બાંધી લીધા, અને બીજા પણ

ઉપદ્રવો ચાલુ કર્યા.

આવો આકસ્મિક દેવતાઇ ઉપદ્રવ જોઈને સાંભળીને, રાજા વિગેરે બધા ગભરાઈ ગયા, અને તત્કાળ હાથ જોડીને, વિનવવા લાગ્યા, અમારો અપરાધ ક્ષમા કરો, ક્ષમા કરો, અમે અજ્ઞાની આત્માઓએ આવા ગુણી શેઠને, ઓળખ્યા નહીં. ઇત્યાદિ પ્રકારની નાગરિક સહિત રાજાની વિનંતિથી, દેવે શિલા સંહરી લીધી, લોકોનાં બંધનો તોડી નાખ્યાં અને સ્વસ્થાનમાં ચાલ્યો ગયો.

રાજા અને નગરવાસી લોકોએ, શેઠ પાસે જઈને, ક્ષમાપના કરી, પ્રણામ કર્યા. વળી શેઠ પાસેથી, નમસ્કાર મહામંત્રનો પ્રભાવ અને શ્રીવીતરાગદેવ-ગુરુ-ધર્મનું મહાત્મ્ય સાંભળી, રાજા અને નગરવાસી લોકોનો ઘણો ભાગ, જૈનધર્મનો સ્વીકાર કરીને પંચપરમેષ્ઠિ નમસ્કારમહામંત્રના જાપ, ધ્યાન અને સ્મરણમાં વધારે વધારે ઉદ્યમવાળો થયો.

ત્યારપછી થોડા જ વખતમાં હુંડિક-યક્ષના આદેશથી, રાજા તથા નગરવાસી લોકોએ, પ્રત્યેકે સાક્ષાત્ અનુભવેલા નમસ્કારમહામંત્રના મહાત્મ્ય પૂર્ણ ચમત્કારને, જગતના આત્માઓને લાભકારક વિચારીને, તથા નગરવાસિલોકોને કાયમી સ્મરણ રાખવા સારૂ. **"શૂળી ઉપર બેઠેલા હુંડક ચોરની અને નમસ્કાર શ્રવણ કરાવતા જિનદત્ત શ્રાવકની"** આરસની પ્રતિમાઓ કરવરાવીને, તથા તેને અનુરૂપ ચૈત્ય બનરાવ્યું છે. અને હુંડિક-યક્ષના નામથી પ્રસિદ્ધિને પામ્યું છે.

નમસ્કારમહામંત્રપ્રભાવસૂચિકા હુંડિકયક્ષ કથા સંપૂર્ણા.

—*—

આ પ્રમાણેના પંચમહાપરમષ્ઠિ નમસ્કારમહાત્મ્યને–સૂચવનારાં, વર્ણનો પૂજારી પાસેથી સાંભળી હર્ષ પામી મથુરા મહાનગરીની શોભા જોઈને, બન્ને મિત્રો આગળ ચાલ્યા.

અને રાજસિંહકુમાર સુમતિને કહે છે હે મિત્ર! જે પ્રમાણે આપણે બન્ને મિત્રો, રસ્તામાં શિવકુમારનું, શ્રીમતીનું, બીજોરાનું, ચંડપિંગલનું, અને હુંડિકયક્ષનું નમસ્કાર મહામંત્રના પ્રભાવને પ્રકાશનારૂં વર્ણન જોયું, તે જ પ્રમાણે હું પણ ગયા જન્મમાં, રાંકલોકોનો અગ્રેસર, વનેચર, અસંસ્કારી, હિંસામય જીવન જીવનારો, ભિલ્લ હતો. એક મહાઉપકારી, ચારે માસના ચઉવ્વીહાર ઉપવાસ કરીને રહેલા, મહામુનિરાજના સમાગમને પામ્યો, અને તે મહાપુરુષે આપેલા પંચપરમેષ્ઠિ મહામંત્રની શકય આરાધના કરીને, આવા અનુમોદનીય સ્થાનને પામ્યો છું.

ગયા જન્મની મારી ધણિયાણી ભિલ્લડી પણ, મારી પેઠે જ નમસ્કાર મહામંત્રના ધ્યાનમાં એકાગ્ર બની આરાધના કરતી હતી. તેથી મને સમજાય છે કે, તે ભિલ્લડી પણ, નમસ્કારમહામંત્રના ધ્યાનથી મરીને, જાતિસ્મરણ પામેલી કુમારી રત્નવતી પોતે જ હોય, કારણ કે તેની ગયા જન્મના પતિને જ પરણવાની પ્રતિજ્ઞા પણ અક્ષોભ્ય છે. હજારો રાજકુમારોનાં કલાઓ ઐશ્વર્ય અને રૂપ આદિ ગુણોને પણ તિરસ્કાર્યાં છે. આ જ કારણે, તેણીએ ગમે તે ફસાવી ન જાય માટે જ હવે કોઈપણ પુરુષને, મુલાકાત ન આપવા સખત અણગમો જાહેર કર્યો છે. અને તેણીના ચિત્તના ભાવની અજાણ જનતાએ તેણીને પુરુષદ્વેષિણી જાહેર કરી છે. કારણ

કે આ મહામંત્રનો પ્રભાવ ગજબનાક છે. જુઓ–

हिंसावाननृतप्रियः परधनाहर्ता परस्त्रीरतः,
किंचान्येष्वपि लोकगर्हितमहापापेषु गाढोद्यतः।
मन्त्रेशं स यदि स्मरेदविरतं, प्राणात्यये सर्वदा,
दुष्कर्माजितदुर्गदुर्गतिरपि स्वर्गीभवेन्मानवः ।।
(शार्दूलविक्रीडितं)

અર્થ—કોઈપણ આત્મા હિંસા કરનારો હોય, અસત્ય ભાષી હોય, અદત્તગ્રાહી હોય, પરસ્ત્રીલંપટ હોય, બીજાં પણ આવાં જ, લોકમાં પણ મહાનિંદનીય ગણાય એવાં પાપો કરનારો હોય, પરંતુ તે આત્મા પણ, આખી જીંદગી, અથવા મરવાના ક્ષણે, નમસ્કારમહામંત્રનું સ્મરણ, વા શ્રવણ, એકાગ્ર ચિત્તે પામી જાય તો, જરૂર તે આત્મા દેવ અથવા મહર્દ્ધિક મનુષ્ય થાય છે.

સુમતિ કહે છે. આજે મને આ તમારા વર્ણનથી સમજાય છે કે, આપ આપની ગયા જન્મની પત્નિને પરણવા જઈ રહ્યા છો. તેથી મને પણ વિચાર આવે છે કે, આ પુરુષ દ્વેષિણી રાજકુમારીને મળવું પણ અશકય છે, તો પછી વાર્તાલાપાદિની તો વાત જ શું ? કુમાર કહે છે કે જેને "જગતનાં સર્વસમીહિત પૂરનારો મંત્રાધિરાજ" સહાય કરનારો હોય, તેને ચિન્તા કરવાની જરૂર જ શા માટે ?

અને નમસ્કારમહામંત્રનું સ્મરણ કરતો મિત્ર સહિત આગળ ચાલ્યો, ત્યાં તો માર્ગમાં સુગંધિત પુષ્પો અને સુસ્વાદુ ફળોથી લચી ગયેલાં, વૃક્ષો અને લતાઓના માંડવાઓથી, ખીચોખીચ ભરેલી, એક મોટી અટવી આવી. ફળફુલ અને લતાઓ

વૃક્ષોથી સુરમણીય હોવા છતાં, અટવી બીહામણી પણ હતી. પરંતુ પુણ્યવાન મહાપુરુષોને ભય હોય જ કેમ? એટલે બન્ને મિત્રો નિર્ભય પસાર થતા, રસ્તામાં ફલ જલને યથા-યોગ્ય ઈન્સાફ આપતા, લગભગ અટવીના મધ્યમાં આવ્યા.

પરિશ્રમ ઘણો લાગવાથી, એક શીતલ છાયાવાલા મહા-વૃક્ષની નીચે, વિસામો લેવા બેસી ગયા. આજુબાજુનું સુંદર વાતાવરણ અને પરિશ્રમની પ્રેરણાથી, રાજસિંહકુમારની ચક્ષુઓ ઘેરાવા લાગી, તેથી ત્યાંજ પત્ર અને પુષ્પની શયા બનાવી સુઈ ગયા. અને મિત્ર સુમતિ નજીકના ઝુંડોમાંથી, સુગંધિ પુષ્પો અને સ્વાદુ ફળો લાવી, મિત્ર પાસે મુકવા લાગ્યો.

આ બાજુ આકાશમાર્ગે ચાલતા એક વિદ્યાધરયુગલની દૃષ્ટિ રાજસિંહકુમાર ઉપર પડી દેવકુમાર જેવું કુમારનું રૂપ જોઈ, તેના પુણ્યથી આકર્ષાઈ, સ્ત્રી-પુરુષનું રૂપ કરવાની જુદી જુદી બે ઔષધિઓ આપી ચાલતા થયા.

કુમારના મિત્ર સુમતિએ ઉપરની બન્ને સપ્રભાવ ઔષધિ-ઓની વાત કુમારને જણાવી, અને ઔષધિ યુગ્મ લેઈને, બન્ને મિત્રો રવાના થયા, અને પંચપરમેષ્ઠિ નમસ્કારમહામંત્રના જાપથી, પ્રકટ થએલા પુણ્ય પ્રાગ્ભારની અપૂર્વ સહાયથી, થોડા જ દિવસોમાં, પદ્મપુરનગરના ઉદ્યાનમાં શ્રીજિનમંદિરની નાતિદૂર-સમીપમાં, ચિન્તામણિમહારત્નની સહાયથી, તદ્દન સુવર્ણનો પ્રસાદ બનાવીને, રહેવા લાગ્યા. અને વસ્ત્રો આભૂષણો તથા અભીષ્ટ પાન-પાનનાં સાધનો પણ, દેવમણિના પ્રભાવથી મેળવીને, સુખ પૂર્વક દિવસો વ્યતીત કરતા હતા.

કુમારીરત્નવતી કયારેક કયારેક સખી વૃન્દથી વિટળા-

ચેલી, અને મોટાપટોથી આવૃત્ત થઈને, રાજભવનથી નગર-બહાર જિનમંદિર જુહારવા આવતી હતી. અને કુમારીના આગમન અગાઉ, રસ્તા ઉપર અને જિનમંદિરમાં રહેલા પુરુષોને, ત્યાંથી હટાવી દેવામાં આવતા હતા.

આબનાવનેઈ બંને મિત્રકુમારો પણ વિદ્યાધર પાસેથી મળેલી, ઔષધિના પ્રયોગથી, રૂપવતી કુમારિકાનાં રૂપ બનાવીને, તથા ચિન્તામણિરત્નના પ્રભાવથી વસ્ત્રાભૂષણોથી અલંકૃત બનીને, જિનાલય જુહારવાના સાધનો સહિત જિન જુહારવા ગયા અને ચંદન-પુષ્પાદિવડે જિનપ્રતિમાની પૂજા કરી, અગ્રપૂજા અને ચૈત્યવંદન પણ મધુરધ્વનિએ કરીને બહાર નીકળતાં રાજકુમારીનો ભેટો થયો.

પ્રાણિમાત્રને ગયા જન્મના પૂણ્યથી અથવા સ્નેહથી, એકની બીજા પ્રત્યે લાગણી પ્રકટ થાય છે, તે જ પ્રમાણે પાપોદયથી કે દ્વષથી, એકને દેખી બીજાને દ્વેષ પણ પ્રકટે છે, જેમ **પાર્શ્વનાથસ્વામી**ના આત્માને જોઈ, ભવોભવ **કમઠ**ના જીવને દ્વષ જ થયો છે, **ગુણસેનરાજા**ના આત્માને જોઈ **અગ્નિશર્મા**ના જીવને દ્વેષ થતો હતો, **શંખ-કલાવતી**ના આત્માઓ, પરસ્પર મળતાં વેંત આનંદ પામતા હતા. તેમ રાજકુમારી રત્નવતીએ પણ, પ્રસ્તુત કર્તૃમ બે કુમારિકાઓને જોતાં વેંત, કમલમાં ભ્રમરપેસે તેમ, રત્નવતીનાં નેત્રો રાજ-સિંહકુમારીના અંગ ઉપર સ્થિર થઇ ગયાં.

પછી તો જોવાથી તૃપ્તિ ન થવાથી, વચનો વડે વધા-વવાનું શરૂ કર્યું. કયાંથી પધાર્યાં છો ? આપનું વતન કયાં છે ? કયાં ઉતર્યાં છો ? આપનું શુભ અભિધાન શું છે ? અનેક

મિઠા અને ઉચિત શબ્દો વડે એક સજ્જન મોટામાણુસને ચેાગ્ય, બધા જ સ્વાગતના વચનો કહી નાખ્યા. અને રત્નવતીના ભાષણના ઉત્તર રૂપે મિત્રસ્ત્રીએ યાત્રા કરવા આવ્યા છીયે, એમ સ્મિતપૂર્વક ખૂબ જ ટુંકાણમાં પતાવી લીધું. ત્યારે—

રત્નવતીએ સુમતિસ્ત્રીપ્રત્યે કહ્યું, તમારી સખીને જોવાથી મને ઘણેા જ હર્ષ થયેા છે. અને તમેા ચાલ્યા જશેા તેા મને ખૂબ જ વિષાદ=ખેદ થશે, માટે થેાડા દિવસ મારા મહેમાન બનેાતેા સારૂં. અને રત્નવતીનેા અકર્તૃમ પ્રેમ, તથા આદર જોઈ બંને આગતુક સ્ત્રીઓ રત્નવતીના આવાસે આવી,

કુમારિકાના સ્વરૂપમાં રહેલા (રાજસિંહકુમાર અને મિત્ર સુમતિ) બંને મિત્રોનું, રત્નવતી રાજકુમારીએ ખૂબ સન્માન કર્યું, પરસ્પર વાર્તાલાપ પણ ચાલુ રહ્યો. દિન પ્રતિદિન પ્રસન્નતામાં વધારેા થતેા ગયેા. ક્ષણની માફક દિવસેા જતાં વાર ન લાગી. વચમાં વચમાં જવાની=છુટા પડવાની રજા પણ માગી. પરંતુ રાગતંતુથી બંધાએલી રત્નવતીએ ઉત્તર આપ્યેા કે, મને મુકીને જશેા તેા, જળવગરના કમળ જેવી મારી દશા થઈ જશે, માટે હમણાં તેા હું આપ બન્ને જણીને જવા દઈશ નહી. એકદા સ્ત્રીરૂપધારી કુમારે રત્નવતીને પૂછ્યું. શું તમે પરણેલા નથી? ના, હું હજીક કુમારી જ છું. કુમારસ્ત્રી–શું આખીજીંદગી કુમારી અવસ્થામાં જ રહેવા ધારણા છે? ના, એમ નથી, કુમારસ્ત્રી—

अनुरुपं विना कान्तं, कमनीयापि कन्यका।
मणीव स्वर्णसम्बन्धं, विना नूनं न राजते।

અર્થ—સર્વગુણ સમ્પન્ના પણ કન્યા પેાતાને ચેાગ્ય પતિ

વિના, સુવર્ણ વગરના હીરાની જેમ, જરાપણ શોભા, પામે નહી, કુમારીરત્નવતી–અને યોગ્ય પતી ન મલે તો, હીરો કલાઈમાં જડેલો શોભા પામે ખરો ?. કુમારસ્ત્રી–રાજપુત્રીઓને અનુરૂપ વર મેળવવા સ્વયંવર પણ થઈ શકે છે, દેશોદેશના રાજકુમારોની પ્રતિકૃતિઓ (ફોટાઓ) મંગાવીને પણ પસંદગી મેળવી શકાય છે. પરંતુ આમને આમ પુરુષદ્વેષિ સ્વભાવની પ્રસિદ્ધિમાં રહેવું તે, કુલાંગનાને કેમ શોભે ? રત્નવતી—

ततो रत्नवतीत्यूचे, मुक्त्वा तं प्राग्भवं पतिं ।
अवश्यं नो करिष्येह–मपि स्वर्गपतिं पतिं ॥

અર્થ—મને જ્યાં સુધી મારા ગયા જન્મનો પતિ નહી મલે, ત્યાં સુધી દેવેન્દ્રને પણ પતિ કરવાની નથીજ. કુમારસ્ત્રી–આવો હઠાગ્રહ રાખવાથી, અરણ્યમાં ખીલેલા માલતીના મનોહર પુષ્પની પેઠે તમારૂં રુપ–યૌવન–કલા–બુદ્ધિ બધું જ કમાઈ જશે. નારીના માર્ગ બે જ છે, કાંતો **ચન્દનબાળાની** પેઠે વીતરાગની સાધ્વીપણું, અથવા તો **કલાવતી–દમયંતી–સીતાની** પેઠે સ્વામીની સેવા,

રત્નવતી–અત્યારે હુમણાંને હુમણાં સાધ્વીથવાની યોગ્યતા હું મારામાં જોઈ શક્તિ નથી. કુમારસ્ત્રી–તો પછી કુમારીપણામાં જ જીંદગી પુરી કરશો એમજને ? રત્નવતી–ના એમ નહીં, પરંતુ મારૂં એમ માનવું છે કે, પતિ–પત્નીભાવ એટલે, આખી જીંદગી માટે ચિત્તની પ્રસન્નતાનો વિસામો, એ અત્યાર સુધીના મને મળેલા રાજકુમારોમાં, કયારે પણ કયાંય અંશથી પણ જણાયો નથી; અને તમે જ્યારથી મારા સમાગમમાં આવ્યાં છો, ત્યારથી તમારા માત્ર દર્શનથી પણ હું અતિ

આનંદ અનુભવી રહી છું. જેના વર્ણન માટે મારી પાસે શબ્દ જ નથી—

કુમારસ્ત્રી—તમે જે ગયા જન્મના પતિની વાતકરોછો, તેને ઓલખવા માટે તમારી પાસે કઈ કઈ નિશાનીઓ વિદ્યમાન છે.

રત્નવતી—અમે બે ગયા જન્મમાં કયાં રહેતાં હતાં? જ્ઞાતિએ કોણ હતાં? અમારો જીંદગી વ્યવસાય શું હતો? અમારી તેવી અવસ્થામાં પલટો થવાનું કારણ શું? એવા આત્માઓને કેવી ગતિમલવી જોઇએ અને કેવી મલી? આવું અપૂર્વસ્થાન મલવામાં ઉપકારી કોણ? એવી કઈ સામગ્રીના પ્રભાવથી તેમને અને મને આવું ઉત્તમ સ્થાન મલ્યું? આ બધું તેજ કહી શકે કે જે ગયા જન્મનો મારો સ્વામી હોય, અથવા વિશિષ્ટજ્ઞાની કહી શકે, પરંતુ એતો વીતરાગ જ હોય.

કુમારસ્ત્રી—મારી વાત ઉપર તમને વિશ્વાસ બેસે તો હું તમારા ગયા જન્મની વાત કહું છું. સાંભળો—જુઓ પુષ્કરવરદ્વીપાર્દ્ધમાં **સિદ્ધાવટ** ગામમાં **સુવ્રતાચાર્ય** નામના ગીતાર્થ—ભાવાચાર્ય જૈનાચાર્ય પધાર્યા હતા. તે ગુરુદેવની આજ્ઞા મેળવી **દમસાર** નામના મહામુનિ, ચારમાસના **ચઉવ્વીહાર**ઉપવાસ પચ્ચક્ખીને, નજીકના એક પર્વત ઉપર ચોમાસું રહ્યા હતા.

તે પહાડની બધી બાજુ વનેચર, શિકારી, ચૌર્યકરનાર, માંસાહારી, મદિરાપાની, લગભગ—ભિલ્લ લોકોની વસતિ હતી. તેવાઓમાંથી, ભવિષ્યમાં જેનું અવશ્ય કલ્યાણ થવાનું હશે. **તેવું એક ભિલ્લનું જોડલું**, મુનિ મહારાજ પાસે આવવા લાગ્યું. કેટલાક દિવસો પછી, મુનિરાજે તેમને યોગ્ય વિચારી ધર્મ સંભળાવવો શરૂ કર્યો. **ભિલ્લદંપતીને** મહામુનિ-

રાજનાં વચનો દ્રાક્ષા જેવાં રૂચવા લાગ્યાં.

અને ભિલ્લદંપતીની યોગ્યતા જણાવાથી, દમસાર મુનિએ, પંચપરમેષ્ટિનમસ્કારમહામંત્ર સંભલાવ્યો, સમજાવ્યો, અને મુખપાઠ કરાવ્યો. મુનિશ્રીમહાતપસ્વી હતા. અકારણઉપકારી હતા, કોઈ પણ વસ્તુનો બદલો લેતા કે લેવાના ન હતા. તેથી ભિલ્લદંપતીઉપર તે મહાપુરુષનો પ્રભાવ ખૂબ પડયો.

અને તેથી તે દંપતીએ તેમના ઉપદેશથી, જેટલા શકય, તેટલા બધા પાપાચારોનો ત્યાગ કર્યો. વલી દરરોજ વચનામૃતો સાંભળવાથી, મિથ્યાત્વ વિષનું પ્રાબલ્ય નબળું પડયું, અને નમસ્કારમહામંત્રના જાપમાં, અપૂર્વ શ્રદ્ધા પ્રગટ થઇ, તેથી નમસ્કાર મંત્રનું ચિંતન–મનન–જાપ–ધ્યાન બધાં તારોતાર થઈ ગયાં. અને શકય એટલી નિષ્પાપ જીંદગીજીવી મરણ પામી. નમસ્કારમહામંત્રના ધ્યાનથી, તમે આવું ઉત્તમ કુલ, જાતિ-સ્મરણજ્ઞાન, નમસ્કારમહામંત્રનું ધ્યાન, રાજકુમારીપણું વિગેરે પામ્યાં છો.

આપ્રકારનું કુમારસ્ત્રીનું ભાષણ સાંભળી, રત્નવતી વિચારવા લાગી. મારા સ્વામી અને હું અમારા બે જણ સિવાય, આ ઘટના કોઈ જાણતું નથી. અને તેઓ વર્તમાન જન્મમાં પુરુષ જ હોવા જોઇએ. વલી મારી માફક તેઓ જરૂર કોઈ રાજાધિરાજ-નાજ કુલમાં જન્મ્યા હોવા જોઇએ. રત્નવતી પોતાની સખી ચંદ્રલેખાને કહે છે કે. મારા ગયા જન્મની વાત અક્ષરશઃ આ સ્ત્રી કહે છે. તે પ્રમાણે જ છે. વળી જ્ઞાની અને અનુભવી વિના આવી અક્ષરશઃ બનેલી વાત બીજો કહી શકે પણ કેમ?

ત્યારે શું ? આ સ્ત્રી પોતે જ મારા ગયા જન્મનો પતિ હશે ? વલી આ સ્ત્રીની ભાષા પુરુષના જેવી જ લાગે છે. તથાવલી સતી સ્ત્રીને પતિના સિવાય, અન્યને–દેવેન્દ્ર હોય તો પણ, જોવાથી કે સ્પર્શથી જરા પણ કામવિકાર થાય નહીં.

ત્યારે આ સ્ત્રી જ્યારથી આપણને મળેલ છે, ત્યારથી મારા ચિત્તમાં, પતિસમાગમ જેટલી જ પ્રેરણાઓ પ્રગટ્યા કરે છે. તેથી મને એમ સમજાય છે કે, મારી પુરુષદ્વેષત્વની થયેલી પ્રસિદ્ધિના કારણે, ઉપાયાન્તરને અભાવે, આવું કર્તૃમનારીનું રૂપ બનાવીને, આ મારા ગયા જન્મના સ્વામી પોતે જ અહિં આવ્યા હોય એમ લાગે છે.

આવીરીતે બંનેસખીઓએ વિચારોની આપલેકરીને, છેવટે અધીરતાથી, રત્નવતી, કુમારસ્ત્રીના પગમાં પડીને વિનવવા લાગી, હે સ્વામિનિ! આપે મારી અને મારા સ્વામીની ગયા જન્મની વાત સંભળાવી આનંદ આપ્યો છે, હવે આપનું સ્વાભાવિક રૂપ બતાવીને પણ, અમારી અધીરતાને દૂર હટાવો.

રાજકુમારી રત્નવતીની આન્તર લાગણીને સમજેલા–રાજસિંહકુમારે, એક ક્ષણનો પણ વિલંબ કર્યા સીવાય, વિદ્યાધર દંપતીની આપેલી બીજી ઔષધીના પ્રયોગથી, પોતાનાં મૂળ રૂપ બનાવી લીધાં. જેને જોઈને, કુમારીને જે આનંદ થયો તે વચનાતીત જ ગણાય.

कुमाररूपमालोक्य, राजकन्योपमातितं ।
प्रमोदं प्राप तं यस्य, संकीर्णा त्रिजगत्यपि ॥

કુમારનું રૂપ જોઈ કુમારીની સખી **ચંદ્રલેખા** કહે છે. હે સ્વામિન્ જેમ રૂપ બતાવ્યું, તે જ પ્રમાણે અમારી ઉપર

કૃપા લાવીને, આપનું સ્થાન, કુલાદિ, પણ જણાવો. અને ચંદ્રલેખાની માગણીથી, રાજસિંહકુમારે ઈશારો કરવાથી મંત્રિપુત્ર સુમતિચંદ્રે સવિસ્તર દેશ, નગર, ઐશ્વર્ય, માતા, પિતા, અભિધાનાદિ કહી સંભળાવ્યું. અને મુસાફરના મુખથી તમારૂં વર્ણન સાંભળીને અમે રસ્તાનાં કૌતુકો અને પંચમહાપરમેષ્ઠિ નમસ્કારમંત્રની સપ્રભાવ ઘટનાઓ, સાંભળતા સાંભળતા આંહી આવ્યા. આ બધી વાતો સવિસ્તર કહી બતાવી.

આ પ્રમાણેની રાજસિંહકુમાર અને રત્નવતીના સમાગમની ઘટના સખીમુખથી સાંભળી, રત્નવતીના માતા–પિતા **પદ્મરાજા** અને **હંસીદેવીએ**, ઘણા જ ઉમળકાપૂર્વક બંનેનાં લગ્ન લીધાં. અને રાજવર્ગીય નરનારી ગણ અને નાગરીકોના અમેય ઉત્સાહથી, વિષ્ણુ–લક્ષ્મી જેવો વિવાહ થયો. રાજાપદ્મસિંહે કરમોચન અવસરે રત્ન–મણિ–હીરા–મોતી–સુવર્ણ–ગજ–અશ્વ–રથ–પાયદળ–વસ્ત્ર–દાસ–દાસી આદિ દાયજામાં ઘણું–ઘણું આપ્યું.

રાચરચિલાથી ભરેલો સાત માળનો મહેલ રહેવા આપ્યો. રાજસિંહકુમાર પણ રત્નવતી સાથે, પોતાના મિત્ર સુમતિચંદ્ર સહિત કેટલોક સમય ત્યાં રહ્યો. એક દિવસ ઝરૂખામાં બેસી નગર ચર્યા જુવે છે, તેટલામાં, પિતાનો મોકલેલ, ખાસ મનુષ્ય, કુમાર પાસે આવીને, લેખ આપી ઊભો રહ્યો.

કુમારે પિતાના ખેપીઆને ઓળખ્યો, પિતાનો લેખ હાથમાં લઈ હૃદય સાથે ચાંપી, માણસ પાસેથી માતાપિતાના સુખ સમાચાર સાંભળી, લેખને વાંચવો શરૂ કર્યો.

લક્ષ્મી અને કલ્યાણની ખાણ અને સ્વર્ગના એક વિલાસ

જેવા, મણિમંદિર નગરથી; લી. રાજારાજમૃગાંક શ્રીપદ્મપુર શુભનગરે, કુમારતિલક વ્હાલાપુત્ર રાજસિંહને, આલિંગન કરીને, જણાવે છે. હે પુત્ર! શ્રીવીતરાગ–દેવ–ગુરુ–ધર્મ સુપસાયથી અતિઆનંદ હોવા છતાં, તારા વિયોગ જન્ય દુઃખથી ચિત્તને વિષાદપણ આવી જાય છે.

પુત્ર! જનમુખથી તારા અભ્યુદયને સાંભળીને, અમે આનંદ પામ્યા છીએ, પરંતુ હવે અમને વહાલા પુત્રના દર્શનામૃતની પિપાસાપણ ખૂબ જ પીડા ઉપજાવે છે. વળી અમારી પહેલી, બીજી વય સંપૂર્ણ થઈ ગઈ છે. મસ્તક ઉપર પળિયાંનો પ્રકાશ થઈ ચૂક્યો છે. તેથી હવે અમને આ સંસારના બંધનોથી વહેલા મૂક્ત થવા તમારી સહાયની જરૂર છે.

માટે વહેલામાં વહેલી તકે, સ્વનગરમાં આવી, મેરુ પર્વત જેવડો મોટો રાજ્યનો ભાર, અમારા મસ્તક ઉપરથી ઉતરાવી, પ્રજા પાલનના બંધનોમાંથી છોડાવી, પ્રભુ શ્રીવીતરાગદેવે પ્રકાશેલી પ્રવ્રજ્યાના પંથમાં પ્રયાણ કરવા સહાયક થાવ. ડાહ્યા દિકરા પાસે આટલી યાચના વધારે પડતી ગણાય નહી.

પિતાનો પત્ર વાંચીને, તુરત રત્નવતીને વંચાવ્યો. અને સસરા પાસે જઈ, પિતાના પત્રની બધી હકીકત સંભળાવી. અને રાજાપદ્મસિંહ પાસે, સ્વનગર જવાની, અને માતા પિતાને મળવાની ઇચ્છા પણ જણાવી, રજા માગી, રાજા–રાણીને, જમાઈ અને પુત્રીનો વિયોગ દુઃસહ લાગવા છતાં પણ "દીકરી પારકી થાપણ" **પરણેલી પુત્રી અને જમાઇ મેમાન જ ગણાય.** ઇચ્છા હોય કે ન હોય રજા આપવી જ પડે.

રાજા–રાણી અને બીજો કેટલોક પરિવાર, કેટલોક સુધી વળાવા આવ્યો. માતા–પિતા અને સખીઓએ, કુલબાલિકાને ઉચિત રત્નવતીને, શિખામણ આપી, બધાં પરસ્પર ભિન્ની આંખે ભેટીને, જુદાં પડ્યાં. રાજસિંહકુમાર પણ મિત્ર અને પત્ની સહિત, અશ્વરથમાં બેસી શિઘ્ર પ્રયાણથી, પોતાના નગરમાં આવી ગયા. પિતાએ પુત્રનો ઘણા દબદબાથી પ્રવેશ કરાવ્યો. નગરવાસી લોકોએ પણ, પોતાના યુવરાજના પ્રવેશને ખૂબ જ શોભાવ્યો.

રત્નવતીએ પણ સખીઓ સહિત સાસુ સાસરાને પગમાં પડી નમસ્કાર કર્યો, આશીર્વાદ મેળવ્યા. અને રાજાએ તુરત જ, રાજજ્યોતિષી પાસે, કુમારને રાજ્યાભિષેક કરવાનું મુહૂર્ત જોવડાવ્યું, અને પુત્રનો મોટા સમારોહથી રાજ્યાભિષેક કરાવ્યો. એટલામાં ઉદ્યાનપાલકે, આપણા ઉદ્યાનમાં **ગુણસાગર** નામના આચાર્ય ભગવાન પધાર્યા છે. એવી વધામણી આપી.

ગુરુની પધરામણી સાંભળી. મેઘાગમને મયૂરની માફક રાજવી ઘણા ખુશી થયા. ઉદ્યાનપાલકને, ઘણું દાન આપી, જિનચૈત્યોમાં મહોત્સવ કરાવી, બીજાં ક્ષેત્રોમાં પણ ખૂબ જ દાન આપી, પુત્રને સાથે લઈ, ગુરુ પાસે આવ્યા, દેશના સાંભળી. પહેલાથી દીક્ષા લેવાની તૈયારી જ હતી, તેથી રાજાએ બે હાથ જોડી ગુરુ પાસે દીક્ષા આપવા પ્રાર્થના કરી.

ગુરુ મહારાજતો જ્ઞાની હતાજ તેથી, રાજાના બાહ્ય–અભ્યંતર વિચારોનું તાદાત્મ્ય, ગુરુ મહારાજના જ્ઞાન આદર્શમાં પ્રતિબિંબ થયેલું હોવાથી, અને રાજમૃગાંક નૃપતિમાં સર્વ-સંયમની યોગ્યતા સમજાવાથી, પુત્ર–પ્રધાનવર્ગ અને પ્રજા-

વર્ગની હાજરીમાં વિધિ સહિત વ્રત પ્રદાન કર્યું.

રાજર્ષિએ પણ સુગુરુનો સુયોગપામીને. ગ્રહણ–આસેવન શિક્ષાવડે, આત્માને સુવાસિત બનાવ્યો. અને જાવજીવ ગુરુકુલવાસ અને રત્નત્રયીની આરાધનાવડે સંસારને સુતર કરી નાખ્યો.

પિતાની દીક્ષા વખતે, રાજસિંહનૃપતિએ પણ, ગુરુદેવ પાસે બે હાથ જોડી પ્રાર્થના કરી, હેકૃપાનિધાન! હું તો હમણાં સર્વવિરતિ લેવા અશક્ત છું. માટે મને મારા યોગ્ય આરાધના ફરમાવો જે થોડી આરાધનાથી પણ, મારો આરાધના માર્ગ નિર્મલ બને.

ગુરુ મહારાજે બતાવ્યા મુજબ અને પોતે સારી રીતે આરાધી શકે તેવો–કોઈ પણ નિરપરાધિ જીવને, જાણી જોઈને ઈરાદાપૂર્વક, હણવાની બુદ્ધિથી, હણવો નહી, અને સ્વદારા સંતોષ–પરસ્ત્રી માત્રના ત્યાગરૂપ શીલવ્રત પાળવું, અને શ્રીવીતરાગને દેવ, નિર્ગ્રન્થને ગુરુ અને પ્રાણીમાત્રની દયામય, ધર્મની ત્રિકરણયોગે આરાધના કરવી, જુગાર–માંસ–શીકાર–ચોરી–પરસ્ત્રી–વેશ્યા અને મદિરા, આસાત મહાપાપોનાં જાવજીવપચ્ચક્ખાણ કરું છું, અને મારી સત્તાના પ્રદેશમાં આસાત મહાપાપોને–બંધ કરાવવા બનતું કરીશ.

ઉપર મુજબ ગુરુ મુખે વ્રતો સ્વીકારીને, રાજારાણી દિનપ્રતિદિન ગૃહસ્થને ઉચિત, શકય આરાધનાઓ સાથે, પ્રતિદિવસ બારે માસ, પંચપરમેષ્ઠિમહામંત્રનમસ્કારનું જાપ–ધ્યાન–સ્મરણ જેટલું થાય તેટલું કરતાં હતાં, ઉપરાંત જિનાલયો, જિનપ્રતિમાઓ, પૌષધશાળાઓ, જ્યાં જ્યાં જેટલી

જરૂર જણાય તે સ્થાનમાં તે તે કરાવી, પોતાનો અને આરાધક આત્માઓનો માર્ગ સુદૃઢ બનાવતા હતા. પ્રસંગો પામી અમારિપડહ-વગડાવતા હતા.

એમ, અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચિતદાન, કીર્તિદાન આદિમાં અપ્રમેય દ્રવ્ય આપીને, શ્રીવીતરાગશાસનની ઘણી ઘણી પ્રભાવનાઓ વડે, એકછત્ર જૈનશાસન બનાવ્યું, વલી, નમસ્કારમહામંત્રના પ્રભાવથી; દુર્ધર રાજવીઓને પણ પોતાની આજ્ઞા મનવરાવી, તે તે દેશોમાં પણ શ્રીજૈન-શાસન અને જીવદયાનો, વિજય વાવટો ફરકાવી, જૈનચૈત્યો અને ધર્મસ્થાનોવડે, પૃથ્વીને વિભૂષિત બનાવીને, મહાપુણ્યો-દય પ્રાપ્ત બુદ્ધિ-શક્તિ રાજ્ય અને લક્ષ્મીને સફળ બનાવતા હતા.

આવી રીતે ધર્મ અને સુખમય દિવસો વ્યતીત થતા હતા, તેમાં આયુષ્યનો ઘણો ભાગ ચાલ્યો ગયો હતો, તેવામાં એક દિવસ શરીરમાં રોગનો દેખાવ થયો, અશક્તિ જણાવા લાગી, મહાપુરુષ હોવાથી, વિષાદ કે ગ્લાનિ ન થઈ, પરંતુ હર્ષથયો એટલા જ માટે કે, આ, રોગપણ કર્મરાજાનો ખેપીઓ છે, તેણે આપણને પ્રમાદનિદ્રામાં સુતેલાને જાગૃત કર્યા છે. હવે ક્ષણવાર પણ બેદરકાર રહેવું જોખમ ભરેલું છે. છેલ્લો અવસર સાધી લેવા સાવધાન થઈ જવું જોઈએ.

આવા આરાધના કરવાના મજબૂત વિચારો કરીને, પ્રતાપસિંહ નામના પુત્રને, રાજ્યાસન ઉપર સ્થાપન કરીને, રત્નવતી સહિત, સિંહ જેવા નિર્ભય, પણ સંસારથી ભયપામેલા, અને લાખો મનુષ્યોને શરણ આપનારા, પણ સંસારના પાપોથી

કંપી ઉઠેલા, રાજસિંહરાજવીએ, ગીતાર્થ ગુરુનું શરણું લેવા માટે ગુરુની શોધ કરવા પ્રધાનોને મોકલીને, ગીતાર્થજ્ઞાની જૈનાચાર્યને પોતાના નગરમાં નિમંત્રણ કરીને પધરાવ્યા.

અને ગુરુમહારાજ પાસે જઈ વિધિ સહિત વંદન કરી, પ્રાર્થના કરી કે હે પૂજ્ય! હવે મારી છેલ્લી વય છે. માટે મારાથી શક્ય અને મને ભવસમુદ્રના સામેપાર લઈ જાય તેવી, આરાધના કરાવો? ગુરુદેવ ફરમાવે છેકે હે મહાભાગ! ભવ-કોટિ સુદુર્લભ શ્રીવીતરાગદેવોએ પ્રકાશેલી, આરાધના કરી મનુષ્યજન્મ સફળ બનાવો?

રાજા રાજસિંહ, ગુરુવચને દત્તચક્ષુશ્રવણ સાવધાન પણે, પૂર્વાભિમુખ પદ્માસને બેસીને, ગુરુમહારાજ પાસે દશ પ્રકાર આરાધના સાંભળવા લાગ્યા.

૧. પાંચ આચારોમાં લાગેલા અતિચારોની આલોચના કરી. ૨. પોતાની શક્તિ અને સમજણ પૂર્વક વ્રતો ઉચ્ચરી લીધા. ૩. ચોરાસી લાખ જીવયોનિ સાથે ક્ષમાપના કરી ૪. અઢાર મહાપાપસ્થાનો સમજણ પૂર્વક વોસિરાવ્યાં. ૫. અરિહંત-સિદ્ધ-સાધુ અને ધર્મનું શરણું કર્યું. ૬. આખા સંસાર ચક્રના અનાચારોની નિંદા કરી. ૭. તેમજ બધાં વીતરાગ-દેવની આજ્ઞા અનુસાર થયેલાં સુકૃતોનું અનુમોદન કર્યું. ૮. અનિત્યાદિ અને મૈત્ર્યાદિ ભાવનાઓનો આશ્રય લીધો. ૯. ચારે પ્રકારના આહારના પચ્ચક્ખાણ કર્યાં. ૧૦. અને નમસ્કાર મહામંત્રનું સ્મરણ અને શ્રવણમાં એકતાન થયા.

આ પ્રમાણે ગુરુદેવની હાજરીમાં ગુરુવચનથી દશ પ્રકારે ઉચ્ચ આરાધના કરીને, પાંચમા દેવલોકમાં ઈન્દ્ર થયા. અને

મહારાણી રત્નવતી પણ, સ્વામીની સાથે જ આરાધના પામીને તે પણ પાંચમા દેવલોકમાં ઈન્દ્રનો સામાનિક દેવ થયો. ત્યાંથી મનુષ્યભવ પામી મોક્ષ જશે.

આ પ્રમાણે ભિલ્લના ભવમાં પામેલા, નમસ્કારમહામંત્રના પ્રભાવથી, બીજા ભવમાં રાજસિંહ–રત્નવતી રાજા રાણી થયાં. ત્રીજા ભવે ઇન્દ્ર અને સામાનિક દેવ થયા. ચોથાભવે મનુષ્ય ભવપામી. મોક્ષ પામશે. ઇતિ.

રાજસિંહરાજા અને રત્નવતી રાણી (ગયા જન્મના ભિલ્લ–ભિલ્લડી) કથા સમાપ્તા.

ઇતિ સુરિપુરંદર દેવેન્દ્રસૂરિમહારાજ વિરચિત–વૃન્દારુ વૃત્તિ અન્તર્ગત નમસ્કારમહામંત્રમહાત્મ્યસૂચિકા કથા. સમાપ્ત.

ગ્રન્થકાર પ્રશસ્તિ

ભગવાન શ્રીમહાવીરસ્વામીની પરંપરામાં ૫૮મી પાટ ઉપર આચાર્યભગવાન **શ્રીવિજયહિરસૂરીશ્વરજી** મહારાજ થયા. જેઓ સાહેબની રત્નત્રયી અતિ ઉજ્વળ હતી. જેમના આદેયનામકર્મના ઉદયથી આખી દુનિયાનો સમ્રાટ્, **અકબર** બાદશાહ આંશિક જૈનધર્મ પામ્યો હતો. પોતાના રાજ્યભરમાં સાડાછમાસ જીવહિંસા બંધ કરાવી હતી.

તેમના શિષ્ય **વિજયસેનસૂરિમહારાજ** થયા. જેઓની વિદ્વતા અને પુણ્યબલથી બાદશાહ **જહાંગીર** ઉપર ઘણો પ્રભાવ પડતો હતો. જહાંગીરના દરબારમાં આચાર્યભગવાનનું બહુમાન ખૂબ હતું તેઓ વ્યાકરણ–કાવ્ય–કોષ–સાહિત્ય–ન્યાય–પ્રકરણ–આગમઆદિ સ્વ–પરદર્શનના અજોડ વિદ્વાન હતા.

તેમના શિષ્યરત્ન ૬૦ મા પટધર આચાર્યભગવાન્ **વિજયદેવસૂરિ**મહારાજ થયા તેમના શિષ્યરત્ન આચાર્ય-ભગવાન **વિજય સિંહસૂરીશ્વર**જી મહારાજ ૬૧મી પાટે થયા.

શ્રીવિજયસિંહસૂરીશ્વરમહારાજને શિષ્યો ઘણા હતા. વિદ્વાન હતા. અને ત્યાગી પણ હતા. અને ચતર્વિધસંઘમાં માનવંતા પણ હતા. તે બધામાં આચાર્યપદવીમાટે **સત્યવિજય** પંન્યાસ તરફ આખા સંઘનો આદર હતો. છતાં તેમણે અતિનમ્રતાપૂર્વક જણાવ્યું કે, અમારામાં આચાર્યપદવીની લાયકાત નથી. આખા ગચ્છના સ્વામિત્વનો ઈન્કારકરીને,ક્રિયાદ્ધાર કરી, આખા સંઘમાં આવેલી સિથિલતા દુરકરવાના પ્રયાસો શરૂ કરીને, સાધુસંઘમાં પેઠેલી પ્રમાદદશાને દેશવટો અપાવ્યો.

૬૨ સત્યવિજયપંન્યાસથી મણિવિજયદાદા સુધિ એક પછી એક કોઈ આચાર્ય નથી. ૬૩મી પાટે મહામુનિરાજ કપૂરવિજયપંન્યાસ થયા. ૬૪ પંન્યાસજીમ૦ ક્ષમાવિજયજી ગણિવર થયા ૬૫ પંન્યાસજીમ૦ જિનવિજયજી ગણિવર થયા. ૬૬ પંન્યાસજીમ૦ ઉત્તમવિજયજી ગણિવર થયા. ૬૭ પંન્યા-સજીમ૦ પદ્મવિજયજી ગણિવર થયા. આવા પ્રમાદપૂર્ણ પાંચમા આરામાં પણ આ મહાપુરુષ ઘણા અપ્રમાદી હતા. તેમણે પૂર્વા-ચાર્યોના ગ્રંથો ઉપર વૈરાગ્ય ભરપૂર અનેક રાશાઓ, સ્તવનો, સઝાયો ગુજરભાષામાં બનાવ્યાં છે. ૬૮ પંન્યાસજી મહારાજ રુપવિજયજી ગણિવર થયા. તેમણે પણ ગુર્જર વાણીમાં પૂજાઓ વિગેરે ઘણી રચનાઓ કરી છે. ૬૯ પંન્યાસજીમ૦ કીર્તિવિજયગણી થયા છે. ૭૦ મહા તપસ્વી પંન્યાસજીમ૦ કસ્તૂરવિજયગણી. ૭૧ પંન્યાસજીમ૦ મણિવિજયજી દાદા થયા. તેઓ પ્રાયઃ બારેમાસ ચઉવ્વિવહાર એકાશણું કરતા હતા.

૭૨ વિજયસિદ્ધિસૂરિમહારાજ થયા. જેમણે વિક્રમ સં૦ ૧૯૫૭ ની શાલથી ૧૯૮૩ ની શાલ સુધી કાયમ ચોમાસી તપ આરાધ્યો. અને ૧૯૮૩ થી ૨૦૧૫ ની શાલ સુધી પ્રાયઃ ૩૨ વર્ષ સુધી એકાન્તર ઉપવાસ તપશ્ચર્યાની આરાધના કરી હતી.

વિજયસિદ્ધિસૂરીશ્વરજી દાદાના શિષ્ય, મહાત્યાગી વૈરાગી નિસ્પૃહચૂડામણિ મુનિમહારાજ શ્રીવિનયવિજયજી મહારાજ થયા. તેઓશ્રીના શિષ્યરત્ન નિર્મલચારિત્ર પ્રાયઃ વીશ વર્ષ અવિચ્છિન્ન નિત્યભકત (એકાશણું) તપશ્ચર્યા આરાધક. વર્ધમાનવિદ્યા અને પાંચપ્રસ્થાન આરાધક આચાર્યદેવ **શ્રીવિજયભદ્રસૂરિમહારાજ** હાલ વિદ્યમાન છે.

તેમના શિષ્યરત્ન સુનિર્મલ રત્નત્રયી આરાધક પંન્યાસજી મહારાજ **શ્રીસુન્દરવિજયજીમ૦** સાહેબ બિરાજમાન છે. તેમના શિષ્યલેશ (મુનિવેશધારી) **પંન્યાસચરણવિજયગણિ** એ પંચમેષ્ઠિનમસ્કાર મહામંત્રગ્રન્થની સંયોજના કરી છે.

પંન્યાસજીમહારાજ શ્રીસુન્દરવિજયજી ગણિવરના સગા ભાઇ અને વિજયસિદ્ધિસૂરિમહારાજના પ્રશિષ્ય, પંન્યાસજી મહારાજ સાહેબ, મેરૂવિજયજીગણિવર સાહેબ, હાલ વિદ્યમાન છે. તેઓ સાહેબની, પરમકૃપાથી, હિતકારિણી ઉપદેશ વાણીથી લેખકને શ્રીવીતરાગ શાસનમાં પ્રવેશ મળ્યો છે.

વિ. ૨૦૨૦ વીરનિર્વાણ
૨૪૯૦ મહાશુકલા પંચમી
ક્રાઈષ્ટ ૧૯૬૪ ૧૯-૧-૬૪
લી. પંન્યાસ ચરણવિજયગણી

મલાડ (વેષ્ટ) આનંદરોડ
સંઘવી દેવકરણ મુલજી
જૈનદેરાસરની ચાલ
મુંબાઈ નં. ૬૪

आज्ञाविरुद्धं यत्किंचिद् लिखितं पुस्तके मया।
सर्वज्ञशाक्षिकं वच्मि मिथ्यादुष्कृतमस्तु मे॥

શુદ્ધિપત્રક

અશુદ્ધ	શુદ્ધ	પૃ.	લી.
શાસનપતિ	શાસનપતિ	૧	૧
પંપચરમેષ્ટિ	પંચપરમેષ્ટિ	૨૩	૨૩
નાં	ના	૩૧	૨૫
સમથન	સમર્થન	૪૮	૭
અલૌકક	અલૌકિત	૭૯	૬
શાસ્ત્રીનો	શાસ્ત્રોનો	૮૩	૧
બાની	બાની	૮૩	૭
અતમ	અધમ	૯૨	૧૦
નહિ	નહિ કરવા	૧૧૯	૨૫
ધંનતણુ	ધનતણું	૧૨૪	૨૫
ાહસાના	હિંસાના	૧૨૯	૬
રાજાષ	રાજર્ષિ	૧૩૧	૧
સપન્ન	સંપન્ન	૧૪૯	૨૫
ચોરસી	ચોરાસી	૧૭૨	૧૭
કબહીઠ	કબહીક	૧૭૮	૧૬
ધ્યય	ધ્યેય	૧૮૨	૭
સ્યયંપ્રભસ્વામી	સ્વયંપ્રભસ્વામી	૧૮૭	૧૫
તવા	તેવા	૨૦૨	૧૧
ગુરૂપુષોનો	ગુરુપુરુષોનો	૨૫૨	૨૨
અંકપિત	અકંપિત	૨૫૯	૧૫
જિનેશ્વર	જિનેશ્વર	૨૫૯	૨૧

અશુદ્ધ	શુદ્ધ	પૃ.	લી.
અપ્પટ્ટી	અપ્પભટ્ટી	૨૬૩	૨૧
ગણુંજ	ઘણુંજ	૨૬૭	૬
વેરાગી	વૈરાગી	૨૬૭	૧૦
વિજયસિંહાસૂરિ	વિજયસિંહસૂરિ	૨૬૯	૩
પરાગામી	પારગામી	૨૭૦	૧૯
સ્થૂલદ્રસ્વામી	સ્થૂલભદ્રસ્વામી	૨૮૨	૫
િયગજ્ંભગ	તિર્યગજ્ંભગ	૨૮૬	૬
જૈનતર	જૈનેતર	૨૯૨	૨
સગ્રહ	સંગ્રહ	૨૯૪	૧૩
અથવાળ	અર્થવાળા	૩૦૩	૧૧
૨	રે	૩૦૩	૧૯
કોટકોટી	કોટાકોટી	૩૧૯	૧૮
અશ્વર્ય	ઐશ્વર્ય	૩૩૯	૨૨
થય	થાય	૩૫૫	૧૨
િયમ	નિયમ	૩૬૬	૧૭
માનુ	માનું	૩૯૦	૩
તયારજ	યા તૈરજ	૩૯૩	૫
કાંતા	કાંતો	૪૦૦	૧૦
આગરા	આગાર	૪૦૩	૭
મથુન	મૈથુન	૪૦૫	૩
ગુનીરૂ	ગુરુની	૪૧૪	૧૫
શકિની	શાકિની	૪૧૮	૩
ભગી	ભંગી	૪૨૭	૨૦

અશુદ્ધ	શુદ્ધ	પૃ.	લી.
લખું	લુખું	૪૨૯	૫
લુટાવાને	લુટાવાનો	૪૩૩	૩
ફ	ફરતો	૪૩૭	૨૪
પકી	પૈકી	૪૪૬	૧૬
ર્ધમ	ધર્મ	૪૪૭	૧૮
જૈન સાહિત્વમાં	જૈન સાહિત્યમાં	૪૫૫	૧૭
અપૂકાય	અપ્કાય	૪૬૨	૧૩
મુનવદો	મુનિવંદો	૪૬૫	૧૫
અબુધુ	અબધુ	૪૬૮	૨૧
આહરંત	અરિહંત	૪૮૪	૯
નિદંક	નિંદક	૫૦૨	૧૪
આચારનારા	આચરનારા	૫૦૫	૧૬
કાતન	કીર્તન	૫૧૩	૪
ચોરસીલાખ	ચોરાસીલાખ	૫૧૩	૧૪
આર	અરિ	૫૧૪	૫
વૃદારૂવૃત્તિ	વૃન્દારૂવૃત્તિ	૫૧૭	૯
રાજાસંહ	રાજસિંહ	૫૨૩	૩
નજૈમંદિરો	જૈનમંદિરો	૫૨૩	૮
વણુન	વર્ણુન	૫૨૪	૧૮
તલાવેલી	તાલાવેલી	૫૨૬	૧૩
શ્રી જનધર્મ	શ્રી જૈનધર્મ	૫૨૬	૨૪
રત્નસિહ	રાજસિહ	૫૨૭	૨૪
ઓલવી	ઓલાવી	૫૨૯	૧૮

અશુદ્ધ	શુદ્ધ	પૃ.	લી.
પોતનો	પોતાનો	૫૩૨	૨૨
જનમંદિર	જૈનમંદિર	૫૩૩	૯
બતા નારી	બતાવનારી	૫૩૯	૯
ધમ	ધર્મ	૫૪૧	૧૭
નખ	નાખ–	૫૪૧	૨૪
યા વગરનાં	આવાંકમાંથા વગરનાં	૫૪૭	૨૪
ડાહ્યા	ડાહ્યો	૫૫૧	૨૧
સવથી	સર્વથી	૫૫૭	૧૩
ચડ	ચંડ	૫૭૧	૭
એકાગાચત્ત	અકાગ્રચિત્ત	૫૮૩	૩
બનરાવ્યું છે	બનાવરાવ્યું છે	૫૮૬	૨૧
દૂષિણી	દૂષિણી	૫૮૮	૧૭
દ્વષથી	દ્વેષથી	૫૯૦	૧૪
,,	,,	૫૯૦	૧૬
કર્યું	કર્યું	૫૯૦	૨૩
નથ્થી	નથી	૫૯૧	૨૧

પુસ્તક વાંચનાર મહાભાગ્યશાલીઓને સુચના—

શ્રી જૈનશાસનમાં બૂણ જ માનવંતા સ્થાન ઉપર બીરાજેલા, ચૌદપૂર્વનો સાર, સર્વઈચ્છાપૂરક અને સર્વચિન્તાચૂરક નમસ્કાર મહામંત્રને સમજવા માટે શ્રદ્ધાને વધારવા માટે. આ પુસ્તક માર્ગદર્શક થશે.

નમસ્કાર મહામંત્રમાં આદરહોય, આદરવધારવો હોય, તોજ આપને આપુસ્તક લેવાથી લાભ થશે. શ્રદ્ધા, આદર, બહુમાન વગરના સાધકોએ ન લે તેજ સારૂં.

માટે આપપોતે વાંચી, પરિવારને વંચાવી, પડોશીને, સગાવહાલાને, મિત્રોને, સ્નેહીઓને પણ વંચાવશો. પરંતુ બહેરણાની કરીને મફતના માલિક નહી થાઓ એ ઈચ્છવાયોગ્ય છે.

પુસ્તકને કોરૂં-ચોકખું સારૂં પુઠું ચડાવશો અને આશાતના નથાય તેટલું લક્ષ રાખશો.

પ્રકાશકો.